॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# વર્ણીવેશે વિચર્યા વનમાં



-: Published by :-

Shree Swaminarayan Hindu Temple

2101 Garry Road, Cinnaminson, New Jersey-08077

# વર્ણીવેશે વિચર્યા વનમાં



**શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતી પ.પૂ. સનાતન ધ.ધૂ.
૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદથી

# વર્ણીવેશે વિચર્યા વનમાં




**પ્રકાશક :-**

**સ.ગુ.શા. શ્રી વિશ્વવિહારીદાસજી સ્વામી - મુળીધામ**

The Original Shri Swaminarayan Sampraday
Under Shri Narnarayandev Gadi - Ahmedabad.

**Shri Swaminarayan Hindu Temple**

2101 Garry Road, Cinnaminson, New Jersey-08077
Ph.: (856) 829 - 4776 • www.issousa.org • www.issosnj.org

**વર્ણીવેશે વિચર્યા વનમાં**

**લેખન :-** પ.ભ. દશરથભાઈ ભીખાભાઈ પટેલ (વડુ)

**પ્રકાશક :-** શ્રી સ્વામિનારાયણ હિન્દુ ટેમ્પલ, સીનેમીન્સન

**આવૃતિ :-** પ્રથમ

**પ્રત :-** ૨૦૦૦

**પ્રકાશન તિથિ :-** પંચ દશાબ્દી મહોત્સવ
તા. ૨૭ થી ૩૧, જુલાઈ - ૨૦૨૨

**પ્રેરક :-** સ.ગુ.શા. શ્રી વિશ્વવિહારીદાસજી સ્વામી - મુળીધામ
સ.ગુ.શા. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી - મુળીધામ

**પ્રુફ રીડીંગ સેવા :-** પ.ભ. શ્રી પ્રાણજીવનભાઈ મોહનભાઈ માકાસણા - મોરબી

**પ્રાપ્તિસ્થાન :-**

**Shri Swaminarayan Hindu Temple**
2101 Garry Road, Cinnaminson, New Jersey - 08077
Phone : (856) 829 - 4776
www.issousa.org • www.issosnj.org

**મુદ્રક :-**

**હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી., અમદાવાદ**
Mo. 987 9961 789, Mo. 982 5850 559
Email : hgppl1008@gmail.com



શ્રી ઘનશ્યામ મહારાજ - સીનેમીન્સન




શ્રી નરનારાયણદેવ - અમદાવાદ



શ્રી રેવતી બળદેવજી મહારાજ - સીનેમીન્સન



શ્રી ધર્મકુળ પરિવાર



# પ્રસ્તાવના

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન અસંખ્ય જીવોના કલ્યાણ માટે આ પૃથ્વી પર પ્રગટ થયા. અને ભારતભરમાં રહેલા તીર્થોમાં કાલાન્તરે કરીને પ્રવર્તેલા દુરાચાર દૂર કરવા. તેમજ ઠેર ઠેર તપને આચરતા તપસ્વીઓને તેમના તપનું ફળ આપવાને તેની સાથે નવા તીર્થોનું સર્જન કરવાનો પ્રબળ સંકલ્પ કર્યો.

એ સંકલ્પને સાકાર કરવા પોતાના માતાપિતાને દિવ્યગતિ આપી. માત્ર ૧૧ વર્ષ ત્રણ માસને એક દિવસની ઉંમરે એટલે સંવત ૧૮૪૯ના અષાઢ સુદ ૧૦ને શુક્રવારના રોજ પ્રાતઃકાલે સ્નાનના નિમિત્તે ગૃહત્યાગ કર્યો. આટલી નાની ઉંમરે વનવિચરણ કરતા વર્ણીરાજને વાઘ, સિંહ, વરુ જેવા હિંસક પ્રાણીઓનો પણ ડર ન હતો. વિચરણ દરમ્યાન વર્ણીરાજને કેટલાય રાજા મહારાજાઓ મળ્યા. ને પોતાનું સર્વસ્વ આપી દેવા તૈયાર થયા. છતાં પણ નિઃસ્પૃહી વર્ણીરાજે વૈરાગ્યના માર્ગનો ઉચ્ચ આદર્શ શીખવ્યો.

ભગવાનના દર્શન માટે તરસતા સિદ્ધોને પણ કૃતાર્થ કર્યા. કેટલાક ઠેકાણે ધર્મના નામે પાખંડ પોષાતો હતો. તેને પણ નિર્ભયતાપૂર્વક દૂર કર્યો.

ગાઢ જંગલોમાં એકાકી વિચરણ કરતાં વર્ણીરાજને અન્ન જળ વિના કેટલાય દિવસોના ઉપવાસ થયા છતાં. પણ વિચરણ તો સતત ચાલુ જ રાખ્યું.

અયોધ્યાથી પ્રયાણ કરીને હિમાલયમાં વિચરણ કરી પૂર્વ ભારત પસાર કરી દક્ષિણ ભારતમાં વિચરણ કરતાં કરતાં વર્ણીરાજ પશ્ચિમ ભારતમાં ગુજરાત સોરઠમાં લોજ મુકામે સ્થિર થયા. એ દિવસ હતો. સંવત ૧૮૫૬ શ્રાવણ વદ છઠને બુધવાર.

૭ વર્ષ ૧ માસ ૧૧ દિવસના વિચરણમાં વર્ણીરાજે ૧૨૦૦૦ કિ.મી. નો પગપાળા પ્રવાસ કર્યો.

ભગવાને જે તપ કર્યું તે તો પોતાના આશ્રિતોને તપના માર્ગે ચલાવવાનો

આદર્શ શીખવ્યો છે. શ્રી નીલકંઠવર્ણીના વનવિચરણનો સંક્ષેપરૂપે રજુ કરવાનો આ નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

**"વર્ણીવેશે વિચર્યા વનમાં"** નામક આ ગ્રંથની લેખન-સંકલનની સેવા પ.ભ. દશરથભાઈ ભીખાભાઈ પટેલ (વડુ) આપી છે. તથા આ ગ્રંથના સૌજન્ય તેમના ઉપર શ્રીજી મહારાજ તથા આચાર્ય મહારાજશ્રી અને સંતો ભક્તો રાજી થાય ને તેમણે સાહિત્ય ક્ષેત્રે સેવા કરવાનું વિશેષ બળ પ્રાપ્ત થાય. એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

**"વર્ણીવેશે વિચર્યા વનમાં"** ગ્રંથનું પ્રકાશન I.S.S.O. શ્રી સ્વામિનારાયણ મંદિર, સીનેમીન્સન (જેતલપુર ધામ) U.S.A. ના ૧૫ વર્ષ પૂર્ણ થતાં **"પંચ દશાબ્દિ"** મહોત્સવના નિમિત્તે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સર્વ ટ્રસ્ટીઓના સાથ સહકારથી થયું છે.

**લિ. શાસ્ત્રી શ્રી વિશ્વવિહારીદાસજી સ્વામી-મુળી તથા ચેરીહીલ**
**સત્સંગી સમસ્તના જયશ્રી સ્વામિનારાયણ**

# સૌજન્ય

**(૧) અ.નિ. પ.ભ. રમણભાઈ જોયતારામ પટેલ (વડુ)**
ગં.સ્વ. પસીબેન રમણભાઈ
પ.ભ. અરવિંદભાઈ રમણભાઈ
મધુબેન અરવિંદભાઈ
હિનાબેન પ્રિતેશભાઈ
એકતાબેન સુનિલભાઈ
પ્રિયમ્, હેલી, રુદ્ર

**(૨) પ.ભ. લક્ષ્મણભાઈ માણેકલાલભાઈ પટેલ (ડાંગરવા)**
અ.નિ. ભગવતીબેન લક્ષ્મણભાઈ
મનોજભાઈ લક્ષ્મણભાઈ
દક્ષાબેન મનોજભાઈ
આદેશ, અનિષા

**(૩) પ.ભ. જયંતિભાઈ બબલદાસભાઈ પટેલ (મોખાસણ)**
ચંપાબેન જયંતિભાઈ
મોનિકાબેન અમિતભાઈ
કિંજલબેન ડેનીસભાઈ
પરમ, ચેષ્ટા, આરવ, અયાન

**(૪) અ.નિ. પ.ભ. અરવિંદભાઈ પસાભાઈ પટેલ (નવાગામ)**
ગં.સ્વ. મધુબેન અરવિંદભાઈ
હ. ચેતનાબેન કમલેશભાઈ
કલ્પનાબેન ભાસ્કરભાઈ પટેલ
ભાર્ગવ, દિપ

**(૫) અ.નિ.પ.ભ. સોમાભાઈ પસાભાઈ પટેલ (બારેજા)**
ગં.સ્વ. કપિલાબેન સોમાભાઈ
હ. ગં.સ્વ. પ્રતિક્ષાબેન દિલીપભાઈ
રાગિણીબેન, ભદ્રેશભાઈ
જીનલ, હર્ષિત, મંથન

# અનુક્રમણિકા


| ક્રમ નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૦૧. | ઘનશ્યામ મહારાજનો ગૃહ ત્યાગ | ૦૧ |
| ૦૨. | અયોધ્યાવાસીઓને શ્રીહરિના વિયોગનું દુઃખ | ૦૫ |
| ૦૩. | ધર્મકુળે કરેલું વિયોગ દુઃખ | ૦૬ |
| ૦૪. | સુવાસિની ભાભીનો વિલાપ | ૦૭ |
| ૦૫. | શ્રીહરિએ વેણીરામને દર્શન આપ્યા અને રઘુનંદનને સજીવન કર્યો | ૦૯ |
| ૦૬. | અમરપુરમાં વડલાની નીચે પ્રથમ રાત્રિ રોકાણ | ૧૧ |
| ૦૭. | હરૈયા ગામમાં હલવાઈને ત્યાં મીઠાઈ જમ્યા | ૧૪ |
| ૦૮. | બંસીપુરના પીપળાના વૃક્ષ નીચે રહ્યા | ૧૭ |
| ૦૯. | ચંદનપુરમાં બ્રાહ્મણની સ્ત્રીને ત્યાં રોકાયા | ૨૫ |
| ૧૦. | ગોરખપુર | ૩૦ |
| ૧૧. | ઘોરવનમાં તપસ્વીઓની દિવ્યગતિ | ૩૩ |
| ૧૨. | લોધેશ્વર | ૩૫ |
| ૧૩. | નૈમિષારણ્ય : (ખેરીલાપુર) | ૩૫ |
| ૧૪. | સેજહાપુર (શાહજહાંપુર) | ૩૬ |
| ૧૫. | બરેલી : તથા નારદવન | ૩૭ |
| ૧૬. | હરિદ્વાર | ૪૦ |
| ૧૭. | તપોવન : મુનિઓની પૂજા સ્વીકારી, ધ્રુવજીનો આશ્રમ જોયો | ૪૪ |
| ૧૮. | લક્ષ્મણ ઝુલા | ૪૫ |
| ૧૯. | શ્રીપુર શહેર : મહંતાઈના પ્રલોભનનો ત્યાગ | ૪૭ |
| ૨૦. | ગુપ્ત કાશી | ૪૯ |
| ૨૧. | બદ્રીનાથ | ૪૯ |
| ૨૨. | બદરિકાશ્રમ (બદરીવન, હિમાલય) | ૫૫ |
| ૨૩. | બદરિકાશ્રમ અને બદરી (બોરડી) વૃક્ષનો મહિમા | ૫૯ |

૨૪. ભગવાન નરનારાયણના પ્રાગટ્યનું કારણ ....................... ૬૨
૨૫. શ્રીહરિ પાછા બદરિનારાયણ આવ્યા પંજાબના રાજા રણજિતસિંહને ઉપદેશ .............................................. ૬૮
૨૬. બાંસી શહેર (પોતાની વાણીને શાપ આપ્યો) .................... ૬૯
૨૭. શ્રીહરિનો ઘોર જંગલમાં પ્રવેશ................................ ૭૧
૨૮. વર્ણીનો વડ નીચે વિરામ, રાતે આવેલા ભૂત-ભૈરવનો હનુમાનજી દ્વારા પરાજય................................... ૭૧
૨૯. સિંહોનું કલ્યાણ અને પૂજારીનું કલ્યાણ કર્યું ...................... ૭૩
૩૦. પાંચ સો નાગા વૈરાગી બાવાઓ તથા રાજાને દીક્ષા આપી આશ્રિત કર્યા...................................................... ૭૬
૩૧. શ્વેતગિરિ ઓળંગી પુલહાશ્રમ આવ્યા ત્યાં હિમાલય સાથે મેળાપ .... ૭૭
૩૨. પુલહાશ્રમ : (પુલહાશ્રમ) (નેપાળ)............................. ૭૯
૩૩. પોખરાની વાટમાં મોહનદાસને નીલકંઠનો મેળાપ................. ૮૩
૩૪. નીલકંઠ વર્ણીને ખાતાં જોઈને ઝેરી ફળ ખાનાર ખાખીઓનાં મોત .... ૮૪
૩૫. બુટોલપુર : મહાદત્ત રાજા તથા તેની બેન માયારાણી............... ૮૫
૩૬. માતારીપુર................................................ ૮૯
૩૭. ગોપાળ યોગી ............................................. ૯૧
૩૮. મહાનદી ................................................. ૯૫
૩૯. દેવલીમાં મહારાજે રાજાનો રોગ મટાડ્યો અને કેદમાંથી ખાખીઓને છોડાવ્યા ......................................... ૯૬
૪૦. સીરપુર : (સિદ્ધવલ્લભ રાજા) (બંગાળ દેશમાં) .................. ૯૯
૪૧. પિબેકનો પરાજય : (આસામમાં)...............................૧૦૪
૪૨. પિબેકનો પૂર્વ ઇતિહાસ .....................................૧૦૯
૪૩. નવલખા પર્વત ઉપર નવ લાખ યોગીઓનો ઉદ્ધાર કર્યો ...........૧૧૩
૪૪. કપિલાશ્રમ................................................૧૧૮
૪૫. વૈરાગી મંદિરના મહંતને શિષ્ય બનાવ્યો ........................૧૨૦
૪૬. હનુમાનજીએ રામજી મંદિરના બાવાઓને ધોકા મારીને સીધા કર્યા ..૧૨૧
૪૭. બકુરપુર ગામ (જેરામદાસ) ..................................૧૨૩

૪૮. નીલકંઠ વર્ણી જગન્નાથપુરીમાં ....................................૧૨૮
૪૯. માનસપુર : (સત્રધર્મા રાજા)....................................૧૩૮
૫૦. હાટકેશ્વર મહાદેવ....................................૧૪૩
૫૧. સદાવ્રતના સાધુઓને ચમત્કાર જણાવતા વર્ણીરાજ ................૧૪૪
૫૨. ખવીસનો ઉદ્ધાર કર્યો અને રાજાને વરદાન આપ્યું (ઝીણાભાઈ) ....૧૪૬
૫૩. ધૂલીયા ગામ : ભગવાનદાસ ભાવસારને સોળ ચિહ્નોના દર્શન ......૧૪૭
૫૪. વેંકટાદ્રિ (તિરૂપતિ) : બાલાજી ભગવાન ........................૧૫૧
૫૫. રતા બશિયાનું કલ્યાણ : (કાઠિયાવાડમાં જેતપુર ગામ)............૧૫૨
૫૬. કૃતઘ્ની સેવકરામ ....................................૧૫૪
૫૭. શિવકાંચી....................................૧૫૯
૫૮. શ્રી રંગક્ષેત્ર ....................................૧૫૯
૫૯. શ્રીહરિએ શ્રીરંગક્ષેત્રમાં માળીનો મોક્ષ કર્યો ....................૧૬૨
૬૦. સુંદરપુર....................................૧૬૩
૬૧. મલબાર દેશમાં ....................................૧૬૭
૬૨. સેતુબંધ રામેશ્વર ....................................૧૬૮
૬૩. મદુરા (સુંદરરાજ) ....................................૧૭૧
૬૪. ત્યાગની સિદ્ધાઈ....................................૧૭૨
૬૫. ભૂતપુરીના વનમાં શિવ-પાર્વતીએ શ્રીહરિને સાથવો આપ્યો .......૧૭૩
૬૬. અષ્ટ સિદ્ધિઓએ શ્રીહરિની સેવાના લાભ માટે શિવજીએ વિનંતી કરી .૧૭૪
૬૭. દુધાધારી સિદ્ધનું પાખંડ શ્રીહરિએ પકડ્યું (ભૂતપુરીના વનમાં) .....૧૭૫
૬૮. ભૂતપુરી....................................૧૭૭
૬૯. નીલકંઠ તોતાદ્રિમાં ....................................૧૭૯
૭૦. રામાનુજ આચાર્ય જન્મ વૃત્તાંત ....................................૧૭૯
૭૧. કન્યાકુમારી ....................................૧૮૩
૭૨. છોટે નારાયણ (પન્નાગુંડી)....................................૧૮૪
૭૩. જનાર્દન (વર્કલા) ....................................૧૮૫
૭૪. આદિકેશવ સુંદરપુર ગામ ....................................૧૮૫
૭૫. મલયાચલ ....................................૧૮૭

૭૬. ફટીકશીલા....................................................૧૮૭
૭૭. પંપા સરોવર ..................................................૧૮૮
૭૮. કોપરપુર શહેરમાં શ્રીહરિ આવ્યા...............................૧૯૦
૭૯. રામપુર........................................................૧૯૪
૮૦. પંઢરપુર .......................................................૧૯૫
૮૧. પુંડરીક બ્રાહ્મણનો ઈતિહાસ ......................................૧૯૯
૮૨. પૂના શહેર .....................................................૨૦૧
૮૩. વિંધ્યાચળ પર્વતનો ઈતિહાસ .....................................૨૦૪
૮૪. દિલ્હી (હસ્તિનાપુર) : સૌ પ્રથમ જોવાલાયક સ્થળો...............૨૦૬
૮૫. મથુરા.........................................................૨૦૮
૮૬. ગોકુળ ........................................................૨૦૯
૮૭. વૃંદાવન .......................................................૨૧૧
૮૮. ઉજ્જૈન .......................................................૨૧૨
૮૯. બુરાનપુર......................................................૨૧૪
૯૦. એક પથ્થરના સૂતેલા હાથી ઉપર શ્રીહરિ સૂઈ ગયા હતા.
(પ્રસાદીનો પથ્થર) ..............................................૨૧૫
૯૧. બુરાનપુરના વણિક પ્રભુદાસને રામચંદ્રરૂપે વર્ણીએ દર્શન આપ્યાં. ..૨૧૬
૯૨. શ્રીહરિએ આપેલી સોટીના ચમત્કારથી બુરાનપુરમાં સત્સંગ કરાવ્યો ..૨૧૭
૯૩. બુરાનપુરના શિવલાલ શેઠ અને ગોવિંદ શેઠને શ્રીહરિના દર્શન.....૨૧૮
૯૪. દંડકારણ્ય......................................................૨૧૯
૯૫. ધર્મપુર .......................................................૨૨૩

## ગુજરાતની લીલાઓ

૯૬. સુરત .........................................................૨૨૫
૯૭. મુક્તાનંદ સ્વામીએ ભૂતોનો ઉદ્ધાર કર્યો તે જગ્યાએ મોટું મંદિર કર્યું. .૨૨૬
૯૮. શ્રીહરિએ અરદેશરના ભાઈ પીલુસાહેબને માણકીને કુંડાળે
નાંખી દર્શન આપ્યા ...............................................૨૨૭
૯૯. અશ્વિનીકુમારને આરે...........................................૨૨૮

૧૦૦. વડોદરામાં વણિકના ઘરમાં દાટેલી લક્ષ્મીનારાયણની મૂર્તિનો ઈતિહાસ ........................................૨૩૦
૧૦૧. મહી નદી (નાવલી ગામ) ................................૨૩૨
૧૦૨. બામણગામ ........................................૨૩૪
૧૦૩. વરતાલ ........................................૨૩૫
૧૦૪. બોચાસણ ગામ ........................................૨૩૬
૧૦૫. જેતલપુર ........................................૨૩૮
૧૦૬. બુધેજ ........................................૨૪૦
૧૦૭. ગોરાડે ગામ (બીજલ કોળી) ................................૨૪૪
૧૦૮. વડગામ ........................................૨૪૬
૧૦૯. સિકોત્તરનો આરો (લાખો કોળી) ................................૨૪૬
૧૧૦. પોલારપુર : (જેઠો બદાણી, ત્રિકમ બદાણી) ........................૨૪૯
૧૧૧. કુકડ ગામ : (ભગવાનસિંહ રાજા) ................................૨૫૨
૧૧૨. દિયોર ગામ........................................૨૫૫
૧૧૩. લાકડીયા ગામ........................................૨૫૮
૧૧૪. મોટા ગોપનાથ ........................................૨૫૯
૧૧૫. ગોપનાથ મહાદેવની ઉત્પત્તિ........................................૨૬૨
૧૧૬. પીથલપર........................................૨૬૩
૧૧૭. કલસાર ........................................૨૬૫
૧૧૮. મહુવા ગામ........................................૨૬૫
૧૧૯. પીપાવાવ........................................૨૬૬
૧૨૦. ભટવદર........................................ ૨૬૭
૧૨૧. શીમર ગામ ........................................૨૬૭
૧૨૨. ગુપ્ત પ્રયાગ........................................૨૬૯
૧૨૩. ઉનાગામ ........................................૨૭૦
૧૨૪. ડોળાસા ગામ : (ડોલાસા) ................................૨૭૨
૧૨૫. લોઢવા ગામ (લખુબાઈ ચારણ) ................................૨૭૪
૧૨૬. લખુબાઈએ શ્રીહરિને રામાનંદ સ્વામીની વાત કરી (આખ્યાન).....૨૭૯

૧૨૭. આત્માનંદ સ્વામીનું આખ્યાન.............................૨૮૪
૧૨૮. વિશ્વંભર ભટ્ટે વાલબાઈને ત્રણ દિવસની સમાધિ કરાવી ...........૨૮૪
૧૨૯. પ્રભાસ પાટણ ..............................................૨૮૬
૧૩૦. સોમનાથ મહાદેવની ઉત્પત્તિ....................................૨૮૭
૧૩૧. ભંડુરીયા.....................................................૨૯૦
૧૩૨. જુનાગઢ ....................................................૨૯૦
૧૩૩. ગિરનાર (દત્તાત્રેયે) ..........................................૨૯૪
૧૩૪. ગોધાવાવે ધર્મદાસની ધર્મશાળામાં ..............................૨૯૫
૧૩૫. હાટકેશ્વર મહાદેવ (નાગરવાડામાં) ..............................૨૯૮
૧૩૬. પીપલાણા (નરસી મહેતા) ....................................૩૦૦
૧૩૭. મઢડા ગામ : (જેઠામેરના ઘરે શ્રીહરિ પધાર્યા) .................૩૦૪
૧૩૮. જેઠામેરનાં પત્નીએ (હેતબાઈ) શ્રીહરિને ધોતલી
(ચાદર ભેટ આપી) ..........................................૩૦૫
૧૩૯. માંગરોળ બંદર ..............................................૩૦૭
૧૪૦. શ્રીહરિએ માંગરોળમાં ગોવર્ધનભાઈની ફઈનું (પૂતળીબાઈ)
કલ્યાણ કર્યું. ...............................................૩૦૮
૧૪૧. શ્રીહરિએ માંગરોળના રાજા વજુદીનનો ઉદ્ધાર તથા
પ્રજાનો ઉદ્ધાર કર્યો તથા ચકલાઓને સમાધિ દ્વારા ઉદ્ધાર કર્યો. .....૩૧૧
૧૪૨. ધમડકા.....................................................૩૧૪
૧૪૩. રામપુર (મેરાઈવાડી)..........................................૩૧૬
૧૪૪. દેરીયાળી ...................................................૩૧૮
૧૪૫. હળવદ......................................................૩૧૯
૧૪૬. મૂળી ગામ ..................................................૩૨૧
૧૪૭. લોજ ગામ ..................................................૩૨૨
૧૪૮. શ્રીહરિના પાંચ પ્રશ્નોના મુક્તાનંદ સ્વામીએ ઉત્તર કર્યા...........૩૨૫
૧૪૯. શ્રીહરિએ લોજમાં પ્રથમ દિવસે સ્ત્રી-પુરુષની સભા..... ..........૩૩૦
૧૫૦. શ્રીહરિ જન્માષ્ટમીના ઉત્સવમાં બે સ્વરૂપે દર્શન આપતા...........૩૩૨
૧૫૧. શ્રીહરિ લોજ ગામમાં સ્થિર થવાનાં અનેક કારણો છે.............૩૩૩

૧૫૨. રામાનંદ સ્વામીએ વર્ણીને કહેવરાવ્યું કે થાંભલાને
બાથ ભીડીને રહેજો ........................................૩૩૪
૧૫૩. લોજની લીલાઓ લોજમાં શ્રીહરિનો સેવાધર્મ....................૩૩૭
૧૫૪. શીલ ગામ ..................................................૩૩૮
૧૫૫. નીલકંઠવર્ણીએ ગોવરધનભાઈને સમુદ્રમાં નાંખી દીધા (માંગરોળ) ..૩૪૧
૧૫૬. શ્રીહરિએ માંગરોળ નવું સદાવ્રત વાવ ઉપર ચાલું કર્યું............૩૪૨
૧૫૭. બ્રાહ્મણોની ચોરાશી ........................................૩૪૪
૧૫૮. લોજના આશ્રમમાં સંતોને યોગક્રિયા અને ધ્યાન શીખવતા.........૩૪૫
૧૫૯. મુક્તાનંદ સ્વામી તથા વર્ણીરાજ રામાનંદ સ્વામીને ભૂજ પત્ર લખ્યો ..૩૪૭
૧૬૦. મયારામ ભટ્ટ બેય પત્ર લઈને ભૂજનગર પધાર્યા.................૩૪૯
૧૬૧. નીલકંઠનો મહિમા ..........................................૩૫૧
૧૬૨. રામાનંદ સ્વામી સાથે નીલકંઠનું મધુર મિલન પીપલાણામાં ........૩૫૨
૧૬૩. યોગશક્તિ ધારણ કરીને વર્ણી પીપલાણામાં સ્વામી પાસે પહોંચ્યા ...૩૫૫
૧૬૪. વર્ણીએ રામાનંદ સ્વામીને પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું ...............૩૫૬
૧૬૫. ભક્તોની રક્ષા માટે ભગવાને જ્ઞાનચક્ર મૂક્યું છે.................૩૫૭
૧૬૬. વર્ણીએ જમાદારને સમાધિ કરાવી ............................૩૫૮
૧૬૭. ઓઝતમાં સ્નાન અને વર્ણીના પ્રશ્નનો રામાનંદ સ્વામીએ
ઉત્તર કર્યો ................................................૩૫૮
૧૬૮. ગણપતિમાંથી તેજ નીકળીને વર્ણીમાં સમાયું......................૩૫૯
૧૬૯. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દીક્ષા આપી ...................૩૬૦
૧૭૦. શ્રીહરિ સાથે રામાનંદ સ્વામીનું વિચરણ ........................૩૬૧
૧૭૧. શ્રી રામાનંદ સ્વામીએ શ્રીહરિના ૫૫ ગુણો કહ્યા................૩૬૨
૧૭૨. શ્રી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ધર્મધૂરા સોંપી ..........૩૬૪
૧૭૩. શ્રી રામાનંદ સ્વામીએ ફરેણીમાં દેહ ત્યાગ કર્યો.................૩૬૫
૧૭૪. ફરેણીમાં રામાનંદ સ્વામીના ચૌદમાને દિવસે મહામંત્ર પ્રાગટ્ય.....૩૬૮

**સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં બાવન ચિહ્ન છે. તેમનાં બંને ચરણમાં સોળ ચિહ્ન છે તેની યાદી**

# ઘનશ્યામ મહારાજનો ગૃહ ત્યાગ

ભક્તિમાતા અને ધર્મપિતાના ધામમાં ગયા પછી ઘનશ્યામે ઘરનો ત્યાગ કરી તપ કરવા વનમાં જવાનો વિચાર કર્યો. તેઓ ઘરેથી નીકળવાનો લાગ જોતા હતા. બીજી બાજુ મોટાભાઈ-ભાભીએ ઘનશ્યામના સગપણની તૈયારી કરી. મોટાભાઈ-ભાભીએ ઉત્તમ ખંભારિયા ગામમાં રહેતા નિહાલ મિશ્રની પુત્રી ચંદ્રકળાની સાથે સગપણ કરવાનું વિચારીને ચંદ્રકળાને પોતાની સાથે લાવેલા. મનમાં વિચાર કરે છે. વરકન્યાની જોડ સારી છે. પણ ઘનશ્યામને આ સંસાર પ્રત્યે જરા પણ રુચિ ન હતી. તેથી મોટાભાઈ ઘનશ્યામને બહુ સમજાવ્યાં પણ માન્યાં નહિ અને એહ નિમિત્તે ખૂબ ઉદાસ થયા. એ નિમિત્તને બહાનું બનાવીને ઘરનો ત્યાગ કરવાનો નિર્ધાર કર્યો.

તેવામાં બીજા દિવસે ઘનશ્યામ સંસારથી ખૂબ ઉદાસ થઈ ગયા. નાહી ધોઈને અયોધ્યાનાં બધા મંદિરોમાં દર્શન કરી આવ્યા. દર્શન કરીને પાછા આવતા હતા. ત્યારે વચ્ચે અખાડામાં કેટલાય મલ્લો કુસ્તીદાવ રમતા હતા. મલ્લોએ ઘનશ્યામને આવતા જોઈ ચારેબાજુથી ઘેરી લીધા અને આગળ જવા દીધા નહિ. આથી ઘનશ્યામે પોતાનું શરીર મલ્લ જેવું મોટું અને બળવાન બનાવી દીધું. તેઓ મલ્લો સાથે કુસ્તીમાં ઊતરી પડ્યા. એક એક મલ્લને હવામાં અધ્ધર ગોળ ગોળ ફેરવીને પછાડ્યા. સૌનાં હાડકાં ખોખરાં કરી નાખ્યાં કોઈ ઊભા થઈ શક્યા નહિ. સત્તાવીશે (૨૭) મલ્લ રોવા લાગ્યા.

આથી મલ્લોના માતા-પિતા અને સંબંધીઓ ઘનશ્યામના મોટા ભાઈ રામપ્રતાપને ફરિયાદ કરવા ગયાં. તેમણે રામપ્રતાપભાઈને કહ્યું : અમારા પુત્રોને વગર વાંકે તમારા ઘનશ્યામે માર્યા છે.

આ સાંભળી રામપ્રતાપભાઈને થયું કે ઘનશ્યામને ઠપકો આપવો જોઈએ. આવી ફરિયાદો તેમને માટે રોજ આવશે તો ગામમાં આપણું ખોટું દેખાશે. વળી માતા-પિતા નથી એટલે ઘનશ્યામ તોફાન કરે એ ન ચાલે એમ વિચારી રામપ્રતાપભાઈએ ઘનશ્યામને ઠપકો આપ્યો. ઘનશ્યામે બધું મુંગે મોઢે સાંભળી લીધું અને છેલ્લે કહ્યું મોટાભાઈ ! આજ પછી મારી કોઈ ફરિયાદ નહિ આવે.

બસ, આ જ સમયે ઘનશ્યામે ઘરનો ત્યાગ કરવાનો દૃઢ સંકલ્પ કરી લીધો. સાંજે મોટાભાઈ અને ભાભી સાથે શાંતિથી વાળુ કરીને સૂઈ ગયા. બીજે દિવસે વહેલી સવારે સાડા ત્રણ વાગે ઘનશ્યામ ઊઠી ગયાં. અનેક જીવોનો ઉદ્ધાર

કરવાનો વિચાર કરીને સૌ પ્રથમ વિઘ્ન વિનાયક દેવ (ગણપતિદાદા)ની પ્રાર્થના સ્તુતિ કરીને કહ્યું. મારા આ કાર્યમાં કોઈ વિઘ્ન ન આવે એવી પ્રાર્થના કરી. પછી પોતાની સાથે મૃગચર્મ કમંડળુ પહેલેથી લાવીને દેવ સેવાનો ઓરડો હતો. તેમાં લાવીને મૂક્યું હતું. તે સંગાથે લેવાને કાજ કર્યો વિચાર. ભાઈ-ભાભીને જાણ ન થાય એ રીતે દેવ સેવાના ઓરડામાં પોતે રહેતા એકલા. હળવેકથી સાથે લેવાના સામાન લઈને જ્યારે સૌ ઘરમાં સૂતાં હતાં ત્યારે ઘર છોડીને ચાલી નીકળ્યા. સ્નાન કરવાને બહાને સરયૂ નદી તરફ ચાલવા લાગ્યા. તે વખતે સંવત ૧૮૪૯ના અષાઢ સુદ દશમને શુક્રવારને દિવસે ઘરનો ત્યાગ કર્યો.

તે વખતે ઘનશ્યામે કેડ ઉપર મુંજની મેખલા બાંધી હતી. શરીર પર ફક્ત એક નાનું વસ્ત્ર, કૌપીન પહેરી હતી. પીઠ ઉપર મૃગચર્મ ઓઢ્યું હતું. એક હાથમાં માળા હતી. બીજા હાથમાં પલાશનો દંડ હતો. તેને છેડે બધાં શાસ્ત્રોના સારરૂપી ગુટકો કપડામાં બાંધી લટકાવેલો તથા કમંડળુ, ભિક્ષાપાત્ર અને પાણી ગાળવાનું વસ્ત્ર સાથે હતાં. ગળામાં તુલસીની બેવડી કંઠી હતી. ખભે જનોઈ હતી. શાલિગ્રામ અને બાલમુકુંદનો બટવો પણ સાથે લીધેલો અને કપાળમાં તિલક-ચાંદલો, માથે જટા બાંધી હતી અને ઉઘાડે પગે ચાલતા.

વિક્રમ સંવત્ ૧૮૪૯ અષાઢ માસના સુદિ દશમને શુક્રવારને દિવસે, જ્યારે સવારમાં અરુણોદય થયો ત્યારે અતિ ભવ્ય વર્ણીના વેશમાં શ્રીહરિ સરયૂ નદીને કિનારે પહોંચ્યા. કોઈ સાથે હતું નહિ. તે સમયે તેમણે એ કૌપીન ધારી હતી. અને તેના ઉપર એક નાનું ટૂંકું વસ્ત્ર, કપાળમાં બે ભુજાઓ ઉપર અને છાતીમાં ઉર્ધ્વપુંડ્ર (તિલક) કર્યું હતું. હાથમાં દંડ લીધો હતો. તેમણે સમગ્ર શાસ્ત્રોનો સાર કાઢીને એક ગુટકો લખી રાખ્યો હતો. તે શાસ્ત્રના નામ(૧) શ્રીમદ્ ભાગવતમાંથી પંચમ સ્કંધ અને દશમ સ્કંધ, (૨)મહાભારત માંથી વિદુરનીતિ, ભગવત્ ગીતા, વિષ્ણુસહસ્ત્રનામ, (૩)સ્કંદપુરાણમાંથી વાસુદેવ મહાત્મ્ય (૪)યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, આટલાને સારરૂપમાં લખી રાખ્યાં હતાં. જે સમગ્ર શાસ્ત્રોના દોહનરૂપ (ગુટકો) હતો. હાથમાં કમંડળુ, કમર ઉપર મુંજની મેખલા અને એક ભિક્ષાપાત્ર પણ પાસે હતું. શાલિગ્રામ અને બાલુમુકુંદ બંનેને એક બટવામાં રાખીને કંઠે બાંધ્યા હતા. આવા મનોહર વર્ણીરાજ ઉઘાડા પગે ચાલીને સરયૂને કિનારે આવ્યા. કોઈ પાછળ મને લેવા આવતું તો નથીને, આવા ડરથી ચારે બાજુ માર્ગોને જોતા હતા. તે વખતે સરયૂ નદીએ મહાન ગંભીર રૂપ ધાર્યું હતું. જેમાં મોટા મગર મચ્છો હતા અને પાણી ઊંડું હતું. સરયૂ પાર કરવામાં નૌકા સિવાય કોઈ ઉપાય ન હતો. તેમાં

પકડાઈ જવાનો ભય હતો. જો કોઈ માણસ સરયૂમાં પડે તો તે પાછો નીકળે એવી સ્થિતિ ન હતી. પાણીમાં મોટા મોટા લોઢ ઉછળતા હતા અને તેમાં વચ્ચે વચ્ચે ઘુમરીઓ પણ દેખાતી હતી. સરયૂ નદીનો પટ વિસ્તાર બે કોશ જેટલો હતો.

તે વખતે કાલિદત્તનો શિષ્ય એક અસુર મનુષ્યનું રૂપ લઈને વર્ણી પાસે આવ્યો. મનમાં ઘણું છળ-કપટ હતું. વર્ણીને મારી નાખવા ચાહતો હતો, છતાં પ્રેમથી પૂછ્યું ક્યાં જવું છે, ચાલો, હું નદી પાર ઉતારી દઉં. ત્યારે વર્ણી કહે તમે આગળ ચાલો એટલે હું તમારી પાછળ ચાલું છું. આ પાણીમાં બે જણ સાથે ન ચલાય. જો ચાલીએ તો કોઈ એક મરી જાય. ત્યારે તે કૌશિકી અસુર બોલ્યો હું તમારી સાથે છું. ડરો છો શા માટે ? તમે મારો વિશ્વાસ કેમ નથી કરતા? મારો ભય રાખશો નહિ. વર્ણીરાજ ! તમને દેખીને હું નદી ઉતારવા આવ્યો છું. તમારી પાસે જે બોજો (માલસમાન) હોય તે બધું મને આપી દે. જો નહિ આપો તો હું જોર કરીને લઈશ અને પાણીમાં બોળી દઈશ. (નાંખી દઈશ) ત્યારે વર્ણીએ કહ્યું. મને ડુબાડવાની આશા રાખીશ નહિ. તું નિશ્ચિત અસુરની જાતિ છે. તારા દિલની ઘાતકી ઇચ્છાને હું જાણું છું. એટલી વારમાં તો કૌશિક અસુર દોડી આવ્યો. તેણે ક્રોધ કરીને વર્ણીને પકડ્યા. સરયૂ નદીના પૂરમાં ફગાવી દીધા. નદીના પૂરમાં વર્ણી તણાવા લાગ્યા. ઘડીવારમાં તો વર્ણી દેખાતા બંધ થઈ ગયા. અસુરને મોહિત કરવા વર્ણી ઘડીકમાં ઊંડા પાણીમાં જતા રહેલા ઘડીક પાણીની ઘુમરીઓ વચ્ચે દેખાતા આથી કૌશિક અસુર ખૂબ રાજી થયો. વર્ણી જ્યારે સરયૂ નદીમાં તણાવા લાગ્યા. ત્યારે આકાશમાંથી દેવતાઓ તેમની આ લીલાના દર્શન કરવા આવ્યા. ત્યારે જળના દેવતા વરુણદેવે આવીને વર્ણીને બચાવી લીધા. તે સમયે વરુણદેવની સાથે પાર્ષદો હતા. તેમણે કૌશિક અસુરને પકડી લીધો. તેને દોરડાથી બાંધીને ખૂબ જ માર્યો. તેને શરીરનું ભાન રહ્યું નહિ. હાય, હાય મરી ગયો !!! એમ બોલીને ચીસો પાડવા લાગ્યો. તો પણ તેને મારવાનું બંધ ન કર્યું. લોઢના મૂસળ મારીને તેના હાડકાં ભાંગી નાખ્યાં. મારતાં મારતાં જ્યારે તેને મૂર્છા આવી ગઈ ત્યારે વરુણદેવ પોતાના પાર્ષદોને કહ્યું. હવે એને જવા દો.

પછી વરુણદેવે વર્ણીને હેતથી બચાવી લીધા. વરુણે માન્યું કે ભગવાનને મારા ઉપર દયા કરી. વરુણે વર્ણીની પૂજા અને સ્તુતિ કરી. જ્યારે શ્રીહરિએ ગરુડ આદિ પાર્ષદોને યાદ કર્યા. ત્યારે વર્ણીની સેવામાં તે અતિ ઉલ્લાસમાં આવીને ત્યાં દોડી આવ્યા. વર્ણીને પ્રણામ કરીને વર્ણીને સરયૂ નદીના છેક સામે કિનારે બાર ગાઉ દૂર પાણીમાંથી બહાર કાઢીને પધરાવ્યા. અને પગે લાગીને કહ્યું

કે અમને સેવામાં રાખી લો. ત્યારે વર્ણીએ કહ્યું કે સત્સંગના વિચરણમાં તમારી માણકી તરીકે સેવા લઈશ. ત્યારે ગુરુડજી ભગવાનને પ્રણામ કરીને ચાલ્યા હતા.

આ બાજુ કૌશીક અસુરે એમ માન્યું કે વર્ણીને પાણીમાં ડુબાડી દીધા. કારણ કે તેને શ્રીહરિના સામર્થ્યની ખબર ન હતી. જ્યારે તે ભાનમાં આવ્યો ત્યારે પોતાને ઘેર પહોંચ્યો. ત્યારે કાલિદત્ત અને બીજા ઘણા અસુરોની આગળ તેણે કહ્યું કે મેં ધર્મપુત્ર ઘનશ્યામને પાણીમાં ડુબાડી દીધા છે. હું વર્ણીને ડુબાડતો હતો તે વખતે ત્યાં રાજા અને રાજાના માણસો અચાનક આવી ગયા. તેણે મને જેમ કાળ પકડે તેમ પકડ્યો. તેમણે નિર્દય થઈને લોઢાના મોટા મુદ્ગરોથી મને ખૂબ જ માર્યો ત્યારે મેં ઘણી જ બૂમો પાડી. મારા બધાં હાડકાં તૂટી ગયા છે. મારતા મારતા જ્યારે મને મૂર્છા આવી ગઈ ત્યારે તેઓએ મને છોડી દીધો. પછી તેઓ ક્યાંય ચાલ્યા ગયા. તે મારથી અત્યારે મારા શરીરમાં પીડા થાય છે. આવું બોલતા બોલતા તેની જીભ બંધ થઈ ગઈ. અને તે બંને આંખોએ આંધળો થઈ ગયો. ચક્કર ખાઈને નીચે પડી ગયો. અને શરીરમાંથી તેના પ્રાણ નીકળી ગયા. મરતા મરતા તેના ઝાડો પેશાબ છુટી ગયા. બધા ભેળા મળેલા અસુરો રડવા લાગ્યા.

વર્ણી અયોધ્યાપુરીથી બારકોશ (ત્રીસ-પાંત્રીસ કિ.મી.) દૂર સુધી સરયૂના જળપ્રવાહમાં ચાલ્યા. ત્યારે વરુણે તેમને નદીને પાર ઉતાર્યા. આટલું નદીના પ્રવાહમાં ખેંચાયા છતાં વર્ણીને કાંઈ જ પીડા થઈ નહિ. વરુણે વર્ણીને પરમેશ્વર જાણ્યા હતા. તેથી તેમની મહાપૂજા કરવા બધી સામગ્રી લાવ્યા હતા. ફુલોના વસ્ત્ર અને ઘરેણાં લાવ્યા હતા. તે વર્ણીરાટ્ શ્રીહરિને પહેરાવ્યા. ફુલોથી સજાવેલું સિંહાસન બનાવ્યું હતું. તેમાં શ્રીહરિને હરખથી વિરાજમાન કર્યા. કપાળમાં કેસર ચંદનની અર્ચા કરી. બીજા વિશાળ અંગો ઉપર પણ ચંદની અર્ચા કરી. અનંત પ્રકારના મેવાઓની અને ફળોની છાબડીઓ ભરી ભરીને તેઓ લાવ્યા હતા તે બધુ શ્રીહરિને અર્પણ કર્યું અને મનમાં અતિશય આનંદ થયો. ધૂપ અને દીવો કરીને વિધિ પ્રમાણે આરતી ઉતારી પછી પાંચ પ્રદક્ષિણા કરી અને પ્રેમથી પાંચ દંડવત્ પ્રણામ કર્યા. વારંવાર બંને હાથ જોડીને સ્તુતિ કરી. તેમનો કંઠ ગદ્ગદ્ થઈ ગયો અને આંખોમાંથી પ્રેમભાવ ભર્યાં આંસુ વહેવા લાગ્યા. હે કૃપાલુ હરે ! હવે ફરીને આપનો યોગ ક્યારે થશે આપ તો વિયોગ કરીને ચાલ્યા.

**સરયૂ નદી :** તે વખતે સરયૂ નદી સજી ધજી સુંદર વેષ રચના કરીને શ્રીહરિના ચરણોમાં નમી પડી. પણ શ્રીહરિએ પોતાના મનમાં તેને નારીજાતિ ગણીને તેની સામું જોયું નહિ. ત્યારે સરયૂને મનમાં ઘણો ડર લાગ્યો. મનમાં તેણે

વિચાર કર્યો. મારામાં કયો દોષ હશે કે જેને લીધે શ્રીહરિ મારો ત્યાગ કરી રહ્યા છે. હવે હું શું ઉપાય કરું. સરયૂ લાજ-મર્યાદા છોડીને રડવા લાગી. તે સમયે શ્રીહરિના મસ્તક ઉપર વરુણદેવ શ્વેત-છત્ર ધારી રહ્યા હતા. શ્રીહરિએ વરુણને કહ્યું આ વનમાં કોણ નારી રહે છે ? કયા દુઃખને લીધે રુદન કરે છે ? તેને એવું શું મોટું દુઃખ આવી પડ્યું છે. તમે જઈને દુઃખનું કારણ પૂછો અને તેનું જે હોય તે દુઃખ ટાળી દો. ત્યારે વરુણ તેની પાસે ગયા અને તેને પૂછ્યું ત્યારે તે નારીના રૂપમાં રહેલી સરયૂ બોલી મારુ નામ સરયૂગંગા છે. મારું સ્થાન અયોધ્યાપુરી છે શ્રીહરિ મારો ત્યાગ કરીને અયોધ્યાથી નીકળી ગયા છે. તેને લીધે હું આટલું બધું રડી રહી છું. શ્રીહરિએ ઘણા દિવસ સુધી મને લાડ લડાવ્યા. હવે તે સુખદાયક પ્રભુ મને તજીને નીકળી ગયા છે. મારાંમાં એવો કોઈ દોષ હશે જેને લીધે શ્રીહરિએ મારી સામું જોયું પણ નહીં. હવે હું ક્યારેય અહીંયા રહીશ નહિ. શ્રીહરિથી હું લગારેક પણ દૂર નહિ જાઉં. જ્યાં સુધી શ્રીહરિ અયોધ્યામાં રહ્યા ત્યાં સુધી સુખ હતું. અયોધ્યાપુરીને ઘણી પવિત્ર કરીને શ્રીહરિ ચાલી નીકળ્યા છે. હવે ફરી પાછા અહીં ક્યારેય આવશે નહિ. આવો નિર્ધાર કર્યો છે. આ વખતે સ્વયં અપાર લોકોનો ઉદ્ધાર કરવા પ્રકટ થયા છે.

## અયોધ્યાવાસીઓને શ્રીહરિના વિયોગનું દુઃખ

શ્રીહરિ ઘરેથી ચાલ્યા તે પછીની વાત તમને કહું છું તમે મન એકાગ્ર કરીને સાવધાનપણે સાંભળો. શ્રીહરિ તત્પરતાથી એકલા જ ચાલ્યા. સાથે કોઈ ન હતું. સંબંધીઓને કહ્યા વિના જ નીકળ્યા હતા. સરયૂ નદીને પાર કરીને આગળ ગયા. સવારની પૂજાનો સમય વીતી ગયો પણ શ્રીહરિ ઘેર આવ્યા નહિ. તેમના મિત્રો હરખ ભર્યા રમવા માટે ઘેર આવ્યા. શ્રી ઘનશ્યામને ઘરમાં દેખ્યા નહિ. આમ તેમ બધા ખોળતા રહ્યા. સંસારના ભયને ટાળનારા આવા શ્રીહરિને જ્યારે ન દેખ્યા ત્યારે સહુના મનમાં ઘણો જ ભય લાગ્યો. શ્રીહરિના પરમ સ્નેહી બધા બાળકો ચિંતાતુર થઈ ગયા. અમારા મિત્ર ઘનશ્યામ અમને ત્યજીને ક્યાંક જતા રહ્યા. આવું ધારીને સહુ રડવા લાગ્યા. તેઓ પરસ્પર એમ બોલતા હતા કે ઘનશ્યામની ખબર કેમ કોઈ આપતું નથી. દુઃખી થયેલા તે બધા બાળકો નગરમાં જ્યાં જ્યાં રમવા જવા-આવવાના સ્થાનો હતાં ત્યાં ત્યાં જોઈ આવ્યા. તે બાળકો જેટલા મંદિરો કહેવાતા હતા ત્યાં બધે જોઈ આવ્યા. તે પછી સહુ સરયુને કિનારે ગયા. ધીરજ રાખીને બધા સ્નાન કરવાના ઘાટો પણ તપાસ્યા. વાટ, ઘાટ સમગ્ર જોઈ વળ્યા.

અનેક લોકોને પૂછ્યું છતાં કોઈએ કાંઈ સમાચાર ન કહ્યા. તેથી અતિ સ્નેહવાળા તે બાળકો રડવા લાગ્યા. બાળકોને શ્રીહરિ સાથે અત્યંત પ્રેમ હતો. તેમાં પણ બચપણનો પ્રેમ તો ઘણો બળવાન હોય છે. છોકરાઓ રાહ જોઈ જોઈને થાક્યા. પણ પોતાના પ્યારા ઘનશ્યામ ક્યાંય મળ્યા નહિ. બાગ-બગીચાઓ અને ફુલવાડીઓમાં શોધ્યા. વનના એકેક વૃક્ષોને દેખી વળ્યા. અપાર વાવો, કૂવાઓ, સરોવરો અને ગુફાઓમાં પણ તાપસ કરી. હનુમાન ગઢી સુધી આખું નગર દેખ્યુ. ઘર, ઘર અને દ્વાર દ્વાર ફરીને ખોળ્યા છતાં જ્યારે શ્રીહરિ ન મળ્યા. ત્યારે રડતા રડતા તે બાળકો ધર્મદેવને ઘેર આવ્યા અને શ્રીરામપ્રતાપભાઈને બધી વાત સંભળાવી. ધીર મતિવાળા હે રામપ્રતાપજી ! આપના ભાઈ શ્રી ઘનશ્યામ ક્યાં ગયા છે સવારથી ખોળી ખોળી ને અમે તો થાકી ગયા છીએ. સરયૂનો બધો કિનારો અમે જોઈ ચૂક્યા છીએ. રામપ્રતાજીભાઈ તો તે સાંભળીને અકળાઈ ગયા. શરીરમાંથી જેમ પ્રાણ નીકળી ગયા હોય તેમ તે વાત સાંભળીને ચિંતાતુર થઈ ગયા. “સુખના ધામ જેવા મારા સર્વોત્તમ બંધુ ઘનશ્યામ ક્યાં ગયા ? આવું સાંભળતાં જ સુવાસિની બાઈ જાણે પ્રાણ નીકળી ગયા હોય તેમ જમીન ઉપર ઢળી પડ્યા.”

## ધર્મકુળે કરેલું વિયોગ દુ:ખ

શ્રીહરિ ચાલ્યા ગયા છે તેવું સાંભળીને શ્રી રામપ્રતાપજીભાઈ અને શ્રી ઈચ્છારામભાઈને વિહરનું અપાર દુ:ખ થયું. આંખોમાંથી આંસુઓની ધારાઓ ચાલવા લાગી. શરીરને સંભાળી શક્યા નહિ. બધું વિયોગનું દુ:ખ પારાવર થયું. ભાઈ !!! આવું બોલીને રડતા હતા. બંધુના વિરહથી દુ:ખી બંને ભાઈઓની સ્થિતિ પાણી વિનાના માછલા જેવી થઈ શરીરમાંથી જેમ પ્રાણ ચાલ્યા ગયા હોય તેમ તેમના શરીર એકદમ ક્ષીણ થઈ ગયા. અમારા ભાઈ કોઈ બીજા પ્રદેશમાં ચાલ્યા ગયા હશે. તેમાં કોઈ સંદેહ નથી. વગર પૂછ્યે કયા દેશમાં ચાલ્યા ગયા ? અથવા તીવ્ર વૈરાગ્યને કારણે વનમાં ચાલ્યા ગયા ? ચિંતાતુર બંને ભાઈ ખોળવા ચાલ્યા નગરમાં અને બાગ-બગીચાઓમાં, મંદિરોમાં ખોળ્યા. ઘનશ્યામ આપણને મળશે એવો મનમાં નિશ્ચય નથી. છતાં પણ હેતને કારણે શોધતા ફરે છે. બંને ભાઈ અને તેમની પત્નીઓ બધા પોકારી પોકારીને ખૂબ જ રડતા હતા. તેમના શીલ અને સ્વભાવને યાદ કરી કરીને પળમાત્ર પણ તેમને ભૂલતા નથી. “ઘનશ્યામ ક્યાંક ચાલ્યા ગયા.” આવા સમાચાર સાંભળીને જેટલા સંબંધીઓ અને કુટુંબીઓ હતા. તે બધા આવવા લાગ્યા. “હરિકૃષ્ણ ક્યાં

ગયા ?'' આમ બોલીને બધા વિલાપ કરતા હતા. હજી આવ્યા નહિ. ક્યાં રોકાઈ ગયા ? તેમના વિના દિવસ કેમ કાઢશું ? આવું કહીને કુટુંબીજનો જે ભેળા મળ્યા હતા તે તપાસ કરવા નીકળ્યા. નગરની બધી બજારો જોઈ. આખા શહેરમાં ફરી ફરીને બધા થાકી ગયા. જોતા જોતા સૂર્ય અસ્ત થઈ ગયો અને રાત પડી ગઈ. કોઈને ક્યાંય સુખ કે ચેન પડતું નથી. સહુ પોત પોતાને ઘેર આવ્યા. અપાર દુ:ખ થયું જે કહી શકાતું નથી. ખાન-પાન-ભોજન બધું છોડી દીધું. અત્યંત ચિંતાતુર થઈને રડી લાગ્યા. ચિતાની જેમ ચિત્ત બળવા લાગ્યું. આંખમાંથી નિદ્રા તજી દીધી બધા પરવશ થઈ ગયા. શરીરની સુધ ન રહી. એક પલકના જેટલા સમયની પીડા કલ્પના સમાન જણાવા લાગી.

## સુવાસિની ભાભીનો વિલાપ

શ્રીહરિ ઘરેથી ચાલ્યા ગયા પછી સવારમાં મોટાભાઈ રામપ્રતાપ અને સુવાસિની ભાભી ઉઠ્યાં ત્યારે જોયું તો ઘનશ્યામ પથારીમાં મળે નહિ. તેમને થયું કે રોજના કરતાં કદાચ આજે ઘનશ્યામ વહેલા નાહવા ગયા લાગે છે. હમણાં નદી એથી નાહીને આવશે. મોટાભાઈ નાહીને ખેતરે ગયા. ભાભીએ ઘનશ્યામ માટે નાસ્તો બનાવી રસોઈનું કામકાજ શરૂ કર્યું. સવારના કામમાં કોઈને ઘનશ્યામ યાદ આવ્યા નહિ. બપોર થઈ પણ હજી ઘનશ્યામ પાછા કેમ નહિ આવ્યા હોય ? ભાભી ક્યારના રાહ જુએ છે કે ઘનશ્યામ આવે એટલે સાથે જમીએ. પણ ઘનશ્યામ ઘરે પાછા નથી આવ્યા. ભાભીને ચિંતા થવા લાગી. તેમણે ઘનશ્યામના બાળમિત્રોને બોલાવીને પૂછવા માંડ્યું : ઘનશ્યામ ક્યાં છે ? તમે એમને જોયા છે ? કેમ હજી ઘેર આવ્યા નથી ? તમને ખબર છે ક્યાં ગયા છે ? ત્યારે ઘનશ્યામના પ્યારા બાળમિત્રોએ કહ્યું કે અમે પણ ઘનશ્યામને શોધીએ છીએ. બધા મિત્રો કહે છે અમે આજે સવારે નાહવા ગયા ત્યારે નદી કિનારે નહોતા. અમારી સાથે નાહવા નથી આવ્યા.

આથી ભાભીને વધારે ચિંતા પેઠી. ભાભી પોતે બધાં સગાં વહાલાંને ઘેર તપાસ કરવા લાગ્યાં. લક્ષ્મીબાઈ, ચંદનમાસી, બધાનાં ઘરે તપાસ કરી પણ ઘનશ્યામનો પત્તો જ નહિ. એવામાં સાંજ થવા આવી. તેમણે ખેતરે માણસ મોકલી રામપ્રતાપભાઈને ઘેર બોલાવી બધી વાત કરી. રામપ્રતાપભાઈ પણ દિલગીર થઈ ગયા. તેમને પણ ચિંતા થવા લાગી. અયોધ્યામાં જે જે મંદિરોમાં ઘનશ્યામ દર્શને જતા હતા તે બધાં જ મંદિરમાં તપાસ કરી આવ્યા. પણ ઘનશ્યામ મળે જ નહિ.

સરયૂને કાંઠે તપાસ કરી. જાંબુના વનમાં તપાસ કરી. છપૈયાને પાદર તપાસ કરી. વેણી, માધવ, પ્રાગ અને સુખનંદનના ખેતરોમાં તપાસ કરી. ઘનશ્યામ જ્યાં જ્યાં રમતા એ બધે સ્થળે તપાસ કરી પણ ઘનશ્યામ ક્યાંય મળ્યા નહિ.

નાનાભાઈ ઈચ્છારામ ઘડીએ ઘડીએ ભાભીને પૂછે છે. ભાભી ! ઘનશ્યામ ભૈયા ક્યાં ગયા છે ? મને ઘરમાં ગમતું નથી. ઘનશ્યામને બોલાવો ને. ભાભી ચોધાર આંસુએ રડે છે. તેમને કાંઈ કરવું ગમતું નથી. બધા જ ઘનશ્યામ ક્યાં ગયા છે ? એમ કરે છે. કોઈને ચેન પડતું નથી. બધા બાળમિત્રો થોડી થોડી વારે આવીને પૂછેછે. ઘનશ્યામ મળ્યા ? અમનેય નથી મળ્યા. અમે બધે જઈ આવ્યા. બધી શેરીઓમાં ઘૂમી વળ્યા. બધે ચૌટે જઈ આવ્યા. ચોરે તપાસ કરી આવ્યા. પણ ક્યાંય ઘનશ્યામ મળતાં જ નથી. ક્યાં ગયા હશે ? શું થયું હશે ? કેમ નથી આવ્યા ?

હવે તો મોટાભાઈ રામપ્રતાપની પણ ધીરજ રહેતી નથી. તેમને પણ આંખમાં પાણી આવતાં જાય છે. બધા સગાંવહાલા ઘનશ્યામને શોધવા લાગ્યા છે. બધી શેરીઓ અને બજારમાં ઘૂમી વળ્યા. બધે ઘરે તપાસ કરી પણ ઘનશ્યામ ન મળે. અંધારું થવા લાગ્યું હતું. સૌ સગાંવહાલાં ફાનસ હાથમાં લઈને ગામ બહાર, સીમમાં, ખેતરોમાં, નદી કિનારે, જંગલમાં એમ બધે સ્થળે શોધવા નીકળી પડ્યા.

અહીં ભાભીના રુદનનો પાર નથી. ઈચ્છારામજી પણ ઘનશ્યામને યાદ કરીને રડે છે. બધા બાળમિત્રો ઘનશ્યામને યાદ કરીને રડે છે. ઘનશ્યામ સૌના લાડકવાયા તેથી ગામની સ્ત્રીઓ, બધા પુરુષો રડે છે. ભાભીને થયું. કદાચ જંગલમાં વાઘ, વરુએ ફાડી ખાધા હશે તો ? કદાચ સર્પ કરડી ગયો હશે તો ! કદાચ નદીમાં મગર ઘનશ્યામને ગળી ગયો હશે તો ! કદાચ નદીમાં મગર ઘનશ્યામને ગળી ગયા હશે તો ! આવા આવા વિચારો કરે અને ભાભી છાતીફાટ રડે છે. વળી વિચાર કરે છે કે : મોટાભાઈ ગઈ કાલે વઢ્યા એટલે કદાચ ઘર છોડીને, સાધુ બનીને તપ કરવા વનમાં ચાલ્યા ગયા હશે. પણ મોજડી અને કપડાં તો અહીં પડ્યાં છે. ઉઘાડે પગે કેવી રીતે ચાલશે ? વરસાદમાં કેવી રીતે સાજા રહેશે? ઉઘાડે શરીરે ટાઢ, તડકો કેમ સહન કરશે ? જંગલમાં કોણ તેમને રસોઈ કરીને જમાડશે ? રોજ દૂધ, દહીં, મીઠાઈ ખાનારા ઘનશ્યામને જંગલનાં જંગલી ફળફુલ કેવી રીતે ભાવશે ? જંગલી પ્રાણીઓ તેમને ફાડી જ ખાશે ! આમ વિચારે કરે અને ફરીથી ભાભીને વધું રડવું આવે.

હવે તો બધે તપાસ કરી. થાકીને રાત્રે બાર વાગે રામપ્રતાપ ઘેર આવ્યા. ઘનશ્યામ મળ્યા નહિ. તેમનાથી ન રહેવાયું. તેઓ પણ છાતીફાટ રોઈ પડ્યા. રામપ્રતાપભાઈ અને સુવાસિની ભાભી બંનેને કાંઈ ચેન પડતું નથી. રોતાં જાય અને બોલતાં જાય : હે ભગવાન ! અમને ઘનશ્યામ પાછા મેળવી આપો. લોકો કહેશે. ભાઈ-ભાભી ઘનશ્યામને હેરાન કરતાં હશે તેથી ઘનશ્યામ ચાલ્યા ગયા. અમે સૌ ઘનશ્યામ કહેશે તેમ કરીશું. પણ અમારા...ઘનશ્યામ ઘનશ્યામ એમ બોલતાં જાય અને રોતાં જાય.

એમ કરતાં કરતાં સવાર થયું. રામપ્રતાપભાઈએ ઘોડાઓ ઉપર ચારે દિશામાં તપાસ કરવા માણસો મોકલ્યા. મોટાભાઈ ખેતરે જતાં નથી. કોઈ જમતું નથી. કોઈને ખાવાનું ભાવતું નથી. નાનાભાઈ ઈચ્છારામ આખો દિવસ ઘનશ્યામને યાદ કરીને રડે છે.

એમ કરતાં બે, પાંચ, દસ દિવસ થયા. ઘનશ્યામનો પત્તો નથી લાગતો. સૌ હતાશ થઈ ગયાં છે. નાનાભાઈ ઈચ્છારામ અને ભાભી તો ઘણીવાર ઊંઘમાંથી પણ ઘનશ્યામ ઘનશ્યામ કરતાં જાગી જાય છે. આખું અયોધ્યાનગર સૂનું સૂનું થઈ ગયું છે.

## શ્રીહરિએ વેણીરામને દર્શન આપ્યા અને રઘુનંદનને સજીવન કર્યો

અયોધ્યામાં ઘનશ્યામના ગૃહત્યાગથી ચારેબાજુ વાતાવરણ ગમગીન (દુઃખી) હતું. પોતાના પ્યારા ઘનશ્યામના વિયોગમાં ઝૂરતાં સુવાસિની ભાભીની વિનંતીથી રામપ્રતાપભાઈને થયું. લાવ છપૈયામાં તપાસ કરી આવું. કદાચ રિસાઈને ઘનશ્યામ છપૈયા ચાલ્યા ગયા હોય ! આથી તેમણે છપૈયામાં પણ સાત દિવસ ઘનશ્યામની શોધ કરી. કાંઈ પત્તો ન લાગ્યો. ઘનશ્યામના મિત્રો પણ શોધી શોધીને થાક્યા. અચાનક વેણીરામને કંઈક યાદ આવ્યું. તેને થયું કે ઘનશ્યામ ગામના કૂવામાં ઘણીવાર કૂદકા મારતા. ચાલ જઈને કૂવામાં તપાસ કરવા દે. ઘનશ્યામ કૂવામાંથી નહિ મળે તો હું પણ કૂવામાં જ ડૂબીને મરી જઈશ.

એમ વિચાર કરી વેણીરામે કૂવામાં ભૂસકો માર્યો પણ કૂવામાં ઘનશ્યામ મળ્યા નહીં. કલાક થયો પણ વેણીરામ બહાર નીકળ્યો નહિ. એટલે એના પિતા મોતીરામને ચિંતા થઈ. મોતીરામ પણ વેણીરામને કાઢવા કૂવામાં પડ્યા. કૂવો બહુ

ઊંડો અને અંધારિયો હતો. મોતીરામ પણ કૂવામાં ડૂબકાં ખાવા લાગ્યા. ઘણીવાર થઈ. બાપ, દીકરો કૂવામાંથી બહાર ન નીકળ્યા. વેણીરામનાં મા અને મામા આવીને રોવા લાગ્યા. બંને જણ માથું પટકાવા લાગ્યાં. ભગવાને અંતર્યામીપણે જાણ્યું કે મારા વિયોગમાં મૃત્યુ પામશે. ભગવાનને દયા આવી. ઘનશ્યામે કૂવામાં દિવ્ય સ્વરૂપે દર્શન દીધું. કૂવો તેજથી ભરાઈ ગયો. હળવેકથી વેણીરામને તથા તેના પિતા મોતીરામને કૂવાની બહાર મૂકી દીધા અને ઘનશ્યામ આકાશમાં અદશ્ય થઈ ગયા. વેણીરામ તો ઘનશ્યામનાં દર્શનથી રાજી રાજી થઈ ગયો.

**રઘુનંદન :** ઘનશ્યામનો બીજો એક પરમ મિત્ર રઘુનંદન હતો. રઘુનંદન વાણિયાનો દીકરો હતો. રઘુનંદને સાત દિવસ સુધી ઘનશ્યામને શોધ્યા. છેવટે જ્યારે ઘનશ્યામ ન મળ્યા. ત્યારે ખૂબ ઉદાસ થઈ ગયો. તેને થયું ઘનશ્યામ વગર જીવન જીવવામાં શી મજા ? આમ વિચારીને રઘુનંદન નારાયણ સરોવરે ગયો. ત્યાં એક આંબાના ઝાડ નીચે બેસીને ઘનશ્યામનું ધ્યાન ધર્યું અને ધ્યાન કરતાં કરતાં તેણે વિરહમાં પોતાનો દેહ ત્યજી દીધો.

રઘુનંદન સાંજ સુધી ઘરે આવ્યો નહિ. તેથી તેના માતા-પિતાને ચિંતા થવા લાગી. તેઓ રામપ્રતાપભાઈને લઈને રઘુનંદનને શોધવા નીકળ્યાં. રામપ્રતાપભાઈને ઘનશ્યામ ઘર છોડીને ચાલ્યા ગયા તેનું દુઃખ અપાર હતું. તેમાં વળી ઘનશ્યામનો પરમ મિત્ર રઘુનંદન ખોવાયો. તેઓ બહુ દુઃખી થયાં. રઘુનંદનના માતાપિતા રામપ્રતાપભાઈ સાથે નારાયણ સરોવર તરફ શોધવા નીકળ્યાં. ત્રણે જણાનું દુઃખ જોઈ આકાશમાં હનુમાનજીએ દર્શન દીધાં અને આકાશવાણીરૂપે રામપ્રતાપભાઈને કહ્યું. તમારા નાના ભાઈ તો વનમાં તપ કરવા ગયા છે. તપ કર્યા પછી ધર્મનું સ્થાપન કરવા પૃથ્વી પર સંપ્રદાય ચલાવશે. અને તેમને બોલાવીને દર્શન આપશે. માટે હવે વિલાપ ન કરશો. આ સાંભળી રામપ્રતાપભાઈને અંતરમાં ઘણી શાંતિ થઈ. ચાલતાં ચાલતાં તેઓ આંબાના વૃક્ષ પાસે આવ્યાં. ત્યાં રઘુનંદનને મરેલો જોયો. રઘુનંદનના માતા-પિતા શોકાતુર હૃદયે રોવા લાગ્યાં. તેમનું રુદન સાંભળી આકાશમાર્ગેથી ઘનશ્યામ આવ્યા. તેમણે દિવ્યરૂપે આવીને રઘુનંદનને સજીવન કર્યો.

રઘુનંદનને ઉઠાડીને કહ્યું, હું ક્યાં ગયો છું ! તું જ્યારે સંભારીશ ત્યારે હું તને દર્શન દઈશ. પરંતુ આવી રીતે પ્રાણ ત્યાગ કરતો નહિ. એમ કહી રઘુનંદન, તેનાં માતા-પિતા તથા રામપ્રતાપભાઈને દિવ્યરૂપે દર્શન દઈ ઘનશ્યામ અદશ્ય થઈ ગયા.



અયોધ્યાવાસીઓને શ્રીહરિના વિયોગનું દુઃખ



કૌશીકદત્તે શ્રીહરિને સરયુ નદીમાં ફેંક્યા




શ્રી ઘનશ્યામ મહારાજનો ગૃહ ત્યાગ



શ્રી હનુમાનજી નીલકંઠવર્ણીને ફળ ધરાવે છે અને કાળભૈરવ અસુરનો નાશ કરે છે



વર્ણીનો હિમાલય સાથે મેળાપ



વર્ણીનો શ્રી ગોપાળયોગી સાથે મેળાપ




સેવકરામની સેવા કરતા વર્ણીરાજ



વર્ણી દ્વારા પીબેકનો પરાજય



વર્ણીરાજના દર્શન કરવા આવેલા સૂર્યનારાયણ ભગવાન



પુલ્હાશ્રમમાં તપ કર્તા વર્ણીરાજ



સિંહને સમાધી કરાવતા વર્ણીરાજ



બુટોલપુરનાં મૈયારાણી રાજપાટ અને પોતાની પુત્રી સ્વીકારવાનું વર્ણીરાજને કહે છે



પીબેકને મારતા કાળભૈરવ



સત્રધર્મ દ્વારા અસુરોનો નાશ



નવલાખ યોગીને ભેટતા વર્ણીરાજ



માનસ પુરમાં અસુરોનો નાશ



નારદમુનિ શ્રીહરીના દર્શને



ગરૂડજી શ્રીહરિની સેવામાં




વંશીપુરના રાજા ચંદ્રસિંહ શ્રીહરિને સ્વાગત કરી પોતાના રાજ્યમાં લઈ જાય છે



પીપળાણામાં પ્રથમવાર પધારતા નીલકંઠવર્ણી



સાથવો જમાડતા શંકર - પાર્વતી



ગોપાલયોગી પાસે સંખ વગાડતા વર્ણીરાજ



વંશીપુરના રાજા નીલકંઠવર્ણીને દાન દક્ષિણા અર્પણ કરે છે




ગામ રામપુરની મેરાઈવાડીમાં લક્ષ્મણ ભક્ત વર્ણીરાજને
બાજરાનો રોટલો અને કેરાનું અથાણું આપે છે



લોજનીવાવ પર નીલકંઠવર્ણી અને સુખાનંદ સ્વામીનો મેળાપ



દેવાભગત સાથે ચિભડાનો ગાંસડો ઉપાડતા વર્ણીરાજ



ઓજત નદી ઉપર ચાલતા વર્ણીરાજ



લોઢવામાં શ્રીહરિની સેવા કરતા લખું ચારણ

# શ્રીહરિ વન વિચરણ

## અમરપુરમાં વડલાની નીચે પ્રથમ રાત્રિ રોકાણ

શ્રીહરિ સરયૂ નદીમાં તણાતા હતા ત્યારે જળના દેવતા વરુણદેવે આવીને શ્રીહરિને બાર ગાઉ દૂર નદીના સામા કિનારે બહાર નીકળતા જોયા. તે કિનારા ઉપર વરુણદેવ અને મૂર્તિમાન્ સરયૂ નદીએ શ્રીહરિની સ્તુતિ, પ્રાર્થના અને પૂજન કર્યું. વરુણદેવ અને સરયૂ નદી પોતાના સ્થાને ચાલ્યા ગયા. જ્યારે શ્રીહરિએ ગરુડ આદિ પાર્ષદોને યાદ કર્યા ત્યારે ગરુડ શ્રીહરિની સેવામાં હાજર થયા. શ્રીહરિ સરયૂ નદીના કિનારેથી બે-ત્રણ ગાઉ ચાલ્યાં ત્યાં કિનારા ઉપર રહેલા સુંદર મોટા વડના વૃક્ષ નીચે આવ્યા. શ્રીહરિ નદીમાં સ્નાન કરી પોતાની નિત્ય વિધિ પૂર્ણ કરી ત્યારે ગરુડ દેવ બોલ્યા હે પ્રભુ મને તમારી સેવામાં સાથે રાખો ત્યારે શ્રીહરિએ ગરુડ દેવને કહ્યું કે આ વખતે વનમાં તપ કરવા આવ્યા છીએ એટલે એકલા રહેવાની ઇચ્છા છે. માટે તમે તમારા સ્થાને ચાલ્યા જાઓ. જ્યારે અમે સત્સંગમાં વિચરણ કરી શું ત્યારે તમારી સેવાની જરૂર પડશે ત્યારે તમો માણકી સ્વરૂપે અમારી સેવામાં રહેજો. પછી ગરુડદેવ પોતાના સ્થાને ચાલ્યા ગયા અને શ્રીહરિ પોતાના સ્વસ્વરૂપમાનું ધ્યાન કરવા લાગ્યા.

શ્રીહરિ અયોધ્યામાં હતા ત્યારે શ્રી હનુમાનજી રોજ નિયમ સર સવારે હનુમાનગઢીથી ધર્મદેવના ઘરે ઘનશ્યામનાં દર્શન કરવા આવ્યા પણ શ્રી ઘનશ્યામનાં દર્શન થયાં નહિ તેથી હનુમાનજીએ શહેરમાં બધા મંદિરો તથા બીજા સ્થળોએ તપાસ કરી પણ ઘનશ્યામનાં દર્શન થયાં નહિ ત્યારે અંતદષ્ટિ કરી જોયું તો શ્રીહરિને સરયૂ નદીના કિનારે બાર ગાઉ દૂર વડના વૃક્ષ નીચે વર્ણીના વેશે બેઠેલા જોયા. એટલે પ્રભુની મરજી જાણીને હનુમાનજી જ્યાં નીલકંઠ વર્ણી બેઠા છે ત્યાં આવ્યા અને પ્રુભુને સાષ્ટાંગ પ્રણામ કરી દર્શન કર્યા અને સાથે લાવેલાં સ્વાદુ ફળો વર્ણીને આપીને સામે બેઠા. જ્યારે શ્રીહરિ ધ્યાનમાંથી જાગ્યા ત્યારે હનુમાનજીને બેઠેલા જોયા. પછી વર્ણીએ હનુમાનજીને કહ્યું કે તમો અયોધ્યા

જઈને અમારા ઘરે અમારા મોટાભાઈ તથા ભાભી તથા બીજા સ્નેહીઓ અમારા વિયોગથી ખૂબ દુઃખી થતાં હશે. તેમને અમારો સંદેશો કહીને શાંતિ પમાડો. તેમને કહેશો કે તમારા ભાઈ ઘનશ્યામ ઘરનો ત્યાગ કરી અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે એકલા જ વનમાં તપ કરવા ગયા છે. તેથી હાલમાં તમોને મળશે નહિ માટે તેમના વિયોગથી દુઃખી થશો નહિ. શાંતિથી ભજન કરશો.

અને જ્યારે તેઓ એક જગ્યાએ સ્થિર થશે ત્યારે આપને બધાને મળવા બોલાવશે. હનુમાનજી શ્રીહરિના આ સમાચાર લઈ અયોધ્યા જઈ મોટાભાઈ આદિને સંદેશો કહી શાંતિ પમાડી પોતાના સ્થાને ગયા.

હનુમાનજીના ગયા બાદ ભારતનાં તમામ તીર્થો બાળકોનાં સ્વરૂપ ધારણ કરી શ્રીહરિ પાસે આવ્યા અને વર્ણીને પ્રણામ કરી પ્રાર્થના કરી કે, હે પ્રભુ ! અમોને પાવન કરો. તેમની વિનંતી સાંભળી શ્રીહરિ બોલ્યા જે, તમો ધીરજ રાખો. હવે હું તમોને પાવન કરવા તથા અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે જ વનમાં વિચરણ કરું છું પછી બધા તીર્થો પોતપોતાના સ્થાનકે ગયા.

તીર્થોના ગયા બાદ શ્રીહરિ પાસે નારદમુનિ આવ્યા અને પ્રભુને સાષ્ટાંગ નમસ્કાર કરી. બે હાથ જોડી પ્રભુની સામે બેસીને શ્રીહરિએ છપૈયામાં તથા અયોધ્યામાં કરેલ લીલાઓ તથા કાર્યોનું વર્ણન કરી. ભવિષ્યકાળમાં જે જે લીલાઓ તથા કાર્યો શ્રીહરિ કરશે તેનું આગમ (જાણ) કહી. શ્રીહરિની આજ્ઞાથી નારદ મુનિ ચાલ્યા ગયા.

નારદમુનિના ગયા બાદ શ્રીહરિ તે વડના વૃક્ષ નીચે બેઠા છે. ત્યારે જે અસુરે પ્રભુને સરયૂ નદીના જળપ્રવાહમાં નાંખી દીધા હતા. તે અસુર પ્રભુની માયાથી મોહ પામી એમ માનતો હતો કે આપણો શત્રુ હવે મરણ પામ્યો છે. તેથી આનંદમાં આવી ઘરે જઈ પોતાના મિત્રો-બીજા અસુરોને ઉપરની વાત કરી પરંતુ તેમાં જે પ્રભુના પ્રતાપને જાણતા એવાઓએ વાત માની પરંતુ બીજાઓએ ન માની પછી તે બધા મળીને આ બાબતની ખાત્રી કરવા માટે નદીના કિનારે કિનારે ચાલ્યા તો આશ્ચર્ય પામ્યા પછી ત્યાં શ્રીહરિને એકલા માની બધા અસુરો શસ્ત્રો ઉગામી શ્રીહરિને મારવા માટે નજીકમાં આવવા લાગ્યા. સર્વાંતર્યામી શ્રીહરિએ તે અસુરોનો દુષ્ટભાવ જોઈ તેમના સામી વાંકી દૃષ્ટિ કરી તેથી તેઓ પ્રભુની માયાથી મોહ પામી પરસ્પર લડીને મરણ પામ્યા.

આ સમય દરમિયાન સૂર્યાસ્ત થવા આવ્યો હતો તેથી શ્રી નીલકંઠવર્ણી તે વડના વૃક્ષ નીચે જ રાત્રિ રહેવાનો નિર્ણય કરી મૃગચર્મ બિછાવી સ્વસ્વરૂપનું

ધ્યાન કરવા બેઠા. ત્યાં શ્રીહરિને એકલા માની અક્ષરધામમાંથી પાર્ષદ સેવા કરવા આવ્યા અને ઉપયોગી સેવા કરવા લાગ્યા. તે સમય દરમિયાન નજીકના અમરપુર ગામના લોકોને જાણ થઈ કે કોઈ તપસ્વી બટુક બ્રહ્મચારી વડ નીચે આવ્યા છે. તેથી તેઓ શ્રી નીલકંઠ વર્ણીના દર્શન કરવા ત્યાં આવ્યા. તેઓ સારાં સારાં ફળો ભેટ ધરી નમસ્કાર કરી શ્રીહરિની આગળ હાથ જોડીને બેઠા. શ્રીહરિએ તેમને યોગ્ય સદ્ઉપદેશ આપ્યો. તે માણસોને ગયા બાદ શ્રી નીલકંઠ વર્ણી ત્યાં સૂતા અને પાર્ષદો સેવા કરવા લાગ્યા. પ્રભાતે શ્રીહરિ જાગ્યા અને નદીમાં સ્નાન કરી પૂજાપાઠ વગેરે પોતાનો નિત્યવિધિ કર્યો તેટલામાં ફરી ગામના માણસો દર્શને આવ્યા. નીલકંઠ વર્ણીને જોઈ બાલસ્વરૂપ સ્વામી કાર્તિકેજી આવ્યા છે કે સાક્ષાત્ ધ્રુવજી આવ્યા તેની વિમાસણમાં તેઓ પડ્યા. કેટલાંક ફળ મીઠાઈ વગેરે લઈને આવ્યા હતા તે શ્રીહરિની આગળ ધરીને શ્રીહરિની સામે બેઠા. શ્રીહરિએ તેમને ધર્મ ઉપદેશ આપ્યો અને જે મીઠાઈ અને ફળો લાવ્યા હતા. ફળોને સુધારીને પ્રભુને નૈવેદ્ય ધરી માણસોએ શ્રીહરિને રોકવાનો ઘણો આગ્રહ કર્યો પણ પોતે વનમાં તપ કરવાની તથા યાત્રા કરવાની પોતાની ઇચ્છા હોવાથી રોકાવાની ના પાડી અને સૌને જવાની રજા આપી. બધાના ગયા બાદ પોતે ત્યાંથી આગળ ચાલવાની તૈયારી કરી ત્યારે પાર્ષદોએ સાથે સેવામાં રહેવામાં વિનંતી કરી પરંતુ શ્રીહરિએ કહ્યું જે હાલમાં તો અમો એકલા જ વનો તથા તીર્થસ્થાનોમાં ફરીશું અને તપશ્ચર્યા કરીશું. માટે તમારે મારી સાથે આવવાની જરૂર નથી. માટે તમો બધા જયાંથી આવ્યા છો ત્યાં તમારાં સ્થાનકે જાઓ. એમ પાર્ષદોને આજ્ઞા કરી એટલે તેઓ ગયા.

પાર્ષદોના ગયા બાદ શ્રી નીલકંઠવર્ણી તે વડના વૃક્ષ નીચેથી ઉત્તર તરફ વનમાં ચાલ્યા. એટલામાં મેઘની ઘટા ચડી. વીજળી થવા લાગી. વરસાદ વરસવા માંડ્યો. પૃથ્વી જળથી રેલાઈ ગઈ. તેથી શ્રીહરિ ખૂબ આનંદ પામ્યા. શ્રીહરિને વર્ષાઋતુ સ્વાભાવિક પ્રિય હતી. રસ્તામાં ક્યારેક એકલા ચાલતા, ક્યારેક કોઈની સાથે ચાલતા, કોઈ જગ્યાએ સારા માણસો હોય તો ત્યાં રાત્રી રોકાતા. જે માણસો પાસે આવે અથવા સાથે ચાલે તેમને ઉપદેશ આપી મોક્ષનો માર્ગ બતાવતા. ભગવાન સિવાય બીજી વાતો કરતા નહિ. પોતે સર્વ અવતારના અવતારી છે. છતાં પણ પોતાના સ્વરૂપના નિશ્ચયની વાત કોઈને કરતા નહિ. માત્ર રામકૃષ્ણાદિ અવતારોની જ વાત કરતાં છતાં કોઈ બુદ્ધિમાન માણસ હોય તે શ્રીહરિના સ્વરૂપને જાણી શકતા. શ્રીહરિની મૂર્તિ એટલી સુંદર અને રમ્ય હતી કે

જે માણસ એકવાર શ્રીહરિનાં દર્શન કરે તો શ્રીહરિની મૂર્તિ તેના અંતરમાં ચોટી જતી અને પછી ભૂલવા ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ ભૂલાતી જ નહિ. અને વિયોગે રુદન કર્યા કરે. એવી મનોહર મૂર્તિ હોવાથી લોકોને અત્યંત પ્રીતિ થતી. જ્યાં જ્યાં નીલકંઠ વર્ણી જાય અને રહે ત્યાં ત્યાં લોકોને આનંદ આનંદ આનંદ થઈ જતો. દરેક જગ્યાએ લોકો દોડી દોડીને દર્શને આવતા અને પ્રસન્ન મને ખૂબ સેવા પૂજા કરતા અને જન્મ મરણના ભયથી છૂટતા હતા. શ્રીહરિને લોકો જમવા માટે ફળ, અનાજ, મીઠાઈ વગેરે આપતાં શ્રીહરિ પોતાની જાતે જ રસોઈ બનાવીને દેવને નૈવેદ્ય ધરી પોતે જમતા.

## હરૈયા ગામમાં હલવાઈને ત્યાં મીઠાઈ જમ્યા

શ્રી નીલકંઠ વર્ણી વનમાં ચાલ્યા જતા ત્યાં હરૈયા નામનું ગામ આવ્યું. ત્યાં ગામ બહાર એક કૂવો હતો. તે કૂવામાંથી પાણી કાઢી દેવને જળપાન કરાવી પોતે જળપાન કરી ગામના દરવાજા પાસે હલવાઈ (મીઠાઈવાળા)ની દુકાન નજીક ગયા. બાલ્વસ્થા હતી. જોનાર માણસોમાં મનને હરે એવી અદ્‌ભુત આકૃતિ દરેકને પ્રિય લાગતી હતી. દુકાને હલવાઈ તથા તેની માતા બેઠાં હતા. તેમણે મહાતેજસ્વી, તપસ્વી રૂપરૂપના અંબાર વર્ણીને જોયા. પ્રેમથી દુકાને બોલાવ્યા અને પૂછ્યું કે વર્ણીરાજ ! હાલમાં નૌકા ચાલતી નથી. નદી (સરયૂ)માં બે કાંઠે ભરપુર પાણી વહે છે. વરસાદ પણ ઝીણો ઝીણો વરસે છે. તો નદી કેવી રીતે ઊતર્યા ? એક પણ વસ્ત્ર ભીંજવ્યું નથી. નાના છો પણ દેવ જેવા જણાઓ છો. ત્યારે શ્રીહરિ બોલ્યા કે નૌકાની જરૂર પડે એવા અમે નથી. નૌકા વિના જ અમો સરયૂ ઊતરીને આવ્યા છીએ.

હલવાઈની માતાએ વર્ણી ભૂખ્યા થયા હશે એમ માની ભાવથી એક પડિયો ભરી મીઠાઈ આપી. શ્રીહરિએ કહ્યું કે અમો પાણી પીને ધરાઈ ગયા છીએ એટલે જમવાની ઈચ્છા નથી. ત્યારે હલવાઈની માતાએ કહ્યું કે, આપ ઓછું ન લાવશો. શાંતિથી થોડું જમો. તેનો ભાવ જોઈ શ્રીહરિ બાલમુકુંદને મીઠાઈ ધરાવી જળપાન કરાવી પોઢાડી પછી પોતે થોડું જમ્યા. અને પ્રસાદી તેમને આપી. પછી તે બેય જણાએ વર્ણીને કહ્યું કે આપ અહીં રાત્રિ શાંતિથી રહો. તમારાં માતા-પિતા, ભાઈ-ભોજાઈ તમને ખોળતાં હશે. અને રાહ જોતાં હશે ત્યારે શ્રીહરિ બોલ્યા કે આ જગતમાં અમારા માતા-પિતા આદિ કોઈ સ્વજન નથી. એકલો જ રહું છું. ત્યારે હલવાઈ બોલ્યો કે ઉંમર નાની છે પણ વચનો જ્ઞાન તથા અમૃત ભર્યાં

મોટા જ્ઞાની સરખાં છે. આ રીતે હલવાઈને તથા તેની માતાને કૃતાર્થ કર્યાં. ત્યાં રાત્રી થઈ એટલે બધાં ઘરે ગયા. શ્રીહરિ એકલા જ દુકાનમાં રહ્યા. મૃગચર્મ પાથરી તેના ઉપર સ્વસ્તિક આસને બેઠા. તે વખતે દેવતાઓ, મુનિઓ તથા શંકર શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા.

વર્ણીને નમસ્કાર કરી બે હાથ જોડી ઊભા રહીને બોલ્યા કે શ્રીહરિ ! અમે સર્વે આપના ગુનેગાર છીએ તેથી આપને શરણે આવ્યા છીએ. માટે અમારી રક્ષા કરો. જનોનાં ઇચ્છિત કાર્ય કરો. હે વર્ણીન્દ્ર ! વનમાં વિચરો, પૃથ્વી પરના અધર્મનો નાશ કરો. તીર્થોમાં રહેલા અસુરોનો તમે કળ, બળ, છળથી અંત લાવો. હે ધર્મનંદન ! અધર્મનાં ફંદને દૂર કરો. ઈંદ્રાદિ દેવોને સુખીયા કરો. દોષિતને દંડ આપો. જનોનાં પ્રચંડ પાપને બાળો. પૃથ્વીને રાજી કરો. માનના ને શોકના સમુદ્રને હરો. કામને કેદ કરો. એવો કોણ વર્ણસંકટ હશે કે જે આપની આગળ અહંકાર કરશે. ભયંકર (ખોટા સાચા) ભેખધારીઓને ઓળખાવો. આપ સર્વના અંતરની વાત જાણો છો. પૃથ્વી પર રહેલાં ગ્રામ્ય તથા વન્ય પશુ, પંખી જીવોનાં ભાગ્ય જાગ્યા છે. જળમાં, સ્થળમાં જ્યાં જ્યાં ચરણ ધરો છો તે સદાય મંગળમય બને છે. તમારી મૂર્તિમંગળરૂપ છે. સર્વે જીવો આપનાં દર્શન કરી કૃતાર્થ થશે. આ પ્રમાણે દેવતાઓએ સ્તુતિ કરી. તે સાંભળી શ્રીહરિ રાજી થયા. પછી દેવતાઓએ વર્ણીની પૂજા કરી. આરતી કરી પછી શ્રીહરિએ દેવોને કહ્યું કે હવે તમો તમારા સ્થાનકે જાઓ. શ્રીજીની આજ્ઞા મળતાં દેવતાઓ આનંદ પામી પુષ્પની વૃષ્ટિ કરી વિમાનોમાં બેસી પોતપોતાના સ્થાનકે ગયા.

દેવતાઓના ગયા પછી શ્રીહરિ હાથનું ઓશીકું કરી ડાબા પડખે પોઢ્યા. એક હસ્તકમળ પર મસ્તક મૂક્યું છે. બેય નેત્રો મીંચ્યાં છે. તે સમયની છબી જોવા માટે શિવજી ઝાડ ઓથે છૂપાઈને ઊભા અને શ્રીહરિની પોઢેલી છબી અંતરમાં ધારી લીધી. પછી શિવજી શ્રીહરિને વંદન કરી... સર્વનું રક્ષણ કરનારા વર્ણીનું સ્મરણ કરતા કૈલાસમાં ગયા. શ્રીહરિએ સવારે વહેલા ઊઠી સ્નાન કરી નિત્યવિધિ કર્યો. ત્યાં હલવાઈ અને તેની માતા આવ્યાં. તેમને દર્શન આપી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી તેમની પૂજા સ્વીકારી મોક્ષ ભાગી બનાવ્યાં. પછી તેમની વિનંતીથી અલ્પાહાર કરી ત્યાંથી આગળ ચાલતા થયા.

રસ્તામાં મોટું વન આવ્યું. જેમાં ઘણાં જ હિંસક પ્રાણીઓ રહેતાં હતાં. તેવા ભયંકર વનમાં ચાલતા રસ્તામાં એક ભીલ અને તેની પત્ની મળ્યાં. તેઓ શ્રીહરિની અલૌકિક, તેજસ્વી સુંદર મૂર્તિ જોઈ આશ્ચર્ય પામ્યા અને કોઈ મોટા

સિદ્ધયોગી છે. તેમ માની પાસે આવીને દર્શન કરીને ફળોની ભેટ ધરી. તેમને પૂર્વના સંસ્કારી જાણીને શ્રીહરિએ તેમને મોક્ષનો ઉપદેશ આપતાં કહ્યું કે તમો સત્સંગમાં જન્મ પામશો. ત્યાં તમોને મારો યોગ થશે. પછી તમારો મોક્ષ થશે. એમ વરદાન આપી.

વર્ણી ત્યાંથી વનમાં આગળ ચાલતા થયા. રસ્તામાં એક મોટી ત્રણ ચાર ગાઉના પહોંળા પટવાળી નદી (કોશી) આવી. ચોમાસાના દિવસો હતા. વરસાદ ઘણો વરસી રહ્યો હતો તેથી નદીનો આખો પટ જળપ્રવાહથી ભરાઈ ગયેલો હતો. નદીના કિનારા ઊંચા હતા. તેથી જળ અગાધ (બહુ) અને ઊંડું હતું. વર્ણીને આગળ જવા માટે નદીને પાર કર્યા વિના બીજો રસ્તો ન હતો. વહાણની ત્યાં વ્યવસ્થા ન હતી. તેથી શ્રીહરિએ સામે કિનારે જવા માટે અત્યંત વેગવાળા અને ભમરીયો ખાતા તે અગાધ જળપ્રવાહમાં પોતાના શરીરની પરવા કર્યા વિના જ ઝંપલાવ્યું. પરંતુ નદીને એમ થયું કે શ્રીહરિ અહીં રાત્રી રહી મારાં જળમાં સ્નાન કરી મને પવિત્ર બનાવે તો સારૂં એમ માની પોતાના જળના તરંગોથી જાણે શ્રીવર્ણીને રોકવા આગ્રહ કરતી હોય તેમ બે વખત તરંગો દ્વારા આગળ ન જવા દેતાં તે જ કિનારે બહાર કાઢ્યા પરંતુ સ્વતંત્ર શ્રીહરિ તેની પરવા કર્યા વિના જ પોતાના સામે કિનારે જવાના નિશ્ચયમાં અડગ રહી ત્રીજી વખત જળપ્રવાહમાં પડ્યા અને ઝડપથી આગળ તે નદીના ત્રણ-ચાર ગાઉ પહોળા જળપ્રવાહને પાર કરી સામે કિનરે નીકળી ગયા. જેમના નામસ્મરણ માત્રથી જ અનેક જીવાત્માઓ મહાભયંકર સંસારરૂપી સમુદ્રને તરી જાય છે. તે પ્રભુને આ સરિતાનો (નદી) ભયંકર જળપ્રવાહ શી ગણતરીમાં ? આ બાબત શ્રીહરિએ પોતે જ સ્વમુખે ગઢડા પ્રથમના વનામૃત ૨૯માં પોતાના ભક્તોને જણાવતાં નીચે પ્રમાણે કહ્યું છે.

પછી શ્રીજી મહારાજે પોતાની વાત કરી જે, અમે જે જે સાધન કર્યાં હતા તેને વિષે કોઈ રીતે દેહ રહે જ નહિ. ને તેમાં પણ દેહ રહ્યો તેને પ્રારબ્ધ (કર્મ) કહીએ. તે શું તો અમે શ્રી પુરુષોત્તમપુરીમાં (જગન્નાથપુરી) રહેતા ત્યારે કેટલાક માસ સુધી તો વાયુ ભક્ષણ કરીને રહ્યા. તથા ત્રણ-ચાર ગાઉ પહોળા પટવાળી એક નદી હતી તેને વિષે એકવાર શરીર તણાતું મેલ્યું તથા શિયાળો, ઉનાળો ને ચોમાસું તેને વિષે છાયા વિના એક કૌપીનભર રહેતા તથા ઝાડીને વિષે વાઘ, હાથી તથા અંગારા પાડા તેની ભેળા ફરતા. એવા અનંત વિકટ ઠેકાણાં તેને વિષે ફર્યાં તોય પણ કોઈ રીતે દેહ પડ્યો નહિ ત્યારે એવે ઠેકાણે તો પ્રારબ્ધ લેવું.

## બંસીપુરના પીપળાના વૃક્ષ નીચે રહ્યા

આ રીતે નદીને પાર કરીને બંસીપુરના વનમાં આગળ ચાલતાં સાંજ પડી જવાથી એક જૂના અને મોટા પીંપળાના વૃક્ષ નીચે રાત્રી રહેવાનો નિર્ણય કરી ત્યાં મૃગચર્મ બિછાવી બેઠા. નિર્ભય એવા શ્રીહરિને કોઈનો ભય તો હતો નહિ. તેથી રાત્રે ત્યાં સૂવાની તૈયારી કરતા હતા ત્યાં એક મહાભયંકર ભૂતપતિ (રાક્ષસ) આવ્યો. પ્રથમ તો તે શ્રીહરિને ડરાવવા લાગ્યો. પરંતુ દયાળુ પ્રભુએ તો સામેથી તેનો ઉદ્ધાર કરવા તેના સામી કૃપાદૃષ્ટિ કરી એટલે તેનાં પૂર્વનાં બધા પાપો બળી ગયાં. તેથી તેને જ્ઞાન થયું એટલે શ્રીહરિને ભગવાન માની સાષ્ટાંગ પ્રણામ કરી પ્રાર્થના કરતાં બોલ્યો કે હે પ્રભુ ! આપ સમર્થ છો તો મારા અપરાધ સામું ન જોતાં મારા ગુના માફ કરી મારા આ પાપમય દેહ છોડાવી મારો મોક્ષ કરો. તેની પ્રાર્થના સાંભળી શ્રીહરિએ બદ્રિકાશ્રમમાં મોકલ્યો પછી વર્ણી પોઢી ગયા.

બંસીપુરના રાજાનો મેળાપ : શ્રીહરિ પ્રભાતે ઊઠી પાસેની નદીમાં સ્નાન કરી પૂજાપાઠ વગેરે પોતાનો નિત્ય વિધિ કરી સ્વસ્વરૂપનું ધ્યાન કરતા તે પીપળાના વૃક્ષ નીચે બેઠા હતા. ત્યાં બંસીપુરનો રાજા પોતાના માણસો સાથે મૃગયા કરવા તે જંગલમાં આવ્યો. તેમણે દૂરથી તે વૃક્ષ નીચે કોઈ તેજસ્વી વસ્તુ જોઈ. દરેક જુદાં જુદાં અનુમાનો કરવા લાગ્યા. કોઈ કહે મૃગલું છે. કોઈ કહે તપસ્વી માણસ છે. કોઈ કહે સિંહ અથવા વરૂ છે પરંતુ કોઈ કાંઈ નિર્ણય કરી શક્યા નહિ. ત્યારે રાજાએ કહ્યું કે હું જાતે જ ત્યાં જઈ તપાસ કરું. પછી રાજા તે પીંપળાના વૃક્ષ નીચે સમીપે (પાસે) જઈને જુવે છે. તો મહાન તેજસ્વી, તપસ્વી મૂર્તિ બટુક બ્રહ્મચારીને જોયા. તે વખતે શ્રીહરિની મૂર્તિની શોભા કેવી હતી તો

कमल नयनदल कमलमुख, कमल मृणाल से अंग ॥
कोमल कर पाव कंजसे, नाभि कमल जल भ्रंग ॥

કમળની પાંખડી જેવાં નેત્ર છે, કમળ જેવું મુખ છે, સર્વે અંગો કમળ જેવાં કોમલ છે, હાથ-પગ પણ કમળ જેવા કોમળ છે. જેમ જળમાં કમળ ઉપર ભમરો હોય તેવી સુંદર નાભિ છે.

આવી અલૌકિક મૂર્તિ જોઈ રાજાના અંતરમાં શાંતિ તથા આનંદ થઈ ગયા અને તેથી મનમાં વિચાર કરવા લાગ્યો કે આ સામાન્ય યોગીન્દ્ર (યોગી) નથી. પરંતુ શિવજી, ઈન્દ્ર, નારાયણ પોતે હોય તેમ લાગે છે. પછી રાજાએ આશ્ચર્ય

સાથે શ્રી નીલંકઠ વર્ણી પાસે જઈ બે હાથ જોડી નમસ્કાર કર્યા. તેટલામાં તેના મનમાં શાંતિ શાંતિ થઈ ગઈ અને મનના સંકલ્પો વિરામ પામ્યા. રાજા વર્ણી સામે હાથ જોડીને બેઠો. શ્રીહરિએ ધ્યાનમાંથી જાગ્યા. સામે બેઠેલા રાજા સામી પોતાની કૃપાદૃષ્ટિ ફેંકી ! તેથી રાજા એકદમ સ્થિર થઈ ગયો અને પોતાના શરીરનું ભાન ભૂલી ગયો. તેટલામાં રાજાના માણસો ત્યાં આવી પહોંચ્યા. રાજાની આવી સ્થિતિ જોઈ બધાએ વિચાર કર્યો કે આ બ્રહ્મચારીએ મંત્રથી રાજાને વશ કરી લીધા જણાય છે. તેટલામાં શ્રીહરિની ઈચ્છાથી રાજા ભાનમાં આવ્યો. રાજાએ સમાધિમાં શ્રીહરિને સાક્ષાત્ રામચંદ્રજી રૂપે જોયા હતા તેથી રાજાએ વર્ણીને પોતાના ઈષ્ટદેવ માનીને પોતાના બંસીપુર નામના નગરમાં પધારવા વિનંતી કરી. નીલકંઠ બ્રહ્મચારીએ રાજાનો અત્યંત ભક્તિભાવ તથા પ્રેમ અને વિનંતીપૂર્વકનો આગ્રહ જોઈ શહેરમાં જવા હા પાડી. રાજાએ પોતાના માણસોને કહ્યું કે આ તો આપણા ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજી પોતે આપણને દર્શન આપી કૃતાર્થ કરવા પધાર્યા છે. માટે આપણા સારામાં સારા ઘોડા ઉપર બેસાડી આ બ્રહ્મચારીને આપણા નગરમાં પધરાવીએ પછી રાજાની આજ્ઞાથી માણસો શ્રી નીલકંઠ વર્ણીને એક સારા ઘોડા ઉપર બેસાડી સવારી સાથે ચાલ્યા. રાજ્યની સીમામાં આવ્યા ત્યારે સર્વે જનો પગે લાગવા લાગ્યા. ધીરે ધીરે શહેરમાં આવ્યા. શ્રીહરિની મૂર્તિ જોઈ સર્વે આનંદ પામ્યા. ખળ (અધર્મી) જનો દુઃખી થયા. રાજાએ ખૂબ ધામધૂમપૂર્વક સામૈયું કરી પોતાના રાજમહેલમાં પધરાવ્યા. રાજમહેલમાં રાજાએ વર્ણીની ખૂબ ભાવપૂર્વક પૂજા કરી ભવથી (સંસાર) તરવા માટે રાજાએ ખૂબ બરદાસ્ત કરી પુત્રની માફક રાખ્યા. રાજાની મયા નામની રાણી શ્રીહરિનું રૂપ જોઈ મનમાં આનંદ પામી. પછી રાણીએ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય એમ ચાર પ્રકારનાં ઉત્તમ ભોજન બનાવી કનકના થાળમાં (સોનાનાં) પીરસીને શ્રીહરિને જમવા બેસાડ્યા. વર્ણીએ પ્રથમ શાલીગ્રામને થાળ જમાડ્યો પછી પોતે જમવા લાગ્યા. જેના ઘરે અક્ષરાધિપતિ જમે છે તે રાજા રાણીનાં કેવા ઉત્તમ ભાગ્ય! જમી તૃપ્ત થઈ હાથ-મુખ ધોઈ જળપાન કરી. ઈલાયચીનો મુખવાસ લીધો. પછી સુંદર આસન ઉપર બિરાજ્યા એમ બંસીપુરમાં અનેક ચરિત્રો કરી દરેકને આનંદ પમાડતા હતા.

તે રાજા-રાણી પરમ વિવેકી, ધર્મ-અધર્મને તથા વર્ણાશ્રમની રીતને જાણનારા સાંખ્યયોગી, કર્મયોગીને ઓળખી ઘણા પંડિત બ્રાહ્મણોને પોતાની પાસે રાખી તેમની સારી સંભાવના કરતા તેમજ સંતથી પોતાનું કલ્યાણ માની

ઘણા જ સંતોને પોતાને ત્યાં રાખતા. વૈરાગીઓ હદ બે હદ ગમે તેમ બોલે છતાં સંતોનું મહાત્મ્ય જાણી ટેલ ચાકરી (સેવા) કરી તેમને સારી રીતે જમાડતા. સંતો તથા બ્રાહ્મણોના મુખથી હંમેશાં કથા સાંભળી તેમની સાથે ભગવાન સંબંધી ચર્ચા વિચારણા પણ કરતા.

રાજાને ઈલા અને સુશીલા નામની બે પુત્રીઓ હતી તે શ્રીહરિની ઉંમર જેટલી જ ઉંમરની અને ભાગ્યશાળી હતી. રાજા, રાણી અને બંન્ને પુત્રીઓ વર્ણીને નિર્લેપ જાણી દૂર રહી સ્નેહભાવથી સેવા કરતાં શ્રીહરિ કોઈ જાતનો ક્ષોભ (શરમ) પામતા નહિ. પરાધીન થતા નહિ. કોઈ મોટાથી દબાતા નહિ. શ્રીહરિનો એવો સ્વભાવ હતો કે સર્વે પોતાને આધીન રહે. શુદ્ધ ભાવ જુએ ત્યાં હેત કરતા. સત્ય-અસત્ય બતાવવા જનોનાં અંતરમાં ધર્મસર્ગ ભરતા. તેમનામાં રહેલા અધર્મસર્ગનું ઉચ્છેદન કરતા ત્યારે જનોને સત્યજ્ઞાન થતું અને વૈરાગ્યવાન બનતા. ધર્મ અને જ્ઞાન વગર વૈરાગ્ય થતો નથી. ધર્મજ્ઞાન યુક્ત વૈરાગ્ય નાશ પામતો નથી. જ્ઞાન વગર હરિચરણની પ્રાપ્તિ થતી નથી. પ્રભુ મનુષ્ય શરીર ધારણ કરી જનોનું શ્રેય (કલ્યાણ) કરવા અજ્ઞાનરૂપી અંધકારથી તારવા જ્યાં ત્યાં વિચરી પોતાનાં ચરણ પધરાવે છે. તે તે સ્થળે કલ્યાણરૂપી ઝરણાં ઝરે છે. શ્રીહરિની એકેય ક્રિયા વ્યર્થ હોતી નથી. જે સુજ્ઞજનો (જ્ઞાની) સમજે છે. તે સુખી થાય છે. દુરિજનોને (દુર્જન) દુઃખકર બને છે. જેવી રીતે દૂધ પાકનું (ખીરનું) ભોજન દરેક માણસને જમવાથી સુખ કરે પરંતુ શ્વાન (કૂતરા)ને તે દુઃખકર બને છે. તેમજ દુરિજનોને દુઃખકર બને છે. રાજમહેલમાં અનેક પ્રકારની જમવાની વસ્તુઓ આવે તેમાંથી વર્ણીને રૂચિ પ્રમાણેની વસ્તુઓ જમવા માટે રાણી ભાવથી આપતી હતી. ત્યાર પછી પોતાની પુત્રીઓને આપતી.

રાજકુમારીઓ આશરે ૧૩-૧૪ વર્ષના અવિકારી બટુક સાથે નિરંતર રમતી. રમતાં રમતાં સહજ સ્વભાવે લડતાં ત્યારે બટુકને દબાવતાં સંકોચ પામતી અને અંદરોઅંદર સમાધાન કરી લેતાં. ક્યારેક રાણી પાસે પણ ઝઘડો લઈ જતાં. ત્યારે રાણી ત્રણેયને અત્યંત પ્રેમથી કહેતી કે કેમ ઝઘડો કરો છો ? ત્યારે રાજકુમારીઓ ઉત્તર આપતી કે આ બટુક અમને આંખો કાઢી ડરાવે છે. ત્યારે શ્રીહરિ કહે, અમે તો નિસ્પૃહી છીએ. તેમનું કાંઈ બગાડ્યું નથી. અમે તો સહજ મનગમતી રમત રમીએ છીએ. એમાં અદેખાઈ કેમ કરે ? ત્યારે રાણી રાજકુમારીઓ ને કહેતી કે જેમ બટુક રાજી રહે તેમ રમત રમો. અને અકડાઈ કરશો નહિ. રાણીને વર્ણીની ઉપર પુત્ર જેવું વાત્સલ્ય (ભાવ) થયું જેથી બેસતાં-ઊઠતાં, સૂતાં-જમતા દરેક

કાર્યમાં કેવળ શ્રીહરિમાં ચિત્ત રાખતી. વર્ણી હમેશાં સ્નાન-ધ્યાન કરી નિત્યવિધિ કરવા બેસે ત્યારે બંને કુંવરીઓ સ્નાન કરી વર્ણીને પૂજામાં ઉપયોગી દરેક સામગ્રી શુદ્ધ કરી લાવી આપતી અને તેનાથી શ્રીહરિ બાલમુકુંદની પૂજા કરતા જમવાની વસ્તુઓ ફળાદિક પ્રભુને ધરાવીને કુંવરીઓના આગ્રહથી પોતાની રૂચિ પ્રમાણે વર્ણી જમતા અને પ્રસાદી કુંવરીઓને આપતા તે પ્રસાદ કુંવરીઓ રાણીને આપતી અને પોતે જમતી. ક્યારેક ક્યારેક શ્રીહરિ ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળની વાતો તેમને કહેતા.

આવી રીતે અનેક પ્રકારના ચરિત્રો શ્રીહરિ બંસીપુરમાં કરતાં કરતાં ચોમાસું પસાર થઈ ગયું. શ્રીહરિ બંસીપુરમાં બિરાજતા હોઈ તેમના પ્રતાપથી આ રાજ્યમાં પ્રમાણસર વરસાદ વરસવાથી રાજ્યમાં અન્નરસ પુષ્કળ પાક્યાં. તેથી ઘણા લોકો તે દેશમાં આવી વસવા લાગ્યા. તેથી રાજ્યની ઊપજ ઘણી વધી અને શત્રુઓ નાશ પામ્યા. આ અકંટક રાજ્ય થયું જે દિવસથી શ્રીહરિ આ રાજ્યમાં બિરાજ્યા તે દિવસથી અષ્ટસિદ્ધિઓ અને નવનિધિઓ બંસીપુરમાં નિવાસ કરીને રહી હતી. આવી રીતે દેવતાઓને પણ દુર્લભ એવી સંપત્તિ રાજ્યમાં થઈ હતી. આવી સમૃદ્ધિ જોઈ રાજા-રાણી માનતા કે આ બધો પ્રતાપ આ વર્ણીનો છે. રાજા પણ પૂણ્યદાન બહુ કરતા. સંતો તથા બ્રાહ્મણોને જમાડતા અને રાજ્યમાં નિરંતર સત્સંગ, કથાવાર્તા થતાં, વર્ણીએ રાજાને વિધિનિષેધની રીત સમજાવી. હિંસક મતમાં રૂચિ હતી તેનો નાશ કરાવ્યો. સંત-અસંતની રીત ઓળખાવી. અનેક સંતો તથા પંડિતો આવતા. નિરંતર શાસ્ત્રીય ચર્ચાઓ થતી. શ્રીહરિ પ્રશ્નો પૂછતા તેનો કોઈ ઉત્તર આપી શકતા ન હતા. કદાચ કોઈ માયિકભાવ લાવી માનથી ઉત્તર કરવા જાય તો વર્ણી શંકા કરીને તેનો ઉત્તર ખોટો કરી નાખતા. બહારના પંડિતો અને શહેરના પંડિતો વચ્ચે વાદવિવાદમાં સમાધાન ન થાય ત્યારે બેય પક્ષોને ખોટા ઠરાવી શાસ્ત્રોનું ગૂઢ રહસ્ય સમજાવી સમાધાન કરતા. તેમાં કોઈ શંકા કરી શકતા નહિ. ગામના મોટા મોટા પંડિતો, આ બટુક મહારાજ કોઈ મનુષ્ય નથી પણ ઈશ્વર છે. તેમ માનવા લાગ્યા. શ્રીહરિનો આવો પ્રતાપ જોઈ દરેક શ્રીહરિને જુદી જુદી રીતે માનતા.

(૧) અર્થાત્ પ્રજા રાજકુમાર તરીકે ઓળખતી. (૨) રાણી પોતાના પુત્ર તરીકે જોતી (૩) તો વળી રાજકુંવરીઓ નિર્લેપ નિરંજન પોતાના સહોદરભાઈ તરીકે જોતી (૪) રાજા કમળ જેવી આંખોવાળા પુત્ર માનતા (૫) બ્રાહ્મણો બ્રહ્મકુમાર માનતા (૬) વળી સ્ત્રીઓ ઉદાર દેવ માનતી (૭) વળી ભક્તો સર્વથી

પર પરબ્રહ્મ ભગવાન માનતા (૮) ભેખધારી ત્યાગીઓ લાકડાં કાપનાર કુહાડા તરીકે માનતા. (અર્થાત્ પોતાના મતનું ઉચ્છેદન કરનારા તરીકે માનતા.)

ચોમાસું વિત્યા બાદ શ્રીહરિ બંસીપુરમાં રહ્યા. ત્યાં શિશિર (શિયાળો) હેમંતઋતુ તથા ઋતુરાજ વસંત ગઈ. ગ્રીષ્મ ઋતુ (ઉનાળો) પણ આવી. સૂર્યદેવ તપવા લાગ્યા. પવન બંધ રહે ત્યારે માણસોનાં શરીર તાપથી ખૂબ અકળાઈ ઊઠતાં. ક્યારેક ઊની લૂ ખૂબ વાતી. પૃથ્વી, જળ, વાયુ અને આકાશ તપી જતાં તેથી તેનો સ્પર્શ તો દેવતા જેવો લાગે. આ ઋતુમાં શાંતિ પામવા માટે દરેક સાધનો રાજમહેલમાં હતાં. રાજાનો સાત માળનો ઊંચો એક મહેલ હતો. તેમાં અનંત ખંડ હતા. તે પ્રત્યેક ખંડમાં સુખકારી સાધનો સજાવેલાં હતાં. શિતળ, મંદ અને સુગંધી પવન તેમાં આવતો હતો. તેની અગાશી આકાશમાં અડેલી હતી. ચારે બાજુ ઝરૂખા અને જાળિયાં હતાં. એક વખત શ્રીહરિ જમી તે મહેલ ઉપર જઈ કોઈ એક ખંડમાં પોતાનું આત્મચિંતવન કરવા બેઠા. તે સમયે અક્ષરના અનંત મુક્તો ત્યાં આવી પ્રભુને પ્રણામ કરી થોડીવાર દર્શન કરીને પાછા ચાલ્યા ગયા. તે સમયે બંન્ને રાજકુંવરીઓ વર્ણીને શોધતી તે પાસે આવીને દાસદાસીઓને પૂછ્યું કે બટુક ક્યાં છે ? ત્યારે એક દાસીએ કહ્યું કે મેં મોટી અગાશી ઉપર ચઢતા જોયા હતા. આખા મહેલમાં શોધતાં શોધતાં દરેક માળોમાં જોતા છઠ્ઠા માળે એક રૂમમાં શ્રીહરિને ધ્યાનમાં બેઠેલા જોયા. બંને કન્યાઓ અને એક દાસી ત્રણેય જણાએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને બેય કન્યાઓ સામે બેઠી થોડીવારે શ્રીહરિ ધ્યાનમાંથી જાગ્યા ત્યારે જેમ યોગસિદ્ધ યોગીઓની પાસે અષ્ટસિદ્ધિઓ સેવામાં હાજર રહે તેમ પોતાની સેવામાં હાજર રહેલી રાજકુંવરીઓને જોઈ વર્ણી રાજી થયા. કન્યાઓએ પ્રભુને પૂછ્યું કે જળપાન કરશો? પ્રભુની મરજી જોઈને જળ લાવી આપ્યું. શ્રીજીએ ઈચ્છા પ્રમાણે જળપાન કર્યું અને ભગવાનને પીતાં બાકી રહેલું પ્રસાદીનું જળ તેઓએ પીધું ત્યારપછી બંન્ને કુંવરીઓ તથા વર્ણી સંતાકુકડી જેવી ઘણી રમતો રમવા લાગ્યા. રમીને જ્યારે થાકી ગયાં ત્યારે ત્રણેય જણ પોઢી ગયાં. તે પોઢ્યા સમયની શ્રીહરિનાં સ્વરૂપની શોભા સદ્‌ગુરુ વૈષ્ણવાનંદજી વર્ણી પોતાના હરિલીલાસિન્ધુ નામના ગ્રંથના રત્ન છઠ્ઠા તરંગ છઠ્ઠામાં નીચે પ્રમાણે વર્ણવે છે.

पौढन की छबी कहा कहुं जाये नींदवश नाथ ॥
इला बपु पर पद धरी, सुशीला पर धरी माथ ॥
कनकलता पर कमलउभ नीषंग सहित लुदराय ॥

ઉપર પ્રમાણેની શોભાયુક્ત ત્રણેય જણાં સૂતાં હતાં. ત્યાં તે રાજકન્યાઓની એક સખી ત્યાં આવી. તેણે ઉપર પ્રમાણે ત્રણેયને સૂતેલાં જોઈને તે એકદમ રાણી પાસે આવી કહ્યું કે બ્રહ્મચારીજી અને બેય કુંવરીઓ અલૌકિક રીતે સૂતાં છે. તે શોભા જોવા આપ જલદી આવો. એટલે રાણી એકદમ ત્યાં ગઈ અને ત્રણેયને ઉપર પ્રમાણે પોઢેલા જોઈને વર્ણીના દર્શન કરી રાણી ખૂબ આનંદ પામીને નીચે પ્રમાણે બોલી :

અહો ! જેના ભેગા રહી સર્વાવતારી સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ નિશદિન ખેલ ખેલે છે. તથા નિર્દોષભાવથી ઉપર પ્રમાણે પોઢે છે. એવી બેય રાજકુંવરીઓના અહોભાગ્યના વખાણ શેષનારાયણ પણ કરી શકતા નથી. આ પ્રમાણે રાણી વાત કરે છે. તેટલામાં સર્વાન્તયાર્મી શ્રીહરિએ તેનાં નાડી-પ્રાણ તથા મનોવૃત્તિ ખેંચી લીધાં તેથી રાણીને સમાધિ થઈ ગઈ. સમાધિમાં રાણી અક્ષરધામમાં ગઈ ત્યાં તેણે અલૌકિક વસ્ત્રાભૂષણો અલંકારો જેમણે ધારણ કરેલા છે અને દિવ્ય તેજોમય સિંહાસન ઉપર બિરાજમાન અને અનંતમુક્તોએ સેવેલા એવા શ્રીહરિને જોયા. દર્શન કરી આનંદ પામી સુખસાગરમાં ડૂબી ગઈ. ત્યાં વર્ણીએ તેને સમાધિમાંથી જગાડી એટલે તે ખૂબ રાજી થઈ. ત્યાં પ્રભુની ઈચ્છાથી રાણીનો માયાથી અજ્ઞાનરૂપી પડદો પડી ગયો. તેથી સમાધિની બિના તે ભૂલી ગઈ અને શ્રીહરિ પ્રત્યે પહેલાંની માફક પુત્રના જેવો ભાવ થયો. પછી થોડીવાર તે ત્યાં ઊભી રહીને ખૂબ નીરખીને મૂર્તિ અંતરમાં ધારી લીધી. પછી તેણે મનમાં વિચાર કર્યો કે હું જો અહીં જ ઊભી રહીશ અને તે દરમિયાન ત્રણેય જણાં જાગશે તો મને જોઈ મનમાં ભય પામશે. માટે મારે અહીં રહેવું યોગ્ય નથી. એમ માની તેણે દાસીને કહ્યું કે તેઓ જાગે ત્યારે તું તેમને મારી પાસે લઈ આવજે. એમ કહી રાણી ચાલી ગઈ. થોડીવારે શ્રીહરિ જાગ્યા. પગનો સ્પર્શ કરીને બંને કુંવરીઓને જગાડી.

પછી ચારે જણાં નીચે ઊતરી માતાજી પાસે આવી કહેવા લાગ્યાં કે અમને ભૂખ લાગી છે. એટલે રાણીએ તેમને મનગમતાં ભોજન જમાડ્યાં અને રાજી કર્યાં. રાજા તથા રાણી શ્રીહરિને વિષે ખૂબ સ્નેહ બંધાયો. તેથી બંને જણાં વર્ણીને પુત્રભાવથી ખૂબ સેવા કરતાં. રાજાની ઈલાને સુશીલા નામની બંને કન્યાઓ પણ વર્ણીને પોતાના સહોદર ભાઈના જેવા ભાવ રાખી સેવા કરતી અને સાથે રમતી. શ્રીહરિ પણ રાજા તથા રાણી તથા બે કન્યાઓનો પ્રેમ જોઈને તેમનું કલ્યાણ કરવા રોકાયા અને જેમ પોતે છપૈયામાં તથા અયોધ્યામાં રહેતા તેમજ પોતાનું ઘર માનીને

રહેતા. રાજા-રાણી તથા બેય કન્યાઓને ઉપદેશ આપી પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી પોતાના આશ્રિત કર્યાં તેમજ બંસીપુરના તથા બીજા ગામોના માણસોને પણ ઉપદેશ આપી તેમનામાં રહેલ અજ્ઞાન તથા અધર્મનો નાશ કર્યો. આ પ્રમાણે રાજાનો તથા પ્રજાનો ભાવ જોઈ નીલકંઠ વર્ણી ત્યાં આશરે બાર માસ રોકાયા પછી ત્યાંથી પોતે આગળ જવાની ઈચ્છા રાજાને જણાવી.

રાજાએ તથા રાણીએ બંસીપુરમાં જ કાયમ રોકાવા માટે ખૂબ વિનંતી કરી. પરંતુ શ્રીહરિ તો લોકકલ્યાણનો પોતાનો હેતુ પાર પાડવો હતો એટલે રોકાવાની ના પાડી ત્યારે તે મયારાણીએ વિચાર કર્યો કે આમને મોહના બંધનમાં નાખીએ તો તેઓ કાયમ અહીં રોકાશે. એમ માયાથી ભગવાનપણાનો ભાવ ભૂલી અજ્ઞાનથી પોતાનો ગૂઢ સંકલ્પ શ્રીહરિને કહ્યો કે હે પ્રભુ ! (૧) આપ મારી આ બેય કન્યાઓનાં પાણીગ્રહણ (લગ્ન) કરો અને (૨) પછી આ અમારી રાજગાદીનો સ્વીકાર કરો.

(અમો તમોને આ અમારૂં રાજ્ય સોંપી તમને રાજા બનાવીશું.) તમો નીતિમાં પ્રવિણ છો તેથી અકંટક રાજ્ય કરો જેથી અમારું કલ્યાણ થાય. ત્યારે શ્રીજીએ તે બેય વસ્તુ સ્વીકારવાની પોતાની અનિચ્છા બતાવી. ત્યારે મયારાણીએ કહ્યું કે બ્રહ્મચારીજી ! આ કળીકાળમાં કોઈ બ્રહ્મચર્ય પાળી શકતું નથી.

આગળ યૌવન અવસ્થા આવશે તે વખતે પત્ની વગર નહિ ચાલે. ચંદ્ર, ઈન્દ્ર, બૃહસ્પતિ અને ઋષિઓએ લીધેલી બ્રહ્મચર્ય પાળવાની ટેક કામે છોડાવી. પરાશર, સૌભરી, એકલશ્રૃંગી આદિને બળવાન કામદેવે કલંકિત કર્યાં. જેટલું માયા મૂલથી ઉત્પન્ન થાય છે. તેનું ભક્ષણ કાળ કરી જાય છે. દેવ, દૈત્ય, મુનિ, મનુષ્ય, ઈશ્વર વગેરેમાંથી કોઈ દેહધારી નિર્લેપ રહી શકતો નથી.

હે વર્ણી ! અત્યારે તમે બાર વર્ષના છો એટલે ખબર નથી પણ યુવાની તરવી વિકટ છે. મેં અનેક ભેખધારી જોયા છે તે કામ ને ધનના દાસ થઈ ખુવાર થયા છે. જેમ ભયાનક વનમાં પર્વતો, દરિયો, નદીઓ તરવાં કઠણ છે. પ્રેત, પિશાચ, ભીલ, કૃત્યાગણ, જોગણી, રાક્ષસો, માણસોને કાપી ખાય છે. હાથી, સિંહ, ફણીધર નાગ, અજગર, વરૂ, ભુંડ, જંગલી ગાયો, ગેંડા, વગેરે હિંસક જનાવરોની બીક લાગે છે. તેમ યુવાવસ્થા તરવી કઠણ છે. ઉપરોક્ત વચનો સાંભળી શ્રીહરિ કહે છે.

અર્થાત્ હે માતા ! (૧) મને સ્થાવર વનની બીક લાગતી નથી. જંગમની બીક બહુ લાગે છે. વાઘ, વરાહ, ગેંડા, હાથી સર્વે પશુ મળીને મારી સામે પ્રેમ કરે

છે. (૨) પર્વત, દરિયો, નદીઓ મારા ઘર જેવાં છે. (૩) પિશાચ નિશાચર બધા પ્રીત કરે છે પણ સ્ત્રીના કલેવરૂપી વન ખુવાર કરે છે. (૪) હાથણી, વાઘણી, પ્રેત-પિશાચણી એકવાર કાપે છે. પણ સ્ત્રીના ઝેરનો અંત આવતો નથી. અનંત જન્મ સુધી ભવસાગરનો ફાંસો નાખે છે.પણ દૈવ, દૈત્ય, મનુષ્ય, મુની, ઈશ્વર સર્વે એના કૃત્યમાં ફસાઈ જાય છે. પૃથ્વી ઉપર પરાત્પર એક પ્રભુ જ કાળના કાળ છે. તે સર્વેને પોતાના દાસ બનાવે છે. તે માયાથી બંધાતા નથી.

માટે હે રાણી ! અમોને કામદેવ પરાભવ કરી શકે તેમ છે જ નહિ. અમારા જેવો બીજો કોઈ થયો નથી અને થશે પણ નહિ. એટલું જ નહિ પણ અમારી પેઠે અખંડ બ્રહ્મચર્ય રાખે તેવા હજારોને અમે તૈયાર કરીશું. એમઅનેક રીતે કહી રાણીની વાતનો શ્રીહરિએ અસ્વીકાર કર્યો અને જવાનો આગ્રહ ચાલુ રાખ્યો. ત્યારે રાણી મર્મ સમજી ગઈ કે આ બટુક સર્વથી પર પરમેશ્વર છે.

માયા, કાળના કૃત્યથી ઈશ્વરો બંધાય છે. પણ આમને કોઈ બંધન થતું નથી. પુરુષોત્તમનારાયણે બટુકનો વેશ ધાર્યો છે. પોતાની ઈચ્છાથી પૃથ્વી પર વિચરે છે. તેમને મારી માયિક વાતો શી અસર કરે?

પછી માતા પ્રત્યે સુશીલા અને ઈલા કહે છે હે માતા ! આ દયાળુ, પ્રભુ રાજી થાય તેમ કરો. તેઓ પ્રેમથી આપણા ઘરે આવીને રહ્યા છે. અમારા જીવન પ્રિયને જવા નહિ દઈએ માટે તે રાજી થાય તેમ રાખો કોઈ વાતનો આગ્રહ ન કરશો. એમ પોતાની માતાને કહીને પછી વર્ણીને કહે છે કે આપ રાજી રહો. આપની મરજી પ્રમાણે અમો વર્તીશું. આપ ઉદાસ ન થશો અમો તમારી હજુરની દાસીઓ છીએ. એમ કહી શ્રીહરિના ચરણનો સ્પર્શ કરીને પદરજ મસ્તકે ચડાવી પ્રાર્થના કરી. પરંતુ શ્રીહરિના જવાના વિચારથી રાજા-રાણી, બંને કુંવરીઓ, પ્રજાજનો વગેરે તમામ દુઃખી થયા.

શ્રી નીલકંઠ વર્ણીએ બધાને ખૂબ સમજાવ્યા અને છેવટે કહ્યું કે તમો જ્યારે જ્યારે મને સંભારશો ત્યારે ત્યારે તમોને દર્શન આપીશ. તમે અખંડ મારું સ્મરણ કરો, પરંતુ રાજા માન્યા નહિ એટલે તે વખતે શ્રીહરિએ ઉપરથી તે વિચાર બંધ રાખ્યો અને પછી થોડા દિવસો જવા દઈ ધીરેથી એક રાત્રે રાજા-રાણી સૂઈ ગયા પછી શ્રી નીલકંઠવર્ણી છાની રીતે ત્યાંથી ચાલી નીકળ્યા. નિબંધ, નિરાવરણ, સ્વતંત્ર શ્રીહરિને તેમની યોગમાયાથી નિદ્રાધીન રાજમહેલના ચોકીદારો તથા દરવાણી તથા રાજમહેલ તથા શહેરના મોટા મજબૂત બંધ દરવાજાઓ તથા દરવાજે લગાવેલાં લોખંડના મોટા તાળાઓ

રોકી શક્યા નહિ. શ્રી નીલકંઠ વર્ણી શહેરથી બહાર નીકળી અદશ્યરૂપે આગળ ચાલી નીકળ્યા.

સવારે રાજાને ખબર પડી કે વર્ણી ચાલ્યા ગયા છે. તેથી રાજા-રાણી તથા બે કન્યાઓ તથા પ્રજાજનો ખૂબ દુઃખી થયા. રાજાને મૂર્છા આવી ગઈ પછી જ્યારે ભાનમાં આવ્યા ત્યારે એકદમ લશ્કરને હુકમ કર્યો કે નીલકંઠ વર્ણીને ગોતી લાવો. રાજા જાતે તથા લશ્કરના માણસો ચારે દિશાઓમાં વીસ વીસ ગાઉ ગોતવા માટે ફર્યાં પણ શ્રીહરિ ક્યાંય મળ્યા નહિ. શ્રીહરિ તો માર્ગ સિવાય આડી વાટે ચાલ્યા હતા. એટલે ક્યાંથી મળે ? અને પવનવેગે ચાલતા હતા એટલે ઘણા જ દૂર નીકળી ગયા હતા. બધા પાછા આવ્યા. રાજા ખૂબ દુઃખી થયા. શ્રીહરિએ અંતર્યામી પણે રાજા વગેરેને પોતાના વિયોગથી અત્યંત દુઃખી જાણી આકાશવાણી દ્વારા રાજાને સંદેશો આપ્યો કે તમો જરા પણ દુઃખી થશો નહિ. મેં કહ્યું છે તે પ્રમાણે વર્તશો તો સુખી થશો અને જ્યારે જ્યારે મારા સ્વરૂપનું ધ્યાન કરશો ત્યારે હું પ્રત્યક્ષ દર્શન આપીશ.

તમો આ દેહનો ત્યાગ કરીને મોરબી પાસે માળીયા નામના ગામમાં રાજાના કુટુંબમાં જન્મ પામશો. ત્યાં તમોને સત્સંગનો યોગ થશે અને અમો તમારા દરબારમાં સંતો સાથે આવીશું ત્યારે તમો અમારી ખૂબ સેવા કરશો. પછી (દેહાંતે) દેહને અંતે અક્ષરધામને પામશો. અને ત્યાં સદાને માટે આપણે સાથે રહીશું. આકાશવાણી સાંભળી બધાએ શોકનો ત્યાગ કર્યો અને શ્રીહરિનું ભજન કરવા લાગ્યા.

## ચંદનપુરમાં બ્રાહ્મણની સ્ત્રીને ત્યાં રોકાયા

શ્રી નીલંઠવર્ણી બંસીપુરથી ચાલ્યા. રસ્તામાં સૂર્યાસ્ત થવાથી એક સારા વૃક્ષ નીચે પોતે રાત્રી રોકાયા. ત્યાં મૃગચર્મ બિછાવી સ્વસ્વરૂપનું ધ્યાન કરતા પોતે નિદ્રાધીન થયા. સવારે ઊઠી આગળ ચાલ્યા. રસ્તામાં સુંદર જળાશય આવ્યું તેમાં સ્નાન કરી. પૂજાપાઠ વગેરે પોતાનું નિત્યકર્મ કરી વનમાં આગળ ચાલ્યા. રસ્તામાં સૂર્યાસ્ત થાય ત્યાં રાત્રી રહે. એમ વનમાં ચાલતાં ચાલતાં પાંચ દિવસ વીતી ગયા ત્યારે ચંદનપુર નામનું એક ગામ આવ્યું. ત્યાંના સરોવરમાં સ્નાન કરી પોતાનું નિત્યક્રમ કરવા શ્રી નીલકંઠ વર્ણી બેઠા. ત્યાં એક બ્રાહ્મણની સ્ત્રી જળ ભરવા આવી. તેણે શ્રીહરિનું રૂપ જોયું તેટલામાં તેની વૃત્તિ શ્રીહરિમાં ચોંટી ગઈ. પછી તેણે શ્રીહરિને પ્રાર્થના કરી કહ્યું જે, આપ મારે ઘેર જમવા

પધારો. તેટલામાં ત્યાં બીજી સ્ત્રીઓ પણ પાણી ભરવા આવી. તે દરેક શ્રીહરિનું અલૌકિકરૂપ જોઈ આશ્ચર્ય પામી અને શ્રી નીલકંઠવર્ણીને પોતપોતાને ઘેર જમવા પધારવા વિનંતી કરવા લાગી. પરંતુ શ્રીહરિએ તો જે બ્રાહ્મણની સ્ત્રીએ પ્રથમ આમંત્રણ આપ્યું હતું તેનો સ્વીકાર કરી તેની સાથે તેને ઘેર જમવા પધાર્યા. તે સ્ત્રીએ શ્રીહરિને પલંગ પાથરી તેના ઉપર બેસાડ્યા અને પાસે પોતાના પુત્રને બેસાડી તે રસોઈ બનાવવા લાગી. પરંતુ તે બાઈના મનમાં એક દુઃખ હતું તેનો પતિ ઘણા સમયથી પરદેશ ગયો હતો પણ તેના કાંઈ સમાચાર ન હતા.

તેથી તે ઉદાસીન હતી છતાં જ્યારે સર્વ દુઃખનાશક પ્રભુ પોતે સ્વયં તેના ઘરે પધાર્યા ત્યારે તેને દુઃખ રહે જ નહિ. તેને તુરંત જ શુભ સમાચાર મળ્યા કે તેનો પતિ ઘરે આવે છે. તે સમાચાર જાણી તે બાઈને ખૂબ આનંદ થયો. થોડાક સમયમાં તે ઘરે આવ્યો. એટલે સ્ત્રી ખૂબ આનંદ પામી શ્રીહરિ પાસે આવી પ્રાર્થનાપૂર્વક કહેવા લાગી કે હે પ્રભુ ! આપ મારે ઘરે પધાર્યા અને તુરંત જ મારા પતિ અચાનક ઘરે પાછા આવ્યા. આ આપનો જ પ્રતાપ છે. આમ ખૂબ વિનંતી કરી પછી રસોઈ બનાવીને પ્રથમ શ્રી નીલકંઠવર્ણીને જમાડ્યા અને પછી પોતાના પતિને તથા પુત્રને જમાડી પોતે જમીને પછી ત્રણેય જણાં શ્રીહરિ પાસે આવીને નમસ્કાર કરી બેઠાં.

શ્રીહરિએ તેમને ઉપદેશની વાતો કરવા માંડી. તે વખતે ઘરમાં બધાંને ખૂબ આનંદ આનંદ થઈ રહ્યો હતો. તે જ વખતે રાજાના દૂતોએ આવીને કઠોર સમાચાર કહ્યા કે આજે રાક્ષસને ત્યાં જવાનો તમારો વારો છે. માટે એક જણ તૈયાર થજો. આ કઠોર સમાચાર સાંભળી પ્રથમ જે આનંદ હતો તે દુઃખના રૂપમાં ફેરવાઈ ગયો. અને તે બાઈ રૂદન કરવા લાગી. પછી ત્રણે જણાં પરસ્પર વાતો કરવા લાગ્યા. પેલો બ્રાહ્મણ કહે તમો મા-દીકરો સુખેથી રહો અને ત્યાં હું જઈશ ત્યારે સ્ત્રી કહે તમો ત્યાં જાઓ તો પછી મારે જીવવું નકામું છે. માટે તમો રહો અને હું જાઉ એમ વિવાદ ચાલતો સાંભળી તથા ત્રણેય જણાને ખૂબ દુઃખી જોઈ શ્રીહરિએ કહ્યું જે હમણા બધાં આનંદમાં હતા. એ હવે એકદમ બધા શોકાતુર કેમ થઈ ગયા છો?

ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, આ શહેરની બહાર નજીકમાં એક ભયંકર રાક્ષસ રહે છે. તે હંમેશા શહેરના માણસોને તેની ઈચ્છા પ્રમાણે મારી ખાતો તેથી માણસોનું ખૂબ નુકસાન થતું અને પ્રજામાં હાહાકાર થઈ ગયો હતો. તેથી રાજાએ તેની સાથે મળી સમાધાન કરી એમ નક્કી કર્યું કે તે રાક્ષસના ખોરાક માટે શહેરમાંથી રોજ

એક માણસ ઘરના વારા પ્રમાણે મોકલવો એવો રાજાએ તેની સાથે ઠરાવ કર્યો હતો. આ વારા પ્રમાણે આજે મારા ઘરે વારો આવ્યો છે તેથી અમારા ત્રણમાંથી એક જણાને રાક્ષસના ખોરાક માટે જવાનું આવ્યું છે. આ કારણ અમારે શોક અને રૂદન કરવાનો સમય આવ્યો છે. તે વાત સાંભળી શ્રીહરિએ રાક્ષસને મારી પ્રજાને સુખી કરવાનો અને પૃથ્વીનો ભાર ઊતારવાનો વિચાર કર્યો.

તે બ્રાહ્મણને કહ્યું જે તમો શોક કરશો નહિ. આજે અમો તમારું અન્ન જમ્યા છીએ. માટે અમો તેનો બદલો જરૂર વાળીશું પરંતુ કૃતઘ્ની નહિ થઈએ. માટે તમારા બદલે રાક્ષસ પાસે અમો જઈશું. તમો જરા પણ શોક કરશો નહિ. ત્યારે બ્રાહ્મણ કહે, તમો પરદેશથી આવો છો અને અમારા અતિથિ છો. એટલે તમને મરાવીએ તો અમોને મહાન પાપ લાગે અને લોકમાં પણ અપકીર્તિ થાય. માટે તમોને ત્યાં મોકલાય નહિ. ત્યારે શ્રી નીલકંઠવર્ણી બોલ્યા કે અમોને મારનાર કોઈ છે જ નહિ. અમો તો કાળના કાળ છીએ. જગતની ઉત્પતિ, સ્થિતિ અને નાશ કરનારા અમો છીએ માટે તમો જરા પણ અમારી ચિંતા કરશો નહિ. અમોને મશાલ સળગાવી આપો. અને તે રાક્ષસનું સ્થાનક બતાવવા ચાલો.

શ્રીહરિનું વચન સાંભળી બ્રાહ્મણે મશાલ સળગાવી આપી. એટલે તે લઈ શ્રીહરિને તે રાક્ષસનું સ્થાનક બતાવવા બ્રાહ્મણ આગળ ચાલ્યો. તેની પાછળ શ્રીહરિ ચાલ્યા. બ્રાહ્મણ-પત્ની પણ સાથે ચાલી. બધા દરવાજે આવ્યા. રાજાના દૂતોએ દરવાજો ઉઘાડ્યો અને છેટેથી રાક્ષસનું સ્થાનક બતાવ્યું. એટલે શ્રીહરિ દરવાજાની બહાર નીકળ્યા. પછી દરવાજો બંધ કર્યો. શ્રીહરિ આગળ જઈ રાક્ષસના સ્થાનકમાં અગ્નિ સળગતો રાખી શાંતિથી રાક્ષસની રાહ જોતા બેઠા. રાજાના માણસો દરવાજાનાં છિદ્રોમાંથી (કાણામાંથી) શું બને છે તે દશ્ય જોઈ રહ્યા. રાત્રીના ચાર પ્રહર વિત્યા ત્યાં ભયંકર રાક્ષસ આવ્યો અને શબ્દ કરવા લાગ્યો. તે સાંભળી બ્રાહ્મણ તથા તેની પત્નીને બીક લાગવાથી ઘરે ચાલ્યા ગયા.

રાક્ષસે આવી એકદમ શ્રીહરિને પકડવા હાથ લંબાવ્યો. શ્રીહરિએ એકદમ ઊભા થઈને તેને ધોલ મારી. આથી ક્રોધાયમાન થયેલો રાક્ષસ શ્રીહરિને સામી ધોલ મારવા આવ્યો. પરંતુ શ્રીહરિ તુરંત જ ઠેકડો (કૂદકો) મારી દૂર ખસી ગયા. એટલે રાક્ષસ ભયંકર રાડ પાડી એકદમ શ્રીહરિને પકડવા આવ્યો. પણ શ્રીહરિએ ઝડપથી તેનો હાથ પકડી લીધો. પછી ખૂબ જોરથી આકાશમાં તેને ફેરવ્યો પછી પૃથ્વી ઉપર પછાડ્યો એટલે જેમ મોટો પહાડ પડે તેમ પૃથ્વી ઉપર પડ્યો. અને મોઢેથી રૂધિરની ઊલટીઓ (વમન) કરતો તે મરણ પામ્યો. અહો! તે રાક્ષસનાં

કેટલા મોટાં ભાગ્ય કે સાક્ષાત્ શ્રીહરિના હાથે તેનું મૃત્યુ થયું. એટલું જ નહિ પણ મરતી વખતે તેની દૃષ્ટિ શ્રીહરિ સામે હતી. તેથી દયાળુ શ્રીહરિએ તેને બદ્રિકાશ્રમમાં મોકલ્યો. આ બધુ દૃશ્ય રાજાના માણસો દરવાજેથી છૂપી રીતે જોતા હતા.

શ્રીહરિએ રાક્ષસને માર્યો એટલે આકાશમાંથી દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી. જય જયકાર કરી શ્રીહરિની ખૂબ પ્રાર્થના કરી કહ્યું કે આપે આ મહાપાપી રાક્ષસને માર્યો તે સારું કર્યું. તે ભૂમિના ભારરૂપ હતો. પછી અંતર્યામી શ્રીહરિએ વિચાર્યું કે સવાર થવા આવ્યું છે એ લોકોને આ વાતની જાણ થશે એટલે આવીને મારું પૂજન કરશે, અને મને રોકવા આગ્રહ કરશે. તેથી મારા આગળના કાર્યમાં વિલંબ થશે, તેમ વિચારી તુરંત જ ત્યાંથી ચાલી નીકળ્યા.

સવાર થતાં રાજાના માણસોએ રાજા પાસે જઈ રાક્ષસના મર્યાની વાત કરી ત્યારે રાજાએ પૂછ્યું જે, રાક્ષસને કોણે માર્યો ? ત્યારે માણસોએ કહ્યું જે અમુક બ્રાહ્મણને ત્યાં એક બાળયોગી આવ્યા હતા. તેઓ તેને ત્યાં જમ્યા હતા અને તે બ્રાહ્મણનો આજે રાક્ષસને ત્યાં જવાનો વારો હતો. તેથી તેના બદલે તે બટુક બ્રહ્મચારી રાત્રે રાક્ષસ પાસે ગયા હતા. અને તે બ્રહ્મચારીએ જ રાત્રે રાક્ષસને મારી નાખ્યો છે. તે તમામ દૃશ્યો અમોએ અમારી નજરે જોયું છે. તે બધી વાત સાંભળી રાજા પોતાના માણસો સાથે દરવાજે ગયો અને છેટેથી જોયું તો મરેલા તે રાક્ષસનું ભયંકર રૂપ જોઈ બધા વિચાર કરવા લાગ્યા કે આ તે મરેલો છે કે જીવતો ? બીકથી તેની પાસે કોઈ જતું નથી. પછી વિચાર કરીને બંદૂકની ગોળીઓ મારી પણ તે રાક્ષસનું શબ હાલ્યું કે ચાલ્યું નહિ. એટલે બધાએ નિર્ણય કર્યો કે આ ચોક્કસ મરી ગયો છે.

પછી રાજાએ પોતાના લશ્કરના માણશોને કહ્યું જે તે બટુક બ્રહ્મચારીને ગમે ત્યાંથી શોધીને અહીં લાવો. માણસો ચારે દિશાઓમાં શોધવા નીકળ્યા. જ્યાં સુધી શ્રીહરિના ઉધ્વરેખાઓ સહિત સોળ ચિહ્નવાળા ચરણાર્વિંદના નિશાન જોયા ત્યાં સુધી આગળ ગયા પછી આગળ તે પગલાં ન મળ્યા (કારણ કે શ્રીહરિ ક્યારેક પૃથ્વી ઉપરથી થોડા અધ્ધર ચાલતા હતા તેથી પૃથ્વી ઉપર ચરણાંર્વિંદના નિશાન પડતાં નહિ) એટલે નિરાશ થઈ તે માણસો પાછા આવ્યા. અને રાજાને વાત કરી રાજાએ ઘણો પ્રસ્તાવો કર્યો અને બોલ્યો જે, આ રાક્ષસને મારનાર નિશ્ચિત શ્રીહરિ સાક્ષાત્ હોવા જોઈએ. તે સિવાય આને કોઈ મારી શકે જ નહિ. ધન્ય છે તે રાક્ષસને કે પ્રભુના હાથે અને પ્રભુની સન્મુખ જ તેનું મૃત્યુ થયું અને

હું દુર્ભાગી જેથી મને પ્રભુના દર્શન થયાં નહિ જેના પૂર્વનાં મોટાં પુણ્ય હોય તેને જ સાક્ષાત્ શ્રીહરિ દર્શન આપે છે. એમ પ્રસ્તાવો કરી રાજા તથા માણસો પોતપોતાના સ્થાનકે ગયા.

હવે આપણે શ્રીનીલકંઠ બ્રહ્મચારીની વાત જોઈએ. શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા. રસ્તામાં એક ગામ આવ્યું ત્યાં કૂવામાંથી પાણી કાઢી દેવને ધરાવીને પોતે જળપાન કર્યું. ત્યાં ગામની સ્ત્રીઓ પાણી ભરવા આવી. તેઓ શ્રીહરિનું અલૌકિક સ્વરૂપ જોઈ આશ્ચર્ય પામી. તમો કોના પુત્ર છો ? તમોએ ઘરનો તથા કુટુંબનો નાની ઉંમરમાં કેમ ત્યાગ કર્યો ? કયાં જવાનો વિચાર છે ? વગેરે ઘણી ઘણી બાબતો પૂછી પરંતુ જેમણે ત્યાગાશ્રમ સ્વીકાર્યો છે, અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખેલો છે. જેમને સ્ત્રીનો ગંધ પણ ગમતો નથી એવા નીલકંઠવર્ણી તે સ્ત્રીઓને કાંઈ પણ જવાબ આપ્યા વિના જ આગળ ચાલતા થયા. સ્ત્રીઓ મુગ્ધ બની શ્રીહરિની પાછળ પકડવા દોડી પણ પવનવેગથી ચાલતા શ્રીહરિને પહોંચી શકી નહિ. પછી જ્યાં સુધી શ્રીહરિ દેખાતા ત્યાં સુધી ઊભી રહી. પછી પાછી વળી પોતાને ઘરે ગઈ.

શ્રીહરિ તપસ્વીના વેશે વનમાં વિચરતા હોઈ ઉપરના પ્રસંગમાં પોતે સ્ત્રીઓ સાથે બોલતા નથી તે બરાબર છે. પરંતુ આગળ વર્ણવેલા બંસીપુરના પ્રકરણમાં રાણી તથા તેની બે કન્યાઓ સાથે બોલતા હતા તથા રાણીને માતા તુલ્ય તથા બે કન્યાઓને બહેનોતુલ્ય માની તેમની સાથે રહ્યા હતા. તથા બંસીપુર પછીના ચંદનપુર ગામમાં એક બ્રાહ્મણ સ્ત્રીના ભાવનાપૂર્વકના આમંત્રણને માન આપી તેના ઘરે જમવા પધાર્યા હતા. આથી કેટલાકને આશ્ચર્ય સાથે તર્ક-વિતર્ક થાય તે સ્વાભાવિક છે. પરંતુ ભગવાન જ્યારે આ પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ થાય છે. ત્યારે પોતે સંયોગાનુસારે અનેક પ્રકારનાં દિવ્ય તથા મનુષ્ય ચરિત્રો કરે છે. તેમાં દિવ્ય ચરિત્રોથી તો દરેકને ભગવાનપણાનો નિશ્ચય પાકો થાય પરંતુ ભગવાન મનુષ્ય ચરિત્ર કરે ત્યારે ભક્તોને મન તે કલ્યાણકારી મનાય છે. પણ અભક્તોને મનમાં આ ભગવાન હશે કે નહિ હોય ? ઈત્યાદિ શંકા-કુશંકાઓ થાય છે. તેમ છતાં ભગવાન ગમે તેવાં ચરિત્રો કરે અથવા કર્મ કરે તે સમગ્ર કલ્યાણકારી જ હોય છે. તે શાસ્ત્રોમાં પણ કહ્યું છે ઈત્યાદિ શાસ્ત્રવચનો પ્રમાણે ભગવાનનાં ચરિત્રોમાં તથા કર્મોમાં કોઈ પણ જાતી શંકા કરવાની હોય નહિ.

(૧) માટે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર વધેલા અધર્મનો તથા અસુરોનો નાશ કરી સદ્ધર્મનું સ્થાપન કરી ભક્તોનું રક્ષણ

કરવા તથા અનંત જીવોનું કલ્યાણ કરવા મનુષ્યરૂપે પ્રગટ થયા છે. (૨) પરંતુ અત્યારે તો શ્રીહરિ ત્યાગાશ્રમનો આશ્રય કરીને તપસ્વી વેશે અનેક જીવોના ઉદ્ધાર માટે વનમાં વિચરતા હોય ત્યાગાશ્રમને અનુરૂપ ત્યાગીનો મુખ્ય ધર્મ-અષ્ટ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ રાખવો વગેરે ધર્મોનું પાલન કરવું જોઈએ. તેથી બીજા ત્યાગાશ્રમીઓને અનુકરણ કરવા માટે પોતે સ્ત્રીઓ સાથે બોલતા નથી. અડતા નથી તેમના ગંધથી પણ દૂર રહે છે. તથા સ્ત્રીઓની બનાવેલ રસોઈ પણ જમતા નથી. તે બરાબર છે. (૩) પરંતુ ક્યારેક પોતાના પ્રેમી ભક્તોની સેવા સ્વીકારી તેમને રાજી કરવા તથા તેમનું રક્ષણ કરવા તથા અસુરોનો નાશ કરવા ક્યારેક સ્ત્રીઓ સાથે બોલે છે. તેની બનાવેલ રસોઈ જમે છે. એટલે ભગવાનને જેવું કાર્ય કરવું હોય તેવાં ચરિત્રો કરી તે પ્રમાણે પોતે વર્તન કરે તેમાં ભગવાનને કોઈ જાતનો બાધ લાગતો નથી. પોતે નિર્બાધ છે. તેમનું અનુકરણ અન્યથી થાય નહિ. માટે ભગવાન જે કરે તેમ ન કરવું પણ ભગવાન જેમ આજ્ઞા કરે તેમ કરવું એમાં શ્રીહરિ રાજી રહે છે.

બંસીપુરમાં પોતાના ભક્ત રાજા, રાણી અને બે કન્યાઓનું કલ્યાણ કરવા તે પ્રમાણે રહ્યા. આગળ જતાં રાક્ષસનો નાશ કરી પૃથ્વીનો ભાર ઉતારવા તથા પોતાના ભક્ત બ્રાહ્મણ કુટુંબનું તથા પ્રજાનું રક્ષણ કરવા માટે જ પ્રભુ તે બ્રાહ્મણ સ્ત્રીને ત્યાં જમવા પધાર્યા માટે પ્રભુના દરેક ચરિત્રો અને કર્મો હેતુપૂર્વકનાં દિવ્ય અને કલ્યાણકારી જ હોય છે. તેમાં જરા પણ શંકાને સ્થાન રહેતું નથી.

## ગોરખપુર

(ચમત્કાર જોઈને આશ્રિત થયેલા સંજય બારોટને વરદાન)

(૧) શ્રીહરિ ચંદનપુરથી ઘોરવનમાં ચાલ્યા ત્યાંથી ગોરખપુર આવ્યા. ગોરખપુર ગામની બહાર એક વાડીમાં ઉતર્યા. ત્યાં કૂવે સ્નાન કરીને લાલજી તથા શાલિગ્રામને નવરાવ્યા તે સમે ગામમાંથી વાડીનો માલિક સંજય આવ્યો. તે મહારાજને જોઈને મનમાં આશ્ચર્ય પામી ગયો. ને પૂછ્યું, તમારું શું નામ છે. એમ કહી પૂજાવિધિ પૂરી કરી આંબલીના વૃક્ષ તળે મૃગચર્મ પાથરીને બેઠા ત્યારે તે બારોટે પોતાને ઘેર જઈ પોતાની સ્ત્રીને વાત કરી. જે આપણા ખેતરમાં આંબલી તળે બહુ રૂપાળાને નાની અવસ્થાના એક બ્રહ્મચારી આવીને બેઠા છે. તેને આપણી કન્યા આપીએ. તે સાંભળીને તે બાઈ પોતાના પતિ સાથે મહારાજ પાસે આવીને પગે લાગીને બેય બેઠાં. પછી સ્તુતિ કરીને કહ્યું કે હે મહારાજ !

તમે અત્યારે ઘરે પધારો ને ત્યાં રસોઈ કરીને જમો. ત્યારે મહારાજ કહે અમે કોઈને ઘેર જાતા નથી. પછી તેઓએ ઘેર જઈને ઘઉંનો લોટ તથા ઘી લાવી આપ્યું તેની બાટીઓ કરીને ઠાકોરજીને નૈવેદ્ય ધરીને મહારાજ જમ્યા. પછી મહારાજે તેમનો ગૂઢ સંકલ્પ જાણીને કહ્યું. તમારે જે પૂછવું હોય તે આ લાલજીને પૂછો. ત્યારે તે સંજય બારોટ કહ્યું. શું કાંઈ લાલજી તે બોલતા હશે? ત્યારે મહારાજ કહે. સાચી સેવા કરી હશે તો બોલશે ને જો ન બોલે તો તેનો ત્યાગ કરી દઉ. ત્યારે તે સંજય લાલજીને પૂછવા લાગ્યો એટલે મહારાજની ઈચ્છાથી તે બાલમુકુંદ બોલ્યા જે. (૧) તમારો સંકલ્પ જમાડવાનો હતો તે પૂરો કર્યો ને (૨) બીજો જે સંકલ્પ છે. તેની તો આ બાળ બ્રહ્મચારી ને વાત કરશો નહિ. તેવા બાલમુકુંદના શબ્દ સાંભળીને બેય જણાં મહા વિસ્મયને પામતાં થકા પોતાની ભૂલની માફી માંગી અને મહારાજનાં આશ્રિત થયાં ને મહારાજના નામનું ભજન કરવા લાગ્યા. પછી ચાલતી વખતે મહારાજે તે બારોટને કહ્યું. તમારા ઘરમાં વરો ઘણો છે. માટે આ વખતે ખેતરમાં જાર ઘણી પાકશે. એમ વરદાન દઈને ત્યાંથી ચાલ્યા પછી તે બારોટને તે વખતે ખેતરમાં છસો મણ જાર થઈ તેથી તેનો વરો (લગ્નનો પ્રસંગ) નીકળતાં ઘણા દાણા વધ્યા.

ગોરખપુર (બ્રહ્માનંદ સ્વામીનો સંવાદ) (૨)

(પ્રભાતના સમયે) શ્રીહરિ ચંદનપુરથી ઘોરવનમાં ચાલ્યા એવા જે નીલકંઠ બ્રહ્મચારી તે ફરતા ફરતા એક ગામ (ગોરખપુર) આવ્યું. શ્રીહરિએ ત્યાં વિરામ કર્યો. ગામની બહાર એક વાડી હતી. તે વાડીમાં એક કૂવો હતો કૂવાની પાસે આંબલીનું ઝાડ હતું. તે આંબલીના છાંયે શ્રીહરિ બેઠા. તે વાડીનો માલિક સંજય બારોટ આવ્યો. તેણે પોતાનાં ખેતરમાં બટુક બ્રહ્મચારીને જોઈને મનમાં આશ્ચર્ય પામી ગયો. ને પૂછ્યું તમારું શું નામ છે ? ત્યારે મહારાજ કહે, અમારું નીલકંઠ બ્રહ્મચારી એવું નામ છે. સંજય બારોટને નીલકંઠ વર્ણીની મૂર્તિ જોઈ ખૂબ આકર્ષણ થયું અને મનમાં થયું કે આ બટુક બ્રહ્મચારી નાના છે પણ કોઈ મોટા યોગી જેવા જણાય છે. તેથી તેણે ખૂબ ભાવથી વર્ણીના દર્શન કર્યા. અને તેના મનમાં વિચાર આવ્યો કે મારી પત્નીને પણ આ બ્રહ્મચારીનાં દર્શન કરાવું. ઉતાવળો ઘરે આવ્યો અને પોતાની પત્નીને કહેવા લાગ્યા. આપણાં ખેતરમાં આંબલી નીચે સુંદર બટુક બ્રહ્મચારી આવ્યા છે. માટે દર્શન કરવા જેવા છે. તેમના દર્શન કરીને તે નીલકંઠ બ્રહ્મચારીને આપણે ઘેર થાળ જમવા બોલાવીએ તેમને આપણી કન્યા આપીએ આવો વિચારી કરીને બેઉ દંપતી પોતાના ખેતરમાં આવ્યા. તે વખતે વર્ણી પૂજા

કરતા હતા. તેથી બેઉ દંપતી પોતાના શીશ નમાવીને વર્ણીની સામે બેઠા. વર્ણીની તપોમય મૂર્તિ જોઈ બેઉ દંપતી વર્ણીની મૂર્તિને મોઈ રહ્યા. (મોહ પામ્યાં). વર્ણી જ્યારે પ્રભુ પૂજા કરી રહ્યા જ્યારે બેઉ દંપતીએ સ્તુતિ કરી અને બાળા જોગીને પોતાના ઘરે જમવા પધારો એવી પ્રાર્થના કરી અને તમારી ઈચ્છા પ્રમાણે અમારા ઘરે રહેજો. એમ કહ્યું ત્યારે વર્ણીએ કહ્યું કે અમે કોઈના ઘરે જતા નથી. પણ તમારે જમાડવાનો આગ્રહ છે. તો સીધું સામાન લાવી દો. અમે હાથે રસોઈને પ્રભુને જમાડીને અમે જમીશું. વર્ણીનું વચન સાંભળીને બેઉ જણના આંખોમાં પાણી આવ્યા અને હૈયામાં ખૂબ આનંદ થયો. પછી બેઉ દંપતીએ પોતાના ઘરે આવીને ઘઉંનો લોટ અને ઘી લાવીને વર્ણીને આપ્યું. વર્ણીએ બાટી બનાવીને ઠાકોરજીને થાળ ધર્યો. પછી પોતે જમવા બેઠા. દયાળુ જમવાની ચતુરાઈ જોઈ બેઉ દંપતી મોહી રહ્યાં છે. બેઉ દંપતી પોતાના હૃદયમાં ઘાટ ઘડે છે કે આવો જોગ ફરીને ન મળે. માટે વર્ણીને રાજી કરીને રાખીયે અને પોતાની કુંવારી કન્યાને જોઈને વર્ણીને મોહ ઉપજે (પ્રેમ). અને લાડે કોડે પોતાની પુત્રીને વર્ણી સાથે પરણાવીએ. એવો બેઉ દંપતીએ મનમાં વિચાર કર્યો. પણ વર્ણી આ વાતને માને તો એવું મનમાં વિચારતા હતા. બેઉ જણાં આનંદમાં હતા.

જો અમારા શાલિગ્રામ તમારા સંકલ્પના ઉત્તર આપે નહિ તો હું તેમનો ત્યાગ કરી દઉ પછી કોઈ દિવસ પુજું નહિ. એવું વર્ણીનું વચન સાંભળીને બેઉ દંપતીના દિલમાંય ઘણો આનંદ થયો. પછી શાલીગ્રામને પ્રણામ કરીને પૂછ્યું. બેઉ દંપતીની વાત સાંભળીને શાલિગ્રામ બોલ્યા તમે પૂર્વના છો સંસ્કારી એટલે વણ તેડ્યા આવ્યા બ્રહ્મચારી. (૧) જમાડવાની જે હામ (આનંદ) હતી તે વર્ણી પૂરી છે. પણ (૨) પુત્રીને પરણાવા માટે ન ઘડો મલિન ઘાટ સુણી શાલિગ્રામની વાત પછી બેઉ દંપતિએ હાથ જોડીને ક્ષમા માંગી. અમે ભૂલ્યા પડ્યા ભગવન, અમો અતિ અદ્ધમ જાતિના છીએ. તેવી વિનંતી (પ્રાર્થના) કરવા લાગ્યા અને આંખ્યેથી આંસુની ધારા વહેવા લાગી.

પછી વર્ણીએ બેઉ દંપતીનો શુદ્ધ ભાવ જાણીને તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા. અને પોતાના આશ્રિત કર્યા અને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને દેહાભિમાન ટળાવ્યું. પછી વર્ણીએ વણમાગે વરદાન આપ્યું. તમારા ઘરે વરો (પ્રસંગ) આવવાનો છે તો આ ખેતરમાં ધાન ખૂબ પાકશે. અને ઘણા સુખિયા રહેશો અને સત્સંગમાં અવતાર લેશો એમ વર્ણીએ રાજી થઈને કહ્યું પછી બેઉ દંપતિએ વર્ણીના ચરણોમાં શીશ નમાવ્યું. પછી વર્ણી ત્યાંથી આગળ ચાલ્યા. બેઉ

દંપતી વર્ણીને રોકવા ખૂબ આગ્રહ કર્યો પણ વર્ણી માન્યા નહિ તેથી બેઉ દંપતી ખૂબ ઉદાસ થયા અને બેઉ દંપતી કહેવા લાગ્યા કે આવા નિર્મોહી બાળ બ્રહ્મચારી કદી જોયા ન હતા. એ વખતે વર્ણીના વરદાનથી સંજય બારોટના ખેતરમાં છસો મણ જાર થઈ હતી. તેથી તેના પ્રસંગનો ખર્ચો કાઢતાં ઘણી જાર વધી હતી. વર્ણી ગોરખપુરથી પાછા ચાલતાં ચાલતાં ઘોરવનમાં આવ્યા.

## ઘોરવનમાં તપસ્વીઓની દિવ્ય ગતિ

શ્રી નીલકંઠ વર્ણી ગોરખપુરથી ચાલતાં ચાલતાં ઘોરવનમાં આવ્યા. માર્ગ ઘણો વિકટ હતો. રસ્તામાં ગાઢ જંગલ આવતાં હતાં. તે જંગલમાં દિવસે પણ અંધારું લાગે એટલી ગીચ ઝાડીઓ વાઘ, સિંહ, ચિત્તા, વરુ, શિયાળ, ઝરખ, હાથી વગેરે જંગલી પ્રાણીઓએ જંગલમાં વસતાં પ્રાણીઓની ત્રાડથી જ ધ્રુજી જવાય તેવું બિહામણું જંગલ હતું. નીલકંઠ આ ઘોર જંગલમાંથી ચાલ્યા.

ચાલતાં ચાલતાં નીલકંઠ એક વડના ઝાડ પાસે આવ્યા. વડના ઝાડ નીચે તેમણે કેટલાક તપસ્વીઓને જોયા. નીલકંઠ તેમની પાસે ગયા અને પૂછ્યું : હે તપસ્વી સંતો ! તમે અહીં શું કરવા આવ્યા છો ? અહીંથી ક્યાં જવાના છો ?

નીલકંઠના પ્રશ્ન સાંભળી તપસ્વીઓ બોલ્યા, વર્ણીરાજ ! અમે હિમાલયમાં તપ કરવા જઈ રહ્યા છીએ. અમારી ઇચ્છા તપ કરીને ભગવાન નારાયણને પ્રસન્ન કરવાની છે. મોક્ષ પ્રાપ્ત કરવા ઉત્તરમાં હિમાલયમાં જઈને કઠોર તપ કરીશું.

આટલો ઉત્તર આપીને તપસ્વીઓએ નીલકંઠને પૂછ્યું, વર્ણીરાજ ! તમે અહીં વિકટ વનમાં એકલા શા માટે આવ્યા છો ? અમે આટલા બધા ભેગા છીએ તો પણ રાતે અમને જંગલી પશુઓની બહુ બીક લાગે છે. તો તમે કેવી રીતે નિર્ભય થઈને ફરો છો ? આપ કોણ છો ? તમને વાઘ, વરુ, શેર, વગેરે જંગલી પ્રાણીઓની બીક નથી લાગતી ? એકલા કોપીન પહેરીને ફરો છો, તેથી રાતે ઠંડી નથી લાગતી ?

તપસ્વીઓના આ પ્રશ્નો સાંભળી નીલકંઠે ઉત્તર આપ્યો (૧) અમો તો આત્મા છીએ. (૨) દેહથી, કુટુંબ-કબીલાથી જુદા (ન્યારા) છીએ; (૩) કામ, ક્રોધ, લોભ વગેરે દોષોથી રહિત છીએ. (૪) સત્, ચિત્, આનંદ એવું જે અક્ષર તેથી પર છીએ. (૫) ત્રણ અવસ્થા, ત્રણ દેહ અને ત્રણ ગુણ (સત્વ, રજ, તમ) પર છીએ. (૬) અમે તો સર્વોપરી દિવ્ય સ્વરૂપ મૂર્તિ છીએ. અમે પણ હિમાલય તરફ જીવોના કલ્યાણ કરવા જઈ રહ્યા છીએ. પરંતુ તમે સૌ તપસ્વીઓ પ્રગટ

ભગવાન વગર મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરશો? તપ કરીને ગળાઈ (ઓગળી) જશો તો પણ પ્રગટ પ્રભુને ઓળખ્યા વગર તમારો મોક્ષ કેવી રીતે થશે?

આ સાંભળી તપસ્વીઓ બહુ જ ચકિત થઈ ગયા. તેમણે પૂછ્યું હે વર્ણીરાજ ! પ્રગટ પ્રભુ ક્યાં મળશે ? ક્યારે મળશે ? મોક્ષ કેવી રીતે થશે ?

આ સાંભળી નીલકંઠે કહ્યું. તમારો સાચો ભાવ હશે તો તમને પ્રગટ પ્રભુ અહીં જ મળશે. તેમને ઓળખી લેજો. તમારો મોક્ષ તત્કાળ થઈ જશે. તપસ્વીઓ તો નીલકંઠની વાણી સાંભળી આનંદિત થઈ ગયા. તેમને તો નીલકંઠ જ નારાયણ ભગવાન જેવા લાગ્યા. તપસ્વીઓ નીલકંઠને લઈને આગળ ચાલ્યા. તેઓ નીલકંઠની વાતો સાંભળતા, નીલકંઠની સેવા કરતા. નીલકંઠ તેમની સેવા અને શ્રદ્ધાથી પ્રસન્ન થઈ ગયા. તેમણે તપસ્વીઓને ચતુર્ભુજ નારાયણ ભગવાન રૂપે દર્શન દીધાં. સૌ તપસ્વીઓ આનંદથી પુલકિત થઈ ગયા.

તેવામાં એક દિવસ ચાલતાં ચાલતાં રાત્રે સૌ તપસ્વીઓ સાથે નીલકંઠ વડના ઝાડ નીચે પહોંચ્યા. ચારે કોરથી વાઘ, સિંહની ત્રાડ સંભળાતી, તમરાનો અવાજ, સાપનો ફુન્કાર અને ઘુવડનો અવાજ સંભળાય, સૌ તપસ્વીઓ બીકના માર્યા વડના ઝાડ પર ઝોળી બાંધી તેમાં સૂઈ ગયા. નીલકંઠ તો વડથી વીસ ડગલાં દૂર જમીન પર કંઈ પણ પાથર્યા વગર સૂઈ ગયા.

એટલામાં અર્ધરાત્રિએ એક બિહામણું ઝરખ ત્યાં આવ્યું. જોરથી ચિત્કાર કરીને જમીન સૂંઘતું નીલકંઠની આસપાસ પ્રદક્ષિણા કરીને વડના ઝાડ નીચે આવીને બેઠું. તપસ્વીઓએ ઝાડ પર ઝોળીમાં સૂતાં સૂતાં આ બધું જોયું. ઝરખે ઝાડ નીચે બેસી ઊંચી બાંધેલી ઝોળી તરફ ટગર ટગર જોવાનું શરૂ કર્યું.

આ જોઈ તપસ્વીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા. સૌ એવા હેબતાઈ ગયા કે હાલ્યા ચાલ્યા વગર ઝોળીમાં પડ્યા પડ્યા નીલકંઠને ભગવાનરૂપે સંભારવા લાગ્યા.

સવાર થવા આવ્યું. ઝરખ ઊભું થયું. ફરી એકવાર વડના ઝાડ તરફ ઊંચું જોયું. પછી ઝરખે પેશાબ કરીને જોરથી બે વાર પૂંછડી પછાડીને ચાલી ગયું. તે પેશાબના છાંટા ઝાડ પર ટીંગાળી રહેલી ઝોળી પર પડ્યા. ઝોળી પર પડવાથી તેમાં રહેલા તપસ્વીઓ બળીને ખાખ થઈ ગયા. કારણ કે ઝરખનો પેશાબ એટલો બધો ઝેરી હતો. તે વખતે સૌ તપસ્વીઓની વૃત્તિ નીલકંઠમાં સ્થિર થઈ ગઈ તેથી નીલકંઠે તેમનો મોક્ષ કર્યો. આમ તપસ્વીઓનો ઉદ્ધાર કરી નીલકંઠ આગળ ચાલ્યા. આગળ ચાલતાં ચાલતાં લોઘેશ્વર ગામ આવ્યું.

## લોધેશ્વર

શ્રી નીલકંઠ બ્રહ્મચારી ત્યાંથી આગળ ચાલ્યા. ત્યાં રસ્તામાં લોધેશ્વર નામનું ગામ આવ્યું. ત્યાં ગામની પાસે લોધેશ્વર નામના મહાદેવનું મંદિર હતું. તેમાં જઈ મહાદેવજીનાં દર્શન કરી ત્યાં પાસે લોધેશ્વર નામના સરોવરમાં સ્નાન કર્યું. તેમાં બારે માસ અખંડ પાણી રહેતું હતું. શ્રીહરિએ તે સરોવરમાં સ્નાન કરી તે સરોવરના કિનારે અનેક વૃક્ષ હતાં અને તેને લીધે તે સરોવર ઘણું શોભતું હતું. ત્યાં એક સુંદર ધર્મશાળા હતી. શ્રીહરિએ તેમાં ઉતારો કર્યો ત્યાં ગામના માણસોને ખબર પડી કે કોઈ મોટા બાળયોગી આવ્યા છે. તેથી માણસો દર્શન કરવા આવ્યા. તેમને ઉપદેશ આપ્યો તેથી તેઓને મનમાં શાંતિ થઈ. તે લોકો સીધુ લાવ્યા. શ્રીહરિ તેની રસોઈ બનાવી દેવને થાળ ધરાવી જમ્યા. ને પ્રસાદી તે માણસોને આપી શ્રીહરિને ત્યાં રોકાવા લોકોએ ખૂબ વિનંતીપૂર્વક આગ્રહ કર્યો. પરંતુ તપ અને તીર્થોમાં ફરી અધર્મનો નાશ કરવાનો પોતાનો દૃઢ નિશ્ચય હતો તેથી ત્યાં રોકાવાની ના કહી. વર્ણીની આવી અલૌકિક રીત જોઈ તેથી લોધેશ્વર નામના લોકોએ તેમને પરમેશ્વર માન્યા. ખૂબ જ હેત ભાવથી પૂજા કરી અને સ્તુતિ કરી. શ્રીહરિએ તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. પછી ત્યાંથી આગળ જવા ચાલી નીકળ્યા. રસ્તામાં જેતપુર નામનું શહેર આવ્યું. ત્યાંથી આગળ ચાલતાં પેથપુર નામનું શહેર આવ્યું ત્યાં રાત રોકાયા.

## નૈમિષારણ્ય : (ખેરીલાપુર)

ત્યાંથી આગળ ચાલતાં ખેરીલાપુર આવ્યું. ત્યાં નૈમિષારણ્ય નામનું સરોવર છે તેમાં ઘણું ઊંડું અને અખંડ જળ વહેતું હતું. તેમાં સ્નાન કર્યું. તે સરોવરના કિનારા ઉપર ઘણા ઋષિમુનિઓ રહેતા હતા. તેમને ખબર પડી કે તુરત જ ઋષિમુનિઓએ શ્રીહરિનું સુંદર સન્માન કર્યું. તેમણે શ્રીહરિને ઈશ્વર માની ષોડ્શોપચારથી પૂજા કરી. આરતી કરી. પછી પ્રભુને ક્ષેમકુશળ સમાચાર પૂછ્યા. તમામ ઋષિમુનિઓ આંબાની સુંદર રસાળ કેરીઓ પાંચ પાંચ શ્રીહરિને ભેટ આપી. તેથી કેરીઓનો મોટો ઢગલો થયો. તેમાંથી ઠાકોરજીને ધરાવી, પછી પોતે જમ્યા. તે વખતે ખેરીલાપુરનો રાજા પણ ત્યાં આવ્યો હતો. તે રાજા શ્રીહરિની જમવાની રીત જોઈને આશ્ચર્ય પામ્યો. રાજાના મનમાં થયું કે આખા જગતભરમાં આવું જમી શકે નહિ. એવો નિશ્ચય કર્યો છે. રાજાના મનમાં એમ

થયું આ કોઈ સામાન્ય યોગી નથી તથા ઋષિમુનિઓના સંકલ્પને સિદ્ધ કરવા આ લીલાચરિત્ર કર્યું. તમામ ઋષિમુનિઓએ શ્રીહરિને કહ્યું જે, આપ અમોને આપની સાથે લઈ ચાલો. અમો આપની આજ્ઞાનું પાલન કરી આપની સેવા બરાબર કરીશું. આપ સાક્ષાત્ ઈશ્વર છો. અને અમારું કલ્યાણ કરવા માટે જ અમારા ઉપર કૃપા કરી અહીં પધાર્યા છો માટે અમારી આ વિનંતીનો સ્વીકાર કરો. પરંતુ શ્રીહરિ તો નિઃસંગ રહેવા માંગતા હતા. તેથી તમને સાથે આવવાની ના કહી. તેમને મોક્ષનો ઉપદેશ આપી પોતાની મૂર્તિનું અખંડ સ્મરણ, ધ્યાન, ભજન કરવાનું કહ્યું. તે વખતે તમામ ઋષિમુનિઓએ ફરીથી પૂજા કરવા માટે સોળ ઉપચારો લીધા અને સહુ પૂજા કરવા માટે આવ્યા. મનમાં અતિશય આનંદ લાવીને કેસર યુક્ત ચંદન શ્રીહરિની મૂર્તિઓને ચરચ્યું. ઘણા જ હેતથી શ્રીહરિને ફૂલોના બાજુબંધ અને હાર પહેરાવ્યા. મસ્તક ઉપર ફૂલોની ટોપી અને તોરા પણ પ્રેમથી ધરાવ્યા. ધૂપ અને દીપ પ્રકટાવ્યા પછી સહુએ આરતી કરી. નખથી શિખાપર્યંતની મૂર્તિ હૃદયમાં ધારી પછી સહુએ આરતી કરી. નખથી શિખાપર્યંતની મૂર્તિ હૃદયમાં ધારી લીધી. આપનો જય થાઓ, જય થાઓ, આપના અવતાર અનંત છે. પણ આ સમયે તો આપે સર્વોપરિપણું ધારણ કર્યું છે.

હજારો વર્ષ પહેલા સૂતજી એ શૌનકાદિક ઋષિઓને નૈમિષારણ્યમાં જે ભાગવત સંભળાવ્યું હતું અને બીજી પુરાણોની કથા કહી હતી તે તીર્થરૂપ સ્થાનનાં દર્શન કરી નીલકંઠ ઉત્તર તરફ ચાલ્યા.

## સેજહાપુર (શાહજહાંપુર)

સેજહાપુર (શાહજહાંપુર) નૈમિષારણ્યથી શ્રીહરિ આગળ ચાલ્યા. રસ્તામાં સેજહાપુર (શાહજહાંપુર) નામનું શહેર આવ્યું. શહેરથી વાયવ્ય દિશામાં (પશ્ચિમ બાજુ) નજીકમાં મોટી નદી છે. તેમાં નીલકંઠ વર્ણીએ સ્નાન કર્યું. પછી કિનારા ઉપર એક આંબાના વૃક્ષ નીચે શ્રીહરિ આસન કરી બિરાજ્યા. ત્યાં શહેરમાં ખબર પડી કે કોઈ મોટા બાળયોગી આવ્યા છે. તેથી શહેરના હજારો માણસો ત્યાં આવ્યા અને શ્રીહરિનાં દર્શન કરી પાસે બેઠાં. શ્રીહરિએ બધાને તેમના આત્મકલ્યાણનો ઉપદેશ આપ્યો. તે સાંભળી બધા ખૂબ આનંદ પામ્યા. પછી તે લોક સીધું લાવ્યા તેની શ્રીહરિએ પોતે રસોઈ બનાવી. દેવને નૈવેધ ધરી પોતે જમ્યા અને પ્રસાદી તે બધાને આપી. બધા પ્રસાદ જમ્યા એટલે બધના મન નિર્મળ બન્યાં. તે માણસોએ શ્રીહરિને ત્યાં રોકાવા માટે ખૂબ પ્રેમથી આગ્રહભરી

વિનંતી કરી. શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું જે, ‘‘અત્યારે ચાતુર્માસ ચાલે છે. આ સમયમાં જ મને બદરીનાથ-શ્રી નરનારાયણ ભગવાનનાં દર્શન થઈ જાય. આવો મેં મનમાં વિચાર કર્યો છે. એટલે તે દર્શન કરીને હું પાછો અહીં આવીશ. એટલે તેમનું મન મનાવવા માટે કહ્યું અને વિશ્વાસ માટે થાપણ તરીકે એક પુસ્તક સાચવવામાં આપ્યું.

## બરેલી : તથા નારદવન

શ્રીહરિ સેહજાપુરથી ચાલ્યા. નદીના પુલથી ઊતર્યા. બરેલી શહેરમાં આવ્યા. ત્યાંથી દક્ષિણ તરફ પણ નદી વહેતી હતી. પુલથી તે નદીને પાર ઊતર્યા. તેને મનોહર ઉત્તર કાંઠે મોટા મોટા વૃક્ષોની ઘાટી છાયા હતી. ત્યાં સુંદર ફુલોનો બાગ હતો. બાગ વચ્ચે એક સુંદર બંગલો હતો. તેમાં પૂછીને ઊતર્યાં. બંગલો નદીને કાંઠે હતો. ઝરૂખાઓથી ઘણો સુશોભિત દેખાતો હતો. તેમાં વર્ણીએ ઉતારો કર્યો. પણ ત્યાં ચારેબાજુનું વાતાવરણ અને શોભા જોઈને ખૂબ જ ખુશ થયા. બંગલાના નદી તરફના ભાગમાં એક ગોખ (ગોખલો) હતો. વર્ણી ત્યાં ગયા અને ગોખમાં બેઠા. તે વખતે વરસાદ વરસતો હતો. તેથી નદીમાં પૂર જોઈ શ્રીહરિ ખૂબ આનંદ પામ્યા. શ્રીહરિ ઝરૂખામાં બેસી સુમધુર ઊંચા સ્વરે તુલસીદાસજીનાં પદો ગાવા લાગ્યા. શ્રીહરિનો મધુર સ્વર સાંભળી લોકો ત્યાં આવ્યા. ગાન કરતાં વચ્ચે નાચ પણ કરતા હતા. સરજૂ ગંગાને કિનારે સુંદર શ્યામ કુંવર ઊભો છે. આવું ગીત સાંભળીને પુરનો લોકો દોડીને આવ્યા. મન ભાવતી ભવ્ય મૂર્તિના દર્શન કર્યાં.

વર્ણીએ તે સહુને ઘણા જ પ્રેમથી પોતાની પાસે બેસાડ્યા. તે લોકોને બુદ્ધિમાન સમજીને સુખદાયક વર્ણીએ પ્રશ્ન પૂછ્યો. (૧) આ જગતમાં અનંત બાબતો રહી છે. અને તેના સુખ અલગ અલગ રહ્યા છે. સ્વર્ગનું ઇંદ્રાસન મળે તો પણ તે બધું સુખ એક વ્યક્તિને મળી શકે તેમ નથી. (૨) તેથી જ માણસને તે બાબતનું અપાર દુઃખ રહ્યા કરે છે. તેનાથી તે ક્યારેય શાંતિ મેળવી શકતો નથી. તીર્થ અને વ્રત ઇત્યાદિ પુણ્યરૂપ સાધન કરવાથી પણ વિશેષ શું ફાયદો કે જ્યાં સુધી જન્મ-મરણરૂપ સંસારનો ફેરો ટળતો નથી. (૩) વેદો અને પુરાણોને બધાને વાંચવા-ભણવાથી પણ શું જ્ઞાન મળવાનું ? સત્પુરુષને ઓળખ્યા વિના અજ્ઞાન ટળવાનું નથી. (૪) તમે બધા સત્પુરુષનો સમાગમ કંઈ રીતે કરો છો ? હું તમને હેત ભાવથી પૂછું છું તો તે બાબત તમે કહી બતાવો.

વર્ણીની વાત સાંભળીને પુરવાસી લોકો બોલ્યા, આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. આપ અમને સમજાવશો તો અમને ખબર પડશે. (૫) જીવને સુખ કે દુઃખ જે થાય છે. તે બાબતમાં અમને કોઈ વિશેષ જ્ઞાન નથી. હાં, અમને એટલી ખબર છે કે કોઈ વાત આપણા પોતાના હાથમાં નથી. (૬) જ્યારે સુખ મળે ત્યારે સુખ ભોગવવું અને જ્યારે દુઃખ આવી પડે ત્યારે દુઃખને સહન કરવું. ધર્મનું ફળ સુખ અને પાપનું ફળ દુઃખ છે. (૭) ત્યારે વર્ણીએ કહ્યું. સુખ મેળવવું અને દુઃખ ટાળવું. તે આપણા હાથની જ વાત છે. અને તેટલા માટે જ સહુએ ધર્મમાર્ગમાં ચાલવું જોઈએ. જે ધર્મમાર્ગમાં ચાલે છે. તે જ સત્પુરુષ કહેવાય છે. તેવા સત્પુરુષની જ્યારે ઓળખાણ (જ્ઞાન) થાય છે ત્યારે તે આપણા અજ્ઞાનને ટાળે છે અને જ્યારે અજ્ઞાન ટળે છે ત્યારે જીવ શુદ્ધ થાય છે. જ્યારે જીવ શુદ્ધ થાય છે. ત્યારે તેમાં વિશેષ શુદ્ધિ - કલ્યાણની પાત્રતા આવે છે.

(૮) જીવને કુસંગ કરવામાં જેટલી રુચિ હોય તેટલો તે અશુદ્ધ છે. એમ જાણવું અને આ બાબત સત્પુરુષ આપણને સમજાવે છે. (૯) જીવને સત્સંગ કરવામાં જેટલો નિશ્ચય હોય છે. તેટલો જીવ તે સત્પુરુષનો યોગ રાખે છે. પ્રકટ ભગવાનનો જેટલો નિશ્ચય હોય છે. તેટલો જીવ શુદ્ધ થાય છે. (૧૦) સત્પુરુષ જેને સમજાવે છે. તે નિશ્ચય તેટલો શુદ્ધ થાય છે તે સત્પુરુષો પોતાના સત્પુરુષપણાનું જ્ઞાન પણ તેને કરાવે છે. (૧૧) તે ઉપદેષ્ટા સત્પુરુષ જો ભગવાન સિવાયની બીજી કોઈ વાત કહે તો તેને કાન ઉપર ધારવી નહિ. કારણ કે ભગવાન વિનાનું બધું હાનિકારક છે. (૧૨) ભગવાનના ચરિત્ર અમૃતના સમાન છે. તેમાં હમેશાં પ્રેમ રાખવો. વર્ણીની આવી વાત સાંભળીને બધા પુરવાસી લોકો તત્કાળ તેમને શરણે ગયા. તે લોકો શુદ્ધ ભાવનાથી અપાર મેવા-મીઠાઈ લાવ્યા પછી લોકો સીધુ લાવ્યા. તથા ફળો લાવ્યા તથા પાકી કેરી લાવ્યા હતા. શ્રીહરિને સાત્વિક વસ્તુનો આહાર વધારે પ્રિય હોવાથી પોતે ફળોનો ઉપયોગ આહારમાં વધારે કરતા. તેથી ફળો સુધારી દેવને ધરાવી પોતે જમ્યા. પછી લોકોને આગ્રહથી પોતે રસોઈ બનાવી જમ્યા અને પ્રસાદી માણસોને આપી.

શ્રીહરિ જમી રહ્યા પછી કોઈ વસ્તુને રાખી મૂકતા નહિ. સંઘરો કરતા નહિ. અને તે તેમની કાયમની વૃત્તિ હતી એટલે તેને અનુસરતા કોઈ પણ અભ્યાગત - અતિથિ જો આવે તો તેને તુરંત હેતથી તે વસ્તુ આપી દેતા. શ્રીહરિ પોતે ત્યાંથી આગળ ચાલ્યા. રસ્તામાં એક શહેર આવ્યું. ત્યાંથી આગળ ચાલતાં નારદવન આવ્યુ.

**નારદવન :** શ્રીહરિ બરેલીથી ચાલતાં ચાલતાં એક મહાવન આવ્યું. તેની શોભા બતાવવી અશક્ય હતી. અનેક પ્રકારના વૃક્ષો ઘણા ઊંચા આકાશ સુધી પરસ્પર અડેલા દેખાતા હતા. તેના ઉપર જાત જાતના અપાર ફળ આવ્યા હતા. તેમાં કેટલાક સિદ્ધો તપ કરતા હતા. આ વનમાં નાદરજીએ બચપણમાં જ્યાં તપ કર્યું હતું. તેને દેખીને શ્રીહરિ ખૂબ જ ખુશ થયા. તેમાં વિવિધ પ્રકારના પહાડો અનેક જાતના ફુલોથી અને ફળોથી શોભતા હતા અને જાત જાતના પંખીઓ વિવિધ પ્રકારનો અવાજ કરી રહ્યા હતા. અનેક જાત જાતના પશુઓ પણ તે વનમાં વસતા હતા. કોઈ પણ જાતના પશુઓમાં પરસ્પર વૈરભાવ ન હતો. બધા જ એક સાથે વિચરણ કરતા હતા. જે જે મુનિઓ ધ્યાન કરવા બેઠા હોય તેની પાસે તે તે પશુઓ બેસતા. તે પશુઓનું વર્તન મુનિઓના જેવું હતું. મોટા મોટા સિંહ, વાઘ પણ જે સ્થળોમાં મોટા મોટા મુનિવરો ધ્યાનમાં બેઠા હોય ત્યાં આવીને બેસતાં. તે આશ્રમનો પ્રતાપ જ એવો હતો કે કોઈ ને કોઈ પ્રાણી સંતાપતા (નુકસાન) નહિ પીડતા નહિ એટલે એ વનને નારદ વન કહેવાતું હતું.

તે વનમાં તે સિદ્ધો રહેતા હતા. તે તો શ્રીહરિને દેખતા જ દોડીને ચરણોમાં પડ્યા. તેમના મનમાં ઘણો જ આનંદોત્સવ થયો. શ્રીહરિ તે સિદ્ધોની પાસે બેઠા. તેમના દર્શન કરીને તેઓ આનંદોત્સવ પામ્યા ત્યાં પર્વતોમાં અપાર ગુફાઓ હતી. તેમાં બેસીને મુનિઓ ધ્યાન કરતા હતા. શ્રીહરિ તે વનમાં દસ દિવસ રોકાયા હતા. તમામ સિદ્ધો મુનિઓએ શ્રીહરિને ભગવાન માની પૂજા કરી ફળો જમાડ્યા. શ્રીહરિએ તેમને મોક્ષનું તથા પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. શ્રીહરિ ત્યાં દસ દિવસ રોકાયા અને તેમના મનોરથો પૂર્ણ કરી ત્યાંથી ચાલ્યા. તે બહાદુરપુર આવ્યાં. ત્યાંના માણસોને ધર્મનો ઉપદેશ આપ્યો. લોકો સીધું લાવ્યા. પોતે રસોઈ બનાવીને દેવને થાળ ધરાવીને જમ્યા. પ્રસાદી માણસોને આપી. ત્યાં એક દિવસ રોકાઈ પુરવાસીઓને દર્શન દીધાં. આગળ જતાં ગંગા નદીના કિનારે આવ્યા.

**ગંગા નદીનો કિનારો :** શ્રીહરિ ગંગા નદીના કિનારે આવ્યા. ગંગાજીમાં શ્રીહરિએ પ્રેમથી સ્નાન કર્યું. ત્યાં મૂર્તિમાન ગંગાજી શ્રીહરિનાં દર્શન તથા સેવાનો લાભ લેવા શ્રીહરિ પાસે આવ્યા અને શ્રીહરિની પૂજા કરી, આરતી ઉતારી, પ્રદક્ષિણા કરી. હાથ જોડી પ્રાર્થના કરી કે હે પ્રભો ! આપના વિયોગનું ઘણા કાળનું મારું દુઃખ આજે આપે દર્શન આપી દૂર કર્યું અને હવે ફરી આપનો વિયોગ ન થાય તેવી મારા ઉપર કૃપા કરજો. પછી ગંગાજીએ પોતાના હાથે

સુંદર રસોઈ બનાવી શ્રીહરિને જમાડ્યા. પોતાના ઉપર શ્રીહરિને ઘણું હેત છે. તે દેખીને ગંગા શ્રીહરિની પાસે આવી વિનંતી કરી, 'હે હરે ! મને આપના ચરણોમાં નિરંતર વાસ આપજો. હું આપના ચરણકમળથી ઉત્પન્ન થઈ છું મને શિવજીએ પોતાના મસ્તકે રાખી છે. તે પછી ભગીરથ રાજા મને ભાગીરથીના રૂપમાં લઈ ગયા. આમ ધીરે ધીરે ઘણા યુગો વીતી ગયા. મેરુ પર્વતના ઉપર મારી ધારાઓ આપની ઈચ્છાથી ચાલી. આપે વામન અવતાર લીધો પછી બલિનો ઉદ્ધાર કરવા તેની પાસે ગયા. તે સમયે મને આપે પ્રકટ કરી. તે આપના ચરણોની સેવા કરવાની મારા મનમાં અભિલાષા છે. આપ તો દેવોના પણ દેવ છો. મને આપના ચરણોની સમીપે રાખો. આમ બે હાથ જોડીને ગંગાએ ઘણી જ પ્રાર્થના કરી. વિવિધ પ્રકારના પૂજાપો લાવ્યા. ફૂલો અને ફળોનો તો કોઈ પાર ન હતો. હૃદયમાં ઉત્સાહ ભર્યો હતો. શ્રીહરિના અંગો ઉપર કેસર ચંદનની ચર્ચા કરી. સુંદર ફૂલોનું સિંહાસન લાવીને તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. શ્રીહરિના ચરણકમળને પોતાના મસ્તક ઉપર ધાર્યા. વારંવાર વંદન કર્યાં. ભાવાકુળતાને લીધે આંખમાંથી આંસુઓની ધારા ચાલી આવી. સ્તુતિ-પ્રાર્થના કરી પછી શ્રીહરિ એક રાત્રી રોકાઈને બીજા દિવસે હરિદ્વાર નામના તીર્થક્ષેત્રમાં આવ્યા.

## હરિદ્વાર

બીજે દિવસે શ્રીહરિ ગંગા કિનારેથી ચાલ્યા. પુલના રૂપમાં વહાણ રાખેલા હતા. તે વહાણના પુલ ઉપર ચાલીને તુરંત ગંગા પાર ગયા. કોઈ સાથે ન હતું. શ્રીહરિ હરદ્વાર નામના તીર્થક્ષેત્રમાં આવ્યા. ત્યાં હરદ્વારથી ઉત્તર તરફ ગંગાજી વહે છે. તેથી આગળ એક મોટો પહાડ છે તેના ઉપર ચઢીને આવ્યા. હરદ્વારથી ઉત્તર તરફ ગંગા અગાધ જળથી વહે છે. ત્યાં પાકો બાંધેલો ગંગાજીનો ઘાટ છે. નજીકમાં મહાદેવજીનું શિખરબદ્ધ મંદિર પૂર્વે મુખે છે. શ્રીહરિએ ત્યાં જઈ ગંગાજીમાં સ્નાન કર્યું ત્યાં શિવજીનાં દર્શન કરીને પછી કિનારા ઉપર એક વૃક્ષ નીચે બેઠા. આ સ્થળે કુંભનો મોટો મેળો દર બાર વર્ષે ભરાય છે. અને દર છ વર્ષે અર્ધકુંભી ભરાય છે. તેમાં દરેક સંપ્રદાયના સંતો તથા ગૃહસ્થો લાખોની સંખ્યામાં એકત્રિત થાય છે.

શ્રીહરિ જ્યારે હરદ્વાર પધાર્યા ત્યારે ઉપરોક્ત નિયમ પ્રમાણે કુંભનો મેળો ભરાયો હતો. તેમાં જે દિવસે સ્નાન કરવાનું માહાત્મ્ય હોય છે તે દિવસે સંતો તથા ગૃહસ્થોનું મોટું સરઘસ નીકળે છે. તેમાં કેટલાક હથિયારધારીઓ પણ હોય

છે. પ્રથમ ગંગાજીમાં સ્નાન કરવા માટે તકરાર (ઝઘડા) થાય છે. તેમાં હજારો માણસો મરે છે. (હાલમાં તો બધા મળીને પ્રથમથી જ પ્રથમ સ્નાન કોણ કરે તેની ગોઠવણ કરે છે. એટલે તકરાર થતી નથી.) શ્રી નીલકંઠ વર્ણી ત્યાં બેઠા તે સમયે આ પ્રમાણે પ્રથમ સ્નાન માટે તકરાર થઈ અને તેમાં કેટલાક માણસો મરી ગયા. તે જોઈ દયાળુ પ્રભુને દયા આવી હતી. મનમાં ખૂબ દુઃખ થયું. જો કે રાજ્ય તરફથી સંરક્ષણની વ્યવસ્થા કરવામાં આવતી હતી છતાં આ પ્રમાણે થતું શ્રીહરિ આ બધું દૃશ્ય જોતા હતા.

ત્યાં શિવજી બ્રાહ્મણનું રૂપ ધારી શ્રીહરિની પાસે આવી નમસ્કાર કરી પ્રભુનો હાથ પકડી પોતાની જગ્યામાં લઈ ગયા. ત્યાં શિવજીનું બિલકેશ્વર મહાદેવનું મંદિર હતું તેમાં શ્રીહરિને સુંદર ઉતારો આપ્યો. પછી તેમણે શ્રીહરિનું નામ પૂછ્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું જે મારું નામ નીલકંઠ બ્રહ્મચારી છે. તીર્થ કરવા નીકળ્યો છું ત્યારે તે બ્રાહ્મણે કહ્યું જે, તમો તો સાક્ષાત ઈશ્વર છો. અને મને દર્શન દેવા માટે જ અહીં પધાર્યા છો. હું બ્રહ્મપુત્ર છું અને મારા હાથે રસોઈ બનાવીને આપને જમાડવાની મારી ઈચ્છા છે. (ગોલોક ધામના અધિપતિ શ્રીકૃષ્ણ દ્વારકાપુરીમાં રહ્યા છે. શ્રીકૃષ્ણ અને નરનારાયણ બન્ને એક સ્વરૂપ છે. તેમની મૂર્તિ મનોહર છે. તે નરનારાયણ દેવના દર્શન કરવાની મારા મનમાં ઈચ્છા રહી છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતધારી તે નરનારાયણ દેવ ઉપર મને બહુ પ્રેમ છે. તેમના જેવા ગુણોને હું ચાહું છું તે સિવાય બીજું બધું મને તુચ્છ લાગે છે. ત્યારે તે વિપ્રે કહ્યું આપ કોઈ સામાન્ય જીવ નથી પણ સાક્ષાત્ પરમેશ્વર છો. અહીંયા તો આપ મને દર્શન, દેવા પધાર્યા છો. હું બ્રહ્મપુત્ર છું. આપને મેં ક્યારેય જમાડ્યા નથી. તો હું રસોઈ બનાવું છું તો આપ પ્રેમથી તે જમો.)

તે વિપ્રનો અતિ આગ્રહ જોઈ શ્રીહરિએ જમવાની હા પાડી એટલે તેમણે રસોઈ બનાવવાં માંડી. એટલામાં સતી પાર્વતીજી ત્યાં આવ્યાં, અને પૂછવા લાગ્યા કે તમોએ કોઈ દિવસ રસોઈ કરી નથી ને આજે શાથી કરવા લાગ્યા છો ? ત્યારે વિપ્ર બોલ્યા કે, આ વર્ણી મહાનૈષ્ઠિક વ્રતધારી છે. તેમને જમાડવા સારૂં રસોઈ બનાવું છું. ત્યારે સતી કહે કે, 'અનેક યુગ ગયા, તેમાં ઘણા નૈષ્ઠિકો આવ્યા. તે બધાય તમારી સેવા કરતા અને કરે છે. ત્રિભુવનમાં તમારાથી કોઈ પર નથી એમ હું માનું છું છતાં તમો આ વર્ણીની સેવા કરો છો, તેનો ભેદ મને સમજાવો.'' ત્યારે વિપ્ર બોલ્યા કે, ધ્યાનથી જુવો ! તો જણાશે સતીએ ધ્યાનમાં જોયું તો, પરાત્પર પરમાત્મારૂપે વર્ણીને જોઈને શિવજીથી અધિક જાણીને વર્ણીના

પગમાં પડ્યાં, ત્યારે વર્ણી કહે આ કાયા યોગી છે. તેમણે મોટાની સેવા નથી કરી તેથી આ વિપ્ર અમારી સેવા કરે છે સતી કહે આ વિપ્રને તમો જમો એવી રસોઈ બનાવતા નથી આવડતી માટે તમારી મરજી હોય તો હું બનાવું, ત્યારે વર્ણી કહે, તમે અને વિપ્ર સમજો અમારે તો જમવાનું કામ છે. જેવું બને તેવું જલદી લાવો. પછી સતીએ સરસ રોટલી બનાવી વિપ્ર સરસ કેસરની કેરીઓ લાવ્યા. શિવ-પાર્વતી વર્ણીને રસ-રોટલી જલ્દી બનાવીને વર્ણીને જમવા બેસાડ્યા. વર્ણીએ દેવને જમાડીને પોતે જમ્યાં. જમ્યા પછી વર્ણીએ સતીને પૂછ્યું કે તમો અને વિપ્ર કોણ છો તે અમોને સાચે સાચું કહો ?'' ત્યારે સતી કહે, તમો જાણો છો છતાં પૂછો છો તો કહું છું પણ પછીથી તમારી વાત કહ્યા વિના નહીં ચાલે.'' પછી સતી બોલ્યા કે, આ વિપ્ર છે. તે મહાદેવજી છે અને હું પાર્વતી છું. પૂર્વે અહીં આવીને તેમણે તપ કર્યું. તેથી આ જગ્યાનું નામ હરદ્વાર પડ્યું. હરિના દર્શન કરવાનો હરદ્વાર દરવાજો છે.

ત્યારે શ્રીહરિએ કહ્યું સતી, તમે મારી વાત સાંભળો, ‘‘તમે જે અહીંયા તપ કર્યું તે શા માટેનું હતું ? શા ફળ માટે કર્યું હતું ? અત્યારે હે દેવી ! તે વાત મને કહો. સતીએ કહ્યું હું તે વાતને જાણતી નથી. પણ વિપ્રને બોલાવીને પૂછીએ. તેટલામાં તો વિપ્ર રસોઈ બનાવીને લઈ આવ્યા. સતીને જોઈને મંદ મંદ હસ્યા. વર્ણીએ કહ્યું. મને તો ઘણી ભૂખ લાગી હતી. રસોઈ બનાવવામાં તમને ઘણી વાર લાગી. મારું પેટ વાયુથી ભરાઈ ગયું છે. હવે તેનો ઉપાય શો કરવો ? વિપ્રે કહ્યું તમે જમવા લાગશો એટલે વાયુ દૂર થઈ જશે પછી વર્ણીએ ઓડકાર ખાઈને વાયુને બહાર કાઢી નાખ્યો. વર્ણી તો ભક્તોના મનને રાજી કરનારા છે એટલે પછી જમવા લાગ્યા. ભોજન જમીને તે વિપ્રના મનને ઘણું રાજી કર્યું. વિપ્ર સોનાના થાળ ભરીને મોટી મોટી કેરીઓ લાવ્યા. અને વિવિધ પ્રકારના મેવાઓ લાવ્યા તે શ્રીહરિ જમ્યા અને વિપ્ર અને સતી તથા તેમના પરિવારને પ્રસાદી આપી. તે વિપ્રનો ઘણો મોટો પરિવાર હતો તે બધાને શ્રીહરિના દર્શન થાય એટલા માટે તેઓ પરિવારને સાથે લાવ્યા હતા.

વર્ણી તે જોઈને થોડું હસ્યા અને બોલ્યા. આ બધા તમારી સાથે કેમ આવ્યા છે. તમે તો ઘણા જ મોટા જણાઓ છો. તો તમે તમારી બધી વાત મને કહો. પછી વિપ્ર બોલ્યા, આપ બધું જ જાણો જ છો. આપને હું શું કહું ? આ બધા તો આપના સેવક છે. મારું નામ શંભુ છે. મારી સાથેનો બધો મારો પરિવાર છે. આપને પ્રસન્ન કરવા માટે અમે બધા અહીંયા રહીને તપ કરીએ છીએ. શ્રીહરિ

ખૂબ જ ભાવથી તે જમ્યા. વધેલો બધો પ્રસાદ તે વિપ્રરૂપ શંભુએ લઈ લીધો અને પોતાના કુટુંબમાં (પરિવારમાં) વહેચી આપ્યો. સમયને જાણવામાં કુશળ શંભુ ઘણા જ પ્રસન્ન થયા. શંભુએ પોતાના પરિવાર સાથે વાત કરતા કહ્યું જેને હું ચાહતો તે યોગ આજ આવી ગયો. ઘણા યુગોથી અહિંસા તપ કરીએ છીએ તેનું ફળ આજ આપણને મળ્યું છે. બીજી બધી અનંત સમૃદ્ધિ મળી શકે. ઘણું મોટું ઐશ્વર્ય પણ પ્રાપ્ત થઈ શકે છે. તે બધુ દુર્લભ નથી. આવા વર્ણીનો જે યોગ થયો એ જ સહુથી દુર્લભ છે. તેમાં રંચમાત્ર સંદેહ નથી. તપ તપીને, યોગ સાધીને અને વ્રત કરીને મરી જઈએ તો પણ જો દર્શન ક્યારેય મળતા નથી. ઘણા યુગોથી નરનારાયણદેવ પાપોને નાશ કરનારું ઘણું મોટું તપ કરે છે. જેને માટે તે તપ કરે છે. તેની તો અલૌકિક રીત છે. આવા બ્રહ્માંડો તો વારંવાર ઉત્પન્ન થયા જ કરે છે. એ વાત જ એવી છે કે જે વર્ણી મળ્યા તે જ અને વર્ણીની પ્રસાદી મળી તે જ મારા તપનું ફળ મને મળ્યું છે. આનાથી કોઈ અધિક ફળ બીજું છે નહિ. એવું ફળ આ જગ્યાએ મને મળ્યું. ભગવાન તો ભક્તને આધીન છે. તેઓ તો તપ જે કર્યું હોય તેના કરતા ફળ વધારે આપે છે. આ વર્ણીના જે એક પળવાર જેટલો એ જોગ થયો છે. તેવું ફળ તો કરોડો કલ્પ પર્યંત તપ કરવાથી પણ મળતું નથી. અને વર્ણીની સાથે એક રાત-દિવસ રહેવાનું જે ફળ છે તે તો મુખેથી કહી શકાય તેમ નથી. વર્ણીના સમાગમના ફળને જે ન સમજી શકે. તેના જેવો તો બીજો કોઈ અજ્ઞાની (અધમ) નથી. દર્શનરૂપી ફળને છોડીને જે અન્ય પદાર્થને ચાહે છે તે તો પોતાના મનુષ્ય જન્મને નિરર્થક (ખરાબ) કરી રહ્યો છે. વર્ણીના દર્શન કર્યા હોય અને તેમની થોડી એવી પણ જો સેવા કરવામાં આવી હોય તો તેનું ઘણું જ મોટું ફળ મળે છે. સેવા કરવાથી તેમનો રાજીપો કાયમને માટે રહે છે. ભગવાનને પ્રસન્ન કરવાના જે જે સાધન કહ્યા છે તે બધામાં સેવાને મુખ્ય કહી છે. સેવવાને યોગ્ય એવા પરમેશ્વરની મરજીને અનુસારે જે સેવા કરવામાં આવે, તેમાં દૃઢ પણે ધર્મને રાખવો જોઈએ. (અને પ્રણામ કરીને શિવજીએ પરિપૂર્ણ લાભ લીધો.

આજના દિવસને ધન્ય છે. આપણા પોતાના ભાગ્યને પણ ધન્ય છે. કારણ કે આજે આપણને શ્રીહરિના સહેજે જ દર્શન થયા છે. વારે વારે આવો લાગ આવતો નથી. શિવજી સોનાના થાળમાં પૂજાની સામગ્રી વિવિધ પ્રકારની લાવીને પોતાના પરિવારને કહ્યું કે જઈને શ્રીહરિની સહુ પૂજા કરો ફરી ક્યારેય આવો શુભ અવસર નહિ આવે. શિવજીનું આવું વચન સાંભળીને તેમના બધા પરિવારજનો તત્કાળ વર્ણીરૂપ શ્રીહરિની પૂજા કરી તે વખતે શિવજી કોઈ રાજાના

જેવું રૂપ ધારણ કરીને શ્રીહરિની પૂજા કરી. કેસર મિશ્રિત ચંદન લઈને શ્રીહરિના અંગ ઉપર તેનો લેપ કર્યો અને ભાત ભાતના ફૂલોના ઘરેણા શ્રીહરિને પહેરાવ્યા. પછી આરતી કરી અને ખૂબ ભાવથી પ્રદક્ષિણા અને દંડવત્ કર્યા.

## તપોવન : મુનિઓની પૂજા સ્વીકારી, ધ્રુવજીનો આશ્રમ જોયો

શ્રીહરિ હરિદ્વારમાં પાંચ દિવસ રોકાઈ ચાલ્યા તે તપોવનમાં આવ્યા. ત્યાં અનેક પર્વતો, ઝરણાં, પશુઓ, પંખીઓ, વૃક્ષો વગેરેથી શોભતા તે વનને જોઈને શ્રીહરિ ખૂબ આનંદ પામ્યા. તે વનમાં અનેક ઠેકાણે મુનિઓ કોઈ યોગમાં, કોઈ તપમાં, કોઈ ધ્યાનમાં બેઠા હતા. તમામ મુનિઓ પોતાની યોગશક્તિથી બાલસ્વરૂપ શ્રીહરિને સાક્ષાત્ ઈશ્વર જાણીને વિનયપૂર્વક સહુ આવીને શ્રીહરિના ચરણોમાં નમ્યા. અને કહેવા લાગ્યા કે, આપ અમારા મોક્ષ માટે જ અમોને દર્શન દેવા પધાર્યા છો. તેથી અમારા મનની મનોવૃત્તિઓ બીજે ક્યાંય ન ચોટે તે આપના સ્વરૂપમાં ચોંટી ગઈ છે. આપની મૂર્તિમાં અત્યારે અપાર તેજ દેખાય છે. તેવું તેજ અમે અમારા દિલમાં પણ ક્યારેય દેખ્યું નથી. હે દેવ ! આપ તેનું કારણ અમને કહો. આપ જે કહો તે અમે સેવા કરીએ. અમારા સૌના દિલમાં અત્યારે એવી ભાવના થઈ છે કે જો આપ કહો તો. અમે બધા આપની સાથે ચાલીએ.

આવું બોલીને તે મુનિઓ ઘણી જાતના ફૂલ, ફળ અને મેવા-મીઠાઈઓ લાવ્યા. ગંગાના કિનારે રહેનારા તે ઋષિમુનિઓ ગંગાજળ ભરી લાવ્યા. ગંગાને ઉત્તર કાંઠે એક ભવ્ય પર્વત હતો તેના શિખર ઉપર શ્યામસુંદર સુખધામ શ્રીહરિ બેઠા હતા. મુનિઓએ જે ફળ, ફૂલ અને મેવા-મીઠાઈ વગેરે અર્પણ કર્યા હતા. તે પ્રથમ ઠાકોરજીને ધરાવ્યા પછી પ્રસન્ન મન થઈને તે પ્રસાદને સ્વયં જમ્યા. સૌ મુનિવર્યોએ તે દેખ્યું. ત્યારે તેમને વિસ્મય (આશ્ચર્ય) પામ્યા. અને તેઓ બોલ્યા કે આપ બાળમુકુંદ (શાલિગ્રામ)ની સેવા શા માટે કરો છો ? આપ તો સાક્ષાત્ ઈશ્વર છો ત્યારે વર્ણીએ કહ્યું અમે જે આ ભૂમિ ઉપર પ્રકટ થયા છીએ તે આ બાલમુકુંદ ભગવાનનો જ પ્રતાપ છે. જે બાલમુકુંદ શ્રીકૃષ્ણ ભગવાન છે તે અમારા ઈષ્ટદેવ છે. તે ભગવાન મારામાં રહ્યા છે. તેને કોઈ જાણતું નથી સૌ લોકો બહારના સ્વરૂપને જ જાણે છે. જ્યારે જ્યારે ભગવાન અવતાર ધારણ કરે છે ત્યારે ત્યારે તે મનુષ્યાકારે જ હોય છે. તે ભગવાનને દેખીને જે અજ્ઞાની માણસ હોય તે તો તેને પોતાને તુલ્ય જ માની લે છે. ત્યારે તેનું કલ્યાણ તો થાતું નથી. પણ અભાવ લેવાને કારણે તે નરકમાં પડે છે. ભગવાન અવતાર

લે કે ન લે, બંન્ને રીતે અજ્ઞાની માણસ તો ઘોર નરકમાં જ પડે છે. તેટલા માટે જ ભગવાનની પ્રતિમા (મૂર્તિ) કરવામાં આવી છે. તેથી અજ્ઞાની માણસ તેને આધીન વર્તે છે. જ્યારે પ્રતિમા (મૂર્તિમાં) પ્રગટપણાનો ભાવ કરવામાં આવે છે. ત્યારે તેનું મૂળભૂત અજ્ઞાન ટળી જાય છે. અજ્ઞાની લોકોના મોક્ષ માટે જ મૂર્તિ સ્વરૂપ પ્રકટ કર્યું છે. તેથી અજ્ઞાની માણસો તેમાં બંધાયને પ્રેમ કરે તેમાં પ્રગટ ભાવ લાવે ત્યારે મૂળ અજ્ઞાનથી છૂટે છે. જ્યારે ભગવાન અવતાર ધારે છે ત્યારે તે પોતાના ધામમાં સ્વેચ્છાથી જાય છે અને મૂર્તિ (પ્રતિમા) તો અચળ રહે છે. તે કારણે ભગવાનના અવતારો પ્રતિમાનું (મૂર્તિ) સેવન કરે છે. પોતાનું સ્વરૂપ પોતે જ સેવે તેમાં જ્ઞાની માણસોને અયુક્ત લાગતું નથી. પણ નાસ્તિક અને આસુરી લોકો તે સમજી શકતા નથી. તેથી દોષ (અવગુણ) પરઠે છે. અને તે પાપે નર્કમાં (યમપુરીમાં) જાય છે. ભગવાનના અવતારો તો દૈવી જીવ અને આસ્તિક જનોના ઉદ્ધાર માટે છે. જ્યારે પોતાના દોષ (અવગુણ) જોવામાં આવે ત્યારે આસુરી હોય તે દૈવી જીવ થાય છે. નાસ્તિક હોય તે આસ્તિક થાય છે. ખપ હોય તે સરળ સ્વભાવવાળો થાય. અને તેમનાં બધા પાપો બળી જાય. આટલી વાત સાંભળી ઋષિમુનિઓ ખૂબ રાજી થયા.

અને ફરીથી સાથે રાખવા મુનિઓએ પ્રાર્થના કરી અને કહ્યું કે આપની પ્રાપ્તિ માટે જ અમો તપ કરતા હતા. તે હવે આપના દર્શનથી અને રાજીપાથી પૂર્ણ થયા છીએ. આમ ખૂબ પ્રાર્થના કરી શ્રીહરિનું તેમણે પૂજન કરી પ્રદક્ષિણાઓ કરીને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી વર્ણીએ કહ્યું જે ચાલો. વનમાં શોભા જોવા જઈએ. એમ કહીને મુનિઓને સાથે લઈ જ્યાં ઉત્તાનપાદના પુત્ર ધ્રુવજીએ તપ કર્યું હતું તે આશ્રમ જોવા ગયા. તે આશ્રમમાં જઈને જેમ ધ્રુવજીએ તપ કર્યું હતું તેમ પૂર્વ મુખે એક પગ વાળી ઊભા રહ્યા. તે તપોવનમાં શ્રીહરિ દસ દિવસ રોકાયા હતા. ધ્રુવજીના આશ્રમનાં દર્શન કર્યા. ત્યાં પોતે પણ ઉગ્ર તપ કરવું એવો શ્રીહરિએ સંકલ્પ કર્યો.

## લક્ષ્મણ ઝુલા

શ્રીહરિ તપોવનમાં દસ દિવસ રોકાઈને પછી ત્યાંથી એકલા જ લક્ષ્મણ ઝુલા આવ્યા. ગંગાજીના કિનારે લક્ષ્મણજીનું મોટું અદ્‌ભુત મંદિર હતું. તેમાં જઈ લક્ષ્મણના દર્શન કર્યાં ત્યારે લક્ષ્મણની મૂર્તિમાંથી સ્વયં લક્ષ્મણજી રાજાનું સ્વરૂપ ધારણ કરી વર્ણીની પાસે આવી તેમના ચરણમાં પડ્યા. જ્યારે રામચંદ્રજી

ભગવાન વનમાં ફરતા હતા ત્યારે જેવું તેમનું સ્વરૂપ હતું તેવા સ્વરૂપે શ્રીહરિએ લક્ષ્મણજીને દર્શન આપ્યાં તેથી લક્ષ્મણજી પરમ આનંદ પામ્યા અને ફરી ફરી પગમાં પડ્યા. વર્ણીએ તેમને હાથ ઝાલી ઊભા કર્યા. લક્ષ્મણજી તેમનો હાથ ઝાલી પોતાના મંદિરમાં લઈ ગયા. અને ઉતારો અપાવ્યો. પછી મંદિરના સિંહાસનમાં (ગોખ) ઉપર બેસાડી હાથ જોડી લક્ષ્મણજી પૂછવા લાગ્યા. હે પ્રભુ ! આપ ક્યાંથી આવ્યા ? ઘણા યુગ વીતી ગયા પછી આજે આપનાં દર્શન થયાં. વર્ણી કહે, અમો અવધપુરીથી આવીએ છીએ. તમો ગંગાજીના કિનારે તપ કરો છો તેમ માનીને તમને દર્શન દેવા અમો અહીં આવ્યા છીએ. ભૂમિનો ભાર ઉતારવા અમો ધર્મકુળમાં ફરી પ્રગટ થયા છીએ. પહેલાં અમોએ ક્ષત્રિય રૂપ અવતારો લઈ અનેક અસુરોનો નાશ કર્યો હતો. આ વખતે બ્રાહ્મણ કુળમાં પ્રગટ થઈ સાધુ સ્વરૂપે અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવું છે. તે સાંભળીને લક્ષ્મણજી રાજી થયા અને કહ્યું કે હું આપનો સેવક છું આપ કહો તેમ સેવા કરવા તૈયાર છું.

ઉપર પ્રમાણે વર્ણી અને લક્ષ્મણ વચ્ચે વાત ચીત ચાલે છે તે સમયે ગંગાજી શ્રીહરિ માટે મેવા-મીઠાઈ લાવ્યા. તે શ્રીહરિ પ્રેમથી જમ્યા. લક્ષ્મણજી ગંગાજીમાંથી પોતાના ઉત્તરીય વસ્ત્રથી ગાળીને જળપાત્રમાં ગંગાનું પાણી નીલકંઠ વર્ણી માટે લઈ આવ્યા. નીલકંઠ પાણી પીને તૃપ્ત થયા અને થાળની પ્રસાદી બંનેને આપી. વર્ણી હેત (ભાવ) લાવીને લક્ષ્મણજીને કહે છે કે આપણે ચૌદ વર્ષ વનમાં રહ્યા હતા ત્યારે તમોએ અત્યંત દુઃખ વેઠીને અમારી સેવા કરી હતી. તે તમારો ગુણ અમો જાણીએ છીએ. સાચા હેત વિના તેવી સેવા ન બને અને તેથી તમારો યશ ચૌદલોકમાં પ્રસિદ્ધ થયો છે કે ભક્તો તો ઘણા થયા પણ લક્ષ્મણજી જેવા નિષ્કામ-સેવક કોઈ નહિ. મને રીઝવવા માટે આ લોકનાં અનંત સુખોના સાજનો ત્યાગ કરી. મયૂરધ્વજ રંતિદેવ, ચિત્રકેતુ વગેરે રાજાઓએ અનંત દુઃખો સહન કર્યા ત્યારે એમના ઉપર અમો રાજી થયા હતા.

આ લોકમાં પ્રારબ્ધને વશ થઈને અનંત જીવો નાના પ્રકારનાં દુઃખો સહન કરે છે પણ  તેમને લખચોરાશી મટતી નથી. એ તો ફક્ત અમારા સંબંધથી જ મટે છે. આવી ઘણી વાતો કરી. પછી ગંગાજી તથા લક્ષ્મણજીએ શ્રીહરિનું પૂજન કર્યું અને પ્રેમથી આરતી ઉતારી. શ્રી નીલકંઠવર્ણીએ તેમનો પ્રેમ જોઈ પ્રસન્ન થઈ તેમને યથાયોગ્ય વરદાન આપ્યા. વર્ણી ત્યાં એક રાત્રી રહીને ત્યાંથી આગળ ચાલ્યા.

## શ્રીપુર શહેર : મહંતાઈના પ્રલોભનનો ત્યાગ

શ્રી નીલકંઠ વર્ણી ત્યાં એક રાત્રિ રહીને સવારે પુલ ઉતરીને લક્ષ્મણજીએ બતાવેલ માર્ગે જલદી ચાલ્યા તે ફરતા ફરતા શ્રીપુર નામના શહેરમાં આવ્યા. નીલકંઠ વર્ણીએ હવે હિમાલયનું ચઢાણ શરૂ કર્યું. અહીં હજારો વર્ષો પહેલાં શ્રીકૃષ્ણના વિયોગે ઉદ્ધવજીએ તપ કર્યું હતું. તે સ્થાનનાં દર્શન કર્યાં. નારદજીએ શ્રીપુર શહેરની રચના કરેલી. લોકો તેને શ્રીક્ષેત્ર તરીકે પણ ઓળખતા. અહીં અલકનંદા ધનુષ્યના આકારે વહે છે. તેથી લોકો આ સ્થાનને ધનુષ્યતીર્થ પણ કહે છે. (તે દિવસ ઋષિ પાંચમ ભાદ્ર ચતુર્થી દિન) ત્યાં શ્રીહરિ પ્રથમ ચિત્તભંગ અને મનભંગ બેય પર્વતો સામા સામા હતા તેના ઉપર ચડીને ઉતર્યા. બેય પર્વતોની શોભા જોઈ શ્રીહરિ ખૂબ આનંદ પામ્યા. તે પર્વતમાં મોટા મોટા યોગીઓ તપ કરતા હતા. તેમને મળ્યા. તેમને પોતાની મૂર્તિનું સુખ આપ્યું અને તેમનો મોક્ષ કર્યો. વર્ણી ત્યાં થોડા દિવસો રહ્યા. યોગીઓએ તેમને ભગવાન માની સેવા કરી ઉદ્ધવજીનો બધો આશ્રમ ફરી જોયો. શ્રીહરિ પર્વતો ઊતરીને શ્રીપુર શહેરમાં આવ્યા.

વર્ણી શ્રીપુરમાં પધાર્યા ત્યારે સાંજ ઢળી ચૂકી હતી. નીલકંઠ વર્ણીએ શહેરની બહાર એક મઠ જોયો. તે મઠની સામે એક વૃક્ષ હતું. તેની નીચે એક ઓટલો હતો તેના ઉપર આસન જમાવ્યું. મહા તેજસ્વી બાળ બ્રહ્મચારીને ઓટલે બેઠેલા જોઈ મઠના મહંતજી આકર્ષાયા. તેમણે વર્ણીને કહ્યું. બ્રહ્મચારી ! તમે અહીં મઠની અંદર આવો. અહીં બહાર તો જંગલી જાનવરોનો ઘણો ભય છે. માટે ઓટલે બેસી રહેવું તે ઠીક નથી. તમે મઠમાં આવો અથવા ગામમાં જઈને વાસ કરો.

વર્ણી તો ધ્યાન મુદ્રામાં મૌન જ રહ્યા. તેમને શાંત બેઠેલા જોઈ મઠાધિપતિએ ફરી કહ્યું, 'બ્રહ્મચારી! તમો ભૂખ્યા હશો. અંદર આવો, ભોજન જમો અને સુખેથી વિશ્રાંતિ (આરામ) કરો. પરંતુ નીલકંઠ વર્ણી હજુ શાંત જ રહ્યા. મહંતને લાગ્યું કે બાળ બ્રહ્મચારી મૌનવ્રત ધારી હશે તેથી તેણે તેમને હલાવ્યા અને ફરી કહ્યું : મહારાજ ! મારું કહ્યું માનો. જો મઠમાં આવવાની ઈચ્છા ન હોય તો ગામમાં વસતીમાં જાઓ પણ અહીં તો મૃત્યુનો ભય છે જ. ત્યારે નીલકંઠ વર્ણી મહંતજીને કહ્યું : હું વસતીમાં રહેતો નથી. ગામ બહાર જ્યાં આવું સ્થળ મળે ત્યાં આકાશની નીચે રહું છું. મૃત્યુનો મને ભય નથી. મહંતજીએ સમજાવતાં કહ્યું : આ તમારી જોગી હઠ છે. વગર મોતે મૃત્યુના મોંમાં શા માટે ધકેલાઓ

છો ? પરંતુ વર્ણી તો બહાર ઓટલે જ આસન જમાવીને રહ્યાં. રાત્રિનું અંધારું જામતું હતું. વર્ણી મૃગચર્મ પર બેસીને ધ્યાનમગ્ન થઈ ગયા. રાત્રિના બે પહર વીત્યા અને ધરતી ધ્રુજાવે તેવી શેરની ડણક ડણક સંભળાણી. મહંત અને નગરના લોકોની આ ભયંકર ત્રાડથી ઊંઘ ઊડી ગઈ. મહંતને નીલકંઠ વર્ણીની ચિંતા થવા લાગી. ભયંકર ગર્જના કરીને ત્રાડુકતો સિંહ થાળી થાળી જેવડાં પંજાનાં પગલાં માંડતો અને પૂછડું ફંગોળતો, વર્ણીની આગળ આવીને ઊભો રહ્યો. પક્ષીઓ તેની તાડ સાંભળીને ઝાડ ઉપરથી હેઠાં પડી ગયા.

વર્ણીએ આ સિંહ પર દૃષ્ટિ કરી. તે દૃષ્ટિ ઝીલી નિશ્ચેતન બની સમાધિના દિવ્ય સુખનો અનુભવ કરતો સિંહ વર્ણીના પગ આગળ લપાઈને બેસી ગયો નથી હાલતો કે નથી ચાલતો. મહંતજીએ ધ્રુજતાં ધ્રુજતાં બારીનું બારણું ખોલ્યું અને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. નીલકંઠ વર્ણી તો સિંહના શરીર ઉપર હાથ ફેરવતા હતા અને એ સિંહ આ સ્પર્શથી સમાધિના આનંદમાં તેનું માથું ધુણાવતો નીલકંઠના પગ ચાટતો હતો. મહંતજી અને તેના શિષ્યો બોલી ઊઠ્યા. આ તો કોઈ ઈશ્વરી અવતાર છે.

જેની ત્રાડ સાંભળીને અનેક શૂરવીરોની શૂરવીરતા સ્રવી (ખતમ) જાય એવો આ સિંહ આજે વર્ણી પાસે ગાય જેવો બની ગયો હતો ! નીલકંઠ ને માટે આ કંઈ સિદ્ધિ ન હતી. તેમને તો પોતાના સંબંધમાં આવે તેનું કલ્યાણ કરવું હતું. પરોઢ થયું અને વર્ણી ત્યાંથી ઊઠીને નદી કિનારે પ્રાતઃવિધિ કરવા જવા લાગ્યા. સિંહ પણ વર્ણીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. નદી પાસે આવીને નીલકંઠના આદેશથી સિંહ માથું ઝુકાવીને વર્ણીને પ્રદક્ષિણા કરીને ઝાડીમાં અદશ્ય થઈ ગયો. (વર્ણી ચાર સિંહને નિશ્ચતન બનાવી, એક ઓઠીગણ બે બાજુ એક એક ચરણ).

વર્ણીની પાછળ દૂર રહીને આવતા મહંતજીએ અને તેના શિષ્યોએ આ જોયું. મહંતજી વર્ણી પાસે ભાવવિભોર થઈને આવ્યા. વર્ણી તો પૂજામાં મગ્ન હતા. મહંતજીએ હાથ જોડી તેમણે કહ્યું. બ્રહ્મચારી આપ બહુ પ્રતાપી પુરુષ છો. આપ જો હમારા મઠમાં રહો, તો તમને મઠાધિપતિ બનાવી દઉ. લાખ રૂપિયાની અમારી આવક છે...

વર્ણીએ તેમને અટકાવીને વચ્ચે જ કહ્યું : મઠની, આશ્રમની કે મિલકતની ઈચ્છા (અપેક્ષા) હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત? મારે તો તીર્થોમાં ફરી અનેક જીવનું કલ્યાણ કરવું છે. અને સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું છે. આટલા મોટા મઠ મહંતાઈના પ્રલોભનનો નીલકંઠે ત્યાગ કર્યો. મહંતજીને

કહ્યું મોટા મઠનો અધિકારને તજી દો. મહંતજીને બોધ આપ્યો. અને સિદ્ધ કરી લો યોગ સમાધિ મેલો મોટાઈનું માન, ભજન કરો.

## ગુપ્ત કાશી

પછી શ્રીહરિ શ્રીપુરથી તત્કાળ ચાલતા થયા. તે ગુપ્તકાશી પહોંચ્યા. તેનાથી ઉત્તર તરફ મોટા પર્વત છે. તેની શોભા તો સહુથી અલગ પ્રકારની જ હતી. ત્યાં જઈને શ્રીહરિએ આખો પર્વત દેખ્યો. પર્વતથી નીચે ઊતરીને ગુપ્તકાશી પધાર્યા (૨) સત્યુગમાં ભોળાનાથ શંકરને પ્રસન્ન કરવા ઘણા ઋષિઓએ અહીં તપ કરેલું તે સ્થળના દર્શન કર્યાં. (૩) શ્રીહરિ કાશી વિશ્વનાથ મહાદેવના લીંગ અને મૂર્તિના દર્શન કરી લીંગ ઉપર અભિષેક કર્યો.

**ગુપ્ત પ્રયાગ :** ત્યાગી નીલકંઠ ગુપ્તપ્રયાગ આવ્યા. ગુપ્તપ્રયાગમાં ગંગાજી વહે છે. તેમાં સ્નાન કર્યું. ગંગાને ઝુલાથી ઊતર્યા. ઝુલાને દેખીને શ્રીહરિ પ્રસન્ન થયાં.

**ત્રિયુગી નારાયણ :** ગુપ્ત પ્રયાગથી ચાલતાં એક મોટું મંદિર આવ્યું. તે મંદિરમાં ત્રિયુગીનારાયણ વિરાજતા હતા. તેના દર્શન કરીને શ્રીહરિ રાજી-રાજી થઈ ગયા. તે સુશોભિત સુંદર મંદિર પૂર્વ મુખે હતું. ત્યાં ગોરીકુંડ નામે તીર્થ હતું. ત્યાં ગરમ પાણીના કુંડમાં સ્નાન કર્યું. પાર્વતીના મંદિરમાં માતાજીને દર્શન દઈ. ત્યાં ત્રિયુગી નારાયણ નામે શહેર હતું. ત્યાંના લોકો નિવૈર (વેરભાવ રહિત) હતા. અને તેમને સંતાનો ઉપર બહુ જ પ્રેમ ભાવના હતી ત્યાં કેટલાક દિવસ રહ્યા.

**કેદારનાથ :** પછી શ્રીહરિ કેદારનાથ આવ્યા. ભારતમાં બાર સ્વયંભૂ જ્યોર્તિલીંગ છે. તેમાંનું એક સ્વયંભૂ જ્યોર્તિલીંગ કેદારનાથ મહાદેવના દર્શન પૂજન કરીને અભિષેક કર્યો. શ્રીહરિ થોડા એક દિવસ રોકાયા. પછી ત્યાંથી ચાલ્યા. આગળ એક બરફથી ઢંકાયેલો મોટો પર્વત હતો. તે ફરીને વર્ણી ચાલ્યા. સતત નવ દિવસ સુધી ચાલ્યા ત્યારે બદ્રીનાથ પહોંચ્યા. શ્રીહરિ બદ્રિનાથ આવ્યા ત્યારે દશેરાનો દિવસ હતો. (શ્રીહરિ કેદારનાથ ચાલ્યા ત્યારે શ્રાદ્ધ પક્ષ હતું.)

## બદ્રીનાથ

શ્રીહરિ દશેરાના દિવસે બદ્રિનાથ આવ્યા. બદ્રિનાથનું મંદિર પૂર્વમુખે છે. મંદિર નાનું છે. તેવો જ આગળ નાનો મંડપ છે. મંદિર શિખરબંધ (બદ્ધ) છે. તે ઘણું જ શોભાદાર ભવ્ય મંદિર છે. તેમાં બદરીનારાયણ અને શ્રી નરનારાયણ

દેવની મૂર્તિ છે. નર અને નારાયણની મૂર્તિઓ નાની છે. પણ બંન્ને મહાન ગંભીર છે. અનેક પ્રકારના અને અપાર સોનાના વસ્ત્ર અને આભૂષણો ધારેલા હતા. અત્યંત સુંદર બંન્ને સ્વરૂપ અલૌકિક મનોહર તેજસ્વી છે. તેમનાં દર્શન કર્યા બાજુમાં નારદ અને ઉદ્ધવજી ઊભેલા છે. તેમનાં પણ દર્શન કર્યાં બન્ને નરનારાયણના સેવક છે.

નીલકંઠ વર્ણી દર્શન કરતા હતા ત્યારે તેમને જોતાં જ મંદિરનો પૂજારી બ્રાહ્મણ (રાવળ) તો ભાવવિભોર થઈ ગયો. તેના મનમાં થયું કે કેટલાય મોટા મોટા ઋષિઓ, મહાત્માઓ, યાત્રિકો અહીં તેમણે જોયા હતા પરંતુ ક્યારેય તેને આટલું બધું આકર્ષણ થયું નહોતું. તેને નીલકંઠમાં બદરી નારાયણના દર્શન થયાં. પૂજારી તો ભાવથી નીલકંઠની સેવા કરવા લાગ્યો. નીલકંઠને ફૂલની માળા પહેરાવે અને રોજ નર-નારાયણ દેવનો થાળ નીલકંઠ વર્ણીને જમવા માટે આપે. પુજારીએ વર્ણીને રહેવા માટે એક જગ્યાએ સુંદર ઉતારો આપ્યો. વર્ણીરાજ મંદિરના બહારના એક ઓટલા ઉપર બેસે અને પોતાનું સ્વસ્વરૂપનું ધ્યાન કરે. યાત્રિકો વર્ણીની મનોહર મૂર્તિ જોઈને આશ્ચર્યચકિત થતાં હતાં. વર્ણીમાં અધિક અધિક પ્રેમ વધતો હતો. ત્યાંના પૂજારીને વર્ણીમાં નર-નારાયણના દર્શન થયાં અને તેમના ચરણમાં સોળ ચિહ્નનાં દર્શન થતાં પૂજારી વર્ણીને ભગવાન (શ્રીહરિ) માનીને ખૂબ પ્રેમ ભાવથી સેવા કરતો હતો. વર્ણી દિવાળી સુધી અહીં રહ્યા. દીપોત્સવી અને અન્નકૂટનો ઉત્સવ ખૂબ ભક્તિભાવપૂર્વક ઉજવાયો. (બદરીનારાયણની ઊંચાઈ ૧૦,૨૫૦ ફીટ છે.)

**બદ્રિનારાયણ** : નીલકંઠ વર્ણી બદરીનારાયણમાં શાંતિપૂર્વક રહ્યા અને હમેશા ગંગામાં સ્નાન કરી દેવનાં દર્શન કરી મંદિરના બહાર ઓટલા ઉપર એકાંતમાં બેસીને સ્વસ્વરૂપનું ધ્યાન કરતા એક દિવસ તેમની પાસે શ્રી બદ્રિનારાયણ સાક્ષાત્ અવ્યા. વર્ણીને ચંદનની અર્ચા અને પૂજા કરીને સ્તુતિ કરીને કહ્યું કે, હે પ્રભુ ! અહીં એક જ જગ્યાએ મારી મૂર્તિ છે. પણ બીજે ક્યાંય નથી તો આપ મોટાં મંદિરો કરાવીને મારી મૂર્તિઓ પધરાવશો. એમ ઘણી જ વાતો કરીને તેઓ અંતર્ધ્યાન થયા.

તે વખતે વર્ણીએ બદ્રિનારાયણને વચન આપ્યું અમે ભારતખંડમાં સૌપ્રથમ મંદિર બનાવી તમારી પ્રતિષ્ઠા કરીશું. ત્યાર પછી વર્ણીની પાસે સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળિયુગ એમ ચાર યુગો મૂર્તિમાન આવ્યા. વર્ણી અને ચાર યુગોનો સંવાદ નીચે પ્રમાણે છે.

**બ્રાહ્મણ (૧) સત્યુગ :** પ્રથમ બ્રાહ્મણ સ્વરૂપે આવીને વર્ણીને નમસ્કાર કરીને કહે છે કે હે પ્રભુ ! મારું નામ સત્યુગ છે. મારા સમયમાં દરેક માણસો શુદ્ધ, શાસ્ત્ર પ્રમાણે ધર્મ પાળતા અને તીવ્ર તપ વનમાં જઈને કરતા હતા પરંતુ આ કળિકાળમાં હવે કોઈ ધર્મ પાળતું નથી. તપ કરતું નથી તેથી હું અત્યંત દુઃખી છું. પ્રભુ ! આપ આ પૃથ્વી ઉપર પ્રગટ થયા છો તો હે મહારાજ, ધર્મનું સ્થાપન કરી આપ આ પૃથ્વીને પાવન કરી મારું દુઃખ મટાડો.

તે સાંભળી વર્ણી બોલ્યા કે, તું ચિંતા ન કરીશ. હવે હું શુદ્ધ બ્રહ્મચર્ય પાળીને વનમાં બેસી તપ કરીને પ્રભુનું ભજન કરે તેવા અનંત સંતો બનાવીશ અને તેમનાં દર્શન, સ્પર્શ, સેવાથી અનંત જીવોનો ઉદ્ધાર થશે અને તેમના દ્વારા ધર્મનો ઉપદેશ મળશે. એટલે અનંત જીવો ધર્મનું પાલન કરશે. એ પ્રમાણે વરદાન પામી સતયુગ વર્ણીને નમસ્કાર કરીને ચાલ્યો ગયો.

**ક્ષત્રિય (૨) ત્રેતા યુગ :** પછી ક્ષત્રિયરૂપે ત્રેતાયુગ આવીને શ્રીહરિને નમસ્કાર કરી સન્મુખ ઊભો રહી પ્રાર્થનાપૂર્વક બોલ્યો કે, હે પ્રભુ ! મારા સમયમાં લોકો મોટા મોટા યજ્ઞો કરીને તે દ્વારા દેવતાઓનું પૂજન કરતા અને ધર્મનું પાલન કરતા. આ કળિકાળમાં પૃથ્વી ઉપર કોઈ યજ્ઞો કરતા નથી. તેથી દેવોનું પૂજન થતું નથી. તેનું મને દુઃખ છે. તે મારું દુઃખ દૂર કરો.

તે સાંભળી શ્રીહરિએ તેને કહ્યું જે, તું ચિંતા ન કરીશ.હું મોટા મોટા યજ્ઞો કરી તે દ્વારા દેવતાઓનું પૂજન થશે એટલે તારું દુઃખ દૂર થશે. આ પ્રમાણે વરદાન આપ્યું એટલે ત્રેતાયુગ નમસ્કાર કરીને ચાલ્યો ગયો.

**વૈશ્ય (૩) દ્વાપર યુગ :** પછી વૈશ્યરૂપે દ્વાપરયુગ આવીને શ્રીહરિની સામે આવી પગે લાગી બે હાથ જોડીને ઊભો રહ્યો અને વિનંતી કરવા લાગ્યો કે, હે હરિ ! પહેલાં લોકો મંદિર કરી મૂર્તિઓ પધરાવી આપનું પુજન કરતાં પણ હાલમાં તે કોઈ કરતું નથી. તો આપ મંદિરો કરીને મૂર્તિઓ પધરાવી પૂજાપ્રવાહ ચાલુ થાય તેવી કૃપા કરો.

તેને શ્રીહરિ કહે કે અમો મોટાં મોટાં મંદિરો બનાવરાવી તેમાં અમારી તથા અમારા અવતારોની મૂર્તિઓ પધરાવી તે દ્વારે અમારી પૂજાનો પ્રવાહ બરાબર ચલાવીશું. અમે તેને વરદાન આપી સંતોષ પમાડ્યો. એટલે તે પણ શ્રીહરિને નમસ્કાર કરીને ચાલ્યો ગયો.

**શુદ્ર (૪) કળિયુગ :** ત્યારબાદ કળિયુગ આવીને શ્રીહરિને નમસ્કાર કરીને બે હાથ જોડીને સન્મુખ ઊભો રહીને શ્રીહરિને વિનંતીપૂર્વ કહેવા લાગ્યો કે હે

પ્રભુ ! આપ કળિયુગમાં પ્રગટ થયા એટલે આ પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન કરશો એટલે મારે મારા પુત્ર કલેશ અને કુસંપ વગેરે કુટુંબ સહિત ક્યાંય રહેવાનું રહેશે નહિ. તેથી અમોને મહાન દુઃખ થશે. હે પ્રભુ! આપ અમોને ક્યાંક રહેવાનું સ્થાન આપીને અમારું દુઃખ દૂર કરવા કૃપા કરજો. કળિયુગની પ્રાર્થના સાંભળીને તેને શ્રીહરિ કહે છે કે ધર્મનું હું સ્થાપન કરીશ અને તે પ્રમાણે દરેકને વર્તવા માટે શિક્ષાપત્રી લખીને આપીશ અને તે મારી શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તે ત્યાં તારે ન રહેવુ અને તે પ્રમાણે જે માણસો ન વર્તે તેમાં તારે સુખેથી નિવાસ કરવો માટે તું ચિંતા ન કરીશ. એ પ્રમાણે કહીને કળિયુગને રજા આપી એટલે તે શ્રીહરિને નમસ્કાર કરીને ચાલ્યો ગયો.

પછી વર્ણી શ્રી બદરીનારાયણમાં રહ્યાં થકા ત્યાંના લોકોને ઉપદેશ આપી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવા લાગ્યા. અને ત્યાં રહેલા બીજા તીર્થોને પાવન કરવા લાગ્યા.

(૧) બદરીનારાયણમાં નર અને નારાયણ નામે બે પર્વત સામ સામે છે. નર-નારાયણ પર્વતની વચ્ચે ગંગાજી સ્વયં વહે છે. તેમાં શ્રીહરિ નિત્ય સ્નાન કરતા હતા. તેના કિનારા ઉપર અગણિત તીર્થો આવેલા છે.

(૨) બદરીનારાયણમાં બ્રહ્મ કપાલ લોચન નામનું પ્રસિદ્ધ તીર્થધામને પાવન કર્યું. વસુધારા અને પંચધારા, નારદકુંડ, તપ્તકુંડ, અગ્ની તીર્થ ઉર્વશી સંગમ, બાર સૂર્યનું તીર્થ, માનસોદ્‌ભવ તીર્થ, વગેરે તીર્થો શ્રીહરિએ પાવન કર્યા.

(૩) બદરીનારાયણમાં ઉર્વશીનું સંગમ નામનું એક તીર્થ છે. ત્યાં ભગવાન નર-નારાયણે તપ કર્યું હતું. ત્યાં ઉર્વશીને નારાયણની જમણી જંધામાંથી ઉત્પન્ન કરી હતી. તે દેવોના હિત માટે તે સ્થળે નારાયણ તપ કરતા હતા પરંતુ કોઈ દેવને આ વાતનો ખ્યાલ ન હતો.

(૪) બદરીનારાયણમાં અગ્નિ તીર્થ આવેલું છે. તે તીર્થમાં પાંચ શીલાઓ છે. તે પંચશીલાઓને નીલકંઠ વર્ણીએ હાથનો સ્પર્શ કરીને પાવન કરેલી છે. તે પંચશીલાઓનો મહિમા નીચે પ્રમાણે છે.

**(૧) નારદી શીલા :** જ્યાં નારદજીએ તપ કરેલું એ નારદી શીલા તરીકે ઓળખાય છે. ત્યાં નારદકુંડ છે. ત્યાં સ્નાન કરનારો ભોગ અને મોક્ષ બન્ને પ્રાપ્ત કરે છે. (કામાન્તરમાં ભગવાન શંકરજીએ શ્રી શંકરાચાર્યના રૂપમાં પ્રગટ થઈ બદ્રીનારાયણમાં આવી નારદકુંડથી મૂર્તિ બહાર કાઢી ત્યારે વિશ્વકર્મા દ્વારા મંદિર કરીને મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી.

**(૨) વૈનતેય શીલા :** જ્યાં ગરૂડજીએ ત્રણ હજાર વર્ષ તપ કર્યું હતું. ત્યાં ભગવાન નારાયણે ગરૂડજીને પોતાના વાહન તરીકે સ્વીકાર કર્યો હતો.

**(૩) વારાહી શીલા :** જ્યાં વરાહ ભગવાને હિરણ્યાક્ષને માર્યો હતો.

**(૪) નરસિંહ શીલા :** જ્યાં ભગવાન નરસિંહ હિરણ્યકશિપુને મારીને તે શીલા ઉપર બિરજમાન થયા હતા.

**(૫) નરનારાયણ શીલા :** નર-નારાયણ શીલા છે. ત્યાં નર-નારાયણે તપ કર્યું હતું. ત્યાં ભોગ અને મોક્ષ બન્ને આપનારા નર-નારાયણ ભગવાન સત્યુગમાં ત્યાં પ્રત્યક્ષ બિરાજે છે. ત્રેતાયુગમાં મુનિઓ અને દેવોને જ નરનારાયણ દેવના દર્શન થતા હતા. દ્વાપરમાં જ્ઞાનયોગથી જ દર્શન થતું હતું. તે વખતે બ્રહ્માદિક દેવો તથા ઋષિઓએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે આકાશવાણીએ કહ્યું હે દેવો ! જો તમને ભગવાનના દર્શનમાં શ્રદ્ધા હોય તો નારદ કુંડમાં પડેલી મારી શીલામયી (પથ્થરની) મૂર્તિ લઈ આવો. આકાશવાણી સાંભળીને બ્રહ્માદિ દેવો પ્રસન્ન થયાં. પછી દેવોએ નારદકુંડમાંથી શ્રી નારાયણની મૂર્તિ બહાર કાઢી અને ત્યાં સ્થાપિત કરીને તેની પૂજા કરીને પોતપોતાના ધામમાં ચાલ્યા ગયા. તે દેવો પ્રતિ વર્ષે વૈશાખ મહિનામાં પોતાના ધામમાં જાય છે. કાર્તિકમાં ફરીથી આવે છે અને પૂજાનો આરંભ કરે છે. જ્યારે વૈશાખ મહિનાથી બરફ વર્ષાની તકલીફ દૂર થાય છે એટલે મનુષ્યો ભગવાનના દર્શન અને પૂજા કરે છે. આ નરનારાયણ દેવ આદિ સ્વરૂપોની છ મહિના દેવો દ્વારા અને છ મહિના મનુષ્યો દ્વારા પૂજા કરવામાં આવે છે. આ રીતે આ પૂજાની વ્યવસ્થા (કુંડમાંથી મૂર્તિઓ પ્રગટ થઈ ત્યારથી અખંડ ચાલુ છે. (નારદશીલા નીચે અલકગંગામાં મારી એક દિવ્ય મૂર્તિ છે.)

આ શીલામયી પ્રતિમાઓની પૂજા કરનાર તથા પ્રસાદ જમનારો અવશ્ય મોક્ષ પામે છે. આ પાંચ શીલાઓ મુક્તિ આપનારી કહી છે. આ રીતે સ્વયં દેવો દ્વારા નરનારાયણ દેવ આદિ સ્વરૂપોની પૂજા વ્યવસ્થા થઈ છે.

નીલકંઠ વર્ણી તમામ તીર્થોને પાવન કરતા થકા ત્યાં ઘણા દિવસો રોકાયા થકા અનંત ચરિત્રો કરવા લાગ્યા. તે દરમિયાન શ્રી બદરીનારાયણના મંદિરના દરવાજાઓ નિયમ મુજબ બંધ થવાનો સમય થયો. (બદરીનારાયણમાં દશેરા પછી બરફ અને ઠંડી પડવાની શરૂઆત થાય છે. શિયાળામાં મોટા પ્રમાણમાં ઠંડી પડે છે તેથી તે સમય દરમિયાન માણસોથી ત્યાં રહી શકાતું નથી. તે બરફ તથા ઠંડી છેક વૈશાખ માસમાં ઓછી થાય છે. (બદ્રીનાથથી જોષી મઠનો માર્ગ બારકોરા લગભગ ૩૫ કિમીનો ગણાતો હતો.)

**જ્યોતિર્મઠ :** એટલે દશેરા પછી અન્નકૂટના બીજા દિવસથી વૈશાખ મહિના (અક્ષય તૃતીયા) સુધી મંદિરના દરવાજા (દ્વાર) બંધ કરી ત્યાંના પૂજારીઓ જ્યોતિર્મઠમાં આવીને રહે છે. તેવી લોકોની માન્યતા છે) એટલે ત્યાંના પૂજારીઓ નિયમ મુજબ વ્યવસ્થા કરી મંદિરના દરવાજાઓ બંધ કરીને નીચે આવવા તૈયાર થયા. તેમણે નીલકંઠ વર્ણીને પણ સાથે આવવા વિનંતી કરી. શ્રીહરિ પણ તે પૂજારીઓ સાથે નીચે આવવા તૈયાર થયા. ત્યાંના પૂજારી નીલકંઠ વર્ણીને ભગવાન તરીકે માનતા તેથી પૂજારીઓ વર્ણીને સોનાની અંબાડી સાથે હાથી ઉપર પધરાવી જોષીમઠ લઈ આવ્યા. બદરીનારાયણના મંદિરની ચલ-પ્રતિમાઓને નીચે જોષીમઠમાં લાવીને પૂજન કરવામાં આવે છે. નીલકંઠ વર્ણીને ત્યાં એક સારા બંગલામાં ઉતારો આપ્યો. ત્યાં પણ તે બધા તેમની ખૂબ સેવાઓ કરીને તેમને રાજી કરતા. તેઓ વર્ણીને જ્યોતિર્મઠમાં જ કાયમને માટે રહેવા પ્રાર્થના કરવા લાગ્યા.

વર્ણીએ કહ્યું કે, અમારે તો બદરીકાશ્રમમાં શ્રી નરનારાયણનાં દર્શન કરવા જવું છે. અને તપ કરવું છે. એટલે અહીં બંધનમાં નહી રહીએ પરંતુ જ્યારે ત્યાંથી પાછા આવીશું ત્યારે અહીં આવીશું માટે અમોને રસ્તો બતાવો. પછી તે લોકોએ શ્રીહરિનો જવાનો ખૂબ આગ્રહ દેખ્યો ત્યારે તેમને ઠંડી રોકે એવો ઊનનો કામળો આપ્યો અને કહ્યું કે આપ ત્યાં જવાનું માંડી વાળો તો સારું કારણ કે આપ જે રસ્તે જવાનો વિચાર કરો છો તે મૃત્યુના મુખમાં સામેથી જવા બરાબર છે. માટે આપને વિનંતીપૂર્વક કહીએ છીએ કે આપ તે રસ્તે જવાનું બંધ રાખો તો સારું આ પ્રમાણે જ્યોતિમઠના માણસોએ બદરિકાશ્રમમાં જવાની ઘણી જ ના કહી છતાં શ્રીહરિને તો મૃત્યુની ચિંતા હતી જ નહિ કારણ કે જેને માથે જન્મ-મરણ હોય તેને જ મૃત્યુની બીક હોય.

શ્રી નીલકંઠવર્ણી તો સર્વાવતારી છે. સ્વતંત્ર છે. અજન્મા છે. કાળના પણ નિયંતા છે. એટલે નિર્ભય થકા ત્યાંથી બદરિકાશ્રમ જવા ચાલી નીકળ્યા. શ્રીહરિને તે રસ્તે જતા જોઈ જ્યોતિમઠના માણસો માનવા લાગ્યા કે આ વર્ણી કોઈ સામાન્ય માણસ નથી પણ કોઈ ઈશ્વરના અવતાર રૂપ જ છે.

શ્રી નીલકંઠવર્ણી બદરીવનમાં જવા નીકળ્યા ત્યારે તદ્દન ઉઘાડા શરીર માત્ર કૌપીન ભર રહેતા અને અડવાણે પગે ઘૂમતા કૃશ કાયાના આ બાળ બ્રહ્મચારી નીલકંઠનું શું થશે? એવા વિચારથી સૌ ધ્રુજી ગયા. પરંતુ નીલકંઠને કશો ડર નહતો. સૌના ભાવને સ્વીકારીને તેઓ આગળ યાત્રાએ નીકળી પડ્યા.

(હિમાલયનો વિસ્તાર નવ હજાર યોજન (લગભગ ૧,૦૮,૦૦૦ ચોરસ કિ.મી.માં છે.)

## બદરિકાશ્રમ (બદરીવન, હિમાલય)

શ્રીહરિ જોષી મઠથી એક મહાવિકટ રસ્તો નીતી ઘાટી થઈને માનસ સરોવર તથા કૈલાસ તરફ જાય છે. નીલકંઠ વર્ણી આ રસ્તે હિમગિરીમાં (હિમાલય)માં આગળ ચાલ્યા શિયાળામાં કડકડતી ઠંડી, તીરની જેમ છાતીમાં પવન પેસી જાય, પવન ફૂંકાય અને બરફના કરા પડે પણ નીલકંઠ વર્ણી શરીરની પરવા કર્યા વગર આગળ ચાલ્યા ત્યારે બદરિકાશ્રમમાં શ્રી નરનારાયણ ભગવાને નરઋષિને કહ્યું કે અક્ષરધામના અધિપતિ સર્વાવતારી શ્રીહરિ બાળ સ્વરૂપે તપ કરવાના મિષે (ઇચ્છા) સૌને દર્શન દેવા અહીયાં પધારે છે. ઉઘાડે પગે એકલા જ પોતે આવે છે. માટે હિમાલયને કહો કે મૂર્તિમાન સન્મુખ જાય. વર્ણીને કોઈ પ્રકારે દુ:ખ ન થાય તેવું જતન કરે ત્યારે નર ઋષિએ નારાયણ ભગવાનની આજ્ઞા હિમાલયને કહી.

એટલે હિમાલય દેવ જેવું સુંદર સ્વરૂપ ધારી શ્રીહરિની સામે આવી, હાથ જોડી શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને પ્રાર્થના કરી કહ્યું કે આપ કૃપા કરી મને પાવન કરવા પધાર્યા તે સારું કર્યું. આપ ઉઘાડા પગે ચાલો છો. તો આપને માટે આપ કહો તે વાહન લાવું. હું સાક્ષાત્ હિમાલય છું (મારો વિસ્તાર નવ હજાર યોજન (લગભગ ૧,૦૮,૦૦૦ ચોરસ કિ.મી.માં છે. આપ અત્યારે તે વિસ્તારમાં વિચરો છો. મને પરમ પવિત્ર કરો) અને નારાયણ ભગવાનની આજ્ઞાથી આપની સેવામાં આવ્યો છું. આપનાં દર્શન કરી કૃતાર્થ થયો છું અને મારાં મોટાં ભાગ્ય માનું છું કે આપની સેવાનો અલભ્ય લાભ મને મળ્યો. નરઋષિ પણ આપની સન્મુખ (સામે) આવે છે. શ્રીહરિ કહે છે કે અમારે વાહનની જરૂર નથી. પગે ચાલીને યાત્રા કરવાથી અનંતગણું પુણ્ય થાય છે. માટે અમો પગે ચાલીને જ બદરિકાશ્રમમાં જઈને શ્રી નર-નારાયણ ભગવાનનાં દર્શન કરીશું અને તેથી અમોને ખૂબ આનંદ થશે.

એવી રીતે વાર્તાલાપ કરતા આગળ ચાલ્યા જાય છે. રસ્તામાં હિમાલય શ્રીહરિની જળ, ફળો વગેરેથી સેવા કરે છે. શ્રીહરિ પર્વતની કુદરતી શોભા જોઈ આનંદ પામે છે. આગળ ચાલતાં કેટલાક ઋષિઓને સાથે લઈને નરઋષિ પણ શ્રીહરિના સામા આવતા તે મળ્યા. એકબીજાનો મહિમા બંને સમજતા હતા. તેથી પરસ્પર એકબીજાને નમસ્કાર કર્યા અને એકબીજાનાં દર્શનથી બેય જણને

ખૂબ આનંદ થયો. ઋષિઓએ પણ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યાં અને ફળો ભેટ ધર્યાં. ત્યાંથી આગળ ચાલતાં શીતળ જળ આવ્યું. તેમાં બધાએ સ્નાન કર્યું. પછી શ્રીહરિએ નિત્યવિધિ કર્યો અને ફળો સુધારી દેવને નૈવેધ કરી પોતે જમ્યા અને પ્રસાદી દરેકને આપી. એમ ચાલતા ચાલતા ત્રીસ દિવસે (એક માસે) બદરીવનમાં પહોંચ્યા. તે વનની શોભા જોઈને શ્રીહરિ આનંદ પામ્યા. ત્યાં અતિ ઠંડા જળવાળી એક નદી આવી. તે જળમાં જે પ્રવેશ કરે તે ઠરીને બરફ જેવા બની જાય. (પથ્થર જેવો બની જાય છે.) ધર્મનંદન શ્રીહરિએ તે નદીને દેખી. સિદ્ધ મુક્તોની સહાયથી શ્રીહરિ તે નદી ઊતર્યાં. (તેમણે શ્રીહરિને ઉઠાવી લીધા. એક ક્ષણવારમાં તે નદીને પાર કરી દીધી. વધારે સમય લાગ્યો નહિ) જોકે પોતાને તે જળ જરા પણ બાધ (દુઃખ) કરે તેમ ન હતું. છતાં મનુષ્ય ભાવ બતાવવા માટે તેમણે સિદ્ધ મુક્તોની સહાય લીધી. પછી ત્યાંથી આગળ ચાલતા ગયા. તેમ તેમ તે વનની શોભા જોઈ શ્રીહરિ ખૂબ આનંદ પામવા લાગ્યા. અદ્‌ભુત વનને દેખીને સર્વ સુખોનું મૂળ આવા શ્રીહરિ બોલ્યા જે શ્વેતદ્વીપ ધામ છે તેવું આ ધામ લાગે છે. ભરતખંડનું આ સૌથી મોટું તીર્થધામ છે. તેથી જે ભક્ત અહીંયા રહે છે તે નિષ્કામ થઈ જય છે. અહીંથી હવે આગળ જવાય નહિ જે ઈચ્છા હોય તે અહીં પ્રાપ્ત થઈ જાય છે. ભક્તો આ સ્થાનમાં રહી તપશ્ચર્યા કરે છે. આ બધું જોઈ શ્રીહરિ ખૂબ રાજી થયા. અને શ્રીહરિ બદરીવન (આદિબદરી) પહોંચ્યા.

**અલકગંગાના કિનારે :** આ સ્થાનમાં શ્રી નર-નારાયણ ઋષિ જે આશ્રમમાં તપ કરે છે તે બદરીકાશ્રમ તદ્દન નિર્જન અને એકાંત સ્થળ, નીલકંઠ વર્ણી, નર-નારાયણના આ બદરીકાશ્રમમાં પધાર્યા. આ બ્રહ્માંડના ભોમિયા નર-નારાયણે પચાસ વર્ષ અને દોઢ પહોર સુધી એક પગે ઊભા રહીને સ્તુતિ કરી હતી. ત્યારે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર (શ્રીહરિ) પ્રગટ થયા હતા. નર-નારાયણની આ તપશ્ચર્યાનું ફળ આપવા જ સાક્ષાત્ પુરુષોત્તમ આજે નીલકંઠ વેષે અહીં પધાર્યા હતા. નરનારાયણ ઋષિ હર્ષઘેલા (આનંદિત) થઈને નીલકંઠ વર્ણીની સામે દોડીને આવ્યા. ભગવાનનાં બંને સ્વરૂપોનું મિલન અને પરસ્પર મુષ્યલીલાનું જે નિદર્શન થવા લાગ્યા તેને જોવા માટે ભવ-બ્રહ્માદિક અનેક દેવતાઓ વિમાનમાં બેસી આકાશમાં દર્શન કરવા આવ્યા અને પુષ્પની વૃષ્ટિ કરી. પ્રથમ નારાયણ ભગવાન શ્રીહરિને મળ્યા અને પ્રેમથી વારંવાર શ્રીહરિને બાથમાં ઘાલીને મળવા લાગ્યા અને અત્યંત પ્રેમથી નારાયણ ભગવાનનાં નેત્રમાં હર્ષાશ્રુઓ આવ્યા. નીલકંઠવર્ણી ગદ્‌ગદ કંઠે સ્તુતિ કરીને નીલકંઠને

કહ્યું : આપનો પ્રતાપ કોઈ જાણતા નથી. આપના પ્રતાપથી જ અમારી મોટપ છે. આપનાથી અમને જે મોટા માને છે. તે ખરેખર આપના પ્રતાપને જાણતા જ નથી. ત્યારબાદ શ્રીહરિએ પણ નારાયણ ભગવાનનાં ચરણમાં મનુષ્યભાવ જણાવતા હોય તેમ નમસ્કાર કર્યા તેટલામાં સાંજનો સમય થયો. એટલે બીજા તપસ્વી ઋષિઓ પોતાના તપમાંથી નિવૃત્ત થઈ શ્રીહરિ પાસે આવી ચરણમાં પડી સાષ્ટાંગ પ્રણામ કરીને પુષ્પની માળાઓ પહેરાવવા લાગ્યા. પછી નારાયણ ઋષિ મનુષ્યભાવ લાવી વર્ણીને કુશળ સમાચાર પૂછીને કહેવા લાગ્યા કે આપના ચરણના સ્પર્શથી આ આશ્રમ પવિત્ર થયો. અક્ષરધામની અધિકતા (શોભા) તથા પ્રભાવ આપના ચરણના પ્રતાપથી જ છે. આવી ઘણી જ મહિમાની વાર્તા કરી.

શ્રીહરિનો હાથ પકડી આશ્રમ ઉપર લઈ ગયા. શ્રીહરિ બદરિકાશ્રમમાં માગશર વદી આઠમના રોજ પહોંચ્યા હતા. તેથી રાત્રિ અંધારી હોવાથી મુનીઓએ રાળના કાષ્ટની મશાલો કરી અજવાળું કર્યું. બોરડી નીચે આસન કરી વર્ણીને બેસાડ્યા. તેમની બાજુ નારાયણ ઋષિ પણ બેઠા. પછી નારાયણ ભગવાને કહ્યું કે અહીંયા સિદ્ધ ગતિવાળા મુક્તો જ આવી શકે છે પરંતુ આપ તો અવતારી છો તેથી સ્વતંત્ર થકા પધારો તેમાં કોઈ આશ્ચર્ય નથી. આપને આવી વિકટ ભૂમિ ઓળંગીને અહીં પધારવાનું શું કારણ છે ? માટે અમારા યોગ્ય સેવા હોય તો અમોને કહો. અહીંયાં સૌ આપનું ચિંતવન કરે છે. આપ પ્રગટ મળ્યાં તેથી અમારાં સૌના તપ ફળ્યા. અમો આપનાં દર્શનથી કૃતાર્થ થયા છીએ. આ આશ્રમનાં તથા ભૂમિનાં પણ ધનભાગ્ય છે. આ આપનો જ આશ્રમ છે. માટે અહીંયા સુખેથી રહો. આપ તો મહા સમર્થ છો. છતાં તપનું મિષ લઈને આપ અમને કૃતાર્થ કરવા અહીં પધાર્યા છો. પરંતુ આપ તો પૂર્ણકામ છો, સર્વથી પર છો, આપની મોટપથી જ બીજાની મોટપ છે. આપની આજ્ઞા પાળવાથી જીવ કૃતાર્થ થાય છે અને જન્મ મરણથી મુક્ત થાય છે.

આવાં નારાયણનાં વચનો સાંભળી શ્રીહરિ બોલ્યા કે મોટા હોય તે બીજાને મોટા સમજે. તુચ્છ (હલકા) હોય તે બીજાને તુચ્છ માને છે. જેવડું વાસણ હોય તેટલું પાણી સમાય. આપ અગાધ સમુદ્ર જેવા છો તેથી બીજાને તેવા સમજો છો. અમારું અહીં આવવાનું કારણ તો એ જ છે કે અત્યારે હાળાહળ ઝેર જેવો ઘોર કળિયુગ છે. તેનું જોર હમણાં ઘણું વધી ગયું છે. તેના કારણે આ સંસારમાં ગુરૂ, રાજા, પ્રજા સૌ એક થઈને માંસ, મદિરા, ચોરી, વ્યભિચારમાં પ્રવર્તે છે. ધર્મ કોઈને પાળવો ગમતો નથી. આ બધું જોઈ અમો ઉદાસ થયા. આ બધો જ

દુરાચાર દૂર કરવામાં અને ધર્મનું સ્થાપન કરવામાં મદદ કરવા માટે તથા ઉપાય બતાવવા માટે અમોએ તપાસી જોયું પરંતુ તમારા વિના અમારા કાર્યમાં મદદ કરનારા તથા ઉપાય બતાવનારું બીજું કોઈ નથી. એમ માની આપની પાસે આવ્યા છીએ તો અમોને અમારા કાર્યમાં મદદ કરો અને તેનો ઉપાય બતાવો.

શ્રીહરિનું આવું વચન સાંભળીને નારાયણ ઋષિ કહે છે કે આપ તો મહાસમર્થ છો. છતાં મનુષ્યભાવે આવી સહાયની વાત કરો છો પણ આપને કોઈની સહાયની જરૂર નથી. બધુ આપનું જ કર્યું થાય છે. આપના સંકલ્પ માત્રથી કળિયુગ અને અધર્મ દૂર હઠી જાય. તેમનું જરા પણ જોર ચાલે નહિ. આપની મોટપના મહિમાનો કોઈ પાર પામે તેમ નથી. આપ તો અમોને તપનું ફળ આપવા જ અત્રે (અહીંયા) પધાર્યા છો.

આમ બંને સ્વરૂપો પરસ્પર વાતો કરે છે તે જાણી બ્રહ્માદિક દેવતાઓ ત્યાં આવી શ્રીહરિની પૂજા કરી પ્રાર્થના કરતા. ત્યાંના બીજા મુનિઓ પણ રોજ વર્ણીની પૂજા કરી પ્રાર્થના કરતા. હમેશાં ધર્મની વાતો કરતા. નારાયણ ઋષિ કહે છે કે શાસ્ત્રોમાં અનેક પ્રકારના ધર્મો બતાવ્યા છે. તેને સમજીને જો માણસ સદ્ધર્મનું (સદ્ધર્મ) પાલન કરે તો સુખી થાય અને પોતાના મનોકલ્પિત અર્થો કરી ધર્મનો ત્યાગ કરે તો જન્મ મરણના દુઃખને ભોગવે છે. આપને તો કોઈનો સંગ લાગે તેમ છે જ નહિ.

નારાયણ ઋષિની વાત સાંભળી શ્રીહરિ કહે છે કે આપ તો ભરતખંડના રાજા છો. તપ કરવાની ઈચ્છાથી આપની પાસે આવ્યા છીએ. પ્રજાના (જનોનાં) હિત ખાતર આપ તપ કરો છો. તો અમારું પણ હિત તમો જાણો છો. શ્રીહરિના આવા વચનો સાંભળી નારાયણ ભગવાન કહે છે કે આપ તો સર્વાવતારી છો. દુર્વાસા ઋષિએ અહીં અમો સર્વેને શ્રાપ આપ્યો તેથી તે શ્રાપથી અમારું રક્ષણ કરવા આપ પ્રગટ થયા છો. ઉદ્ધવજી પણ પ્રગટ થયા છે. તેઓ ફરતા ફરતા ઈશ્વર ઈચ્છાથી ગિરનારની છાયામાં આવશે. આપ પણ બધા તીર્થોને પાવન કરતાં કરતાં અને અનેક જીવોને દર્શન દઈ તેમનો મોક્ષ કરતા તથા અધર્મનો નાશ અને ધર્મનું સ્થાપન કરતાં પશ્ચિમ દેશમાં જશો. ત્યાં ઉદ્ધવજી રામાનંદ નામે આપને મળશે પછી જેમ કોઈ રાજા મુસાફરીએ અથવા કોઈ કાર્ય માટે બહાર ફરવા નીકળે ત્યારે રાજાના સેવકો આગળ જઈને બધી તૈયારી કરે છે તેમ રામાનંદ સ્વામી (ઉદ્ધવજી) એ મોક્ષના માટેની જે પૂર્વ તૈયારી કરવી જોઈએ તે કરી રાખેલ હશે તેને આપ સ્વતંત્ર થકા પ્રવર્તાવવા માટે પ્રવૃત્તિ કરશો.

એમ બદરિકાશ્રમમાં હમેશા જ્ઞાનની, તપની તથા બીજી અનેક પ્રકારની સત્સંગની વાતો શ્રીહરિ તથા નારાયણ ભગવાન કરતા અને તપશ્ચર્યા વગેરે કરતા. એવી રીતે શ્રીહરિ બદરિકાશ્રમમાં ત્રણ મહિના રોકાયા. નરનારાયણ ઋષિ તથા અન્ય મુનિ ગણનો ભાવ જોઈ આ આશ્રમમાં શિયાળાના ત્રણ માસ નીલકંઠ વર્ણી રહ્યા. નીલકંઠ વર્ણી અહીં ઉગ્ર તપ કર્યું. હજારો ઋષિઓને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપ્યું.

તેમની સેવાઓ સ્વીકારીને નીલકંઠે વિદાય લેતાં લેતાં નર-નારાયણ ઋષિને સંબોધીને નીલકંઠે કહ્યું : ઋષિવર્યે ! તમે ત્રણ મહિના મારી ખૂબ સેવા કરી છે. તેથી તમારી મૂર્તિની સ્થાપના હું ભરતખંડમાં જરૂર કરીશ એમ નર-નારાયણ વચન આપીને પછી ભયંકર હિમવર્ષા વચ્ચે હિમાલયના શિખરો પાર કરતાં કરતાં ઉઘાડે પગે અને ઉઘાડે શરીરે ચાલતાં ચાલતાં નીલકંઠ માન સરોવર ગયા.

ત્યાંના નિર્જન જળમાં સ્નાન કરી શ્વેત હંસનું કલ્યાણ કર્યું. આ સ્થળ સરયૂ નદીનું ઉદ્‌ગમ સ્થાન છે. સરયૂ નદી અહીંથી નીકળી છે તે અયોધ્યાપુરી આવી છે. શ્રીહરિ માનસરોવરે પાંચ દિવસ રહ્યા અને બધા હંસોને દર્શન દીધાં.

## બદરિકાશ્રમ અને બદરી (બોરડી) વૃક્ષનો મહિમા

વરાહ પુરાણમાં ભગવાન વરાહ પૃથ્વી દેવીને બદરિકાશ્રમનો મહિમા સંભળાવે છે. હિમાલય પર્વત ઉપર આવેલું બદરી તીર્થ દેવોને પણ દુર્લભ છે. મહાન પુણ્ય કરીને પણ મનુષ્યને એ તીર્થની પ્રાપ્તિ થતી નથી. આ ક્ષેત્રમાં આવનાર માણસ કૃતકૃત્ય થઈ જાય છે.

આ પવિત્ર બદરી ક્ષેત્રમાં ઉર્વશીકુંડ નામનું એક તીર્થ છે. ભગવાન નારાયણે ત્યાં તપ કર્યું હતું. નારાયણની જમણી જંઘાને ભેદીને ઉર્વશી અહીં જન્મી હતી. દેવોના હિત માટે તે સ્થળે તપ કરતા હતા પરંતુ કોઈ દેવને આ વાતની ખબર નહોતી. કેવળ જ્ઞાની ભક્તો જ જાણતા હતા આ પ્રમાણે તપ કરતાં ઘણાં વર્ષ વીતી ગયા. ઈન્દ્ર, બ્રહ્મા અને શંકર આદિ દેવોને પણ મારા વિષે કાંઈ જ ખબર નહોતી. મેં કરોડો, અબજોને પદ્મ સંખ્યાના વર્ષ સુધી એ બદરિકાશ્રમમાં તપ કર્યું અને મારા તપનું ફળ મેં બદરિક્ષેત્રને આપ્યું તેથી આ બદરિકાશ્રમ ધામ અત્યંત દિવ્ય અને સર્વોત્તમ પાવનકારી તીર્થ થયું.

(૧) ભગવાન નારાયણ કહે છે મારી ઉપાસના કરનારો જે મનુષ્ય એ બદરિક્ષેત્રમાં મૃત્યુ પામે છે તે પુણ્ય અને પાપથી મુક્ત થઈને મારા સ્વરૂપમાં લય

પામે છે. (૨) બદરિકાશ્રમના આ પવિત્ર માહાત્મ્યને વાંચનારો, સાંભળનારો કે સંભળાવનારો અને ચિંતન કરનારો મનુષ્ય વૈકુંઠ ધામને પામે છે. તેને ફરીથી આ સંસારમાં આવવું પડતું નથી. (૩) પ્રલય વખતે સંવર્તક મેઘે ઈન્દ્ર સાથે ચાલીસ દિવસ સુધી મહાવૃષ્ટિ (વરસાદ) કરીને આખા ભારત વર્ષને ડૂબાડી દીધું. ચારેય સમુદ્રો ભેગા મળી ગયા. માત્ર બદરિ-વિશાલ ક્ષેત્ર પ્રલયમાં ડૂબ્યુ નહિ. આવું અતિ દિવ્ય આ ધામ છે.

સ્કંદ પુરાણમાં ભાવિક શ્રોતાએ પ્રશ્નો પૂછ્યા છે કે આ ઘોર કળિયુગમાં જ્યારે બળ, બુદ્ધિ, શક્તિ, ધર્મ, આયુષ્ય ઘટી જાય છે ત્યારે જીવનો ઉદ્ધાર થોડા પ્રયત્નોથી કેવી રીતે થાય? કયાં તીર્થમાં અનેક ઋષિ વસે છે ? કંઈ જગ્યાએ ઓછા પ્રયત્નોથી તપ અને મંત્રની સિદ્ધિ મળે છે ? આ જગતમાં પરમ-ઈશ્વર ક્યાં વસે છે ? કયા સ્થાનમાં ભગવાન જીવ પ્રાણીમાત્રના કલ્યાણ માટે તપ કરે છે ?

આ સર્વ પ્રશ્નોના ઉત્તર બદરિકાશ્રમધામમાં આવી જાય છે. સ્કંદ પુરાણમાં આ પ્રશ્નોના જવાબમાં કહે છે કે બદરી નામનું હરિનું ક્ષેત્ર ત્રણ લોકમાં દુર્લભ છે. આ બદરિકાશ્રમના સ્મરણથી મહાપાતકી મનુષ્યો બધા પાપોથી મુક્ત બની જાય છે. ત્યાં મરનાર મુક્તિ મેળવે છે. બીજા તીર્થોમાં તીવ્ર તપ કરવાથી જે ફળ મળે એ ફળ બદરિકાશ્રમમાં મનથી તપ કરનારને મળે છે. સ્વર્ગ, પૃથ્વી અને પાતાળમાં અનેક તીર્થો છે. પણ બદરી સમાન એકે તીર્થ નથી. હજાર અશ્વમેઘ કર્યાથી અને માત્ર વાયુભક્ષણ કરીને રહેવાથી જે ફળ મળે તે અહીં વિશાલામાં એક ક્ષણ માત્ર રહેવાથી મળે છે. જ્યાં શ્રી નરનારાયણ ભગવાન વસે છે એ સ્થાનને વિશાલા કહે છે. (૧) સત્યુગમાં તેને મુક્તિ પ્રદા કહે છે. (૨) ત્રેતાયુગમાં સિદ્ધદા કહે છે. (૩) દ્વાપરયુગમાં વિશાલા કહે છે. (૪) કળિયુગમાં બદરિકાશ્રમ કહે છે. જીવનું વસતી સ્થાન સ્થૂલ, સૂક્ષ્મ શરીર છે. તેનો નાશ કરે છે તેથી તે વિશાલા કહેવાય છે. વળી ત્યાં બધા તીર્થો, બધા દેવો, બધા મહર્ષિઓ વસે છે. તેથી પણ તે વિશાલા કહેવાય છે.

બોરડી (બદરી)નો મહિમા : (૧) જે બોરડી (બદરી)ના વૃક્ષ નીચે નરનારાયણ દેવ તપ કરે છે તે બોરડીના સ્વરૂપમાં સ્વયં લક્ષ્મીજી છે. એ વૃક્ષમાંથી અમૃત ઝરે છે. તેથી વિદ્વાનો તેને બદરી કહે છે. (૨) જે બોરડી હિમાલયના ઊંચા શ્વેત શિખરની જેમ ચળકે છે. આ બોરડીમાં કાંટા બિલકુલ નથી. જે બોરડી કોમળ ચીકણાં પાંદડાં અને સુંદર ફળોથી યુક્ત છે. આ બોરડીના ફળ અત્યંત

મધુર, સ્વાદિષ્ટ તથા દિવ્ય છે. એક કવિ કહે છે કે 'તિનકે ફલ કૂષ્માંડ સમાના' જેના ફળ કૂષ્માંડ એટલે કોળા જેવા મોટાં છે. (૩) આ બોરડીની અંદર જેમ અંધારામાં બાગીચાની અંદર લાઈટ થાય છે. તેમ આ બોરડીમાં તેજના ફુવારા દેખાય અને તેનો પ્રકાશ દૂર દૂર ફેલાય છે. (૪) બ્રહ્માદિ દેવો પણ આ બોરડીના દર્શને આવે છે. આ બોરડી ખૂબ જ વિશાળ હોવાથી મરિચ્યાદિ ઋષિઓ તેને વિશાલા કહે છે. (૫) જ્યાં ઉદ્ધવજી તથા નારદજી સદા નિવાસ કરી રહ્યાં છે. જેના દર્શન માત્રથી પાપનો નાશ થઈ જાય છે. જ્યાં કળિયુગનો પ્રવેશ નથી. (૬) ભગવાન વિષ્ણુ યુગે યુગે કાળે કાળે બીજા બધાં તીર્થોને ત્યજે છે. પણ બદરીને કદી છોડતા નથી. બદરીમાં સાક્ષાત્ નિવાસ કરે છે. (૭) બધા તીર્થોમાં સ્નાન કરવાથી તપ, સમાધિથી જે ફળ મળે છે. તે સંપૂર્ણ ફળ બદરીના દર્શન માત્રથી મળે છે. (૮) કાશીમાં સાઠ હજાર વર્ષ યોગાભ્યાસ કરવાથી જે ફળ મળે છે. તે બદરીમાં એક દિવસથી મળે છે. તેથી કળિકાળમાં ભગવાન બદરીના દર્શન કરીને પ્રયત્ન વગર મુક્તિ મેળવે છે. (૯) પર્વતો તથા વન સહિત પૃથ્વીની દસ વાર પ્રદક્ષિણા કરવાથી જેટલું ફળ મળે તેટલું ફળ બદરીમાં ભગવાનની પ્રદક્ષિણા કરવાથી પ્રત્યક્ષ મળે છે. અહીં પ્રદક્ષિણા કરવાથી ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે છે. (૧૦) બદરીમાં ભગવાનનો પ્રસાદ જમવાથી અગ્નિથી જેમ સોનું શુદ્ધ થાય એમ સર્વ પાપોથી શુદ્ધ થાય છે. દેવો પણ અહીં ભગવાનનો પ્રસાદ લેવા માટે આવે છે. (૧૧) બ્રહ્મહત્યા, સુરાપાન વગેરે પાપો અહીં વિષ્ણુનું નૈવેદ્ય જમવાથી નાશ પામે છે. (૧૨) આ પૃથ્વી ઉપર જેટલા તીર્થો તથા વ્રતો છે. તેમનું ફળ અહીં વિષ્ણુનું ચરણોદક પીવાથી મળે છે. (૧૩) બદરિધામમાં સાધુ, યોગી, યતિને જમાડવાથી ભગવાનનો અપરાધી પણ તેમને વ્હાલો બની જાય છે. (૧૪) આ પવિત્ર અધ્યાયને સાંભળવાથી માણસ પાપ રહિત બની વિષ્ણુ લોકમાં મહિમાને પ્રાપ્ત કરે છે. (૧૫) જ્યાં કળિયુગનો પ્રવેશ નથી એવા દિવ્ય આશ્રમમાં શ્રી નરનારાયણ ભગવાન જગતના કલ્યાણ માટે આ બોરડીની નીચે તીવ્ર તપ કરે છે. (૧૬) ભારતના ચાર મહાધામોમાં બદરિકાશ્રમ સૌથી વધુ પ્રિય હોય તો આ ધામ છે. આ ધામની સર્વોપરિતા, સર્વશ્રેષ્ઠતા નરનારાયણ ભગવાનના ઐશ્વર્યના કારણે છે. (૧૭) ભગવાન ત્યાં લાખ્ખો વર્ષથી તપ કરે છે. લાખો વર્ષથી એ તીર્થ, દેવો, મનુષ્યોથી સેવાયેલું છે. છેક આદિ સત્યુગથી આ તીર્થ ઊભું છે તેથી આ પ્રાચીનમાં પ્રાચીન તીર્થોનો મહિમા કળિયુગમાં સર્વોપરિ છે. (૧૮) વ્યાસજીના વચનો છે કે બદરિકાશ્રમમાં

જનાર મનુષ્ય કળિયુગના પાપથી છૂટી જાય છે. કારણ કે ત્યાં સનાતન નારાયણ નર સાથે બિરાજે છે. (૧૯) ત્યાં વિધિપૂર્વક કરેલું તપ અક્ષય બની જાય છે. અહીં શ્રાદ્ધ કરવાથી પિતૃઓનો ઉદ્ધાર થાય છે. આવું પવિત્ર તીર્થ મહાદેવજીને અત્યંત પ્રિય છે. (૨૦) તીર્થનું તીર્થત્વ દેવને આભારી છે. નરનારાયણ દેવ સર્વોપરિ છે. તેથી બદરિકાશ્રમ ધામ સર્વોપરિ તીર્થ બનેલું છે. બદરિકાશ્રમનો મહિમા એ નર-નારાયણ ભગવાનનો મહિમા છે. (૨૧) અને આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને પણ આ ધામ અત્યંત પ્રિય છે. પ્રભુના જ શબ્દો જ છે કે - અમને શ્વેતદ્વિપ અને બદરિકાશ્રમ જેવાં ગમે છે. તેવાં બીજા ગમતાં નથી. (વ. લોયા ૧૪) વળી શ્રીહરિએ એ દિવ્ય ધામમાં રહેવાની પણ ઈચ્છા દર્શાવી છે. નરનારાયણના આશ્રમમાં જઈને મુનિ ભેળો રહીને તપ કરું. (ગ.પ્ર. ૪૦)

## ભગવાન નરનારાયણના પ્રાગટ્યનું કારણ

ભગવાન શ્રીહરિનું નર અને નારાયણ આ બે સ્વરૂપે જન્મ લેવાનું કારણ :-

એક ઉપપુરાણની કથા છે. સત્યુગમાં પૂર્વે દૈત્યકુળમાં જન્મેલો કુંચી (સહસ્ર) નામનો દૈત્ય ચંદ્રાવતી નગરીનો રાજા હતો. આ કુંચી નામના દૈત્યે વિચાર કર્યો કે આ સમસ્ત ત્રિલોકીનું રાજ્ય મારા હાથમાં કેમ આવે ? વળી હું અજેય અને અમર કેમ બનું ? અંતે અજેય અને અમર બનવા માટે ઘોર જંગલમાં (હિમાલયમાં) જઈને બ્રહ્માજીનું ધ્યાન લગાવીને ઉગ્ર તપ કર્યું. કુંચીએ ભૂખ-તરસ, તાઢ-તડકો, વરસાદ આદિ કષ્ટોને સહન કરી ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યો. આમ વર્ષો જતાં જગત પિતા બ્રહ્માજી પ્રસન્ન થયા. કુંચીને વર માગવાનું કહેતાં, કુંચીએ કહ્યું કે ‘‘મારું કદી મૃત્યુ ન થાય. પછી બ્રહ્માએ કહ્યું કે મારું પણ મૃત્ય થનાર છે. માટે એ વર કદી ન આપી શકાય. હા એક વાત છે મૃત્યુ ન થાય એવો વર આપું પણ વચ્ચે કોઈ વિકલ્પ મૂકવો પડે.

કુંચીએ વિચાર કરી માંગણી કરી કે (૧) તો મને એક હજાર દેવી કવચ (બખતરો) છાતી પર આપો અને તેનો તૂટવાનો નિયમ કે જે માણસ એક હજાર વર્ષ સુધી અન્ન, નિંદ્રા અને વિષયનો ત્યાગ કરી ઘોર તપશ્ચર્યા કરે (બ્રહ્મચર્ય પાડે) અને પછી મારી સાથે સતત અવિરત વિશ્રાંતિ વગર એક હજાર વર્ષ સુધી યુદ્ધ કરે ત્યારે એક કવચ તૂટે. (૨) પરંતુ નિયમ એ છે કે ફરી તેને બીજા હજાર વર્ષ સુધી તપ કરવું પડે અને તે તપ કરવા બેસે એટલે યુદ્ધ વિરામ થાય અને યુદ્ધનો વિરામ થાય તો તૂટેલું કવચ પાછું સંઘાઈ જાય. આ વર આપો. ‘‘બ્રહ્માજી

ઘડીભર તો ઊંડા ઊતરી ગયા. પણ વર આપ્યા સિવાય કોઈ રસ્તો નથી. અંતે 'તથાસ્તુ' કહી બ્રહ્માજી સત્યલોકમાં ચાલ્યા ગયા.

આ બાજુ વરદાનના પ્રતાપે દૈત્યના શરીર પર એક હજાર કવચ (બખત્તર) લાગી ગયા અને કાનમાં કુંડલો લાગી ગયા. ત્યારથી તે દૈત્યના કુંચ નામની આગળ સહસ્ત્ર શબ્દ લાગવાથી નામ પડ્યું. સહસ્ત્રકુંચી. હવે આ સહસ્ત્રકુંચીને જીતી શકે તેવો ચૌદલોકમાં કોઈ ન મળ્યો. અંતે સ્વર્ગ, પૃથ્વીલોક અને પાતાળલોકનું (ત્રિલોકીનું) રાજ્ય દૈત્યે પોતના હાથમાં લઈ લીધું. શક્તિ મળી, સંપત્તિ મળી પણ સદ્ધર્મ વિનાની મળી. ભગવાનની શરણાગતિ વિનાની મળી. જેના કારણે સહસ્ત્રકુંચી દૈત્ય અનેક કુકર્મો કરવા લાગ્યા. ઈચ્છિત ભોગો ભોગવવા લાગ્યો. પુરુષોને પોતાના શીશની અને સ્ત્રીઓને પોતાના શિયળની (લાજ) સલામતી ન રહી. દેવોને પણ શીશ ઝુકાવવા દૈત્ય પાસે આવવું પડે અને દેવકન્યા હોય કે નાગકન્યા હોય કે મનુષ્ય કન્યા હોય, દૈત્યને ઈચ્છામાં આવે તેને પોતાના મહેલમાં ઉઠાવી લાવે. આમ ઘોર અત્યાચાર ફેલાવવા લાગ્યો. લોકો ત્રાસી ગયા. સહસ્ત્ર કુંચી અભિમાનમાં દેવ, દાનવ, માનવ, ગંધર્વ સૌને રંજાડવા લાગ્યો. સૌને હેરાન કરવા લાગ્યો. ખુદ ઈન્દ્ર એનાથી ડરી ગયો. બધા દેવો કંપી ઉઠ્યા. કોઈ છૂટકારો નહિ જોતાં બધા દેવો ભેગાં થઈને બ્રહ્મા પાસે ગયા. પોતાના દુઃખોની આપવીતી કહી. બ્રહ્માજી કહે : ''લાચાર છું મેં જ વર આપેલ છે. તેના હજાર કવચ કોણ તોડી શકે ? અંતે બ્રહ્માજીએ દેવો અને ઋષિઓની સાથે ક્ષીરસાગર ને કિનારે જઈ ભગવત્-પ્રાર્થના કરી દેવોની પ્રાર્થનાથી ભગવાન શ્રીનારાયણે દર્શન આપ્યું. એટલે બધા દેવોએ કહ્યું કે હે પ્રભુ ! અમે તમારે શરણ છીએ. સહસ્ત્રકુંચીથી અમારી રક્ષા કરો. ત્યારે ધીર ગંભીર વાણીથી નારાયણ ભગવાને કહ્યું કે તમારા દરેકના દુઃખોને હું જાણું છું. દૈત્યના નાશ માટે અવિરત યુદ્ધ શરૂ રહેવું જોઈએ. તેમ કરવા હું ધર્મ અને ભક્તિદેવી થકી બે સ્વરૂપે નર અને નારાયણ, આ બે નામે જન્મ ધારણ કરી. સહસ્ત્રકુંચીનો નાશ કરીને તમારો છુટકારો કરીશ. આમ કહી ભગવાન અદશ્ય થઈ ગયા. દેવો પોત પોતાના સ્થાને ગયા.

સમય જતાં બદરીકાશ્રમમાં ધર્મ અને ભક્તિ થકી ભગવાને ફાગણ માસની વદી એકમને મધ્યાહને બે સ્વરૂપે જન્મ ધારણ કર્યો. બોલો નરનારાયણ દેવની જય. ભગવાન શ્રી નરનારાયણ દેવના પ્રાગટ્યથી ઋષિઓ નાચવા-કુદવા લાગ્યા. ઉત્સવ મનાવવા લાગ્યા. ઝાડની ડાળીએ હિંડોળો બાંધીને બન્ને

સ્વરૂપોને તેમાં પધરાવીને ઝુલાવવા લાગ્યા અને કેસુડાના રંગથી એકબીજાને ઉડાડીને ઉત્સવ કરવા લાગ્યા. જે ઉત્સવને આજે પુષ્પદોલોત્સવ કહીએ છીએ.

આ દેશની ભૂમિ પર યુગે યુગે ભગવાનના અવતારો થયા છે પરંતુ ભગવાન શ્રી નરનારાયણનો જન્મ કંઈક જુદો જ તરી આવે છે. જ્યારે જ્યારે ભગવાનનો જન્મ થયો છે. તે તિથિએ લોકો ઉપવાસ કરી અને ઉત્સવ મનાવે છે. જ્યારે નરનારાયણ દેવના પ્રાગટ્ય સમયે ઉપવાસ કરીને ઉત્સવ કરવાનો નહિ પણ લાડવા ખાઈને ઉત્સવ કરવાનો. ભગવાન શ્રી નરનારાયણ દેવનું આ દેશને માથે ઘણું મોટું યોગદાન છે. ઘણું સહન કર્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે એટલે જ નવ મંદિરોમાં સર્વ પ્રથમ મંદિર અમદાવાદમાં તૈયાર કરાવી ભગવાન શ્રી નરનારાયણ દેવની સ્થાપના કરી. પરંતુ આજે આપણને દર્શન કરવા જવાનો પણ ટાઈમ મળતો નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ઘણીવાર કહેતા, ''મારા દાખડા સામું જોજ્યો'' પરમેશ્વરે આપણા માટે જે કાંઈ કર્યું છે તેને યાદ કરીએ તો લાગશે કે હજુ હું તેના ચરણની ધૂળને પણ લાયક નથી.

ભગવાન શ્રી નરનારાયણ દેવના પ્રાગટ્યનો ઉત્સવ મનાવી ઋષિઓ પોતપોતાના આશ્રમે ગયા. (૧) પહેલાં જેનો જન્મ થયો તેનું નામ નારાયણ રાખ્યું (૨) અને પછી જેનો જન્મ થયો તેનું નામ નર રાખ્યું. આમ ભગવાન નરનારાયણ મોટા થતાં નક્કી કર્યું કે હવે જે કાર્ય માટે આપણું મનુષ્ય શરીરમાં આલોકમાં આવવાનું બન્યું છે. તે કાર્યનો શુભારંભ કરીએ. અખંડ બ્રહ્મચર્યવ્રતને ધારણ કરી. અન્ન અને નિદ્રાનો ત્યાગ કરી ઘોર તપ કરવા લાગ્યા. હજાર વર્ષ પૂરાં થતાં ભગવાન નારાયણ યુદ્ધ માટે તૈયાર થયા અને નરને કહ્યું તમે તપ કરો. હું દૈત્યની સાથે યુદ્ધ કરું.

ભગવાન નારાયણે સહસ્ત્ર કુંચીને યુદ્ધ માટે લલકાર્યો. અતિ અભિમાની બની ચૂકેલ દૈત્ય ભગવાન નારાયણની સાથે યુદ્ધે ચડ્યો. ઘોર તુમુલ અવિરત એક હજાર વર્ષ સુધી યુદ્ધ થતાં એક બખતર (કવચ) તૂટીને નીચે પડ્યું. બ્રહ્માના વર મુજબ હવે નરનો વારો આવ્યો. ભગવાન નારાયણ તપ કરવા લાગ્યા. નર ભગવાન યુદ્ધે ચડ્યા. તેમણે એક હજાર વર્ષ સુધી યુદ્ધ કર્યું એટલે બીજું કવચ (બખતર) તોડી નાખ્યું. પછી ભગવાન નારાયણ યુદ્ધે ચડ્યા. નર તપ કરવા લાગ્યા. આમ અવિરત યુદ્ધ અને તપ કરતાં દૈત્યના ૯૯૯ કવચ (બખતરો) તોડી નાખ્યાં. છેલ્લે એક બાકી રહ્યું. ભગવાન નરને યુદ્ધે ચડવાનો વારો છે. ''સહસ્ત્રકુંચીએ વિચાર્યું. હવે હું નહિ બચું.'' આમ વિચારી રણભૂમિમાંથી

પલાયન થયો. ભગવાન નારાયણે પીછો કર્યો. કોઈ જગ્યા બચવાની ન ભાળી ત્યારે સવિતાપતિ સૂર્યના શરણે જઈ કહે, ''તમારે શરણે છું. મારું રક્ષણ કરો.'' ત્યાં ભગવાન નારાયણ પધાર્યાં. સૂર્યને કહે : ''તમો તેને શરણે રાખશો નહિ તે ઘોર દૈત્ય છે. હજારો વર્ષોથી તેના નાશ માટે હું પરિશ્રમ કરી રહ્યો છું. માટે તેને છોડી દો. ભગવાન સૂર્યનારાયણ કહે, 'પ્રભો ! આપ તો સ્વયં શ્રી નારાયણ છો. આપની આજ્ઞાનું પાલન કરવું તે મારો ધર્મ છે. પરંતુ શરણે આવેલાને છોડી દેતાં મારા ધર્મનો ભંગ થાય છે. માટે આપ જે રીતે કહો તેમ કરું. ભગવાનને લાગ્યું કે સૂર્યના શરણે આવેલાનો નાશ કરીશ તો સૂર્યનું અપમાન થશે. ભગવાન નારાયણ બદરિકાશ્રમમાં સમયની રાહ જોતા કુટિયામાં રહ્યાં.

આ બાજુ પેલો દૈત્ય મોત ભાળી ગયેલો. એટલે સૂર્યના પગ છોડે જ નહિ. જીવ પ્રાણીમાત્રને મોતના જેવો કોઈ ભય નથી. ભયંકરમાં ભયંકર માણસ પણ મોત ભાળે ત્યારે ધ્રુજી ઊઠે છે. કદી જીતી ન શકાય તેવું કોઈ તત્ત્વ હોય તો તે મૃત્યુ છે. દૈત્ય, સૂર્યનારાયણ જ્યારે સ્નાન કરવા જાય તો બાથરૂમના બારણે બેસે. જમવા જાય. તો રસોડાના બારણે બેસે. આમ તે સૂર્યનો પીછો છોડે જ નહિ. સૂર્ય પણ કંટાળ્યો. તે રાક્ષસને જવા વારંવાર કહે પણ દૈત્ય પગ છોડે નહિ. ક્યાંય જાય જ નહિ. અંતે દૈત્યને લાગ્યું કે આમ ને આમ ક્યાં સુધી સૂર્યને શરણે રહીશ ? પણ કોઈ દિશા એવી ન દેખાય કે જ્યાં મોત ન દેખાતું હોય. પાપી માણસના પાપનો ઘડો ભરાય છે ત્યારે તેને સર્વત્ર મોત દેખાય છે. પછી તેને તેનો પોતાનો પડછાયો પણ ડરાવતો હોય છે. માણસ જ્યારે અધર્મ, અનીતિ, અન્યાય આદિમાં પગ ધરે છે. ત્યારે તેના શરીરમાંથી દૈવી તેજ, બુદ્ધિ, બલ આદિ આપો આપ નાશ પામી જાય છે. રામાયણનો મત છે કે

''ઈમી કુપંથ પગ દેત ખગેશા, રહે ન તેજ તન બુદ્ધિ બલ લેશા.''

દૈત્યને રાત અને દિવસ સરખા થઈ ગયા. આમ દિવસો વ્યતીત થાય છે. તે સમયમાં કુન્તી ભોજની દીકરી કુન્તાજી યુવાન અવસ્થામાં પહોંચી ગયેલા રૂપરૂપનાં અંબાર હતાં અને દિવ્ય ગુણે સંપન્ન હતા. એક દિવસ દુર્વાસાઋષિ મહેલ પધાર્યાં. રાજાએ સત્કાર સન્માન કરી મહેલમાં રાખ્યા, અને સેવામાં પોતાની દીકરી કુન્તાને રાખી. કુન્તાજી એટલી સરસ સેવા કરે એટલે દુર્વાસા પણ સેવાથી ખુશ ખુશ થઈ ગયા. જવાના સમયે વંદન કરતાં રાજકુમારીના માથા પર હાથ મૂકીને કહે, ''બેટા ! માગ, જે માગે તે આપું. કુંતાજી કહે, ''બાપજી ! અજાણ બાળક છું. સેવામાં કંઈ ભૂલ થઈ હોય તો માફી માંગું છું. બસ મને માફ

કરો અને મારા પર રાજી રહો.'' કુંતાજીના આવા પ્રેમાળ શબ્દોથી દુર્વાસા અતિ રાજી થયા અને કહે, ''બેટા ! તને પાંચ દેવોના પાંચ મંત્રો આપું છું.જ્યારે તું તે મંત્રથી જે દેવનું આવાહન કરીશ ત્યારે તે દેવ પ્રત્યક્ષ તારી સામે આવશે. અને પોતાના અંશરૂપે તને પુત્ર આપશે અને તે પુત્રોથી તારું નામ ભારતવર્ષમાં અમર બનશે અને વર્ષો સુધી લોકો તારી કૂખને ધન્યવાદ આપશે. સ્ત્રીઓના જીવનમાં પુત્ર મળે તો આવા જ મળો. પાંડવો પાંચ હોવા છતાં કુંતાજીના નામને અમર બનાવી દીધું અને ગાંધારીને સો પુત્રો હોવા છતાં ગાંધારીના નામને ગંદું કરી નાખ્યું. જે વર્ષો જવા છતાં હજી સારૂં થતું નથી. સંતોના મત છે કે :

જનની જણતો ભક્ત જણ, કાં દાતાર કાં શૂર ।
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર ॥

કુંતાજીને પાંચ મંત્રો આપી દુર્વાસા ચાલ્યા ગયા. સમય પછી સમય ચાલ્યો જાય છે. તેવામાં એક દિવસ ગંગાજીએ સ્નાન કરવા ગયા છે. સૂર્યોદયને થોડી વાર છે. શીતળ મંદ પવન ફુંકાઈ રહ્યો છે. ગંગાના જળ તરંગોથી આગળ વધી રહ્યાં છે. પક્ષીઓનો કલરવ સંભળાઈ રહ્યો છે. કુંતાજીએ સ્નાન કર્યું. કપડાં પહેર્યા. તે ટાઈમે દુર્વાસાનો આપેલો આશીર્વાદ યાદ આવ્યો. વિચાર થયો. લાવને પ્રયોગ કરું શું બને છે. તે જોઉ તો ખરી. આમ બાળ બુદ્ધિથી વિચારી સૂર્યના મંત્રનું આવાહન કર્યું. આવાહન કરતાં જ સૂર્યદેવ સ્વયં નીચે આવ્યા. કુંતાજીની સામે ચતુર્ભુજ સ્વરૂપે ઊભા રહી કુંતાજીના ઉદર સામે હાથ ધર્યો. હાથમાંથી એક પ્રચંડ તેજ કુંતાજીના ઉદરમાં પ્રવેશ્યું. કુંતાજી કહેતા રહ્યા. ''હે પ્રભો ! હજુ હું કુંવારી છું. સૂર્ય કહે, દુર્વાસાનો આશીર્વાદ, મંત્રનો પ્રભાવ અને મારું દર્શન કદી નિષ્ફળ નહિ જાય. ''તારી કૂખે મહાન પરાક્રમી દાનેશ્વરી પુત્રનો જન્મ થશે.'' આટલું કહી, સૂર્ય અંતર્ધાન થયા. મંત્રની શક્તિ, યંત્ર કરતા અનંત ગણી છે. મંત્ર સાધનાથી સિદ્ધ થાય, અને યંત્ર શિક્ષણ મેળવવાથી સિદ્ધ થાય છે. બન્નેમાં પૂરતો પરિશ્રમ છે. શિક્ષણ વગરનું યંત્ર ચલાવી શકાતું નથી.

સૂર્ય જતાં કુંતાજી તો ઊંડા ઊતરી ગયાં. હવે શું થાય ? મારા પેટમાં તો ગર્ભ રહી ગયો. હવે તે જ સમયે સૂર્યની સાથે આવેલો પેલો સહસ્ત્રકુંચી દૈત્ય લાગ જોઈને કુંતાજીના ઉદરમાં જે ગર્ભ રહ્યો હતો તેમાં ઘૂસી ગયો. અને શાંતિનો દમ ખેંચ્યો કે હવે આ બહાને છૂટી જઈશ. કુંતાજી શરમિંદા બની મહેલે આવ્યા. ચિંતામાં દિવસો વીતવા લાગ્યા. જેમ જેમ દિવસો વીતવા લાગ્યા. તેમ તેમ ઉદરમાં બાળક મોટું થતું ગયું. પોતાની વિશ્વાસુ દાસીનું ધ્યાન દોર્યું કે મારા

પેટમાં બાળક પોષાય છે. તેની ગંધ માતા-પિતા આદિ કોઈને ન આવવી જોઈએ નહિં તો મારાં માતા-પિતાની આબરૂના કાંકરા થશે અને મારે આપઘાતનો આશ્રય લેવો પડશે.

કુંતાજીથી કોઈ અયોગ્ય કામ બન્યું ન હતું. છતાં સમાજને સત્ય કહે તો સમાજ માનવા તૈયાર ન થાય. માટે પેટમાં બાળક પોષાય છે. તે વાતને અતિ ગુપ્ત રાખી સમય જતાં બાળકનો જન્મ થયો. અતિ તેજસ્વી બાળક, છાતી પર સોનાનું કવચ, કાનમાં કુંડલ આ જોઈને દાસી અને કુંતાજી આભા બની ગયા. કુંતાજીએ તુરંત સ્વસ્થ બની એક પેટી તૈયાર રાખેલી તેમાં બાળકને પધરાવી ગંગાજીના પ્રવાહમાં કોઈ ન જાણે તે રીતે તરતી મૂકી દીધી. સમય કેટલો બળવાન છે માણસ પાસે કેવું કામ કરાવે છે. જનેતા આજે તાજા જન્મેલા બાળકને આ રીતે તરતું મૂકી દે ! કદી કોઈ કલ્પી ન શકે તેવું કામ સમયે માતા પાસે કરાવ્યું.

સમય સમય બળવાન હૈ, નહિ પુરુષ બળવાન; ।
કાબે અર્જુન લુંટીઓ, એહી ધનુષ્ય એહી બાણ ।।

કુંતાજીની આંસુ ઝરતી આંખો તાકતી રહી. ગંગાજીના પ્રવાહમાં પેટી દૂર દૂર જતાં દેખાતી બંધ થઈ. આ બાજુ હસ્તિનાપુરના રાજા ધૃતરાષ્ટ્રના સારથી અધીરથને કોઈ બાળક પોતાને નહિ હોવાથી દરરોજ ગંગા કિનારે આવે, સ્નાન કરે, અને સૂર્યને અર્ધ્ય આપતાં. પુત્રની માગણી કરી. જ્યાં આંખો ખોલે તો સામેથી એક પેટી તણાતી ચાલી આવે. કુતુહલ વશ બની સારથીએ પેટી કિનારે લીધી. જોયું તો નયન મનોહર બાળક દીઠું. આવું તેજસ્વી બાળક જોઈ, સારથી તો ખુશખુશાલ બની ગયો. બસ, મને ગંગામૈયાએ બાળક આપ્યું. મારી પ્રાર્થનાનું ફળ મને મળી ગયું. બાળકને ઉઠાવી ઘરે આવી પોતાની પત્ની રાધાને આપ્યું. રાધા પણ ખુશ બની નાચવા લાગી. નામ કર્ણ પાડવામાં આવ્યું. લોકો રાધેય નામથી પણ સંબોધતા હતા. દૈવની કેવી વિચિત્ર ગતિ છે ! ક્યાં કુંતાજી અને ક્યાં રાધા ! જન્મ કુંતાજીએ આપ્યો અને ફળ રાધાને મળ્યું. પ્રવાહમાં પેટી તૂટી નહિ, ડૂબી નહિ, કિનારે નીકળી ગઈ, કોતરો, ભેખડો, ભમરો, પહાડો સાથે કંપાઈ અથડાઈ નહિ. કહેવત છે કે ''રામ રાખે તેને કોણ ચાખે?''

દૈવની ગતિ અતિ ન્યારી છે. ઘણીવાર માણસની બુદ્ધિ તેમાં બહેર મારી જતી હોય છે.

સમય જતાં કુંતાજીના લગ્ન પાંડુ રાજા સાથે થયાં. કુંતાજી હસ્તિનાપુર આવ્યા અને પાંચ પુત્રોની માતા બન્યાં. અર્જુન આચાર્ય દ્રોણ પાસે ધનુર્વિયા

ભણીને બાણાવાળી બન્યા અને કર્ણ પરશુરામની પાસે ધનુર્વિદ્યા ભણીને બાણાવાળી બન્યો. બન્ને સમાન બાણાવાળી હોવા છતાં ફરક ઘણો મોટો રહ્યો. તેનું કારણ કુંતાજીએ પુત્રોમાં સારા સંસ્કારો રેડ્યા હતા. ધર્મને જીવનમાં વણી લીધો હતો. પરમેશ્વરનો આશ્રય કરાવેલ હતો. જ્યારે કર્ણને તે પૈકીનું કશું મળ્યું ન હતું. સામેથી દુરાચારી દુર્યોધન અને દુષ્ટ શકુનીનો કુસંગ થયો હતો. જેથી કર્ણ જેવું એક અતિ તેજસ્વી પાત્ર સમાજ અને ઇતિહાસની દૃષ્ટિએ ધૃણાને પાત્ર બન્યું હતું. સમય જતાં મહાભારતના યુદ્ધનો પ્રસંગ આવ્યો ત્યારે ભગવાન દ્વારકેશે વિચાર્યું જ્યાં સુધી કર્ણ પાસે કવચ અને કુંડળ છે ત્યાં સુધી તે મરશે નહિ. ભગવાન જાણે કે આ સહસ્ત્ર કુંચી નામે દૈત્ય છે અને તેને મારવા માટે મારે અને અર્જુનને અહીંયા આવવું પડ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણે ઇન્દ્ર દ્વારા કર્ણના કવચ અને કુંડળ લઈ લીધાં અને અંતે કર્ણ યુદ્ધમાં મરાણો પાર્થ દ્વારા આ રીતે કર્ણનો વધ થતાં ભગવાન શ્રી નરનારાયણદેવનું અવતાર કાર્ય પૂરું થયું. ભારતીય પ્રજાને સહસ્ત્રકુંચી દૈત્યનાં પંજામાંથી છોડાવવા કેટલો દાખડો કર્યો ત્યારે તેનો અંત અવ્યો. આમ ધર્મ અને ભક્તિથી જન્મ ધારણ કરી દૈત્યનો નાશ કરી બદરિકાશ્રમમાં નિવાસ કરે છે. ભગવાન દ્વારકાધીશે મનુષ્યલીલાની સમાપ્તિ કરતાં ઉદ્ધવજી પણ બદરિકાશ્રમમાં આવી. ભગવાન શ્રી નરનારાયણના ચરણોની સેવા કરતાં બદરિકાશ્રમમાં રહ્યાં છે.

નર અને નારાયણ સ્થૂળ દૃષ્ટિથી બે સ્વરૂપો જુદા જુદા દેખાય છે પરંતુ ખરેખર આધ્યાત્મિક દૃષ્ટિથી તેઓ જુદા નથી. બન્ને એક જ છે. ભક્ત ચિંતામણિમાં નિષ્કુળાનંદ સ્વામી આ રહસ્ય સમજાવે છે.

"છો તો એક ને દિસો છો દોય । તેનો ભેદ જાણે જન કોય"

હે પ્રભુ ! તમે એક જ છો છતાં બે સ્વરૂપે દર્શન આપો છો. એનો ભેદ કોઈ જાણી શકતું નથી. અથવા એનો ભેદ ભાગ્યે જ કોઈ જાણે છે.

## શ્રીહરિ પાછા બદરિનારાયણ આવ્યા પંજાબના રાજા રણજિંતસિંહને ઉપદેશ

શ્રીહરિ માન સરોવરમાં સ્નાન કરી દૂરથી કૈલાસના દર્શન કર્યાં અને પાછા વળ્યા. પાછા ચાલ્યા, તે ચાલતાં ચાલતાં અખાત્રીજને દિવસ બદરીનાથ પહોંચ્યા. વર્ણીએ બદરિનારાયણમાં પહેલાં જ્યાં ઉતારો કર્યો હતો ત્યાં ઉતારો કર્યો. બદરિનારાયણનાં દર્શન કરી ત્યાંના આશ્રિતજનોને બદરીવનમાં સાક્ષાત્

નારાયણદેવનો મહિમા અને માનસરોવરનું વર્ણન કર્યું. એ વખતે પંજાબના બહાદુર રાજા રણજિતસિંહ બદરીનાથના દર્શન કરવા આવેલા તે પણ તે વખતે તે બધાની સાથે બેઠા હતા. તે પણ આવી અલૌકિક શ્રીહરિની વાત સાંભળીને આશ્ચર્ય પામીને શ્રીહરિના દર્શનથી તે ખૂબ પ્રભાવિત થયો. નીલકંઠ વર્ણીના ચરણ પકડીને સ્તુતિ કરતાં તેમણે કહ્યું, 'હવે હું આપને છોડીશ નહિ. આપ મને છોડશો નહિ. આપ કહેશો એ નિયમ હું રાખીશ. એમ કહી તે ગદ્‌ગદ થઈ ગયા. નીલકંઠે તેમને પોતાની સાથે રહેવાની ના પાડી અને કહ્યું, અમે પછી તમે જ્યાં હશો ત્યાં તમને મળશું. હમણાં તો તમે જાઓ. શ્રીહરિને હાથી ઉપર બેસાડીને લઈ જવા બધા સંકલ્પો હતા તે તૂટી ગયા.

રણજીતસિંહને આ આજ્ઞા ખૂબ વસમી લાગી છતાં ફરી મળવાની આશાએ તેણે ધીરજ રાખી. નીલકંઠ ફરી શિખરો ખૂંદતાં ચાલ્યા ને ગંગોત્રી પહોંચ્યા. અહીં ગંગાજીનું મંદિર છે. નીલકંઠે અહીં દર્શન કરી ઉત્તરાખંડ હિમાલયનું અવરોહણ શરૂ કર્યું. અને તળેટીમાં હરિદ્વાર આવી પહોંચ્યા. અહીં હરકી પેડી પર રાજા રણજીતસિંહને નીલકંઠ વર્ણીનો ફરી મેળાપ થયો. રાજા નીલકંઠના ચરણમાં બેસી ગયો. રાજાએ પોતનું રાજ્ય નીલકંઠને અર્પણ કરવાની ભાવના દર્શાવી પરંતુ નીલકંઠને લેશમાત્ર સ્પૃહા (ઇચ્છા) ન હોતી.

નીલકંઠ વર્ણીએ તેને આશીર્વાદ આપી કહ્યું, અમારી સ્મૃતિ કરતાં રાજ્ય કરજે ને જો અમારું જ્ઞાન તારા અંતરમાં સ્થિર થશે તો રાજ્ય તને બંધન નહિ કરે. રણજીત સિંહના મસ્તક પર હાથ મૂકીને તેને પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું અને શાંતિ પમાડી. ત્યારે શ્રીહરિએ હસીને કહ્યું. મને ભૂખ ઘણી લાગી છે. જે ભોજન તૈયાર હોય તે લાવો. અન્ન પ્રાણોનો આધાર છે તત્કાળ જે ભોજન તૈયાર હતું તે સોનાના થાળમાં ભરી ભરીને આપ્યું. ત્યારે શ્રીહરિ તે પ્રેમથી જમ્યા. તે વખતે શ્રીહરિએ બીજો બધો થાળ રાજાને આપ્યો. ત્યારબાદ નીલકંઠે અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. થોડા દિવસ અયોધ્યામાં પધારીને ગુપ્તવેશે અહીં રહ્યાં. બે માસ અહીંથી નીલકંઠ વર્ણી મુક્તનાથનાં (પુલહાશ્રમ તરફ) દર્શન કરવા ચાલ્યા. એટલે ઈશાન તરફ સૌ પ્રથમ સરયૂના તટ ઉપર બાંસી શહેરમાં આવ્યા.

## બાંસી શહેર (પોતાની વાણીને શાપ આપ્યો)

શ્રીહરિએ પુલહાશ્રમ તરફ મીટ માંડી છે. શ્રીહરિ અયોધ્યાવાસીઓ ઉપર કૃપાદૃષ્ટિ કરીને સરયુના તટે તટે નીલકંઠ આગળ ચાલવા માંડ્યા. વનો-ઉપવનો

પસાર કરતા નીલકંઠ બાંસી શહેર આવ્યા. શહેરથી થોડે દૂર એક નદી વહેતી હતી. નદી કિનારે સુંદર એક બગીચો હતો. નીલકંઠે તે બગીચામાં ઉતારો કર્યો અને બાજુમાં નદી હતી તેમાં સવારે નહાવા જતા. બગીચામાં જાતજાતનાં સુંદર પક્ષીઓ કિલકિલાટ કરતાં. એક દિવસ નદીમાં સ્નાન કરીને નીલકંઠ બગીચામાં ધ્યાન કરવા પધાર્યા. તેવામાં બાંસી શહેરના રાજાના બે સિપાઈઓ હાથમાં બંદૂક લઈને બગીચામાં પ્રવેશ્યા. નીલકંઠ વર્ણીની મર્યાદા રાખ્યા વિના બંનેએ બંદૂકનું નિશાન લીધું. સન... ન... ન... કરતી બે ગોળીઓ છૂટી. એક પક્ષીનું જોડું ચીસો પાડતું તરફડતું ઝાડ પરથી નીચે પડ્યું. બન્ને પક્ષીઓની દયામણી આંખો નીલકંઠ પ્રત્યે મંડાઈ ગઈ. નીલકંઠની આંખમાં પક્ષીઓની આંખ પરોવી. તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું. નીલકંઠે તેમને દિવ્ય ગતિ આપી.

પરંતુ રાજાના સિપાઈઓના આવા વર્તનથી નીલકંઠને બહુ દુઃખ થયું. શોકથી નીલકંઠ ઉદાસ થઈ ગયા. તે દિવસે નીલકંઠે ઉપવાસ કર્યો. તેઓ બાંસી શહેરમાં પાછા ગયા જ નહિ. નદી કિનારે બગીચામાં જ આખો દિવસ રહ્યા. નીલકંઠનો અતિ દયાળુ સ્વભાવ.

મધ્ય રાત્રિએ નીલકંઠ અચાનક જાગી ગયા. તેમને મનમાં સહેજે સંકલ્પ થઈ ગયો. બળ્યું આ શહેર, ચાલો, ચાલી નીકળીએ. પણ તરત જ નીલકંઠે વૃત્તિ પાછી વાળી વિચાર કર્યો 'ક્ષમાવાન સાધુની આ રીત નથી. આપણે કોઈનું ભૂંડું થાય તેવો સંકલ્પ પણ ન કરવો.

પરંતુ નીલકંઠના સહેજે થઈ ગયેલા પહેલા સંકલ્પમાં જ બાંસી શહેર બળવા લાગ્યું. અગ્નિદેવે તો અંતરિક્ષમાંથી નીલકંઠના સંકલ્પ મુજબ શહેર ચેતાવી દીધું. રાજદ્વારથી જ શહેર બળવાની શરૂઆત થઈ ગઈ. મોટો કોલાહલ થઈ ગયો. રાજા-રાણી અને બધાં પ્રજાજનો શહેરમાંથી બહાર નીકળવા લાગ્યા.

નીલકંઠે આ જોયું તેમને અંતરમાં કરુણા ઉભરાઈ આવી. બળતા શહેરને દેખીને નીલકંઠ તરત જ નદીના જળમાં કૂદી પડ્યા. તરત જ શહેર ઓલવાઈ ગયું. સૌ બચી ગયા. ફક્ત પેલા બે નોકરો બળી મર્યા. શહેર બચી ગયું.

આવો બનાવ બન્યો તેથી નીલકંઠે નદીના જળમાં ઊભા ઊભા પોતાના જમણા હાથમાં પાણીની અંજલિ લઈ સંકલ્પ કર્યો, પોતાની વાણીને શાપ આપ્યો કે 'હવે ક્યારેય ભૂલથી પણ આવો મલિન ઘાટ અમારાથી થઈ જાય તો નિષ્ફળ થાઓ. આ પ્રસંગે અમારી વાણી નિષ્ફળ જાઓ.

નાહીને, ધ્યાન ધરીને કરૂણામૂર્તિ નીલકંઠ આગળ ચાલ્યા.

## શ્રીહરિનો ઘોર જંગલમાં પ્રવેશ

નીલકંઠે હવે કાળા પર્વતની વાટ પકડી. આ ભયાનક માર્ગ પર જવાની કોઈ હિંમત કરતું ન હતું. એક મહિના સુધી નીલકંઠ ચાલ્યા ત્યારે કાળા પર્વતની તળેટીમાં આવેલા ગાઢ જંગલોમાં પ્રવેશ્યા.

આ ઘાટા જંગલોમાં સૂર્યના કિરણો પૃથ્વીને સ્પર્શી શકતાં નહોતા. નીલકંઠના પગના સ્પર્શથી નીચે પડેલાં સૂકાં પાંદડામાંથી સર્પો સડસડાટ ચાલતા આવી જતા. ગેંડા, અરણા પાડા વગેરે ભયાનક હિંસક જંગલી જનાવરો આમ તેમ દોડતા હતા. ચારેકોરથી હિંસક પશુઓનો અવાજ સંભળાય, માર્ગમાં વીંછી, સાપ, કરચલાં અને કેટલાક જીવજંતુઓ એ બધામાં નીલકંઠ ઉઘાડે પગે ચાલ્યા જતા હતા.

નીલકંઠને હવે પુલહાશ્રમ પહોંચવું હતું. ત્રણ દિવસ અને ત્રણ રાત થયા પણ વિસામો ખાવાનું સ્થળ મળે નહિ. ચાર દિવસના કોરા કડાકા થયા. હવે શરીરમાં શક્તિ રહી ન હતી. ચાલતાં ચાલતાં નીલકંઠ મૂર્છાવશ થઈ ગયા. જાગૃત થયા ત્યારે થોડે દૂર એક નદી જોઈ. શરીરને ઘસડીને નદી સુધી પહોંચ્યા અને તેમાં નાહ્યા. શાલિગ્રામને ધરાવીને પોતે થોડું જમ્યા પછી નદીને કિનારે એક વડનું ઝાડ હતું તેની નીચે આસન જમાવીને સંધ્યા વંદન કર્યું અને નારાયણ કવચનો જપ કરવા લાગ્યા.

## વર્ણીનો વડ નીચે વિરામ, રાતે આવેલા ભૂત-ભૈરવનો હનુમાનજી દ્વારા પરાજય

આજે નીલકંઠને ઘેરથી નીકળ્યાને એક વર્ષ અને તેંતાલીસ દિવસ પૂરા થયા હતા. આ.સ. ૧૮૫૦ની શ્રાવણ વદ અષ્ટમીનો એ દિવસ હતો. નીલકંઠ એક વિશાળ વડની નીચે બેઠા હતા અને હનુમાનજીનું સ્મરણ કરી ધ્યાનમાં બેઠા હતા. હનુમાનજીનું સ્મરણ કર્યું તો તેઓ તુરંત જ આવ્યા. હનુમાનજી આવ્યા ત્યારે શ્રીહરિ ધ્યાનમાં બેઠા હતા. એટલે હનુમાનજી શ્રીહરિના ચરણમાં નમસ્કાર કરીને એક વૃક્ષ પર ચડીને નીલકંઠના દર્શન કરતા હતા. અડધી રાત થઈ. પ્રકૃતિએ તેનું સ્વરૂપ રૌદ્ર કર્યું હતું. આકાશમાં ઘનઘોર મેઘ ગર્જના થતી હતી. ચારે કોર વીજળીના ઝબકારા થતા હતા. એક ધારો વરસાદ વરસવા લાગ્યો. નદીમાં અપાર પૂર આવ્યું. તે વનમાં અનંત યક્ષો, રાક્ષસો, રાક્ષસીઓ,

દાનવો અને દૈત્યો જે ઘણા બળવાન હતા અને જ્યારે વીજળી થાય ત્યારે તેના અજવાળામાં ચોતરફ પાસે જ ઘૂમતા તે દેખાતા હતા. તે દેખીને શ્રીહરિને લેશમાત્ર પણ ભય લાગતો નહિ. હમેશા શ્રીકૃષ્ણનું ભજન અને ધ્યાન કરતા હતા. તે સમયે ત્યાં એક ભયંકર ભૈરવ આવ્યો. તે પોતાની સાથે ઘણા ભૂતોને અને પિશાચોને લાવ્યો હતો અને તેમના હાથમાં ત્રિશુળ ધારેલા હતા. તે બધા ભયંકર અને કદરૂપા લાગતા હતા. તે બધાની આંખો લાલ લાલ દેખાતી હતી. તેમાં ભૈરવ અત્યંત ભયંકર કાળો કાળો અને ઊંચે આકાશમાં વધેલો વિકરાળ લાગતો હતો. તેમના શરીર દુર્ગંધ અને રુધીરથી યુક્ત હતા. કાળ પણ દેખીને કંપે એવી ભયંકર તેની આકૃતિ હતી. આ વડમાં જ તેનો નિવાસ હતો. તેના ત્રાસથી કોઈ પશુ પંખી ત્યાં આવી શકતું નહિ. રાતે આહાર કરવા બહાર ગયો હતો. તેણે પાછા ત્યાં આવી મહાન ભયંકર શબ્દ કર્યો તેનાથી આખું વન કંપી ઊઠ્યું છતાં શ્રીહરિ તો નિધડક શાંત બેઠા રહ્યા.

શ્રીહરિને જોઈને અત્યંત ક્રોધાયમાન થયેલા ભૈરવે ભૂતોને આજ્ઞા આપી કે આ બટુકને ખાઈ જાઓ એમ બોલતો તે ભૈરવ હાથમાં ત્રિશૂળ લઈ શ્રીહરિ પાસે આવ્યો. તે વખતે હનુમાનજી વૃક્ષ ઉપરથી કૂદકો મારી શ્રીહરિની પાસે આવી ગયા. ત્યાં તેણે હનુમાનજીને દીઠા. ત્યારે તેણે ભૂતોને કહ્યું કે આ વાંદરાને પણ મારીને ખાઈ જાઓ. તે સાંભળી હનુમાનજીએ મોટી ગર્જના કરી પોતાનું શરીર બહુ મોટું વધાર્યું. પોતાના પૂછથી ભૂત-પ્રેતની સેનાને બાંધીને પછાડ્યા. પૂછડું વીંઝીને ભૂતોને મારવા લાગ્યા. વનમાં ચીસાચીસ અને દોડા દોડ થઈ ગઈ. કેટલાંય ભૂતો બીકના માર્યાં ભાગ્યા, કેટલાક પછડાતાં, અથડાતાં દૂર જઈને સંતાઈ ગયા. આ ચીસાચીસ અને ધમાલથી વનનાં પશુ-પંખીએ પણ જાગી ગયા.

આ બધુ જોઈ ભૂતોનો રાજા કાળ ભૈરવ ક્રોધે ભરાયો. તે હનુમાન તરફ ધસ્યો. પવનપુત્ર હનુમાનજી તો એક કૂદકે તેના ઉપર તૂટી પડ્યા. હનુમાનજીએ કાળ ભૈરવને પૂંછડે વીંટીને પકડ્યો. પછી બે હાથની બે મુઠ્ઠીઓ જોરથી કાળભૈરવના માથા પર મારી તેનું આખું માથું ધડમાં ઊતરી ગયું. લોહીની ધાર છૂટી અને આખું શરીર રૂધિરથી ખરડાઈ ગયું. ભયંકર શબ્દ કરીને તે પૃથ્વી ઉપર પડ્યો અને મરણ પામ્યો. બીજા ભૂતો ભયના માર્યા નાસી ગયા.

હનુમાનજીનું આ કર્તવ્ય જોઈને શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થયા. અને બાથ ભરીને ભેટ્યા. જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિએ સ્નાન કરી સંધ્યાવંદન કર્યું. (પોતાનો નિત્યક્રમ પતાવ્યો) (પૂજા કરી) તે વખતે હનુમાનજી મીઠાં

ફળો લઈને આવ્યા. તે ફળો દેવને નૈવેદ્ય કરી ચોથા દિવસે પ્રસાદી જમ્યા અને પ્રસાદીનાં થોડા ફળો હનુમાનજીને આપ્યા. હનુમાનજી પર પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે તમે ધન્ય છો. અમારી ઘણી સેવા કરી. આજે તમે ન આવ્યા હોત તો અમારું મૃત્યુ થાત. હવે જ્યારે સંભારીએ ત્યારે સહાય કરવા આવજો.

તે સાંભળી મારૂતિ કહે હે પ્રભુ ! આપ તો કાળના પણ કાળ છો. આપની હું શી રક્ષા કરી શકું. ત્યારે હનુમાનજીએ કહ્યું આ સામર્થ્ય તો આપનું છે અને આપે જ મને આપ્યું છે. આપ તો મહાસમર્થ પ્રભુ છો. છતાં મનુષ્યચરિત્ર કરવા આપ ઈચ્છો તો આપ જ્યારે સંભારશો ત્યારે આપની સેવામાં હાજર થઈશ એમ કહી હનુમાનજી ગયા.

## સિંહોનું કલ્યાણ અને પૂજારીનું કલ્યાણ કર્યું

પછી શ્રીહરિ ઉત્તર દિશામાં ચાલ્યા. ચાલતા ચાલતાં કેટલાક દિવસે કાળા પર્વતનું ઉલ્લંઘન કર્યું. આગળ ચાલતાં શ્વેતગિરિ દેખાયો. તેના શિખરો આકાશમાં અડેલાં હતાં. તેમાં સાત ધાતુઓની ખાણો, મોટી મોટી ગુફાઓ, સઘન, વન, પશુ, પક્ષીઓથી યુક્ત તેની તળેટીને તે પર્વત ખૂબ શોભતો હતો. સૂર્યનો પ્રકાશ ન પડે તેવા ભયંકર વનમાં ચાલતાં શ્રીહરિએ તેની તળેટીમાં અનેક વનો તથા નગરો જોયાં. પછી તે શ્વેતગિરિ ઉપર જવા ચાલતા થયા. રસ્તામાં આસપાસ દેખાતા પર્વતો જોતાં જોતાં મોટી ભયંકર ઝાડીમાં ગરમ તથા ઠંડા પાણીના કુંડો આવ્યા.

તેમાં સુંદર જળ જોઈ વર્ણીએ સ્નાન કર્યું. પછી પાસે બેસીને નિત્યવિધિ કરી રહ્યા. તેમની ઈચ્છાથી વનમાંથી સિંહો આવી વર્ણી આગળ ઊભા રહી પૂંછ હલાવતા અને પોતાની જાતિના ધીરા ધીરા શબ્દો કરતા રમત કરવા લાગ્યા. પછી શ્રીજીની મરજીથી તે સિંહોને જ્ઞાન થયું તેથી તેમણે જાણ્યું કે આ વર્ણી ભગવાન છે અને આપણા ઉપર પ્રસન્ન છે. તેમ માની તે સિંહોએ શ્રીહરિને પાંચ પાંચ પ્રદક્ષિણાઓ કરી સામે આળોટવા લાગ્યા. તેથી શ્રીહરિએ રાજી થઈ શાલીગ્રામને નવડાવેલું પાણી તે સિંહો ઉપર છાંટ્યું.

તેટલામાં તે પર્વત ઉપરથી કેટલાક યોગીઓ આવતા હતા. તેમણે મારગમાં (રસ્તામાં) ઊભેલા તે સિંહોને જોયા તેથી ભય પામી એકદમ નાસવા લાગ્યા. ત્યાં તેમાંના એક જણાની નજર તે સિંહો પાસે બેઠેલા શ્રીહરિ ઉપર પડી. એટલે તેણે

બીજાઓને કહ્યું કે તમે ધીરજ રાખો. જુવોને તે સિંહો પાસે એક બાળ યોગી બેઠા દેખાય છે. તેમણે મંત્રથી તે સિંહોની દાઢો બાંધી લાગે છે તેથી તે બાળયોગીને મારતા નથી. તેમ આપણને પણ તે નહિ મારે. આમ વાતો કરે છે. ત્યાં દયાળુ શ્રીહરિએ તેમને કહ્યું કે હે સંતો ! નિર્ભય થકા ચાલ્યા આવો. સિંહો તમને કંઈ નહિ કરે. એટલે તે બધા બીતા બીતા આવીને વર્ણીને નમસ્કાર કરી સમીપે બેઠા પણ હજી મનમાંથી બીક દૂર થઈ નથી. તેટલામાં તેમને જરા ચમત્કાર બતાવવાનું ધારી શ્રીહરિએ એક સિંહને પ્રેરણા કરી તેથી તે સિંહે જરા કરડી દૃષ્ટિ તે બાવાઓ સામે જોયું. ત્યાં તો તે લોકોના પ્રાણ ઊંચા ચડી ગયા અને એકદમ બીક લાગવાથી પોતાના સામાનની દરકાર કર્યા વિના જ ત્યાંથી નાસભાગ કરવા લાગ્યા. કારણ કે તેઓ જાણતા હતા કે કાળ, વ્યાળ અને વાઘ આ ત્રણેય જો મળે તો માર્યા વિના મૂકે નહિ. તેથી પ્રાણ બચાવવા ચારે તરફ છિન્ન ભિન્ન થઈ ભાગ્યા. તે જોઈને શ્રીહરિને દયા આવી તેથી પોતાનો હાથ લાંબો વધારી ચારે તરફ ભાગતા બાવાઓને પકડી લાવી પોતાની પાસે બેસાડી ધીરજ આપી ત્યારે તેઓ શાંતિ પામ્યા.

પછી તે સંતોએ પોતાની પાસેથી ફળો શ્રીહરિને આપ્યાં અને ખૂબ પ્રાર્થના કરી કે હે પ્રભુ! આપ અમારા ઈષ્ટદેવ સાક્ષાત્ રામચંદ્રજી ભગવાન છો ને અમારું કલ્યાણ કરવા માટે અહીં પધાર્યાં છો માટે આ ફળો જમી અમને કૃતાર્થ કરો. પછી વર્ણી તે ફળો વિષ્ણુને (શાલીગ્રામ) ધરાવી પોતે જમ્યા. અને પ્રસાદી તે સિંહોને પોતાના હાથેથી ખવડાવી. અહો ! સિંહોના કેવા મોટા ભાગ્ય કે જે પ્રસાદી મોટા દેવતાઓને પણ દુર્લભ છે તે સિંહો પામ્યા તે જોઈ તે બાવાઓ આશ્ચર્ય પામ્યા.

પછી તે યોગીઓ ત્યાંથી ચાલવા તૈયાર થયા ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે અમારે આ પર્વત ઉપર ફરવાનો વિચાર છે. માટે અમને તે રસ્તો બતાવો તથા માર્ગમાં કયાં કયાં દેવસ્થાનો આવશે અને કયા રસ્તેથી નીચે ઉતરાશે તે બધુ અમને કહો. પણ તે બાવાઓ તો માયામોહથી શ્રીહરિને વિષે ભગવાનપણાનું ભાન ભૂલી ગયા તેથી બેગરજુ બની કાંઈ પણ બોલ્યા વિના જ ચાલતા થયા. ત્યારે શ્રીહરિએ જાણ્યું કે આમને હજી અભિમાન છે. તેથી પરચો બતાવ્યા વિના આ મૂઢ લોકોને ભાન આવશે નહિ. પછી શ્રીહરિએ સિંહો સામું જોયું એટલે પ્રભુની મરજી જાણી તે સિંહો એકદમ ઊઠીને ફાળો ભરતા દોડીને તે બાવાઓને ચારે તરફ ફરી વળ્યા. એટલે તેઓ ત્રાસ પામી એકદમ શ્રીહરિ પાસે આવી બેસીને પ્રાર્થના કરવા લાગ્યા કે હે બાળયોગી ! આ સિંહોથી અમારી રક્ષા કરો.

અમારી ભૂલ અને અપરાધ માફ કરો. હવે અમે આપને રસ્તો બતાવીએ છીએ. પછી શ્રીહરિએ સિંહો સામુ જોયું એટલે તે વનમાં ચાલ્યા ગયા. ત્યારે બાવાઓ શાંતિ પામ્યા. ભય વિના પ્રીતિ થતી નથી. ચમત્કાર વિના નમસ્કાર નથી. તેમ જ્યારે તેઓને ભય બતાવ્યો ત્યારે રસ્તો બતાવવા તૈયાર થયા.

પછી તે બાવાઓ બોલ્યા કે, હે વર્ણી ! તમો આ સામે દેખાય તે રસ્તેથી પર્વત ઉપર ચડજો. આગળ જતાં મોટી નદી આવશે. ત્યાંથી પર્વતના શિખર ઉપર થઈને નીચે જવાય છે. તે નદીના ઉત્તર કિનારે શિવજીનું મંદિર છે. ત્યાં રાત રહેવું હોય તો રોકાજો. પણ બીજે ક્યાંય રાત ન રોકાશો, કારણ કે આ પર્વતમાં ઘણા અઘોરીઓ રહે છે તે માણસોને દેખીને તુરંત જ મારીને ખાઈ જાય છે. ત્યાંથી આગળ જશો ત્યાં નૃસિંહજીનું મંદિર આવશે. તે ભૂમિ રમ્ય (સુંદર) તેમાં ઘણા જ સાધુઓ અને વિપ્રો રહે છે. તે જોઈ ત્યાંથી પૂર્વ તરફ જશો ત્યાં મહાકાળીનું મંદિર આવશે ત્યાં રાત રોકાજો. ત્યાંથી ઉત્તર તરફ ત્રણ યોજન ચાલશો ત્યાં ઘણાં દેવોનાં સ્થાનો આવશે. ત્યાં દર્શન કરીને આપને રહેવું હોય તેટલા દિવસ રોકાજો. તે પર્વતનો મધ્ય ભાગ છે ત્યાંથી ઉત્તર દિશાએ નદી તરફ વળશો ત્યાં મોટાં મંદિરો આવશે. ત્યાંથી આગળ ચાલશો પછી નીચે ઊતરવાનો રસ્તો આવશે. આ પ્રમાણે બધી એંધાણીઓ સહિત રસ્તો બતાવી તે બાવાઓ શ્રીહરિને નમસ્કાર કરીને ચાલતા થયા.

પછી વર્ણી ત્યાંથી ચાલ્યા તે પર્વતની શોભા જોતાં જોતાં ત્રણ દિવસે એક નદી આવી. તેમાં સ્નાન કરી પૂજા કરી રહ્યાં. ત્યાં હનુમાનજી વર્ણીના દર્શન કરવા આવ્યા. અને તેમણે પરબોળિયાની ફળીઓ શેકીને આપી. તે વિષ્ણુને (શાલીગ્રામ) ધરાવી પોતે જમ્યા. પછી હનુમાનજી અદશ્ય થયા. પછી વર્ણી ત્યાંથી ચાલ્યા તે આગળ જતાં દ્વિપમતી નદી કિનારે આવ્યા. ત્યાં સૂર્યાસ્ત થયો. એટલે ત્યાં જ રાત રહેવાનો વિચાર કરી મંદિરમાં આસન કર્યું. ત્યારે પૂજારીએ ક્રોધાયમાન થઈ એકદમ આવી વર્ણીનું આસન બહાર ફેંકી દીધું. પરંતુ મૂર્ખ પૂજારીને જરા પણ વિચાર ન આવ્યો. નિર્માની શ્રીહરિ કાંઈ પણ બોલ્યા વિના બહાર જઈને બેઠા. પૂજારી મંદિર બંધ કરી સૂઈ ગયો. જેમની આજ્ઞામાં મોટા લોકપાલો વર્તે છે. મોટા મોટા મુનિવરો પણ જેમના દર્શન માટે તપ, યોગ વગેરે સાધનો કરે છે તો પણ જેમનાં દર્શન દુર્લભ છે એવા સમર્થ શ્રીહરિને આ અજ્ઞાની મૂર્ખ પૂજારી ક્યાંથી ઓળખી શકે ? પરંતુ કૃપાળુ શ્રીહરિએ તે પૂજારીને શિક્ષા કરી. તેનાં પાપો બાળી તેનું અજ્ઞાન દૂર કરી મોક્ષ કરવા માટે હનુમાનજીને

યાદ કર્યા. તુરંત જ મારૂતી ત્યાં આવીને પ્રભુને નમસ્કાર કરી હાથમાં ધોકો લઈ મંદિરમાં જઈ પૂજારીને મારવા માંડ્યા. પૂજારી માર ન સહન થવાથી રાડો પાડવા લાગ્યો કે મારા કયાં જન્મનાં પાપથી આ ધોકાવાળો મને મારે છે ? મને કોઈ બચાવો, પરંતુ તેને કોણ બચાવે ? તેને ઘણો માર પડ્યો ત્યારે તે બોલ્યો કે હે ભાઈ ! મને ઘણો માર્યો પણ આપ કોણ છો? ક્યાંથી આવ્યા છો ? મને શા કારણથી મારો છો તે કહો.

ત્યારે હનુમાનજી બોલ્યા કે, હે પાપી ! હું મારૂતી છું. જે વર્ણીનું તે અપમાન કરી આસન બહાર ફેંકી દઈ મંદિર બહાર કાઢ્યા. મંદિરમાં ઉતરવા ન દીધા. તે મારા ઈષ્ટદેવ રામચંદ્રજી ભગવાન છે. માટે તેમની પાસે અત્યારે જ જઈ પ્રાર્થના કરી મંદિરમાં બોલાવી લાવી તેમની બરાબર સેવા કર. નહિ તો હજી મારી મારીને હાડકાં ભાંગી નાખીશ. એમ કહી હનુમાનજી બહાર આવી શ્રીહરિને પ્રણામ કરી બેઠા. પછી પૂજારી આશ્ચર્ય પામી દરવાજે આવ્યો. ત્યાં દરવાજાનાં તાળાં તથા દરવાજો બેય ખુલ્લાં જોઈ આશ્ચર્ય પામ્યો. પછી બહાર આવી જયાં શ્રીહરિ બેઠા હતા. ત્યાં આવી પગમાં પડી નમસ્કાર કરી વિનંતીપૂર્વક બોલ્યો કે હે પ્રભુ ! હું આપનો દાસ છું. મારી ભૂલ તથા અપરાધ માફ કરો. અને મંદિરમાં પધારી શયન કરો. સવારે જમી આપની ઇચ્છા હોય ત્યાં સુધી રોકાજો. હું આપની સેવા કરીશ. હનુમાનજીએ મારી ભૂલ ઓળખાવી. એમ ઘણી પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિ તેની સાથે મંદિરમાં જઈને સૂતા. સવારે પૂજારીએ સુંદર રસોઈ બનાવી. વર્ણીને જમાડ્યા. પછી શ્રીહરિએ રાજી થઈ પૂજારીને વરદાન આપ્યું કે ગુજરાત દેશમાં વરતાલ નામના ગામમાં જોબન પગીને ત્યાં તું જન્મ ધરીશ ત્યારે ત્યાં તને મારો યોગ થશે ત્યારે તારું કલ્યાણ કરીશ.

એમ વરદાન આપી ત્યાંથી વર્ણી ચાલ્યા તે આગળ જતાં મહાકાળીનું મંદિર આવ્યું. ત્યાં થોડી વાર આરામ કરીને ઉત્તર તરફ એટલે શ્વેતગિરી પર્વત તરફ ચાલ્યા.

## પાંચ સો નાગા વૈરાગી બાવાઓ તથા રાજાને દીક્ષા આપી આશ્રિત કર્યા

નીલકંઠ વર્ણીને શ્વેતગિરિ પર્વતો તરફ જતાં રસ્તામાં પાંચ સો નાગા વૈરાગી બાવાઓ મળ્યા. તેમાં એક મોટો ગુરુ હતો. તેણે અષ્ટાંગ યોગ સાધ્યો હતો. તે બીજાઓને યોગ શીખવતો હતો ને તેને એક હજાર વરસ થઈ ગયા હતા પણ

યોગને બળે કરીને સિદ્ધ ગતિને પામ્યો હતો. તેથી કાળ તેમની પાસે આવી શકતો નહિ; ને આવે તો પોતે બ્રહ્મરંધ્રમાં ચાલ્યો જાય તે કાળ ગયા પછી દેહમાં આવે તે યોગી અને વર્ણી પાંચ દિવસ સુધી ભેગા રહ્યાં.

પછી એક દિવસ વર્ણીએ તે યોગીને પૂછ્યું. તમે કોણ છો. ને કયાં વિચરો છો ? ત્યારે તે યોગી બોલ્યો જે, હે મહારાજ ! તમે તો બધું જ જાણો છો પણ પૂછ્યું તેથી કહું છું. હું આ હિમગીરીના પ્રદેશમાં ફરું છું. જેથી આંહી કોઈ મનુષ્યથી અવાય નહિ. આગળના વખતમાં પાંડવો આવ્યા હતા ને આંહી થોડાંક ગામડાં છે. તેમાં જે યોગભ્રષ્ટ જીવ હોય તે દેહ ધરે છે ને આંહી યોગ સાધે છે. પછી શ્વેતદ્વીપમાં જાય છે. ને આંહી દુર્વાસાના શિષ્ય અમે અનેક છીએ. ને તે સર્વે ગુરુજીની કૃપાથી યોગસિદ્ધ થયા છીએ. એકવાર અમને તે ઋષિએ કહ્યું હતું જે, તમને અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ મળશે તે તમે જ છો. ને મારો શિષ્ય એક રાજા છે તે અહીંથી વીશ ગાઉ ઉપર રહે છે. તે તમારે દર્શને સવારી લઈને આવે છે. એમ વાત કરે છે. ત્યાં તો તે રાજા ત્યાં આવ્યો ને પોતાના ગુરુજીના ચરણમાં મસ્તક મૂકીને પગે લાગ્યો ને પછી નીલકંઠ વર્ણીના ચરણમાં સોળ ચિહ્ન જોયા. તે તેણે બરોબર નિહાળીને ગણી કાઢ્યાં ને પછી બોલ્યો જે, હે મહારાજ ! તમે તો પુરુષોત્તમ નારાયણ છો. એમ કહીને પછી તે ગુરુ શિષ્યોએ તથા રાજાએ મળીને મહારાજની ષોડશોપચારથી પૂજા કરીને આરતી ઉતારીને સ્તુતિ કરી. ત્યારે મહારાજે તે સર્વેને એક જ વખતે દીક્ષા આપી ને પોતાના આશ્રિત કર્યાં ને કહ્યું, તમે સર્વે સત્સંગમાં જન્મ લેશો ને તેમાંથી કેટલાક ત્યાગી થાશો.

પછી રાજાએ સ્તુતિ કરી જે, હે મહારાજ ! મારે ગામ પધારો, ત્યારે મહારાજ કહે, અમારે અગણિત જીવોનો મોક્ષ કરવો છે. તેથી નહિ અવાય. એમ કહીને તુરંત ચાલી નીકળ્યા ને કોઈની નજરે આવ્યા નહિ ને બહુ ગોત્યા પણ ક્યાંઈ મળ્યા નહિ પછી સહુ નિરાશ થઈને પછા આવ્યા ને પછી એ મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા.

## શ્વેતગિરિ ઓળંગી પુલહાશ્રમ આવ્યા ત્યાં હિમાલય સાથે મેળાપ

શ્રીહરિનો ત્યાગ-વૈરાગ્ય અતિશય છે. તેમના જેવો બીજે ક્યાંય ત્યાગ વૈરાગ્ય નથી. તેની વાત હું મુખથી કેટલી કહું ? મારાથી તે વાત પૂરેપૂરી કહી શકાતી નથી. ભૂલથી પણ લગારેક પણ ક્યારેય પોતાને દેહરૂપ માનતા નહિ.

શ્રીહરિ ઉત્તર દિશામાં ચાલતાં ગંગા નદી આવી ત્યાં રાત રહ્યા. સવારે આગળ ચાલવાનો વિચાર કર્યો પણ ગંગા નદીને પાર કર્યા વિના આગળ જઈ શકાય તેમ ન હતું. પોતાના શરીરની સંભાળ તો ઈશ્વરેચ્છાએ જ રહે છે. પોતે તો તેનું અનુસંધાન રાખતા નથી. તેથી અગાધ નીર અને વેગવાળી ગંગા નદીને સામે પાર જવા માટે પોતાના શરીરને ગંગામાં લાકડાને ફેંકે તેમ ફેંકી દીધું. સામે કિનારે પહોંચ્યા પછી પ્રેમ-શ્રદ્ધાભાવથી પૂજા કરી. શ્રીહરિ ઘણા જ ધીરજવાળા છે. મનુષ્યથી ન થઈ શકે તેવું ગંગાના અથાગ પાણીને ઊતરવાનું કામ શ્રીહરિએ કર્યું અને પછી ઉત્તર દિશા તરફ ચાલ્યા.

નીલકંઠ નેપાળના હિમાલયના ગાઢ જંગલો વચ્ચેથી ચાલ્યા જ જાય છે. ત્યાં બે મોટા પર્વતો ધવલગિરિ અને શ્યામગિરિ એકબીજાને અડેલા અને સામે સામે ઊભેલા બે મોટા પર્વતો આવ્યા. તેમાં થઈને ઝરણું આવતું હતું તેમાં સામે પ્રવાહે ચાલ્યા. ત્યાં સામે એક પર્વત આડો આવ્યો. તેની ગુફામાંથી પાણીનો જોરદાર ધસમસતો પ્રવાહ વહી રહ્યો હતો. તેમાં ગયા સિવાય જવાનો બીજો માર્ગ ન હતો. તેના વિચારમાં શ્રીહરિ ત્યાં બેઠા ત્યાં સૂર્યાસ્ત થયો. તેટલામાં ત્યાં મૂર્તિમાન હિમાલય આવ્યો અને શ્રીહરિને નમસ્કાર કરી કહ્યું. પ્રભુ ! આપ તો સર્વને રસ્તો બતાવનારા છો છતાં મનુષ્યનાટ્ય કરવા ઈચ્છો છો તો આપને રસ્તો બતાવું છું. હે પ્રભુ ! હે કૃપાનાથ! આપ ક્યાંથી પધાર્યા? આપનો સંકલ્પ મને કહો. હું સ્વયં હિમાલય છું. આપની સેવા અને દર્શન કરવા આવ્યો છું.

આ સાંભળી નીલકંઠ વર્ણી બોલ્યા, અમારે પુલહાશ્રમ તપ કરવા જવું છે. અમે માર્ગ ભૂલ્યા છીએ. માટે અમને પુલહાશ્રમનો માર્ગ બતાવો. પછી હિમાલયએ કહ્યું; મહારાજ ! આ બંને પર્વત વચ્ચેથી પાણીનો જે પ્રવાહ આવે છે તેમાં થઈને જ આગળ જવાશે. પરંતુ એ માર્ગ ખૂબ વિકટ છે. તેમાં ઝેરી સર્પો કરચલાં, કાચબા અને માછલાંઓ છે. વળી, મગર પણ મીટ માંડીને બેઠા હોય છે. માટે આપ કૃપા કરીને એ માર્ગે ન જશો. હિમાલય શ્રીહરિને રસ્તો બતાવીને અદૃશ્ય થઈ ગયો. શ્રીહરિને તો ગમે તેમ કરીને પુલહાશ્રમ પહોંચવું જ હતું એટલે શ્રીહરિએ વિચાર્યું કે આ ગુફામાં પ્રવેશ કર્યા વગર છૂટકો નથી. આ ગુફા પાંચ ગાઉ લાંબી હતી. ગુફાની અંદર અંધારું હતું અને તેમાં મગરમચ્છ વગેરે જીવજંતુઓનો પાર નથી એવી ભયંકર ગુફામાં ઈશ્વર વિના બીજો કોઈ પ્રવેશવાની હિંમત કરી શકે ? છતાં શ્રીહરિએ પ્રથમ દૃષ્ટિએ વિચાર કર્યો કે અંધારી રાત, અજાણી જગ્યામાં દિવસે ચાલવું ઠીક છે. માટે રાત્રી તો અહીં જ

રોકાવું. પરંતુ બીજી જ ક્ષણે વિચાર કર્યો કે, ધાર્યું તો ઈશ્વરનું જ થાય છે. માટે આપણે એમાં સંદેહ શા માટે રાખવો જોઈએ ? માણસ કોટી જતન કરીને પણ સુખને ઈચ્છે છે પરંતુ અંતે શ્રીહરિએ ધાર્યું હોય તેમજ થાય છે. એમ વિચારી શ્રીહરિએ તે ગુફાના પાણીના પ્રવાહ સામે ચાલવાનો આરંભ કર્યો.

ત્યારે દેવતાઓ હાહાકાર કરવા લાગ્યા. પછી દેવતાઓએ વિચાર કર્યો કે આપણને સેવાનો સમય આજે મળ્યો. માટે આપણાં ધનભાગ્ય છે. એમ વિચારી દેવતાઓએ ગુફામાં જઈને પ્રકાશ કર્યો એટલે શ્રીહરિ જીવજંતુઓ જોઈને ચાલવા લાગ્યા. આખી રાત ચાલ્યા ત્યારે ગુફામાંથી બહાર નીકળ્યા. ત્યાં એક મોટો જળનો પ્રવાહ વહેતો હતો. તે જોયો. તેના તરંગોનું થોડું પાણી આ ગુફામાં પેસતું હતું તે નદીની પેઠે જણાતું હતું. તે પોતે પ્રત્યક્ષ જોયું. ત્યાં શ્રીહરિએ નાહીને પૂજા કરી. વિષ્ણુ સહસ્ત્ર સ્તોત્રનો જપ કર્યો. નદીને કાંઠે કેળાનાં વૃક્ષ હતા. તેમાંથી કેળાં લાવીને દેવને ધરાવી પોતે જમ્યા. આ વખતે પણ ત્રણ દિવસના ઉપવાસ હતા. તેથી જમીને તૃપ્ત થયા પછી કહેવા લાગ્યા કે આ નદીમાં અગાધ પાણી છે. તેમાં કેમ ઉતરાશે ? પરંતુ ઈશ્વરની ઈચ્છા હશે તેમ થશે તેમ માની તે નદીમાં શરીરને પડતું મૂક્યું. તરીને સામે પાર નીકળ્યા. ત્યાં સામે માર્ગ જોયો. તે માર્ગે આગળ ચાલ્યા.

આમ ચાલતાં ચાલતાં અનેક વિઘ્નો પાર કરતાં કરતાં નીલકંઠ ૧૨૫૦૦ ફૂટ ઊંચાઈએ મુક્તનાથના તીર્થ ધામમાં પહોંચી ગયા.

## પુલહાશ્રમ : (પુલહાશ્રમ) (નેપાળ)

શ્રી નીલકંઠ વર્ણી ત્યાંથી આગળ મહા વિકટ વનમાં ચાલતા ચાલતા થોડા દિવસે પુલહાશ્રમ નામના તીર્થ ક્ષેત્રમાં આવ્યા. માત્ર ૧૨/૧૩ વર્ષની ઉંમરે પુલહાશ્રમ પહોંચીને તપ કરવાનું પોતાનું બીજુ લક્ષ્ય નીલકંઠે પાર પાડ્યું. નીલકંઠ મુક્તનાથ પહોંચ્યા ત્યારે શ્રાવણ મહિનાનો છેલ્લો દિવસ હતો. નીલકંઠે મુક્તનાથનાં દર્શન કર્યાં અને પુલહાશ્રમની જગ્યા પસંદ કરી પુલહાશ્રમની જગ્યા એકાંત અને અતિ રમણીય હતી. તેથી શ્રીહરિને તપ માટે આ જગ્યા ખૂબ પસંદ પડી.

બ્રહ્માના પુત્ર : અહીં સપ્તર્ષિઓમાંના એક પુલહ નામના ઋષિએ તપ કર્યું હતું અને અહીં તેમનો આશ્રમ હતો તેથી આ સ્થાનનું નામ પુલહાશ્રમ કહેવાય છે. તે આશ્રમ બહુ ચમત્કારી છે. ત્યાં કરેલા તપનું ફળ જલદી મળે છે અને

શ્રીકૃષ્ણ ભગવાનના કૃપાપાત્ર થવા માટેનું આ સ્થાન છે. તે પુલહાશ્રમની ચારે બાજુ ઘણા વેગીલા પ્રવાહવાળી ગંડકી નદી ચક્ર રૂપે વહે છે. શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું. તેમને ઘણો જ આનંદ થયો. પૂજા-પાઠ વગેરે પ્રેમથી કર્યાં પછી ભવ્ય મુક્તનાથ ભગવાનના દર્શન કર્યાં. ભરતજીએ જ્યાં તપ કરેલું તે જગ્યાએ જઈને શ્રીહરિએ તેવું જ તપ પુરંજની તથા ભરતજીની કથાના અનુસંધાનથી બુદ્ધિનો સંગ પણ ત્યજી (ત્યાગ) કરીને તપ કરવા માંડ્યું. પોતાના આત્માને શુદ્ધ સ્વરૂપ માનીને બે હાથ ઊંચા રાખીને ગાયત્રીનો જપ કરતા અને સૂર્યનારાયણને વિષે ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા અને ગંડકી નદીમાં સ્નાન અને મુક્તનાથ નામના વિષ્ણુ ભગવાનનાં દર્શન કરીને તપશ્ચર્યા કરતા.

ચાર્તુમાસના ભયંકર વાવાઝોડા અને વરસાદ, હિમવર્ષાની વચ્ચે નીલકંઠ વર્ણીએ આકરું તપ શરૂ કર્યું. હાડ (શરીર) ગાળી નાખે એવા ઠંડીના સૂસવાટાઓ વચ્ચે નીલકંઠ તપમાં લીન થઈ ગયા. હાથ ઊંચા કરીને એક પગે ઊભા રહીને તપશ્ચર્યા શરૂ કરી. માથે મોટી જટા, પાતળું શરીર, ગૌરવર્ણ અને નાસિકાના અગ્ર ભાગે આંખોની સ્થિરતા, ભૂખ તરસની પરવા તજી દીધી. અખંડ ઉપવાસ કરતાં કરતાં ઉઘાડે શરીરે ટાઢ, વરસાદની ધારીઓ ઝીલતાં અને બરફના ટૂકડા તેમના પર પડતા તે સહન કરીને તેમને ઉગ્ર તપ કર્યું.

નીલકંઠનું શરીર તપશ્ચર્યાથી ઓગળવા લાગ્યું. તેમના શરીરનું એક એક હાડકું દેખાવા લાગ્યું. તેમના શરીરની નાડીઓ દેખાવા લાગી. કોમળ શરીર તદ્દન કૃશ થઈ ગયું. એ જ વખતે તેમની બન્ને બાજુ સૂક્ષ્મરૂપે ધર્મ-ભક્તિ હતા તે પોતાના પુત્રને ખમ્મા વીરા કહીને સંબોધતા હતા. એ જ પુલહાશ્રમના વનમાં બીજા પણ કેટલાક યોગીઓ અને મુનિઓ રહેતા હતા. તેઓ આટલી કુમળી વયના નીલકંઠનું તપ જોઈ અવાક્ થઈ ગયા. તેઓ સવાર-સાંજ નીલકંઠ સામું જોઈને દર્શન કરતા પણ નીલકંઠ તપમાંથી ડગે જ નહિ. નીલકંઠની તપશ્ચર્યાથી તેમને મનમાં થયું. આવું ઉગ્ર તપ પૂર્વે કોઈએ પણ કર્યું હોય તેવું પુરાણ કે ઈતિહાસમાં સાંભળ્યું નથી. તો શું આ બટુક બ્રહ્મચારી રૂપે પ્રહલાદજી, ધ્રુવજી, કાર્તિક સ્વામી, શુકદેવજી, નારદજી, સનકાદિક ઋષિ, દત્તાત્રેય ઋષિ અથવા ખુદ નારાયણ ઋષિ હશે. અમે અમારા મનમાં નિશ્ચય કરી દીધો છે. તેમના વિના આવું તપ કરવા માટે કોઈ સમર્થ ન થાય. આ વર્ણી અતિ ભારે અને કઠિન તપ કરી રહ્યાં છે અને યોગીઓ અંદરો અંદર કહેતા કે આ વર્ણીના તપ આગળ આપણું તપ તો બાળકની રમત જેવું લાગે છે. ઉંમરમાં નાના બાળક દેખાય છે

પણ તેમાં મોટપ ઘણી રહી છે. એવું તપસ્વી લોકો બોલતા હતા. તપસ્વી લોકો ભગવાન સિવાય આવું ઉગ્ર તપ ન કરી શકે એટલે વર્ણીને ભગવાન જાણીને કહેતા કે દરરોજ તેમના દર્શન અને દંડવત કરતા અને પગે લાગીને પ્રાર્થના કરે, હે પ્રભુ ! અમારામાં વૈરાગ્ય અને તપના ગુણો આપો.

નીલકંઠની બે બાજુ અંતરીક્ષમાં ધર્મદેવ અને ભક્તિ માતા દિવ્ય દેહે તેમની રક્ષા કરતાં ઊભા ખમ્મા, ખમ્મા મારા પુત્ર! એમ બોલતા તેઓ પણ પ્રાર્થના કરે, બીજી બાજુ અંતરિક્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ દર્શન કરતાં સેવામાં ઊભા રહે.

નેપાળના રાજાને પરચો : શ્રીહરિ પુલહાશ્રમમાં એક પગે ઊભા રહી બે હાથ ઊંચા રાખી વાયુ ભક્ષણ કરી ઉગ્ર તપશ્ચર્યા કરી રહ્યા હતા. તે દરમિયાન કેટલાક ઈર્ષાળુઓએ નેપાળની રાજધાની કાઠમંડુમાં જઈ રાજાને જણાવ્યું કે આપના રાજ્યમાં એક બાળક કઠોર તપ કરે છે. તેના તપથી કોઈ દેવ પ્રસન્ન થાય તે પહેલાં તેને તપ કરતો અટકાવી ત્યાંથી ખસેડી મૂકવો જોઈએ, નહિ તો તે દેવની પ્રસન્નતાથી તે તમારું રાજ લઈ લેશે આ વાતથી રાજાને કૂતૂહલ થયું (ચિંતા) તેથી થોડાક માણસોને સાથે લઈ તે પુલહાશ્રમમાં ગયો. ત્યાં તપ કરતા નીલકંઠ વર્ણી પાસે જઈ આદરથી તેમને પગે લાગીને બોલ્યો કે અહોહો ! વર્ણીજી આ ભારે તપશ્ચર્યા આપે શા માટે આદરી છે ? તેમજ આપે જે આપનો જમણો પગ ઊંચો રાખ્યો છે. તેમાં નવ ચિહ્નો જણાય છે. તે જોતાં તો આપ સાક્ષાત્ ભગવાન જણાઓ છો. તેથી મારે એટલું જ કહેવાનું છે કે ભગવાનને વળી તપ શાના ? વનવાસ શા માટે ? ત્યારે શ્રીહરિ બોલ્યા કે ઈન્દ્રિયોને દમન કરવા સારું સૂર્યનારાયણનું આરાધન કરીએ છીએ. ત્યારે રાજાએ કહ્યું જે પૂર્વની શંકરાચાર્ય મહારાજની વાત છે. પોતાના ગામ પાસે વહેતી નદીએ પોતાની માતાને રોજ સ્નાન કરવા જવાનો નિયમ હતો. પરંતુ નદીએ જવામાં પગ બળતા અને ચોમાસામાં કાદવ નડતો. તેથી શંકરાચાર્યજીએ પોતાના યોગપ્રભાવથી નદીને બોલાવી આજ્ઞા કરી કે તું મારા સ્થાન પાસેથી વહે જેથી માતાને દુઃખ ન થાય. તેથી તે નદી તેમની આજ્ઞા પ્રમાણે વહેવા લાગી હતી. તેમ આપ પણ આપના તપના પ્રભાવથી કોઈ ચમત્કાર બતાવો તો આપના પ્રભાવની અમોને ખબર પડે.

એ પ્રમાણે વાતચીત ચાલે છે. ત્યાં પાસેના જંગલમાંથી ઢોર અને ગાયો ચારનારા માણસો એકદમ દોડતા અને બૂમો પાડતા પાડતા ત્યાં આવીને કહેવા લાગ્યા કે ભાગો, ભાગો, ગંડકી નદીમાં મર્યાદા મૂકીને ઘોડાપૂર આવે છે.

ત્યારે દરેક ભયથી અને ચિંતાથી ત્યાંથી ભાગવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે નીલકંઠ બ્રહ્મચારી બોલ્યા કે કોઈ બીશો નહિ એ તો ગંડકી નદી કહેવાય. તે આ પુણ્યશાળી રાજાને પગે લાગવા આવે છે. ત્યાં તો જોતજોતામાં ભારે ઉછાળા મારતું પાણી લગભગ નજીકમાં આવી ગયું. તેથી બધા ગભરાવા લાગ્યા. ત્યાં તો તે પાણી નીલકંઠ વર્ણીના ચરણોનો સ્પર્શ કરી પાછું મૂળ વહેણમાં જતું રહ્યું. આ ચમત્કાર જોઈ બધા આશ્ચર્ય પામ્યા. પછી રાજા સહિત બધા જ આદરપૂર્વક વર્ણીને પગે લાગ્યા ને રાજાને તો એમ લાગ્યું કે આ તો સાક્ષાત્ ભગવાન છે. પછી રાજાએ હાથ જોડીને વિનંતી કરી કે હે બ્રહ્મચારીજી! આપનું તપ જ્યારે પૂરું થાય ત્યારે આપ અમારી રાજધાનીમાં પધારજો. ને બધાને દર્શન આપી પાવન કરી મારી સેવા અંગીકાર કરી મને પાવન કરજો એમ કહી રાજા ગયો.

નીલકંઠે ચાતુર્માસનો સમય આ કઠોર તપમાં ગાળ્યો. આ.સં. ૧૮૫૦ની કાર્તિક સુદ એકાદશીની (પ્રબોધિની એકાદશી) વહેલી સવારે સૂર્યનારાયણ સાક્ષાત્ મૂર્તિમાન મનુષ્ય જેવું રૂપ ધરીને પ્રગટ થયા ત્યારે સૂર્યનારાયણની સુંદર મૂર્તિ જોઈને તપમાંથી ઊભા થઈ દંડવત્ પ્રણામ કરી બે હાથ જોડી સૂર્યનારાયણની સ્તુતિ કરવા લાગ્યા. પોતે અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ છે. દેવ, મનુષ્યો તેમના લેખામાં નથી છતાં મનુષ્ય નાટ્ય કરતા શ્રીહરિ સૂર્યનારાયણની સ્તુતિ કરે છે કે હે દેવ! આપ સમગ્ર બ્રહ્માંડને પ્રકાશ કરનારા છો. આપના ઉદયથી જીવ-પ્રાણીમાત્ર સુખી થાય છે. તથા કાળની ગણના પણ થાય છે. દેવ, દાનવ-નર-નારી સૌ તમને વંદે છે. તમારો પ્રતાપ લગારે છાનો નથી. શ્રીહરિએ કરેલી સ્તુતિ સાંભળીને સૂર્યનારાયણ દેવ બોલ્યા કે શ્રીહરિ ! અમે આપનાં ચરણના દાસ છીએ. છતાં અમારી પાસે માગવા રૂપ જે તમારાં મનુષ્યચરિત્ર તેમાં અમને મોહ ન થાય. એ પ્રથમ એમે માંગીએ છીએ. હવે આપની ઇચ્છા હોય તે આપ માગો.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે (૧) કામ, ક્રોધ, લોભ, મોહ, દંભ તથા ઈન્દ્રિયગણ આદિક શત્રુઓ થકી અમારું રક્ષણ કરજો. (૨) અમારું નૈષ્ઠિકવ્રત અખંડ રહે અને જ્યારે તમને સંભારીએ ત્યારે દર્શન દેજો. એટલું અમો માંગીએ છીએ. અમારે નાશવંત માયિક સુખની જરા પણ ઇચ્છા નથી. સૂર્યનારાયણે હાથ જોડીને કહ્યું : હે પ્રભુ ! આપ તો નિર્દોષ જ છો. મારામાં પ્રતાપ-શક્તિ છે. તે આપની જ આપેલી છે. આપના વડે તો અમારી મોટાઈ છે. આપની કૃપાથી અને આપની ઉપાસનાથી મને પ્રકાશ પ્રાપ્ત થયો છે. તે પ્રકાશ આપની આજ્ઞાથી જગતને આપું છું. આપ

સર્વ અવતારના અવતારી સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો. આપ સદા નિર્દોષ છો. આપને વરદાન આપવાવાળો હું કોણ ? પરંતુ બ્રહ્મચર્યથી જ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થાય છે. એ સિદ્ધ કરવા આપ આ તપશ્ચર્યા કરી રહ્યા છો. આપનામાં તમામ કલ્યાણકારી ગુણો સિદ્ધ છે. છતાં આપ મનુષ્યચરિત્ર કરો છો તો આપે માંગ્યું છે. તે પ્રમાણે થશે. પૃથ્વી ઉપર લોકો ત્યાગ, વૈરાગ્ય અને આપના જેવું તપ શીખે તે માટે આપે કૃપા કરીને તમે સંભાર્યો તેથી હું ધન્ય થયો છું. જ્યારે મારી સેવાની જરૂર હોય ત્યારે આપ મને અવશ્ય સંભારશો. હું જરૂર આપની સેવામાં હાજર થઈશ. આટલું કહી વંદન કરી સૂર્યનારાયણ અદશ્ય થઈ ગયા.

પછી શ્રીહરિએ પોતાના તપની સમાપ્તિ કરી. પછી શ્રીહરિ ગંડકી નદીમાં સ્નાન કરી તેનાં કિનારે તુલસી હતાં તેના પત્ર ગંડકી નદીમાં પધરાવ્યા. તો નદીમાંથી શાલીગ્રામ મૂર્તિમાન વિષ્ણુ સ્વરૂપે બહાર આવીને વર્ણીને પ્રણામ કર્યા ત્યારે વર્ણીએ કહ્યું કે અમે સત્સંગમાં તમારી એટલે શાલિગ્રામની પૂજા પ્રચલિત કરીશું. પછી તમામ વિષ્ણુની મૂર્તિ શાલિગ્રામ રૂપે ગંડકી નદીમાં સમાઈ ગયા. વર્ણી ત્યાંથી મુક્તનાથનાં દર્શન કરી વિદાય લીધી. પોતાના તપશ્ચર્યા કરવાનો સંકલ્પ પૂરો થયો. મુમુક્ષોને તપ કરવાની પ્રેરણા મળી.

## પોખરાની વાટમાં મોહનદાસને નીલકંઠનો મેળાપ

શ્રીહરિ અત્યંત કૃશ શરીરે પર્વતીય ઢોળાવો અને ગાઢ જંગલો પસાર કરીને પોખરાની વાટ લીધી. અઘોર વનમાં સડસડાટ ગતિથી ચાલ્યા જતા નીલકંઠને જોઈને મોહનદાસ નામના એક સાધુને અત્યંત આકર્ષણ થયું. તેના અંતરમાં દર્શન કરતાં શાંતિ થઈ ગઈ. તેને લાગ્યું કે આ કોઈ વિભૂતિ પુરુષ છે. નીલકંઠના ચરણોમાં પ્રણામ કરી તેણે પૂછ્યું; હે બ્રહ્મચારી હિમાલયની તળેટીમાં જતાં હું માર્ગ ભૂલ્યો છું પણ આવા ભયંકર નિર્જન વનમાં આપ કિશોર વયમાં શા માટે નીકળી પડ્યા છો ? નીલકંઠે કહ્યું : હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા ફરું છું.

મોહનદાસને થયું કે નીલકંઠ ચોક્કસ મને સાચો માર્ગ બતાવશે. તેણે હવે નીલકંઠની સાથે જ રહેવા નક્કી કર્યું. નીલકંઠે સાધુ જાણીને પોતાની સાથે ચાલવા સંમતિ આપી. નીલકંઠે જોયું કે મોહનદાસ મુમુક્ષુ છે. છતાં જગતના સારા પદાર્થોમાં તેનું મન ખેંચાય પણ છે. નીલકંઠને કોઈકે પાણી માટે સુંદર કઠારી ભેટ આપી હતી. મોહનદાસને આ કઠારીમાં મોહ હતો. તેને કઠારી જોઈતી ન હોતી

પરંતુ નીલકંઠના દર્શન કરતાં કરતાં કઠારીમાં તેની વૃત્તિ રહેતી હતી. આના ઉપરથી જીવને શિખામણ લેવાની કે ભગવાનના દર્શન કરતાં કરતાં જગતના કોઈ પદાર્થમાં વૃત્તિ રાખવી નહિ અને સાચા પ્રેમથી ભગવાનનાં દર્શન કરવા.

માર્ગે ચાલતા એક નદી આવી. તેમાં પડેલા પથ્થરો પર લીલ બાઝી હતી. નદી ઓળગતાં નીલકંઠને મોહનદાસે કહ્યું : હે બ્રહ્મચારી ! સાચવજો, પથ્થરા ઉપર પગ મૂકતાં લપસશો તો કઠારી તૂટી જશે. નીલકંઠ તેની ક્ષુદ્રતા જોઈ હસવા લાગ્યા. નદીને સામે કાંઠે પહોંચીને એક પથ્થરા સાથે અથળાવીને તેમણે કઠારી તોડી નાંખી. મોહનદાસે આશ્ચર્યવત્ બૂમ પાડી; અરે અરે ! નીલકંઠ ! આ તમે શું કર્યું ? આવી સુંદર કઠારી તોડી નાંખી ?

નીલકંઠે કહ્યું; ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને બદલે આ લોકના પદાર્થોમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે. મોહનદાસને પોતાના મોહનું ભાન થયું. નીલકંઠના ચરણોમાં તે નમી પડ્યા. નીલકંઠની સેવા અને આજ્ઞા પાળવા લાગ્યાં.

## નીલકંઠ વર્ણીને ખાતાં જોઈને ઝેરી ફળ ખાનાર ખાખીઓનાં મોત

શ્રીહરિ અને મોહનદાસ બંને આગળ ચાલતાં માર્ગમાં એક આડો પર્વત આવ્યો. તે ઉપર ચડ્યા. ત્યાં કેરીના જેવડાં ને જાંબુના જેવા રંગનાં ઝેરી ફળો દીઠાં તે તોડવાની નીલકંઠ વર્ણીએ તેને ના પાડી કારણ કે તે ફળ તમે જમશો તો મરી જશો કારણ કે તે ફળ ઝેરી છે. ત્યારે મોહનદાસે નીલકંઠ વર્ણીનું વચન માનીને તેણે ફળ ફેંકી દીધાં તેવામાં ત્યાં ચાર ખાખી બાવાઓ આવ્યા. નીલકંઠને ફળ ખાતાં જોઈ તે ફળ તોડવા માંડ્યા.

ત્યારે નીલકંઠે મોહનદાસને કહ્યું : તેમને કહો કે આ ઝેરી ફળ છે. ખાશો નહિ. ખાશો તો મરી જશો. પરંતુ બાવાઓને ગર્વ (અભિમાન) હતો તેથી તેમણે તાડુકીને કહ્યું : પેલો બ્રહ્મચારી કેમ ખાય છે. ત્યારે મોહનદાસે કહ્યું : એ તો મહાપુરુષ છે ! પેલા ખાખી બાવાઓ અભિમાનમાં કહે કે, તો અમે પણ મહાપુરુષ છીએ. એમ કહીને તેમણે ફળો ખાધાં અને ત્યાંને ત્યાં જ મૃત્યુ પામ્યા. બાવાઓએ અભિમાન છોડીને હાથ જોડ્યા હોત તો વર્ણીએ ઝેરનું અમૃત કર્યું હોત. આ કથા ઉપરથી મહારાજની આજ્ઞાનું પાલન કર્યું તો મોહનદાસ મૃત્યુમાંથી તો જીવી ગયા અને ખાખી બાવાઓએ અભિમાનમાં નીલકંઠનું વચન ન માન્યું

તો સામે ભગવાન બેઠા હતા તોય તે મોતને ઘાટ ઊતર્યા. માટે મહારાજના વચને નિરભિમાનિ અને નિર્માની થઈને પાળવું જોઈએ. નીલકંઠ અને મોહનદાસ ત્યાંથી આગળ ચાલ્યા. મોહનદાસનાં મનમાં કાયમ માટે નીલકંઠની સાથે રહીશ એવો હૈયામાં ભાવ હતો પણ ટકી શક્યો નહિ. કારણ કે વર્ણીના તીવ્ર વૈરાગ્ય આગળ કોઈ ટકી શકે નહિ. વનમાં ઘણા ત્યાગીઓ મહારાજ આગળ ટકી શક્યા નહિ તો મોહનદાસ કેવી રીતે ટકી શકે. નીલકંઠ અને મોહનદાસ ચાલતાં રસ્તામાં એક શહેર આવ્યું. ત્યાં મોહનદાસ રોકાઈ ગયા અને વર્ણી આગળ નીકળી ગયા. એટલે વર્ણીના વૈરાગ્ય સામે મોહનદાસ નિર્માની હોવા છતાં ટકી શક્યો નહિ. (મોહનદાસ પાછળથી સંત થયા તેમનું નામ વ્રજાનંદ સ્વામી રાખ્યું.)

## બુટોલપુર : મહાદત્ત રાજા તથા તેની બેન માયારાણી

નીલકંઠ પોખરાની વાટથી આગળ ચાલતાં એક શહેર દૂરથી જોયું. નીલકંઠ વર્ણી કોઈ એવી પુણ્યભૂમિની પ્રતિક્ષા કરતાં કરતાં આગળ ચાલ્યા જ જાય છે. ચાલતાં ચાલતાં નીલકંઠ વર્ણીએ એક સુંદર શહેર જોયું. તે શહેરનું નામ બુટોલપુર હતું. આ શહેરની બહાર એક નદી હતી. તે નદીનાં કાંઠે સુંદર બગીચો હતો. તે બગીચાના માલિકની રજા લઈને નીલકંઠ વર્ણીએ બગીચામાં રહેવાનો વિચાર કર્યો.

આ બુટોલપુરનો રાજા મહાદત્ત હતો. તે ઘણો જ ભાવિક અને દયાવાન હતો. હજારો અભ્યાગત સંતોને ચાતુર્માસ પોતના બગીચામાં રાખી નિત્ય નવી નવી રસોઈઓ બનાવડાવી જમાડતો હતો. અને તે રાજાની મયા નામે બેન હતી તે પણ રાજાના જેવી જ સંતો ઉપર ભાવનાવાળી હતી. પરંતુ સત્-અસતના વિવેકને જાણતાં નહિ તેથી દરેકના ઉપર સરખો ભાવ રાખતાં.

નીલકંઠ વર્ણી જે બગીચામાં ઉતર્યા હતા તે બગીચામાં બાવાની મોટી જમાત ઊતરી હતી. રોજના નિયમ પ્રમાણે આ નગરનો રાજા મહાદત્ત અને તેની બહેન મયારાણી સવારે બગીચામાં આવીને તમામ વૈરાગી બાવાઓને નમસ્કાર કરતાં કરતાં તેમનો ચરણસ્પર્શ કરતાં કરતાં નીલકંઠ વર્ણી પાસે આવ્યાં.

નીલકંઠ વર્ણીની ક્રાંતિ, તપથી કૃશ થયેલું શરીર, કિશોર અવસ્થા અને તેજોમય મૂર્તિ જોઈને રાજા તથા તેમનાં બહેન મયારાણીના અંતરમાં દિવ્યતાનો અનુભવ થયો. નીલકંઠ વર્ણીનો દેહ દેખીને તેમની આંખમાં આંસુ આવી ગયા. મહાદત્તે અને મયારાણીએ નીલકંઠના ચરણોમાં નમીને પૂછપરછ કરી

અને બગીચાનાં બંગલામાં ઊતરવા આગ્રહ કર્યો. મહાદત્તના ભાવથી નીલકંઠે બંગલામાં રહેવાનું કબૂલ રાખ્યું. બંગલામાં એક જુદા જ કમરામાં નીલકંઠને ઉતારો આપ્યો. આથી વૈરાગી બાવાઓનાં અંતરમાં ઈર્ષાની આગ ભભૂકવા લાગી. રાજાને દરરોજ નીલકંઠ તેમને જે શુદ્ધ જ્ઞાન આપતા હતા તે જ્ઞાન કદી સાંભળ્યું ન હતું. નીલકંઠની વાણી તેને દિવ્ય લાગી.

શ્રીહરિ બંગલામાં રહેતા ને ફળ, અન્ન જે મળે તે જમતા અને રાત્રિ-દિવસ ધ્યાન-ભજન સ્મરણમાં વ્યતિત કરતા. હમેશા સવારે નજીકની નદી હતી તેમાં એકાંતમાં સ્નાન કરવા જતા. એક દિવસ પાછલી રાતે અંધારે શ્રીહરિ નદીમાં સ્નાન કરવા ગયા ત્યારે ત્યાં પાણી પીવા માટે બે સિંહો આવ્યા. શ્રીહરિને દેખીને તે થંભી ગયા. શ્રીહરિએ થોડી વાર ઊભા રહી તેમની ખસી જવાની રાહ જોઈ પણ તે રસ્તામાંથી ખસ્યા નહિ. ત્યારે શ્રીહરિ તે સિંહોની પાસે ગયા ત્યારે તે બેય સિંહો પ્રભુના ચરણમાં આળોટવા લાગ્યા. ત્યારે શ્રીહરિ બંનેની વચમાં થઈને નીડર પણે આગળ ચાલી નીકળ્યા. આવાં તો અપાર આશ્ચર્ય શ્રીહરિના વનવિચરણ દરમિયાન થયા જ કરતાં. જે બાગમાં શ્રીહરિ રહેતા તેમાં ફળ-ફૂલથી શોભાયમાન ઘણાં વૃક્ષો હતાં. ત્યાં પોતાની સખીઓ સાથે રાજકુમારી અનેક પ્રકારના વસ્ત્રાલંકારો સજીને દરરોજ રમવા માટે આવતી. તે રાજકુમારીનું રૂપ જોઈ અસત્ સાધુઓનાં (બાવાઓ) મનમાં ક્ષોભ (ખરાબ વિચારો) થતા. બાવાઓ ગેલમાં આવી જતા. બુદ્ધિમતી રાજકુમારી તેમનો ભાવ ઓળખી તેમને ખળ (અસુરો) માની તેમના પ્રત્યે તિરસ્કારથી જોતી. પરંતુ નીલકંઠ સદા નીચી દૃષ્ટિ રાખી બેસતા અથવા ધ્યાન મગ્ન થઈ રહેતા. નીલકંઠના દર્શનથી કુંવરી અને તેની સખીઓને આનંદ થતો. એક શ્રીહરિમાં જ સાચા સંત જોયા. જ્યારે બાવાઓની દૃષ્ટિમાં તેમને વિકાર દેખાતો. આ વાત તેણે એક વખત પોતાની માતાને કહી. રાણીએ રાજાને વાત કહી. તેથી રાજાએ શ્રી નીલકંઠ વર્ણી સિવાયના દરેક ખાખીને ગમે તેમ કરી ડારો દઈને પણ કાઢી મૂકવાનું અને કોઈપણને મારી પાસે આવવા દેવા નહિ એવું ફરમાન કર્યું એટલે રાજાના માણસોએ રાજાની આજ્ઞા પ્રમાણે દરેકને ભૂખ્યા જ રવાના કર્યાં. આ દિવસે જન્માષ્ટમી હતી.

પછી રાજા અને મયારાણી દરરોજ શ્રીહરિની પાસે આવી મોક્ષનો ઉપદેશ સાંભળતાં તેથી તેમને સત્ય જ્ઞાન થયું. શ્રીહરિ ફળ-ફૂલ જમતા અને ક્યારેક ઉપવાસ પણ કરતા. તેથી રાજા અને મયારાણીએ પ્રાર્થના કરી કહ્યું જે, ઉપવાસ

વગેરે તપ કરવાથી આપનું શરીર બહુકૃશ થઈ ગયું છે. તો કૃપા કરી અમારા મહેલમાં પધારો. બંન્નેનો ભાવ જોઈને વર્ણીએ મહેલમાં જવાનું સ્વીકાર્યું.

પછી રાજાએ પોતાના મહેલમાં વર્ણીને એકાંતવાસમાં ઉતારો આપ્યો. નીલકંઠની સેવામાં પોતાની બહેન મયારાણી અને પોતાની (ચાર) રાણીઓ તથા રાજકુંવરી વગેરે સેવા કરવા લાગ્યા અને વર્ણીની રુચિ પ્રમાણે બ્રાહ્મણ પાસે રોજ નવીન નવીન રસોઈ કરીને ખૂબ પ્રેમથી જમાડતા. નીલકંઠ વર્ણી તેમનો શુદ્ધ ભાવ ભાળીને સેવા સ્વીકારતા હતા. વર્ણી રોજ સવારે વહેલા ઉઠી નદી-સરોવરે સ્નાન કરવા જતા. શ્રીહરિ બુટોલમાં ચાર માસ રહ્યા અને મયારાણી ખૂબ સ્નેહથી સેવા કરતાં. નીલકંઠ વર્ણીની મૂર્તિ મયારાણીને સુંદર અને મનોહર લાગતી. વર્ણીનું સ્વરૂપ સૌદર્યથી યુક્ત હોય છે. તેજ-તેજ છૂટે છે એવી સુંદર કમળની પાંખડી જેવી આંખડીઓ છે. માથે સરસ રૂપાળી જટા છે. વર્ણીની મુખમુદ્રા જોઈને મયારાણીને અંતરમાં શાંતિ અને આનંદ થતો હતો. બીજી બાજુ મનમાં પોતે ઘાટ ઘડે છે કે વર્ણીને મનાવીને મારી બે પુત્રીઓ તેમની સાથે પરણાવું અને રાજપાટ વર્ણીને સોંપી દઉ. એવો અંતરમાં ઘાટ ઘડે છે. પણ વર્ણીને કહી શકતી નથી.

નીલકંઠ વર્ણી તો અંતર્યામી હોવાથી દરેક અંતરની વાત જાણી શકતા તેથી મયારાણીના અંતરના ઘાટ જાણી ગયા. પછી વર્ણીએ મયારાણીને કહ્યું કે મનમાં શેના ઘાટ ઘડો છો? ત્યારે મયારાણી બોલી હે બ્રહ્મચારી ! મારી બે કન્યાઓ સુંદર છે. તે તમને પરણાવું, પ્રીતેથી રાજપાટ કરો. હું તમારા હિત માટે કહું છું માટે વેણ (વચન) સ્વીકારી લો.

મોટા મોટા જટાધારી જોગીઓ ભરજુવાનીમાં થયા ખુવાર. આગળ સૌભરી અને ચ્યવનઋષિ જેવા તેમના તપનો કોઈ પાર નથી. એવા મોટા ઋષિઓ ભરજોબને લુંટાણી લાજ, નાવ વિના દરિયો તરી શકાતો નથી. તેમ ભરયુવાની જળવાતી નથી. યુવાની આવશે ત્યારે મારા વેણ યાદ આવશે. માટે માનો મારું વચન માટે પરણીને કરો રાજપાટ. એવું મયારાણીનું વચન સાંભળીને વર્ણીની આંખમાં આંસુ આવ્યા. અને મનમાં ઘણું દુઃખ થયું. મેં મયારાણીને ખૂબ ઉપદેશ આપ્યો છતાં મને ઓળખી શક્યા નહિ.

પછી વર્ણીએ મયારાણીને કહ્યું કે યુવાની અમારા ઉપર આવવાની જ નથી. અમારા શરીર ઉપર તો અખંડ તપ, ત્યાગ અને સત્વભાવ જ રહેવાનો છે અને હાડમાંસના શરીરને માનતા જ નથી. માટે અમે તો નૈષ્ટિક બ્રહ્મચારી

રહેવાના એટલું જ નહિ મારા સંતો અને એકાંકી ભક્તોને પણ નૈષ્ઠિક બ્રહ્મચારી બનાવીશ. વર્ણી કહે છે કે અમને સ્વપ્નામાં કે જાગૃતમાં કામ પીડી શકે નહિ. અમે ચોરાશી લાખ યોનિમાં ભૂલા પડેલા જીવ પ્રાણીનો ઉદ્ધાર કરવા અક્ષરધામમાંથી ધર્મ-ભક્તિને ઘેર પ્રગટ થયા છીએ. અમે તો સર્વઅવતારના અવતારી છીએ અને સર્વથી પર છીએ માટે અમને કાળ, માયા પણ કશું કરી શકે તેમ નથી. અને અમે તો અક્ષરધામના અધિપતિ છીએ. માટે અમને સ્ત્રી, ધનસંપત્તિ કે સગાવહાલામાં ક્યાંય હેત નથી. ફક્ત અમને તો એક શ્રીહરિમાં જ હેત છે.

શ્રીહરિ કહે કે તમોને અને આ રાજાને પૂર્વના સારા સંસ્કારી દૈવી જીવ જાણીને તમારા મહેલમાં પધાર્યા છીએ. અમારે તમારા જીવનો ઉદ્ધાર કરવો છે. માટે તમે બન્ને જણા આ સંસારની માયાથી મુક્ત થાવો અને આ સંસાર તો નાશવંત છે. પુત્ર, પુત્રીઓ કે રાજ્ય સર્વ નાશવંત છે. માટે રાજ્ય કે સગાસંબંધીમાંથી મનને ખસેડી એક શ્રીહરિમાં મન જોડો અને તેનું ભજન કરો તો આ માયામાંથી મુક્ત થશો. પછી મયારાણીને પોતાની ભૂલ સમજાણી અને આંખોમાં આસુ લાવીને શ્રીહરિની સ્તુતિ કરીને કહ્યું કે વર્ણીરાજ હું ભુલી પડી અમારો ઉદ્ધાર કરો ત્યારે શ્રીહરિએ પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું અને પોતાની મૂર્તિના દર્શન કરાવ્યા.

બુટોલપુરની માયારાણી અને રાજાને શ્રીહરિ વિષે ખૂબ ભાવ અને સ્નેહ થયો. તેથી હરિને રાજમહેલમાં થાળ જમવા આગ્રહ કર્યો. રાજાનો ખૂબ આગ્રહ જોઈને જમવા જવાની હા પાડી. શ્રીહરિ રોજ દરબારમાં જમવા પધારતા. રાજાને તથા મયારાણીને શ્રીહરિને વિષે ખૂબ ભાવ થયો તેથી દરેક ધર્મ પાળવાના નિયમો રાખ્યા અને ગમે તે સારામાં સારી વસ્તુ આવે તે શ્રીહરિને અર્પણ કરીને જ પોતે ઉપયોગમાં લેતા. આ પ્રમાણે શ્રી નીલકંઠ વર્ણી ચાર માસ બુટોલનગરમાં રાજાને ત્યાં રહ્યા. આ પ્રમાણે ભાવપૂર્વકની સેવાથી માયારાણી તથા મહાદત્તનું અંતર શુદ્ધ થઈ ગયું. નીલકંઠે હવે તેમને પોતના દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું. તેથી રાજા અને મયારાણી ધન્ય થઈ ગયાં.

હવે પોતાનું કાર્ય પૂરું થયું જાણીને, નીલકંઠે વિદાયની તૈયારી કરવા માંડી. કેડે મૃગચર્મ વીંટાળી લીધું. કંઠે શાલિગ્રામ બાંધી દીધા. હાથમાં કમડલું લઈ લીધું. રાજા-રાણીને ખબર પડતાં તેમણે ગદ્ગદ ભાવે કહ્યું. મહારાજ ! આટલો વખત ભેગા રહ્યા. આપના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને હવે એકાએક આપે આ શી તૈયારી કરી ? કુંવર અને કુંવરીઓ એ પણ આપના સંબંધે વ્રત લઈ

નિયમો લીધા છે. અમો બધા આપના વગર શી રીતે જીવી શકીશું ? નીલકંઠે કહ્યું : રાજન્ ! મારે હવે જવું જોઈએ. તમારા જેવા અનેક મુમુક્ષુઓ મારી વાટ જુએ છે. હે પ્રભુ ! તમને સમર્પણ થઈ ચૂક્યા છીએ તો આ રાજ આપનું છે. અને અમો બધા જ આપના દાસ છીએ. અને આપની આજ્ઞામાં રહી આપની સેવા કરીશું તો આપ અમારો ત્યાગ કરશો નહિ.

રાજાનો અતિ આગ્રહ જોઈ શ્રીહરિએ તત્કાળ જવાનો વિચાર બંધ રાખ્યો. પરંતુ થોડા સમય બાદ કોઈ ન જાણે તેમ છાના ચાલી નીકળ્યા. રાજા અને તેની બેનને જ્યારે આ વાતની બર પડી ત્યારે ચારે તરફ દરેક માર્ગેએ ઘોડે સવારો દોડાવ્યા. તે લોકો દસ ગાઉ ઉપરથી શ્રીહરિને વિનંતી કરીને પાછા લાવ્યા. શ્રીહરિના દર્શન કરીને રાજા તથા તેની બેન મયારાણી ખૂબ રાજી થયા અને વિચાર કર્યો કે ખરેખર આ ભગવાન છે. કારણ કે જેમ જેમ માન આપ્યું તેમ તેમ વધારે ઉદાસ થતા ગયા છે. એવું બીજાને બને નહિ. માટે ફરી ચાલ્યા ન જાય તે માટે શહેરની ફરતી દસ-વીસ ગાઉ દૂર સુધી માણસોની પાકી ચોકી મૂકી નિર્બંધ શ્રીહરિને કોણ રોકી શકે ? એક મહિના પછી સમય જોઈને ફરીથી રાત્રીએ ચાલી નીકળ્યા. આમ શ્રીહરિ બુટોલપુર પાંચ મહિના રોકાયા. શ્રીહરિ વીસ ગાઉ સુધી માર્ગ મૂકી આડે રસ્તે વનમાં ચાલ્યા. સવારે ખબર પડી ત્યારે રાજાએ ચારે તરફ ખૂબ તપાસ કરી પણ શ્રીહરિ મળ્યા નહિ. એટલે બધા ખૂબ જ ઉદાસ થયા. અન્નજળનો ત્યાગ કર્યો. શ્રીહરિએ અંતર્યામીપણે પોતાના વિયોગથી દુઃખી રાજકુટુંબને જોઈ દિવ્યરૂપે દર્શન આપી કહ્યું જે, તમો દુઃખી થશો નહિ. તમો જ્યારે જ્યારે સંભારશો ત્યારે દર્શન આપીશું. અને અમારા આપેલા નિયમો તથા ધર્મનું પાલન કરી અમારું ધ્યાન કરશો તો ફરીથી આપણે મળીશું. આ દેહનો ત્યાગ કરી અમારા સત્સંગમાં દેહ ધરશો પછી તમારો મોક્ષ કરીશું. એમ કહી વર્ણી અંતર્ધ્યાન થયા.

## માતારીપુર

બુટોલપુરથી શ્રીહરિ ચાલતાં રસ્તામાં માતારીપુર નામનું એક ગામ આવ્યું. ત્યાંનો રાજા અતિ લોભી હતો તેથી ઘણા જ ભેખધારીઓને ભેગા કરીને સુવર્ણસિદ્ધિ (લોઢું, તાંબુ વગેરે ધાતુનું મંત્રથી અથવા ઔષધિથી સોનું બનાવવાની રીતિ) મેળવવા માટે ખૂબ પ્રયત્ન કરતો પણ તે થતું નહિ. આ ગામમાં જ્યારે શ્રીહરિ આવ્યા ત્યારે કોઈકે રાજાને વાત કરી કે એક બાલ બ્રહ્મચારી આવ્યા

છે. અને તે અતિ ચમત્કારી છે ત્યારે રાજાએ શ્રીહરિ પાસે આવી વિનયયૂર્વક નમસ્કાર કરીને બેસીને સુવર્ણસિદ્ધિનો ઉપાય વર્ણીને પૂછ્યો.

ત્યારે શ્રીહરિએ રાજાને લોભિયો જાણીને ઉપદેશ આપ્યો કે હે રાજન ! કોઈ સિદ્ધ એમ કહે કે હું સુવર્ણસિદ્ધિ જાણું છું તો તે વાત ખોટી છે; કારણ જો તે સોનું બનાવતાં જાણતો હોય તો તે ભિખારી શા માટે રહે ? અને દેશોદેશ પરાશ્રિત થઈ શા માટે ફરે? અને સોનાના મહેલ તો કોઈનાય થયા નથી. છતા ધૂર્ત માણસો ભોળા લોકોને ભોળવે છે. લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે, એ કહેવત પ્રમાણે ધૂતારાઓ લોભિયાને કહે કે આ જગ્યાએ જમીનમાં નાગ રહે છે. તેની નીચે બહુ ધન છે. આવી ખોટી વાતો કરીને લોભિયા પાસેથી ધન પડાવે છે. માટે તમો તેવા દંભીઓનો ત્યાગ કરી ભવસાગરને તારનાર સાચા સંતનો સમાગમ કરી મોક્ષ મેળવવાનો ઉપાય કરો. એમ કહી રાજાને જીવ, ઈશ્વર સંબંધી જ્ઞાન આપ્યું. ત્યારે રાજાને અજ્ઞાન દૂર થવાથી શ્રીહરિને વિષે પ્રેમ ઉત્પન્ન થયો એટલે શ્રીહરિની ખૂબ સેવા કરવા માંડી. શ્રીહરિ રાજાનો ભાવ જોઈ બે માસ રોકાયા.

પછી જવા તૈયાર થયા ત્યારે આસો સુદી એકાદશીના દિવસે રાજાએ શ્રીહરિને વાત વાત કરી કે મારા ગુરૂ નજીકના વનમાં ભોંયરામાં રહે છે અને તે અન્ન, ફળ, કાંઈ જમતા નથી. અને આવતી કાલે ભોંયરામાંથી બહાર નીકળશે અને પૂનમ સુધી બહાર રહેશે. બહાર રહે તે દરમિયાન ફલાહાર કરે છે. અને પૂનમના દિવસે ત્યાં મોટો મેળો ભરાય છે. હજારો માણસો ભેગા થાય છે. હું પણ સવારીએ સહિત ત્યાં દર્શન કરવા જઉં છું. માટે મારા ગુરુને મળીને પછી આપની ઈચ્છા હોય તો પધારજો.

રાજાની વાત સાંભળી શ્રીહરિએ કહ્યું કે, તમારા ગુરૂ અન્ન, જળ વિના જે જીવે છે, તે ફક્ત માનથી જીવે છે. માટે તમારે જો તેની પરીક્ષા કરવી હોય તો તમો ચારે તરફ ચોકી રાખીને તે ભોંયરામાંથી નીકળે ત્યારે કોઈ પણ માણસને ત્યાં જવા દેશો નહિ. એટલે તમોને ખબર પડશે અને જો માનથી જીવતા હશે તો કોઈ નહિ દેખે એટલે માન ખંડન થયું માની તે મરી જશે. પછી રાજાએ ચોકી રાખી કોઈને ત્યાં જવા દીધા નહિ. તે જ્યારે ભોંયરામાંથી બહાર આવ્યો ત્યારે કોઈ માણસોને જોયા નહિ. પૂનમ સુધી રાહ જોઈ. પછી થાકીને આશા છોડી અને માનભંગ થયું. એટલે તેનું શરીર પડી ગયું. આ બધી વાત રાજાએ જાણી એટલે રાજાને શ્રીહરિની વાત સાચી મનાણી અને શ્રીહરિમાં પ્રતીતિ આવી. અને બીજા બધા માર્ગો છોડી દઈ શ્રીહરિનું શરણું સ્વીકારી આશ્રિત બન્યો. શ્રીહરિ

પછી ત્યાં થોડા દિવસ રોકાઈ તેને મોક્ષનો વર આપી તથા ધર્મ ઉપદેશ આપી ત્યાંથી ચાલી નીકળ્યા.

**કાઠમંડુ :** આગળ વનમાં ચાલતાં રસ્તામાં વર્ણીરાજે વિચાર કર્યો કે હું પુલહાશ્રમમાં તપ કરતો હતો ત્યાં નેપાળનો રાજા આવ્યો હતો. તેણે મને ભાવપૂર્વકની વિનંતી કરીને કહ્યું છે કે આપ તપ પૂર્ણ કરીને મારા નગરમાં પધારજો. માટે તેનો ઉદ્ધાર કરવા માટે ત્યાં જવું એમ નક્કી કરી વર્ણી તે નેપાળના રાજાની રાજધાની કાઠમંડુમાં ગયા.

**રણબહાદુર :** રાજાને વર્ણીજી આવ્યાના સમાચાર મળ્યા એટલે તે રાજા તુરંત જ સામો આવ્યો અને વાજતે ગાજતે સત્કારપૂર્વક પોતાના મહેલમાં પધરાવ્યા. ત્યાં સિંહાસન ઉપર વિરાજમાન કરી ખૂબ પ્રેમથી વર્ણીની પૂજા કરી. આરતી ઉતારી પગે લાગી રાજી કર્યા. પછી સુંદર રસોઈ બનાવરાવી પ્રેમથી જમાડ્યા. શ્રીહરિ તે રાજાને ધર્મોપદેશ કરી તેનામાં રહેલા દુરાચારો દૂર કરાવી મોક્ષનો રસ્તો બતાવતા એક માસ ત્યાં રોકાયા. કાઠમંડુમાં નીલકંઠનું લક્ષ્ય પશુપતિનાથનું મંદિર હતું. કાઠમંડુમાં આવી નીલકંઠ પશુપતિનાથનાં દર્શને પધાર્યા. વર્ણી પશુપતિનાથનાં દર્શન કરી ત્યાંથી આગળ ચાલતાં ઘોરવન આવ્યું.

## ગોપાળ યોગી

કાઠમંડુથી ચાલતાં ચાલતાં એક મોટું વન આવ્યું. તે વનમાં ચાલતાં આગળ એક મોટો સુંદર વડ જોવામાં આવ્યો. તેઘેઘૂર વડલાની નીચે ગોપાળ યોગી તપ કરી રહ્યા હતા. તે વડલાનો ઘેરાવો એક ગાઉ સુધી પથરાયેલો હતો. વડલાની ઊંચાઈ આકાશને અડી રહી હતી.વડ ઉપરના ફળ લાલ રંગના દેખાતા પણ દૂરથી જોઈએ તો લાલમણીની ખાણ જેવી દેખાતી. આ લાલ રંગની ખાણ સ્વર્ગ કે પાતાળમાં નહિ પણ બ્રહ્માજીએ આ વડમાંથી ઉત્પત્તિ કરી છે. એવું લાગે છે. વડલાની વડવાઈઓ જમીનની અંદર ગૂંચવાયેલી છે. વડલાની નીચે અને વડવાઈઓની વચ્ચે મહા યોગી ધ્યાન કરતા બેઠા હતા.

આ મહાન યોગી માથે મોટી જટા હતી. ઘેઘૂર વડના ઝાડ નીચે એક શિલા પર મૃગચર્મ પાથરીને બેઠા હતા. એક કોપીન જીર્ણ આચ્છાદન વસ્ત્ર ધારણ કર્યું હતું. તેમનો એક હાથ પવનપાવડી ઉપર અને બીજો હાથ ગોઠણ પર ટેકવેલો હતો, સ્વસ્તિક આસનની પલાંઠીવાળી હતી અને તે ભગવાનનું ધ્યાન કરતા

હતા. તેમનું નામ ગોપાળયોગી હતું તેઓ શાલિગ્રામની સેવા અને ગીતાજીનો પાઠ કરતા હતા.

આ યોગીની ધ્યાનમાંથી તેમની આંખો આપોઆપ ખૂલી ગઈ. તેમની નજર નીલકંઠ તરફ ખેંચાઈ. તેમના અંતરમાં ભક્તિભાવનો હિલોળો આવ્યો. એમણે નીલકંઠ સામે દોટ મૂકી. નીલકંઠને તેઓ ભેટી પડ્યા. સાક્ષાત્ ભગવાન મળ્યાનો આનંદ એ યોગીની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. ઘણીવાર સુધી ભેટી રહ્યા જેમ કોઈ મહાસ્નેહી મિત્રો મળે તેમ મળીને ખૂબ આનંદ પામ્યા. પછી બેય જણા પાસે બેસીને એકબીજાના કુશળ સમાચાર પૂછવા લાગ્યા. યોગી બોલી ઊઠ્યા ! ભગવાન ! બહુ રાહ જોવડાવી !

એ યોગી વાલ્મીકિ ઋષિનો અવતાર હતા. આ યોગી યમ નિયમ યોગ સિદ્ધ અને તપ આદિ ગુણોમાં પ્રસિદ્ધ હતા. તે યોગીને અંતરમાં દૃઢ પ્રતીતિ થઈ ગઈ હતી કે આ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સામે ચાલીને તેમને દર્શન દેવા આવ્યા છે. તેમ છતાં તેમણે ઔપારિક રીતે અજાણ્યા બનીને પોતાનું કથન કહેતાં કહ્યું, મારું નામ ગોપાળ યોગી. આજ સુધી ક્યારેય મારું મન કોઈમાંય તણાયું નથી. ક્યારેય ધ્યાનમાંથી મારી આંખો ખૂલી નથી. પરંતુ આજે તમે અહીં વૃક્ષની નજીક આવ્યા ત્યાં મારી આંખો ખૂલી ગઈ. મારું મન અને આંખો તમારામાં ખેંચાઈ ગયાં માટે બાળા યોગી, તમે કોણ છો ? હું અષ્ટાંયોગ સિદ્ધ ઋષિ છું પરંતુ મને તમારી ઓળખાણ આપો. આ યોગી મહાન પવિત્ર અને મોક્ષદાયક હતા. તેથી પોતાનો પરિચય આપીને કહે છે કે

નીલકંઠે પણ તેમના ભાવને પીછાણીને કહ્યું. અમે આત્મા, અક્ષરબ્રહ્મ એ સર્વથી પર પરબ્રહ્મ છીએ પરંતુ અનેક જીવોના કલ્યાણ કરવા ધર્મ-ભક્તિને ઘેર પ્રગટ થયા છીએ. ત્રણ વર્ષ પહેલાં ગૃહત્યાગ કર્યો છે. ત્યારથી વનમાં ફરું છું. કઠોર તપશ્ચર્યા કરી સૂર્યનારાયણને પ્રસન્ન કર્યા છે. અષ્ટાંગ યોગ સિદ્ધ કરવાની અભિલાષા છે. લોકો મને નીલકંઠ વર્ણી કહી બોલાવે છે. આપ મને આપનો શિષ્ય બનાવી યોગ શીખવો.

(૧) શ્રીહરિએ યોગીને નમસ્કાર કરીને કહ્યું કે બહુ વનો ફરતો ફરતો હું આવ્યો પણ તમારા જેવા પવિત્ર અંતઃકરણવાળા મને કોઈ યોગી ક્યાંય પણ મળ્યા નહિ (૨) શ્રીહરિ કહે છે કે તમને શુક, નારદ જેવા કોઈ સમર્થ ગુરૂ મળ્યા હશે તે વિના આવી યોગકળા આવડે નહિ (૩) અમે શ્રી નરનારાયણના આશ્રમ (બદરિકાશ્રમ) પર્યંત ગયા ત્યાં મોટા મોટા સિદ્ધો, મુનિઓ રહે છે. છ-છ

મહિના ફલાહાર કરીને નિરંતર ભગવાનનું ધ્યાન કરે છે ત્યાં કોઈ અષ્ટાંગયોગ (હઠયોગ) કરતું નથી. (૪) અમે ત્યાં જઈને ધ્યાન કરતાં શીખ્યા છીએ. હવે અહીં અષ્ટાંગ યોગ શીખવાનો વિચાર છે.

ત્યાં ગોપાળયોગી બોલ્યા કે આપ તો સાક્ષાત્ સર્વાવતારી પુરુષોત્તમનારાયણ છો. અને મારો ઉદ્ધાર કરવા અહીં આવ્યા છો. ઈશ્વર વિના કોઈ અહીં આવી શકે જ નહિ. ત્યારે મનુષ્યભાવ જણાવતાં શ્રીહરિએ કહ્યું જે, અષ્ટાંગયોગ શીખવાની મને ખૂબ ઈચ્છા છે. કારણ તે વિના બ્રહ્મચર્યવ્રત સિદ્ધ થાય નહિ. યોગવિદ્યા એ મહાવિદ્યા છે. તે વિના દેહનાં વિઘ્નો મટે નહિ. સમુદ્ર સમાન દેહના વિઘ્નને તરવા માટે યોગરૂપી દૃઢ નાવમાં બેસે તેને ક્યારેય ભય રહેતો નથી. માટે આપ ગુરૂ અને હું શિષ્ય છું એમ માની કૃપા કરી મને અષ્ટાંગયોગ શીખવો.

શ્રીહરિની વાણી સાંભળી ગોપાળ યોગી પ્રસન્ન થયા, અને પ્રથમ યોગનો ગ્રંથ ભણાવી પછી યોગનો અભ્યાસ શીખવવા લાગ્યા. બુદ્ધિ, ગુણ અને યોગનાં ભંડાર શ્રીહરિ અનંત જીવોના મોક્ષને માટે મનુષ્યચરિત્ર કરતા, યોગની દરેક ક્રિયા ગુરૂ એકવાર બતાવે કે તરત જ શીખી જતા અને તે પ્રમાણે કરી બતાવતા તેથી અષ્ટાંગયોગનાં દરેક અંગો-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ થોડા દિવસમાં એ બધું જ નીલકંઠે સિદ્ધ કર્યું. અષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરી કુંજર, ધોતી, નેતિ, બસ્તિ... એવી યોગ ક્રિયાઓ શીખ્યા. બ્રહ્મવિદ્યા, અક્ષિવિદ્યા, દહન વિદ્યા એવી વિદ્યાઓ પ્રાપ્ત કરી. એક વર્ષમાં ગોપાળ યોગી પાસેથી બધી વિદ્યાઓ શીખ્યા. બીજા યોગીઓ આખી જિંદગીમાં ન શીખી શકે એવી બધી જ યોગકળા નીલકંઠ એક વર્ષમાં સિદ્ધ કરી લીધી.

તે જોઈને ગુરૂએ વિચાર કર્યો કે ખરેખર આ ગોલોકપતિ શ્રીકૃષ્ણ ભગવાન જ મારા ઉપર કૃપા કરીને વર્ણીવેષ ધરીને મને કૃતાર્થ કરવા માટે આવ્યા છે. એમ સમજી અંતરમાં ભગવાન માનીને જ અભ્યાસ કરાવતા અને દર્શન કરતા. પરસ્પર એક-બીજાને ગુરૂ માનતા. મુનિનું ચિત્ત વર્ણીમાં મળ્યું અને વર્ણીનું મન યોગીમાં વળ્યું હતું.

વડલાની પૂર્વ દિશામાં એક મોટું સરોવર હતું અને ઉત્તર દિશામાં છલકાતી એક નદી વહેતી હતી. વર્ણી અને યોગી સાથે બેસીને કંદમૂળ ફળો વગેરે જમતા. અને સરોવર અને નદીમાં રોજ સ્નાન કરવા જતા હતા. આ બેય મોટા સિદ્ધ યોગીઓને જોઈને ગોવાળ લોકો ગાયોને લઈને ત્યાં પાસે આવીને વસ્યા કારણ કે ગાયો માટે ને ચરાવવા માટે સારું ઘાસ થતું હતું. ગાયોને બાંધવા કાંટાની મોટી

વાડો કરી વાડા કર્યાં હતા તો પણ ક્યારેક સિંહો આવીને ગાયોને મારી જતા. તેથી ગોવાળોએ રક્ષણ માટે કોઈ ઉપાય બતાવવા યોગીને પ્રાર્થના કરી. ગોવાળોની પ્રાર્થના સાંભળી પશુઓનું રક્ષણ કરવામાં અસમર્થ એવા ગોપાળયોગી ચિંતાતુર બની ગયા. યોગીને ચિંતામગ્ન જોઈ શ્રીહરિ બોલ્યા કે હે યોગી ! તમો ચિંતા કરશો નહિ.

મહા શબ્દ કરનાર આ શંખને આપ વગાડો એટલામાં તે શંખનો શબ્દ સંભળાશે. તેટલામાંથી હિંસક પ્રાણીઓ સદાને માટે ચાલ્યા જશે. ફરી પાછા ક્યારેય આવશે જ નહિ. વર્ણીની વાત સાંભળીને ગોપાળયોગીના મનમાં હું દરરોજ શંખનાદ કરું છું તો પણ હિંસક પ્રાણીઓ (સિંહો) દૂર જતા નથી. પણ ભગવાન શ્રીહરિના વચનમાં વિશ્વાસ લાવી ગોપાળયોગીએ ખૂબ જોરથી શંખ વગાડ્યો. એટલે તે શંખનો શબ્દ બાર ગાઉ સુધી સંભળાયો. તેટલા વિસ્તારમાંથી હિંસક પ્રાણીઓ સદાને માટે ચાલ્યા ગયા. (કેટલાક ગ્રંથોમાં એમ લખે છે કે શ્રીહરિએ પોતે જ શંખ વગાડ્યો હતો.) આવો યોગીનો પ્રતાપ જોઈ બાર-બાર ગાઉમાંના પશુવાળા ગોવાળો યોગી માટે દૂધ, ચોખા, શાકભાજી, ફળો વગેરે લાવવા મંડ્યા. યોગી ના પાડે તો પણ લાવતા. યોગીની ખૂબ સેવા કરતા અને યોગીનો ઉપદેશ સાંભળવા રોજ યોગી પાસે આવતા ત્યારે યોગી પાસે બેઠેલા શ્રીહરિમાં શ્રીકૃષ્ણનાં દર્શન થતાં ગોવાળોને યોગી તથા શ્રીહરિમાં ખૂબ હેત થતું અને શ્રીહરિને ભગવાન માનતા હતા.

શ્રીહરિ યોગકળા શીખ્યા પછી ગોપાળયોગીએ બનાવેલો ગીતાજીનો પંચરત્નનો ગુટકાનો પાઠ કરતા. ગોપાળયોગીએ તે ગુટકો શ્રીહરિને આપ્યો હતો. તે શ્રીહરિએ લોજમાં મુક્તાનંદ સ્વામીને આપ્યો હતો ને તે મુક્તાનંદ સ્વામીએ આચાર્ય રઘુવીરજી મહારાજને આપ્યો હતો તે ગુટકો હાલ વડતાલના અક્ષરભુવનમાં છે. પછી શ્રીહરિએ ગોપાળયોગીને કહ્યું કે ભગવતકૃપાથી અમે યોગકળા શીખી ગયા. આત્માનું અખંડ દર્શન અમને થાય છે. તે આત્માને બ્રહ્મ સાથે એકતા કરીને અમે બ્રહ્મસ્વરૂપ થયા. આત્માને બ્રહ્મ સાથે એકતા કરીને તે બ્રહ્મયોગ સમાધિ કહેવાય છે. ગોપાળયોગી તે જાણતા ન હતા. તે બ્રહ્મ સ્થિતિ સુધી પહોંચેલા હતા. તેથી શ્રીહરિએ આત્માને બ્રહ્મસ્વરૂપ સાથે એકતા કરતાં શીખવાડ્યું તેથી તે બ્રહ્મસ્વરૂપ થયા. અને તે બ્રહ્મમાં પરબ્રહ્મનો સાક્ષાત્કાર પામ્યા. અને તેમને સમાધિમાં અક્ષરબ્રહ્મના દર્શન થયાં ત્યારે તે બોલ્યા કે આપ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છો. અને મને દર્શન દેવા બ્રહ્મચારી વેષે

અહીં પધાર્યા છો. એમ પ્રાર્થના કરી અને ધ્યાનમાં બેઠા ત્યારે મૂર્તિમાં વૃત્તિ ચોટી ગઈ. દેહની સ્મૃતિ (ભાન) ભૂલ્યા અને તે સાક્ષાત્ શ્રીહરિનાં દિવ્ય સ્વરૂપે દર્શન થયાં તેથી આનંદ-મગ્ન થઈને શ્રીહરિની કૃપાથી દેહમાંથી વૃત્તિ તોડી અક્ષરધામમાં સિધાવ્યા. પછી વર્ણીએ ગોપાળયોગીના દેહની ઉત્તર ક્રિયા કરી આ શ્રીહરિ ગોપાળયોગી પાસે બાર માસ રહ્યા હતા. શ્રીહરિનું ગોપાળયોગીએ દીક્ષા આપીને નીલકંઠ બ્રહ્મચારી નામ પાડ્યું હતું.

## મહાનદી

પછી શ્રીહરિ ત્યાંથી પૂર્વ દિશાના વનમાં એકાકી આગળ ચાલ્યા. ત્યાં મહાનદી આવી. તેમાં સ્નાન કર્યું. ફળો લાવી જમતા. યોગાયાસ કરતા ત્યાં કેટલાક દિવસ રોકાયા. એક દિવસ સિંહ આવીને વર્ણીના ચરણ ચાટવા લાગ્યો. ધ્યાનમાંથી જાગ્યા ત્યારે સિંહ શ્રીહરિના પ્રતાપથી બકરી જેવો થઈ ગયો. કાંઈ બોલ્યો નહિ ત્યારે મનુષ્યચરિત્ર કરવા ઇચ્છતા શ્રીહરિને સંકલ્પ થયો કે આ સિંહ ઉપર બેસી ગામોગામ ફરીએ તો લોકોને આશ્ચર્ય થાય અને સિદ્ધ જાણીને ખૂબ માને અને પૂજે અને ખૂબ પ્રસિદ્ધિ મળે. ત્યારે વળી તુરંત બીજો સંકલ્પ કર્યો કે સાચા સિદ્ધની આ રીત નહિ. પાખંડ કરીને લોકોને ધૂતી પેટ ભરવું હોય તેવા પાખંડીયાઓનું આ કામ છે. દરેક માણસો સાચા સંતની આશા રાખે છે. ભગવાન વિનાની જેને બીજી આશા નથી એ જ સાચા સિદ્ધ છે. શિવજી વગેરે સાચા સિદ્ધ છે તો તેમની મોટા દેવતાઓ પણ આશા રાખે છે. પોતે દંભ કરી પોતાને પૂજાવાની આશા રાખે તેને સિદ્ધ ગણાય જ નહિ. એમ વિચારી સિંહને છોડી મૂક્યો અને મનને પ્રભુ ચરણમાં જોડી દીધું.

**આદિવારાહ :** શ્રીનીલકંઠવર્ણી ત્યાંથી દિશા બાંધીને આગળ ચાલ્યા તે ફરતા ફરતા કેટલાક દિવસે આદિવારાહ નામના પુણ્ય તીર્થક્ષેત્રમાં આવ્યા. તેમને મહાસિદ્ધ જાણી લોકો આનંદ પામી જૂથબંધ મળીને દર્શન કરવા આવતા. વર્ણી તેમને ધર્મની વાતો કરતા. તેથી બુદ્ધિશાળી સજ્જન માણસો તેમની વાતો સાંભળી શરણે થયા અને વ્યસનોથી તથા મોહથી રહિત થઈ મિથ્યા ગુરુ. જમ અને કાળના પાશમાંથી છૂટતાં અને મોક્ષભાગી બનતાં. શ્રી વર્ણી ત્યાં ત્રણ દિવસ રોકાઈ આગળ ચાલ્યા. તે પૂર્વ દિશામાં ચાલતા રસ્તામાં મોક્ષગંગામાં સ્નાન કરી નાવમાં બેસી ગંગા ઉતરી પૂર્વ તરફ ચાલ્યા તે કેટલાક દિવસે પોખરા પહોંચ્યા.

**પોખરા :** શ્રીહરિ પોખરા નામના શહેરમાં આવ્યા. તે ઉત્તરકાશી ગણાય

છે.ત્યાં સતીગંગા નામની નદી વહે છે. શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું. ત્યાં ઘણી જ સંસ્કૃત ભણાવવાની પાઠશાળાઓ તથા તેમાં અભ્યાસ કરતા ઘણા વિદ્યાર્થીઓને જોઈ શ્રીહરિ ખૂબ રાજી થયા. પછી તેમાં કેટલાક વેદપાઠી હતા, કેટલાક ન્યાય, જ્યોતિષ વગેર શાસ્ત્રોના પંડિતો હતા. તેમને તે વિષયના પ્રશ્નો વર્ણીએ પૂછ્યા તેના ઉત્તર તે લોકોએ આપ્યા તે સાંભળી વર્ણી રાજી થયા. લોકોએ જાણ્યું જે આ નાના વર્ણી છે. પણ સર્વ વિદ્યાનો સાર જાણે છે. તેથી આશ્ચર્ય પામ્યા. પછી તે પંડિતોએ વર્ણીનું નામ પૂછ્યું ત્યારે તેમણે પોતાનું નામ ઘનશ્યામ છે તેમ કહ્યું. પછી વર્ણીએ શિવાલયમાં ઉતારો કર્યો. ત્યાં એક પંડિત પાસે આવીને બેઠો. તેણે શ્રીહરિને શંકર માની સ્તુતિ કરી : એ સ્તુતિ સાંભળીને શ્રી વર્ણીએ રાજી થઈ તેને મોક્ષનો વર આપ્યો. પછી ત્યાંથી પૂર્વ દિશામાં ચાલ્યા તે નારાયણી ગંગા કિનારે આવ્યા ત્યાં સ્નાન કરી આગળ ચાલ્યા. પૂર્વ દિશામાં ભૂરી ગંગામાં સ્નાન કર્યું ત્યાંથી નેપાળ દેશની અંદર પર્વત ઉપર આવેલા શિવપુરી શિખર છે ત્યાં એક વિશાળ સરોવર છે. ઉત્તર બાજુ એક ઊંચો પર્વત છે. તેના ઉપર ત્રણ શિખર છે. તેમાંથી ત્રણ ધારાઓ વહે છે. તેને ત્રિશૂળી ધારા કહેવામાં આવે છે. આ ધારાઓ શિવે પોતાના ત્રિશૂળમાંથી ત્રણ ધારાઓ પ્રગટાવી હતી તેથી તેને ત્રિશૂળી ધારા કહેવામાં આવે છે. તેથી ત્રિશૂળી ગંગા પણ કહેવામાં આવે છે તે ત્રિશૂળી ગંગામાં શ્રીહરિ પોતે નાહ્યા હતા. એટલે પ્રાચીન તીર્થોને ઉદ્ધારવા અને તેનો મહિમા વધારવા પોતે વિચરણ કરે છે.

## દેવલીમાં મહારાજે રાજાનો રોગ મટાડ્યો અને કેદમાંથી ખાખીઓને છોડાવ્યા

પછી ત્યાંથી ચાલ્યા એવા જે નીલકંઠ બ્રહ્મચારી તે વનમાં ફરતા ફરતા આવતા હતા. ત્યાં ખાખીની મોટી જમાત મળી, ત્યારે સહુ ભેગા ચાલ્યા આવતા હતા. જમાતના મંડળમાં એક મોટો મહંત હતો તે વર્ણીને જોયા ત્યારથી તેના મનના સંકલ્પો ટળી ગયા. તેને વર્ણીને મોટા સમર્થ જાણ્યા. તેથી શ્રીહરિમાં હેત ઘણું થયું. તેથી શ્રીહરિને સાથે ભેગા ચાલ્યા. રસ્તામાં જતા વાત સાંભળી કે આગળ દેવલી નામે એક શહેર આવે છે. ત્યાંનો રાજા પેટના ભયંકર રોગથી પીડાય છે. ઘણા ઉપાયો કર્યા પણ રોગ મટતો નથી. પછી તેને એમ થયું કે ભેખમાં ભગવાન હોય છે. તેથી તેઓ મારો રોગ મટાડશે. (બ્રાહ્મણો, પંડિતો, પુજારીઓ)

એમ માની ત્યાં જે કોઈ સાધુ-સંતો આવે તેને સન્માનપૂર્વક રાખીને સેવા કરે પછી પોતાનો રોગ મટાડવાની વાત કરે. ને જો તે રોગ નિવારણ ન કરે તો તેને જેલમાં પૂરી દે. એમ આશરે પાંચ સોથી વધારે બાવાઓને જેલમાં પૂરેલા હતા. આવી વાત સાંભળી ખાખીઓને રાજાનો ભય લાગ્યો અને મહંતને કહ્યું કે આ દેવલી શહેરમાં જવું નથી. જે આપણે સામેથી મૃત્યુના મુખમાં જવું તે યોગ્ય નથી જેથી શહેરથી બારોબાર નીકળી જઈએ. પરંતુ તે જમાતનો જે મહંત હતો તેને વર્ણી પર સ્નેહ થયો હતો અને ક્યાંક અપમાન થાય અને ક્ષમા રાખે તે જ સાચા સંત ગણાય.

જ્યારે જે થવાનું હોય તે પ્રમાણે જ થાય છે. જે જવાનું હોય તે ગમે તેમ જતન કરીએ તો પણ જશે જ. વર્ણીએ સિધ્ધોને એમ કહ્યું કે તમે દિલમાં શા માટે ભય રાખો. રાજા જેલમાં પૂરશે તો મને પણ પૂરશે નહિ ? એમ કહીને સિધ્ધોને હૃદયમાં હિંમત આપી. કદાચ રાજા આપણને મારશે તો પણ આત્માને કાંઈ કરી શકે તેમ નથી. માટે ચિંતાનો ત્યાગ કરી મારી સાથે ચાલો. સીધો મારગ મૂકીને અવળા રસ્તે શા માટે જવું જોઈએ ? વર્ણીના વચનો સાંભળીને મહંતને તથા તેના શિષ્યોને વિશ્વાસ આવ્યો. એટલે હિંમત આવી તેથી વર્ણીને સમર્થ માનીને મનમાંથી બીક તજી દઈને તેમની સાથે તે શહેર તરફ ચાલ્યા.

રસ્તામાં ઘણા માણસોએ શહેરમાં જવાનો નિષેધ (મનાઈ) કર્યો કે તમને રાજા કેદ કરશે. માટે જાણીને મૃત્યુ સામે શા માટે જાઓ છો ? છતાં તે બધા શહેરમાં ગયા. રાજાને ખબર મળી કે સંતોની જમાત આવી છે. એટલે તેણે ઉતારો અપાવ્યો; ને સારી રીતે જમાડ્યા. પછી રાજાએ તેમના મહંતને બોલાવવા માટે માણસ મોકલ્યો ત્યારે મહંત વર્ણીને સાથે લઈ રાજદરબારમાં ગયા. રાજાએ સન્માન કર્યું અને આસન આપી બેસાડ્યા.

પછી કહ્યું કે ભેખમાં ભગવાન હોય છે. માટે તમો મારો રોગ મટાડો નહિ તો કેદમાં પૂરીશ. તે સાંભળી વર્ણીએ કહ્યું કે હે રાજન્ ! તમારે આવી હઠ ન કરવી જોઈએ. ઈશ્વરે જે જે મર્યાદાઓ બાંધી છે તેનો કોઈ ભંગ કરી શકે નહિ. માટે વિશ્વાસ રાખશો તો સારૂં થશે. એમ કહીને રાજાને ઉપદેશ આપ્યો કે (૧) દરેક જીવને કરેલા કર્મો ભોગવવા જ પડે છે. ભક્ત હોય કે અભક્ત હોય તે દરેક કર્મ પ્રમાણે સુખ-દુઃખને ભોગવે છે. પણ જો માણસ પ્રભુની ભક્તિ કરે તો પ્રભુ તેનાં દુઃખો ટાળી નાખે છે પરંતુ પ્રભુ પાસે હું છરી ઘાલીને મરીશ અથવા આત્મહત્યા કરીશ. આવી અનેક પ્રકારની હઠ કરવાથી કાર્ય સિદ્ધ થતું નથી. (૨) તેમજ

સંતોને દુઃખ દેવાથી અથવા ડર દેખાડવાથી અથવા અપમાન કરવાથી દુઃખ જતું નથી. બલ્કે વધારે દુઃખ થાય છે. માટે કહું તે વાત માનો અને ઈશ્વર તો સ્વતંત્ર છે. કર્તા, અકર્તા, અન્યથા કર્તા, સમર્થ છે. તે પોતાની ઈચ્છાથી ક્યારેક કરવાનું હોય તે પણ કરે માટે તમો તમારી હઠ છોડી દેશો તો જ સુખી થશો. (૩) નીલકંઠે કહ્યું; તમારા પ્રારબ્ધને કોઈ મંત્રજંત્ર જાણનાર કે કોઈ કીમિયાગર મટાડી શકે તેમ નથી. માટે જે કાંઈ દુઃખ આવે તે પ્રારબ્ધકર્મનું સમજીને પરમાત્માની પ્રાર્થના કરતા કરતાં ધીરજથી સહન કરવું પરંતુ આવી મનસ્વી રીતથી તમારું દુઃખ તો મટવાનું નથી ઊલટું કર્મના નવા બંધનો તમે બાંધો છો ?

વર્ણીની મધુરવાણીથી રાજાને અંતર્દષ્ટિ થઈ. તેણે પોતાના કર્મો બદલ માફી માગી અને દર્દ મટાડવા કહ્યું. ત્યારે કરૂણામૂર્તિ નીલકંઠ વર્ણીને રાજા ઉપર દયા આવી એટલે શ્રીહરિએ તેનો રોગ મટાડવા વિચાર કરીને જળ મંગાવ્યું. હાથમાં જળની અંજલિ લઈ રાજાને પી જવા કહ્યું. રાજા તે પ્રસાદીજળ શ્રદ્ધાપૂર્વક પી ગયા. વર્ણીના સંકલ્પે તેની તરત અસર થઈ એટલે તુરંત જ રાજાનો સમગ્ર શારીરિક રોગ, રાજાના પેટનો દુઃખાવો ભવસાગરના દુઃખરૂપી રોગ સાથે નાશ પામ્યો. અને તન, મન, શાંત થઈ ગયા. આ શ્રીહરિનો અલોકિક પ્રતાપ જોઈ ત્યાં રોગ મટાડવા બેઠેલા વૈદ્યો, હકીમો, અનુષ્ઠાન કરવા બેઠેલા બ્રાહ્મણોએ અનેક ઉપાયો કરવાથી જે રોગ ન મટ્યો તે રોગ માત્ર શ્રીહરિના પ્રસાદીના જળપાન કરવા માત્રથી જ મટી ગયો. તેથી તે બધા આશ્ચર્ય પામ્યા. રાજા પણ પોતાનો ભયંકર રોગ મટ્યો અને નવું જીવન મળ્યું તેથી ખૂબ રાજી થયો. રાજાને વર્ણી માટે ખૂબ ભાવ થયો તેથી વર્ણીને કહ્યું કે આપે મને જીવતદાન આપ્યું. તો આપ મારી પાસે જે માંગવું હોય તે માંગો જે માંગશો તે આપીશ.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમારે તો કાંઈ જ જોઈતું નથી. નાશવંત અને માયિક પદાર્થો તો નુકસાનકારક છે. માટે તને એટલું કહું છું કે તે જેટલા સાધુ-સંતોને જેલમાં રાખ્યા છે તે તમામને સત્કારપૂર્વક છોડી દે. શ્રીહરિનું વચન સાંભળી રાજાએ દરેકને છોડી મૂક્યા અને મહંત તથા શ્રી નીલકંઠ વર્ણીની રાજાએ પૂજા કરી રાજી કર્યાં અને શ્રીહરિને સાક્ષાત્ ભગવાન માની તેમનો શિષ્ય બન્યો. પ્રભુએ તેને મંત્ર આપી વૈષ્ણવી દીક્ષા આપી. ખૂબ ઉપદેશ આપ્યો. રાજાએ શ્રીહરિને રોકવાનો ઘણો આગ્રહ કર્યો પણ અનેકનો ઉદ્ધાર કરવાના વ્રતવાળા શ્રીહરિ ત્યાં ન જ રોકાયા. અને આગળ ચાલી નીકળ્યા. ખાખીની જમાતનો પણ સંગ છોડી દીધો.

## સીરપુર : (સિદ્ધવલ્લભ રાજા) (બંગાળ દેશમાં)

શ્રીહરિ આગળ ચાલતાં અનેક વનોમાં ફરતા ફરતા સીરપુર નામના શહેરમાં આવ્યા. શહેરની બહાર એક નદીનો તટ હતો તેના કિનારે સુંદર બાગ હતો. તેમાં શ્રીનીલકંઠ ઊતર્યા. આ બાગમાં બાવાની જમાતો ધામા નાંખીને પડી હતી. સીરપુરમાં તે વખતે સિદ્ધવલ્લભ રાજા રાજ્ય કરતો હતો. સિદ્ધવલ્લભ રાજા બહુ પવિત્ર હતો. તેને ખબર પડી કે કોઈ તપસ્વી બટુક બ્રહ્મચારી આવ્યા છે તેથી નીલકંઠ વર્ણીના દર્શન કરવા આવ્યો. દર્શન કરીને રાજા ખૂબ પ્રભાવિત થયો. તે રાજાએ ખૂબ વિનયથી પ્રાર્થના કરીને કહ્યું કે હે નીલકંઠ વર્ણી ! તમે અમારા મહેલમાં રહેવા આવો ત્યારે નીલકંઠ વર્ણીએ તેનો અસ્વીકાર કર્યો. કારણ કે શ્રીહરિને જવાની ઈચ્છા હતી. પરંતુ રાજાએ ખૂબ આગ્રહ કરી ચાતુર્માસ પર્યંત રહેવા વિનંતી કરી. તેથી શ્રીહરિ ત્યાં રોકાયા. શ્રીહરિની સેવામાં રાજાએ પોતાની પાસે રહેતાં અને નૈષ્ઠિક વ્રતવાળા ગોપાળદાસ નામે સાધુને રાખ્યો. તે ખૂબ ભાવથી નીલકંઠની સેવા કરે અને નવા નવા ભોજન કરીને જમાડે. સરળ સ્વભાવવાળો સાધુ શ્રીહરિમાં ગુરુભાવ રાખી સેવા કરતો. શ્રીહરિને ત્યાગ શ્રદ્ધા વિનાનો સેવક પોતાને ગમતો જ નહિ. રાજા રોજ ઉપદેશ સાંભળવા નીલકંઠ સામે સાદડી પર બેસે. નીલકંઠ તેમને ખૂબ ઉપદેશ કરે.

આ બગીચામાં ઊતરેલા બીજા આસુરી બાવાઓ માતા, ભૈરવ અને ભૂતના ઉપાસી હતા. જંતરમંતર અને દોરાધાગાના ઉપચારો કરીને અડદના દાણા નાખીને, મૂઠ મારીને, નજર નાખીને, લોકો બિવરાવે. તેમને ભગવાનના સ્વરૂપનું લેશમાત્ર પણ જ્ઞાન ન હતું અને સંતોના માર્ગથી બધા ઊલટા ચાલતા હતા. રાજાએ તેમને મોટા સિદ્ધ માનીને પ્રેમભાવથી ઘણી મોટી રસોઈ આપતા. રેશમના ગાદલા બનાવીને બધા સિદ્ધોને પાથરવા આપ્યા હતા. રાજાનો ભરપૂર ભાવ જોઈને તેઓ અભિમાનથી સિદ્ધાઈની વાતો કરતા હતા. નાનકડા બાળ-બ્રહ્મચારી નીલકંઠ પ્રત્યેના રાજાના પ્રેમને લીધે આ બાવાઓ ઈર્ષ્યાથી બળવા લાગ્યા. ને બધા સૌ સૌની સિદ્ધાઈ દેખાડતા.

એમ કરતાં એક દિવસ હરિઈચ્છાથી ખૂબ ગાજવીજ સાથે મુશળધાર વરસાદની હેલી થઈ. વરસાદની ધારાઓ તથા પવનથી લાગતી ઠંડી સહન નહીં થવાથી બધા સિદ્ધો ત્યાંથી ભાંગી ગયા. ફક્ત શ્રીહરિ એકલા જ બહાર બેસી રહ્યા. રાજા આ બધી બિના નોકરો મારફત તપાસ કરાવી જાણી લેતા. વરસાદ

અને પવનથી શ્રીહરિના શરીર ઉપર કીચડ જેવી અમાપ માટી ચડી ગઈ તેથી શરીર આખું માટીથી ઢંકાઈ ગયું. સવારમાં વરસાદ બંધ રહ્યો ત્યારે રાજા તથા લોકો બગીચામાં આવ્યા. પરંતુ શ્રીહરિને જોઈ શક્યા નહિ, તેથી દુઃખી થયા. રાજા શોક કરવા લાગ્યા પણ બીજા ભેખધારી સિદ્ધો ખુશ થયા. ઘણો શોરબકોર થયો. બધા નગરજનો દોડી આવ્યા. રાજા રડતાં રડતાં જોરદાર પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે મુશળધાર વરસાદ પુષ્કળ પડ્યો. તેથી કીચડની બધી માટી તણાઈને બહાર ખેંચાઈ ગઈ. ત્યારે શ્રીહરિ નિરાળા (અલગ) દેખાયા. તે જોઈને રાજાને અત્યંત આનંદ થયો. શ્રીહરિનાં દરેકને દર્શન થયાં તેથી બધા રાજી થયા. લોકોએ શ્રીહરિને સ્નાન કરાવી તાપ કરી તપાડ્યા. શ્રીહરિની આવી સિદ્ધાઈ જોઈ સૌને તેમના પ્રત્યે ભાવના વધી. તેથી બીજા સિદ્ધોનાં મુખ કાળાં પડી ગયા. પછી શ્રીહરિ બોલ્યા કે અમોને કોઈ દુઃખ થયું નથી. પણ બીજા સિદ્ધોની ખબર કઢાવો. અમે તો ઠંડી ઋતુમાં હિમાલયમાં રહીને છ માસ તપ કરેલ છે. અમે દેહનો સંગ (અધ્યાસ) રાખતા નથી. રાજા આ વચન સાંભળી ખૂબ સ્નેહ થયો અને તેણે માન્યું કે સાક્ષાત્ નરનારાયણ દેવ પોતે જ છે તે વિના આવું શરીર હોય જ નહિ. વરસાદની ઝડી સહન નહિ થવાથી ભાગી ગયેલા બીજા સિદ્ધોને રાજાએ તથા લોકોએ દંભી માન્યા. અને એક શ્રીહરિને જ સાચા સંત માની રાજા તથા લોકો માનવા-પૂજવા લાગ્યા. તેથી બીજા સિદ્ધો શ્રીહરિ ઉપર મનમાં ઈર્ષ્યાથી બળવા લાગ્યા.

શ્રીહરિને મારવા મંત્રેલા અડદની મૂઠીઓ વર્ણી ઉપર નાખી પણ તે બધી નકામી ગઈ. ત્યારે તેઓએ શ્રીહરિની સેવામાં રહેલા ગોપાળદાસ નામના સંત ઉપર મંત્રેલા અડદની મૂઠીઓ નાખી. આથી તે ભૂમિ ઉપર પડી ગયો. અને મુખમાં ફીણ આવ્યું. ત્યારે રાજાએ સિદ્ધોને બોલાવી કહ્યું કે 'તમે મૂઠ પાછી વાળી લો.' ત્યારે સિદ્ધોએ ઈર્ષ્યા અને અભિમાનથી કહ્યું કે 'ગોપાળદાસને તો વર્ણી જિવાડશે.' ત્યારે રાજાએ વર્ણી પાસે આવીને હાથ જોડીને કહ્યું. હે નાથ ! હવે આપ આ સાધુને જિવાડો. ત્યારે શ્રીહરિ ગોપાળદાસ પાસે આવ્યા અને તેના કાનમાં શ્રીકૃષ્ણ ભગવાનનો અષ્ટાક્ષર મંત્ર સંભળાવ્યો અને તેને ઉઠાડ્યો. તે સાધુ જ્યારે તરત જ ઊઠ્યા-ભાનમાં આવ્યો તેથી સૌ વિસ્મય પામ્યા અને કહેવા લાગ્યા કે આ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે. આપણા સદ્‌ભાગ્ય છે કે આપણને તેના દર્શન થયા. વર્ણીનું સામર્થ્ય સિદ્ધો કરતાં પણ ઘણું મહાન છે. માટે તેને કૃષ્ણ જાણવા.

પછી જે સિદ્ધાએ ગોપાળદાસ ઉપર મૂઠ નાંખી હતી તે મૂઠ તેને અવળી પડી અને મૂઠ નાખનારો સિદ્ધ જ તરત ભૂમિ ઉપર ઢળી પડ્યો અને બેહાલ થઈ ગયો. તેના મોઢામાં ધૂળ ભરાઈ ગઈ અને મોઢામાં ફીણ આવી ગયા. મોઢામાંથી અને નાકમાંથી એકધારું લોહી નીકળવા લાગ્યું. હવે તે સાજો થશે એવી આશા જતી રહી. બીજા સિદ્ધોએ તેને બચાવવા ઘણા ઉપાયો કર્યા. પણ તે નિષ્ફળ ગયા. છેવટે ત્રાસ પામી વર્ણી પાસે આવ્યા. અને પ્રાર્થના કરવા લાગ્યા કે આપ ગુરૂ અને અમે શિષ્ય છીએ. તમે જે આજ્ઞા આપશો તેમ અમે કરીશું માટે આ સિદ્ધને બચાવવા કૃપા કરો. કૃપાળુ શ્રીહરિએ તેમના ઉપર કૃપા કરી. તેમની પાસે જઈ તેના કાનમાં કૃષ્ણમંત્રનું ઉચ્ચારણ કર્યું એટલે તુરંત જ તેઓ જીવતા થયા. બધા સિદ્ધોએ શ્રીહરિની સ્તુતિ કરતાં કહ્યું કે અમો ચારેય ધામમાં ફર્યા પણ તમારા જેવા સમર્થ સિદ્ધ ક્યાંય દીઠા નહિ. આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. આપનાં દર્શન થયાં એટલે અમોને બધાય તીર્થોના ફળ મળ્યા અને અમે કૃતાર્થ થયા છીએ. અમે હવે બધા વ્યસનનો ત્યાગ કરી આપને શરણે આવ્યા છીએ. તો અમારા ઉપર કૃપા કરી અમારો મોક્ષ થાય તેમ કરજો. અમે ઘણા ભાગ્યશાળી છીએ કે આપ રસરૂપ-સુખરૂપ ગુરુ અમને મળ્યા છો. જ્યારે તેમણે શ્રીહરિને ઘણા મહાન સમજ્યા ત્યારે તે રાજા અને બધા સિદ્ધો શ્રીહરિને શરણે આવ્યા.

રાજાએ પોતાના પરિવાર સહિત શ્રીહરિનું શરણ લીધું. પછી શ્રીહરિને કહ્યું કે હજે પ્રભુ! આપ તો સાક્ષાત્ ઈશ્વર છો અને મારું કલ્યાણ કરવા જ આપે અહીં પધારી મને દર્શન આપ્યાં છે તો હવે અમારો મોક્ષ થાય અને આ સંસારનું બંધન છુટે એવો જ્ઞાનોપદેશ મને આપો. રાજાનું વચન સાંભળી રાજાને ઉપદેશ આપતાં પોતે કહે છે કે હે રાજન્ ! (૧) જેમ આકાશમાં વાંદળા ક્ષણે ક્ષણે થાય છે અને નાશ પામે છે તેમ શેષનારાયણથી (પાતાળ લોકથી) લઈ બ્રહ્માના લોક સુધીનું આ સંસારનું સુખ ક્ષણિક ને નાશવંત છે. (૨) જેમ આકાશમાં વીજળી સ્થિર નથી રહેતી તેમ જીવ પ્રાણીમાત્રનું જોબન (યુવાની) પણ સ્થિર નથી. નાશવંત છે. એમ શ્રીહરિએ વર્ષાઋતુના વર્ણનથી રાજાને ખૂબ જ્ઞાનપદેશ આપ્યો. તેથી રાજાએ આ લોકનાં સુખને અસત્ય, અનિત્ય માની શ્રીહરિમાં સ્નેહ બાંધ્યો. આ રીતે શ્રીહરિએ સિદ્ધોની મૂઠ, મંત્ર, તંત્ર વગેરેની શક્તિ હરી લઈ મૂઠ-મંત્ર વગેરે અભિચારોથી લોકોનું રક્ષણ કર્યું.

**તૈલંગી બ્રાહ્મણનો ઉદ્ધાર :** શ્રીહરિ ત્યાં રહ્યાં તે સમય દરમિયાન તૈલંગ દેશનો વેદશાસ્ત્ર ભણેલો એક બ્રાહ્મણ પોતાના પરિવાર સાથે સીરપુરમાં

આવ્યો. તે બ્રાહ્મણ અતિ લોભી હતો. તે સિદ્ધવલ્લભ રાજાની પાસે દાન લેવા આવ્યો. ને લોભમાં તેણે રાજા પાસે હાથી અને કાળપુરુષ દાનમાં લીધા. એ તૈલંગી બ્રાહ્મણ બહુ ગોરોને રૂપાળો હતો પણ યોગ્યતા વિના એ લોભથી લીધેલા દાનને લીધે તેનું આખું શરીર કાળું અને કદરૂપું થઈ ગયું. તેથી બધા બ્રાહ્મણો તેની નિંદા અને હાંસી કરવા લાગ્યા. તેલંગી બ્રાહ્મણ દુઃખી થઈ ગયો. આકુળ વ્યાકુળ થઈ રોવા લાગ્યો. રોતો રોતો તે નીલકંઠ વર્ણી પાસે આવ્યો. તે નીલકંઠના ચરણમાં પડી ગયો અને શ્રીહરિની પ્રાર્થના કરી કહ્યું કે હે પ્રભુ ! હું દાન લઈને સુખી થવા ગયો પણ આ તો ઊલટું દુઃખ થયું. શરીરનો ત્યાગ કરું તો પણ મહાપાપથી છૂટાય તેમ નથી. પાપની નિવૃત્તિ માટે મેં ઘણા ઉપાયો કર્યા. કરાવ્યા. ગાયત્રી મંત્રના કર્યા-કરાવ્યા. તો પણ પાપ દૂર થયું નથી. છેવટે હું આપને શરણે આવ્યો છું. તો આપ કૃપા કરી મને પાપથી છોડાવો. આપ દયાળુ શરણાગત વત્સલ છો. તેની પ્રાર્થના સાંભળી દયાળુ પ્રભુએ કૃપા કરી તેના કાનમાં શ્રીકૃષ્ણનો મહામંત્ર કહીને તેને પાપથી મુક્ત કર્યો. એટલે તરત જ તે પ્રથમની પેઠે ગૌર વર્ણનો થયો.

આવો શ્રીહરિનો પ્રતાપ જોઈ તે બ્રાહ્મણે શ્રીહરિનું શરણું સ્વીકારી વિધિપૂર્વક પૂજા કરી કહ્યું કે આપે મને નવો અવતાર આપ્યો તેથી આપની આજ્ઞામાં રહી આપનું ભજન કરીશ. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે લોભથી બ્રહ્મ તેજ નાશ પામે છે. અને મહા દુઃખ થાય છે. માટે ફરીથી યોગ્ય-અયોગ્ય જોયા વિના લોભથી આવું દાન લેવું નહી. માટે હવે સુખેથી તમે ઘેર જાઓ. પછી તે શ્રીહરિના ગુણો અને વચનો સંભારતો પોતાના ઘેર ગયો.

આવા અનેક ચમત્કારો જોઈ રાજા તથા પ્રજાને શ્રીહરિને વિશે અધિક પ્રીતિ થઈ. શ્રીહરિએ રાજા ઉપર કૃપા કરી પોતાની મૂર્તિનું જ્ઞાન આપી ધ્યાનમાં બેસાડી સમાધિ કરાવી. અક્ષરધામમાં અનંત મુક્તોએ સહિત દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન એવાં પોતાના દિવ્ય દર્શન કરાવ્યા પછી તેને સમાધિમાંથી જગાડ્યો એટલે રાજાને આ વર્ણી સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા છે. તેવો પાકો નિશ્ચય થયો અને બોલ્યો કે મને હવે આ દેહમાં તથા સંસારમાં બંધન-મોહ નથી રહ્યો તો મને કૃપા કરી આપના ધામમાં મોકલો ત્યારે શ્રીહરિએ કહ્યું કે મારી આજ્ઞાથી તમારે દેહમાં રહેવું. હવે કઈ જાતનો ભય રહ્યો નથી.

શ્રીહરિ આવી રીતે અનેક પ્રકારના ચરિત્રો સીરપુરમાં કરી બધાને આનંદ આપી રહ્યા હતા ત્યાં દિવાળી આવી અને રાજા પાસે અન્નકૂટનો ઉત્સવ

કરાવીને ચાલવાની તૈયારી કરી. રાજાએ શ્રીહરિની પૂજા કરી ઘણું ધન વસ્ત્રો ભેટ આપ્યાં. નિસ્પૃહ શ્રીહરિએ તે બધુ બ્રાહ્મણોને તથા ગરીબોને આપી દીધું. પોતે જરા પણ રાખ્યું નહીં. પછી રાજાએ સ્તુતિ કરી કહ્યું કે આપની આજ્ઞા પ્રમાણે જ હું રહીશ. અંત વખતે તેડવા આવજો. લક્ષ્મીજી જેમ આપના ચરણમાં નિવાસ કરે છે તેમ મને પણ આપનો સેવક માની આપના ચરણમાં રાખશો. હવે આપ કહો તે વાહન બેસવા માટે લાવું. આપ જો વાહનમાં બેસવાની ના પાડશો તો ક્યારેય વાહનમાં નહિં બેસવાનો હું નિયમ રાખીશ તેનો ભાવ જોઈ શ્રીહરિએ કહ્યું વાહન લાવવું હોય તો જલ્દી લાવો. ત્યારે રાજા લશ્કર સહિત મોટા હાથીના ઉપર સોનેરી અંબાડી સજાવી હતી. તેમાં શ્રીહરિને બેસાડ્યા. શ્રીહરિની મૂર્તિને ફૂલોમાં ગરકાવ કરી દીધી. માત્ર મુખારવિંદ જ દેખાતું હતું. કપાળમાં કેસર યુક્ત ચંદનની સુંદર અર્ચા કરી અને મધ્યે કુંમકુમનો લાલ ચાંદલો કર્યો. મુખચંદ્ર ઝગમગ પ્રકાશ કરી રહ્યું હતું. એક કોશ સુધી નગરમાં સુગંધ પ્રસરી રહ્યો હતો. તે સમયે રાજાએ હાથમાં ચામર લીધું અને પોતાના પ્યારા શ્રીહરિ ઉપર ચામર ઢોળવા લાગ્યા. નગારા નોબત અને વાજા વાગતા હતા. આખું આકાશ ગાજી રહ્યું હતું. તે સમયે વિમાનમાં બેસીને દેવતાઓ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. નગરવાસી લોકો શ્રીહરિની મૂર્તિ જોઈને સહુ શરીરનું ભાન ભૂલી ગયા. અને સૌના મનમાં આશ્ચર્ય થયું કે જેમ વાદળમાં વીજળી ચમકે તેમ ઝગમગતો જરિયાની નિશાન આકાશમાં ફરકતા હતા. બીજા સિદ્ધોને રથ, મેના વગેરેમાં બેસાડ્યા. શહેરના નરનારીઓ બહાર આવી શ્રીહરિના દર્શન કરી. મેવા-મીઠાઈ, સાકર, પૈંડા-મીઠાઈ વગેરે ભેટ ધરી. મોટા પર્વત જેવો તેનો ઢગલો થયો. તેમાંથી થોડું પોતે જમ્યા. સિદ્ધોને સારી રીતે જમાડ્યા. લશ્કરને જમાડ્યું. બાકીનું આખા શહેરમાં પ્રસાદ તરીકે વહેંચાવી દીધું. પછી વાજતે ગાજતે સવારી ચાલી. તે આગળ થોડે દૂર ઝાડી આવી. ત્યારે શ્રીહરિ હાથી ઉપરથી નીચે ઊતરી રાજા તથા બીજા દરેકને આગ્રહપૂર્વક પાછા વાળી સિદ્ધોની સાથે પોતે આગળ ચાલતા થયા.

સિદ્ધવલ્લભ રાજાને શ્રીહરિએ વરદાન આપીને કહ્યું કે આ દેહનું તમારું આયુષ્ય પૂરું થઈ રહેશે ત્યારે તમે કાઠીયાવાડમાં બોટાદ ગામના નગર શેઠને ઘેર જન્મ ધરશો ને શિવલાલ એવું તમારું નામ થાશે. પછીથી અમારા સંતમાં મોટેરા ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરશો ને અમે જે આ વખતે જ્ઞાન દીધું છે તે સ્ફુરશે તેથી તમે ધ્યાની થાશો તો હું સદા તમારી સમીપ (પાસે) છું.

આ.સં. ૧૮૫૩નો અન્નકૂટોત્સવ તથા કાર્તિક પૂર્ણિમાનો ઉત્સવ કરી. નીલકંઠે અહીંથી વિદાય લીધી. શ્રીહરિ સીરપુરમાં ચાર માસ રોકાયા હતા.

## પિબેકનો પરાજય : (આસામમાં)

સીરપુરથી નીકળીને ફરતાં ફરતાં નીલકંઠ વર્ણી તથા સિદ્ધો આસામમાં કામાક્ષી તીર્થમાં આવ્યા. ત્યાં કામાક્ષી દેવીનું મોટું મંદિર છે. કામાક્ષી દેવીના મંદિરની બાજુમાં એક સુંદર બગીચો હતો. તેમાં વર્ણી તથા સિદ્ધો ઉતર્યા હતા. કામાક્ષીમાં વણમાગ્યાં સીધુ મળતાં હતા. શ્રીહરિના સંઘને પણ તરત જ સીધુ મળી ગયું. એટલે સૌ રસોઈ કરીને જમ્યા. કામાક્ષીને નજીક મલીકપુર નામનું ગામ હતું. તે ગામમાં પિબેક નામનો એક સિદ્ધ રહેતો હતો. તે બ્રાહ્મણ હોવા છતાં મહામલીન અને દેવીનો ઉપાસક હતો. સિદ્ધોનું મંડળ આવ્યું છે એમ જાણી તે મહા અભિમાની વિપ્ર તેમની સિદ્ધાઈનો નાશ કરી પોતાના શિષ્ય બનાવવાનો વિચાર કરી. પ્રથમ તે સિદ્ધોની પાસે પોતાના એક બ્રાહ્મણ શિષ્યને પોતાની સિદ્ધાંઈનાં વખાણ કરવા મોકલ્યો.

તે બ્રાહ્મણે ત્યાં આવી તે સિદ્ધોને કહ્યું કે તમારે જીવવાની આશા હોય તો અહીંથી જલદી ભાગી જાઓ. નહિ તો અહીંયા પિબેક નામનો એક મહાબળવાન સિદ્ધ રહે છે તે તમને મારી નાખશે અથવા શિષ્ય બનાવશે. આવી આવી વાતો કહીને તેના વખાણ કર્યા. તે સાંભળી જે કાચા સિદ્ધો હતા તે તો થરથર કંપી ગયા અને ત્યાંથી નિકળવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ તેમને પોતાની પાસે બોલાવી કહ્યું કે તમો શા માટે બીઓ છો ? જવાનું બંધ રાખી નિર્ભય થકા રહો અને રસોઈ બનાવી સુખેથી જમો. આપણે એક માસ અહીં રહેવું છે. પિબેક જેવા પાખંડીનો શો ભાર છે ? તેને તો અમો તણખલા જેવો જાણીએ છીએ. શ્રીકૃષ્ણ ઉપર જેને પ્યાર હોય તેવા સાચા સિદ્ધ વિનાના બીજા કોઈને અમો ગણતા નથી. શ્રીહરિની આવી વાત સાંભળી સૌને ધીરજ આવી.

આવેલા બ્રાહ્મણે શ્રીહરિની આ વાત સાંભળી એટલે તેણે પિબેકની પાસે જઈને કહ્યું કે બીજા તો ઘણા કાચા છે. પણ એક બટુક બ્રહ્મચારી છે તે મહાસિદ્ધ છે. તે તમને તણખલાના ઘાસ જેવા જાણે છે. તે મહાસિદ્ધની ઉંમર લગભગ સોળ વરસની છે. છતાં બધા સિદ્ધોમાં તે મુખ્ય છે. એના નેત્રોમાં અપાર તેજ છે. તપે કરીને વજ્ર સમાન તેમનું શરીર છે. કારણ કે શરીરથી મહાબળવાન બીજા સિદ્ધો તેમને પંજાથી દબાવે છે. તો પણ ફૂલ જેવું હલકું લાગે છે. વાઘ

અને સિંહની આગળ બકરાની જેવી દશા થાય તેવી દશા તેમની આગળ તમારી થશે.

એ બ્રાહ્મણની વાત સાંભળી અહંકારી પિબેક બોલ્યો કે કામાક્ષી દેવી મારે આધીન છે. મોટા મોટા ભૈરવ, વીર, વૈતાળ વિગેરે મારે આધીન છે. તેથી મોટા લોકપાલો પણ મારાથી કંપે તો એવા સિદ્ધોનો શો ભાર છે? તેથી હમણાં જ ત્યાં જઈ તેનો પરાજય કરી નાખું છું. એમ કહીને કાળીના ઉપાસક તે પિબેકે ફુલવારી પીધું તથા શક્તિપંથીઓ અને વામમાર્ગીઓને અનુરૂપ ભયંકર વેશ ધારણ કર્યો. જેને જોતાં જ પ્રાણ નીકળી જાય એવા પિબેકને જોઈને ગામમાં દયાવાન નરનારીઓ હાહાકાર કરવા લાગ્યા. અરે, આ પાપી સંતોને મારી નાખશે. સંતો અહીંથી ચાલ્યા ગયા નહિ. હવે તેમના શા હાલ થશે ?

આ બાજુ સિદ્ધો રસોઈ બનાવી જમવા બેઠા. શ્રીહરિ એકલા જ પિબેકની રાહ જોઈને બેઠા હતા. એટલામાં તે પાપી પિબેક ત્યાં આવી પહોંચ્યો. તેની સાથે ગામના ઘણા જ માણસો હતા. પિબેકે સામે મેરૂની પેઠે અડગ શ્રીહરિને જોયા. શ્રીહરિને દેખતાની સાથે જ પિબેકનું સામર્થ્ય ઘટી ગયું. શ્રીહરિ તો મહાન વીર સ્વરૂપ ધારીને પોતાને આસને મેરૂ સમાન અડગ બેઠા હોય તેવું જણાયું. પિબેક તો માંસ ખાઈને મદ્ય પીને આવ્યો હતો. તેણે પોતાનો વેશ ભયંકર કર્યો હતો. હાથમાં તીખી અણીવાળું ત્રિશૂળ ગ્રહણ કરીને, બધા અંગોએ સિંદુરનો લેપ કરીને લલાટે મેશનો ચાંદલો કરીને, માછલાંનો મુખવાસ કરીને, માથે એક લાલ કપડાનો કુકડો (ફટકો) બાંધ્યો હતો. માથાના વાળ છૂટા રાખીને દેવીનો વેષ બનાવી લીધો. બીલાડાના હાડકાં કંઠે બાંધીને દેવીના જેવો ભયંર વેશ કરીને આવેલો તે પિબેક શ્રીહરિની સન્મુખ આવીને બેઠો. અકળવકળ નેત્ર કરી આમ તેમ જોઈને શંકા રહિત થઈ શ્રીહરિ પ્રત્યે બોલ્યો કે તમે બધા પાખંડી સિદ્ધો ક્યાંથી આવ્યા ? તમને મારો ડર પણ ન લાગ્યો ? મારા વિના બીજો સિદ્ધ કોણ છે ? તમારા જેવા તો મારૂં ખાજ (કામ કરવાવાળાં) મોટા મોટા સિદ્ધોને મેં શિષ્યો કર્યા છે. માટે વિચારી માળા-ઉપવિત ઉતારી નાખી મારા શિષ્ય બની જાઓ. નહિ તો હમણાં અનંત ભૂત-પ્રેત, ભૈરવ વગેરેને બોલાવું છું. તે તમને ખાઈ જશે. આવું તેનું વચન સાંભળી બીજા સિદ્ધો ભય પામ્યા અને માથે તિલક ભૂંસી નાંખી માળા-ઉપવિત ઉતારવાની તૈયારી કરવા લાગ્યા.

સિદ્ધોને ભયભીત થયેલા જોઈ વર્ણીએ તેમને કહ્યું કે તમે સૌ ધીરજ રાખો. પહેલાં મને શિષ્ય કરે પછી તમારે જેમ કરવું હોય તેમ કરજો. ત્યારે સિદ્ધો

શ્રીહરિને કહેવા લાગ્યા કે ચાલો, આપણે અહીંથી જતા રહીએ નહિ તો આ દુષ્ટ પાપી આપણને મારી નાખશે. તે નિર્દય છે. રાજાઓ પણ તેનાથી કંપે છે. ત્યારે નીલકંઠ સિદ્ધોને કહે છે કે આવા મલિન-દેવ-દેવીઓના ઉપાસકથી કેમ બીઓ છો? પરમાત્માની કાળશક્તિ વિના આ બ્રહ્માંડમાં કોઈ કોઈને મારી શકતું નથી. માટે ડરશો નહિ અને તેના સામે નજર પણ કરશો નહિ. આવી સિદ્ધોની અને શ્રીહરિની પરસ્પર વાત સાંભળી પિબેક વર્ણીને કહે છે. અલ્યા બ્રહ્મચારી તું મારા પ્રતાપને જો. જે દેખીને આ બધાને વિશ્વાસ આવે.

એમ કહીને એક મોટો વડ હતો તેની ઉપર મુઠ મારી કે તરત જ વડ સુકાઈ ગયો. આવો પોતાનો પ્રતાપ જણાવી વર્ણીને કહ્યું કે તમારા પણ આવા જ હાલ થશે. ત્યારે શ્રીહરિએ તુરંત જ પોતાના કમંડળમાંથી પાણી લઈ સૂકાઈ ગયેલા તે વડ ઉપર છાંટ્યું એટલે તે વડ પ્રથમના જેવો જ લીલો થઈ ગયો. તે જોઈ લોકો આશ્ચર્ય પામ્યા ને વર્ણીને મહાસમર્થ માન્યા. પછી શ્રીહરિ કહે કે, તું અમને એ વડ જેવા જ જાણ તો ? અમે સૌ જોવા જ બેઠા છીએ તારું સામર્થ્ય હોય તે બધુ અજમાવ, અમારા જેવું ખાજ તને નહિ મળ્યું હોય, માટે જેમ ઈચ્છા હોય તેમ કર. દેહ અને જીવ બેઉ ઈશ્વરનાં છે. ઈશ્વરથી બીજો કોઈ સમર્થ નથી. તે ઈશ્વર શ્રીકૃષ્ણ છે. તેમણે ધાર્યું હશે તેમ થશે. બીજા દેવ-દેવી વિગેરે તો તેમના સેવક છે. અમને ભગવાનના ભક્ત માનીને તે અમારી સેવા કરે છે.

એમ કહીને શ્રીહરિ તે વખતે દૃઢ વીર આસન કરીને બેસી ગયા. બીજા સિદ્ધો વર્ણીની પાછળ છુપાઈને બેઠા. પછી પિબેકે અડદ મંત્રીને વર્ણી ઉપર નાખ્યા પણ તેથી કાંઈ થયું નહિ. એટલે કહેવા લાગ્યો કે હે વર્ણી ! ખબરદાર રહેજે, તને માર્યા વિના નહીં છોડું. એમ કહીને મુઠ વિના મરીશ નહિ માટે તે મુકું છું. ત્યારે શ્રીહરિ કહે બોલ્યા વિના તારે કાંઈ કરવું હોય તે કર પણ પછી ખબરદાર રહેજે. અમારી સિદ્ધાંઈ પણ તારે જોવી પડશે, ત્યારે પિબેક ભૈરવવીરને શ્રીહરિ ઉપર મૂક્યો તો પણ કાંઈ થયું નહિ. તે તો વર્ણી સામું પણ જોઈ શક્યો નહિ એટલું જ નહિ પરંતુ વર્ણીને દૂરથી નમસ્કાર કરી પાછો જઈ ક્રોધ કરીને પિબેકને જ ભૂમિ ઉપર નાંખી ખૂબ માર્યો તેથી તેના નાક તથા મોંઢામાંથી રૂધિર નીકળવા લાગ્યું અને મૂર્છિત થઈ ઊંધો પડી ગયો. બહુવાર પછી મૂર્છા દૂર થઈ ત્યારે ક્રોધથી થર થર ધ્રુજતો હતો. છતાં બોલવા લાગ્યો કે હે વર્ણી ! હવે તારી વાત છે. બટૂક ભૈરવને મૂકી હમણાં તારો કાળ કરું છું. શ્રીહરિ કહે અમે અહીં જ બેઠા છીએ. બોલ્યા વિના તારે જે કરવું હોય તે સુખે કર. શ્રીહરિનું સામર્થ્ય જોઈ લોકો પરસ્પર વાતો કરવા

લાગ્યા કે પિબેકની સિદ્ધાઈ શ્રીહરિએ હરી લીધી. હવે જો તે તેમનાં ચરણમાં દીન (ગરીબ) થઈને પડે તો તેની લાજ રહે. પણ એને કોણ કહે ? ત્યારે એક કહે હજુ એને ભારે અભિમાન છે. તે ઊતરવા દો. એનું અભિમાન ઉતારે એવા જ સિદ્ધ એને મળ્યા છે. પછી પિબેકે બટુક વીરને શ્રીહરિને મારવા મોકલ્યો. પરંતુ તે તો શ્રીહરિને દેખીને જ પાછો વળી ગયો. અને પિબેકને જ ભૂમિ ઉપર પછાડીને ખૂબ માર્યો તેથી મૂર્છિત થઈ ગયો. ફરી પાછો ઊઠીને મહાકાળીના વીરને મોકલ્યો તે પણ શ્રીહરિ પાસે જઈ શક્યો નહિ અને પાછો તેણે ફરી પિબેકને માર્યો થોડી વારે ઊભા થઈ પિબેકે બીજા વીરને મોકલ્યો. તે પણ શ્રીહરિને દૂરથી જ નમસ્કાર કરી પાછો ફર્યો ને પિબેકને જ માર્યો તેથી તેનું મોઢું ફાટી ગયું અને દુઃખી થયો. ફરી બેઠો થઈ તેણે હનુમાનજીને શ્રીહરિને મારવા મોકલ્યા પણ હનુમાનજીએ તો શ્રીહરિને પગમાં પડી નમસ્કાર કર્યા અને કહ્યું કે હે પ્રભુ ! આપને દુઃખ દેનાર પિબેકને હમણાં જ મારું છું એમ કહી પિબેક પાસે જઈ તેને ખૂબ માર્યો. મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું. નાડીઓ ખેંચાઈ ગઈ અને મૃતઃપ્રાય થઈને પડ્યો. જીવવાની આશા છોડી દીધી.

ત્યારે તેની સ્ત્રી તથા સગાઓએ શ્રીહરિ પાસે આવી તેમની ખૂબ પ્રાર્થના કરી કહ્યું કે હે પ્રભુ ! આપ તો જગતના આધાર છો. અધમના ઉદ્ધારક છો. કરૂણાના સાગર છો. ગર્વગંજન છો. પાપીના પાપને ધોનારા છો. આના જેવો કોઈ પાપી નથી. તેણે તેના પાપનું ફળ મળ્યું છે. આપે તેને જે દંડ કર્યો તે તેના હિતમાં છે. પણ અમારી વિનંતી છે કે આપ દયા કરી તેને જીવાડો. હવે આપની કૃપાથી તે સુધરશે. તેમની વિનંતી સાંભળી શ્રીહરિએ તેને જીવાડ્યો. પિબેકે ઉઠીને શ્રીહરિનાં ચરણમાં સાષ્ટાંગ દંડવત કરી, કર જોડી પ્રાર્થના કરી અને ભાવથી શ્રીહરિ સહિત દરેક સિદ્ધોને પૂજા કરીને અને મનગમતી રસોઈ જમાડી રાજી કર્યાં.

પિબેક શ્રીહરિને રાજી કરી ઘરે ગયો. પછી ત્યાં દુષ્ટોના સંગથી બુદ્ધિ ફરી ગઈ. તેથી રાતે પાછો મદ્ય-માંસનું બલીદાન આપી. કાળભૈરવને સૌથી બળવાન માની શ્રીહરિને મારવા તેને મોકલ્યો. કાળ ભૈરવ હાથમાં ત્રિશૂળ લઈ શ્રીહરિની પાસે આવ્યો. પણ શ્રીહરિના પ્રતાપથી પાસે આવતાં ડર્યો. આખી રાત્રી છેટે બેસી રહ્યો. સવારે શ્રીહરિ તેને જોઈ ને તેની સામે હસ્યા. પછી શ્રીહરિ સ્નાન કરવા ગયા. સ્નાન કરીને વળતાં તેના સામે જોયું ત્યારે તે થરથર ધ્રૂજવા લાગ્યો. પછી શ્રીહરિના ભયથી પાછો વળીને પિબેકને જ મારવાનો વિચાર કરતો તે કાળભૈરવ

ચાલતો થયો ત્યારે દયાના સાગર, સર્વાંતર્યામી શ્રીહરિએ કાળ ભૈરવને કહ્યું કે હે કાળભૈરવ! તું તે પિબેક બ્રાહ્મણને મારીશ નહિ કારણ કે અમો તેનું અન્ન જમ્યા છીએ. માટે તારે તે મારવા યોગ્ય નથી. શ્રીહરિનાં વચન સાંભળી તે કાળ ભૈરવ પિબેક પાસે ગયો અને તેને શ્રીહરિનાં કહેલાં વચનો કહ્યાં તથા વધારેમાં કહ્યું કે આજ તો તને મારીને તારું બધું અભિમાન ઉતારી નાખત પણ શ્રીહરિએ તને અભયદાન આપી મારવાની ના પાડી એટલે તને જતો કરું છું. મારું મૃત્યુ કરાવવાના ઈરાદે મને ત્યાં મોકલતાં તને લાજ ન આવી.

શ્રીહરિ મહાસમર્થ છે. તેમણે મારો અપરાધ ન ગણતાં મને ઉગાર્યો. તારું શું ગજું છે કે એમની સાથે વેર કરવા તૈયાર થયો છું ? ક્યાં મચ્છર અને ક્યાં ગરૂડ ? હરિ અને હરિના ભક્તોની આગળ અમારા જેવા અનેક શુદ્ર દેવતાઓ તથા તારા જેવા અભિમાનીઓ કોઈ કંઈ પણ લેખામાં નથી. મૃત્યુ અને જમ, કાળ વિગેરે જે શ્રીહરિથી ડરે છે ત્યાં અમારી શી ગણતરી ? ત્યારે પિબેક કાળભૈરવનાં વચન સાંભળી તેનાથી બચવા માટે એકદમ દોડતો પ્રભુ પાસે આવી પગમાં પડ્યો. કર જોડીને વિનંતી કરવા લાગ્યો કે, હે પ્રભુ ! આ કાળભૈરવથી મને ઉગારો. ત્યારે દયાળું પ્રભુએ કહ્યું કે તારો જે રક્ષક છે તેનાથી જ તારે મરવાનું આવ્યું. એવો તું દગાબાજ છે. તારું જીવન અમારા હાથમાં છે. છતાં પણ તને લાજ નથી. તો પણ અમો તો દયાથી તને છોડાવીશું.

ત્યારે પિબેક કહેવા લાગ્યો કે હવે આપ મને પામરને શરણે લો. તમે જ એક મારા રક્ષક છો તમારા સમાન કોઈ સમર્થ નથી. તો મારા અપરાધ માફ કરી મને અધર્મને અભયપદ આપો. મને ધિક્કાર છે કે ભણી ગણીને મેં ભૂતપ્રેત સાધ્યા. અનેક દુષ્કર્મ કર્યાં અને તે તરવાનો ઉપાય છે તેમ સમજ્યો. ધર્મને દુઃખદાયી માની તેનો દ્રોહ કર્યો. ગીતા ભાગવત વગેરે સત્‌શાસ્ત્રને કલ્પિત કહેતો તેનું મહાપાપ મને લાગ્યું. જેથી તમારી સાથે લડવાની કુબુદ્ધિ મને થઈ. મધ-માંસ ભક્ષણનું તથા પરસ્ત્રીગમનનું પ્રતિપાદન કરતો અને તેનો ઉપયોગ કરતો. કૌલર્ણવનામના કલ્પિત ગ્રંથને જ ખોટી રીતે મોક્ષપ્રદ માનતો. એવી રીતે વિપરીત મતિ થઈ હતી. મારા હિતને માટે જ આપ અહીં પધાર્યા છો. હવે મારાં પાપોને બાળી મારો ઉદ્ધાર કરો. હું આપને શરણે આવ્યો છું. તો મારી પ્રાર્થના સ્વીકારી મને શરણે રાખો. પિબેકની પ્રાર્થના સાંભળી દયાના સાગર શ્રીહરિએ તેના દોષો ન જોતાં તેને શરણે લીધો. પ્રથમના જેવા શુદ્ધ વિપ્રના ધર્મો ધારણ કરાવ્યા. મધ-માંસ તથા અનિતિ માત્રનો ત્યાગ કરાવી ભગવાનની ભક્તિમાં

નિષ્ઠાવાન કર્યો. શ્રીહરિનો આવો અલૌકિક પ્રતાપ જોઈ તે ગામના ઘણા માણસો પ્રભુના શરણે થયા.

પિબેકનો પરાભવ કરી દેશ-વિદેશના માણસોને નિર્ભય કર્યો. પછી શ્રીહરિ મલીકપુરમાં લોકોના આગ્રહથી એક માસ રોકાયા. તેથી ત્યાંના માણસો શ્રીહરિને વિષે અપાર હેત થયું. તેથી અનેક વખત શ્રીહરિનું પૂજન કરતા. પછી શ્રીહરિએ ત્યાંથી ચાલવાની તૈયારી કરી. સાથેના બધા સિદ્ધોને પોતપોતાની ઈચ્છા પ્રમાણે જવાની આજ્ઞા આપી. એટલે તે બધા ત્યાંથી ચાલતા થયા. રસ્તામાં શ્રીહરિના પ્રતાપનું તથા યશનું ગાન કરતા અને શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વ્યસનોનો તથા કુકર્મોનો ત્યાગ કરી માત્ર શ્રીહરિને વિશે જ પ્રતીતિ રાખી પ્રભુનું સ્મરણ કરતા અને શ્રીહરિએ આપેલા કૃષ્ણમંત્રનો જ જપ કરતા દેશોમાં ફરવા લાગ્યા. પછી શ્રીહરિ એકલા જ ત્યાંથી ચાલ્યા. ત્યારે હજારો લોકો તેમની પાછળ ચાલ્યા. તે જોઈને શ્રીહરિ ઊભા રહ્યા. તેમને દર્શન દઈ સત્સંગમાં આપણે મળીશું એમ વર આપી શાંત પાડી પાછા વાળી પોતે જલદી ત્યાંથી ચાલી નીકળ્યા. અને નવ લખા પર્વતની વાટ લીધી. જેમ માછલું જળમાં સામે પૂરે ચાલે છે. છતાં આનંદ માને છે. તેમ જ્યાં ભય હોય ત્યાં પણ ચાલીને જવામાં શ્રીહરિ બીક નહિ રાખી આનંદ માનતા.

## પિબેકનો પૂર્વ ઇતિહાસ

પિબેકનું સાચું નામ માણેક જોષી હતું. તેનું મૂળ ગામ રાજસ્થાનમાં આવેલું બાંસવાડા હતું. બાંસવાડાના ઘંટાઘર સામે ભવાની શંકર જોષીની લોજ ચાલે છે. તેમના પૂર્વજો વિસનગર રોજગારી માટે તૈલંગણા ગયેલા. ત્યાં તેઓ પોતાને શર્મા અટકથી ઓળખાવતા હતા. આ માણેક જોષી યુવા અવસ્થામાં પ્રભુની શોધ માટે ભારત યાત્રાએ નીકળ્યો હતો. ત્યારે આસામ રાજ્યના મલેકપુર (મલીકપુરે) (હાલ-ભલામયાંગ) ગામના નાગરવાડામાં આવેલી મહાકાળી માતાના પૂજારીનો તેને યોગ થયો. આ નાગર પૂજારીનું નામ પ્રભાશંકર હતું. તેમણે પોતાની દીકરી શિવકુંવરનું માણેક જોષીને કન્યાદાન આપ્યું અને ધામધૂમથી તેમના લગ્ન કર્યા. તેમને ત્યાં જ ઘરજમાઈ તરીકે રાખ્યા. પોતાની તમામ મિલકત તેમના નામે કરી દીધી અને પોતાની પાસે રાખીને તેને તાંત્રિક વિદ્યા શીખવી. પછી તે મેલી વિદ્યામાં પારંગત થયો. આ રીતે સ્ત્રી, ધન અને સત્તા પ્રાપ્ત થતા. માણેક્ય જોષીનો ધ્યેય બદલી ગયો. ભગવાન પામવા નીકળેલો

તે ભોગમાં ફસાણો. પછી તો મંત્રોના પ્રભાવથી અનેક લોકોને ખેંચવા લાગ્યો ને કાયમ માટે રોકાઈ ગયો. આ નાગર વિપ્ર માણેક્યને શિવકુંવર થકી એક પુત્રીનો જન્મ થયો. તેનું નામ માયાકુંવર રાખ્યું હતું. આ પુત્રીના જન્મ બાદ ટૂંક સમયમાં તેમની માતા શિવકુંવર મૃત્યુ પામી હતી. પિતાએ પુત્રીને પાળી-પોષીને મોટી કરી. પછી માયાકુંવર જ તેના પિતાને રાંધી ખવડાવતી હતી.

તે માણેક ખૂબ દારૂ પીતો હોવાથી ત્યાંના મલેક, નાગ અને ઝેટીયા વગેરે આદિવાસી લોકો તેને પિબેક કહીને બોલાવતા હતા. તેણે પોતાની પુત્રી માયાના નામ ઉપરથી બુરામયાંગ અને ભલામયાંગ નામના બે ગામ વસાવ્યા. તેમાં ભલામયાંગમાં માત્ર તેમનો આશ્રમ અને બગીચો વગેરે હતા. અને જે વિદ્યાર્થી શિષ્યો ત્યાં તાંત્રિક વિદ્યા શીખવા આવે તેને રહેવા માટેના ઝૂપડાઓ બાંધી આપ્યા હતા. તેની દીકરી માયા પણ શુદ્ધ અને સાત્વિક તંત્ર વિદ્યામાં પારંગત બની હતી. તે લોકોને તે વિદ્યા શીખવાડતી. પિબેક વિશેષતઃ આ બુરામયાંગ ગામમાં રહેતો. બાજુમાં જામ્મુરા ગામમાં વિશેષ આદિવાસી લોકો રહેતા. તે ગામનો પણ પિબેક જ ધણી હતો. તે બધા આદિવાસીઓ તેમના જ શિષ્યો હતા. આગામો આસામ રાજયના અમીનગાંવ સ્ટેશનથી બ્રહ્મપુત્રા નદીને સામે કિનારે પર્વતીય પ્રાંતમાં આવેલા છે. ગૌહાટીથી પણ અહીં જઈ શકાય છે. ત્યાં બાજુમાં જ નિલાચલ પર્વત ઉપર કાલી, તારા, ભુવનેશ્વરી, ભૈરવી, માતંગી, શારદા અને લક્ષ્મીજી સહિત કામાક્ષીદેવીનું પ્રસિદ્ધ મંદિર હતું. કુચબિહારના યહોવાદ વંશના રાજા વિશ્વસિંહ અને શિવસિંહ આ સ્થાન ઉપર કામાક્ષી માતાનું ભવ્ય મંદિર બંધાવેલું છે. દેવી ભાગવતમાં સમગ્ર ભૂમંડલમાં દેવીનું આ મહાક્ષેત્ર કે તીર્થ કહેવાય છે. એવો ઘણો મહિમા આ સ્થાનનો લખ્યો છે.

આસામમાં કામરૂ દેશના નાગા, ખાસી અને ઝેટીયા પર્વતોની તળેટીમાં આ તીર્થો અને ગામો આવેલા છે. પિબેક ત્યાં રહેતો હતો અને લોકોને મેલી તાંત્રિક વિદ્યા શીખવાડતો. તેની પુત્રી માયા ભલામયાંગ ગામમાં રહીને લોકોને શુદ્ધ અને સાત્વિક તાંત્રિક વિદ્યા શીખવાડતી. તે જમનામાં સમગ્ર ભારતવર્ષમાં પિબેક તાંત્રિક વિદ્યામાં ખૂબ પ્રસિદ્ધ હતો. તે ઉમાનંદો ભૈરવનો પૂજારી હતો. આ ઉમાનંદો શિવલિંગ બ્રહ્મપુત્રા નદીની વચ્ચે ટાપુ છે. ત્યાં આવેલું છે. આ સ્થળે બ્રહ્મપુત્રા નદી ત્રણ કિલોમીટરના પટવાળી પહોળી છે.

સં.૧૮૫૩ કારતક સુદ-પૂનમ તા. ૧૫-૧૧-૧૭૯૬ મંગળવારના વર્ણીરાજ શ્રીહરિ વનવિચરણ કરતા ભલામયાંગ ગામે પહોંચ્યા. આ ગામથી

થોડે દૂર પશ્ચિમમાં નિલાંચલ પર્વત પર કામાક્ષી દેવીનું ભવ્ય મંદિર હતું. તેની બાજુમાં એક સુંદર બગીચામાં શ્રીહરિ અને સિદ્ધો ઉતર્યા હતા. પિબેકને પોતાના બગીચામાં સિદ્ધો ઉતર્યા છે એવી ખબર મળતા પિબેક તેના કેટલાક શિષ્યો સાથે ત્યાં આવ્યો. સિદ્ધોને જીવવું હોય તો પોતાના શિષ્યો થઈ જવા હુકમ કર્યો. ત્યારે નાના વર્ણીરાજે તેના હુકમનો અનાદર કર્યો. તેથી તેને વર્ણીરાજ ઉપર અનેક માંત્રિક-તાંત્રિક પ્રયોગો કર્યો પરંતુ સઘળા પ્રયોગો નિષ્ફળ ગયા.

ત્યારે તેણે શ્રીહરિને ઉમાનંદોના સ્થાનેક આવી જવા કહ્યું. વર્ણીરાજ શ્રીહરિએ તે પડકારને ઝીલી લીધો. બ્રહ્મપુત્રા નદીની વચ્ચે બેટ છે ત્યાં આ સ્થાન હતું પછી સહુ ત્યાં ગયા. પછી પિબેકે ઉમાનંદો મંદિર પાસે ઉગેલા વૃક્ષ ઉપર મૂઠ મારી. તેથી તે તત્કાળ સૂકાઈ ગયું. પછી અટ્ટાહાસ્ય કરી કહે, ‘‘છોકરા ! આટલી વાર લાગશે.’’ ત્યારે વર્ણીરાજ કહે, ‘‘વૃક્ષ સૂકવામાં મહાનતા નથી, તેને લીલું કરી દે, તેમાં મહાનતા છે.’’ તે કામ પિબેકથી ન થયું. પણ વર્ણીરાજ શ્રીહરિએ મૂઠ પાછી વાળી અમીદૃષ્ટિ કરતા જ વૃક્ષ લીલું થઈ ગયું હતું. છતાં પિબેકનું અભિમાન ન ઓગળ્યું. અંતે તેમણે વર્ણીરાજને મારવા ઉમાનંદો ભૈરવને (વીર ભૈરવ) મોકલ્યો. તેણે પણ પાછા ફરીને પિબેકને ખૂબ માર્યો અને કહ્યું તું જેને મારવાની વાત કરે છે તે તો સ્વયં પરમેશ્વર છે. માટે સુખી થાવું હોય તો તું તેને શરણે જા. એમ તે પાછો ફર્યો. તે જ સમયે ઉમાનંદો શિવલિંગમાં મોટા તડાકા સાથે તિરાડ પડી ગઈ હતી. તે બંધુ જોઈ પિબેક વર્ણીરાજના શરણે થયો. સત્સંગિજીવન-૧ અધ્યાય-૪૭માં લખ્યું છે કે પછી પિબેક શ્રીહરિને સાક્ષાત્ ઈશ્વર માનવા લાગ્યો એ શ્રીહરિનો આશ્રિત થઈ ગીતાજીનો પાઠ કરતો હતો અને નિરંતર શ્રીહરિનું ભજન કરવા લાગ્યો.

આ રીતે સ્વામિનારાયણ ભગવાને વનવિચરણ સમયે તાંત્રિક પિબેકને પોતાનો શિષ્ય કર્યો. પછી વર્ણીરાજ પ્રભુએ તે વખત ગુજરાતમાં ઉનાવાના જીવા રાવલ, મનહર બારોટ, કરસન પટેલ વગેરે ત્રણ મુક્તોને ઓળખીને પરિચય આપીને કહ્યું કે પવિત્ર કુળના બાલુડાઓ! તમો આ પિબેક રાક્ષસને છોડી તમારે ઘેર જતા રહો. હું જરૂર તમોને મળવા આવીશ. આ રીતે પિબેકનો થયેલ પરાજય જોયો અને પ્રભુનો પ્રતાપ જોયે તેથી તે ત્રણે શ્રીહરિને શરણે થયા.

તે સમય ત્યાં દર વર્ષે માતાજીની મૂર્તિ આગળ બકરા વગેરેનો બલી ચડાવવામાં આવતો હતો. તેમાં પણ છેલ્લા નોરતાના દિવસે તો માતાજીની મૂર્તિ આગળ અનેક પશુઓના બલિદાન આપતા. શ્રીહરિએ નીજ પ્રતાપથી તે બંધ

કરાવ્યું અને લોકોને કહ્યું. તમો તમારે ઘેર માટીના માતાજીની મૂર્તિ બનાવી તેની આગળ શ્રીફળ વધેરી ભોગ ધરજો. જેથી તમારા તમામ મનોરથ પૂરા કરશે. પછી તે મૂર્તિ તમારે અહીં આશ્રમમાં મૂકી જવી. અને તે માટે શ્રીહરિએ ત્યાંનું કામાક્ષી દેવીનું મંદિર તથા વિષ્ણુનું મંદિર લોકો પાસે કરાવ્યું હતું. આ રીતે ત્યાં ધર્મની સ્થાપના કરી શ્રીહરિ આગળ ચાલ્યા. પછી શ્રીહરિના કહેવા મુજબ પિબેકની દીકરી માયાએ પણ એ સમયે લોકોને સમજાવીને બકરા, કુકડા, કબુતરની હિંસા બંધ કરાવીને શ્રીફળથી પૂજન કરવાનું શીખવ્યું હતું. એ પ્રાંતમાં તે સમયે તેનો ખૂબ જ પ્રભાવ હતો. અનેક તેમના વચને સુખી થતા. તેથી ત્યાં તેની ઘણી લોક ચાહના હતી એવું ત્યાંના લોકો કહે છે.

આ મંદિરની બાજુમાં એક શ્રીફળવાળાની દુકાન છે. ત્યાંના ૯૦ વર્ષના અનુભવી વૃદ્ધે કહ્યું હતું કે ‘‘૨૦૦ વર્ષ પહેલા અહીં કેવળ બકરા, કૂકડા અને કબૂતર જ વધેરાતા. પરંતુ ઉત્તર હિન્દુસ્તાનના એક બાલાજોગી આવ્યા હતા. તેમણે ક્રુર પિબેકનો પરાજય કરી અહીંના લોકોને શ્રીફળ વધેરવાનું શીખવ્યું હતું. નીલકંઠ વર્ણી અહીં એક માસ રોકાયા હતા. એમના પ્રભાવથી હજુ સુધી અહીંના અનેક લોકો અહિંસા ધર્મને પાળે છે અને માંસાહાર કરતા નથી.’’ આ વાત ઉનાવાના અશોકભાઈ એડવોકેટે ત્યાં જઈને નજરે જોઈ છે. અને તેઓ કહે છે કે વર્ણીરાજ શ્રીહરિએ સૂકાયેલાં ઝાડના પાંદડા લીલા કર્યા હતા. તે જર્જરીતભૂત વૃક્ષ હાલ પણે છે. અને તેના અમુક ડાળી પાંદડા છે. ઉમાનંદોના તડાકા સાથે ફાટેલું શિવલિંગ પણ હાલ ત્યાં છે. અને શ્રીહરિએ કહ્યું હતું તે મુજબ આજે પણ ત્યાં હજારોની સંખ્યામાં લોકો માટીના માતાજીની મૂર્તિ બનાવી તેની આગળ શ્રીફળ વધેરે છે. લોકોની શ્રદ્ધા માતાજી પૂર્ણ કરે છે.

**માયાકુંવર :** પછી શ્રીહરિના કહેવાથી ઉનાવા ગુજરાતથી આવેલા તે ત્રણેય જણાએ માયાકુંવરની રજા લીધી. ત્યારે માયાએ જીવા રાવલને કહ્યું, ‘‘ખરેખર જોગી હતા તે ઈશ્વર અંશી હતા. મેં તમને ભાઈ માન્યા છે. માટે જો ફરી તમને તેમનો ભેટો થાય તો મને સમાચાર આપશો. મારે તેમને સેવવા છે. મારા પિતા તો સત્યનો માર્ગ ભૂલી ગયા હતા. ઈશ્વર કૃપાથી તેમને હવે સાચું સમજાયું. પછી રામાનંદ સ્વામીની ચરણરજ જીવા રાવલે તેમને આપી તેથી માયાને પરમ શાંતિની અનુભૂતિ થઈ. પછી જતી વખતે જીવા રાવલે કહ્યું. હે બહેન ! કાંઈ દુઃખ આવે તો તમો ગુજરાતમાં આવજો. એ જોગી જતી વખતે અમને વરદાન આપતા ગયા છે. હું તમારે ગામ આવીશ. માટે તે જરૂર આવશે. પછી માયા

પાસેથી રજા લઈ જીવા રાવલ, મનહર બારોટ અને કરસન પટેલ તે ત્રણે જણા ઉનાવા પરત આવ્યા.

ઉંમર થતાં તેમને પોતાના ધર્મના ભાઈઓ તથા નીલકંઠ વર્ણી જોગી યાદ આવ્યા અને ભાઈએ કહ્યું હતું કે જોગી જરૂર ગુજરાતમાં પધારશે. માટે તેમનો પણ યોગ થાય તો મારા નશીબ ગણાય. આવા વિચારો અંતરમાં ઘોળાવા લાગ્યા. પછી ગુજરાતમાં આવવાનો સુદઢ નિશ્ચય કર્યો. પોતાની પદ-પ્રતિષ્ઠા તથા સંપત્તિનો અંતરથી ત્યાગ કરી થોડા માણસો લઈ તેની સાથે માયા ગુજરાતમાં આવી. ખોળતી ખોળતી ઉનાવા ગામે પહોંચી. કરસન પટેલે રખીયાતબાને ઉનાવા આવેલા પિબેકની દીકરી માયાકુંવરની ઓળખાણ કરાવી તેથી બાએ તેને પોતાની પાસે રાખીને સમયે ભલામયાંગના આશ્રમની જેમ જ તે તેમને શાહાકારી સુંદર ભોજન રાંધીને જમાડતી હતી. સેવામાં મદદ કરતી. બાએ તેમને સ્વામિનારાયણ ભગવાનની મહિમાની વાતો કરી. ત્યારે માયા કહે, ‘‘એ ભગવાનના દર્શન કરવાની મારા દિલમાં ઘણા સમયથી ઈચ્છા છે. પછી રળિયાતબાએ સ્વામિનારાયણ ભગવાનના એકવાર દર્શન કરાવ્યાં. જે હરિએ પ્રથમ તેમને બાલાજોગીરૂપે દર્શન આપ્યા. તેથી આ ઈશ્વરનો જ અવતાર છે. એવો તેને દઢ નિશ્ચય થયો.

રળિયાતબાએ શ્રીહરિની વિશેષ સેવા થાય એવા હેતુથી માયાને પોતાની મોટી બહેન જેતલપુરમાં રહેતા ગંગાબાને સોંપી. ગંગાબાનો યોગ થવાથી તેમને સંસારમાં અતિશય વિરક્તિ અને પ્રગટ પ્રભુમાં પૂર્ણ ભક્તિ પ્રગટી. ગંગામાની સાથે સત્સંગમાં વિચરણ કરતી. એકવાર શ્રીહરિએ સભામાં પિબેક પરાજયની વાત કરીને દીકરી માયાની ઓળખાણ કરાવી હતી. શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ધર્મ-પત્ની (ગાદીવાળાશ્રી) સુનંદાદેવીની સેવામાં માયાએ પોતાનું છેલ્લું જીવન શ્રીહરિની ખૂબ જ ભક્તિ કરીને વ્યતિત કર્યું.

## નવલખા પર્વત ઉપર નવ લાખ યોગીઓનો ઉદ્ધાર કર્યો

શ્રીહરિ એકલા જ કામાક્ષીથી ચાલતાં ચાલતાં નવલખા પર્વત તરફ પહોંચ્યા. નવલખા પર્વત ઉપર જવું તે બહુ ભયાનક અને ત્રાસદાયક છે. તેની ચારેબાજુ બાર-બાર ગાઉથી પણ વધારે મોટું મહા વિકટ વન છે. તેમાં જવા માટેનો કોઈ બાજુ રસ્તો નથી. ફરતા ગામોમાં રાજાએ ચોકી રાખી હતી. તેથી

મનુષ્ય માત્રને તે જંગલમાં જવા દેવામાં આવતા નહિ. કારણ કે જે ત્યાં જાય તે પાછો આવે જ નહિ. જમીન ઉપર જે લાકડાનું કામ કરનારા કઠિયારા (કબાડી) હોય તે પણ એક કોશની આસપાસ જ જતા આવતા રહેતા. તે જંગલમાં મોટા મોટા હિંસક પ્રાણીઓ સિંહ, વાઘ, હાથીઓ, અરણા પાડાઓ વગેરે હિંસક પ્રાણીઓ તથા પશુ પંખીઓ તથા અઘોરીઓ વસતા હતા. મોટી મોટી નદીઓ વહેતી અને ફળ, ફૂલ પણ પુષ્કળ હતા.

તે વનમાં નીલકંઠ વર્ણીએ ચોકીદારોનું નહિ માનીને તે સમયે શ્રીહરિ ગાયોના ધણમાં ભળી ગયા અને વનમાં પેઠા. એવા ભયંકર વનમાં કોઈનો પણ ડર રાખ્યા વિના એકલા જ ચાલતા. સંધ્યા સમયે પર્વત પાસે આવ્યા તો ત્યાં સાધન દશાવાળા સિદ્ધને ભાળ્યાં ત્યાં તેમને દર્શન આપી ત્યાં વિસામો લઈ પર્વત પાસે આવ્યા. તો આખા પર્વતને આંટો દઈને મોઢામાં પૂછું લઈ વીંટાઈ રહેલો એક મોટો સર્પ દીઠો ત્યારે તેને શ્રીહરિએ પોતાના જમણા ચરણનો સ્પર્શ કર્યો એટલે તે સર્પે કમાનની જેમ સીધો થઈ થોડો મારગ કરી આપ્યો. તે સર્પનો શ્રીહરિના ચરણનો સ્પર્શ થતાં તેને સનાથ કર્યો. (ઉદ્ધાર કર્યો.)

શ્રીહરિ ત્યાંથી પર્વત ઉપર ચડ્યા. ત્યાં એક મોટું શિખરબંધ મંદિર આવ્યું. તેમાં ઘણા સંતો રહેતા હતા. તે મંદિરની આસપાસ ઘણા યોગીઓ તપ કરતા હતા. શ્રીહરિ મંદિરની આગળ ઓટો હતો ત્યાં બેઠા. તેવામાં ત્યાં સંતો તથા યોગીઓ આવ્યા ને શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરી તેમની સામે બેઠા. શ્રીહરિએ કહ્યું કે આ પર્વત સારો છે. પણ આજે અહીં કાંઈ પ્રસાદ મળશે ? ત્યારે તેઓ બોલ્યા કે અમારી પાસે અક્ષયપાત્ર છે. તેમાંથી જે વસ્તુ જોઈએ તે તમામ મળે છે. તે સાંભળી પોતે રાજી થયા ને પછી ફરી પૂછ્યું કે અહીં સ્નાન કરવા માટેનું સ્થાન છે ? ત્યારે યોગીઓ કહે હા. એક સરોવર છે એમ કહી કેટલાક યોગીઓ શ્રીહરિની સાથે જઈ સરોવરમાં સ્નાન કરાવી મંદિરમાં લાવી સન્માનપૂર્વક બેસાડ્યા. શ્રીહરિએ નિત્યવિધિ કર્યો. શ્રીહરિની ઇચ્છાથી કામદૂધા ગાય ત્યાં આવી શ્રીહરિનાં ચરણ ચાટવા લાગી. ત્યારે એક યોગીએ ઊઠીને તે ગાયને દોહીને તે દૂધ ગાળીને નીલકંઠ વર્ણીને પાન કરાવ્યું. શ્રીહરિ રાજી થયા. પછી ત્યાં ચાલવા તૈયાર થયા ત્યારે યોગીઓ બોલ્યા કે હે પ્રભુ ! આપની ભક્તિ કરતાં અમને ઘણો કાળ વીતી ગયો છે તો હવે આપ પ્રગટ ભગવાન મળ્યા તો અમારું કલ્યાણ કરો. ત્યારે શ્રીહરિ રાજી થઈ બોલ્યા કે અમો અનેકનું કલ્યાણ કરવા વનમાં વિચરીએ છીએ. હવે અમો નવલખા પર્વત ઉપર જઈ નવ લાખ

યોગીઓનું કલ્યાણ કરીશું. ત્યારે તમારું પણ કલ્યાણ કરીશું. ત્યાં સુધી તમો અમારું ધ્યાન કરો. તે વખતે મહારાજે તે યોગીઓની ઇચ્છા જાણીને ચર્તુભુજ રૂપે દર્શન દીધાં ત્યારે તેઓ સર્વે રાજી થઈ ગયા. ને બોલ્યા. જે હે મહારાજ ! તમે તો સાક્ષાત્કાર પુરુષોત્તમ નારાયણ છો. એમ તેમને વચન આપી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે આગળ એક નદી આવી. તેને કાંઠે મલિયાગર ચંદનના વૃક્ષો હતા. તે વૃક્ષોને ફરતા કેટલાક સર્પો વીંટાયેલા હતા. તેઓ શ્રીહરિને દેખીને તત્કાળ સામા આવ્યા. પોતાની ફણાઓ ઊભી કરીને વારંવાર નમસ્કાર કરવા લાગ્યા અને જીભે કરીને શ્રીહરિના ચરણ ચાટવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ તે સર્પો ઉપર દયા કરી તેથી તેમને વાચા થઈ ત્યારે તેઓ બોલ્યા જે, હે મહારાજ ! તમે તો પુરુષોત્તમ નારાયણ છો માટે તમે અમારો સહુનો મોક્ષ કરો. ત્યારે શ્રીહરિએ કહ્યું. તમે બધા બદરિકાશ્રમમાં જઈને તપ કરો. અને તમારા સ્વભાવ સુધારો. પછી સત્સંગમાં અવતાર લો પછી તમારો મોક્ષ કરીશું.

એવું કહીને શ્રીહરિએ નવલખા પર્વત ઉપર ચડવાનું શરૂ કર્યું. ત્યારે શ્રીહરિની ઇચ્છાથી નવલખા પર્વત ઉપર આકાશવાણીએ નવ લાખ યોગી તથા બીજા સિદ્ધોને કહ્યું કે સર્વ અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતે મનુષ્યરૂપે અહીંયા પધારે છે. શ્રીહરિ પોષ માસની પૂનમની અજવાળી રાત્રે તેઓ પર્વત ઉપર ચડવા લાગ્યા. શ્રીહરિએ પર્વત ઉપર ચડ્યા ત્યારે તેની શોભા અપાર જણાવા લાગી. ઠેક ઠેકાણે ધૂણી ધખાવીને નવ લાખ સિદ્ધો બેસતા. દિવસે તો સિદ્ધો કે ધૂણીઓ કાંઈ જ દેખાતું નહિ. રાતે જ સિદ્ધો અને કુંડોમાંથી આપ મેળાએ અગ્નિ પ્રદીપ્ત થતો દેખાતા. પર્વતની આશ્ચર્યમય અકળકળા શ્રીહરિએ જોઈ. નવલખા પર્વતની બધી અકલ્પ કળાઓને શ્રીહરિ જોતા. જોવામાં આશ્ચર્યભરી લાગતી પણ યથાર્થ રીતે કોઈ જાણી શકતું નહિ. આ બધી અકળકળાઓ પર્વતની છે. એમ માન્યું. પ્રભુએ સિદ્ધોને મુખથી કાંઈ બોલતા જોયા નહિ. બોલતા કે આમ તેમ નહિ ચાલતા કે નહિ આવવા જતા પરંતુ સિદ્ધાસન વાળી નાસિકા ઉપર દૃષ્ટિ રાખી આસન ઉપર બે હાથ રાખી કાષ્ટની પેઠે સ્થિર રહેતા જોયા. આકાશવાણીના શબ્દો સાંભળીને તેમના સૌનાં મન પુલકિત થઈ ગયાં. સૌ સિદ્ધો આનંદમાં આવી ગયા. આનંદમાં ને આનંદમાં સિદ્ધો નીલકંઠની સ્વાગતની તૈયારીઓ કરવા લાગ્યા. કોઈ નીલકંઠ માટે ફળો એકઠાં કરવા લાગ્યા. તો કોઈ ફૂલોની માળા ગૂંથવા લાગ્યા. નીલકંઠ ચાલતાં ચાલતાં નવલખા પર્વતની તળેતીમાં પહોંચ્યા. ફરીથી આકાશ વાણી થઈ અને કહ્યું કે કાલ પ્રાતઃકાળે તેમને

સૌને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણના નીલકંઠ વર્ણીરૂપે દર્શન થશે. તેમના દર્શન માત્રથી તમારો મોક્ષ થશે અને અક્ષરધામની પ્રાપ્તિ થશે.

પરોઢ થયું નીલકંઠ વર્ણી નવલખા પર્વત ઉપર પહોંચ્યા તો આકાશવાણી સાંભળીને સૌ પ્રથમ નવલખા પર્વત મૂર્તિમાન શ્રીહરિ પાસે આવી ચરણોમાં પડી રહેવા લાગ્યો કે મને કૃત્યાર્થ કરવા જ આપ અહીં પધાર્યા છો. પછી નવ લાખ સિદ્ધો પણ મૂર્તિમાન શ્રીહરિનાં દર્શન કરવા અવ્યા. ગુફામાં રહેલા સિદ્ધો પણ શ્રીહરિના દર્શન કરવા આવ્યા. સર્વે સિદ્ધોએ સૌ પ્રથમ નીલકંઠ વર્ણીનું ફુલના હાર ચઢાવીને સ્વાગત કર્યું. તે વખતે દેવતાઓ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા અને પુષ્પવૃષ્ટિ કરી વેદોની ઋચાથી વાતાવરણ પવિત્ર થઈ ગયું. સિદ્ધોએ વર્ણીને આસન કરીને તેમના ઉપર બિરાજમાન કર્યાં અને બધાએ ફળ, ફૂલ લાવીને શ્રીહરિને ભેટ ધર્યા. શ્રીહરિ તેમાંથી થોડું જમ્યા અને પ્રસાદી દરેકને આપી.

શ્રીહરિ પોતે સાક્ષાત્ ભગવાન છે. સર્વોન્તર્યામી છે. દરેક બાબત પોતે જાણે છે છતાં મનુષ્ય ભાવ બતાવતા થકા તેઓએ નવલખા પર્વતને પૂછ્યું કે તમારી માયા અમે કળી શક્યા નહિ. તમે કોણ છો ? દિવસે નહીં દેખાતા અને રાત્રીએ જ દેખાતા. આ બધા કોણ ? ઠેકઠેકાણે, આ અગ્નિ તે શું છે ? આ બધું દિવસે કેમ દેખાતું નથી ? ત્યારે નવલખા પર્વત કહે આપ તો સર્વજ્ઞ છો. બધું જાણો છો છતાં પૂછો છો તો કહું છું કે જેટલા પર્વતો છે તેમાં હું પૂજ્ય છું. અહીં નવલાખ સિદ્ધો રહે છે. તેમનાં તપનો તથા આશ્રમનો આ પ્રતાપ છે. જુદા જુદા ઠેકાણે જે અગ્નિના કુંડ દેખાય છે. તે વેંત વેંતના ગોળ કુંડ છે. તે એક એક ગજ ઊંડા બધા કુંડ છે. તેમાં તેઓનો પ્રતાપ રહ્યો છે દિવસે કુંડોમાં પાણી વહે છે. અને રાત્રે તેમાંથી અગ્નિ પ્રગટે છે. તે ભેળા સિદ્ધો પણ પ્રગટ થાય છે. ગુફામાં જે સિદ્ધો રહે છે. તે જુદા છે અને બોલતા ચાલતા છે. તેમને પણ જે સિદ્ધ હોય તે જ જોઈ શકે છે. સિદ્ધ વિના અહીં કોઈ આવી શકતું નથી. આપ તો સર્વાધારી સમર્થ ઈશ્વર છો. તમારી વાત જુદી છે. આવી રીતે પર્વતની વાત સાંભળી.

પછી શ્રીહરિ યોગીઓની પાસે બેસીને યોગાભ્યાસની બાબત પૂછવા લાગ્યા. ત્યારે યોગીઓએ પોતે જેમ યોગભ્યાસ કરતા હતા. તે કહ્યું ત્યારે શ્રીહરિએ તેમના યોગાભ્યાસની કચાશ ટાળતાં કહ્યું કે પ્રકટ સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન છે. જેને વૃંદાવન વિહારી કહેવાય છે. અહોનિશ તેમનું ધ્યાન કરવું. ભગવત સ્મૃતિ સિવાય એક શ્વાસ પણ લેવો નહિ. શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું તે જ યોગ્યાભ્યાસનું ફળ છે. ફળ વિના તો કોઈ વૃક્ષ પણ શોભતું નથી. આત્મદર્શી

યોગી હોય, દેહદર્શી ભોગી હોય, પરંતુ તેમને પણ સત્સંગ વિના અજ્ઞાન ટળે નહિ. માટે સત્સંગ કરવો. લોકો મોક્ષ પણ અનેક પ્રકારના માને છે. તે બધામાં કે એક વિના બધાં વિઘ્નરૂપ છે. નાના ખાડામાંથી નીકળી મોટા કૂવામાં પડવા જેવું તે કહેવાય. થોડું જીવવું તે નાનો ખાડો અને લાંબું જીવવું તે મોટો કૂવો સમજવો. સત્સંગ વિના આવું સમજાય નહિ. માટે હરિચરણમાં સ્નેહ (પ્રેમ) થાય તે જ સાચો મોક્ષ છે.

એટલી વાત કરી સિદ્ધોને શ્રીહરિ બીજી વાત કહે છે કે તમે જે આ તપ કરો છો તે કયા અધિક ફળના હેતુથી કરો છો ? અધિક ફળની ઇચ્છા વિના કોઈ યત્ન (પ્રયત્ન) કરતું નથી. અમે પણ જન્મ લીધો, ઘરમાં રહ્યા, ઘરનો ત્યાગ કર્યો. વિકટ વનમાં વિચર્યા. એ બધામાં કંઈક ને કંઈક હેતુ છે. ઉદ્દેશ વિના કષ્ટ કોઈ સહન કરે નહીં. તો તમે પણ તમારો ઉદ્દેશ કહો. ત્યારે સિદ્ધો બોલ્યા કે, આપ તો બધુ જાણો છો છતાં કહીએ છીએ. અમો હઠયોગ વિના બીજી કોઈ વાત સમજતા નથી. આ દેહને અમર રાખવો તે હેતુ છે છતાં પણ આપ સાક્ષાત્ પ્રભુ મળ્યા છો તો હવે તેમાં આપ કહો તેમજ કરવા અમો તૈયાર છીએ. આપ અમારા હિતને માટે જ અહીં પધાર્યા છો.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે અંતદૃષ્ટિ કરીને જુવો તો આ દેહમાં કંઈ વસ્તુ સારી છે ? આ દેહ મળ, મૂત્ર, રૂધિર, હાડકાં વગેરેથી ભરેલો હોઈ ચમારના કુંડ જેવો મલીન છે. તેનું જતન કરવામાં અને તેને અમર રાખવામાં ડહાપણ શેનું ? તમારા ગુરૂ પણ દેહાધ્યાસી જ હશે. પરંતુ આત્મા અજર, અમર છે. તેને પોતાનું સ્વરૂપ માનીને દેહથી પર થઈ નિત્ય આત્માભ્યાસ કરવો. આ પ્રકારે આત્મા-પરમાત્મા સંબંધી અધ્યાત્મ જ્ઞાન ઘણી રીતે સમજાવી પછી પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરતાં શીખવીને તેમનો દેહાધ્યાસ છોડાવી તેમનો મોક્ષ કર્યો. બીજા પણ ત્યાં નવ લાખ યોગીઓ હતા. તેમણે પણ ઉપર પ્રમાણે જ્ઞાન આપી મોક્ષભાગી કર્યા તેથી રાતે તેઓ દેખાતા અને દિવસે ન દેખાતા તે બધું બંધ થયું. એવી રીતે નવલખા પર્વત ઉપર રહેલા તમામ યોગીઓને ભવના બંધનથી છોડાવી મોક્ષ કર્યો. આવી રીતે શ્રીહરિએ નવ લાખ યોગીઓને જ્ઞાનોપદેશ આપી અને પોતાની મૂર્તિનું સુખ આપી તેમને મોક્ષ ભાગી બનાવ્યા.

નવ લાખ યોગીઓએ શ્રીહરિને ભેટવાની ઇચ્છા કરી પણ શ્રીહરિ એકલા અને આપણે નવ લાખ યોગીઓ છીએ. યોગીઓના સંકલ્પને પૂરો કરવા નીલકંઠ વર્ણીએ નવ લાખ સ્વરૂપો ધારણ કર્યા. દરેક યોગીને એક એક સ્વરૂપે

ભેટ્યા. દરેકના યજ્ઞકુંડમાં આહુતિ આપી. દરેકના જળકુંડમાંથી પાણી પીને પ્રસાદીના કર્યાં. નવ લાખ યોગીઓએ નીલકંઠને ત્રણ દિવસ સાથે રાખ્યા. સેવા કરી પ્રસન્ન કર્યાં. તેમણે નીલકંઠની ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરી.

તેમણે સૌએ પ્રાર્થના કરી. હે નીલકંઠ પ્રભુ ! આપે દર્શન આપ્યાં છે. માટે દયા કરીને અમારા અંતરમાં સદાય નિવાસ કરીને રહો. આપની મૂર્તિ અંતરમાંથી જાય નહિ. એવી હે અક્ષરાધિપતિ, તમને વિનંતી કરીએ છીએ. તેમની પ્રાર્થના સાંભળીને નીલકંઠ વર્ણીએ કહ્યું 'તથાસ્તુ'! એવું વરદાન નવ લાખ યોગીઓને આપીને ત્યાંથી વિદાય લીધી. સૌ યોગીઓને દિવ્ય ગતિ આપીને મોક્ષ કર્યો. તમામ યોગીઓને ભવનાં બંધનથી છોડાવી મોક્ષ કર્યો. પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી તે યોગીઓને અક્ષરધામમાં મોકલ્યા. પછી શ્રીહરિ નવલખા પર્વત ઉપરથી નીચે ઉતર્યાં ને વડ નીચે સાધન દશાવાળાને જે યોગીઓ તપ કરતા હતા તેમને નવલખા પર્વત ઉપર મોકલ્યા.

**બાલવાકુંડ :** શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા તો માર્ગમાં બાલવાકુંડ આવ્યું. કુંડના પાણી અને આજુબાજુના પથ્થરોમાંથી હંમેશાં અગ્નિની જ્વાળા નીકળ્યા કરે છે. તેનાં દર્શન કરીને પ્રભુ પ્રસન્ન થયા કારણ કે તેમાં વાયુ, અગ્નિ અને જળનાં સમૂહ રહેલાં છે. ત્યાં તીર્થ માટે આવેલા દેશોદેશના માણસોને દર્શન તથા ઉપદેશ આપતા થકા શ્રીહરિ ત્યાં ત્રણ દિવસ રોકાયા. હંમેશાં તે કુંડમાં જ સ્નાન કરતા તેથી તે કુંડને મહાન તીર્થ બનાવી શ્રીહરિ ત્યાંથી અગ્નિ ખૂણામાં ચાલ્યા, ચાલતાં ચાલતા ગંગાસાગર : કલકત્તા થઈ ગંગાસાગરના સંગમે પહોંચ્યા. ત્યાં સ્નાન કર્યું ત્યાં ત્રણ દિવસ રોકાઈ દર્શનથી તથા જ્ઞાનોપદેશથી લોકોને આનંદ આપી ત્યાંથી વહાણમાં બેસી સમુદ્રની ખાડી ઊતર્યાં. ત્યાંથી કપિલાશ્રમમાં આવ્યા. નવદ્વીપમાં ચૈતન્ય મહાપ્રભુની જન્મભૂમિ પવિત્ર કરી. ગૌડીય સંપ્રદાયની ગાદી શાંતિપુરની મુલાકાત લીધી.

## કપિલાશ્રમ

કપિલાશ્રમ મનોહર એકાંત સ્થળ છે. આ આશ્રમની ચારે બાજુ સમુદ્રથી ઘેરાયેલો હોવાથી તેની ચારેકોર ઝાડીઓ અને લીલી વનરાઈઓથી તે સ્થળ અત્યંત શોભાયમાન લાગતું હતું તે જોઈને શ્રીહરિ ખૂબ આનંદ પામ્યા. આ આશ્રમમાં સાંખ્યમતના આચાર્ય કપિલમુનિએ ઘણા વર્ષો સુધી તપ કર્યું હતું તેથી તે આશ્રમનું નામ કપિલાશ્રમ પડ્યું. હજુ પણ ઘણા ભાવિકોને આ સ્થળે

કપિલમુનિનાં દર્શન થાય છે. નીલકંઠ વર્ણીને પણ કપિલ મુનિએ મૂર્તિમાન બનીને આવકાર્યા હતાં. શ્રીહરિને આ સ્થળ ખૂબ ગમ્યું. કારણ કે આવું સ્થળ જુએ અને નીલકંઠને ધ્યાન ધરવાનું વિશેષ આનંદ આવે.

સમુદ્ર તીરે પૂર્વદિશામાં શ્રીકપિલદેવજીનું સુંદર મંદિર છે. તેમાં સિદ્ધાસન વાળી શ્વેત મૂર્તિરૂપે કપિલદેવજી બિરાજે છે. માતા-પિતાને માન આપનારા અને સાંખ્યશાસ્ત્રના તે આચાર્ય છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ ચારે તત્ત્વનું માણસોના મોક્ષ માટે સ્થાપન કરનારા તે કપિલદેવજીનાં શ્રીહરિએ દર્શન કર્યાં. શ્રીહરિએ પણ ત્યાં બે માસ રોકાઈ કપિલદેવજીની માફક તપ કર્યું હતું.

શ્રીહરિ જ્યારે આશ્રમની પાસે આવ્યા ત્યારે આશ્રમની શોભા જોઈ અદ્ભુત લાગી. આજે શ્રીહરિ આવ્યાથી કપિલાશ્રમ સાગરના માથે શ્વેતદ્વીપ જેવો લાગે છે. આશ્રમની ચારે બાજુ દિગપાળો તેની સેવા કરી રહ્યા છે. ચારે બાજુ સાગર હ્ડુટાડ કરતો ઊંચો થઈને ઊછળતો હતો કારણ કે જે કપિલ મુનિ અને વર્ણીના સંગમના દર્શન કરવા માટે સાગર ઊછડતો હતો અને કપિલ મુનિને ચેતવણી આપતો હતો કે આજે સાંખ્ય સમાધિ છોડો કારણ કે સાંખ્ય સમાધિનું સબીજ આવીને ઊભું છે. સાંખ્યસમાધિનું તથા સર્વનું ફળ આ મૂર્તિમાન નીલકંઠ વર્ણી છે. હે કપિલમુનિ આંખ મીંચીને સાંખ્યના તત્ત્વોની તારવણી કરી છે. તે સચ્ચિદાનંદ સ્વયં શ્રીહરિ તમારી સામે આવીને ઊભા છે.આંખ ખોલીને તેમના દર્શન કરો. તમે અંતરની અંદર ના ખોળશો. તે સ્વયં શ્રીહરિ પ્રત્યક્ષ આજે આવીને ઊભા છે. એમ સાગર કપિલ મુનિને કહેતો હતો. તે સમય કપિલમુનિની અંતરની આંખ ખુલ્લી ગઈ. સાંખ્ય સમાધિમાંથી જાગ્યા ત્યારે પ્રભુ આશ્રમમાં આવી ગયા હતા. કપિલમુનિએ હરખથી વધાવ્યા. સ્તુતિ કરીને પ્રેમથી પૂજન કર્યું અને બોલ્યા કે તપ કરવાનુ ંસાધન આજે ફળ્યું. કપિલમુનિને શ્રીહરિએ કહ્યું કે જે રહસ્યની આંટી ખોલીને જગત ઉપર સારો ઉપકાર કર્યો છે. અમે જે પ્રવૃત્તિ સાંખ્ય દ્વારા કરીશું તેમ તમારી કીર્તિ વધશે. એવું પ્રભુએ વરદાન આપીને બે માસ રોકાયા હતા.

શ્રીહરિ કપિલાશ્રમમાં રહ્યા હતા તે દરમિયાન ધ્યાનમાં બેસી ગયા. તે દરમિયાન તેમની પાસે સાક્ષાત્ પૃથ્વીદેવીએ મનુષ્યરૂપે આવીને પ્રાર્થના કરી. શ્રીહરિને કહ્યું કે હે પ્રભુ ! આપ સર્વાન્તર્યામી સર્વાવતારી પ્રગટ થયા છો. મારા ઉપર અસુરોનો ઘણો જ ભાર વધી ગયો છે. તો હવે તે અસુરોનો નાશ કરી મારા ઉપરનો ભાર ઓછો કરવા કૃપા કરો. પૃથ્વી દેવીની પ્રાર્થના સાંભળી પ્રભુએ કહ્યું

કે હાલમાં જગન્નાથપુરીમાં ઘણાં જ અસુરો ભેગા થયા છે. ત્યાં જઈ તેમનો નાશ કરાવીશ તથા બીજે જ્યાં જ્યાં અસુરો હશે ત્યાં જઈ તેમનો નાશ કરાવી ધર્મનું સ્થાપન કરીશ. માટે તું ચિંતા ન કરીશ. એમ કહી તેને શાંતિ પમાડી રજા આપી એટલે પૃથ્વી દેવી ચાલી ગઈ અને શ્રીહરિ ત્યાં રોકાયા.

કપિલાશ્રમમાં જે લોકો દર્શન કરવા આવતા તે તમામ શ્રીહરિનાં દર્શન કરી તેમનું તપ જોઈ પરસ્પર વાતો કરતા કે મૂર્તિમાન કપિલદેવ જાણે તપ કરવા આવ્યા હોય એવા આ વર્ણી છે. અહીં ઘણા સિદ્ધો આવ્યા પણ દેખતાં જ ચિત્ત ચોંટી જાય, મનમાં આનંદ થાય અને આશ્ચર્યકારી તેવા આ એક જ જોયા માટે ધનભાગ્ય છે. એમ કહીને શ્રીહરિની પૂજા કરતા અને મેવા-મીઠાઈ લાવતા. પૂજારી પણ બહુભાવિક હતો. તેથી દરરોજ પૂજા કરવા આવતા અને મેવા-મીઠાઈ આપતા અને કહેતા કે આપ સદાય અહીંયા જ રહો. આપના ઉપર કપિલદેવજી બહુ પ્રસન્ન છે. આપની સેવામાં સદાય હું હાજર રહીશ. કપિલદેવજી મહા સિદ્ધ છે. અનેક માણસોને ખેંચીને અહીં લાવે છે. આપ આવ્યા ત્યારથી તો બહુ જ ભીડ થાય છે. સાકર-ઘીનાં પાકાં સિધાં પણ માણસો ખૂબ લાવે છે અમે ઘણા દિવસથી રહીએ છીએ પણ આવો ભાવ ક્યારેય જોયો નથી. તમે તો ફળફૂલ જમો છો આ બે માસથી આવ્યા છો. એટલામાં અમે ઘણું ધન કમાયા. વસ્ત્રો પણ ઘણાં મળ્યાં. માટે આપ અહીં જ રહો. એમ તે પૂજારીઓએ ઘણી વિનંતી કરી. છતાં નિર્મોહી શ્રીહરિ ત્યાંથી ચાલી નિસર્યા તેથી બધા લોકો ખૂબ ઉદાસ થઈ ગયા. શ્રીહરિ તો વહાણમાં બેસીને ખાડી ઊતર્યા અને ત્યાંથી આગળ ચાલ્યા.

## વૈરાગી મંદિરના મહંતને શિષ્ય બનાવ્યો

રસ્તામાં ચાલતાં આગળ એક ગામ આવ્યું. તેમાં વૈરાગીનું એક મોટું મંદિર જોયું. શ્રીહરિએ તે મંદિરના મહંત પાસે જઈને કહ્યું કે અમારે અહીં ઉતારો કરવો અને થોડા દિવસ રોકાવાનો વિચાર છે. મહંત સારો હતો તેણે કહ્યું કે ભલે આપ સુખેથી આ રામજી મંદિરમાં આપની ઇચ્છા આવે ત્યાં સુધી રોકાઓ. અમો અમારાથી બનશે તે સેવા કરીશું. એટલે શ્રીહરિએ તે મંદિરમાં એક તરફ ઉતારો કર્યો અને પછી તે મહંતની પાસે ગયા. મહંતે આસન આપી સન્માન પૂર્વક બેસાડ્યા. મહંતને પંડિત માનીને શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો કે હે મહંતજી ! (૧) આ શરીરમાં જે સુષુમ્ણા નામની નાડી છે. તે ક્યાં ક્યાં અને કેવી રીતે રહી છે. તથા (૨) તેમાં યોગીઓ કેવી રીતે પ્રવેશ કરે છે. તે બધું કહો. તે સાંભળી

મહંત નિર્માની થઈને બોલ્યો કે હે બાળ યોગી ! આ બધી યોગની બાબત અમારા ગુરૂજી હતા તે જાણતા હતા. પણ મને તેનો ઉત્તર નથી આવડતો. તે સાંભળી તે મહંતનો શિષ્ય હતો તેને રીસ ચડી તેથી ક્રોધ કરીને બોલ્યો કે હે બ્રહ્મચારી ! તમો આજે જ આવ્યા છો અને અમારા ગુરૂને આવો અટપટો પ્રશ્ન પૂછી અમારા ગુરૂની લાજ લીધી.

ત્યારે શ્રીહરિ કહે છે કે, ગુરૂને પ્રશ્ન પૂછ્યા વિના શંકા થાય તેનું નિવારણ કેમ થાય ? માટે ગુરૂ શિષ્યના પ્રશ્નો સાંભળી શાસ્ત્ર પ્રમાણે ઉત્તર કરી સમજાવી સંદેહ ટાળીને શિષ્યને જ્ઞાન આપે તે ગુરૂ ખરા. પછી શિષ્ય જ્ઞાન પામી ભગવાન ભજે ત્યારે મોક્ષ થાય. શ્રીહરિનાં વચનો સંભળી મુમુક્ષુ તે ગુરૂ-શિષ્ય બેય રાજી થયાં અને શ્રીહરિને પૂછ્યું કે આપ ક્યાંથી આવ્યા. ગુરુદ્વારો ક્યાં છે ? તે સાંભળી શ્રીહરિ બોલ્યા કે, કાળ માયાના પાસેથી અને ભવબંધનથી મૂકાવે તે ગુરૂ કહેવાય. એવાં વર્ણીના વચન સાંભળીને બેય-ગુરૂ-શિષ્ય શ્રીહરિને ભગવાન માની પ્રેમથી સુંદર રસોઈ બનાવી દેવને થાળ ધરી નીલકંઠ વર્ણીને પ્રેમથી જમાડ્યા. શ્રીહરિએ તેમના ઉપર કરી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી તેમને પ્રતાપ જણાવી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી. પોતે શિષ્ય બનાવ્યા.

## હનુમાનજીએ રામજી મંદિરના બાવાઓને ધોકા મારીને સીધા કર્યા

નીલકંઠ વર્ણી હવે દક્ષિણ તરફ ચાલ્યા. ચાલતા-ચાલતાં સાંજ પડી. એક ગામ આવ્યું. ગામના ચોરે કેટલાક લોકો બેઠેલા તેમને નીલકંઠે પૂછ્યું કે અહીં જોગીજતિને (સાધુને) રહેવાનું કોઈ સ્થાન છે ? ત્યારે તે લોકોએ કહ્યું. અહીં વાણિયાના ઘરની સામે બાવાઓનું રામજી મંદિર છે. ત્યાં સૌ સાધુ-સંતોને ઉતારો મળે છે. માટે તમે ત્યાં જાઓ. શ્રીહરિ તે મંદિરે ગયા. ત્યાં ત્યાગી બાવાઓ રહેતા જોઈ શ્રીહરિ ત્યાં ઊતર્યા. બાવાજીએ વર્ણીને ઉતારો આપ્યો. નીલકંઠ નાહીને મંદિરના ચોકમાં બેઠા. ત્યાં સંધ્યા આરતી થઈ પછી મંદિરમાં રામાયણની કથા શરૂ થઈ. ગામના સ્ત્રી-પુરુષો આવીને એકબીજાની બાજુમાં ભેગાં કથા સાંભળવા બેસી ગયા. નીલકંઠે જોયું કે સ્ત્રી-પુરુષો મંદિરમાં ભેગાં બેસે છે. વર્ણીને આ ન ગમ્યું. કથા પૂરી થઈ એટલે બાવાના ચરણનો સ્પર્શ કરીને સૌ જવા લાગ્યાં. કેટલીક સ્ત્રીઓ નીલકંઠના ચરણ સ્પર્શ કરવા આવી. તો નીલકંઠ ઊભા થઈને અંદર ઓરડીમાં જતા રહ્યાં પછી કેટલીક સ્ત્રીઓ બાવાના

હાથ-પગ દાબવા તથા સેવા કરવા લાગી. નીલકંઠને આ જરાય ન ગમ્યું. તેમણે બાવાઓને કહ્યું. રામાયણની કથા કરો છો અને ધર્મ કેમ નથી પાળતા ? તમો ત્યાગી થઈને સ્ત્રીઓને કેમ અડો છો ? સાધુથી સ્ત્રીઓને ઉપદેશ ન કરાય. ત્યાગીઓએ સ્ત્રીનો અષ્ટ પ્રકારે ત્યાગ કરવો જોઈએ તેવો ધર્મ છે. છતાં તમો આવો અધર્મ કેમ કરો છો ?

શ્રીહરિના આવાં વચન સાંભળી બાવાઓ તથા બીજા તેના સેવકો એકદમ ક્રોધાયમાન થયા. બાવાજી ગુસ્સે થઈ બોલ્યા, છોકરા, કાલ સવારનો તું અમને ઉપદેશ કરનાર કોણ ? અમારા સ્થાનમાં આવી અમારી નિંદા કેમ કરે છે ? માટે તું જલદી અહીંથી ચાલ્યો જા નહિ તો માર ખાઈશ. તું ધર્મમાં શું જાણે ? અમો જૂના છીએ અને દેશોદેશમાં ફરીએ છીએ. છતાં અમને કોઈ કાંઈ કહી શકતું નથી. જો વધારે બોલીશ તો જીવથી મારી નાખીશું. અમને રાજાનો પણ ડર નથી. રાજા પણ અમારાથી ડરે છે. અધર્મી બાવાઓનાં આ પ્રકારનાં ઘણાં જ ક્રૂર વચનો સાંભળી નિર્માની શ્રીહરિ તુરંત જ અદશ્ય થઈ ગયા. બાવાઓ વિચારમાં પડી ગયા કે મંદિરના બંધ દરવાજામાંથી આ છોકરો કેવી રીતે અદશ્ય થયો ! મંદિરમાંથી નીકળી શ્રીહરિ સામે વાણિયાના મકાનની ઓસરીમાં બેઠા. ત્યાં જઈને શ્રીહરિએ વિચાર્યું કે આવા અધર્મી અને પાપીઓને કાંઈક શિક્ષા કરવી જોઈએ એટલે હનુમાનજીને યાદ કર્યા એટલે હનુમાનજીને બોલાવ્યા.

હનુમાનજી આવી શ્રીહરિને નમસ્કાર કરીને શ્રીહરિની ઈચ્છા જાણીને ધોકો લઈને હનુમાનજી મંદિરમાં ગયા. બધા બાવાઓને અને તેમની ચેલકીઓને ધોકે ધોકે મારવા લાગ્યા. બાવાઓનાં હાડકાં ખોખરાં કરી નાખ્યાં ત્યારે બાવાઓ મારના દુ:ખથી તથા ભયથી બચાવો બચાવો એમ રાડો પાડવા માંડ્યા. ત્યારે બાવાઓ બોલ્યા, તમે કોણ છો ? શા માટે અમને વગર વાંકે મારો છો ? અમારો શો વાંક ગુનો છે ? ત્યારે હનુમાનજી કહે છે કે તમે નીલકંઠ બ્રહ્મચારીને શા માટે વગર વાંકે અહીંથી કાઢી મૂક્યા. તમે વર્ણીનું અપમાન કર્યું તેનું આ ફળ છે. એક તો અધર્મ કરો છો અને કોઈ કહે તો તેને મારી નાખો છો. પાપથી જરા પણ બીતા નથી. માટે હવે આ વખત તમે બચશો જ નહિ. બાવાઓ કહે છે. આપ કોણ છો ? ત્યારે હનુમાનજી કહે છે કે હું શ્રી રામચંદ્રજીનો સેવક છું. રામજીની ઈચ્છાથી આવ્યો છું જેનું તમે અપમાન કર્યું તે નીલકંઠ વર્ણી તો સાક્ષાત્ ભગવાન છે. વર્ણી સાક્ષાત્ રામચંદ્રજી છે. પોતે આ પૃથ્વી ઉપર રહેલા અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવા પ્રગટ થયા છે. તેમને અપમાન કરી તમે મંદિરમાંથી બહાર

કાઢ્યા માટે હવે તેમના પગે પડી કરગરી પ્રાર્થના કરી તેમની માફી માંગો. અને સન્માન પૂર્વક મંદિરમાં લાવી તેમનું શરણું સ્વીકારો તો તમને છોડીશ નહીંતર આજે તમને બધાને પૂરા કરી નાખીશ. જો અધર્મનો નાશ કરશો તો સુખી થશો એમ નહિ કરો તો ખૂબ દુઃખી થશો અને અંતે યમપુરીમાં જશો અને ત્યાં મહાકષ્ટ પામશો. ત્યારે બાવાઓ બોલ્યા તમે કહેશો એમ કરીશું પણ અમને મુકી દો પછી હનુમાનજીએ તે બધા બાવાઓને છોડીને અંર્તધ્યાન થયા.

પછી તે બાવાઓ ભેગા થઈ પસ્તાવો કરતા. મંદિરનો દરવાજો ઉઘાડી બધી સ્ત્રીઓને કાઢી મૂકી. વર્ણીની તપાસ કરતા. ત્યાં શ્રીહરિને વણિકની ઓસરીમાં શાંતિથી બેઠેલા જોયા. એટલે બધા બાવાઓ નિર્માની થઈ વર્ણી પાસે જઈ પ્રભુના પગમાં પડ્યા અને પોતાની ભૂલની માફી માગી. વર્ણીને મંદિરમાં પધારવા ખૂબ વિનંતી કરી કહ્યું કે પ્રભુ ! આપ સાક્ષાત્ અમારા ઈષ્ટદેવ શ્રીરામ છો. અમોએ અજાણતાં આપનું અપમાન કર્યું તો તેનું ફળ અમોને મળ્યું તો હવે આપ અમારા ગુના માફ કરી મંદિરમાં પધારી અમારી સેવા સ્વીકારી. ઉપદેશ આપી અમોને કૃતાર્થ કરો. અમો આપના ચરણ સેવક છીએ. બાવાઓની પ્રાર્થના સાંભળી દયાળું શ્રીહરિ તેમની સાથે મંદિરમાં ગયા. બે દિવસ મંદિરમાં રાખી સારી સારી રસોઈ જમાડી. નીલકંઠ બે દિવસ રહી બધા બાવાઓને નિયમ આપીને ધર્મમાં વર્તવાની પ્રતિજ્ઞાઓ લીધી એટલે શ્રીહરિએ તેમને પોતાના આશ્રિત કર્યાં.

## બકુરપુર ગામ (જેરામદાસ)

શ્રીહરિ પછી ત્યાંથી આગળ ચાલ્યા. ત્યાં મહાઘોર વન આવ્યું. તેમાં ચાલતાં ચાલતાં આગળ બકુરપુર નામનું ગામ આવ્યું. શ્રીહરિ ગામમાં ત્યાગી બાવાના મંદિરે પધાર્યાં. મહંત બાવાએ નીલકંઠના દર્શન કરતા ખૂબ શાંતિ અનુભવી. તેમણે નીલકંઠને અહીં બે-ત્રણ દિવસ રોકાવા કહ્યું. તેથી નીલકંઠ ત્યાગી બાવાના મંદિરમાં રોકાયા.

ગામમાં સંજોગી બાવાનો જેરામદાસ નામનો પુત્ર તે મંદિરમાં ત્યાગી બાવા પાસે તુલસી રામાયણ ભણવા આવતો. બાવો સવાર-સાંજ રામાયણ વાંચી ભણાવતો. તેથી જેરામને કાંઈ ન સમજાય તો બાવાને પૂછતો. બાવો અર્થ કરતો. કાંઈ અઘરો પ્રશ્ન આવે તો તેના અર્થ બરાબર આવડે નહિ તેથી અર્થો ખોટાં કરે. નીલકંઠ આ બધું મૂંગે મોઢે સાંભળતા. એક દિવસ બાવો સમજાવતો હતો ત્યાં જેરામે પ્રશ્ન પૂછ્યો. બાવો મૂંઝાયો તેને અર્થ આવડ્યો નહિ. નીલકંઠે

કહ્યું. મહંતજી, હું સમજાવું ? મહંતે હા પાડી. પછી નીલકંઠે એક પછી એક એમ કેટલાય પ્રશ્નોના જવાબ આપ્યા. તેથી જેરામ આનંદ પામ્યા.

જેરામે ઘરે જઈને પોતાના માતા-પિતાને બધી વાત કરી અને કહ્યું 'નીલકંઠ બ્રહ્મચારી' છે. બહુ તેજસ્વી છે. ઈશ્વરમૂર્તિ છે. માટે આપણે ઘરે જમવા બોલાવીએ પુત્રની વાત સાંભળીને માતા-પિતા ને અત્યંત કુતુહલ થયું એટલે તેનાં મા-બાપને વર્ણી ઉપર ભાવ થયો. સાંજે જેરામના માતા-પિતા ત્યાગી બાવાના મંદિરમાં જઈને નીલકંઠ પાસે જઈ પ્રાર્થના કરી. અમારે ઘરે જમવા પધારો. તેનો શુદ્ધ ભાવ જોઈ શ્રીહરિ તેને ઘરે જમવા પધાર્યા. એ બ્રાહ્મણની પત્ની અતિશય ભાવિક હતી તેણે સુંદર રસોઈ બનાવી. દૂધ, મલાઈ, માખણ, દહીં સાકરના કટોરા ભરી મૂક્યા. નીલકંઠ જમી રહ્યા એટલે બ્રાહ્મણે આગ્રહ કરીને નીલકંઠને પોતાને ઘરે રોકાઈ જવા વિનંતી કરી. તેણે કહ્યું. આ મારા પુત્ર જયરામદાસને આપની સેવામાં રાખીએ છીએ. આપ અહીં જ રહો. એમ વારંવાર તેણે વિનંતી કરી. બાવાજી અને તેની પત્નીનો ભાવ જોઈને નીલકંઠ તેને ઘરે થોડા દિવસ રોકાયા. તેમની શ્રદ્ધા અને ભક્તિથી પ્રસન્ન થઈ તેમને તેમના હિતનો ઉપદેશ આપી પોતાના દિવ્ય સ્વરૂપનાં દર્શન તેમને કરાવ્યા.

**જાંબુવાનનું કલ્યાણ :** જયરામદાસને નીલકંઠમાં ખૂબ પ્રીતિ થઈ ગઈ હતી. દિવસ-રાત નીલકંઠની સેવામાં એ તત્પર રહેતો. સવાર-સાંજ નીલકંઠ જયરામદાસને શાસ્ત્રો ભણાવે અને યોગ શીખવે. નીલકંઠ માટે રોજ તે સરોવરમાંથી કમળ કાકડી તોડીને લાવતો. એક દિવસ નીલકંઠે તેને પૂછ્યું : જયરામ ! તું આ કમળ કાકડી રોજ ક્યાંથી લાવે છે ? જયરામદાસે કહ્યું : અહીં એક સરોવર છે. મારો મિત્ર કૃષ્ણ તંબોળી અને હું આ ફળ ત્યાંથી લઈ આવીએ છીએ. નીલકંઠ કહે, એમ ! મને તારું સરોવર બતાવીશ ? મારે તાજી કમળ કાકડી ખાવી છે. ચાલ આપણે સરોવરમાં ફરીશું, આનંદ કરીશું. જયરામદાસ ખુશ થઈ ગયો. તેણે હા પાડી. સાંજ પડી. સૂરજ પશ્ચિમમાં ઢળવા લાગ્યો. નીલકંઠ અને જયરામદાસ સરોવર કાંઠે પહોંચ્યા. કૃષ્ણ તંબોળીએ તરાપો તૈયાર રાખ્યો હતો. હળવેકથી ત્રણે તરાપા પર બેસી ગયા. જયરામદાસે તરાપો ચલાવવા માંડ્યો. સાંજનું ટાણું એટલે ઠંડો પવન વાય. તંબોળી વાતો કહેતો જાય અને ચાલતા તરાપામાંથી હાથ લાંબો કરે. પાણીમાંથી કમળ ખેંચીને કમળ કાકડી તોડી તોડીને નીલકંઠને જમાડતો જાય. તંબોળીએ આગળ ચલાવ્યું. વર્ણીરાજ ! દૂર ઝાડવા જોયા ? વિકરાળ પ્રાણીઓથી ભરપૂર વન છે. રાતે મારા ઘર સુધી વાઘની તાડ

અને સિંહની ગર્જના સંભળાય છે. ત્યાં કોઈથી ન જવાય. તંબોળી બોલતો ને નીલકંઠ સાંભળતા. થોડીવાર થઈ નીલકંઠ કહે, લાવો હલેસું, થોડીવાર હું તરાપો ચલાવું. એમ કહીં જયરામ પાસેથી હલેસું લઈ નીલકંઠ તરાપો ચલાવવા લાગ્યા. પવનની દિશા બદલાઈ. નીલકંઠે ઝડપ વધારી, તરાપો જાય ચાલ્યો. સરોવરના સામે કાંઠે કૃષ્ણ તંબોળી અને જયરામદાસના શ્વાસ અધ્ધર થવા લાગ્યા. તેમને થયું આ તો ઊપડ્યા આપણે વન તરફ !

થોડીવારમાં પહોંચ્યા સામે કાંઠે અને નીલકંઠ તો કૂદકો મારી કિનારા પર ઊતરી પડ્યા. જયરામે બૂમ મારી કહ્યું. નીલકંઠ ! હવે ત્યાં નથી જવું. તંબોળી કહે, વર્ણીરાજ, વનમાં જવાય તેવું નથી જંગલી પશુઓનો બહુ ભય છે. વળી સાંજનું ટાણું છે એટલે પશુઓ પણ અહીં સરોવર તરફ પાણી પીવા આવતા હશે. પરંતુ નીલકંઠે કાંઈ સાંભળ્યું નહિ. નીલકંઠની પાછળ ઇચ્છા ન હોવા છતાં જયરામદાસ અને કૃષ્ણ તંબોળી પણ ઊતર્યા. નીલકંઠ તો ચાલવા લાગ્યા. તંબોળી 'ના', 'ના' કહે તો પણ નીલકંઠ વનમાં આગળ ને આગળ ચાલતા જાય. જંગલી પશુઓની ત્રાડથી એ બંનેનાં હૈયાં ધબકતાં એવામાં દૂરથી ચિચિયારી સંભળાઈ. તંબોળી અને જયરામ તો થરથર ધ્રૂજવા લાગ્યાં. સૂકાં પાંદડાં ખખડ્યાં (અવાજ), પક્ષીઓ ડાળ પરથી ઊડી ગયા. બે વાંદરા છલાંગ મારતા ઝાડની ઊંચી ડાળીએ ચડી ગયા. સામેની ઝાડીમાં સળવળાટ થયો. એક કાળું ભયંકર રીંછ નીલકંઠ સામે દોડી આવ્યું.

'ની...લકંઠ' ! એમ બૂમ પાડતા તંબોળી અને જયરામ એક ઝાડ પર ચઢી ગયા. તેમની છાતી ધડકવા લાગી. કપાળે પરસેવો વળી ગયો. ગળે શોષ (તરસ) પડવા લાગ્યો. બંને જણ ઝાડ પર પૂતળાની જેમ સ્થિર થઈ ગયા. ન હાલે કે ન ચાલે. બંનેને થયું રીંછ નીલકંઠને ફાડી ખાશે.

ત્યાં તો નીલકંઠે રીંછ સામે દૃષ્ટિ કરી. રીંછ શાંત થઈ ગયું. બે પગે ઊભું થઈ નીલકંઠ પાસે આવ્યું. વાંકું વળી નમ્યું. રીંછની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં અને વર્ણીની મૂર્તિ અંતરમાં ધારી પ્રણામ અને પ્રદક્ષિણા કરીને રીંછ ઊભું રહ્યું. તેથી નીલકંઠ તેને આશીર્વાદ આપી કહ્યું. હવે જાઓ, રીંછ ફરીથી વર્ણીને પગે લાગીને ઝાડીમાં અદૃશ્ય થઈ ગયું.

નીલકંઠે તંબોળી અને જયરામને બૂમ પાડી. ધ્રૂજતાં ધ્રૂજતાં તંબોળી અને જયરામ ઝાડ પરથી નીચે ઊતર્યાં. હજુ મનમાં ફફડાટ નથી ગયો. નીલકંઠે કહ્યું. ચાલો ઘેર પાછા ત્રણે સરોવરને કાંઠે આવ્યા. તરાપા પર બેસી ગયા. જલદી

જલદી તરાપો હાંકવા માંડ્યા. જેરામે શ્રીહરિને પૂછ્યું કે, વર્ણીરાજ ! રીંછ તમારી પાસે આવીને કેમ શાંત થઈ ગયો ? શા માટે રોતો હતો? તે કોણ હતો ? તમને નમન કરીને કેમ ચાલ્યો ગયો. ત્યારે નીલકંઠે કહ્યું કે તે જાંબુવાનનો મિત્ર હતો. કૃષ્ણાવતારમાં તે મને મળ્યો હતો. પણ મારો મહિમા જાણ્યો નહિ તેથી પછી તેને પસ્તાવો થયો. એટલે આકાશવાણીએ તેને કહ્યું કે કળિયુગમાં ભગવાન ધર્મ-ભક્તિને ત્યાં છપૈયા ગામમાં પ્રગટ થશે ત્યારે તારું કલ્યાણ કરશે તેથી તેને દર્શન દેવા આવ્યા હતા. આજે તેનું કલ્યાણ થયું. આ રીંછ હવે આ દેહનો ત્યાગ કરી દેશે. મનુષ્યરૂપે સત્સંગમાં જન્મશે. તને પછી મારા સ્વરૂપનું જ્ઞાન થશે અને અમારો યોગ થશે અને અક્ષરધામને પામશે.

જયરામદાસને અને કૃષ્ણ તંબોડીને અત્યંત આશ્ચર્ય થયું. કિનારો આવ્યો. ત્રણેય કાંઠે ઊતર્યાં. તંબોડીને તેના ઘેર ઊતારીને વર્ણી તથા જયરામ બંને ઘરે આવતા હતા.

તેવામાં એક વાઘ રસ્તામાં આવીને બેઠો હતો તે જોઈને જયરામ કહે આ વાઘ જરૂર મને ખાઈ જશે માટે આ વડ ઉપર ચડી જાઉ. ત્યારે વર્ણીએ તેને ધીરજ દીધી ને વડ ઉપર ચડવા ન દીધો. પછી વર્ણીએ એ વાઘની સામે દૃષ્ટિ કરીને નિઃસ્તેજ બનાવી દીધો અને કહ્યું કે આ વાઘની આંખમાં આંગળી ઘાલી આવ ત્યારે જેરામ કહે એ વાઘ મને ખાઈ જાય. પછી વર્ણી બહુ વઢ્યા ને મોકલ્યો પણ ચાર પગલાં જઈને આઘે જઈને પાછા આવે એમ કરતાં બીતો બીતો જઈને તે વાઘની આંખમાં આંગળી ઘાલી આવ્યો. પછી મહારાજે કહ્યું હવે એના મોઢામાં હાથ ઘાલી આવ. ત્યારે કહે ના એ વાઘ મને ખાઈ જાય. પછી મહારાજે બહુ કહ્યું ત્યારે બીતો બીતો ગયો ને વાઘના મોઢામાં હાથ ઘાલી આવ્યો ત્યારે વર્ણીએ ફરી કહ્યું હવે તેના શરીર પર બધેય હાથ ફેરવી આવ. ત્યારે જેરામ તે વાઘ પાસે જઈને તેના શરીર ઉપર બધેય હાથ ફેરવી આવ્યો. એવી રીતે વર્ણીએ જયરામને ત્રણ વાર વાઘ પાસે મોકલ્યો અને તેનો ભય દૂર કર્યો. પછી વર્ણીએ સાન કરી એટલે તે વાઘ મહારાજને પગે લાગીને વનમાં ચાલ્યો ગયો.

પછી જયરામ અને નીલકંઠ વર્ણી વગેરે સહુ ઘરે આવ્યા. જયરામે અને તંબોળીએ પોતાના કુટુંબીજનોને રીંછના ચમત્કારની તથા વાઘના મોઢામાં હાથ ઘાલ્યાના ચમત્કારની વાત કરી. તેથી બંનેના પરિવારે આખા ગામમાં વાત કરી. એમ કરતાં આખા ગામમાં અને આસપાસના ગામોમાં વાત ફેલાઈ ગઈ. તેથી જયરામદાસને ત્યાં સવાર-સાંજ લોકોના ટોળેટોળાં નીલકંઠના દર્શન કરવા

આવતા દર્શન કરીને લોકો નીલકંઠને સાક્ષાત્ કૃષ્ણ ભગવાન છે. એમ માનવા લાગ્યા. જયરામ તથા તેના માતા-પિતાને નીલકંઠમાં ખૂબ સ્નેહ બંધાયો પરંતુ નિર્બંધ શ્રીહરિએ વિચાર્યું જે મારે હજારો જીવનો મોક્ષ કરવો છે. ને આનામાં હું બંધાઈ રહું તે ઠીક નહિ. પછી પોતે વહેલા ઉઠીને ચાલી નીકળ્યા. પછી જ્યારે સવારે જયરામ અને વર્ણીને ન જોયા ત્યારે તે તથા તેના માતા-પિતા ઘણાં જ દિલગીર થઈ ગયા. પછી જયરામને તેની માતાએ કહ્યું કે તું જલ્દી જા અને વર્ણીને શોધીને અહીં લાવ ત્યારે જ હું અન્ન ખાઈશ.

ત્યારે જયરામે નીલકંઠને ચારે બાજુ શોધ્યા પણ ક્યાંય મળ્યા નહિ. ત્યારે તેના પિતાએ કહ્યું કે હું તને ખર્ચી આપું તે લઈને તું વર્ણીને શોધવા જા. જયરામ વર્ણીને જગન્નાથપુરી તરફ શોધવા ચાલ્યો. જયરામ નીલકંઠને શોધવા ચાલ્યો ત્યારે રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાં તપાસ કરી તો તેને જાણવા મળ્યું કે તેઓ અહીં રાત રહ્યા હતા. ત્યાંથી જયરામ આગળ ચાલ્યો તો રસ્તામાં જ શ્રીહરિ ભેગા થયા. જયરામે પોતાના ઘરે પાછા લઈ જવા વર્ણીને ઘણો જ આગ્રહ કર્યો પણ વર્ણીએ પાછા આવવાની ના પાડી અને જયરામને કહ્યું કે તું પણ મારી સાથે જલદી ચાલ. પછી બીજી વાત કરીશ. જયરામને નીલકંઠ વર્ણીમાં ખૂબ સ્નેહ હોવાથી વર્ણીની ચાલે ચાલવા લાગ્યો પણ તે શરૂઆતમાં આનાકાની કરવા લાગ્યો. પછી બેઉ આગળ ચાલ્યા. નીલકંઠે જયરામને પોતાનો મુક્ત માની પોતાની સેવામાં રાખ્યો. આગળ ચાલતાં એક શિવ-મંદિર આવ્યું તેમાં રાત રહ્યા અને જયરામને સમાધિ કરાવીને અક્ષરધામ બતાવ્યું. તેથી જ જયરામે વર્ણીને ભગવાન માન્યા અને પ્રેમથી સેવા કરવા લાગ્યો. ત્યાંથી આગળ ચાલ્યાં ત્યાં સમુદ્રની ખાડી આવી. જયરામને નાવ ભાડે કરવા કહ્યું કે ભાવ પૂછવા રહ્યો ત્યાં તો શ્રીહરિ એકલા ચાલી નીકળ્યા. અને સામે કિનારે ગયા. ત્યાંથી મહા વિકટ વનમાં ચાલ્યા. મહાદુઃખ વેઠીને શ્રીહરિ ભુવનેશ્વરમાં આવ્યા. ભુવનેશ્વરમાં એકાંત સ્થાનમાં શિવ સદા નિવાસ કરે છે. આ સ્થાનને એકાગ્ર ક્ષેત્રથી શાંભવક્ષેત્ર કહે છે. આ ક્ષેત્રને ઉત્કલની વારાણસી તથા તીર્થવાસિની ગુપ્તકાશી કહેવામાં આવે છે.

આ સ્થાનમાં સદા શિવ નિવાસ કરીને રહે છે. ત્યાં વર્ણીરાજ આવ્યા. ત્યાં ભુવનેશ્વર મહાદેવના દર્શન કર્યાં. ત્યાંના પૂજારી મહાદેવની પૂજા કરીને ગયો. આવેલા તીર્થવાસીઓ દર્શન કરીને ગયા. ત્યાં વર્ણી પોતાના સ્વરૂપનું ધ્યાન કરતા હતા તે સમયે સ્વયં મહાદેવજીએ દેરામાંથી નીકળીને વર્ણીના દર્શન કર્યાં

પછી એકાંતમાં મહાદેવજી અને હરિની મુલાકાત થઈ. ત્યાં શિવજીએ સલાહ આપીને કહ્યું કે હે વર્ણીરાજ ! અત્યારે પૃથ્વી ઉપર અસુરોનો ભાર વધ્યો છે. વધારે અસુરોનો ભાર આસપાસના વિસ્તારોમાં થયો છે. તેમાંય જગન્નાથપુરીમાં વધારે છે. આ સમયમાં તેમને શોધવા માટે મહેનત નહીં કરવી પડે માટે કૃપા કરી જગન્નાથપુરીમાં પધારી પૃથ્વીનો ભાર હળવો કરો. આવી મહાદેવની વાણી સાંભળીને નીલકંઠ વર્ણીએ મહાદેવની વાણીને સ્વીકારી. નીલકંઠ વર્ણીએ આ સ્થળમાં રહેવાનો ખૂબ ઉત્સાહ હતો પણ વર્ણી ત્યાં ત્રણ-રાતનો વિસામો કરીને સાક્ષી ગોપાળમાં આવ્યા. ત્યાં સાક્ષી ગોપાળનાના દર્શન કરી ત્યાંથી જનકપુર આવ્યાં ત્યાં ગુડીયા મંદિરમાં રહીને અસુરોને મારવાનું કામ વિચારવા લાગ્યા. જનકપુરથી વર્ણીરાજ ઈન્દ્રધુમ્ન સરોવર તીરે આવ્યા. ત્યાં સુંદર નિર્મળ પાણી જોઈને તેના કિનારા ઉપર આંબલીના વૃક્ષ નીચે ઉતારો કર્યો. જગન્નાથપુરીના પ્રસિદ્ધ મંદિરથી જનકપુર લગભગ અડધો ગાઉ દૂર આવેલ છે.

## નીલકંઠ વર્ણી જગન્નાથપુરીમાં

જગન્નાથજીનું મંદિર પૂર્વદ્વારનું છે. જગન્નાથપુરી અતિ પવિત્ર તીર્થ છે. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણનું મોટું શિખરબંધ મંદિર બાંધેલું છે. જગન્નાથપુરીના મંદિરમાં શ્રીકૃષ્ણ સાથે બલરામ તથા સુભદ્રા બહેન બિરાજે છે. તેનાં દર્શન કર્યાં. નીલકંઠ પ્રભુ દરરોજ સમુદ્રમાં સ્નાન કરી જગન્નાથનાં દર્શન કરતા. શ્રીહરિ ત્યાં આવીને ગરુડ સ્તંભને ભેટ્યા. અને મનમાં ઘણો જ આનંદ લાવીને તેની પાસે બેસીને ધ્યાન કરતા. મંદિરમાં ત્રણ મૂર્તિઓ છે. પૂજારી રોજ નવા નવા શણગાર ધરાવતા તેના દર્શન કરીને શ્રીહરિ ધ્યાન કરતા. નાની ઉંમરના શ્રીહરિ પૂજારીને દિલથી ગમી ગયા. પૂજારી રોજ એક વખત જગન્નાથજીના થાળની પ્રસાદી વર્ણીને ખૂબ જ પ્રેમથી આપતા. શ્રીહરિની ઉંમર નાની છે. છતાં તેમની ઊંચી સ્થિતિ જોઈને પૂજારી તથા દર્શન કરવા આવતા. હજારો દર્શનાર્થીઓ શ્રીહરિની મૂર્તિમાં ખેંચાતા હતા. (અત્યંત ભાવ થયો.)

નીલકંઠ દરરોજ સમુદ્રમાં (સરોવર) સ્નાન કરીને મંદિરમાં દેવના દર્શન કરીને બહાર એક વડ નીચે ધ્યાન કરતા અને દર્શનાર્થીઓ દર્શન કરવા આવતા. યાત્રિકોને શ્રીહરિ દરેકને ઉપદેશ આપતા અને શ્રીહરિ મંદિરમાં ભાગવતની કથા સાંભળતા. ચંદન સરોવર પર જઈને યોગની ક્રિયા કરતા. તપ, યોગ, કથા, કીર્તનનું સેવન કરતા. તેમની આવી અદ્‌ભુત સ્થિતિ જોઈ લોકો આકર્ષાયા.

જગત સંબંધી વાત સાંભળતા જ નહિ. તેથી લોકો મન, કર્મ, વચને વર્ણીની પૂજા કરતા. અને કહેતા કે આ તો સાક્ષાત્ ભગવાન છે. ચૌદ લોકનું સુખ એમની નજરમાં નથી. એમની પાસે બેસવાથી મનના ઘાટ બંધ થઈ જાય છે. એવા પ્રતાપી એક મહાન બાલ બ્રહ્મચારી યોગેશ્વર પુરીમાં પધાર્યા છે. લોકોએ આ વાત રાજાને કરી.

રાજા મુમુક્ષુ જીવ હતો. તેથી પગે ચાલીને શ્રીહરિની પાસે આવી દંડવત્ પ્રણામ કરી કહેવા લાગ્યો કે આ ભૂમિનાં ધન ભાગ્ય છે કે તેને આપે આપને ચરણથી પવિત્ર કરી. રાજા નીલકંઠના દર્શનથી કૃતાર્થ થયો. રોજ રાજા નીલકંઠ વર્ણીના દર્શને આવે તેમનો ઉપદેશ સાંભળે અને આધ્યાત્મિક રહસ્યોને પામે. રાજાએ નીલકંઠની અલૌકિક શક્તિ જોઈને તેમને ગુરુ તરીકે સ્વીકારી લીધા ને રાજાએ કહ્યું કે હે વર્ણી ! આ મંદિર આપનું જ છે. એમ માની આપ કાયમ અહીંયા જ રહો. મારી દેવ સેવા કરેલી આજે સફળ થઈ. રાજાની વિનંતી સાંભળી શ્રીહરિ બોલ્યા કે અમે તો ચારે ધામ ફરવાનો નિયમ લીધેલ છે. રથયાત્રાનો દિવસ નજીકમાં છે. તેનો અહીંયા ઉત્સવ ભારે થાય છે. માટે તમો રથયાત્રા સુધી રોકાઈ જાઓ.

એવામાં જયરામ સમુદ્રની ખાડીને ઓળંગીને ચાલતો ચાલતો જગન્નાથપુરીમાં જગન્નાથજીના મંદિરમાં મહારાજ ભેળો થયો. બંન્ને જણ જગન્નાથપુરીમાં સાથે રહેવા લાગ્યા. ઈન્દ્ર ધુમ્ન સરોવર ઉપર નાગા બાવાઓ પણ અડ્ડાઓ જમાવીને પડ્યા હતા. આ બાવાઓ ભેખને નામે લોકોને ભરમાવતા. સ્ત્રીઓને ભ્રષ્ટ કરતા મદ્યના નશામાં ચકચૂર રહેતા શસ્ત્રોના પ્રયોગો કરતા અને અંદરો અંદર ઝઘડતા રહેતા. નીલકંઠ પ્રત્યેની રાજાની તથા યાત્રાએ આવતા યાત્રિકોની અને સ્થાનિક ભાવિકોની ભક્તિ જોઈને આ બાવાઓમાં ઈર્ષ્યાનો અગ્નિ સળગ્યો.

એવામાં રથયાત્રાનો ઉત્સવ આવ્યો. જગન્નાથપુરીમાં રથયાત્રા ઉત્સવનો મહિમા અનેરો છે. અહીંના ધાર્મિક રિવાજ મુજબ પ્રજા ભક્તિભાવ પૂર્વક ભગવાનને રથમાં પધરાવીને રથ ખેંચે ત્યારે રાજા પણ રથ ખેંચવામાં લાગી જાય. આ ઉત્સવમાં રથમાં શ્રીકૃષ્ણ, બળદેવજી અને સભુદ્રાજી એ ત્રણેય મૂર્તિઓને ત્રણ રથો ઉપર પધરાવી બધા મળીને રથને ખેંચતા. રથને ખેંચીને જનકપુર લઈ જાય છે. રથયાત્રાના ઉત્સવમાં રાજાએ શ્રીહરિને પણ એક રથમાં બિરાજમાન કરી ભગવાનના રથની સાથે જ રાખી સન્માન કર્યું. રાજા અને

પ્રજાએ ખૂબ ભક્તિભાવ પૂર્વક નીલકંઠના રથને ખેંચ્યો. બાવાઓમાં આ જોઈને વધુ દ્વેષ ભડક્યો.

રાજા તથા પ્રજા ભગવાનનો રથ તથા વર્ણીના રથને ખેંચીને જનકપુર લઈ ગયા. જગન્નાથજી ભગવાન તથા વર્ણી ત્રણ દિવસ રોજ સવારમાં સ્નાન કરતા. તે સરોવરના કિનારે અનેક વૈરાગીઓ બેઠા હતા. તેમાં એક સારા સંત એકાંતમાં બેસીને ગીતાજીના પાઠ કરતા. શ્રીહરિ તેમની પાસે ગયા. અને તે સંત પાસેથી ગીતાજીનું પુસ્તક લઈ પોતે એક શ્લોક વાંચી તેના દશ પ્રકારે અર્થ કર્યો. તેથી તે સંતને શ્રીહરિ ઉપર ભાવ થયો. એટલે તેમને કંઈ કામ બતાવતા નહિ પરંતુ બીજા અનેક પ્રકારના શાસ્ત્રો ધારીને બેઠા હતા. અને અનેક પ્રકારના વ્યસનો દૂરાચારો તથા કેફથી છકી જઈ આંધળા થયેલા હતા. તેથી સદ્‌ગુણી અને સાચા સંત જો ત્યાં કોઈ આવે તો તેમની પાસે પોતાના દરેક કામો કરાવતા અને દુઃખ દેતા. એવા એક ગરીબ સંતે દુઃખી થઈને શ્રીહરિ રાજાના ગુરુ છે. તે આપણને દુઃખ મુક્ત કરાવશે. એમ જાણી વિનંતી કરી હે પ્રભુ ! હું ગરીબ અભ્યાગત છું. વ્યસન માત્ર નો ત્યાગ કરીને ભગવાન ભજું છું. આ મદ ભરેલા શસ્ત્રબદ્ધ વૈરાગીઓ મને રોજ પજવે છે. તેમનાથી મારી રક્ષા કરો. આપ તો ભગવાન જેવા સમર્થ છો. મોટા મોટા રાજાઓ આપને નમે છે. આપ ધારો તો મારું દુઃખ એક પળમાં દૂર કરો તેમ છો.

આ વામપંથી વૈરાગીઓ સંતોનો વેશ ધારી વ્યભિચારાદિક અનેક પ્રકારના અધર્મમાં રચ્યાપચ્યા રહે છે. મંત્ર, જંત્ર, ભૂત-પ્રેતના ઉપાસક અને મૂર્તિમાન અધર્મ અને પાપરૂપ છે. તેનો કંઈક ઉપાય કરો તો મારા જેવા ગરીબોની સહાય થાય. તેનું દીનતા ભરેલું વચન સાંભળીને શ્રીહરિએ વિચાર કર્યો કે આ લોકોને રાજા પાસે શિક્ષા કરાવીએ તો પણ આ લોકો પાપથી પાછા પડે તેવા નથી. પરંતુ તેમનામાં પરસ્પર ભગવાનની ઇચ્છાથી જો ક્લેશ ઉત્પન્ન થાય તો તેમના પાપે જ વાંસના વનની પેઠે નાશ પામે અને કોઈને દોષ પણ ન લાગે એમ મનમાં સંકલ્પ કરી તે સંતને કહેવા લાગ્યા કે, અધર્મનું ફળ દુઃખ છે. તે વહેલું મોડું તમને મળ્યા વિના રહેશે નહિ. ઈશ્વરનું કાળચક્ર દરેકને નજરમાં રાખે છે. તેમનું પૂર્વનું પુણ્ય ખૂટતાં પાપનું ફળ અહીંયા જ મળશે. તમો ભગવાનને સંભારો અને ધીરજ રાખો. ભગવાન ધર્મપ્રિય છે. તે તમારી રક્ષા કરશે. ચાર ધામમાં બધે સ્થળે અધર્મ હોય નહિ. માટે ધર્મવાન લોકો જ્યાં રહેતા હોય ત્યાં રહેવું. છતાં કોઈ ગાળ દે. તાડન કરે તો સહન કરવું. સંતોએ કોઈનું બુરૂં ઇચ્છવું નહિ. પ્રહલાદ,

જડભરત, મયૂરધ્વજ આદિ રાજાઓએ ધીરજ રાખી તો ભગવાને તેમની રક્ષા કરી હતી. એમ કહીને નીલકંઠ વર્ણીએ તેને ધીરજ આપી.

પોતે ઈન્દ્રદ્યુમ્ન સરોવર ઉપર તપ કરવા લાગ્યા. દિવસે દિવસે લોકો વર્ણીને વધુને વધુ માનવા અને પૂજવા લાગ્યા. આથી અસુરોમાં વર્ણી પ્રત્યે ઈર્ષ્યાનો અગ્નિ સળગી ઊઠ્યો. એક દિવસ નીલકંઠ વર્ણી ઈન્દ્રદ્યુમ્નના સરોવરના કાંઠે નિત્ય કર્મ કરીને ધ્યાનમાં બેઠા હતા. ત્યારે એક બાવાએ તેમને જગાડ્યા અને કહ્યું. એય છોકરા ! અહીંથી લીલીભાજી તોડી લાવ. બાવાએ તો નીલકંઠને તાંદળજાની ભાજી તોડવાનું કહ્યું પણ વર્ણીનો જીવ જ ન ચાલે. બાવાએ ફરીથી તાડુકીને કહ્યું તાંદળજાની લીલી ભાજી તોડો, ત્યારે નીલકંઠે કહ્યું. એમાં તો જીવ છે. તેથી અમે નહિ તોડીએ આ સાંભળી બાવો ગુસ્સે થયો ને તાડુક્યો. તલવાર કાઢી નીલકંઠને મારવા ધસી આવ્યો. તોય વર્ણી ડગ્યા નહિ. તે તો શાંત અને સ્થિર બેઠા રહ્યા. તે વખતે જયરામ નીલકંઠની સેવામાં હતો. તેણે ગભરાઈને બૂમરાણ કરી મૂકી. આ કોલાહલથી બીજા બાવાઓ દોડીને આવ્યા. તે બાવાઓને નીલકંઠ પ્રત્યે તેમને ભાવ હતો. તેઓ વર્ણીને બચાવવા સામા પડ્યા. બાવાઓના અંદરોઅંદર બે જૂથ પડી ગયા અને સામસામા યુદ્ધે ચડ્યા. રણશીંગા ફુંકાયાં, ઢોલ,ત્રાંસા ગગડ્યા સૌ અંદરોઅંદર મારવા લાગ્યા. રમખાણ મચી ગયું.

જયરામદાસ દોડતો દોડતો પૂરીમાં પહોંચ્યો અને બોલવા લાગ્યો બચાઓ... બચાઓ... નીલકંઠનો જાન જોખમમાં છે. રાજાને જાણ થઈ એટલે તરત જ પોતાના શસ્ત્રધારી સિપાઈઓને રવાના કર્યાં. આગળ જયરામદાસ અને પાછળ રાજા અને તેનું લશ્કર. રાજાના આદેશથી લશ્કર બાવાઓ ઉપર તૂટી પડ્યું ઘોર યુદ્ધના ધમાસણમાં બાવાઓનાં ધડ, મસ્તક વિનાના થઈ પડવા લાગ્યા. આસુરી બાવાઓનો વિનાશ થયો અને બીજા બાવાઓ બચ્યા તે ભાગી ગયા. આ લડાઈ બે માસ થોડી થોડી ચાલતી રહી હતી. આ લડાઈમાં આશરે દસ હજાર વૈરાગી બાવાઓ મરાયા હતા. અને કેટલાક ઘાયલ થયા હતા. જગન્નાથપુરીમાં અસુરો મરાયા હતા.

આ લડાઈમાં જેને શ્રહરિ ઉપર ભાવ હતો તે મરીને ધામમાં ગયા. બીજા ધર્મના દ્વેષી હતા તે યમપુરીમાં ગયા. અધર્મી વૈરાગીઓનાં પાપથી અત્યાચારથી જે જનોને અનેક પ્રકારના દુઃખો સહન કરવા પડતાં હતાં તે સૌ સુખી અને રાજી થયા. પૃથ્વનો પણ ભાર ઓછો થયો.

શ્રી નીલકંઠવર્ણીએ સંકલ્પ માત્રથી આ રીતે અસુરોનો સંહાર કરાવ્યો. તે દરમિયાન દેવીજીવોને ધર્મનો ઉપદેશ આપતા થકા ઈન્દ્રદ્યુમ્ન સરોવરના કાંઠા ઉપર રહેલા ઈન્દ્રદ્યુમ્ન રાજાના મંદિરમાં રહ્યા હતા. પોતાની પાસે જેરામદાસ નામે એક જ સેવક હતો. તેને વર્ણીએ ભવિષ્યની એક વાત કહી કે આ સરોવરના કિનારે સુવ્રત નામના મોટા ઋષિ આવશે તે સમયે પ્રતાપસિંહ નામના રાજા અહીં તીર્થ કરવા આવશે. તે સમયે તે ઋષિ અને ભાડેરના રાજાનો અહીં મેળાપ થશે અને સર્વાવતારી પ્રગટ ભગવાન એવો જે હું તે મારાં ચરિત્રોની કથાનો આરંભ થશે. તે કથારૂપી સત્સંગિજીવન નામનું મોટું શાસ્ત્ર થશે તે શાસ્ત્ર મારા પ્રવર્તાવેલા ઉદ્ધવ (સ્વામિનારાયણ) સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ બનશે. અને તેનું મહત્વ મનાશે. આ પ્રમાણે શ્રીહરિએ જેરામને ભવિષ્યની વાત કરી હતી.

શ્રી નીલકંઠ વર્ણી જગન્નાથપુરીમાં હતા તે દરમિયાન ત્યાંના પૂજારીઓનો ભક્તિભાવ તથા છળકપટ જોવા માટે એક સ્વરૂપે બહાર બ્રહ્મચારી રૂપે રહ્યા અને બીજા સ્વરૂપે જગન્નાથજીની મૂર્તિમાં પ્રવેશ કરીને રહ્યા હતા. અને પૂજારીઓ સેવા, થાળ, વગેરે કેવી રીતે અને કેવા ભાવથી કરે છે તે બધુ જોતા. આવી રીતે અનેક પ્રકારનાં ચરિત્રો તથા લીલાઓ કરતા વર્ણી જગન્નાથપુરીમાં દશ મહિના રહ્યા હતા.

જગન્નાથપુરી સાતપુરીમાં અતિ પવિત્ર તીર્થ છે. જગન્નાથજીનું મંદિર પૂર્વદ્વારનું છે. તે મંદિર પથ્થરથી બનેલું છે. તેનું શિખર ૧૨૧ ફૂટ ઊંચું છે. તે શિખર ઉપર મોટો સુવર્ણ (સોનાનો) કળશ શોભે છે. તે શિખર ઉપર કેસરી જરિયાની ધજા ફરકે છે. તે મંદિરના સિંહાસનમાં ત્રણ કાષ્ઠમાંથી બનાવેલી મૂર્તિઓ જગન્નાથજી (શ્રીકૃષ્ણ), બળદેવજી અને તેમના બહેન સુભદ્રાજી બિરાજમાન છે. તે મંદિરના મંડપની અંદરના ભાગમાં ગરુડ સ્તંભ છે. શ્રીહરિ ત્યાં આવીને ગરુડ સ્તંભને ભેટ્યા અને મનમાં ઘણો જ આનંદ લાવીને તેની પાસે આસન કરીને મંદિરની અંદર ભાગવતનું પારાયણ ચાલતું તે એકચિત્ત થઈને સાંભળતા અને ધ્યાન પણ કરતા. તે મંદિરના પૂજારી ત્રણ મૂર્તિઓને રોજ નવા નવા શણગાર ધરાવતા તેના દર્શન કરીને શ્રીહરિ ધ્યાન કરતા. નાની ઉંમરના શ્રીહરિની ધ્યાન કરવાની રીત જોઈને શ્રીહરિ ઉપર ખૂબ ભાવ થયો. પૂજારી રોજ એક વખત જગન્નાથજીના થાળની પ્રસાદી વર્ણીને ખૂબ જ પ્રેમથી આપતા. શ્રીહરિ ત્યાં છ માસ સુધી રહ્યા. અને નગરજનોને સુખ આપ્યું. શ્રીહરિ અંતરના હરખથી નિત્ય મહાસાગરમાં (ઈન્દ્રદ્યુમ્ન) સ્નાન કરવા જતા. મંદિરનો મુખ્ય

દરવાજો (સિંહદ્વાર) ઘણો મોટો છે. સુખકારી શ્રીહરિ ત્યાંથી જ રોજ આવતા જતા રહેતાં. પૂર્વ દિશામાં જે દરવાજો છે તે પણ ઘણો સુશોભિત છે. તેની પાસે ઘણો ફેલાયેલો એક મોટો વડ હતો. ત્યાં પણ જઈને શ્રીહરિ બેસતા હતા. સહુ દર્શનાર્થીઓને ઉપદેશ આપતા. મંદિરમાં મંગળમય વાજિંતો અખંડ વાગતા રહે છે. ગાયક ભક્તજનો શ્રીકૃષ્ણ ચરિત્રના અજોડ પદોનું ગાન કરતા હોય છે. તેમજ ચરિત્રોને અનુરૂપ અષ્ટપદીઓ પણ ગવાતી હોય છે. નિરંતર શ્રીમદ્ ભાગવત વંચાતું હોય તેને શ્રીહરિ સાંભળતા. બીજી કોઈ પ્રવૃત્તિ નિમિત્તે ક્યાંય જતા આવતા નહિ. દિવસમાં બે વાર સ્નાન કરવા જતા હતા.

નિત્ય યોગની ક્રિયાઓને કરવા માટે શ્રીહરિ ચંદન તલાવડી જતા તેમના સુંદર કોમલ ચરણોને જોઈને ભક્તોના મન લલચાઈ જતા. શ્રીહરિ એ છ માસ પર્યંત અયાચક વૃત્તિનું વ્રત રાખ્યું હતું. વાયુ ભક્ષણ કરીને દિવસ ગાળતા. તપ કરવામાં ધ્યાનમાં અને યોગની ક્રિયાઓમાં બહુ ભાવ રહેતો. કથા અને કીર્તનોને સાંભળવાની ચાહના રહેતી. જગતના વ્યવહારની વાતોને ન કહેતા કે ન સાંભળતા. મનમાં ભગવાન સિવાયનો બીજા સંકલ્પ પણ થવા દેતા નહિ. ભગવાન સિવાય બીજું વેણ મુખથી બોલતા નહિ. શ્રીહરિએ એવો યોગ અભ્યાસ કર્યો હતો કે ચાલતા બેસતા નેત્રની વૃત્તિને નાસિકાના અગ્રભાગ ઉપર રાખતા. દસ ઈંદ્રિયો અને અંતઃકરણની ચૌદ વૃત્તિને એક કરીને તેને નાસિકાના અગ્રભાગ ઉપર શ્રીહરિ રાખતા. મોટા યોગીઓ જ્યારે શ્રીહરિની આ રીતને દેખતા ત્યારે તેમને શ્રીહરિના ઉપર ઘણો જ પ્રેમ થતો હતો. તે યોગીઓ શ્રીહરિને મન, કર્મ અને વચનથી પૂજતા ને વર્ણીને માટે કહેતા કે આ યોગી છે. તેજ ભગવાનનું રૂપ છે. તેના વિના આવી કોઈ વૃત્તિ કરી શકે નહિ કે જે વર્ણી બાહ્ય સંસારનું કે પોતાના દેહનું પણ અનુસંધાન રાખતા નથી. એમની આંખોમાં કોઈ પણ જાતનો વિકાર નથી. એમ બધી રીતે વિચાર કરીને લોકો કહેતા હતા. એમની પાસે જઈને જો બેસીએ છીએ તો મનના બધા ઘાટ સંકલ્પ નાશ પામતા. આ વર્ણીમાં એવો તો મહાન પ્રતાપ છે કે દર્શન કરનારાના બધા પાપોને હરી લે છે. પુરીના લોકોએ ત્યાંના રાજાને વાત કરી કે આપણી પુરીમાં પ્રતાપી એક મહાન બાલ બ્રહ્મચારી યોગેશ્વર પધાર્યા છે. તે સાંભળીને ત્યાંના અપાર બુદ્ધિમાન રાજા પગે ચાલીને તે સમયે જ શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિને વારંવાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને બોલ્યા કે આ ભૂમિના પણ ધન્ય ભાગ્ય છે કે આપ અમારે ઘેર પધાર્યા છો. વિનયપૂર્વક રાજાએ કહ્યું કે હવે આપ અહીંયા જ રહો.

હે હરિ ! આ મંદિર આપનું પોતાનું જ છે. એમ માનીને મંદિરમાં રહો આજ સુધી આપના સમાન કોઈ અહીં આવ્યા નથી. આજે મારી દેવ સેવા સફળ થઈ છે. યોગીઓ અનંત છે, પણ તેમાં સહુથી અધિક આપ તે સહુનું કારણ છો. જગન્નાથપુરીના રાજાએ વારંવાર વિનયપૂર્વક આગ્રહ કર્યો ત્યારે શ્રીહરિ હૃદયમાં વિચાર કરીને બોલ્યા. મેં ચારધામની યાત્રા કરવાનો નિયમ લીધો છે. તેમ કહો છો તે રીતે તો હું અહીંયા છ માસ અને છ દિવસથી તો રહ્યો છું. ત્યારે રાજાએ કહ્યું આવતીકાલે જ અષાઢ સુદી બીજ છે. ત્યારે અહીંયા ઘણો જ મોટો ઉત્સવ થાય છે. આપ રથયાત્રામાં સાથે ચાલે તો ઉત્સવ ઘણો સારો થાય અને સહુનો ઉત્સાહ ઘણો જ વધતો રહે. મારું સૈન્ય પણ ઉત્સવમાં સાથે હશે. હાથી, ઘોડા, રથ અને મેના વગેરે પુષ્કળ વાહનો સારી રીતે સજી શણગારીને લાવશું. તેમાં આપની સેવા રુચિ હોય, તે મને પોતાનો દાસ જાણીને કહેજો. જેટલા મારી પાસે વાહન છે તે બધાં હું આપને અર્પણ કરી દઉં છું. મને પોતાનો જાણીને તેને સ્વીકારજો. આપની દૃષ્ટિ જેના ઉપર પડશે. તેનો ઉદ્ધાર થઈ જશે. હે દેવ! બધાનો તુરંત જ ઉદ્ધાર થઈ જાય. આવા આશયથી હું કહું છું. આવો સુયોગ ફરીને ક્યારે આવશે ?

આપનો એક પળવારનો જોગ અનંત જન્મોના કર્મોથી છોડાવે છે. આપના મનમાં તો કોઈ એવી ઇચ્છા ન હોય છતાં હું તો આપની સેવાનો અમને લાભ મળે એટલા માટે કહું છું. આખું જગત આપનું જ કરેલું છે. અમારા આવા સાધનો તો આપની નજરમાં એ આવે નહિ. આપ સર્વ જગતના કર્તા અને અકર્તા બંન્ને છો. ભરણ-પોષણ કરનારા પણ આપજ છો. છતાં આપના મનમાં લેશમાત્ર પણ ગર્વ નથી. આપ માત્ર તપ કરો છો અને સદ્ઉપદેશ આપો છો. આપ જે સમયે જે ચરિત્ર કરો છો તે પણ અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે જ કરો છો. આપને માટે તો બીજી કોઈ વાત જ નથી મેં બધુ જાણી લીધું છે. મારે અંતઃકરણ જે કહે છે. તેટલું જ હું અત્યારે બોલું છું. આપ તો નાના બાલસ્વરૂપ છો છતાં પણ સહુથી મહાન અને અજોડ છો. (કનોજના બે ભાઈઓને દીક્ષા આપીને (૧) કૃપાનંદ (૨) વીર ભદ્રાનંદ).

આપ તો પોતાના કલ્યાણકારી ગુણોથી અનંત બ્રહ્માંડોને શોભાડો છો. અત્યારે આપ આ મંદિરમાં છુપાઈને બેઠા છો પણ અનંત બ્રહ્માંડો આપનાથી જ પ્રકાશિત છે. આપ નાના એવા યોગી બન્યા છો. ખુલ્લા ચરણે ચાલો છો. ક્યારેક અન્ન જમો છો અને નથી પણ જમતા. તે બધું જગતના જીવોના ઉદ્ધાર માટે કરો

છો આપ સર્વ જગતનું મૂળ કારણ છો. ચિંતામણિ ભલે અણુ સરખો નાનો હોય અને દેખ્યામાં પણ ન આવતો હોય પણ તેમાં ગુણો અનંત રહ્યા છે. મોટા ગુણોને લીધે જ મોટપ પમાય છે. પ્રકૃતિ, પુરુષ અને અક્ષર ઈત્યાદિ ધામ, એ બધા ઘણા જ મહાન છે. મોટા છે પણ આપ તો તે સહુનું કારણ છો. અલ્પ જીવ કદાચ આપનો અપરાધ કરે પણ તેને આપ અપરાધ ગણતા નથી. કારણ કે વેદો પણ આપને નિત્ય નેતિ નેતિ કહીન આપના ગુણોને ગાય છે. આપના ઐશ્વર્ય અનંત છે. ભગ જેવા શબ્દોથી ઘણા મોટા કહેવાય છે. તે બધા ઐશ્વર્યો ને આપ છુપાવી રાખો છો. તે જ આપની મોટી યોગકલા છે. દેખાવમાં તો ઘણા મોટા કહેવાતા યોગીઓ કે ભોગીઓ નિત્ય નીરોગી રહેવાને માટે જપ અને તપ કરતા રહે છે. પણ તેઓ ભગવાનને રાજી કરવા કાંઈ જ કરતા નથી. ભલે તેઓ દેવ હોય કે મનુષ્ય હોય. પોતે ભોગોને ભોગવવા માટે મોટા મોટા યોગીઓ તપ કરતા રહે છે. (પણ બધા એવા નથી.) નારદ, સનકાદિકો, કપિલ, દત્તાત્રેય અને ભરત એ બધા ભગવાનને રાજી કરવા માટે જ તેમની બધી ક્રિયાઓ હોય છે. પોતાને માટે તો તેઓ કાંઈ જ કરતા નથી. આપ તો તેમના કરતા પણ બળવાન લાગો છો. અનંત જીવોનું કલ્યાણ કરવા પ્રકટ્યા છો. આ બાબતને બધા લોકો જાણી શકતા નથી. જેના ઉપર આપની કૃપા હોય તેઓ જ જાણી શકે છે. જેના ઉપર આપની કૃપા થાય છે. તેનું અંતઃકરણ એકદમ શુદ્ધ થઈ જાય છે. આપ મારો ઉદ્ધાર કરવા માટે જ પધાર્યા છો. તેમાં બીજું કોઈ કારણ રહ્યું લાગતું નથી. આપ જેમ કહેશો તેમ હું કરીશ. તેમાં એક ડગલું પણ પાછો પડીશ નહિ. જે કહેવું હોય તે આપ તત્કાળ કહો. આવો અવસર ફરી નહિ મળે. ગયેલો સમય ફરીવાર આવતો નથી ભલે તે અનંત જન્મ સુધી ખુવાર થાય.

શ્રીહરિએ રાજાની પરીક્ષા લીધી. પછી તેને શરણે લઈને શિષ્ય કર્યો. શ્રીકૃષ્ણ ભગવાનનો અષ્ટાક્ષર મંત્ર આપ્યો. કારણ કે તેના આત્માનો ઉદ્ધાર કરવાનો હતો. રાજાને ધ્યાનમાં બેસાડ્યો અને અંતદૃષ્ટિ કરાવી ત્યારે આખું બ્રહ્માંડ ભરાઈ જાય તેવો પ્રકાશ તેને જણાયો. હૃદયમાં અમાપ સુખ થયું અત્યંત આનંદ આનંદ થઈ રહ્યો. માનો ભગવાન જગન્નાથ જ તેને મળવા આવ્યા હોય.

રાજા ધ્યાનમાંથી ઊઠ્યા અને તુરંત બોલ્યા. આપ જગતના આધાર ભગવાન છો. ધન્ય છે, મેં ધ્યાન-સમાધિમાંથી જોયું તે બધું એક જ છે. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે જે તમને અનુભવ થયો છે તે બધાને કહેતા ફરશો નહિ. જીવ એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે. તે વિવેકથી દઢપણે સમજી રાખજો. પોતે

સંસાર સાગર તરી ગયા તો બધું જગત તરી ગયું છે. તે પછી પોતાને માટે બાકી બીજું કોણ રહ્યું ? જીવ જ્યારે જન્મે છે ત્યારે કર્મ અને વાસનામય જગતને સાથે જ લઈને જન્મે છે. જ્યારે મરણ થાય છે. ત્યારે પણ તે કર્મ અને વાસનામય જગત સાથે જ જાય છે. આવું સમજીને સત્સંગ કરવો. તે સત્સંગથી બુદ્ધિ અભંગ - એક સરખી અતૂટ રહે છે. રાજા વાસણ વિના (તૂટલામાં) પાણી ન રહે. ફૂટેલા પાત્રમાંથી તો બધુ જ પાણી જતું રહે છે. જેવો અધિકારી જીવ, તેવી વાત ન કરવામાં આવે તો સમજાતું નથી. જે પાકો વૈદ્ય હોય છે તે રોગને જોઈને ઔષધ આપે છે. બધા રોગીને માટે એક જ ઔષધ ન હોય તેમ સમજણમાં પણ છે. બ્રહ્મવિદ્યા અનેક પ્રકારની છે. એટલા માટે જેને જ્ઞાન હોય છે. તેને નેત્રવાળો કહ્યો છે. રાજાએ સત્સંગ કર્યો ત્યારે તેમાં શુદ્ધ વિવેક આવ્યો. જેટલા પાખંડી ગુરુઓ હતા તે બધા દેખાવમાં તો એક સરખા લાગતા હતા. પછી સત્સંગથી તે પાખંડી ગુરુઓનો અભાવ આવ્યો. ભાવ ન હોય તો ખાવા ન દે. એકવાર ભોજન થાય તેટલું સદાવ્રત દઈને બધા પાખંડી ગુરુઓને વળાવી દીધા - રજા આપી. પછી જે હજારો હજાર વૈરાગીઓ હતા તે બધા ભૂખે મરવા લાગ્યા. પછી તે બધા મળીને ઈન્દ્રદ્યુમ્ન સરોવરે આવ્યા અને ત્યાં જ સહુએ પડાવ નાખ્યો.

બીજે દિવસે રથયાત્રાનો ઉત્સવ આવ્યો. ત્રણ રથ તેમાં શ્રી જગન્નાથજી (શ્રીકૃષ્ણજી) શ્રી બળદેવજી અને દેવી સુભદ્રા ત્રણને પધરાવ્યા. રાજાએ વર્ણીની પૂજા કરી અને તેમને આગળના રથ ઉપર બેસાડ્યા જે રથને સ્વયં ખેંચતા હતા. અનંત ભક્ત ઉત્સાહ યુક્ત અતિ પ્રસન્ન મનથી રથને ખેંચવા લાગ્યા. તે સમયે અપાર વાજિંત વાગતા રાજાએ અનેક શસ્ત્રોથી સજ્જ કરાવેલી સેના બધી આવી. બધા નિયમ પ્રમાણે ખેંચીને રથને જનકપુર લઈ ગયા. જગન્નાથજી ભગવાન તથા વર્ણી ત્રણ દિવસ જનકપુરમાં રહ્યા. ત્યાંથી રથ પાછા આવ્યા ત્યારે રાજાએ વર્ણીને પોતાના મહેલમાં રહેવા માટે ખૂબ આગ્રહ કર્યો ત્યારે વર્ણીએ ના કહી. ત્યારે રાજા વર્ણીને ઈન્દ્રદ્યુમ્નના મંદિરમાં રહેવા માટે વ્યવસ્થા કરી.

જ્યારે વર્ણી જગન્નાથજીના મંદિરમાં રહેતા ત્યારે કનોજ ગામના બે બ્રાહ્મણ ભાઈઓ ભગવાન મેળવવાની આશા એ જગન્નાથપુરીમાં આવ્યા. આ બંન્ને ભાઈઓની ભક્તિ સારી હતી. જગન્નાથજીના મંદિરમાં ભગવાન સંબંધી કોઈ પણ કાર્ય ખરા દિલથી કરતા અને જગન્નાથજીના દર્શન કરતા. આ બંન્ને ભાઈઓ મુમુક્ષુ જીવો હતા. વર્ણીએ તેમને જોઈને ઓળખી ગયા હતા. વર્ણીને થયું કે આ મુમુક્ષુ જીવોને મારી ઓળખાણ આપીને હું મારી સાથે ક્યાં સાચવું.

સમય આવશે ત્યારે મારી ઓળખાણ કરાવીશ. પછી પ્રભુએ બંન્ને ભાઈઓ ઉપર કૃપાદૃષ્ટિ કરી બંન્ને ભાઈઓ ઘણો સમય જગન્નાથજીના મંદિરમાં રોકાયા પણ ભગવાનનો મેળાપ થયો નહિ. એટલે બંન્ને ભાઈઓ ત્યાંથી દ્વારકા જવા નીકળ્યા. દ્વારકાથી દર્શન કરીને પાછા આવતા ભુજમાં મહારાજ હતા. તે સમયે આ બંન્ને ભાઈઓ મહારાજના દર્શન કરવા આવ્યા. ત્યારે બંન્ને ભાઈઓને મહારાજે બે દિવસ રોકાઈ જવાનું કહ્યું તેથી બે દિવસ રોકાયા. શ્રીજી મહારાજ સદાવ્રતમાં રોજ પીરસતા હતા તેમાં આ બંન્ને ભાઈઓ પણ રોજ પીરસતા. પછી મહારાજે બંન્ને ભાઈઓને કહ્યું કે તમે અમને ઓળખો છો ? ત્યારે બંન્ને ભાઈઓ ના કહી ત્યારે મહારાજે કહ્યું કે તમે બંન્ને જણા જગન્નાથપુરીમાં ભગવાનને મેળવવા આવ્યા હતા. ત્યારે તેમને યાદ આવ્યું કે હા એ વખતે નીલકંઠ બ્રહ્મચારી હતા ત્યારે મહારાજે કહ્યું એ જ નીલકંઠ બ્રહ્મચારી અમે સ્વામિનારાયણ ભગવાન છીએ ત્યારે બંન્ને ભાઈઓ આંખમાં આંસુ લાવીને મહારાજને કહ્યું કે એ વખતે અમને કેમ ઓળખાણ કરાવી નહિ ત્યારે મહારાજે કહ્યું કે સમય આવે ત્યારે ઓળખાણ કરાવીએ પછી મહારાજે બંન્ને ભાઈઓને સમાધિ કરાવીને અક્ષરધામના દર્શન કરાવ્યા અને પુરુષોત્તમ નારાયણ એટલે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થયાં. પછી મહારાજે બંન્ને ભાઈઓને દીક્ષા આપીને એકનું નામ કૃપાનંદ સ્વામી રાખ્યું અને બીજાનું નામ વીરભદ્રાનંદ સ્વામી રાખ્યું.

શ્રીહરિ ઈન્દ્રદ્યુમ્ન સરોવર રહેતા અને ધ્યાન કરતા. એક દિવસ અધર્મી બાવાએ મહારાજને મારવાનો પ્રયત્ન કર્યો ત્યારે શ્રીહરિના સંકલ્પમાત્રથી એક ધર્મ સંબંધી અને બીજુ અધર્મી ટોળાઓ અંદરો અંદર લડવા લાગ્યા. આમ બે મહિના સુધી યુદ્ધ ચાલ્યું તેમાં દશ હજાર અસુરોનો નાશ થયો અને બાકીનાં ત્યાંથી નાસી છૂટા. શ્રીહરિ જગન્નાથજી પુરીમાં દસ મહિના રોકાયા અને ત્યાંથી શ્રીહરિ અને જયરામ બંન્ને સાથે આગળ ચાલ્યા. જગન્નાથપુરીમાંથી નાશી છૂટેલા અસુરો બીજે જઈને ત્યાંના અસુરોને વાત કરી જે જગન્નાથપુરીમાં આપણા ઘણા અસુર ભાઈઓનો કચ્ચર ઘાણ નીકળી ગયો ત્યારે તેઓએ પૂછ્યું જે, શાથી કજીયો થયો? ત્યારે કહે, એક નાના બ્રહ્મચારી આવ્યા હતા. તેને આખું ગામ ભગવાન જેવા માનતું ને બહુ સમર્થ અને ચમત્કારી હતા. તેના શરીર ઉપર તેજના અંબાર જેવો પ્રકાશ હતો. ત્યારે બીજા અસુરો કહે છે તેનો દેખાવ કેવો હતો ત્યારે કહે છે. બટુક બ્રહ્મચારી જેવો તેનો વેશ હતો. તેના માથા ઉપર જટા હતી. તેનું મુખ ચંદ્રમાના જેવું ગોળ હતું. ગળામાં શાલિગ્રામનો બટવો હતો તેના

ખભા ઉપર મૃગચર્મ હતું અને ડાબા હાથમાં કમડલું અને પલાશ અને પલાશની સાથે સત્‌શાસ્ત્રનો ગુટકો બાંધેલો હતો. જમણા હાથમાં માળા હતી. કોપીન ધારણ કર્યું હતું તેના ઉપર એક નાનું વસ્ત્ર ધારણ કર્યું હતું. તેનું શરીર એકદમ પાતળું અને હાડકાં દેખાતા હતા અને તેના ચરણ ઉઘાડા હતા અને તેની ચાલ પણ હાથીના જેવી હતી.

અને બીજાના અંતરનું કહી દેતા ને સ્ત્રી, ધનમાં લોભાતા નહોતા. તે સાંભળીને કહે આપણને એ બ્રહ્મચારી જ્યાં મળે ત્યાં મારવો. એવું બધા અસુરોએ મનસુબો કરી રાખ્યો તે મહારાજ તો અંતર્યામીપણે સઘળું જાણતા હતા.

શ્રીહરિ અને જયરામ જગન્નાથપુરીમાંથી ચાલતા થયા. હવે શ્રીહરિએ દક્ષિણ ભારતની યાત્રા કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. શ્રીહરિ વનમાં ફરતા ફરતા આદિકૂર્મ નામના તીર્થમાં આવ્યા. શ્રીહરિ કાકુલમ શહેરમાં આવ્યા. તેને કૃમાચલ પણ કહે છે. ત્યાં પ્રાચીન આદિકૂર્મ (કૃમાચલ)ની મૂર્તિ, ગોવિંદાનંદ, શ્રીદેવી વગેરે મૂર્તિઓના દર્શન કરી ત્યાંથી આગળ ચાલ્યા તો રસ્તામાં ગોદાવરી અને કૃષ્ણા નદી આવી તેમાં સ્નાન કરી બેઉ નદીને પાવન કરી આદિકૂર્મમાં પન્નાડમાં પ્રન્ના નરસિંહ ભગવાનનું મંદિર છે. તે મંદિરમાં ૪૩૫ પગાથિયાં છે. શ્રીહરિ ૪૩૫ પગથિયા ચડીને પન્નાડનરસિંહ ભગવાનનાં દર્શન કર્યાં. અહીયાં ભગવાન નરસિંહ હિરણ્યકશિપુને મારીને અહીં બિરાજમાન થયા ત્યારે તેમને શાંત કરવા શરબત આપવામાં આવેલો. ત્યાં અત્યારે પણ પન્નાડ નરસિંહ ભગવાનને શંખમાં શરબત ભરીને પાવામાં આવે અને તેના પ્રસાદ માટે શરબત આપવામાં આવે છે. ત્યાંથી શ્રીહરિ અને જયરામ બંન્ને માનસપુરમાં આવ્યા.

## માનસપુર : (સત્રધર્મા રાજા)

શ્રી નીલકંઠવર્ણી જયરામને સાથે લઈને ચાલ્યા ફરતાં ફરતાં માનસપુર નામના નગરમાં આવ્યા. માનસપુર બહાર એક વૃક્ષ નીચે એક વૈરાગીઓનું ટોળું જોયું. તે ટોળાને જોઈને નીલકંઠના મનમાં થયું કે આ નક્કી જગન્નાથપુરીમાંથી બચી ગયેલા આ વૈરાગીનું ટોળું છે. તેથી નીલકંઠ વર્ણી આ નગરની બહારના ભાગમાં એક બગીચો હતો. તે બગીચાના માળીની રજા લઈને બગીચામાં ઊતર્યા. બગીચાના માળીને નીલકંઠના દર્શનથી તેના દિલમાં શાંતિ થઈ અને નીલકંઠ પ્રત્યે ખૂબ ભાવ જાગ્યો. માળી રોજ સવાર-સાંજ ફૂલોની માળા ગૂંથીને

નીલકંઠને પહેરાવતો અને તાજા ફળો અને કંદમૂળો ધરાવતો. માળીએ સત્રધર્મા રાજાને નીલકંઠ વર્ણીનો મહિમા કહ્યો.

અહીંનો રાજા સતધર્મા ધાર્મિક અને પવિત્ર વિચારનો હતો. તેને ઘણાં અન્નક્ષેત્રો બંધાવ્યા હતા. અને ઘણા ભાવથી દરેક અભ્યાગતને જમાડતો. માળીએ નીલકંઠનો મહિમા રાજાને કહ્યો તેથી રાજા નીલકંઠના દર્શને આવ્યો. રાજાને નીલકંઠના દર્શનથી પરમ શાંતિ થઈ. રાજાને વર્ણીના દર્શન કરવાથી તેની વૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં ચોંટી ગઈ અને વર્ણીને મોટા તપસ્વી જાણી રાજાએ પાસે જઈ ભાવથી નમસ્કાર કર્યા. પછી વર્ણીને અતિ ત્યાગી અને તપની રૂચિવાળા જોઈને એકાંતમાં સુંદર બેસવા સારૂ આસન કરી આપ્યું. રાજા તેની રાણીને લઈને રોજ નીલકંઠના દર્શન કરે અને દરરોજ પ્રેમથી સેવા કરવા લાગ્યો. અને વર્ણીની પાસે ઉપદેશ સાંભળવા લાગ્યો. તેથી તેને ધીરે ધીરે જ્ઞાન થયું કે આ તો સાક્ષાત્ ભગવાન છે. તેથી પોતાને નોકર-ચાકરો હોવા છતાં શ્રીહરિની સેવા રાજા જાતે જ કરતો. એક દિવસ નીલકંઠે વિષ્ણુ અને શાલિગ્રામની પૂજાનું માહાત્મ્ય કહ્યું. આથી રાજાને શાલિગ્રામ મેળવવાની ઈચ્છા થઈ. બીજા દિવસે વર્ણીના દર્શન કરી બીજા અડબંગી બાવાઓની પાસે ગયા. ત્યારે બાવાઓના મહંતે ઘણા શાલિગ્રામ માગ્યાં. આથી મહંત તાડૂક્યો. આ કંઈ માંગવાની ચીજ છે. શાલીગ્રામની તો વિધિવત પૂજા કરવી પડે છે. ખબર પડે છે ? રાજાએ તેની અડબંગી પૂજાવિધિ જોઈ હતી છતાં રાજા શાંત રહ્યા. વર્ણીની પાસે આવીને તેમણે આ બધી વાત કરી. બીજે દિવસે નીલકંઠે જયરામદાસને શાલિગ્રામ માટે મહંતની પાસે મોકલ્યો. જયરામદાસે મહંતની પાસે જઈને શાલિગ્રામ માગ્યા. તેથી મહંત ક્રોધે ભરાયો અને જયરામદાસને કાકલૂદી ચાલુ રાખીને કહેવા લાગ્યો કે કાલે રાજાએ શાલિગ્રામ માંગ્યા તોય તેને આપ્યા નથી તો તારો શો હિસાબ. આમ કહી મહંત હાથમાં ત્રિશૂળ લઈને જયરામને મારી નાંખવા તૈયાર થયો. જયરામ બચીને દોડતો દોડતો નીલકંઠની પાસે આવ્યો અને નીલકંઠને બધી વાત કરી. તે જ રાત્રે વર્ણીના સંકલ્પથી મહંત પાસે જે શાલિગ્રામ હતા તે બધા શાલિગ્રામ ગંડકી નદીમાં જઈને પડ્યા. બીજે દિવસે મહંતે શાલિગ્રામની પોટલી શોધી પણ ન મળી. મહંતને લાગ્યું કે રાજાએ ચોરી કરાવી છે. અથવા નીલકંઠનો સેવક જયરામ લઈ ગયો છે. આથી બધા બાવાઓ નીલકંઠ પર ગુસ્સે થયા. આ વર્ણી મોટો ત્યાગી થઈ ફરે છે. અને રાજાનો માનીતો થઈને મોજ કરે છે. માટે તેને જ મારી નાખવો એમ વિચાર કર્યો.

બધા બાવાઓએ પાસે નદી હતી તેમાંથી દિવસે બશેરના વજનના પથ્થરો લઈને ભેગા કરી રાખ્યા.જયરામદાસ બહાર ગયો હતો. સમી સાંજે શ્રીહરિ આસન ઉપર ધ્યાનમાં બેઠા છે. એમ જાણી તે બધા અસુરો શેર, બશેર, બે મણ વજનના અસંખ્ય પથ્થરો લઈને ભેગા થયા અને સાંજથી સવાર થતાં સુધી છેટેથી પથ્થરોની વૃષ્ટિ (વરસાદ)શ્રીહરિ ઉપર કરી. છતાં સાધુ સ્વભાવના વર્ણી નિર્વૈર અને ક્ષમાશીલ હોવાથી શાંતપણે બેસી રહ્યા. કાંઈપણ વારણ કર્યું નહિ. છતાં નીલકંઠને એક પણ પથ્થર વાગ્યો નહિ પણ ચારે બાજુ પથ્થરાનો ઢગલો ફરતો ગઢની પેઠે થયેલો. એટલામાં જયરામદાસ આવ્યો. જયરામદાસ ગભરાઈ ગયો અને દોડતો દોડતો તે રાજા પાસે ગયો. તે જોઈને તે બાવાઓએ જાણ્યું કે હવે રાજાને ખબર પડશે તો જરૂર આપણને મારી નાખશે. તેથી હથિયાર તૈયાર કરવા લાગ્યા. ત્યાં તો રાજાને ખબર પડી તેથી રાજા પોતાના સૈન્ય સાથે ત્યાં દોડી આવ્યા. ત્યાંનું દૃશ્ય જોઈને રાજાએ પોતાની શસ્ત્રધારી સૈનિકોને હુકમ કર્યો. આ અધર્મી બાવાઓને મારી નાખો. આમ રાજાના સૈન્ય અને અધર્મી બાવાઓ વચ્ચે યુદ્ધ જામ્યું. આ યુદ્ધના અંતે અધર્મી બાવાઓના બે હજાર જેટલા બાવાઓનો કચ્ચરઘાણ નીકળી ગયા. રાજાને શાંતિ થઈ ગઈ.

રાજાએ પથ્થરનો ઢગલો દૂર કરીને જોયું તો વર્ણી તો ધ્યાનમાં બેઠેલા અને તેમને કંઈ પણ થયું નહીં. આ રાજાએ વિચાર્યું કે જેમ પ્રહલાદની (ગોપ-ગોવાળાની) ભગવાને રક્ષા કરી તેમ આ બ્રહ્મચારીની (વર્ણીની) પણ ભગવાને રક્ષા કરી. તેમાં જરાપણ સંશય નથી. વર્ણી કોઈ મહા સમર્થ પુરુષ છે. એમ માની રાજાએ વિનંતી કરી કે હું તમારો દાસ છું. મને શરણમાં રાખો. મારું હિત થાય તેમ કરો. શ્રીહરિએ રાજાને તથા બીજા ભાવિક લોકોને પોતાના શિષ્ય માન્યા. ધર્મનો ઉપદેશ આપ્યો.પછી રાજાએ વિચાર કર્યો કે નીલકંઠ વર્ણીને મારા ગુરુ માની ઈર્ષાથી આ અસુરો મારી નાખત. આ વર્ણીનો નહીં પણ મારો દ્રોહ કર્યો. સર્પ જેમ દૂધ પાનારને જ કરડે, તેમ મારું અન્ન ખાઈ મારું જ અહિત કર્યું. બધાને વિષે ભગવાન જેવો ભાવ લાવી સેવા કરી તેનું મને તેમણે (બાવા) આ ફળ આપ્યું તે પ્રત્યક્ષ જોયું. વર્ણી ન મળ્યા હોય તો હું જમપુરીનો જ અધિકારી હતો. માટે આ અસુરોનો નાશ કરવો જોઈએ. રાજાનો આ વિચાર તથા ક્રોધ જાણી કેટલાક અસુરો પોતાનો સામાન લીધા વિના જ પલાયન થઈ ગયા. રાજાને ખબર પડી એટલે તેણે લશ્કર પાછળ મોકલ્યું. તેમણે અસુરોને મારવા માંડ્યા. શ્રીહરિને ખબર પડી ત્યારે રાજા અને લશ્કરને પાછા વાળ્યા પણ તેટલામાં તો

આશરે બે હજાર જેટલા અસુરોનો નાશ થઈ ગયો હતો. આ પ્રમાણે પોતાના પાપે પાપીઓ નાશ પામે છે અને પૃથ્વીનો ભાર ઊતરે છે.

ત્યારપછી શ્રીહરિએ સત્‌ધર્માને પોતાનો શિષ્ય બનાવીને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરવા માટે રાજાને સમાધિ કરાવી. રાજાને સમાધિમાં અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણના દર્શન થયા તેમાં વર્ણીના દર્શન થયા. તેથી રાજાવર્ણીને સ્વયં પુરુષોત્તમ નારાયણ માનીને અત્યંત ભાવથી શ્રીહરિના ચરણોમાં પડ્યા અને પ્રાર્થના કરી. મારે આપનો જ એક આધાર છે. તો હે હરે ! મારા અંતકાળે આપ પધારજો. મારું હિત થાય તેમ કરો. પછી વર્ણીએ રાજાને અભયપદ (મોક્ષ)નું દાન કર્યું. તેણે ઘણો સંતોષ આપીને શ્રીહરિ ત્યાંથી ચાલવાનો વિચાર કર્યો. ત્યારે રાજાએ નીલકંઠ વર્ણીને કંઈક આપવાનો વિચાર કર્યો ત્યારે રાજાએ વર્ણીને સીસમના લાકડામાંથી ધ્યાન કરવા માટેની પાવડી આપી. તે પાવડીને નીલકંઠ વર્ણી પાસે રાખતા. જ્યારે નીલકંઠ વર્ણી માંગરોળમાં આણંદજી સંઘાડિયાના ઘરે રહ્યા. તેમની પત્ની રાજબાઈ શ્રીહરિને લવીંગયા મરચાં ગોળા કરીને જમાડતા. નીલકંઠવર્ણીએ પ્રસાદીના પાવડી આણંદજી સંઘાડિયાને આપી. ત્યારપછી તેમને પોતાની પુત્રીને આપી. તેમની પુત્રી એ જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીને આપી. સ્વામી ત્યાંના મ્યુઝિયમમાં પ્રસાદી તરીકે મૂકી રાખી. હાલ જૂનાગઢના મ્યુઝિમમાં પણ તે પાવડીના દર્શન થાય છે. આ પાવડી શ્રીહરિને સત્‌ધર્મા રાજાએ આપેલી હતી.

શ્રીહરિની વિદાય સમયે રાજાએ શ્રીહરિને કહ્યું કે મારી પાસે હાથી, ઘોડા અને રથ આદિ વાહન અપાર છે. જે આપ કહો તે તૈયાર કરીને લાવું. કારણ કે મારે તેનો પણ મોક્ષ કરાવો છે. એમ કહીને રાજા અનેક પ્રકારનો પૂજાનો સામાન લાવ્યા. શ્રીહરિને કેસર યુક્ત ચંદનની અર્ચા ઘણા પ્રેમથી કરી અનેક પ્રકારના પુષ્પોના હાર પહેરાવ્યા. પ્રેમથી ષોડશો ઉપચારથી તેમનું પુજન કર્યું અને ધૂપ અને દીપ કરીને આરતી ઉતારી. અને ઘણા પ્રમાણમાં લાવ્યા તે મેવા, મીઠાઈ, ફળ અને ફૂલ વગેરે બધું અર્પણ કર્યું. પ્રદક્ષિણા કરીને વારંવાર દંડવત પ્રણામ કર્યાં. તેટલામાં તો નગરવાસી લોકો આવ્યા. તે સહુએ પ્રેમ ભાવથી શ્રીહરિની પૂજા કરી.

રાજાએ સવારી બોલાવી ત્યારે તે તૈયાર થઈને આવી. શ્રીહરિને શણગારેલા હાથીની ઉપર સોનાની અંબાડીએ બેસાડ્યા ત્યારે રાજાને ઘણો જ આનંદ થયો. રાજા પોતે ચામર કરવા લાગ્યા. સવારી સાથે વાજતે ગાજતે ધામધૂમથી

રાજદરબારમાં લાવ્યા. પોતાના મહેલમાં પધરાવી રાણીને દર્શન કરાવ્યા. તે બધાએ વર્ણીની પૂજા કરી કહ્યું કે હે પ્રભુ ! આવું ને આવું અંતઃકરણ સદાય રહે એવો વર માંગીએ છીએ. વર્ણીએ તે વર આપ્યો. રાજાના બધા માણસોએ શ્રીહરિનું શરણું લીધું. મહાન શોભાના ધામ આવા ઘનશ્યામ શ્રીહરિને હાથીની અંબાડીમાં બિરાજી ઊભી બજારે સહુને દર્શન આપતા આપતા ચાલ્યા. બજારે નગરવાસીઓ સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને આવી. ઘણાં જ પ્રેમ સાથે તે મોતીથી શ્રીહરિને વધાવ્યા. અપાર વિનંતી કરી લોકો હારતોરાને પુષ્પોથી વધાવી રંગ, ગુલાલ ઊડાડતા હતા. શ્રીહરિ નગરની બહાર નીકળતા. ઉડાડેલો ગુલાલ બધે આકાશમાં છવાઈ ગયો હતો અને ભૂમિ પણ રંગીલી થઈ ગઈ હતી. હાથી અને ઘોડાઓ પણ રંગ રંગ થઈ ગયા હતા. આખું શહેર રંગાઈ ગયું હતું. રાજાએ બધાને પાછા વાળ્યા. પોતે પાંચ ગાઉ સુધી સાથે ગયા. શ્રીહરિએ પોતે હાથી ઉપરથી ઊતરી રાજાને પરાણે પાછો વાળી પોતે આગળ નીકળ્યા. જ્યાં સુધી વર્ણી દેખાય ત્યાં સુધી રાજા વર્ણીની મૂર્તિ સામુ જોઈ રહ્યો. પછી રાજા પાછો વળ્યો.

શ્રીહરિ પોતાની સાથે જયરામને લઈને વનમાં ચાલ્યા. રસ્તામાં જયરામને તરસ લાગી. ત્યારે શ્રીહરિએ કહ્યું કે વૃક્ષ ઉપર ચડીજો તો નજીકમાં કોઈ તળાવ દેખાશે. જયરામે વૃક્ષ ઉપર ચડીને જોયું તો નજીકમાં એક તળાવ દેખાયું. જયરામ ત્યાં પાણી ભરવા ગયો તો તે પાછો આવ્યો. વર્ણીએ પૂછ્યું કે પાણી લીધા વિના પાછો કેમ આવ્યા ? ત્યારે તેણે કહ્યું કે તેમાં સર્પ ઘણા છે. તેથી ઝેરી પાણી માની લીધા વિના પાછો આવ્યો.

પ્રભુ કહે છે કે જળ નિર્દોષ છે. માટે શંકા રાખ્યા વિના લઈ આવો. જયરામ ફરી જઈને પાણી લઈ આવ્યો. પ્રથમ શ્રીહરિએ પીધું પછી જેરામે પીધું અને પછી આગળ ચાલ્યા તો એક શહેર આવ્યું. ત્યાં ધર્મશાળામાં રાત રહ્યા. ત્યાં પ્રભુએ જેરામને ત્યાગીની દીક્ષા લેવા માટે ઉપદેશ આપ્યો. પણ તેની વાતમાં તેને સગામાં હેત વધારે જણાયું. નીલકંઠ વર્ણી જયરામને સાધુ થઈ જવા ઘણો સમજાવ્યો પણ જયરામ તો માન્યો નહિ. મારે ઘરે તમે પાછા ચાલો. મારા મા-બાપ તમારી રાહ જુએ છે એમ તેણે કહ્યા કર્યું. અંતે નીલકંઠે તેને ઘરે પાછા જવાનું કહ્યું અને વર્ણીએ છૂટા પડતાં કહ્યું જ્યારે વૈરાગ્ય થાય ત્યારે તું કાઠિયાવાડમાં આવજે હું તને મારી પાસે રાખીશ. એમ કહ્યું એટલે જયરામ ઘરે જવા માટે પાછો ચાલ્યો.

ચાલતાં ચાલતાં રસ્તામાં જગન્નાથપુરીમાં રાત રહેલો. ત્યાં તે અતિશે તાવ (બીમાર) થઈ ગયેલો. બીમારીમાં તેને શ્રીહરિના ઉપદેશનો વિચાર આવ્યો

અને પોતે કરેલ ભૂલનો પસ્તાવો કર્યો અને સાજો થયો ત્યારે મળવા ચાલેલો. જયરામ પોતાના ઘરે આવ્યો. થોડો સમય જતાં માતા-પિતાને ધામમાં મોકલી દીધા. પછી જયરામને વૈરાગ્ય થતાં સાધુ થવાનો વિચાર થયો. પછી જયરામ વર્ણીને શોધતો શોધતો તે પશ્ચિમ દિશામાં લોજ ગામમાં આવેલો. એ વખતે વર્ણી ગાદી ઉપર બિરાજમાન થયા હતા એટલે વર્ણીના વેષમાં ન હતા. જયરામ લોજ ગામમાં મુક્તાનંદ સ્વામીના આશ્રમમાં આવ્યો અને મુક્તાનંદ સ્વામીને કહ્યું કે અહીંયા એક બટુક બ્રહ્મચારી વર્ણીના વેશમાં હતા તે અહીંયા છે ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરાવ્યા પણ તે મહારાજ ન ઓળખી ન શક્યો ત્યારે મહારાજે જયરામને કહ્યું કે આપણે વનમાં રોજ કમળકાકડી ખાવા જતા. અને જગન્નાથપુરીમાં આપણે સાથે રહ્યા હતા ત્યારે જયરામને થયું કે આ સ્વામિનારાયણ ભગવાન એ જ વર્ણી હતા. ત્યારે મહારાજે જયરામને વર્ણીરૂપે દર્શન આપ્યાં ત્યારે જયરામને પાકો નિશ્ચય થયો. અને મહારાજના ચરણમાં આંખોમાં આસું લાવી ઢળી પડ્યો અને કહ્યું કે મને તમારો સાધુ કરો ત્યારે મહારાજે જયરામને દીક્ષા આપીને જિજ્ઞાસાનંદ સ્વામી નામ પાડીને પોતાની પાસે રાખેલા.

## હાટકેશ્વર મહાદેવ

હવે જયરામના ગયા પછી શ્રીહરિ પોતે એકલા જ વનમાં આગળ ચાલતાં ચાલતાં માર્ગમાં એક મોટી નદી આવી તેને કાંઠે હાટકેશ્વર નામે શિવનું મંદિર હતું. તેમાં ઉતારો કરીને નદીમાં સ્નાન કરવા ગયા. ત્યારે તે મંદિરમાં એક બ્રાહ્મણ પૂજારી કેટલાક વરસથી દ્રવ્ય (ધન)ની ઈચ્છાએ તપ કરતો હતો. તેને શંકરે પ્રસન્ન થઈ દર્શન દીધાં ને કહ્યું જે ‘‘આ નાના બ્રહ્મચારી આવ્યા છે તે અક્ષરધામના અધિપતિ છે ને સર્વ અવતારના કારણ છે ને અમારા ઈષ્ટદેવ છે. તેમને પ્રણામ કરી સ્તુતિ કરીને અશ્રય કરો તો તારો સંકલ્પ પૂરો કરે ને મોક્ષ પણ કરે એવા છે.

પછી નીલકંઠ વર્ણી નાહીને આવ્યા ત્યારે તે બ્રાહ્મણ વિનંતી કરીને પગે લાગ્યો ને કહ્યું. તમે સાક્ષાત્ પરમેશ્વર છો ને જગતના આધાર છો. ને હું શિવજીના કહેવાથી તમારી પાસે આવ્યો છું. માટે તમે મારો સંકલ્પ સત્ય કરો.’’ ત્યારે મહારાજ કહે તારે શું માગવું છે તે કહો. ત્યારે તે વિપ્રે દ્રવ્ય માંગ્યું ને કહ્યું. હે મહારાજ ! મારે અત્યારે દ્રવ્ય (ધનની) જરૂર છે. ત્યારે મહારાજ કહે

તે તો નાશવંત છે. માટે તારા જીવનું કલ્યાણ થાય એવું માંગો. ત્યારે બ્રાહ્મણ બોલ્યો. જે મોક્ષ કરવો તે પણ તમારા જ હાથમાં છે પણ હાલ તો ધન મળે તેવો વર મને આપો. પછી મહારાજ રાજી થઈને કહ્યું. આ શંકરના દેરાથી જ મણી બાજુ પાંચ હાથને છેટે ખોદીશ ત્યાંથી ધન મળશે. પણ તારે જરૂર પૂરતું ધન મેળવવાની આશા રાખજે. પણ લોભે કરીને વધારે ધન મેળવવાની આશા રાખીશ તો દુઃખકારક થશે.

શિવે તેને મોક્ષ માંગવાનું કહ્યું છતાં તે દ્રવ્ય માંગ્યું. શિવના વચનને સત્ય કરવા માટે આજે તને મારો યોગ અને દર્શન થયાં છે. માટે મારે તારો મોક્ષ કરવો હતો. પરંતુ તને ધનમાં વધારે મોહ છે. પણ ધનમાં ઘણું દુઃખ રહ્યું છે. ધનમાં બંધન વધારે થાય છે. જેમાં બંધન હોય ત્યાં મોક્ષનું વરદાન કેમ આપું ? મેં કહીયું તે પ્રમાણે જમીન ખોદીશ તો તે જમીનમાંથી સોનામહોરના સાત ચરું નીકળશે. પણ તારે જરૂર પૂરતું એક ચરુ લેજે. જો બીજા ચરુનો લોભ કરીશ તો તારું મૃત્યુ થશે. આ પ્રમાણે કહીને વર્ણી આગળ ચાલ્યા. વર્ણીના ગયા પછી બ્રાહ્મણે વર્ણીએ કહ્યું તે પ્રમાણે જમીન ખોદી જોયું તો ત્યાં સોના-મહોરના સાત ચરુ જોયા. વર્ણીનું વચન સાચું પડ્યું પરંતુ ધન જેને દાટેલું તે હયાત નથી. આ બ્રાહ્મણે જમીનની અંદર ઉપરા ઉપરી સાત ચરુ જોયા. વર્ણીએ તેમાંથી એક ચરુ લેજે. બાકીનું ધન જમીનમાં દાટી દેજે. (બ્રાહ્મણ કહે મૃત્યુ પછી મોક્ષનું વરદાન માંગીશ. ધન, સંપત્તિ હોય ત્યાં મોક્ષ શો કામ ?) પણ આ બ્રાહ્મણ લોભના કારણે એક ચરુ લઈને બીજો ચરુ લેવા ગયો. તો બીજા ચરુના માથા ઉપર એક સાપ જોયો. અને કહે છે અરેરે. સાપ ક્યાંથી ચડી આવ્યો. બ્રાહ્મણે લાંબો વાંસડો લાવીને સાપને મારવા લાગ્યો. લોભના લાલચના કારણે સાપને વાંસડો માર્યો તો કાળા નાગે ત્યાં ફુંફાડો માર્યો તો સાપ હડી કાઢીને બ્રાહ્મણને કરડ્યો. તેથી બ્રાહ્મણને ઝેર ચડવાથી તેના શરીરમાંથી પ્રાણ ચાલ્યા ગયા અને મોતને ઘાટ ઊતર્યો. બ્રાહ્મણે વર્ણીનું વચન લોપ્યું અને ધનના લોભના કારણે પોતાના પ્રાણ ગુમાવ્યા. શ્રીહરિ જેવી ચિંતામણી મળી તો પણ ઉપયોગ કરતાં ન આવડી ને પ્રાણ ગુમાવ્યા તેમાં ચિંતામણીનો શો વાંક ?

## સદાવ્રતના સાધુઓને ચમત્કાર જણાવતા વર્ણીરાજ

ત્યાંથી ચાલ્યા નીલકંઠ બ્રહ્મચારી તે ફરતા થકા એક શહેર આવ્યું તેમાં તીર્થવાસી માટે એક જગ્યામાં ત્યાંના રાજાએ પાકા સિધાનું સદાવ્રત બાંધેલું હતું

પણ તે જગ્યાના વૈરાગી બાવાઓ તીર્થવાસીને પાકું સીધું આપે નહિ. ને કાંચું દઈ જગ્યામાંથી કાઢી મેલે તેથી લોકમાં તે સદાવ્રતની અપકીર્તિ બહુ જ થઈ પણ ત્યાંનો રાજા જગ્યાવાળા બાવાની સિદ્ધાઈ જોઈને કાંઈ પણ કહી શકે નહિ. ત્યાં મહારાજે જઈને ઉતારો કર્યો ને જમવાનું માગ્યું ત્યારે વૈરાગી બાવાએ શ્રીહરિને કોરો લોટ દેવા માંડ્યા ત્યારે મહારાજે ના પાડી અમે કાચું સીધું લેતા નથી. એમ તૈયાર રસોઈ (પાકું સીધું) જમીએ છીએ. ત્યારે તે બાવે કહ્યું. લોટ લેવો હોય તો લે. ત્યારે મહારાજે કહ્યું કે હવે તમે પણ માલપુઆ ને દૂધપાક કરીને જમજો. એમ જરા મર્મનું વચન કહીને ચાલી નિસર્યાં ને તે ધર્મશાળાની બહાર ઓટલે જઈને બેઠા.

પછી રસોઈ તૈયાર થઈ ત્યારે જગ્યામાં જે બાવાઓ હતા તે સર્વેને જમવા બોલાવ્યા. પણ નીલકંઠ વર્ણીને ન બોલાવ્યા. પછી સહુ આવ્યા ને જમવાની પંક્તિ થઈ ને માલપુવા અને દૂધપાક ફેરવવા લાગ્યા. ત્યારે તે દૂધપાકમાં સહુને મોટી ઈયળો દેખાવા લાગી ને માલપૂઆ ઉપર રુધિર દેખાયું તે જોઈને બધા બાવાઓ ધોકાને ચિપીયા લઈને રસોઈ કરનારા બ્રાહ્મણોને મારવા ગયા ને કહ્યું કે અરે ! આવો અધર્મ શો કર્યો છે? ત્યારે તે બ્રાહ્મણો કહે. અધર્મી તો તમે છો. જે રાજાએ પાકાં સીધા આપવાનું કહ્યું છે તો પણ તમે તીર્થવાસીઓને કાચાં સીધાં આપો છો ને આ નાના બાળ બ્રહ્મચારીને તમે જમવાનું કહ્યું નહીં ને નકરો લોટ આપતા હતા અને તૈયાર જમવાનું માંગ્યું ત્યારે તમોએ તેને ડારો (બીક) દઈને તેને બહાર કાઢી મૂક્યો તેનું તમને પાપ લાગ્યું છે.

પછી બાવાએ તે દૂધપાક અને માલપૂઆ ઉકરડામાં દટાવી દીધા. પછી સહુ બાવાઓને પોતાની ભૂલ સમજાણી. બધા બાવાઓ ભેગા થઈને વિચાર કર્યો કે આપણે ઓલ્યા બ્રહ્મચારીનો અપરાધ કર્યો છે. માટે ચાલો તેની પાસે જઈને આપણી ભૂલની માફી માંગી અને વિનંતી કરીને સ્તુતિ અને પ્રાર્થના કરીને પગે લાગ્યા ને કહ્યું હે બ્રહ્મચારી અમે તમારો અપરાધ કર્યો ને અમે પંક્તિભેદ કરીને ઘણા દિવસ જમ્યા તેનું ફળ અમને આજે મળ્યું. પછી મહારાજે તેમને ઘણો ઉપદેશ દીધો ને કહ્યું કે પંક્તિ ભેદનો શાસ્ત્રોમાં ઘણો દોષ કહ્યો છે. એમ કેટલુંક કહીને તે સર્વેને રામચંદ્રજી ભગવાનના રૂપે પોતે દર્શન આપ્યું ત્યારે તે બાવાઓ સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. ને સર્વે બોલ્યા જે આ તો આપણા ઈષ્ટદેવ છે. એમ કહીને હે ભગવાન અમે આજ સુધી ઘણા અધર્મના કામ કરેલ છે. તે હવે નહીં કરીએ. અને આજથી અમે ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તશું માટે અમારા અપરાધને માફ

કરીને અમે બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી છે. તે હજુ પડી છે. માટે અમારા ઉપર દયા કરીને અમારું અન્ન જમો. આવા નિર્માનીપણાનાં વચન સાંભળીને મહારાજ જમ્યા ને ત્યાં બે દિવસ રહીને તે બાવાઓને બહુ ઉપદેશ કર્યો ને પોતાના શિષ્ય કર્યા ને પછી ત્યાંથી વર્ણી આગળ ચાલ્યા.

## ખવીસનો ઉદ્ધાર કર્યો અને રાજાને વરદાન આપ્યું (ઝીણાભાઈ)

ત્યાંથી ચાલ્યા એવા જે નીલકંઠ બ્રહ્મચારી તેમને રસ્તામાં કેટલાક દિવસે એક ગામ આવ્યું. નીલકંઠ બ્રહ્મચારી તેમને રસ્તામાં યોગ પૂરો કરવા શાપિત થયેલા જીવોનો ઉદ્ધાર કરવા માટે નીલકંઠ વર્ણી તે ગામમાં પધાર્યા છે. તે યોગીના વચનને સત્ય કરવા માટે આવ્યા છે. તે ગામની પશ્ચિમ દિશામાં માથા વગરનો એક ખવીસ રહેતો હતો. તેથી તે ગામના રાજાએ આથમણી બાજુએ ચોકી રાખેલી ત્યાં જઈને નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા ત્યારે ચોકીવાળા સિપાઈએ તે રસ્તે જાવાની ના પાડીને કહ્યું કે તે રસ્તે આગળ એક વડના વૃક્ષ ઉપર માથા વિનાનો ખવીસ રહે છે. જે તે રસ્તે જાય તેને મારી નાંખે છે. માટે તમે એ રસ્તે જાશો નહિ. ને આ બીજે રસ્તેથી લોક આગળ જાય છે. માટે તે રસ્તે જાઓ. ત્યારે વર્ણી કહે અરે ભાઈ! અમે એ રસ્તે નહિ જઈએ તો બીજું કોણ જાશે ? એમ કહીને વર્ણી તો એ જ રસ્તે આગળ ચાલ્યા ત્યારે સિપાઈઓ તો કાંઈ બોલી ન શક્યા. ને છાનામાના ઊભા થઈ રહ્યા. ને જોયું તો આગળ વડના વૃક્ષ ઉપરથઈ ખવીસ એકદમ કડેડાટ કરતો જેમ મોટો પર્વત તૂટી પડે તેમ નીચે પડ્યો. ને વર્ણીની સામે આવ્યો. તે જોઈને સિપાઈઓ તો છેટે રહ્યા થકા ત્રાસ પામી ગયા ને પરસ્પર બોલાવા લાગ્યા કે એ છોકરાએ આપણું કહ્યું માન્યું નહિ. હવે હમણાં એ ખવીસ એને ભક્ષ કરી જશે.

એમ વિચાર કરે છે. તેવામાં વર્ણીએ તે ખવીસની સામું જરા કરડી દૃષ્ટિથી જોયું. આ દૃશ્ય જોવા રાજા તથા ગામની તમામ પ્રજા ત્યાં જોવા આવેલી હતી. જ્યારે વર્ણીએ કરડી નજરથી જોયું તુરંત તે ખવીસ હાથ-પગ જમીન ઉપર પછાડતો થકો બૂમો પાડવા લાગ્યો. ઓય રે બાપ ! હું બળી ગયો. બળી ગયો. પછી તે ખવીસ બૂમો પાડતો થકો બે હાથ જોડીને વર્ણીને વિનંતી કરવા લાગ્યો જે, હે બાળાજોગી તમે સાક્ષાત્ ભગવાન છો ને હું ઘણા કાળથી જ્યાં ત્યાં આથડી આથડીને મહા દુઃખ પામું છું માટે હે મહારાજ ! તમે મારો ઉદ્ધાર કરો. ત્યારે

દયાના સાગર એવા શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ પોતાના પ્રતાપે કરીને તે ખવીસને ખવીસનો દેહ પાડીને તેને બદરિકાશ્રમને વિષે મોકલી દીધો તે જોઈને રાજા તથા ચોકીવાળા સિપાઈઓ તથા જોવા આવેલાં સર્વ માણસો મહા આશ્ચર્ય પામતાં થકા તે બાળજોગીને સમીપે આવીને વિનંતીપૂર્વક પગે લાગ્યાં.

**ત્યાંના રાજાનો ઉદ્ધાર કર્યો : (ઝીણાભાઈ પંચાળાના)**

પછી રાજા પોતે બોલ્યો જે, હે બાળાજોગી ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો ને અમારા સુખને અર્થે જ અહીં પધાર્યા છો. ને તમે આ અસુરનો ઉદ્ધાર કર્યો પણ હે કૃપાનાથ ! હવે મારા ઉપર દયા કરીને મારા મહેલમાં પધારો ને મારી સેવા અંગીકાર કરો. તો મારા જીવનું કલ્યાણ થાય ? ત્યારે દયાળું શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે રાજાને પૂર્વનો મુમુક્ષુ જાણીને તે પ્રત્યે બોલ્યા જે હે રાજન ! અમે ગામમાં તો નહિ આવીએ પણ તમને રાજી થઈને વર આપું છું કે તમે અમારું ધ્યાન કરજો. એટલે થોડા દિવસમાં તમારો આ દેહ પડી જશે. ને ગિરનારની છાયામાં પંચાળા ગામને વિષે ક્ષત્રિયકુળમાં જન્મ લઈને તમે ઝીણાભાઈ નામે પ્રસિદ્ધ થાશો ને ત્યાં તમને અમારો જોગ થાશે. ને સદ્ગતિને પામશો. એ પ્રમાણે વરદાન આપીને વર્ણી ત્યાંથી આગળ વધ્યા.

**કૂવામાંથી દોરી વિના પાણી ભરતા વર્ણીરાજ :** પછી ત્યાંથી ચાલ્યા એવા જે નીલકંઠ બ્રહ્મચારી તે ચાલતાં ચાલતાં વચ્ચે એક ગામ આવ્યું. તે ગામને પાદર એક કૂવો હતો ત્યાં કોશ ચાલતો હતો તે કોશના હાંકનારને મહારાજે કહ્યું. તમારી પાસે દોરી હોય તો આપો અમારે પાણી પીવું છે. ત્યારે તે બોલ્યો જે, આ અમારો કોશ ફરે છે. તેમાંથી પીઓ ત્યારે મહારાજ કહે, અમે કોશનું પાણી પીતા નથી. ત્યારે તે કોશવાળો કહે, ‘એવા સિદ્ધ હો તો દોરી સાથે કેમ રાખતા નથી ? ત્યારે મહારાજ કહે, ‘રહેવા દો તમારી દોરી’ એમ કહી કૂવાના કાંઠા ઉપર બેઠા થકા પોતાના હાથમાં કઠારી લઈને કૂવામાં હાથ લાંબો કર્યો કે તુરત સહુ દેખતાં કૂવાનું જળ ઊંચું આવ્યું. તેમાંથી પાણીની કઠારી ભરી લીધી ને જળપાન કર્યું. તેવું મહાઅદ્ભુત ચરિત્ર જોઈને સહુ માણસો આશ્ચર્ય પામીને મહારાજને પગે લાગ્યાં અને મનમાં થયું કે નાના બ્રહ્મચારી છે પણ ચમત્કારી લાગે છે.

## ધૂલીયા ગામ : ભગવાનદાસ ભાવસારને સોળ ચિહ્નોના દર્શન

પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રી નીલકંઠ બ્રહ્મચારી દેવીપટ્ટન ને માર્ગે જતાં એક ગામ આવ્યું. બપોરનું ટાણું હતું. તેથી નીલકંઠ વર્ણી નદીને કિનારે

પીપળાના વૃક્ષ હેઠે આરામ કરવા બેઠા હતા. આ ધૂલીયા ગામમાં ભગવાનદાસ ભાવસાર તેની વૃદ્ધ મા તથા તેની પત્ની આ ત્રણેય જીવ સારા સત્સંગી હતા. તેમને દર્શન દેવા સારું નીલકંઠ વર્ણી ધૂલીયા ગામમાં પધાર્યા હતા.

ભગવાનદાસની મા બહુ પવિત્ર અને શ્રીકૃષ્ણની પરમ ભક્ત હતી. તે રોજ તેના દીકરા ભગવાનદાસને પ્રભુની શોધ કરવા જવાનું કહેતી. તે એમ માનતી હતી કે શોધ કરીએ પ્રભુ જરૂર મળે એ તો ચાલ્યા ગયો ખેતરમાં. બપોરે ભગવાનદાસ ઘરે જમવા આવ્યો એની માએ તો ભાતનો ડબો અને કપડાનું પોટલું તૈયાર કરી રાખ્યું હતું. ભગવાનદાસ હાથ-પગ ધોઈને જમવા બેઠો. ડોશીમાએ પીરસતાં પીરસતાં ફરીથી કહ્યું. આજે તો હવે ખેતરે જવાનું જ નથી. જો આ તારું કપડાનું પોટલું અને આ ભાતાનો ડબ્બો. આ લે એકસો સોનામહોરો અને નીકળ પ્રભુની શોધમાં. ચાલ જમી લે જલ્દીથી. જમીને નીકળી પડ. દરેક તીર્થમાં અને નદીને કિનારે જોજે. જંગલમાં અને વાડીમાં જોજે, ગુફાઓમાં, કોતરોમાં તપાસ કરજે, હિમાલયમાં ફળી વળજે. પણ ભગવાન શોધી કાઢજે. ભગવાનને લીધા વગર ઘરે આવતો નહિ. જો પ્રભુને લીધા વગર પાછો આવીશ તો પરમભક્ત એવા તારા બાપની આબરૂ જશે. પ્રભુને લીધા વગર હું તને ઘરમાં દાખલ નહિ થવા દઉ. પ્રભુને લીધા વગર આવીશ તો હું જીવન પર્યંત તારું મોઢું પણ જોઈશ નહિ. ભગવાનદાસ માતૃભક્ત, માતાની આજ્ઞા પાળનારો સર્વ વાતે સદ્‌ગુણી ભગવાનદાસે માતાનાં વચનો સાંભળી કહ્યું કે આજને આજ ભગવાન ક્યાંથી મળે ? તેમજ હું ભગવાનને ઓળખી કેવી રીતે શકું તે તમો મને કહો ?

ત્યારે ડોશીમાએ કહ્યું કે તારો અને મારો જો સાચો ભાવ હશે તો જરૂર ભગવાન મળશે. તેમાં શંકા નથી. ભગવાનને ઓળખવા માટે તને ફક્ત ત્રણ જ એંધાણી આપું છું (૧) પ્રભુના બે ચરણોમાં કુલ મળી સોળ ચિહ્નો હોય. જમણા ચરણમાં નવ અને ડાબા ચરણમાં સાત ચિહ્નો હોય છે. જમણા ચરણમાં નવ ચિહ્નો : ઉર્ધ્વરેખા, અષ્ટકોણ, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ, પદ્મ એમ નવ ચિહ્નો. ડાબા ચરણમાં સાત ચિહ્નો : ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ્ય, મીન, અર્ધચંદ્ર અને વ્યોમ એમ સાત ચિહ્નો છે. (૨) પ્રભુને પડછાયો ન હોય (૩) રાતે અંધારામાં પ્રભુ આગળ દીવો કરીએ અને દીવાનું તેજ તેમના શરીરમાંથી આરપાસ નીકળે તો સમજવું કે સાક્ષાત્ ભગવાન છે. એટલે તેમને કોઈ આવરણ વચ્ચે આવે નહિ માટે ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા આખા બ્રહ્માંડને જોઈને

જાણી શકે છે. માટે એમને છોડવા નહિ. વિનંતી કરીને, સમજાવીને પ્રાર્થના કરીને પ્રસન્ન કરીને શ્રીહરિને આપણે ઘરે લઈ આવવા.

આ બધો સંવાદ સાંભળી ભગવાનદાસની પત્ની બોલી, તમે તો પ્રભુને શોધવા ચાલ્યા. પણ મારા પ્રભુ તો તમે જ છો. તમને આખી જિંદગી સુધી પ્રભુનો પત્તો જ લાગે નહિ. તમને પ્રભુના સ્થાનની પણ ખબર નથી. તો પ્રભુને ક્યાં શોધશો ? પ્રભુને શોધવામાં આખી જિંદગી પૂરી થશે તો પણ પ્રભુ મળવાના નથી. તો મારે તો તમારી વાટ જ જોયા કરવાની ને ?

આ વાત સાંભળી ડોશીમા હસી પડ્યા. ડોશીમા કહે, 'ગાંડી, ચિંતા શું કામ કરે છે. આપણી શ્રદ્ધા પાકી હશે તો પંદર દિવસમાં જ પ્રભુ મળી જશે. માટે ભગવાનનું ભજન કર કે તારો ધણી અને ધણીનોય ધણી ભગવાન આપણને જલદી મળી જાય.

ભગવાનદાસ પણ આનંદમાં આવી ગયો અને બોલ્યો, હા, હા, પ્રભુ જરૂર મળશે. જો આપણી માને કેટલો ભાવ છે? એમનો ભાવ સાચો હશે અને તમારું પતિવ્રતાપણું સાચું હશે અને મારી શ્રદ્ધા સાચી હશે તો તો પંદર જ દિવસમાં પ્રભુ મળી જશે. હું હમણાં જ આવ્યો એમ સમજ. એમ કહી ડોશીમાને પગે લાવીને ભગવાનદાસ ભગવાનને શોધવા ઘરની બહાર નીકળ્યો.

ભગવાનદાસ તો ઉતાવળો ચાલીને ગામના પાદરમાં આવ્યો ત્યાં તો આવી નદી. નદીને પાર કરીને સામે કિનારે ઊતરે છે. અને આઠ-દસ ડગલાં ચાલ્યો ત્યાં તો શ્રીહરિએ બૂમ પાડી. 'ભગાનદાસ અહીં આવો, ઓ ભગવાનદાસ અહીં આવો. ભગવાનદાસ પોતાનું નામ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયો તે ચારેબાજુ જોવા લાગ્યો. ત્યાં તો તેની નજર પીપળાના વૃક્ષ નીચે બેઠેલા બાળ બ્રહ્મચારી નીલકંઠ વર્ણી પર પડી. નીલકંઠે ફરીથી ભગવાનદાસને નામ દઈને બોલાવ્યા. આથી ભગવાનદાસ નવાઈ પામી તેમની પાસે ગયા. નીલકંઠને નમન કરીને ભગવાનદાસ તેમની પાસે જઈને બેઠો. તેને થયું કે, આ નાના બ્રહ્મચારી નક્કી ચમત્કારી જણાય છે. કારણ કે તેમને મારું નામ ક્યાંથી આવડ્યું ? મને તેમને ઓળખ્યો કેવી રીતે ?

આમ વિચારે છે ત્યાં તો નીલકંઠે કહ્યું. ભાઈ ભગવાનદાસ, મેં તો તમને મારા પગમાં કાંટો વાગ્યો છે ને કાઢવા માટે બોલાવ્યા છે. મને ખબર છે કે તમે ભગવાનને શોધવા નીકળ્યા છો પણ મારા પગમાંથી કાંટો કાઢી આપશો તો તમને જલ્દી ભગવાન મળશે અને મારા પગમાં પીડા ઓછી થાય.

'બહુ સારું. એમ કહી ભગવાનદાસ નીલકંઠની સામે બેઠા ભગવાનદાસ પાસે સફેદ નાનો વસ્ત્રનો ટૂકડો હતો તે નદીમાં પલાળી લાવ્યા. તો નીલકંઠે જમણો પગ લાંબો કરીને ભગવાનદાસના ઢીંચણ ઉપર રાખ્યો ત્યારે ભગવાનદાસે વસ્ત્ર વડે ભગવાનના ચરણ સાફ કર્યાં. ત્યાં તો ભગવાનદાસને રાતાચોળ પગમાં નવ ચિહ્નો દેખાયાં. ઊર્ધ્વરેખા, અષ્ટકોણ, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ, કમળ એમ નવ ચહ્નો દેખાયા. નવ ચિહ્નો દબાવી જોયા પણ કાંટો ન દેખાયો. ભગવાનદાસ આ ચિહ્નો જોઈને ખૂબ ખુશ થઈ ગયો. તેમણે કહ્યું પ્રભુ આ પગમાં કાંટો નથી પણ બીજા પગમાં કાંટો છે. એમ લાગે છે ત્યારે નીલકંઠે ડાબો પગ લાંબો કરીને ભગવાનદાસના ઢીંચણ ઉપર રાખ્યો. ત્યારે ભગવાનદાસે વસ્ત્ર વડે નીલકંઠના પગ સાફ કર્યાં. ત્યાં તો ભગવાનદાસને ભગવાનના લાલ રંગના ચરણમાં સાત ચિહ્નો દેખાયા. ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ્ય, મીન, અર્ધચંદ્ર અને વ્યોમ અને સાત ચિહ્નોનાં દર્શન થયા. ત્યારે તેને યાદ આવ્યું કે મારી માએ કહ્યું કે ભગવાનના ચરણમાં સોળ ચિહ્નો હોય છે. તો આ નીલકંઠના બંન્ને ચરણમાં સોળ ચિહ્નનાં દર્શન થયાં માટે આ નક્કી ભગવાન છે. તરત ભગવાનદાસે નીલકંઠને કહ્યું કે ડાબા ચરણમાં પણ કાંટો નથી. પછી ભગવાનદાસે નીલકંઠની મૂર્તિ સામે જોયું તો ભગવાનને પડછાયો જોયો નહિ એટલે ભગવાનદાસ તો અતિશય રાજી થઈ ગયો. નીલકંઠને વિનંતી કરીને પ્રાર્થના કરીને કહ્યું કે હે પ્રભુ તમે મારા ઘરે પધારો. નીલકંઠે ભગવાનદાસનો શુદ્ધ સાચો ભાવ જોઈને હા પાડી એટલે તરત જ હોડીમાં નીલકંઠને બેસાડી પોતાને ઘરે લઈ ગયો.

નીલકંઠ અને ભગવાનદાસ મોડી રાતે ઘરે પહોંચ્યા. ભગવાનદાસે ડેલીનું બારણું ખખડાવ્યું. ડોશીમા દરવાજો ખોલવાં આવ્યાં. સાથે ભગવાનદાસની પત્ની પણ કોણ છે તે જોવા દીવો લઈને દરવાજે આવી દરવાજો ખોલ્યો. બંનેના આશ્ચર્યનો પાર ન રહ્યો. દીવાનો પ્રકાશ નીલકંઠના શરીરમાંથી આરપાર નીકળી જતો હતો. ડોશીમા તો રાજી રાજી થઈ ગયાં. તેમનો આનંદ માતો નહોતો. પછી નીલકંઠને ઓસરીમાં ઢોલિયો પાથરીને બેસાડ્યા. ત્યાં તો નીલકંઠના ચરણમાં સોલ ચિહ્નોનાં દર્શન થયાં અને ત્રણ જણાને શ્રીહરિની ઇચ્છાથી સમાધિ થઈ અને સમાધિમાં અક્ષરધામના દર્શન થયાં. અક્ષરધામના મધ્યમાં સોનાના, સિંહાસન ઉપર સ્વામિનારાયણ ભગવાન તથા મુક્તોનાં દર્શન થયા. આ સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં નીલકંઠ બ્રહ્મચારીનાં દર્શન થયા. ત્રણ જણને પાકો નિશ્ચય

થયો કે આ નીલકંઠ બ્રહ્મચારી અક્ષરધામના અધિપતિ છે અને આ જ શ્રીકૃષ્ણ ભગવાન છે. આથી ત્રણને નીલકંઠ ઉપર ખૂબ હેત થયું અને સેવા કરવા લાગ્યા. ત્યાર પછી રાતે ને રાતે ભગવાનદાસની પત્નીએ રોટલાં બનાવ્યા. રોટલાને દૂધ, માખણ ને દહીં નીલકંઠને જમાડ્યાં અને આખી રાત નીલકંઠની સેવા કરી. પછી શ્રીહરિ બોલ્યા કે તમારા ત્રણેય જણાનો ઉત્તમ સાચો પ્રેમ જોઈને તમોને દર્શન દેવા અહીં આવ્યો છું. નહીં તો મારા દર્શન મોટા દેવતાઓને પણ દુર્લભ છે.

જ્યારે પરોઢિયું (સવાર) થયું કે તરત જ ડોશી તો ગામમાં ઘરે ઘરે વધામણી (સમાચાર) આપી કે મારે ઘરે સાક્ષાત્ ભગવાન પધાર્યા છે. સૌ કોઈ દર્શન કરવા આવજો. લોકો તો બધાં શંકા કુશંકા કરતા, કોણ આવ્યું તે જોવા ડોશીમાને ઘરે આવ્યા. નીલકંઠે સૌને ઉપદેશ આપ્યો. છેલ્લે ચર્તુભુજ નારાયણ રૂપે દર્શન દીધું. સૌને ચાર હાથવાળા ભગવાન નારાયણરૂપે નીલકંઠ દેખાયા. એક હાથમાં શેષ. બીજામાં ગદા, ત્રીજામાં ચક્ર અને ચોથામાં કમળ ધારણ કરેલાં દેખાયા. બધા ગ્રામવાસીઓ નીલકંઠનાં ચરણમાં નમી પડ્યા. ગામના ઘણા માણસોને શ્રીહરિએ રામચંદ્રજીરૂપે તથા શ્રીકૃષ્ણરૂપે દિવ્ય તેજોમય દર્શન દરેકને આપ્યાં તેથી સૌ ઘણા જ રાજી થયા. આખું ગામ શ્રીહરિના આશ્રિત બન્યા પછી ભગવાનદાસ તથા તેની મા તથા તેની સ્ત્રી ત્રણેયનો સાચો ભાવ જોઈ શ્રીહરિ તેમના ઉપર રાજી થયા.

અને વરદાન આપ્યું કે તમારા ત્રણેનો દેહ થોડા દિવસમાં પડી જશે. ત્રણેને નવો જન્મ મળશે. ઉત્તર ગુજરાતમાં દંઢાવ્ય પ્રદેશમાં વડનગર ગામ છે. ત્યાં ઝુમખરામ ભાવસારને ત્યાં તમારો જન્મ થશે. ત્યાં આગળ થોડા વર્ષો પછી હું તમને મળીશ. તમારી સેવા અંગીકાર કરીશ અને તમારા બધા મનોરથો પૂર્ણ કરીશ. એમ કહી, આશ્વાસન આપી વહેલી સવારે નીલકંઠ ત્યાંથી ચાલી નીકળ્યા. નીલકંઠ વર્ણી ભગવાનદાસને ઘરે ત્રણે દિવસ રહ્યા હતા. ત્યાંથી શ્રીહરિ વેંકટાદ્રિ તરફ ચાલ્યા. પછી મારો દઢ આશ્રય કરીને તમો અક્ષરધામમાં જશો. આમ કહી તેને ઘરે ત્રણ દિવસ રોકાઈને ત્યાંથી ચાલી નીકળ્યા.

## વેંકટાદ્રિ (તિરૂપતિ) : બાલાજી ભગવાન

શ્રીહરિ ધૂલિયા ગામથી ચાલતાં ચાલતાં વેંકટાદ્રિ પર્વતના વનમાં આવ્યા. વેંકટાદ્રિ પર્વત એટલે પાપને નાશ કરનારો પર્વત. આ પર્વત શેષા આકારનો હોવાથી શેષાચલ પર્વત કહે. આ પર્વત ઉપર તિરૂપતિ ભગવાન તથા લક્ષ્મી

સ્વયં બિરાજે છે. જ્યારે નારાયણ અને લક્ષ્મીનાં લગ્ન થયાં ત્યારે કરજ થઈ ગયું. આથી કુબેર કરજની ઉઘરાણી કરવા લાગ્યા ત્યારે શ્રીહરિ લક્ષ્મી ઉપર ખૂબ ક્રોધિત થયા કે લગ્નમાં વધારે પડતું ખર્ચ કરી નાખ્યું. આથી લક્ષ્મીજી રિસાઈને પર્વતની નીચે જતા રહ્યા. તેથી લક્ષ્મીનું મંદિર નીચે છે અને ભગવાન તિરૂપતિ બાલાજીનું મંદિર ઉપર છે. પછી ભગવાને કરજને પહોંચી વળવા માટે જાહેરાત કરી કે જે તિરૂપતિમાં દાન કરે છે. તેના તમામ સંકલ્પો પૂરા થશે. તિરૂપતિ બાલાજીના મંદિરમાં વર્ષે કરોડોની આવક વાળની થાય છે. તેમાંથી તેનું વ્યાજ ભરાય છે માટે ખોટું ખર્ચ કરવું નહિ.

રામાનુજાચાર્ય ચાલીને દર્શન કરવા આવેલા તેથી આજે પણ લોકો ચાલીને તિરૂપતિ બાલાજીનાં દર્શન કરવા આવે છે. જ્યારે નીલકંઠ વર્ણી ભગવાન બાલાજીનાં દર્શન કરવા આવ્યા ત્યારે બાલાજી ભગવાનની આખા સોનાની મૂર્તિના વર્ણીએ દર્શન કર્યાં. વર્ણીએ માથે પીંગલ તથા શરીર ઉપર જટા. કોપીન ધારણ કરેલું, ગળામાં શાલીગ્રામ, જમણા હાથમાં માળા અને ડાબા હાથમાં કમંડલું તથા પલાશની સાથે સત્‌શાસ્ત્રનો ગુટકો ધારણ કરેલો ધ્યાન કરવા માટે સીસમ પાવડી હતી. વર્ણીએ બાલાજીનાં દર્શન કર્યાં અને બાલાજી ભગવાનને પણ વર્ણીના દર્શન કરીને ખૂબ આનંદ થયો. આ મંદિરના બહારના ભાગમાં પુષ્પકી સરોવર છે તેના કિનારે એક મોટો વડ છે. વડની બાજુમાં વરાહ ભગવાનનું મંદિર છે તેના દર્શન કર્યાં. આ વર્ણી તિરૂપતિ બાલાજીના મંદિરમાં પાંચ દિવસ રોકાયા હતા ત્યાંથી શ્રીહરિ શિવકાંચી તરફ ચાલ્યા. વેંકટાદ્રિથી ચાલતાં વનમાં શ્રીહરિ ભૂલ્યા પડ્યા.

## રતા બશિયાનું કલ્યાણ : (કાઠિયાવાડમાં જેતપુર ગામ)

વેંકટાદ્રિથી વર્ણી આગળ ચાલ્યા. માર્ગમાં આવ્યું વન, વનમાં ગીચ ઝાડીઓ, દિવસેય સૂર્યનો પ્રકાશ ન દેખાય તેવું ઘોર અંધારું વન, નીલકંઠ વનમાં ચાલ્યા અને માર્ગ ભૂલ્યા એટલે શ્રીહરિ વનમાં એક કેડીની વચમાં ચાલ્યા. ત્યાં કેડીની વચમાં એક રાક્ષસ અજગરની જેમ સૂતો હતો. તેના નસકોરાંનો અવાજ દૂર સુધી સંભળાય. નસકોરાં સાંભળીને ગભરાટ થાય તેવો બિહામણો અવાજ હતો.

નીલકંઠ ચાલતાં ચાલતાં રાક્ષસના માથા પાસે પહોંચ્યા. પાસે જઈને રાક્ષસના માથામાં લાત મારી. પ્રભુના ચરણસ્પર્શથી તેનાં પૂર્વના બધા પાપો બળી ગયા અને પૂર્વજન્મનું જ્ઞાન થયું. તેથી તેણે વર્ણીને ભગવાન જાણી પોતાનો

રાક્ષસનો દેહ છોડાવી કલ્યાણ કરશે તેવા હેતુથી પોતાના પૂર્વજન્મની વાત પ્રભુને કહેવા લાગ્યો કે હે હરિ ! હું પૂર્વજન્મમાં તૈલંગ દેશનો રાજા હતો અને રાજનીતિનું મને પૂરં જ્ઞાન હતું તેથી નીતિપૂર્વક રાજ્ય કરતો અને પ્રજાનું પાલન કરતો. મારા રાજ્યમાં શાસ્ત્રોનો ભણેલો અને ધર્મનિષ્ઠ જયદેવ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેને એક કુમારી કન્યા હતી અને બીજો મુકુંદદેવ નામનો બ્રાહ્મણ હતો. તેને એક કુંવારો પુત્ર હતો. બેય બ્રાહ્મણોએ મળીને તે દીકરા-દીકરીનું સગપણ (સંબંધ) કર્યું. આ બંને બ્રાહ્મણ વિદ્વાન અને સમર્થ હતા. બંને સિદ્ધિવાળા હતા. જયદેવની એક વરસની દીકરી સાથે મુકુંદદેવના ત્રણ વરસના દીકરાનું સગપણ થયું. દીકરી મોટી થઈ દીકરો પણ મોટો થયો. ત્યાર પછી પાંચેક વર્ષ બાદ દેવયોગ તે દીકરાને શરીરે શીળી (શીતળાનો)નીકળ્યા અને તેથી બેય આંખે આંધળો બન્યો.

એટલે દીકરીના બાપે દીકરીનું સગપણ બીજે કર્યું. દીકરાના બાપને તે ગમ્યું નહીં અને પોતાના દીકરા સાથે જ સગપણ રાખવા પ્રયત્ન કર્યો પણ દીકરીનો બાપ માન્યો નહીં. તેથી સમાધાન ન થયું એટલે તે તકરારનો ન્યાય કરાવવા તે બેય બ્રાહ્મણો મારી પાસે (રાજા) આવ્યા. દીકરાના બાપે કહ્યું કે અમારા કુળનો એવો નિયમ છે કે દીકરો ગમે તે રીતે અપંગ થાય પણ જ્યાં સુધી તે જીવતો હોય ત્યાં સુધી તે છોકરાને જ કન્યા આપવી જોઈએ. પછી રાજાએ શાસ્ત્રોમાં આ અંગેની તપાસ કરી તો તેમાં એવો નિર્ણય મળ્યો કે છોકરો રોગ કે અપંગ થાય તો કન્યા બીજાને આપવી એટલે મને વિચાર કરતાં એમ લાગ્યુ ંકે કુલાચાર કરતાં શાસ્ત્રાચાર પ્રમાણે ન્યાય કરવો ઠીક છે એટલે મેં કન્યાના પિતાને કહ્યું કે તું કન્યાને બીજાને આપી શકે છે.

આ વાત સાંભળી છોકરાના બાપે મને તુરત જ શાપ આપ્યો કે હે રાજન ! તમે અન્યાય કર્યો માટે તમો નવ માસમાં જ રાક્ષસ થાઓ એટલે મને મનમાં ઘણું દુઃખ થયું ત્યારે કન્યાના બાપે કહ્યું કે રાક્ષસના અવતારમાં તમોને પ્રગટ ભગવાન શ્રીહરિ મળશે. તે તમારો રાક્ષસનો દેહ છોડાવીને તમારો મોક્ષ કરશે. માટે ચિંતા જરા પણ ન કરશો. તેમ શાપ અને વર આપીને બેય બ્રાહ્મણો ચાલ્યા ગયા. પછી નવ માસ પૂરા થતાં હું રાક્ષસ યોનીને પામ્યો.

હે પ્રભો ! રાક્ષસનો અવતાર મળ્યા પછી બીજું પણ એક મોટું પાપ મેં કર્યું છે તે સાંભળો. ચતુર્ભુજ નામનો એક બ્રાહ્મણ પોતાની બહેનોને પરણાવવાના ખર્ચ માટે ગામોગામ ફરીને ધન માગતો હતો તે એક વખત આ રસ્તેથી નીકળ્યો

એટલે મેં તેને પકડ્યો. ત્યારે તે બ્રાહ્મણે મને કહ્યું કે મારાં માતા-પિતા આંધળાં છે. બહેનોનું કન્યાદાન દેવાનું છે. એટલે તે બધા મારી વાટ જોતા હશે માટે તું મને મૂકી દે. છતાં તું મને મારીશ તો તને પાપ લાગશે અને તું ખૂબ દુઃખી થઈશ.. એમ તેણે મને ઘણું જ સમજાવ્યો. પણ મને ભૂખ લાગી જ હતી. તેથી તેને મારી ખાઈ ગયો તેથી આ દુઃખ ભોગવું છું અને અજગરની જેમ અહીં જડ થઈને પડી રહ્યો છું. આજે મારા માથાને આપનો ચરણસ્પર્શ થયો. તેથી મારો ઉદ્ધાર થયો છે. એમ કહી રાક્ષસ નીલકંઠના ચરણોમાં નમી પડ્યો.

નીલકંઠે તેને આશીર્વાદ આપી કહ્યું, જા, તારો મોક્ષ થશે. તને કાઠિયાવાડમાં ફરી જન્મ મળશે. મારો સમાગમ મળશે, સેવા મળશે. તારું આત્યંતિક કલ્યાણ થશે. મારું અક્ષરધામ મળશે.

આ પ્રમાણે આશીર્વાદ આપી નીલકંઠવર્ણી આગળ ચાલ્યા. રાક્ષસનો દેહ પડી ગયો. (નીલકંઠના આશીર્વાદ પ્રમાણે કાઠિયાવાડમાં જેતપુર નામનું ગામ છે. તેમાં બસિયાકુળમાં તારો જન્મ ભગવાનના ભક્ત તરીકે થયો તેનું નામ રતો રાખેલું. લોકો તેને રતો બશિયો કહે. રતો બશિયો શ્રીજી મહારાજની સેવા કરતો, ભક્તિ કરતો, લોકોને પોતાના પૂર્વજન્મની વાત કહી નિષ્ઠા કરાવતો. શ્રીજી મહારાજ પણ પોતાનો બહુ રાજીપો રતા બશિયા પર બતાવતા. આ રતો બશિયો રાજબાઈનો સંબંધી હતો ને ગાંડો કહેવાતો પણ શ્રીહરિએ તેનાં ખૂબ વખાણ કર્યાં છે.)

● રતો બશિયો પ્રભાતિયાં ગાતો ત્યારે મહારાજ પણ નિદ્રામાંથી જાગીને રતા બશિયા સામે જોઈ રહેતા. તેના ઉપર ખૂબ રાજી થતાં. રતા બશિયાને મહારાજને કેમ રાજી કરવા તે આવડતું હોવાથી રતા બશિયાને અંતે પોતાના અક્ષરધામમાં લઈ ગયા.

## કૃતઘ્ની સેવકરામ

શ્રીહરિ રતાબશિયાનું કલ્યાણ કરીને વનમાં આગળ ચાલ્યા જતા હતા. ત્યાં રસ્તામાં અયોધ્યાજીના જન્મ સ્થાનકનો મૂળ વતની અને ભૂતપુરીમાં કોઈ મંદિરનો મહંત બનીને રહેતો અને ભાગવતનો પ્રખર પંડિત સેવકરામ નામનો એક સાધુ શ્રીહરિને મળ્યો. શ્રીહરિ જ્યારે અયોધ્યામાં રહેતા ત્યારે જન્મ સ્થાનકે દર્શન કરવા જતા. તેથી આ સાધુ શ્રીહરિને ઓળખતો તેથી વાતચીત ઉપરથી તેણે શ્રીહરિને ઓળખ્યા અને કહ્યું કે ઘનશ્યામજી ! તમો આશરે પાંચક વર્ષથી ઘરનો

ત્યાગ કરીને વનમાં ફરો છો છતાં હજી પણ તમારા મોટાભાઈ રામપ્રતાપજી વિગેરે સંબંધીઓ તમને સંભારીને રડે છે અને ચારે ધામના યાત્રાળુ સંતો અયોધ્યા આવે છે. તેમને તમારી માહિતી મેળવવા પૂછે છે પણ કોઈની પાસેથી કાંઈ પણ ખબર મળતી નથી. તેથી તેઓ અકળાય છે. આપ તો મોટા ત્યાગી છો. આવી વાત તો કોઈની સાંભળી નથી. હવે આપણે સાથે અયોધ્યા જઈએ. મારા હાથમાં આવ્યા છો તે હવે હું આપને દૂર થવા દેવાનો નથી. સેવકરામની વાત સાંભળી વર્ણી હસીને બોલ્યા કે હવે તમારે ને અમારે નહિ બને.

ત્યાગી થઈને પૂર્વાશ્રમના સંબંધીઓને સંભારે તેને બંધન થયા વિના રહે નહિ એટલા માટે જ અમે એકલા રહીએ છીએ પણ કોઈ ત્યાગીને ભેગા રાખતા નથી. અને કોઈના ભેગા રહ્યા પણ નથી. કારણ કે કોઈ અમને ઓળખે અથવા પરિચય થતાં બધું જાણે અને પછી ત્યાં જઈને વાત કરે તો સંબંધીઓ આવીને અમોને પાછા લઈ જવા ઉપાધિ કરે અને સુવાણ (ત્યાગી) રહેવા દે નહિ એમ કહી શ્રીહરિ તે સેવકરામનો ત્યાગ કરી ચાલતા થયા. આથી સેવકરામ ખૂબ રડવા લાગ્યો અને બહુ દુઃખ થયું તો પણ શ્રીહરિ સાથે બોલ્યા નહિ. તે સમયે સેવકરામને ખૂબ ઝાડા થઈ ગયા. તે જેની સંગે યાત્રાએ ચાલ્યો હતો તે બધા જુદા પડી ગયા હતા. તેથી સેવકરામની કોઈપણ તેની સાથે સેવા કરનારું રહ્યું ન હતું. તેથી નિરાધાર થઈને તે વલોપાત કરતો હતો. તેથી પ્રભુને તેના ઉપર દયા આવી એટલે તેને કહ્યું કે તમે ત્યાગી છો માટે ભગવાન વિના બીજી કોઈ વાત ન કરો તો તમારી સેવા કરીએ. આવી રીતે ભગવાન શ્રીહરિએ સેવકરામને ભય બતાવ્યો એટલે તેણે તેમ કરવાનું સ્વીકાર્યું. પછી શ્રીહરિ તેને સાથે લઈને આગળ એક ગામ આવતું હતું. ત્યાં જવા ચાલ્યા. પણ તેને ઝાડા (મરડો) વધારે થઈ ગયા હતા તેથી ગામ સુધી પહોંચે તેમ ન લાગવાથી ગામની સમીપે એક કેળાની ફુલવાડી હતી તેમાં વડનું એક મોટું વૃક્ષ હતું.

તે વડના વૃક્ષમાં એક હજાર ભૂતો રહેલાં હતાં. શ્રીહરિને તો ભૂતોની બીક હતી જ નહિ. એટલે તે વડના વૃક્ષ નીચે કેળનાં પાંદડાની હાથ એક ઊંચી પથારી કરી તે સેવકરામને સુવાર્યો. ઝાડાથી બગડેલાં કપડાં નીલકંઠ રોજ ધોતા. સેવા કરતા અને તેને જોઈએ તે લઈ આવીને રાંધીને જમાડતા. પોતાની પાસે એક હજાર સોનામહોર હતી. તેમાંથી પોતાને જમવા માટે તે રૂપિયા આપીને બાજુના ગામમાં જઈને ભિક્ષા માંગીને જમવાનું રહેતું. કોઈવાર ભિક્ષામાં કાંઈ ન મળે તો નીલકંઠને ઉપવાસ પણ કરવા પડતાં. ક્યારેક તો બબ્બે દિવસ ઉપવાસ કરવા

પડતા તો પણ સેવકરામ એમ પણ ન કહે કે આજે મારી પાસે રૂપિયા છે. તેમાંથી તમે આપણા બંને માટે રસોઈ કરો અને તમે મારી રસોઈમાંથી જમજો.

નીલકંઠે બે મહિના સુધી તેમની ખૂબ સેવા કરી પછી તે સાજો થયો. સાજો તો કેવા કે સેવકરામ શેર ઘીનો શીરો પચી જાય તેવો બન્યો. હવે નીલકંઠ અને સેવકરામ રામેશ્વર તરફ આગળ ચાલ્યા. રસ્તામાં સેવકરામ, નીલકંઠ પાસે પોતાનું એક મણનું ભારે પોટલું ઉપડાવતા. સેવકરામ રોજ શેર ઘી પી જતો. પણ નીલકંઠની કાંઈ ખબર ન રાખતો. ફક્ત ગુલામની જેમ કામ કરાવ્યા કરતો. પણ તેણે કોઈ દિવસ વર્ણીની ખબર અંતર રાખી નહિ. તેથી નીલકંઠને લાગ્યું કે આ સેવકરામ સાધુ છે. પણે તેનામાં સાધુના લક્ષણ નથી. તેનામાં ભક્તિ પણ નથી અને કોઈ કરેલા ઉપકારની કૃતજ્ઞતા પણ નથી. આથી વર્ણીએ કૃતઘ્ની જાણી તેનો ત્યાગ કર્યો. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૧૦માં આ વાત પોતે સ્વમુખે વિગતથી કહી છે. જે કરેલા ઉપકારને ન ઓળખે, તે કૃતઘ્ની કહેવાય, જે સારા કાર્યની કદર ન કરે તે કૃતઘ્ની કહેવાય. જે સેવક પાસે ચુસી ચુસીને કામ લે, પણ તેનાં અન્ન વસ્ત્રની ખબર ન રાખે તે કૃતઘ્ની કહેવાય. કૃતઘ્ની માણસ મહાપાપી ગણાય. સેવકરામ એવો કૃતઘ્ની હતો. નીલકંઠે તેનો સંગ છોડી દીધો.

શ્રીહરિ ત્યાંથી શિવકાંચી અને વિષ્ણુકાંચીની તરફ ગયા. અને સેવકરામ સાધુ પણ એકલો આગળ ભૂતપુરીમાં પોતાના સ્થાનકે ગયો. તે સ્થાનકનો તે મહંત હતો. તેને ચાર-પાંચ શિષ્યો હતા. ભૂતપુરીનું મંદિર સારું હતું. તેમાં જઈને રહેવા લાગ્યો. સમય જતાં તે બિમાર પડ્યો. તેના શિષ્યો સેવા કરતા હતા પરંતુ બરાબર નહિ તેથી યાદ આવ્યું કે મારી સેવા વનમાં નીલકંઠ, બ્રહ્મચારીએ જેવી કરી હતી તેવી કોઈ કરે તેમ નથી. તેથી મનમાં ઉદાસ થઈ શ્રીહરિનું સ્મરણ કરવા લાગ્યો. બિમારી છેલ્લી હતી દેહ રહે તેમ હતું નહિ તેથી દયાળુ પ્રભુએ સ્મરણ માત્રથી તેને દર્શન આપ્યાં અને કહ્યું કે અમને ઓળખો છો ? વનમાં અમોએ તમારી સેવા કરી હતી તે યાદ છે ? હાલમાં અમો સૌરાષ્ટ્ર અને ગુજરાત વગેરે દેશોમાં સ્વામિનારાયણ ભગવાન એવા નામથી પ્રસિદ્ધ થયા છીએ અને વનમાં અમોએ તમારી ખૂબ સેવા-સુશ્રુષા કરી પણ તમોએ અમારી કાંઈ દરકાર રાખી નહિ છતાં પણ અમારા દર્શન, સ્પર્શ વગેરે નિષ્ફળ જતાં નથી. તેથી અમો તમારા અંત વખતે પ્રદેશમાં ઝીંઝર નામના ગામમાં તમારો જન્મ થશે ખોડાભાઈ નામે તમો પ્રસિદ્ધ થશો. એટલું કહીને શ્રીહરિ અંતર્ધ્યાન થયા.

ત્યારપછી સેવકરામે પોતાના શિષ્યોને પાસે બોલાવી કહ્યું કે મારી એક વાત સાંભળો. મારું છેલ્લું વચન તમારે પાળવું પડશે. સુજ્ઞ (સારા) શિષ્યોએ હા પાડી એટલે તેણે કહ્યું કે હું અયોધ્યાથી અહીં આવતો હતો ત્યારે રસ્તામાં ઘણો જ બિમાર થઈ ગયો હતો. ત્યારે તે વખતે એક બ્રહ્મચારી (નીલકંઠ વર્ણી) મને મળ્યા હતા અને તેમણે મારી જેવી સેવા કરી હતી તેવી સેવા તમો પણ કરી શકતા નથી. તે બ્રહ્મચારી હાલમાં સ્વામિનારાયણ ભગવાન નામે પ્રસિદ્ધ થયા છે અને હમણાં જ મને દિવ્યરૂપે દર્શન આપીને ગયા. હવે મારો આ દેહ રહેશે નહીં. મારી છેલ્લી ઈચ્છા એ  છે કે અહીંયા કોઈ સ્વામિનારાયણના સેવકો આવે તો તેમને તમારે આદરથી સત્કાર કરીને પાકાં સીધાં આપીને જમાડવા. આ મારી છેલ્લી આજ્ઞા અને ઈચ્છાને તમો માન આપીને યથાર્થ પાળજો. કારણ કે તેમણે મારી ઘણી સેવા કરી હતી. છતાં મેં તેમને કાંઈ પણ આપ્યું ન હતું. એટલું જ નહીં પણ જમવા અન્ન પણ આપ્યું ન હતું. તેનો અત્યારે મને ઘણો પસ્તાવો થાય છે. તો તેમના ઋણમાંથી થોડી મુક્તિ મળે તે માટે આટલું જરૂર કરજો. એટલું કહી તે શાંત થયો અને પછી થોડીવારે તેનો દેહ પડી ગયો.

ત્યારબાદ ઘણો સમય વ્યતીત થયો પણ કોઈ સ્વામિનારાયણના ભક્તો ભૂતપુરીમાં ગયા નહીં તેથી તેના શિષ્યો પેલી વાત ભૂલી ગયા હતા. પરંતુ એક વખતે ગામ શિહોરના બ્રાહ્મણ હરિભક્તો નામે લાલજીભાઈ તથા રણછોડભાઈ દવે બેય જણા રામેશ્વરની યાત્રા કરવા ઘરેથી ચાલ્યા તે ફરતા ફરતા ભૂતપુરીમાં આવ્યા અને રાતવાસો રહેવા સેવકરામના મંદિરમાં ઉતર્યા. રાતે તેમને છીંકો આવી. છીંકો આવે ત્યારે સ્વામિનારાયણ એમ બોલે તે સાંભળી સેવકરામના શિષ્યોને તેના ગુરુએ અંત સમયે કહેલી વાત યાદ આવી. એટલે તુરત જ તેઓ હરિભક્તો પાસે ગયા અને પૂછ્યું કે તમો કોણ છો ? ક્યાં રહો છો ? ક્યાં જવું છે ? ત્યારે દવે બોલ્યા કે અમો કાઠિયાવાડમાં આવેલા શિહોર ગામના છીએ અને રામેશ્વર યાત્રા કરવા જઈએ છીએ. રસ્તામાં સાંજ પડી જવાથી અહીંયા રાત રોકાયા છીએ. અમો શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. તે સાંભળી તે બાવાઓ બોલ્યા કે અમો સેવકરામના શિષ્યો છીએ અને અમારા ગુરુએ અમને છેલ્લી વખતે આજ્ઞા કરી કે સ્વામિનારાયણના કોઈ પણ આશ્રિતો આવે તો તેમને સત્કારપૂર્વક રાખજો અને ખૂબ ભાવથી જમાડજો. એમ કહીને સેવકરામની નીલકંઠવર્ણીએ જે સેવા કરી હતી. ત્યાંથી આરંભીને છેલ્લે અંત વખતે તેને શ્રીહરિએ દર્શન આપ્યાં હતાં. ત્યાં સુધીની તમામ

વાત કરી અને પછી પ્રેમથી તેમને પાકું સીધું આપ્યું. તેની રસોઈ બનાવીને ઠાકોરજીને થાળ ધરાવીને બેય જણા જમ્યા. પછી રામેશ્વરનાં દર્શન કરી તે બંને પાછા શિહોર ગયા.

પછી કોઈ વખત શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ સંતો-હરિભક્તો સાથે ગામ ઝીંઝર પધાર્યા હતા. ત્યાંના ભક્તોએ શ્રીહરિની ખૂબ સેવા કરી. પછી શ્રીહરિ, સંતો તથા હરિભક્તોની સભા કરીને બિરાજ્યા હતા. તે સમયે શ્રીહરિને ઝીંઝર ગામના હરિભક્તોએ કહ્યું કે આ ખોડાભાઈ સત્સંગી ઘણા સારા છે. પરંતુ તેમને પેટ ભરીને ક્યારેય અન્ન ખાવા નથી મળતું તેથી ઘણા દુઃખી છે. તેનું શું કારણ છે ? ત્યારે શ્રીહરિએ કહ્યું કે આ ખોડાભાઈ પૂર્વજન્મમાં સેવકરામ પોતે હતા. અમોએ તેમની બે માસ સેવા કરી પણ તે વખતે તેમણે અમોને એક પૈસા ભાર અન્ન આપ્યું નહિ. તેથી આ ખોડાભાઈ જીવશે ત્યાં સુધી આવું જ રહેશે અને અંતે મારું ભજન કરી મોક્ષને પામશે અને તેમના દીકરાઓ સુખી થશે. આ પ્રમાણ ગામ ઝીંઝરમાં સભામાં શ્રીહરિ વાત કરે છે. તે સમયમાં ગામ શિહોરના દવે લાલજીભાઈ તથા રણછોડભાઈ બંને શ્રીહરિનાં દર્શન કરવા ઝીંઝર આવેલા અને સભામાં બેઠેલા. તેઓ ઉપરોક્ત ખોડાભાઈનો પ્રસંગ સાંભળી બોલ્યા કે હે પ્રભુ ! આ ખોડાભાઈના પ્રસંગમાં અમોએ થોડી વાત જાણી છે તે આપ તો જાણો છો. છતાં આ સભામાં બેઠેલા સંતો-હરિભક્તોને જાણવા માટે કહીએ છીએ તે સાંભળો. અમો રામેશ્વરની યાત્રાએ ગયા હતા ત્યારે રસ્તામાં અમો ગામ ભૂતપુરીમાં  એક મંદિરમાં રાતવાસો રોકાયા હતા. ત્યાં અમને છીંક આવી ત્યારે અમોએ સ્વામિનારાયણ એવું કહ્યું. તે સાંભળીને તે મંદિરમાં રહેલા બે-ચાર બાવાઓ અમારી પાસે આવ્યા અને અમને અમારી બધી માહિતી પૂછી અમોએ અમારી બધી વાત કરી. ત્યારે તે બાવાઓ બોલ્યા કે અમો સેવકરામના શિષ્યો છીએ અને અમારા ગુરુએ અંત વખતે કહ્યું કે અહીં સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત ગમે તે આવે તો તેમને સારી રીતે જમાડી સત્કાર કરજો. ત્યારે અમોએ પૂછ્યું કે તેનું શું કારણ ? ત્યારે તેમણે તેમના ગુરુની વનમાં સ્વામિનારાયણે (આપે) ખૂબ સેવા કરી હતી. ત્યાંથી લઈને અંત વખત સુધીની બધી વાત કરીને કહ્યું કે આ વાત અમારા ગુરુ સેવકરામે અમને કરી હતી. તે વાત તમોને કહી ત્યારે અમોને ખબર પડી કે આ સેવકરામનું જ મંદિર છે. આ વાત સાંભળી શ્રીહરિ તથા સભામાં બેઠેલા બધા જ ખૂબ આનંદ પામ્યા અને ભક્તોએ શ્રીહરિનો ખૂબ મહિમા જાણ્યો.

**નોંધ :** આ લીલા શ્રીહરિવન વિચરણમાંથી લીધી છે. લેખક તરીકે સ.ગુ. નંદકિશોરદાસજી કાલુપુર મંદિર, ગુરુ અ.નિ.સ.ગુ. શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસજી.

## શિવકાંચી

શ્રીહરિ સેવકરામનો ત્યાગ કરીને શિવકાંચી આવ્યા. શિવકાંચીમાં આમેશ્વર નામના શંકરનું મંદિર પૂર્વ દિશામાં છે. તથા કામાક્ષીદેવી, પાર્વતીજીનું મંદિર અને પાછળ શિવ-પાર્વતીની મૂર્તિઓ પણ છે. ત્યાં એક આંબાનું વૃક્ષ ગંજાવર પુરાતની છે. તેમાં ચાર જાતની કેરીઓ ખાટી, મીઠી, કડવી અને તૂરી થાય છે. તે વૃક્ષમાં ચાર વેદ રહેલા છે. ત્યાંના ગોર લોકો તથા અન્ય મનુષ્યો કહે છે. જે આ વૃક્ષને ત્રણ હજાર વર્ષ થયા છે. શ્રીજી મહારાજે આ વૃક્ષનો સ્પર્શ કરેલ છે. મંદિરની બાજુના ઓરડામાં શંકરના અસંખ્ય લિંગો છે. તેની એકતંત્રથી પૂજા થાય છે. કાશી અને શિવકાંચી શિવના બે સ્થાન ગણાય છે. શ્રીહરિ ત્યાં દર્શન કરી. ત્યાં પ્રશ્ન-ઉત્તર કરીને ત્યાંના મતનો સાર જાણ્યો અને અસારનો ત્યાગ કરી સર્વત્ર સારનું ગ્રહણ કરવું એ જ શ્રીહરિનો સ્વભાવ છે. ત્યાંથી શ્રીહરિ વિષ્ણુકાંચી આવ્યા.

**વિષ્ણુકાંચી :** વિષ્ણુકાંચીમાં પશ્ચિમ દ્વારે વરદરાજ ભગવાનનું મંદિર ઉપરના ભાગમાં છે. ત્યાં ભગવાન વિષ્ણુનું શેષ ઉપર શયન કરતી મૂર્તિનાં દર્શન કર્યાં. નીચેના ભાગમાં શ્રીદેવી ભૂદેવી સેવામાં છે. નૃસિંહ ભગવાન તથા લક્ષ્મીજી નીચે પૂર્વદ્વારે છે. આ મંદિર ઉપર સોનાના સાત કળશ છે. તથા સોનાનો સ્તંભ છે. ત્યાં અનંત નામનો કુંડ છે. ત્યાંથી બે માઇલ ઉપર પયોષ્ણી નામની નદી છે. તેમાં સ્નાન કર્યું.

## શ્રી રંગક્ષેત્ર

શ્રીરંગ ભગવાનનું મંદિર દક્ષિણ સન્મુખ છે. ત્યાં ઉપરના ભાગમાં ભગવાન રંગની શ્યામ મૂર્તિ શેષ શય્યામાં પોઢેલા છે. મૂર્તિ ૧૨ ફીટ લાંબી છે. તેની આગળ ઉત્સવમૂર્તિ છે. તેની સાથે બંને બાજુમાં શ્રીદેવી તથા ભૂદેવી છે. અને નીલાદેવી અંતર્હિત છે. વિભીષણની મૂર્તિ સેવામાં છે. મંદિરની આગળના ભાગમાં સોનાના સ્તંભ છે. ગરૂડાસન સ્થંભ પણ સોનાનો છે. મંદિરના ઉપરના ભાગમાં સોનાનો ઘુમ્મટ છે. તેના પર ચાર કળશ છે. સોનાના ઘુમ્મટમાં સુવર્ણની વાસુદેવ ભગવાનની મૂર્તિ છે. તેમાં તથા અંદરની શેષશાયી મૂર્તિમાં બ્રહ્મા, સૂર્ય

અને વિભિષણાદિકનાં બહારથી જ દર્શન થઈ શકે એવી ઘુમ્મટમાં બહારથી રચના કરેલી છે. મંદિરમાં શેષપર્યંક ઉપર શ્રી રંગનાથ ભગવાન બિરાજી રહેલા છે. તેની આગળ જે ઉત્સવમૂર્તિઓ છે તે ચલ છે. તેને સ્નાન અભિષેક વિગેરે કરવા માટે સવારમાં નિત્યે વાજતે ગાજતે સ્નાનાગારમાં લઈ જવામાં આવે છે તે વખતે બહુ જ ધામધુમ સહિત મહોત્સવ થાય છે. એક હાથી છે. તે સવારમાં સુવર્ણનો કળશ પોતાની સૂંઢમાં લઈ જાય છે અને કાવેરીમાંથી સુંદર જલ ભરી લાવે છે. તેને ગાળીને પછી ભગવાનને સ્નાન અભિષેક વિગેરે કરાવાય છે. આ હાથીના લલાટમાં (ભાલમાં) રામાનુજ સંપ્રદાયનું શ્રીસહિત ઉર્ધ્વપુંડ્રતિલક શ્વેત ગોપીચંદનથી કરાયેલું હોય છે. આ હાથી રૂપિયો, આઠ આનાની, પાવલી વિગેરે આપે તેને સૂંઢ વતી લઈ લે છે. અને આપનારના મસ્તક પર સૂંઢ મૂકી આશીર્વાદ આપે છે. પાંચ કે બે પૈસા આપે કે એક આનો આપે તો લેતો નથી. ભૂલમાં લેવાઈ ગયો હોય તો તે તરત ફેંકી દે છે અને આપનાર પર સૂંઢ મૂકતો નથી. આવી નિપૂણતા એ હાથીમાં છે. અહીં લક્ષ્મીજીનું મંદિર પૂર્વદ્વાર છે. રામાનુજાચાર્યની મૂર્તિ તથા તેમની ગાદી છે. કાવેરી નદી પશ્ચિમથી પૂર્વ વહે છે.

**ભગવાન રંગનાથની મૂર્તિનો ઇતિહાસ :** શેષશય્યા પર પોઢેલા શ્રીરંગ ભગવાનની મૂર્તિ અહીં કેવી રીતે આવી તેનો ઇતિહાસ નીચે મુજબ છે. એક સમયે બ્રહ્માએ ઘણું તપ કર્યું. ભગવાન પ્રસન્ન થયા ને પોતાનું દર્શન આપ્યું. તે વખતે ભગવાન પ્રણવાકાર વિમાનમાં શેષ ઉપર પોઢેલા હતા અને શ્રીદેવી અને ભૂદેવી સેવામાં હતાં. આવાં અલૌકિક દર્શન કરી બ્રહ્મા પ્રસન્ન થયા અને તેથી ભગવાન પાસે માંગણી કરી કે "આવાં ને આવાં દર્શન મને નિત્ય થાય" તેથી ભગવાન તેવા સ્વરૂપે ત્યાં અર્ચારૂપ બની ગયા. બ્રહ્મા આ અર્ચાસ્વરૂપને પોતાના સત્યલોકમાં લઈ ગયા. અને ત્યાં હંમેશા તેમનું પૂજન અર્ચન વગેરે પ્રેમથી કરવા લાગ્યા.

કોઈક સમયે અયોધ્યાના ઈક્ષ્વાકુ રાજા સત્યલોકમાં ગયેલ. ત્યાં રાજાએ આ મૂર્તિનાં દર્શન કર્યાં અને અતિ આનંદ થયો. પછી રાજાએ બ્રહ્માજી પાસે માંગણી કરી કે "ભૂલોકમાં સહુ લોક આ મૂર્તિનાં દર્શન કરી પાવન થાય તેટલા માટે આ મૂર્તિ મને આપો." બ્રહ્માજીએ આ માંગણી સ્વીકારી નહિ તેથી રાજાએ ત્યાં મોટું તપ કર્યું. અંતે બ્રહ્મા પ્રસન્ન થયા અને તે મૂર્તિ રાજાને આપી. રાજાએ એ મૂર્તિ આ પૃથ્વી ઉપર લાવી અયોધ્યામાં સ્થાપન કરી. અયોધ્યામાં આ મૂર્તિની પૂજા-અર્ચન બધું જ ધામધુમથી લોકો કરવા લાગ્યા.

ઘણો સમય વીતી જતાં ઈક્ષ્વાકુ રાજાના કુળમાં ભગવાન રામચંદ્ર પ્રગટ થયા. તે વખતે પણ આ મૂર્તિની ઉપાસના અયોધ્યામાં ચાલતી હતી. પિતાની આજ્ઞાથી રામજી વનમાં ગયા. તેમાં રાવણ, કુંભકર્ણ, મેઘનાદ વિગેરે ઘણા રાક્ષસો મરી ગયા. ભગવાને ભક્ત વિભિષણને લંકાનું રાજ્ય આપ્યું. ભગવાન સીતાજી તથા અન્ય પાર્ષદો સહિત અયોધ્યામાં પધાર્યાં. વિભિષણ હનુમાનજી વિગેરે અન્ય સેવકો સાથે જ આવ્યા હતા. તે બધાય પુષ્પક વિમાનમાં બેસીને આવ્યા હતા. અયોધ્યામાં મોટો ઉત્સવ ઉજવાયો. બધા ઘણા દહાડા રોકાયા. પછી ભગવાને દરેકને સહુને પાછા ફરવાની આજ્ઞા કરી વિભિષણને કહ્યું કે લંકા જઈ તમારું રાજ્ય સારી રીતે ચલાવો.

ભગવાનનો વિયોગ વિભિષણથી સહન ન થયો. તેથી રડવા લાગ્યા. ભગવાને તેમને આશ્વાસન આપ્યું અને પ્રસન્ન થઈને કહ્યું કે "પ્રણવાકાર વિમાન સહિતની આ મારી જ મૂર્તિ છે. તે હું તમોને આપું છું. તમો લઈ જાવ. તેનાં દર્શન પૂજન કરજો. મારા પ્રત્યક્ષ સ્વરૂપ જેટલો જ આનંદ તમને તે દ્વારે મળશે." વિભિષણ આ સાંભળી રાજી થયા અને તે મૂર્તિ લઈને ચાલવા માંડ્યું. તે વખતે ભગવાને તેમને ચેતવણી આપી કે, "લંકામાં પહોંચે ત્યાં સુધી આ મૂર્તિને હાથમાં જ રાખજો. કોઈ સ્થળે ભોંય ઉપર મુકશો નહિ. જો મુકશો તો મૂર્તિ ત્યાં જ સ્થિર થઈ જશે. પછી ત્યાંથી ખસશે નહિ." વિભિષણ પ્રણામ કરી ત્યાંથી ચાલવા લાગ્યા.

ચાલતાં ચાલતાં ઉભય કાવેરી વચ્ચે રહેલા પ્રદેશમાં જ્યારે વિભિષણ પહોંચ્યા ત્યારે ત્યાંના ઋષિઓએ આ મૂર્તિની માંગણી કરી પણ વિભિષણે મૂર્તિ આપી નહિ. તેથી ઋષિઓએ યુક્તિ કરી. કાવેરી ગંગાને કહ્યું કે વિભિષણ મૂર્તિ લઈ આવે છે. તે મૂર્તિ અહિ રહે એવો કોઈ ઉપાય કરો. એટલે કાવેરી નદીએ વિભિષણના ઉદરમાં પ્રવેશ કર્યો અને ગણપતિને બ્રાહ્મણનું સ્વરૂપ આપ્યું. ગણપતિ બ્રાહ્મણનો વેષ ધારી વિભિષણની સામે આવ્યો. તે વખતે વિભિષણને લઘુશંકાએ જવાનું થયું. કારણ કે કાવેરી ગંગાએ વિભિષણના ઉદરમાં પ્રવેશ કરેલો હતો એટલે વિભિષણે આ બ્રાહ્મણને કહ્યું. "તમો આ મૂર્તિને થોડીવાર તમારા હાથમાં ધારણ કરી રાખો હું મારું અગત્યનું (લઘુશંકા) કાર્ય કરી જલદી પાછો આવું છું." સાથે ભલામણ કરી કે, "હું પાછો આવું ત્યાં સુધી આ મૂર્તિ હાથમાં રાખશો. ભોંય પર ન મૂકશો."

મૂર્તિ હાથમાં આવી અને વિભિષણ લઘુશંકા કરવા દૂર ગયા. લઘુશંકા કરતાં વાર લાગી એટલે આ બ્રાહ્મણ (ગણપતિ) મૂર્તિને નીચે ચોખ્ખી જમીન ઉપર મૂકી

દીધી. ત્યાં જ વિભિષણ આવી પહોંચ્યા. એટલે વિભિષણની બીકથી બ્રાહ્મણરૂપે બનેલ ગણપતિ દોડતા દોડતા પર્વતની ગુફામાં પેસી ગયા. તેથી આજે પણ ત્યાં ગણપતિની સ્થાપના કરેલી છે. પછી વિભિષણે મૂર્તિ ઉંચકવા માંડી પણ ઊપડી જ નહિ. તેથી ઋષિઓ મારફત ત્યાં તે મૂર્તિની ધામધુમથી સ્થાપના કરી.

## શ્રીહરિએ શ્રીરંગક્ષેત્રમાં માળીનો મોક્ષ કર્યો

શ્રીહરિ રંગક્ષેત્રમાં આવ્યા. કાવેરી ગંગામાં સ્નાન કર્યું. ફુલવાડીમાં ઉતારો કર્યો. ત્યાં મહારાજ કૂવે નાવા પધાર્યા ને નાહીને ધ્યાન કરતા હતા. તે વખતે તે વાડીના માળીએ સારાં મીઠાં ફળ લાવી મહારાજને આપ્યાં. તે મહારાજ શાલિગ્રામ ને નૈવેદ્ય ધરીને જમ્યા. એવી રીતે ત્યાં મહારાજ બે માસ સુધી રોકાણા ને ઘણાં માણસોને ધર્મનો ઉપદેશ કર્યો તેથી તેમણે કુટેવોનો ત્યાગ કર્યો ને ત્યાં મહારો કેટલાક મતવાદીઓને જીતી લીધા. શ્રીહરિ નિત્ય કાવેરી ગંગામાં સ્નાન કરી રંગનાથ ભગવાનનાં દર્શન કરતા.

એક દિવસ બપોરે ત્યાંના માળી માટે ભાત આવ્યું ત્યારે તેણે મહારાજને કહ્યું કે બાલારામ ! આ અમારું ભોજન તમે જમો. ત્યારે મહારાજ કહે 'અમે તો અન્ન જમતા નથી. ત્યારે માળી કહે, મારે તો હરકોઈ આવે તેને જમાડવાનો નિયમ છે. ને મેં તમને ક્યારેય જમાડ્યા નથી. માટે જમવું પડશે.' એમ અત્યંત આગ્રહ કરીને મહારાજને તે માળીએ જમાડ્યા. પછી મહારાજ જમીને ત્યાંથી ચાલી નિસર્યા. પછી બીજે દિવસે તે માળીને તાવ આવ્યો ને ત્રીજે દિવસે તો દેહ મેલી દીધો. તે પછી દસ મહિને સુરતમાં એક શાહુકારને ઘેર જન્મ્યો.

પછી શ્રીજી મહારાજ લોજ પધાર્યા ને રામાનંદ સ્વામીનો મેળાપ થયો ને જેતપુરમાં ગાદી આપીને રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી મહારાજે સત્સંગ વધાર્યો ત્યારે સુરતના હરિજનોની વિનંતીથી મહારાજ પાંચસો પરમહંસ તથા કાઠીઓના સવારે સહિત સુરત પધાર્યા ને વાજતે ગાજતે શહેર વચ્ચે થઈને સવારી નીકળી. તે વખતે તે છોકરે તેના બાપને કહ્યું કે, 'મારે સ્વામિનારાયણની સવારી જોવા જાવું છે.' ત્યારે તેના બાપે ના પાડીને કહ્યું, 'તેમણે તો બાબરો ભૂત વશ કર્યો છે. તે મહા જાદુગરા છે.' તો પણ તે છોકરો સવારી જોવા ગયો.

ને મહારાજનાં દર્શન થતાં જ તેણે ઓળખી લીધા કે સ્વામિનારાયણને મેં કોઈક દિવસ ભાળ્યા છે. એમ થવાથી આંખમાં પાણી નિસરવા લાગ્યાં. તે વખતે તેની ભેગો એક સિપાઈ આવેલો હતો. તેણે કહ્યું 'ઋક્રભ ઋક્રભ' તો પણ

છોકરો રોતો આળશ્યો નહિ. તે જ્યાં સુધી મહારાજ દેખાણા ત્યાં સુધી રોયો. પછી ઘેર આવ્યો ત્યારે સિપાઈએ શેઠને કહ્યું, 'તેરા બેટાને જાદુ કરી દીધું હતું.' ત્યારે શેઠ કહે, 'મેં તેને જવાની ના પાડી હતી તોપણ પરાણે ગયો.' પછી શેઠે પોતાના સિપાઈને કહ્યું, 'તું બે રૂપિયાની બરફી, બે ખેશિયા, કંકુ ને ફુલનો સારો હાર લઈ આવ.' ત્યારે તે લાવ્યો. પછી કહે, તે બધું લઈને ગુંસાઈ મહારાજ પાસે જઈ ભેટ ધરજે ને આ છોકરાને પગે લગાડજે, તે બધું લઈ એકો જોડાવીને સિપાઈ તથા છોકરો ચાલ્યા. તે મહારાજને ઉતારે જવાનો રસ્તો આવ્યો ત્યારે તે છોકરાએ સિપાઈને કહ્યું, 'આ બધી ભેટ મારે સ્વામિનારાયણને ધરવી છે. માટે આપણો એકો ત્યાં લઈ ચાલો ને હું તને દસ રૂપિયા આપીશ.'

પછી એકો મહારાજના ઉતારા તરફ લઈ ચાલ્યાને મહારાજ બાગમાં ઉતર્યાં હતાં. ત્યાં ગયા. ત્યારે તે છોકરો બરફીનો થાળ મહારાજ આગળ મેલીને પગે લાગ્યો. ને મહારાજને કહ્યું, 'મારે તમને પૂછવું છે.' ત્યારે મહારાજે સંતને કહ્યું, 'તમે સહુ તંબુમાં પાણી પીયાવો.' એટલે સંત સર્વે ઉઠી ગયા ત્યારે છોકરે પૂછ્યું, 'હે મહારાજ ! મેં તમને ક્યાંઈક ભાળ્યા છે.' ત્યારે મહારાજ કહે, 'તું ગયા અવતારે શ્રીરંગમાં એક વાડીનો માળી હતો ને તે અમને બહુ આગ્રહ કરીને કેળાં ને રોટલી જમાડી હતી. તે પુણ્યે કરીને તારો જન્મ શેઠને ઘેર થયો છે.' પછી છોકરો કહે, 'મને તમારો સાધુ કરો.' ત્યારે મહારાજે ના પાડી ને કહ્યું, 'તારો બાપ ઉપાધિ કરે માટે તને વર્તમાન ધરાવીએ પણ તારે કંઠી ન રાખવી કારણ કે તારો બાપ વૈષ્ણવ છે. તે રાખવા ન દે ને તારું કલ્યાણ હું આ સાધુની હાર કરીશ.' એમ કહી પાર્ષદ પાસે પાણી મંગાવીને મહારાજે તે છોકરાને વર્તમાન ધરાવ્યાં. પછી તે છોકરો બહુ રાજી થયો ને મહારાજને કંકુનો ચાંદલો કર્યો ને ફુલનો હાર પહેરાવ્યો ને ખેશીયાં ઓઢાડીને બરફી ભેટ મૂકી. પછી મહારાજે તેને હાર અને બરફીની પ્રસાદી આપી તે લઈને છોકરો ઘરે ગયો. ત્યારે શેઠે કહ્યું, 'ગુંસાઈજી મહારાજે માથે હાથ મેલ્યા હતા ને ?' ત્યારે છોકરે હા પાડી પછી તે ઉપરથી શ્રી વલ્લભનું અને અંતરમાં સ્વામિનારાયણનું ભજન કરતો તેને અંતકાળે શ્રીજી ધામમાં તેડી ગયા. આ લીલા હરિચરિત્ર ચિંતામણિ.

## સુંદરપુર

શ્રીરંગક્ષેત્રથી શ્રીહરિ આગળ ચાલ્યાં ત્યાં રસ્તામાં એક વણિક ભેગો થયો. બાલયોગીને જોઈ તેના મનની વૃત્તિ વર્ણીમાં ખેંચાણી. તે તીર્થ કરવા જતો હતો.

તેણે શ્રીહરિને પૂછ્યું કે આપને ક્યાં જવું છે ? ત્યારે વર્ણીએ કહ્યું કે અમો તીર્થ કરવા જઈએ છીએ. ત્યારે વણિક બોલ્યો કે મારે પણ તીર્થ કરવા જવું છે. સારું થયું કે આપના જેવા મહા તપસ્વીનો મને સંગાથ થયો માટે હું પણ આપની સાથે ચાલીશ. એમ વાત કરી તે શ્રીહરિ સાથે ચાલ્યો. ત્રણ યોજન (બાર ગાઉ) ચાલ્યા ત્યારે સુંદરપુર ગામ આવ્યું. તે ગામમાં તે વાણિયાનો સગો સુખરામ નામે વણિક રહેતો હતો. તેથી વણિકે કહ્યું કે, 'હે બ્રહ્મચારીજી ! આ ગામમાં મારા સગા રહે છે. તો આપણે તેમને ત્યાં જઈએ.' ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમો પુરમાં (ગામ) જતા નથી. તારે જવું હોય તો તું જા એટલે વણિકે શ્રીહરિને આગ્રહપૂર્વક વિનંતી કરી પોતાના સગાને ત્યાં લઈ ગયો.

તે વખતે સુખરામ પોતાના ઘરની ઓસરીમાં બેઠો હતો. તેણે પોતાના સગાની સાથે મહા તેજસ્વી વર્ણીને જોઈ એકદમ ઉભો થઈ નમસ્કાર કર્યા અને આસન આપી વર્ણીને તેના ઉપર બેસાડ્યા. ત્યાં શ્રીહરિ ઉપદેશની સુંદર વાતો કરવા લાગ્યા. શ્રીહરિ કહે છે કે (૧) આ દેહ જડ, નાશવંત, દુઃખદાયી, મિથ્યા છે અને છેવટે આ દેહની ત્રણ પ્રકારની ગતિ થાય છે. ૧. વિષ્ટા થાય, ૨. ભસ્મ (રાખ) ૩. માટી થાય માટે દેહથી પોતાના સ્વરૂપને જુદું આત્મારૂપ માની ભગવાનનું ભજન કરવું. (૨) આ શરીર સપ્તધાતુયુક્ત છે. મળમૂત્રનું પાત્ર છે. માટે મનુષ્ય શરીર ધારણ કરવાનું એટલું જ ફળ છે. કે હરિ સન્મુખ થઈ જીવાત્માનો મોક્ષ કરવો. (૩) જગતમાં માયિક પંચવિષયનું સુખ લેવા જે જાય છે. તે શરીરનો નાશ કરે છે. જો માછલું, પતંગિયું, હરણ, હાથી, ભ્રમર એ પાંચેય એક એક વિષયથી મરણ પામે છે. તો પછી એક જ જણ પાંચેય વિષયનું સેવન કરે તો તે નિશ્ચેય મરણ પામે. પણ અવિવેકથી આવી વાત કોઈ વિચારતું નથી.

શ્રીહરિની વાત સાંભળી સુખરામ વણિક બોલ્યો કે હે વર્ણી ! (૧) માણસે કલ્યાણ માટે (ભવસાગર તરવા) કયા નાવનો આશ્રય કરવો જોઈએ. ત્યારે શ્રીહરિએ કહ્યું કે ભગવાનના સંતરૂપી નાવનો આશ્રય કરવાથી ભવસાગર તરાય છે.સંતના વચન સત્ય માની તે કહે તેમ કરે તો મોક્ષ થાય ત્યારે તે વણિક બોલ્યો કે 'હે વર્ણી ! તેવા સંત મળવા દુર્લભ છે.' (૨) તો તેવા સંતને કેવા લક્ષણે ઓળખવા ? - શ્રીજી કહે તેવા સંત નિર્માની, નિર્મોહી, સંગદોષ રહિત, ત્રિગુણાતીત હોય, દેહથી ભિન્નરૂપે વર્તતા હોય, નિત્ય અધ્યાત્મ વાત કરતા હોય. કામ, ક્રોધ, મદ, લોભ, દંભ આદિ દોષોથી રહિત નિરંતર ભક્તિ જ

કરતા હોય. સુખ-દુઃખ વગેરે દ્વંદ્વ, તથા મત્સર, ઈર્ષારહિત હોય. હંમેશા ક્ષમાને સંતોષવાળા હોય. સર્વના મિત્ર હોય, અધર્મનો ત્યાગ કરે અને કરાવે, આવા સર્વ ગુણ સંપન્ન સંતો અક્ષરધામને પમાડે માટે તેવા ગુણ યુક્ત સંતનો આશ્રય કરવો. તેનાથી ભગવાનને વિષે ભક્તિ અને મહાત્મ્ય વધે છે.

સુખરામ વણિકને રૂપ, ગુણયુક્ત ભગવાનની ભક્ત એક કન્યા હતી. તે નિત્ય વિધિ પ્રમાણે ભગવાનની પૂજા કરતી. જગતથી ઉદાસ રહેતી, પ્રભુને પોતાના પતિ માની સેવા કરતી. તે કન્યા ઘરની પરસાળમાં ઉભી રહીને વર્ણીનું નવલ કિશોર મનોહર સુંદર રૂપ જોઈ તથા કરૂણારસથી ભરેલી મૂર્તિ જોઈ તે કન્યાનું મન શ્રીહરિમાં ખેંચાયું અને અનિમેષ નયને વર્ણીને જોઈ રહી. તેથી તેને સમાધિ થઈ ગઈ પોતાની કન્યાને સમાધિ થઈ છે. તેમ જાણી સુખરામ વણિકે માન્યું કે આ વર્ણી કોઈ મહા સમર્થ સિદ્ધ યોગી છે કે હરિહરનું બીજું સ્વરૂપ છે. પણ મનુષ્ય નથી. તેટલામાં તે કન્યા સમાધિમાંથી જાગી.

પછી તે વણિક બોલ્યો કે હે વર્ણી ! આપ સદાય મારા ઘરે રહો અને આ મારી કન્યા છે. તે સંસારથી ઉદાસી રહે છે. તેને આપની દાસી બનાવી રાખો. તે આપની સેવા કરશે. હું આપને પુત્રની માફક પ્રેમથી રાખીશ. રોજનું આપનું મુખકમળ નિરખી મારો જન્મ સફળ કરીશ. કદાચ આપ કહેશો કે અમે બ્રાહ્મણ તે વણિક કન્યા સાથે લગ્ન કેમ કરીએ ? તો તેનું એમ છેકે ઊંચી જ્ઞાતિના વરને નીચ જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કરવામાં અન્યાય નથી. તમો કહેશો કે અમો બ્રહ્મચારી છીએ. તો હવે ગૃહસ્થાશ્રમી કેમ બનાય ? તો તેમાં પણ જરાય વાંધો નથી. શાસ્ત્રોમાં ઋષિમુનિઓના તેવા અનેક દાખલા છે. માટે તે શાસ્ત્ર સંમત્ત છે.

વણિકનાં આવાં વચનો સાંભળી વર્ણી જરા હસીને બોલ્યા કે હે વણિક ! મારા ઘરે પરમ પવિત્ર માતા, પિતા, ભાઈઓ હતાં. આખું ગામ અને પાસેનો પ્રદેશ અમારામાં મમતા રાખતો. આજીવિકાની પણ ચિંતા ન હતી અને કન્યા મેળવવા માટે પણ મુશ્કેલી ન હતી. કુળ ઉચ્ચ હતું ને સુખી હતું છતાં તીવ્ર વૈરાગ્યથી પ્રેરાઈ તીર્થયાત્રા કરવા મેં ઘરનો ત્યાગ કર્યો છે. હું જે છોડીને આવ્યો છું. તેના પ્રમાણમાં તું અમને શું આપવાનો હતો. આનાથી વધારે સારાં અનેક પ્રલોભનો છોડીને અમે આવ્યા છીએ. તો તારા ઘરે કેમ રહું ? મેં જગતને ઠગવા માટે બ્રહ્મચારીનો વેષ નથી કાઢ્યો. હું જગતને દેખી દૂર રહું છું. મારી પોતાની ઈચ્છાથી જ વનમાં વિચરું છું. પ્રચંડ તપ કર્યું છે. માટે હે સુખરામ ! હું વૈભવ નહિ ભોગવું. તન, ધન, સ્વજન બધું મિથ્યા છે. તે સાથે મારે કેમ બને ? માટે

હું તારી પુત્રી સાથે લગ્ન નહિ કરું. માટે તો અનેક જીવોનું મંગળ કરવા ઘરનો ત્યાગ કર્યો છે. વૈભવ નહિ ભોગવું. તન, ધન, સ્વજન બધું મિથ્યા છે. તે સાથે મારે કેમ બને ? માટે હું તારી પુત્રી સાથે લગ્ન નહિ કરું. મેં તો અનેક જીવોનું મંગળ કરવા ઘરનો ત્યાગ કર્યો છે. વૈભવ વિષે સમ જાન હું ભોગ રોગ સમ તોર વૈભવને ઝેર સમાન અને ભોગને રોગ સમાન જાણું છું.

શ્રીહરિનાં વચન સાંભળી વણિક બોલ્યો કે, 'અત્યારે કિશોર અવસ્થા છે. તેથી આપને ખબર નથી પણ જ્યારે જોબન અવસ્થાનું જોર જામશે ત્યારે સર્વે ભોગોની ઈચ્છા થશે. પછી વિષય તરફ દોટ મુકશો. અંતરમાં મહામોહ જાગશે. ઈશ, અનીશ સર્વે મોટા મોટા પણ મટકું માર્યા વિના વિષયપ્રવાહમાં વધ્યા કરે છે. તો પછી મનુષ્યજાતિનું શું ગજું ?'

ત્યારે શ્રીહરિ બોલ્યા કે અમો જોબનનું જોર નહિ આવવા દઈએ. મોહના પ્રવાહમાં તણાઈએ એવા અમો નથી. યૌવન વખતે જેમાંથી વીર્ય વધે છે. તેવું રસવાળું અન્ન અમો જમતા નથી. વધારે વખત વાયુ ભક્ષણ કરીને રહીએ છીએ. માતાપિતાનો ભાગ જે માંસ ને રૂધિર તે આ શરીરમાં મેં રહેવા દીધા નથી. બાલ, પૌગંડ, કિશોર અવસ્થાઓ ગઈ. યૌવનને પાસે આવવા દઈશ નહિ માટે તું તેની ચિંતા ન કરીશ. તારી કન્યાનો દેહ હાડકાંના પીંજરાને માંસ લપેટીને ચારે બાજુએ નાડીઓના બંધ બાંધ્યા છે. તેમાં લોહી ભરીને ચામડીથી મઢી દીધેલો છે. તેના ઉપર રોમ છે. આંખમાં પિયા, નાકમાં લેંટ, મુખમાંથી લાળ વહે છે. તે ગંધાય છે. મળમૂત્ર કરે છે. તેથી તે બંને દ્વાર પણ ગંધાય છે. નેત્રથી ઉપર રૂપ દેખાય છે. પણ અંદર નકામી વસ્તુ ભરી છે. રગેરગમાં ભોગ ને રોગ ભર્યાં છે. કૃમિ આદિ કીડાઓ ભર્યાં છે. તેથી તે દેહ વિષ્ટારૂપ છે. તે વિષયરસને જે સેવે છે તે અપાર કષ્ટ પામે છે. વિષયભોગનું ફળ નર્ક અને લખચોરાસી છે. તે વિષયનો ત્યાગ કરીને હરિને ભજે છે. તેને નર તનનું ફળ છે. વિષયભોગ ક્ષણવાર સુખ કરે છે. પણ તેનો અંત કોટિ જન્મ સુધી આવતો નથી. વિષયનો ત્યાગ કરીને જગતનો મોહ છોડી સંતો હરિપદ પામે છે.

જે ગુણમાં રહી વર્તે છે. તે સાન વગરના સર્વે મૂઢ છે. તે કામ, ક્રોધ, લોભથી પોતાને જાણી શકતા નથી. હું ગુણથી પર મેઘાને જ્ઞાનસિદ્ધ કરીને રહું છું. ગુણમાં મારું ઘર નથી. હું સર્વેના અંતરની વાત જાણું છું જેને પુરણબ્રહ્મ કહે છે. તે હું છું જીવને બ્રહ્મરૂપ કરું છું ને જીવને કલ્યાણરૂપી દાન આપું છું. આ દર્દથી સ્ત્રી માત્રનો ગંધ લેશ માત્ર લેતો નથી. મારી મૂર્તિમાં જે હેત કરે છે તેનો મોક્ષ કરું છું.

શ્રીહરિનાં આવાં વચનો સાંભળી તે કન્યા સહિત સુખરામ વણિક શ્રીહરિનો આશ્રિત થયો. પોતે ધનવાન હતો. શ્રીહરિને આગ્રહ કરી જમાડ્યા. શ્રીહરિ ત્યાં રાત્રી રહ્યા. સવારે ચાલવા તૈયાર થયા. ત્યારે સાથે આવેલા વણિકે કહ્યું કે હે ગુરુદેવ ! આપ એક બે દિવસ અહીં રોકાઓ. આપણે સાથે જઈશું. ત્યારે શ્રીહરિએ કહ્યું કે તારો સંબંધી છે માટે તું રહે. મને ભોગ ગમતા નથી. તને તેમાં થોડીક પ્રીતિ છે અને તું મારા ભેગો ચાલી શકીશ નહિ. કારણ કે હું વન અને તીર્થમાં ફરીશ. તારાથી તે નહિ બને. પછી સુખરામે તથા તેની પુત્રીએ શ્રીહરિની મૂર્તિ અંતરમાં ધારી લીધી. શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લેવામાં આવી છે. લેખક અ.નિ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી (નંદકિશોર સ્વામી)

## મલબાર દેશમા

શ્રીહરિ સુંદરપુરથી એકલા જ ચાલ્યા તે મલબાર દેશમાં આવ્યા. તેમાં રામ નામનો રાજા રામનો ભક્ત અને સદાવૃતિ રાજા હતો. તેના દેશમાં સર્વત્ર પર્વતો છે. તેમાં ચંદનનાં, લવિંગના, તજ અને સોપારી વગેરેનાં ઘણાં વૃક્ષો છે. તે દેશ ઘણો રસાળ છે. તેમાં એક તરફથી જવાય તેવી સગવડ છે. બારેમાર ઉપયોગી વરસાદ ત્યાં થાય છે. બધી જાતના અન્ન ત્યાં પાકે છે. ત્યાંના રાજાને દર્શન દીધાં. ભાવિક રાજાનું મન શ્રીહરિમાં આકર્ષાયું તેથી તે રોજ નવા નવા મેવા શ્રીહરિને જમવા માટે સાથે લઈ દર્શન કરવા આવતો. આ દેશની શોભા સુખ જોઈને દરેકને રહેવાનું મન થાય તેમાં પણ રાજાનું સન્માન મળે પછી તો જવાનું મન જ ન થાય. આ બધું મળવા છતાં નિઃસ્પૃહી શ્રીહરિ ત્યાંથી ચાલવા તૈયાર થયા ત્યારે રાજાએ શ્રીહરિને વિનંતી કરીને કહ્યું કે હે પ્રભુ ! મારી રાજસંપત્તિ, મારું કુટુંબ, મારો દેહ આ બધું આપનું જ છે. આપ મળ્યા પછી મને તેમાં જરાપણ રુચિ નથી. ફક્ત તમારાં દર્શનની જ એક રુચિ છે. આપના વિના અમને ખાવાનું પણ નહિ ભાવે.

મહેલ પણ સ્મશાન જેવો લાગશે. જીવન પણ મરણ તુલ્ય જણાશે. માટે અમને જીવાડવા હોય તો કૃપા કરીને આપ અહીંયા રહો. પછી શ્રીહરિએ તેને ખૂબ જ્ઞાનની વાતો કરી. પછી કહ્યું કે તમો જ્યારે અમને સંભારશો ત્યારે અમો દર્શન દઈશું. એમ કહી પ્રેમથી રાજાને મળ્યા. જેથી રાજાના અંતરમાં શ્રીહરિની મૂર્તિ દેખાવા લાગી. તેથી રાજા કાંઈ બોલી શક્યા નહિ.

પછી શ્રીહરિ ત્યાંથી ચાલવા તૈયાર થયા. ત્યારે રાજાએ વર્ણીની પૂજા કરીને હાથી ઉપર બેસાડી મોટી સવારી કાઢીને ધામધુમથી વિદાય આપી. પૂરજનોને દર્શન દેતા અને તેણે પ્રેમથી અર્પણ કરેલા ફુલહારોને ગ્રહણ કરતા કરતા પુરની બહાર આવ્યા. ત્યાં વર્ણી હાથી ઉપરથી ઊતરી પડ્યા. ત્યારે રાજાએ ચરણમાં પડી વિનંતી કરી કે ફરી દર્શન દેજો. અમો આપના વિના આ સંસારના બંધનથી છુટી શકીએ તેમ નથી. આપને ભગવાન માની આપનું શરણું લીધું છે. અનંતકોટી બ્રહ્માંડના જીવોનાં નાડી-પ્રાણ આપના હાથમાં છે. રાજાની એવી પ્રાર્થના સાંભળી શ્રીહરિએ રાજી થઈ હસતાં હસતાં રાજાને પોતાના ચરણાર્વિંદ આપ્યાં અને તેને રાજી કરીને ત્યાંથી ચાલ્યા. શ્રીહરિ મલબારના રાજાને ત્યાં ચારમાસ રોકાયા હતા. આ લીલા શ્રીહરિ વન વિચરણમાંથી લીધી છે.

**નોંધ** : સ.ગુ.શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી (નંદકિશોર સ્વામી) અમદાવાદ કાલુપુર મંદિર

શ્રીહરિ મલબાર દેશમાં રામ નામનો રાજાનો ઉદ્ધાર કરીને ત્યાંથી શ્રીહરિ સેતુબંધ રામેશ્વર પધાર્યાં છે.

## સેતુબંધ રામેશ્વર

શ્રીહરિ સેતુબંધ રામેશ્વર પધાર્યાં. રામેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં. રામેશ્વરનું મંદિર સમુદ્રના કિનારે છે. ભારતના ચાર મુખ્ય તીર્થધામનું એક મહાન તીર્થ રામેશ્વર છે. અહીં ભારતનાં બાર સ્વયંભૂ જ્યોતિર્લિંગમાંનું એક લિંગ છે. આ લિંગ સત્યુગમાં રામચંદ્ર ભગવાને સ્વયં પ્રતિષ્ઠા કરીને સ્થાપના કરી છે. રામેશ્વર મહાદેવનું મંદિર પૂર્વદ્વારે છે. આ મંદિરના ચારેબાજુ કોતરણીવાળા ચાર મોટા દરવાજા છે. આ મંદિરના દરવાજા વિશ્વકર્માએ બનાવેલા છે. બીજું પણ મંદિર સાથે છે. જેમાં હનુમાનજી કાશીથી જે લિંગ લાવ્યા હતા. તેનું સ્થાપન છે. પાર્વતીજીનું મંદિર છે. શેષશાયી ભગવાનનું મંદિર છે. બીજા નાનાં નાનાં ઘણાં મંદિરો છે. આ મંદિરની આજુબાજુ નાના મોટા બાવીસ (૨૨) કુંડો છે. આ મંદિરમાં નંદીશ્વર બહુ જ મોટા છે. બે માળના મકાન જેવડો છે. આ મંદિરની નજીકમાં સમુદ્ર છે. પૂર્વદિશા તરફ ત્યાં સ્નાન (શ્રાદ્ધ) વિગેરે થાય છે. તેની નજીક શંકરાચાર્યનો મઠ છે. તેમાં શંકરાચાર્ય વિગેરે આચાર્યોની મૂર્તિઓ પધરાવેલી છે.

મંદિરથી અડધા માઈલ દૂર રામકુંડ છે. તેની પાસે સીતા કુંડ છે. તેની સામે લક્ષ્મણકુંડ છે. મંદિરથી એક માઈલ છેટે ઉત્તરમાં રામઝરૂખો છે. તેમાં રામચંદ્રજી

ભગવાનનાં પગલાં છે અને મૂર્તિઓ પણ છે. આ રામઝરૂખા ઉપર નીલકંઠવર્ણી બિરાજમાન થઈને રામાવતારની લીલાઓનું સ્મરણ કર્યું હતું. રામઝરૂખે જતાં માર્ગમાં સુગ્રીવકુંડ, જાંબુવાન કુંડ તથા હનુમાનજીનું મંદિર આવે છે. બીજા રસ્તે ધર્મકુંડ, ભીમકુંડ, અર્જુનકુંડ, સહદેવકુંડ, નકુળકુંડ અને દ્રૌપદીકુંડ વિગેરે કુંડો શ્રીજી મહારાજ ત્યાં બે માસ રહ્યા છે. રામઝરૂખાથી ઉપર ચડીને જોઈએ તો ધનુષ્યકોટીનાં દર્શનની ઝાંખી થાય છે. નીલકંઠ ધનુષ્યની કોટિ પધાર્યા. વિભીષણની પ્રાર્થનાથી ભગવાન રામચંદ્રજીએ ધનુષ્યની કોટિથી અહીં સેતુને તોડી નાખ્યો હતો. તેથી આ સ્થાન ધનુષ્ય કોટિ તરીકે ઓળખાય છે.

શ્રીજી મહારાજ રામઝરૂખાથી ધનુષ્યકોટિના દર્શન કરી સ્નાન કરી, વર્ણી હરબોલા નામની સમુદ્રની ખાડી ઉતરીને દર્ભશયન ગયેલા હતા. રામેશ્વરથી મદુરા આવતાં માર્ગમાં રામનાદ આવે છે. ત્યાંથી ૮ માઈલ છેટે દર્ભશયન આવે છે. ત્યાં રામચંદ્રજી ભગવાનની દર્ભ પર પોઢેલી મૂર્તિ છે. પાસે ચક્રતીર્થ નામનો કુંડ પણ છે.

**રામેશ્વર ભગવાનની સ્થાપનાનો ઇતિહાસ :** રામચંદ્ર ભગવાન રાવણનો નાશ કરીને તેની ગાદીએ વિભીષણને બેસાડી ભગવાન રામચંદ્રજી, સીતાજી, લક્ષ્મણજી, વિભીષણ અને હનુમાનજી સાથે પુષ્પક વિમાનમાં બેસીને લંકાથી પાછા વળ્યા. ગંધમાનદ પર્વત (રામઝરૂખો) પાસે આવ્યા. ત્યાં વિમાનની ગતિ અટકી ગઈ. ભગવાન વિમાનમાંથી નીચે ઉતર્યા અને તપાસ કરી કે વિમાન શાથી અટકી ગયું. તે વખતે અગત્સ્યાદિક ૠષિઓએ જવાબ આપ્યો કે “રાવણ બ્રાહ્મણ હતો તેને મારવાથી તમને બ્રહ્મહત્યા લાગી છે અને આ બ્રહ્મ હત્યા જ વિમાનને અટકાવી રાખે છે.”

આ બ્રહ્મહત્યાની નિવૃત્તિનો ઉપાય પૂછતાં ૠષિઓએ જવાબ આપ્યો કે, કાશીથી શિવલિંગ લાવી આ સ્થળે તેની સ્થાપના કરવામાં આવે તો બ્રહ્મહત્યા હટી જાય અને વિમાન ચાલતું થાય. ભગવાને કાશીથી શિવલિંગ લાવવાનું કામ હનુમાનજીને સોંપ્યું. હનુમાનજીએ કાશીમાં જઈને તપ કરીને શિવલિંગ પ્રાપ્ત કર્યું. જેઠ સુદી ૧૦ના રોજ સવારમાં શિવલિંગ સ્થાપવાનું મુહૂર્ત આવતું હતું. સમય થવા આવ્યો સહુ કોઈ હનુમાનજીની રાહ જોતા હતા. પરંતુ હનુમાનજી સમયસર આવી ન શક્યા. ૠષિઓએ મુહૂર્ત સાચવવા આગ્રહ કર્યો એટલે ભગવાનની આજ્ઞાથી સીતાજીએ રેતીનું (વેળુનું) શિવલિંગ તૈયાર કર્યું. ૠષિઓએ તે લિંગની પ્રતિષ્ઠા કરી ભારે મહોત્સવ ઉજવ્યો. આમ રામેશ્વર લિંગની સ્થાપના થઈ.

સર્વત્ર આનંદ વર્તતો હતો, તે વખતે હનુમાનજી શિવલિંગ લઈને આવી પહોંચ્યા. હનુમાનજીએ પૂછ્યું કે, "આ બધી ધામધુમ શાની થાય છે ?" ભગવાને જવાબ આપ્યો કે "શિવલિંગની (રામેશ્વરની) સ્થાપના મહોત્સવ પ્રસંગનો આ આનંદ છે." હનુમાનજીએ આશ્ચર્યથી પૂછ્યું કે "શિવલિંગ તો હજુ મારા હાથમાં છે. હમણાં જ હું કાશીથી લઈને આવું છું. તો પછી તેની સ્થાપના કેવી રીતે થઈ ગઈ ?" ભગવાને કહ્યું જે મુહૂર્ત વીતી જતું હતું એટલે સીતાજીએ બનાવેલ રેતીના લિંગની સ્થાપના કરી છે. ત્યારે હનુમાનજીએ કહ્યુ કે હવે અસલ લિંગ આવી ગયું છે. મૃતિકાના લિંગની જગ્યાએ આનું સ્થાપન કરો. ભગવાને કહ્યું કે હવે તે લિંગ ઉપડી શકે નહિ. તે લિંગ અતલાદિક નીચેના લોક સુધી પ્રતિષ્ઠિત થઈ ગયું છે. માટે તમારી શક્તિ હોય તો આ લિંગને ઉખેલી નાખો. હનુમાનજીએ ઘણી મહેનત કરી પણ પ્રતિષ્ઠિત લિંગ જરાય ખસ્યું નહિ. હનુમાનજી દિલગીર થઈ ગયા. તેથી ભગવાને તેમને આશ્વાસન આપ્યું અને રામેશ્વરની બાજુમાં જ હનુમાનજી લાવ્યા હતા. તે લિંગની સ્થાપના કરી. અને ભારે ધામધુમ કરી. હનુમાનજી પ્રસન્ન થયા. આમ રામેશ્વર મંદિરની નજીકમાં જ પાર્વતીજી (રામેશ્વરીનું) મંદિર છે. ત્યાં શયન આરતી સમયે દરરોજ રામેશ્વર મહાદેવની ભોગમૂર્તિને સોનાની પાલખીમાં બેસાડીને લઈ જવામાં આવે છે. અને સવારે મંગળા સમયે પાછા મંદિરમાં લાવવામાં આવે છે. તે વખતે ધામધુમ સહિત મહોત્સવ થાય છે. મંગળા આરતી સમયે સૌથી પ્રથમ રામેશ્વરના મંદિરમાં શંકરાચાર્યે આપેલ સ્ફટિક લિંગ (મણિલિંગ)નું પૂજન આરતી થાય છે. ત્યારબાદ બીજા લિંગો અને દેવતાઓની પૂજા વિ. થાય છે. ત્યાંથી ધનુષ્યકોટી જવાય છે. સમુદ્ર નજીક તેમાં સ્નાન વિ. થાય છે. હાલ રામઝરૂખો છે ત્યાં ગંધમાદન પર્વત હતો.

**રામેશ્વર :** શ્રીહરિ ત્યાંથી સમુદ્ર તટે આવ્યા. મોટાં મોટાં જહાજ ત્યાં જોયાં. વર્ણી હમેશાં સમુદ્રમાં સ્નાન કરતા. ક્યારેક તરીને ત્રણ ત્રણ ગાઉ સુધી જળમાં જતા. ક્યારેક જહાજમાં બેસતા અને ધ્યાન કરતાં. શ્રીહરિની આવી બધી લીલાઓમાં અનેક હેતુ રહેલા હોય છે. પોતે તો પૂર્ણકામ અને સર્વજ્ઞ છે. જનોનાં હિતને માટે જ અનંત પ્રકારના દિવ્ય અને મનુષ્ય ચરિત્રો કરે છે. ભગવાનના ચરિત્રોમાં સાકરના નાળિયેરની માફક ત્યાગભાગ કરવાનો હોતો નથી. બધાં જ ચરિત્રો દિવ્ય છે. એમ માની તેનું ગાન કરે, મનન કરે, શ્રવણ કરે તે જન્મ-મરણથી છૂટે છે. શ્રીહરિનું વચન લોપે ત્યારે તેમાં અધર્મ પ્રવેશ

કરે છે. ત્યારે દુઃખી થાય છે. સદ્‌બુદ્ધિ નાશ પામે છે. સત્સંગથી વિમુખ થાય છે. પછી ભગવાનના ભક્તનો દ્રોહ કરે છે. તે પાપે નરકકુંડમાં અપાર દુઃખ પામે છે.

અનેક જીવોનો મોક્ષ કરવો એ જ જેમનો હેતુ છે. એવા શ્રીહરિ ત્યાંથી ગામે ગામ ફરતા અને લોકોને દર્શન દેતાં સેતુબંધ રામેશ્વર આવ્યા. સમુદ્ર તીરે શિવજીનું મોટું મંદિર છે. શ્રીરામચંદ્રજી ભગવાને મનુષ્યથી ન બની શકે તેવો સમુદ્રમાં લંકા સુધી સેતુ (પુલ) બાંધેલો તે પવિત્ર સ્થળ જોઈ સમુદ્રમાં સ્નાન કર્યું. આ સ્થળને પવિત્ર જાણી વર્ણી બે માસ ત્યાં રોકાયા. મૂર્તિમાન સમુદ્રે આવી શ્રીહરિની પૂજા કરી. સમુદ્રની પાસે બાગમાં શ્રીહરિ ઉતર્યા હતા. ત્યાં રામકથા સાંભળતા હતા. શ્રીહરિના દર્શન તથા વાતોથી ત્યાંના માણસો આનંદ પામતા. તે માણસોને શ્રીહરિ રામચંદ્રજીની વાત કરતા કે રામચંદ્રજી પોતે પૂર્ણકામ હતા. છતાં કુળ, કુટુંબ, રાજ્ય, ધન, સ્ત્રી એ બધું ગૃહસ્થને કેટલું દુઃખરૂપ છે અને તેમાં કેવી રીતે વર્તીને આદર્શ મનુષ્ય બનાય છે. એ શીખવાડવા માટે પોતે વર્તન કરી બતાવ્યું. સમાજમાં મર્યાદાનું સ્થાપન કર્યું. તેમનાં બધા ચરિત્રો દિવ્ય અને નિર્દોષ છે. તેમાં દોષ કલ્પનારા મહાદુઃખ પામે છે. વર્ણી એમ સમજાવતા અને પોતે જ્યાં જ્યાં ફર્યા એ સંબંધી વાત બધાને કહેતા. શ્રીહરિના ઉપદેશથી જેમને ભગવાનમાં પ્રીતિ થતી અધર્મ માત્રનો ત્યાગ કરી સારઅસારને સમજી શ્રીહરિનું શરણું સ્વીકારી ભગવાનની ભક્તિ કરતા. શ્રીહરિ રામેશ્વરથી મદુરા આવ્યા. આ લીલા શ્રી હરિ વનવિચરણમાંથી લેવામાં આવી.

**નોંધ :** લેખક : સ.ગુ. નંદકિશોર સ્વામી અમદાવાદ કાલુપુર મંદિર

## મદુરા (સુંદરરાજ)

મદુરામાં મીનાક્ષીદેવીનું મંદિર પૂર્વદ્વારે છે. પાર્વતી દેવી તથા સુંદરેશ્વર નામના મહાદેવનાં શ્રીહરિએ દર્શન કર્યા. મંદિરના ચાર ગોપુર છે. આ ગોપુરમાં ઘણી મૂર્તિઓ છે. તેનાં દર્શન કર્યાં. મીનાક્ષીદેવીનું સુંદર મંગલ મહાદેવ લિંગમાં મહોરું છે. ગંગાજીની ભોગમૂર્તિઓ પણ છે. મદુરા શહેરની નજીકમાં જ સુંદર બાંધણીવાળું પુષ્કરણી તળાવ છે. ભુજમાં હમીરસર છે. તેવડું મોટું છે. વચ્ચે સુંદર બગીચો, બંગલા છે. ચારે તરફ સુંદર ઘાટો છે. મંદિરના ઘુમટો સોનાનાં પતરાંથી મઢેલા છે. ત્યાં હજાર થાંભલાનો એક મોટો સભામંડપ છે. મદુરાથી અગ્નિ કોણમાં દસથી બાર માઈલ છેટે સુંદરરાજ છે. ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું.

**સુંદરરાજ :** સુંદરરાજમાં ભગવાનનું મંદિર પૂર્વદ્વારે છે. ત્યાં ભગવાન શૈયા ઉપર ચતુર્ભુજ રૂપે છે. સુંદરરાજ ભગવાન બિરાજે છે. ભગવાનની પડખે શ્રીદેવી તથા ભૂદેવી છે. શ્રીહરિ ત્યાં બે દિવસ રહ્યા હતા. આ સુંદરરાજ આગલેશ્વર પરમાલ નામથી ઓળખાય છે.

## ત્યાગની સિદ્ધાઈ

શ્રીહરિ સેતુબંધ રામેશ્વરથી સુંદર રાજમાં આવ્યા. ત્યાં બે દિવસ રહીને ભૂતપુરીના માર્ગે વિકટ વનમાં કોઈને માર્ગ પૂછ્યા વિના દિશા બાંધીને ચાલ્યા. રાત્રિ પડે ત્યાં રોકાય. ફળ-ફૂલ મળે તો જમે નહિ તો વાયુ ભક્ષણ કરીને રહે તે રસ્તે આગળ ચાલતાં માર્ગમાં એક કૂવા પાસે ધૂણી લગાવીને બેઠેલા એક સિદ્ધને જોયો. તેમને શ્રીહરિએ પૂછ્યું કે તમો કપટના અહીંયા તપ કરો છો ? અમારે પણ તપની ઈચ્છા છે. તે અમને શીખવાડો. અમે ઘણા તપસ્વી જોયા પણ તમારા જેવા કોઈ જોયા નથી. મારા મનમાં જેવી ઈચ્છા હતી તેવા જ યોગી તમે મળ્યા. માટે હવે અમે અહીંથી જઈશું નહિ.

ત્યારે તે યોગી બોલ્યા કે મોટા સિદ્ધની વાત જુદી છે. તમારું તે કામ નથી. કેટલાય યુગથી અમે અહીંયા રહ્યા છીએ. અહીંયા કોઈ મનુષ્ય આવતું નથી. તમો આવ્યા તે જ આશ્ચર્ય છે. અમે વાયુ ભક્ષણ કરીને રહીએ છીએ. તમો કળિયુગમાં જન્મેલા હોવાથી તમારાથી તે બની શકશે નહિ. અમારી પાસે કોઈ ટકતું નથી. મોટા મોટા સિંહો પણ અહીંયા આવે છે. ભૂતપ્રેતનો પણ ભય છે. માટે અહીંયા રાત્રિ રહેવાનો વિચાર મૂકી બીજે ગામ જાઓ. સિંહો અહીં રાતે આવીને બેસે છે. પણ અમને દેખી આંધળા બની જાય છે. અમારા ઈષ્ટદેવ નૃસિંહજી છે તે અમારી રક્ષા કરે છે. જેથી અમે નિર્ભય છીએ. તમને વેળાસર ચેતવી દીધા જેથી અમને દોષ ન લાગે.

એવું તે યોગીનું બોલવું સાંભળી શ્રીહરિએ મનમાં વિચાર્યું કે આ યોગીની સિદ્ધાઈ કેટલી છે તે જોવી તો ખરી. એમ નક્કી કરી ધૂણી પાસે બેઠા. રાત્રે બે ચિત્તા આવ્યા તેમણે કૂવાની કુંડીમાંથી જળ પીધું. ધૂણીની રાખનો ઢગલો પડેલો હતો તેમાં આળોટ્યા. પછી ચાલ્યા ગયા. ત્યારે તે સિદ્ધે વર્ણીને કહ્યું કે તમે ડર્યા નહિ માટે કોઈ મોટા સિદ્ધ લાગો છો. પછી બેય જણાં સૂઈ ગયાં પણ સાચે સાચું કોઈ ઊંઘ્યા ન હતા. શ્રીહરિએ ઊંઘી ગયાનો ડોળ કર્યો. તેથી શ્રીહરિને ઊંઘી ગયા જાણીને તે સિદ્ધ મધ્યરાત્રિએ બેઠા થઈને એકબાજુ ચાલ્યો ને દૂરથી તેને

જોવા લાગ્યો તે યોગીએ એક વૃક્ષ ઉપર વાલોળના વેલા હતા. તેમાંથી વાલોળ તોડી છુપાવી રાખેલ ઘી, લોટ લીધાં અને આસન ઉપર આવીને બેઠો. શ્રીહરિ તો તેના પહેલાં જ આવીને સૂઈ ગયા અને ઊંઘવાનો ડોળ કરવા લાગ્યા. યોગીએ ઘઉંના લોટની બાટી બનાવી તેમાં ઘી નાખી વાલોળને અગ્નિમાં શેકી તે જમવા લાગ્યો. જમીને હાથ ધોવા લાગ્યો ત્યારે શ્રીહરિ ખોંખારો કરીને જાગ્યા. તે સિદ્ધ પછી સૂઈ ગયો. શ્રીહરિ તો જાગતા રહ્યા.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લેવામાં આવી છે. લેખક : નંદકિશોરદાસ સ્વામી અમદાવાદ કાલુપુર મંદિર.

## ભૂતપુરીના વનમાં શિવ-પાર્વતીએ શ્રીહરિને સાથવો આપ્યો

અરૂણોદય થયો ત્યારે શ્રીવર્ણી ભૂતપુરી જતા માર્ગમાં વિકટ વન આવ્યું. દિવસે પણ સૂર્યનું કિરણ ન પેસે એવા ઘટાદાર વનમાંથી નીલકંઠ સડસડાટ ચાલ્યા જતા હતા. એક દિવસ ગયો. બે દિવસ ગયા. એમ કરતાં પાંચ દિવસ થયા. પણ કંઈ ખાવાનું ન મળ્યું કે પીવાનું પાણી પણ ન મળ્યું. ચાલતાં ચાલતાં પાંચમા દિવસે શ્રીહરિનું શરીર સાવ અચેતન થઈ ગયું. તે ભૂમિ પર પડી ગયા. થોડીવારે જાગૃત થયા. કંઠ એકદમ સુકાઈ ગયો તો પણ ધીરજ રાખી આગળ ચાલ્યા ત્યારે દૂરથી એક કૂવો જોયો. નીલકંઠ ત્યાં પહોંચ્યા. કૂવામાં પાણી ઊંડું હતું. પણ નિર્મળ હતું. વેલડીની દોરડી બનાવીને નીલકંઠે કઠારી દ્વારા પાણી બહાર કાઢ્યું અને કૂવાના જળથી નાહી ધોઈને નિત્યક્રમ કર્યું. પછી પાત્રમાં શાલિગ્રામને મૂકીને કઠારીથી પાણી ભરીને શાલિગ્રામને નવરાવવા લાગ્યા. તેમણે શાલિગ્રામ પર પાણી રેડ્યું. પણ જોયું તો ચમત્કાર ! પાંચ-સાત કઠારી જળ શાલિગ્રામ પર નાખ્યું પણ બધું જ જળ શાલિગ્રામ પી ગયા. નીલકંઠના મનમાં થયું 'શાલિગ્રામને આટલી બધી તરસ લાગી છે. તો ભૂખ પણ ઘણી લાગી હશે પણ અન્ન લાવવું ક્યાંથી'

પોતે સ્વયં ભગવાન હતા છતાં ભક્તોને ભક્તિનો પાઠ શીખવવા નીલકંઠ શાલિગ્રામની ભક્તિમાં વ્યાકુળ થઈ ગયા. કેવી રીતે જમાડીશું ? તેમ વિચાર કરવા લાગ્યા. આમ વિચાર કરે છે. ત્યાં કાપડી વેશે (બાવો અને બાવીના) કાષાયાંબર ધારણ કરેલા એક નર અને નારી પોઠિયા પર બેસીને આવ્યાં. તેણે નીલકંઠવર્ણીને નમસ્કાર કરી પૂછવા લાગ્યા કે હે બાળબ્રહ્મચારી ! તમે એકલા કઈ બાજુથી આવ્યા ? તમો બહુ ભૂખ્યા હશો. એમ કહેતાં નેત્રમાંથી જળ વહેવા

લાગ્યા. પછી નરના કહેવાથી નારીએ ખૂબ હેતે કરીને સાથવો અને મીઠું આપ્યાં. શ્રીહરિએ સાથવો અને મીઠાને જળમાં ઓગાળી વિષ્ણુને નૈવેદ્ય ધરાવ્યું પછી પોતે તે સાથવો જમ્યા. સાથવો અને મીઠું જમવાથી શ્રીહરિનો કંઠ ખુલી ગયો. પછી વર્ણીએ તેમનો પરિચય માંગ્યો. સ્ત્રીએ કહ્યું : આ પુરુષ છે તે સ્વયં શિવજી છે અને હું સતી છું.

ત્યારે કાપડીના વેશે આવેલા શિવજીએ કહ્યું કે આપ તો વર્ણી વેશે રહેલા સાક્ષાત્ ભગવાન છો છતાં પૂછો તો કહું છું કે અમે શિવ-પાર્વતી છીએ. આપનાં દર્શન કરવા આવ્યા છીએ. એવી શિવજીની વાત સાંભળી શ્રીહરિ શિવજીને કર જોડી પગે લાગ્યા. અને વિનંતી કરી કે મારો દેહ રહે એવી સહાય કરજો. ત્યારે શિવજી બોલ્યા કે આપ તો સાક્ષાત્ નારાયણ શ્રીકૃષ્ણ છો. શ્રી નરનારાયણ દ્વારા દુર્વાસા ઋષિનો શાપ અંગીકાર કરી અસુરો તથા અધર્મનો નાશ કરી પૃથ્વીનો ભાર ઉતારવા પ્રગટ થયા છો. એમ પરસ્પર વાતો કરી.

## અષ્ટ સિદ્ધિઓએ શ્રીહરિની સેવાના લાભ માટે શિવજીએ વિનંતી કરી

શ્રીહરિ અયોધ્યાથી વનમાં નીકળ્યા ત્યારથી વર્ણીની સેવાનો લાભ વનમાં મળશે એમ માની અષ્ટસિદ્ધિઓ અદૃશ્યરૂપે શ્રીહરિની સાથે ફરતી પરંતુ પ્રભુ તે સિદ્ધિઓ સામે પણ જોતા નહિ. તેથી સિદ્ધિઓ નિરાશ થતી પરંતુ તેઓએ વર્ણીને શિવજી સાથે વાતો કરતા અને તેઓ દ્વારા અપાયેલો સાથવો જમતા જોઈ તેઓએ માન્યું કે વર્ણીને શિવજી સાથે ઘણું હેત છે. માટે તેઓ જો કહેશે તો તેમનું માની અમારી સેવા અંગીકાર કરશે. એમ વિચારી શિવજીને અષ્ટસિદ્ધિઓએ નમ્રતાપૂર્વક કહ્યું કે અમારા વતી આપ પ્રભુને કહો કે અમારી સેવા અંગીકાર કરે અમને સેવાનો લાભ આપે. અમો ઘણા સમયથી સેવાનો લાભ લેવા પાછળ પાછળ ફરીએ છીએ. પરંતુ અમારી કોઈ સેવા વર્ણી અંગીકાર કરતા નથી. ત્યારે શિવજી સિદ્ધિઓ વતી શ્રીહરિને કહ્યું કે આપ આ સિદ્ધિઓને સેવાનો લાભ આપો. ત્યારે વર્ણીએ શિવજીને કહ્યું કે અત્યારે તો અમો વર્ણીવેશે છીએ અને ત્યાગાશ્રમમાં રહીએ છીએ. અમારે અમારા આશ્રમના ધર્મ પાળવા જ જોઈએ. અમો જો તે પ્રમાણે ત્યાગીના ધર્મનું પાલન ન કરીએ. તો બીજા પણ દેખાદેખી તેનું અનુકરણ કરે તો ધર્મનો લોપ થાય માટે અત્યારે તો અમો સિદ્ધિઓની સેવા અંગીકાર કરી શકીશું નહિ. કારણ કે તે સ્ત્રીઓ છે. પરંતુ જ્યારે અમો

સત્સંગમાં વિચરીશું ત્યારે અમારા સત્સંગીઓના ઘરમાં રહીને તે દ્વારે અમારી સેવા સિદ્ધિઓ કરશે તો અમો તેમની સેવા પ્રેમથી અંગીકાર કરશું. આ પ્રમાણે શ્રીહરિએ અષ્ટસિદ્ધિઓને વરદાન આપ્યું તે સાંભળી શિવજી તથા અષ્ટસિદ્ધિઓ ખૂબ રાજી થયાં. પછીથી શિવજી-પાર્વતી અંતર્ધ્યાન થયાં.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લેવામાં આવી છે. લેખક : નંદકિશોર સ્વામી કાલુપુર મંદિર, અમદાવાદ.

## દુધાધારી સિદ્ધનું પાખંડ શ્રીહરિએ પકડ્યું (ભૂતપુરીના વનમાં)

શિવજીના ગયા પછી શ્રીહરિ એકલા જ મહાવનમાં ચાલ્યા. ઝાડીનો પાર આવ્યો ત્યારે ગામથી ચાર ગાઉ દૂર એક વડના વૃક્ષ નીચે એક મોટા સિદ્ધ બેઠેલા જોયા. શ્રીહરિ તેની પાસે ગયા. તેને સાત-આઠ શિષ્યો હતા. તેમને પૂછ્યું તો તેઓએ કહ્યું કે આ અમારા ગુરુ છે. તેમનું નામ દુધાધારી છે. તેઓ અન્ન, ફળ, કાંઈપણ ખાતા નથી. ઝાડે ફરવા જતા નથી. વસ્તીમાં રહેતા નથી. સદા મૌન રાખે છે. આથી તેમને મોટા સિદ્ધ માની રાજાઓ તથા ઘણા જ માણસો તેમને માને છે. અને રોજ અનેક માણસો દર્શને આવે છે. અને ઘણી ભેટો ધરે છે. તેનાથી અમો અમારો વ્યવહાર ચલાવીએ છીએ.

આ રીતનું તેના શિષ્યોનું વચન સાંભળી સર્વાન્તર્યામી શ્રીહરિએ વિચાર્યું કે આનો દંભ તો બરાબર જોવો, કારણ કે વાસ્તવિક રીતે તો એ મહાન લુંટારો હતો અને દંભથી લોકોને ઠગતો. લૂંટનો માલ સંગ્રહ કરવા માટે તેણે એક સુંદર ભોંયરું પોતાના આસન નીચે બનાવ્યું હતું અને તેનું એક મોઢું રાખી તેને ઉપર મજબુત ઢાંકણું બંધ કરી. તેના ઉપર જ કાયમને માટે પોતાની પથારી રાખતો તેથી કોઈને ખબર પડતી નહીં. એટલે લોકો તેને મોટા યોગી માની પૂજા કરતા. બાવો પોતાની પાસે ગાંજો, ભાંગ વગેરે રાખે. બીજાને પાયે અને પોતે પીએ. માત્ર એક જ લંગોટી રાખે. સ્ત્રીઓ દર્શને આવે ત્યારે ખૂબ સિદ્ધાઈ બતાવે. વળી લોકોને દોરા-ધાંગા વગેરે કરી આપે. ખોટી જડીબુટ્ટી વગેરે આપી લોકો પાસેથી ધન લૂંટે અને સ્ત્રીઓ આગળ વાત કરે કે, અમો કામરૂ દેશમાં છ માસ રહ્યા હતા. ત્યાં કાયમ સ્ત્રીઓનું રાજ્ય છે. કોઈ પુરુષ મળે જ નહિ. શ્વેત બગલો દેખાય તો સ્ત્રીઓ તેને પુરુષ જાણીને પાછળ દોડે, બગલો ઉડી જાય ત્યારે નિરાશ થઈને પાછી વળે. અને જો કોઈ પુરુષ હાથમાં આવે તો તેને દિવસે બગલો બનાવે અને રાત્રે નર બનાવે. એવાં ગપ્પાં મારીને લોકોને ભરમાવે.

ભક્તમાળની કથા સંભળાવે અને સંતોનો ખૂબ મહિમા સમજાવે. તેના ચેલા પણ ગુરુનો મહિમા વધારતાં કહે કે ગુરુને એક હજાર વર્ષ થયાં છે. તેથી મોટા સિદ્ધ છે. તેઓ ગિરનારમાં તથા આબુ ઉપર, હિમાલયમાં તથા તીર્થોમાં ફરીને તપ કરી ખૂબ સમર્થ બન્યા છે. જ્યારે આ જગ્યાએ સમુદ્ર હતો. ત્યારે ગુરુજી અહીં આવ્યા હતા. આ રીતે એ ઠગાદુધાધારી બાવો અને તેના શિષ્યો જે વડ નીચે રહ્યા છે. ત્યાં શ્રીહરિ સંધ્યા સમયે આવ્યા. ત્યારે તે બાવાઓ કહે ‘હે વર્ણી ! અહીં સિંહનો ભય લાગે છે. માટે જલ્દી ગામમાં જાઓ. અહીં ભૂત-પ્રેત પણ રહે છે. તેથી અહીં તો મોટા અવધૂત સિવાય બીજા કોઈ રહી શકે જ નહિ.’ ત્યારે શ્રીહરિ બોલ્યા કે અત્યારે સૂર્ય અસ્ત પામ્યો છે. ગામ ચાર ગાઉ દૂર છે. માટે જઈશ નહિ. વર્ણીનો ત્યાં રહેવાનો આગ્રહ જોઈ બાવા કહે ભલે રહો. એમ કહીને એકાંત જગ્યાએ આસન કરાવ્યું.

શ્રીહરિ તો આસનમાં ઊંઘવાનો ડોળ કરીને જાગતા સૂતા છે. બાવો જાણે વર્ણી સૂઈ ગયા છે. એમ માની ભોયરામાંથી સામાન કાઢીને સારી રસોઈ બનાવી તેટલામાં તેનાથી દિવસે દૂર રહેતા અને રાતે પાસે આવતા. અને બાવાઓને જે જે વસ્તુઓ જોઈએ તે ગામમાંથી લાવી આપનાર બાવાના બીજા ચાર વૈરાગી શિષ્યો આવ્યા. તે બધા સાથે જમવા બેઠા. વર્ણીને પણ જમવા બોલાવ્યા. શ્રીહરિને જમવામાં કોઈ બાધ છે જ નહિ તો પણ શાસ્ત્ર-મર્યાદાનું પાલન કરવા માટે વિચાર કર્યો કે પાપીના હાથનું અન્ન ન ખાવું. એટલે પોતે જમવાની ના કહી. બાવાએ શ્રીહરિને વધારે આગ્રહ ન કર્યો. પછી તેઓ જમવા લાગ્યા. જમતાં જમતાં તેઓ વાત કરવા લાગ્યા. વર્ણી તેને સૂતાં સૂતાં સાંભળે છે. બાવાઓ કહે છે કે ટોલી તો ઘી-સાકરની સાથે જ ખાવી જોઈએ. સાચા અને સીધા માણસને કોઈ માનતું નથી. કપટ કરે તેને બધા માને છે અને તેથી તેનું પોષણ થાય છે. વાંકી આંગળીથી ઘી ચટાય છે તેમ ઢોંગીથી દુનિયા દબાય છે. બીજનો ચંદ્રમા વાંકો હોય છે. છતાં લોકો તેને માને છે. એમ વાતો કરતાં બાવા જમી રહ્યા.

પછી પેલા ચાર શિષ્યો અડધી રાતે ગામમાં ગયા અને એક શેઠના મકાનમાંથી ચોરી કરીને જે માલ હાથ આવ્યો તે લાવીને બાવાજીના ભોંયરામાં મૂકી દીધો. આ બધું જોઈને તથા સાંભળીને શ્રીહરિએ વિચાર્યું કે આવા પાપી પાસે રહેવાય નહીં. એમ વિચારી પાછલીરાતે ચોરો જે રસ્તેથી આવ્યા હતા. તે સિવાયના બીજા રસ્તેથી ત્યાંથી શ્રીહરિ ચાલી નીકળ્યા.

શેઠને ત્યાં ચોરી થઈ તે વાત રાજાને શેઠે જણાવી. રાજાએ વિચાર કર્યો કે, જે

રાજાના રાજ્યમાં ચોરી થાય. તે રાજા નાદાર ગણાય અને તેની પ્રજા દુઃખી થાય માટે આ ચોરોને પકડીને તેને શિક્ષા બરાબર કરવી જોઈએ. જેથી ફરીથી કોઈ ચોરી ન કરે. આ પ્રમાણે વિચાર કરી. ચોકીદારોને બોલાવી રાજાએ કડક આજ્ઞા કરી કે ચોરોને પકડી ચોરાયેલો તમામ માલ પાછો લાવો. અને જો તેમ નહિ થાય તો તમારો દંડ થશે. પછી તે લોકોએ પગેરું કાઢીયું તો બાવાજીના આસન પાસે આવે છે. રાજાએ પોતાના કારભારીને સાથે મોકલ્યો તો તે પ્રમાણે બરાબર હતું. કારભારીએ તુરત વિચાર કરી બાવાજીનું આસન ઉપડાવ્યું તો ભોંયરાનું મોઢું દેખાયું તે ઉઘડાવી અંદર જોયું તો તે શેઠનો ચોરાયેલો તમામ માલ તથા બીજો પણ ઘણો જ ચોરેલો માલ મળ્યો તે તમામ માલ લાવી રાજાના ખજાનામાં મુકાવ્યો અને બાવાને પકડી તેની જટા ખેંચી નખાવી. પગમાં બેડીઓ પહેરાવી. જેલમાં પૂર્યો પછી ગામના મહાજને આવી દંડ કર્યા વિના હવે તેને છોડી મૂકો. મહાજનનું માન રાખી તેમને રવાના કરી. દીવાનને બોલાવી રાજાએ હુકમ કર્યો કે આ દંભી, કપટી અને બીજા તરફની મૂછ મુંડાવી. ગળામાં ખાસડાંની માળા પહેરાવી અવળે ગધેડે બેસાડી તેનું મોઢું અને ગાલ કાળા કરી તેના હાથમાં ગધેડાનું પૂંછડું પકડાવી. પાછળ ઢોલ વગાડતા આખા ગામમાં ફેરવી દક્ષિણ તરફના દરવાજેથી તેને કાઢી મૂકો. જેથી ફરી આવું કૃત્ય ક્યારેય ન કરે. પછી દીવાને રાજાના હુકમ પ્રમાણે કરી તેને કાઢી મૂક્યો. લોકોએ તેનો ઘણો તિરસ્કાર કર્યો. બાવો પણ પછી ઘણો પસ્તાયો. તેના શિષ્યોમાં પણ જે ગુનેગાર હતા તેમને શિક્ષા કરી. બીજા શરમાઈ ચાલ્યા ગયા.

શ્રીહરિ તો ત્યાંથી ચાલતા તે રાજાના ગામમાં આવી ત્યાં રોકાયા હતા. તેમણે આ બાવાની પરિસ્થિતિ જોઈ મનમાં વિચાર્યું કે આવા ધુતારાઓને આવી શિક્ષા થવી જ જોઈએ. તે ગામમાં એક દિવસ રોકાઈ ત્યાંના માણસોને સાધુ-અસાધુના વિવેકનો તથા તેમને મોક્ષનો ઉપદેશ આપી ત્યાંથી વનમાં ચાલી નીકળ્યા. તે ચાલતા-ચાલતા ભૂતપુરી નામના તીર્થક્ષેત્રમાં આવ્યા.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લેવામાં આવી. લેખક : નંદકિશોર સ્વામી અમદાવાદ કાલુપુર મંદિર.

## ભૂતપુરી

ભૂતપુરી ગામનું નામ પેરંબુતુર છે. ભૂતપુરી કાંજીવરમ અને મદ્રાસની વચ્ચે છે. આ રામાનુજાચાર્યનું જન્મસ્થાન છે. મદ્રાસથી અગ્નિકોણે ૧૧

અગિયાર માઈલ દૂર આવેલું છે. રામાનુજ આચાર્યના જન્મસ્થાનની સામે મોટું મંદિર છે. તેમાં પ્રથમ રામાનુજ સ્વામીનું મંદિર છે. તેની નજીક આદિકેશવનું મંદિર છે. મંદિરના ચોકમાં સુવર્ણ સ્થંભ છે. જન્મ સ્થાનની જગ્યાએ ભીંતમાં રામાનુજ સ્વામીની તથા આદિ કેશવની મૂર્તિઓ છે. તથા તેમના ૭૪ શિષ્યોની પણ મૂર્તિઓ છે. મંદિરની પાછળ અનંત સરોવર નામનો કુંડ છે. વૈકુંઠનાથ ભગવાનનું મંદિર છે. ત્યાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ ચતુર્ભુજરૂપે બિરાજે છે. તેની બંને બાજુ શ્રીદેવી તથા ભૂદેવી સેવામાં છે. નીલાદેવી અંતર્હિત છે.

શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે વનમાં ફરતાં ફરતાં ભૂતપુરી પધાર્યા ને ત્યાં રામાનુજાચાર્યની આદિ કેશવની મૂર્તિ તથા લક્ષ્મીનારાયણદેવની મૂર્તિના દર્શન કર્યાં પછી શ્રીહરિએ બે છાપ ભુજામાં ને બે છાપ કાંડાથી આઠ તસુ ઉપરના ભાગમાં લીધી ને રહેવા ધાર્યું હતું. (ચક્રાંકિત થયા) પણ ત્યાંના ત્યાગીઓના મહંત જીઅર સ્વામી હતા. તેમની પાસે જઈ શ્રીહરિ બેઠા. તેમણે વર્ણીનો સારો સત્કાર કર્યો. પછી વર્ણીએ તેમના ગ્રંથ સાંભળ્યા. અને રામાનુજ સંપ્રદાયનું રહસ્ય જાણીને તેમની શુદ્ધ ઉપાસનાનું પ્રમાણ કર્યું. વૈકુંઠવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવની તેઓ દાસત્વભાવે ભક્તિ કરતા. તેમનામાં કોઈ વ્યસન હતું નહિ. ધનના બરાબર ત્યાગી હતા. પણ સ્ત્રીઓ સાથે બોલવામાં કોઈ બાધ માનતા નહિ. આચારવ્યવહાર શુદ્ધ રાખતા. અભક્ષ્ય ભોજન કોઈ કરતું નહિ. શ્રીહરિએ ઘણા સંપ્રદાયો જોયા પણ સર્વમાં શુદ્ધ આ સંપ્રદાય દેખીને શ્રીહરિ અંતરમાં ભાવ લાવીને કેટલાક માસ ત્યાં રહ્યા. ત્યાગી લોકો નારી માત્રને જોતા, અડતા તેથી શ્રીહરિને આ રુચિ ન ગમી. તેથી એક વખત ત્યાંના જીઅર સ્વામીને શ્રીહરિ પૂછવા લાગ્યા કે ત્યાગીઓને સ્ત્રી-દ્રવ્યનો જે ત્યાગ કરવાનો કહ્યો છે. તેનું કેમ સમજવું ? તમારાથી સારા ત્યાગી કોઈ નથી તેમ માની પૂછું છું. સ્ત્રી, દ્રવ્ય અને રસ એ ત્રણેય કહ્યાં છે. તેમાં પણ સ્ત્રી અને સોનું એ મોટા બંધન કહ્યાં છે.

બ્રહ્માદિક મોટાઓને પણ તેનાથી બંધન થાય છે. યતિ, વૃદ્ધ કે રોગી હોય તો પણ તેને અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ કહેલો છે. તેની વિગત તમો મને કહો. કારણ કે તમો મહાત્યાગી છો વળી આત્મા પરમાત્માના સ્વરૂપ સંબંધી વાત તથા અક્ષરધામના સુખની વાત તથા પિંડ, બ્રહ્માંડના દુઃખની વાત પણ યથાર્થ કહો. ત્યાર પછી જ મને શિષ્ય ગણજો. આવી વર્ણીની મર્મને સ્પર્શ કરતી વાત સાંભળી. જીઅર સ્વામી સ્વસ્થતા ગુમાવી બેઠા અને બીજા શિષ્યોને કહેવા લાગ્યા કે આ છોકરો બાળક થઈને મારા જેવા મોટા સાથે બાથ ભીડે છે ! નાના મોંએ

મોટી વાત કરે છે. ગગનની ગતિ ગરૂડ લઈ શકે. મચ્છરને તેની શી ખબર પડે ? મોટા ઈશ્વરની વાતોમાં હાથ નાખવા જાય છે. તેથી તેને હું મારો શિષ્ય માનતો નથી. માટે આ છોકરાને અહીંથી રજા આપો ત્યારે જ હું અન્ન જળ લઈશ. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે ક્રોધ કરીને અકળાવવું તે ગુરુ કે શિષ્યનો ધર્મ નથી. કામ, ક્રોધ એ નરકનાં દ્વાર કહ્યાં છે. થોડો અગ્નિ આખા બ્રહ્માંડને જેમ બાળી મૂકે તેમ થોડા ક્રોધનું પરિણામ પણ ઘણું ભયંકર હોય છે. માટે આપના જેવાને ક્રોધ કરવો યોગ્ય નથી. એમ ઘણું કહીને શ્રીહરિ ત્યાંથી ચાલી નિસર્યા અને તોતાદ્રિમાં આવ્યા.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લીધી છે. લેખક નંદકિશોર સ્વામી કાલુપુર મંદિર, અમદાવાદ.

## નીલકંઠ તોતાદ્રિમાં

તીરુવલીથી ૨૦ માઈલ દૂર છે. તોતાદ્રીમાં તોતાદ્રીનું મોટું મંદિર છે. ત્યાં ભગવાન વિષ્ણુની શેષફણાની નીચે મૂર્તિ છે. શ્રીદેવી ભૂદેવી નીલાદેવી વિ. મળી અગિયાર મૂર્તિઓ છે. તેને તેલથી અભિષેક કરાય છે. તોતાદ્રિ રામાનુજાચાર્યની ગાદીનું મુખ્ય સ્થાન છ. ચૈત્ર સુદ પાંચમ બુધવારના રોજ રામાનુજાચાર્યનો જન્મદિવસ હોવાથી સંપ્રદાયના તે સમયના આચાર્યની પૂજા વેદોક્ત વિધિથી થયેલી હતી. નીલકંઠ વર્ણીને તે આચાર્ય સાથે વાતો કરવાનો પ્રસંગ મળ્યો હતો. આચાર્યના વસ્ત્રો કાષાયરંગના સંન્યાસીની પેઠે જ હોય છે. મંદિર પાસે રામાનુજ કોટ છે. મૂર્તિઓને અભિષેક થાય છે. તે તેલ એક કુંડમાં જાય છે. તે કુંડ તેલથી ભરેલો હોય છે. લોકો તે તેલ દવા માટે લઈ જાય છે. તેલથી ત્વચાના બધા જ રોગ મટી જાય છે.

## રામાનુજ આચાર્ય જન્મ વૃત્તાંત

ભૂતપુરી ગામમાં ગુણવાન વેદપાઠી કેશવાચાર્ય નામે વિદ્વાન બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્ની પતિવ્રતા અને ગુણવંતી કાન્તિમતી મહાસતી હતી. આ બંને સુખરૂપ રહેતા પણ એક વાતનું તેમને દુઃખ હતું. તેમને કોઈ સંતાન ન હતું. તેથી મહાદુઃખ હતું. તેમને પ્રભુની ઈચ્છાથી મનમાં સેતુબંધ રામેશ્વરમાં યજ્ઞ કરવાનો ઉપાય સૂઝ્યો અને યજ્ઞ કર્યો તેથી યજ્ઞનારાયણ વિષ્ણુ ભગવાને તેઓને વરદાન આપ્યું અને કહ્યું કે તમારે ત્યાં સ્વયં શેષ નારાયણ પુત્રરૂપે પ્રગટ થશે. એવી વિષ્ણુ ભગવાનની વાણી સાંભળી, બ્રાહ્મણ અને તેમની પત્ની આનંદમાં ઘેર આવ્યા અને દિવસો પસાર કરવા લાગ્યા.

ચૈત્ર સુદ પાંચમ બુધવારના દિવસે અવધીએ ધર્યો અવતાર તેથી સૌ સ્વજન રાજી થયા. તે બાળકનું નામ રામાનુજ પાડ્યું. યોગ્ય ઉંમરે વિદ્યા અભ્યાસ લીધો. સોળ વરસે વિવાહ કર્યો. ત્યાં તો તેના પિતા પરલોક સિધાવ્યા. પિતાનો શોક શમાવ્યો પછી પોતે વેદ ભણવાનો વિચાર કર્યો તેથી પોતે તેમજ પોતાની પત્ની તથા માતા સહિત કાંચીપુરીમાં રહેવા ગયા. કાંચીપુરીમાં યાદવાચાર્ય પિઠ્ઠાધિપતિ વેદના આચાર્ય હતા.

તેમની પાસે ઘણા લોકો અભ્યાસ કરવા આવતા હતા. રામાનુજ પણ યાદવાચાર્ય પાસે અભ્યાસ માટે ગયા. રામાનુજ અભ્યાસમાં રૂપગુણ સમૃદ્ધિમાં સારા હતા. તેથી ગુરુજીને વધારે પ્યારા લાગતા. રામાનુજ ભણવામાં હોશિયાર હોવાથી ગુરુજી જે ભણાવે તે તરત જ મનમાં પકડી લેતા તેથી અભ્યાસમાં તેમને કોઈ પ્રયાસ કરવો પડતો ન હતો. તેથી બીજા વિદ્યાર્થીઓ વિસ્મય પામતાં. રામાનુજ હોશિયાર હોવાથી ગુરુજીનું મન રામાનુજ ઉપર મોહીત રહેતું રામાનુજ પણ ગુરુજીની સારી સેવા કરતા.

ત્યાં રાજાની કુંવારી કન્યાને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો. તેથી તેને દુઃખ બહુ આપે. એને કાઢવા માટે ઘણા પ્રયત્ન કર્યા. પણ કોઈ રીતે તે રાક્ષસ ગયો નહિ. રાજાની કુંવરીનો દેહ પડી જાય તેવું દુઃખ થયું. તેથી રાજાએ આત્મહત્યા કરવાનું વિચાર્યું. તેવા સમયમાં સાંભળવામાં આવ્યું કે યાદવાચાર્ય બહુ જ વિદ્વાન છે. તેથી તે બ્રહ્મરાક્ષસને કાઢશે. તેથી રાજા માન મુકીને યાદવાચાર્યના મહેલે આવ્યો અને યાદવાચાર્યને વિનંતી કરીને પોતાના મહેલમાં તેડી ગયો. યાદવાચાર્ય મહેલમાં આવ્યા. મંત્ર ઉચ્ચારીને પાણી કન્યા ઉપર છાંટીયું તેથી કન્યાની અંદર રહેલા બ્રહ્મરાક્ષસ તાડૂકીને બોલ્યો કે મને કાઢનારો કોણ છે. હમણાં જ તેનું ભક્ષણ કરું છું. એમ કહી તાડુકી ઊઠ્યો તેથી નરનારી ધ્રુજવા લાગ્યા. શું કરવું તે કંઈ સુઝે નહિ અને બ્રહ્મરાક્ષસના અવાજથી આખો મહેલ ધણધણી ઉઠ્યો. રાક્ષસના સામે કોઈ બોલી શકે નહિ. રાક્ષસ યાદવાચાર્યને કહે છે કે તને તારી વિદ્યાનું અભિમાન છે. પણ તને તારા પૂર્વ ભવનું ભાન નથી. મારી પૂર્વની ઓળખાણ આપ નહિ તો હમણાં જ હું તારો પ્રાણ લઈશ. જો તારા પૂર્વભવના જન્મનું વૃત્તાંત જાણતો હોય તો કર વાત. જાણ્યા વિના શું આપે ઓળખાણ. ત્યાં તો યાદવાચાર્ય તો પોતાના શરીરનું સાન-ભાન ભૂલ્યા. ત્યાં તો બ્રહ્મરાક્ષસ તાડૂકીને બોલ્યો. હે વિદ્વાન બ્રાહ્મણ ! હું તારા પૂર્વભવનું વૃત્તાંત કહી સંભળાવું.

અહીંથી પશ્ચિમ દેશની માંય મધુરાકાન્ત પુરી છે. જ્યાં વિશાળ સરોવર છે. તેની પાળે તારું દર હતું. તે દરમાં તું ઘો થઈને રહેતો હતો. તું જીવતાં ઝીણા જીવજંતુને ખાઈ જતો. એવો તું અધમ પાપી હતો. એવા સમયમાં કોઈ સંત સ્નાન કરીને ત્યાં ભોજન કર્યું. ભોજન કરીને પતરાળાં ફેંકી દીધાં. એ સમયે તે દરમાંથી બહાર આવીને પતરાળાંની અંદર ચોંટેલું ભોજન કર્યું. તે વખતે તે સંતની તારા ઉપર દૃષ્ટિ પડી તેના પ્રતાપે તારા બધા પાપો બળીને ભસ્મ થઈ ગયા અને તે પછી તને ઉત્તમ બ્રાહ્મણના કુળમાં તારો જન્મ થયો અને તું વેદપાઠી વિદ્વાન બન્યો.

હવે બ્રહ્મરાક્ષણ પોતાના પૂર્વભવનું જન્મનું વૃત્તાંત કહે છે કે પૂર્વે હું એક બ્રાહ્મણ હતો અને વેદપુરાણ ભણેલો હતો. યજ્ઞના કર્મકાંડ કરવામાં મંત્રોના ખોટા ઉચ્ચારના કારણે અને લાલચના કારણે હું બ્રહ્મરાક્ષસ બન્યો. અને ઘણાના જીવ મેં લીધા. અને તેમને ભયભીત કરીને ઘણા દુઃખ દીધાં છે. મેં ઘણા વન જંગલમાં અને દેશોદેશમાં ઘણી રાડ મચાવી. અને હું ભટકતો ભટકતો અહી આવ્યો અને રાજાના બગીચામાં રહેવા લાગ્યો. એક વખત રાજાની કુંવરી એકલી આવી. તે કુંવરી રમતી કુદતી હતી અને તેનાં સૌંદર્યમાં મારું મન ચોંટી ગયું. તેથી તે કુંવરીની અંદર મેં પ્રવેશ કર્યો. હવે હું કોઈ રીતે બહાર નીકળી શકું તેમ નથી. આ કુંવરીના પ્રાણ લઈને જ બહાર નીકળીશ. બ્રહ્મરાક્ષસે યાદવાચાર્યને કહ્યું કે હું પણ તારો પ્રાણ લઈશ પણ જો તારે છેલ્લે છુટવાનો એક ઉપાય કહું કે તારા શિષ્ય રામાનુજને અહીં બોલાવ મને દર્શન આપે. મને દયા લાવીને હું તેના ચરણ ધોઈને  પાણી પીવું. તેથી આપણા ત્રણને મુક્તિ મળશે. એ વિના બીજો કોઈ ઉપાય નથી.

બ્રહ્મરાક્ષસ તાડુકીને બોલ્યો કે ઝટ કરીને રામાનુજને અહીં બોલાવો નહીંતર આને મારી નાંખીશ. એમ કહીને યાદવાચાર્યની છાતી ઉપર ચડી બેઠો. ને કોઈ રીતે ઉતરે તેમ નહતો. યાદવાચાર્યે રાજાને પોકાર કરીને કહ્યું કે રામાનુજને અહીં તેડાવો વાર ન કરો એટલે રાજાએ પોતાના સિપાઈને મોકલીને રામાનુજને તેડાવ્યો. રામાનુજે કન્યા પાસે આવીને જોયું તો ગુરુજીની ગતિ જોઈને રામાનુજ શરમાયા. રામાનુજે પોતે પગનો અંગુઠો અડાડ્યો અને બ્રહ્મરાક્ષસનો મોક્ષ કર્યો. કન્યા રામાનુજને પગે લાગીને એમ બોલી જેમ રામચંદ્ર ભગવાને પથ્થરને પગ અડાડીને અહલ્યાનો ઉદ્ધાર કર્યો. તેમ તમે આજે મારો ઉદ્ધાર કર્યો. એવી કન્યાએ સ્તુતિ કરી. રાજા-રાણી તથા રાજ્યના સિપાઈઓ આ જોઈને આશ્ચર્યચકિત થઈ

ગયા. રામાનુજનો આવો પ્રતાપ જોઈને રાજાએ રામાનુજને ભેટ-સામગ્રી અપાર આપી. પછી વાહનમાં બેસાડીને ગુરુ-શિષ્યને વિદાય આપી. પણ પ્રસંગથી ગુરુજીને મનમાં ઘણું દુઃખ થયું. કારણ કે રામાનુજને ઘણું માન મળેલું તેથી ગુરુજી સહન કરી શક્યા નહિ.

જેમ કુવામાં પામી ભરેલ હોય તેમાં એક ટીપું તેલ નાંખે તો આખો કૂવો તેલ ભરેલો લાગે. તેમ ગુરુજીને કન્યાના પ્રસંગે આખા શરીરમાં વેર વ્યાપી ગયું. એક વખતે ગુરુજી વેદપાઠ કરાવતાં હતાં. તેમાં પ્રભુના રૂપનું વર્ણન આવ્યું તેથી ગુરુજીએ પ્રભુના રૂપનું ખંડન કર્યું. તેથી રામાનુજે ત્યાં પ્રમાણ આપીને પ્રભુના સાકાર રૂપનું વર્ણન કર્યું. તેથી ગુરુજીને રામાનુજ ઉપર વેર હતું અને દાઝ્યા ઉપર મીઠું નાખ્યું. તેથી ઉપરાઉપરી માનભંગ થયું તેથી પોતે શિષ્યને મારવા માટે કાર્ય કર્યું.

યાદવાચાર્યએ પોતાના અંગત શિષ્ય આગળ રુદન કર્યું અને ઉદાસ થઈને રામાનુજના દોષ દેખાડ્યા. ગુરુએ કહ્યું કે ગુરુની હયાતમાં શિષ્ય પૂજાય તે સારું નહિ. તેથી હું આપઘાત કરીશ એમ કહ્યું તેથી શિષ્યે છળકપટ ભરેલ વચનથી કહ્યું કે ગુરુજી તમે રડશો નહિ. જો તમે આજ્ઞા આપો તો મારી નાખું ગુરુજીએ કહ્યું કે તેનો ઉપાય હું કરું છું. પછી ગુરુજીએ કહ્યું કે, તીરથ કરવા તૈયાર થાઓ. તીરથ કરવા જશું ત્યાં રામાનુજને ત્રિવેણીમાં ડુબાડી દઈશું તેથી આપણને દોષ પણ ન લાગે. આવું નક્કી કરીને જેનો નાશ કરવો છે તેને પોતાની પાસે બોલાવ્યો. પોતાના વિશ્વાસમાં લઈને કહ્યું કે તને વણ વાંકે રજા આપી તેથી મને ઘણો પસ્તાવો થાય છે. અને હવે તું ભણવા સારું આવજે.

એમ કહીને વેણ ઉચ્ચાર્યું. ત્રિવેણીમાં નાવાની મારી ઈચ્છા છે. તેથી તારે મારી સાથે આવવાનું છે. બધા તીરથ કરીને પાછા આવીશું. ત્યારે પાઠશાળા ખોલીશું. રામાનુજનું ચિત્ત સદાય સરળ હતું તેથી પોતાની માતા પાસે તીરથ કરવા માટે રજા માંગી. પછી રામાનુજ અને તેના માસીના દીકરા ગોવિંદાચાર્ય બંને ગુરુજી સાથે ચાલ્યા. રસ્તામાં ગુરુજીના કાવતરાંની ખબર પડી એટલે ગોવિંદાચાર્યે રામાનુજને કહ્યું કે ભાઈ સચેત થઈને ચાલજે, કારણ કે રસ્તામાં તને મારી નાંખવા માટે કાવતરું કર્યું છે. તેનું રામાનુજે લક્ષમાં લીધું તેથી પ્રભુને રક્ષણ માટે પ્રાર્થના કરી તેથી રસ્તામાં વાવાઝોડું વિંધ્યાચળની માંય વરસાદ થયો. ત્યાં તેથી સંઘ વિખરાઈ ગયો. સૌ જુદા જુદા પડી ગયા. વાવાઝોડું મટી ગયું ત્યારે ગુરુજી સૌ શિષ્યોને બૂમ પાડીને પોતાની પાસે બોલાવ્યા પણ રામાનુજ ન મળ્યા.

ગુરુજી ઉપરથી દેખાવ કરવા માટે રુદન કરવા લાગ્યા. પણ અંતરમાં તો એમ વિચાર્યું કે જે કામ મારે કરવાનું હતું તે કામ પરબારું થયું.

ગુરુજી પોતાનો સંઘ લઈને પોતાની પાઠશાળામાં આવ્યા. રામાનુજ પાસે સ્વયં પ્રભુ શિકારી રૂપે તેમની પત્ની સાથે આવ્યા. પ્રભુ સ્વયં અને લક્ષ્મીજી સહિત હાથમાં ધનુષ્યબાણ ધારીને આવ્યા. રામાનુજને શિકારીએ કહ્યું કે મારે કાંચીપુરી જાવું છે. તો તમારે ક્યાં જાવું છે. આ વાત સાંભળીને લક્ષ્મીનારાયણ બોલ્યા કે અત્યારે અર્ધીરાત થઈ છે. માટે અત્યારે સૌ અહીં સૂઈ જાઓ અને સવારમાં સાથે ચાલીશું. એમ કહીને નારાયણ તથા લક્ષ્મી અને રામાનુજ એ ત્રણે જણા પયસ્વની નદી કાંઠે એક રાત રહ્યા. સવાર થતાં જ રામાનુજ જાગ્યા ત્યારે શિકારી કે તેમની પત્ની ન જોયા ત્યારે રામાનુજે નદીમાં સ્નાન કર્યું અને પોતાના મનમાં આનંદનો પાર ન રહ્યો. કારણ કે જેના રક્ષક સર્જનહાર હોય તેને કોઈ મારનાર જનમ્યા નથી. રામાનુજ ઘેર આવી પોતાની માતાને બધી વાત કરી અને કહ્યું કે મારે માથેથી મોટી  ઘાત ગઈ. ગામમાં યાદવાચાર્યે રામાનુજને મારવા કપટ કર્યું હતું. તેથી પુરજનો એ યાદવાચાર્યને ધિક્કાર કરવા લાગ્યા. સૌ પુરજનો કહેવા લાગ્યા કે સ્વયં પ્રભુએ આવીને તમારી સહાય (રક્ષા) કરી.

રામાનુજ સ્વયં શેષનારાયણના અવતાર હતા. તેથી દ્વૈત મતની સ્થાપના કરી. દેશોદેશમાં દ્વૈતમતની સ્થાપના કરીને  જીવ-માયા અને ઈશ્વર એમ ત્રણ ભેદ અનાદિકાળના છે અને પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ છે. તેની ભક્તિથી કલ્યાણ થાય છે. પોતે ભક્તિ શિખવાડી ભક્તિની રીત સ્વામી-સેવક ભાવ રહિત જ્યારે નિષ્કામ ભક્તિ કરાય ત્યારે મોહ-માયાથી છુટી પછી ગાદી સ્થાપી. રંગક્ષેત્રની અંદર પછી જગતમાં દ્વૈત મતનો જયજયકાર કર્યો અને વૈષ્ણવોનું અચરજપણું કર્યું અને દેશમાં  પ્રસિદ્ધ ઘણું કામ કર્યું. સિદ્ધ પછી પોતે પાતાળની માંય પધાર્યા. નીલકંઠવર્ણીએ રામાનુજની પ્રતિમાના દર્શન કર્યા. આ લીલા પુરુષોત્તમ પ્રકાશમાંથી લેવામાં આવી છે.

**નોંધ :** રચયિતા સત્સંગ સેવક પાર્ષદ વાઘજીભક્ત, મૂળી મંદિર

## કન્યાકુમારી

કન્યાકુમારીનું મંદિર પૂર્વદ્વારે છે. ત્યાં ત્રણ સમુદ્રનો સંગમ થાય છે. બંગાલ, અરબી અને હિંદ મહાસાગર.

છોટે નારાયણથી પૂર્વ અને દક્ષિણભાગમાં ૨૦ થી ૨૨ માઈલ દૂર કન્યાકુમારી આવેલું છે.ત્યાં મોટર દ્વારા જઈ શકાય છે. ગામમાં સમુદ્ર કિનારે જે મંદિર છે. તે કન્યાકુમારીનું છે. મૂર્તિ સુંદર છે. કન્યાકુમારી એટલે પરણ્યા વગરનાં પાર્વતીજી. અહીં ત્રણે સમુદ્રોનો હિંદમહાસાગર, બંગાળનો ઉપસાગર અને અરબી સમુદ્ર સંગ થાય છે. ત્રણેનાં જળ જુદાં જુદાં જોવામાં આવે છે.

**કન્યાકુમારીનો ઇતિહાસ :** આ સ્થળનો ઈતિહાસ નીચે પ્રમાણે છે. એક અસુરે મહા તપશ્ચર્યા કરી શિવજી તેના ઉપર પ્રસન્ન થયા. વરદાનમાં અસુરે માગ્યું કે, ‘‘હું કોઈથી મરું નહિ’’ શિવજીએ તેને વરદાન આપ્યું. આ અસુરને વરદાન મળવાથી આ અસુર નિરંકુશ બની ગયો અને બધાને અનહદ દુઃખ આપવા લાગ્યો. આ અસુરને મારવા માટે શિવજીએ યુક્તિ શોધી કાઢી. તેમણે પાર્વતીજીને કુમારી કન્યાનું સ્વરૂપ ધારણ કરાવ્યું. પેલો અસુર ફરતો ફરતો આ કન્યા પાસે આવ્યો અને મોહ પામી તેને પરણવા માગણી કરી. કન્યાએ કહ્યું, ‘‘મને યુદ્ધમાં મારે તેની સાથે હું પરણું.’’ મોહાંધ અસુરે યુદ્ધ કર્યું તેમાં તેનું મૃત્યુ થયું.

પછી આ કુમારી કન્યાએ શિવજીનું સ્મરણ કર્યું અને પરણવા માટે આમંત્રણ આપ્યું. શિવજી કૈલાસથી જવા માટે રવાના થયા પરંતુ રસ્તામાં દુર્વાસા મળ્યા. એક બાજુ લગ્નનું મુહૂર્ત નજીક આવતું હતું. સમયસર ન પહોંચે તો લગ્ન થઈ ન શકે. તેઓ દુર્વાસા સાથે વાતો કરવા રોકાયા. પેલી બાજુ લગ્નનું મુહૂર્ત વીતી ગયું. કુમારી કન્યા એ નિરાશ થઈ દેહ છોડી દીધો. પાછળથી શિવજી આવ્યા તેમણે આ બધું જોયું તેમણે કુમારી કન્યાની મૂર્તિ સ્થાપી અને લગ્નનો સામાન કંકુ, ચોખા વિગેરે હતો તે સમુદ્રમાં પધરાવ્યો. અહીં બે કુંડ છે. (૧) રામકુંડ (૨) પાપના કુંડ. આ લીલા ચારધામમાંથી લેવામાં આવી છે.

## છોટે નારાયણ (પન્નાગુંડી)

શ્રીહરિ છોટેનારાયણમાં આવ્યા. ત્યાં છોટેનારાયણ ભગવાનનું મંદિર પૂર્વદ્વારે છે. બાજુમાં વિશ્વનાથ મહાદેવ તથા પાર્વતીનું મંદિર છે. છોટેનારાયણમાં છોટેનારાયણ ભગવાનનો રથ ત્રણ માળ જેવડો મોટો છે. શિવગંગાકુંડ છે. શ્રીહરિ છોટેનારાયણ તથા શિવ-પાર્વતીના દર્શન કરીને લંબેનારાયણ આવ્યા.

**લંબેનારાયણ :** (તીરકુરગુંડી) પૂર્વ દ્વારે મંદિર છે. તેમાં શેષશાયી ભગવાનની મૂર્તિ છે. બેઠેલા નારાયણ છે. મહેન્દ્રાચલ પર્વતની તળેટીમાં

લંબેનારાયણ ભગવાનનું મંદિર છે. તેને છોટે બદરીનારાયણ પણ કહે છે. વામન ભગવાનના મોટા સ્વરૂપની મૂર્તિ છે. બાજુમાં તે પર્વતમાંથી એક નદી નીકળેલી છે. તે નદીનું નામ લંબીયા નદી છે. તેમાં શ્રીહરીએ સ્નાન કર્યું. ત્યાંથી શ્રીહરિ આગળ વધ્યા માર્ગમાં કૃતમાલા નદી ઉતરીને નીલકંઠ પદ્મનાભ પધાર્યા. અહીં મંદિરમાં નાભિમાંથી નીકળતા કમળમાં બિરાજેલા બ્રહ્માજીની સાથે શેષ શય્યા ઉપર સૂતેલી પદ્મનાભ ભગવાનની વિશાળ મૂર્તિના દર્શન કર્યા. ત્યાંથી જનાર્દન આવ્યા. ત્યાં જનાર્દન ભગવાનના દર્શન કરી આદિકેશવમાં પહોંચ્યા. ત્યાંથી શ્રીહરિ ઉત્તરમાં આગળ વધ્યા. માર્ગમાં કલ્યાણી ગંગામાં સ્નાન કરી સુંદરપુર પધાર્યા.

## જનાર્દન (વર્કલા)

અહીં જનાર્દન ભગવાનનું મંદિર છે. ત્યાં ભગવાન ચતુર્ભુજરૂપે પૂર્વ સન્મુખ બિરાજે છે. મંદિરની ઉત્તરે ચક્રકુંડ છે. જેને ગોમતીકુંડ કહે છે. પશ્ચિમે સમુદ્ર છે. તેના તટમાંથી પંચધાર ગંગા નીકળે છે. સમુદ્ર પાસે પર્વત છે. તે બ્રહ્મી તીર્થ કહેવાય છે.

**પદ્મનાભ (ત્રિવેન્દ્રમ્) :** પદ્મનાભમાં શેષશાયી પદ્મનાભ ભગવાન પૂર્વ સન્મુખે બિરાજે છે. ત્રણ દરવાજેથી મુખ, ઉદર, ચરણનાં દર્શન થાય છે. ગોપાલ સાક્ષીનું મંદિર છે. નૃસિંહ ભગવાનનું મંદિર છે. પદ્મનાભ ભગવાનની મૂર્તિ ૧૪ ફૂટ લાંબી છે. અહીંથી આદિ કેશવ ૨૫ માઈલ છે.

**આદિકેશવ :** શેષશાયી ભગવાનનાં પદ્મનાભની પેઠે ત્રણ દરવાજેથી દર્શન થાય છે. ઠાકોરજી પશ્ચિમ મુખે બિરાજેલા છે. અહીં આદિકેશવ ભગવાનની મૂર્તિ બાર (૧૨) ફૂટ લાંબી શ્યામ મૂર્તિ છે. આદિકેશવમાં તામ્રપર્ણી નદીમાં શ્રીહરિએ સ્નાન કર્યું. એમ શ્રીહરિ બધા તીર્થોને તીર્થત્વ આપતા હતા. એમ શ્રીહરિ તીર્થોમાં સ્નાન કરતા. જનોને દર્શન દેતા. ઉઘાડા પગે ફરતા તીર્થો, વનો, પર્વતો, દેશો વગેરેને પાવન કરતાં કરતાં વર્ણી આદિકેશવ તીર્થમાં દેવના દર્શન કરીને તેની નજીકમાં સુંદરપુર નામનું પુર હતું. ત્યાં આવ્યા.

**નોંધ :** આ લીલા ચાર ધામમાંથી લીધેલ છે. ભુજ મંદિર

## આદિકેશવ સુંદરપુર ગામ

આદિકેશવની બાજુમાં પહાડ ઉપર સ્વામી કાર્તિકેયના મંદિરમાં દર્શન કર્યાં. આ પહાડને પર્વતગિરિ તરીકે લોકો કહે છે. શ્રીહરિ કાર્તિકેય સ્વામીનાં

દર્શન કરીને પર્વતગિરિ નીચે ઊતર્યા તેની બાજુમાં સુંદરપુર નામનું ગામ હતું. ત્યાં પધાર્યા. ત્યાંના માણસો વર્ણીની મનમોહક, તપસ્વી, તેજસ્વી મૂર્તિ જોઈ માનવા લાગ્યા કે આ કોઈ મહા સમર્થ યોગી અથવા ઈશ્વરાવતાર છે. તેથી તેઓ શ્રીહરિનાં દર્શન કરવા આવવા લાગ્યા. વર્ણી તેમને ધર્મોપદેશ આપી તેમનામાં રહેલા દુરાચારો છોડાવી મોક્ષનો માર્ગ બતાવતા. તેથી લોકો વર્ણીની પૂજા-સેવા કરતા તથા નાનાં પ્રકારના ફળો વિગેરે તથા જમવા માટે સીધું આપતા. તેમાંથી વર્ણી પોતાને હાથે રસોઈ બનાવી જમતા અને બાકીની વસ્તુઓ નિઃસ્પૃહ વર્તી સ્પર્શ પણ કરતા નહિ. તેથી લોકો વધારે આકર્ષાયા. એમ તે ગામમાં શ્રીહરિ પોતાના શિષ્યો બનાવતા હતા.

રાજા પણ વર્ણીનું વૃત્તાંત સાંભળી દર્શને આવેલો ને પરિચય મેળવેલો. તે દરમિયાન તે ગામમાં સાધુના વેશમાં અસુરો રહેતા હતા. તેમાં કેટલાક જગન્નાથજીમાં થયેલ વૈરાગીઓની લડાઈમાંથી બચીને ભાગી આવેલા હતા. તેમણે વર્ણીને દીઠા અને ઓળખ્યા. પછી બધાને કહ્યું કે આપણે જેની રાહ જોતા હતા તે આપણો શત્રુ આજે અહીં એકલો મળ્યો માટે હવે તેને મારી નાખીએ. એમ વિચાર કરી શસ્ત્રો લઈને શ્રીહરિને મારવા આવ્યા ત્યારે ગામના સારા તથા વર્ણી વિષે પૂજ્યભાવવાળા માણસોએ તેમને રોકીને વારવા માંડ્યા. પણ તેમનું માન્યુ નહિ.

ત્યારે તેમણે તે ગામના ધાર્મિક લોકોએ મિત્રરક્ષ નામના રાજાને જઈને કહ્યું કે આપણા ગામમાં જે મહાસમર્થ સાધુ સ્વભાવના હંસ (વર્ણી) આવ્યા છે. તેમને અહીંયા રહેતા ઢોંગી, પાપી, દંભી, બગલાઓ (વૈરાગીબાવાઓ) મારવા ધાય છે. તો સાધુ-સંતોની રક્ષા કરવા ભગવાને આપને રાજ્ય આપ્યું છે. તો આપ તે સંતોની રક્ષા કરો. તે સાંભળી રાજા ક્રોધાયમાન થઈને પોતાનું લશ્કર લઈને ત્યાં આવ્યો અને અસુરોને રોકવા માંડ્યો ત્યારે તે આ રાજાના સામે થયા જેથી વધારે કોપાયમાન થયેલા રાજાએ પોતાના સૈન્યને તેઓનો પ્રતિકાર કરવાનો હુકમ કર્યો. વૈરાગીઓ સૈન્ય સાથે ભયંકર યુદ્ધે ચઢ્યા. ભયંકર કાપાકાપી થઈ એમ કહેવાય છે કે આ યુદ્ધમાં આશરે બેથી પાંચ અસુરો મરાયા હશે.

પછી રાજા શ્રીવર્ણીના ચરણમાં પડી વિનંતી કરવા લાગ્યો કે આપ તો સાક્ષાત્ વામન ભગવાન જેવા છો. આપની આજ્ઞા પ્રમાણે કરવા હું તૈયાર છું. સેવા કરવા સિવાય બીજો મને ભાવ નથી. માટે મારા યોગ્ય સેવા મને બતાવો. એમ કહી સન્માનપૂર્વક પોતાના મહેલમાં પધરાવી શોડ્ષોપચારથી પૂજા કરી.

આરતી ઉતારી. મિઠાઈ, મેવા, ફળો વગેરે શ્રીહરિને અર્પણ કર્યાં. વર્ણીએ રાજી થઈ રાજાની છાતીમાં ચરણાર્વિંદ આપ્યા. પછી વર્ણીએ રાજાને કહ્યું કે તમે ભગવાનના સંતની રક્ષા કરી. જેથી તમે બધાં જ જપ, તપ વગેરે કરી લીધાં છે. હવે ભગવાન અને સંત તમારી રક્ષા કરશે. જ્યાં કોઈની રક્ષા કામ નથી આવતી ત્યાં તે જ રક્ષા કરે છે. ભગવાનનાં ચરણમાં અખંડ સુખ છે તે તમને મળશે. એમ રાજાને મોક્ષનો વર આપીને શ્રીહરિ ત્યાંથી મલયાચલમાં આવ્યા.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લેવામાં આવી છે. લેખક : નંદકિશોર સ્વામી કાલુપુર મંદિર.

## મલયાચલ

ત્યાંથી વર્ણી મલયાચલમાં આવ્યા. તેમાં મલાયાગર ચંદનનાં વૃક્ષોનો પાર ન હતો. તે વૃક્ષોને ડાળે સર્પો વિંટાઈને રહ્યા હતા. શ્રીહરિની મનમોહક મૂર્તિને જોઈને બધા સર્પો વૃક્ષો ઉપરથી નીચે આવી શ્રીહરિની સામે પોતાની ફણાને નીચે કરીને શ્રીહરિને નમસ્કાર કર્યા. તેમને પ્રભુના ચરણનો સ્પર્શ થવાથી વાચા આવી. શ્રીહરિને તમામ સર્પોએ સર્પ યોનિથી ઉદ્ધાર કરવા પ્રાર્થના કરી. શ્રીહરિએ રાજી થઈને તમામ સર્પોને સર્પ યોનિથી ઉદ્ધાર કર્યો. શ્રીહરિ ત્યાં પાંચ દિવસ રોકાઈને ત્યાંથી સાક્ષી ગોપાલ નામના તીર્થમાં આવ્યા. ત્યાં દેવનાં દર્શન કરીને પાંચ દિવસ રોકાયા ત્યાંથી ચાલ્યા કિષ્કિંધાપર્વત (માલ્યવાન પર્વત) ઉપર જ્યાં રામ અને સુગ્રીવ મળ્યા હતા અને સુગ્રીવ સાથે મિત્રતા કરી હતી. રામે સુગ્રીવને રાજ્ય પાછુ અપાવવા માટે સુગ્રીવને વચન આપ્યું હતું. તે લીલાને યાદ કરીને ત્યાં બે દિવસ રોકાયા હતા. ત્યાંથી ઋષ્યિમુક્ પર્વત પર આવ્યા તે પર્વતની નજીક તુંગભદ્રા નદી વહે છે. તેમાં સ્નાન કરી તેને પાવન કરીને ત્યાંથી કિષ્કીન્ધાનગરમાં આવ્યા તે નગરની પાસે માતંગ મુનિનો આશ્રમ છે. મોટા પર્વતમાં ગુફા છે તે જોઈને ત્યાંથી ફટીકશીલા એ શ્રીહરિ આવ્યા. અહીં મહાદેવ, સુગ્રીવ મંદિર, ગણપતિ, રામલક્ષ્મણ સીતાનું મંદિર, સપ્તઋષિઓ તથા હનુમાનજી તે માર્ગે ચાલતાં તુંગભદ્ર ડેમ આવે છે.

## ફટીકશીલા

જ્યારે જાનકીજીનું (સીતાજીનું) હરણ થયું ત્યારે રઘુનાથજી અને લક્ષ્મણજી એ બેય વનમાં સીતાજીને ખોળતા ખોળતા જ્યાં સુગ્રીવ ફટીકશીલા ઉપર હતા

ત્યાં ગયા. ત્યારે સુગ્રીવને જણાવ્યું કે 'જાનકીજીનું હરણ થયું છે. તે માટે આહિં આવ્યા છીએ. તે જો તમને કાંઈ ખબર હોય તો કહો. ત્યારે સુગ્રીવે કહ્યું. હે મહારાજ ! આકાશ વિષે હે રામ ! હે રામ !' એવો શબ્દ થતો હતો. તે મેં સાંભળ્યો હતો અને બીજું જે આ ચીરમાં (કપડાંમાં) બાંધીને ઘરેણાં પડતાં મૂક્યાં હતા. તે મારી પાસે રાખ્યાં છે. ત્યારે રઘુનાથજીએ કહ્યું જે લાવ તે જોઈએ, ત્યારે તે ઘરેણાં સુગ્રીવે રઘુનાથજીને આપ્યાં છે. પછી રામે લઈને લક્ષ્મણને દેખાડ્યાં. તે પ્રથમ તો કાનના ઘરેણાં દેખાડ્યાં ત્યાર પછી પગનાં ઘરેણાં ઝાંઝર દેખાડ્યાં ત્યારે લક્ષ્મણજીએ કહ્યું કે, હે પ્રભુ આ તો જાનકીજીના ઝાંઝર છે.

ત્યારે રઘુનાથજીએ કહ્યું જે, હે લક્ષ્મણજી ! બીજા ઘરેણાં ન ઓળખ્યા ને પગનાં ઝાંઝર કેમ ઓળખ્યાં ? ત્યારે લક્ષ્મણજીએ કહ્યું, 'હે પ્રભુ ! જાનકીનું સ્વરૂપ મેં નથી દીઠું અને સાંજે પગે લાગવા જતો ત્યારે ઝાંઝર દીઠાં હતાં માટે મેં ઝાંઝર ઓળખ્યા. એવી રીતે ચૌદ વર્ષ સુધી સેવામાં રહ્યાં પણ દૃષ્ટિએ કરીને જાનકીજીનું સ્વરૂપ એક ચરણારવિંદ વિના બીજું દીઠું નહિ માટે એવા હોય તે યતિ જાણવો માટે લક્ષ્મણજી એક યતિ હતા. એમ કહીને શ્રીજી મહારાજ બોલ્યા કે આ બ્રહ્માનંદ સ્વામી છે. તે પણ યતિ જાણવા. એમ સર્વે સભાને સાંભળતે સતે બ્રહ્માનંદ સ્વામીની શ્રીજી મહારાજે યતિપણાની બહુ પ્રશંસા કરી. આ લીલા ચાર ધામના પુસ્તકમાંથી લીધી. ભુજ મંદિર. લેખક ધર્મજીવનદાસ સ્વામી ત્યાંથી શ્રીહરિ પંપા સરોવરે આવ્યા.

## પંપા સરોવર

મહાદેવજીનો કુંડ, લક્ષ્મી મંદિર, શબરીની ગુફા, રામચંદ્રજીની બેઠક, થોડે દૂર અંજની પર્વત વગેરે શ્રીહરિએ જોયા. પાવન કર્યા.

શ્રી રામચંદ્ર ભગવાન કબંધને સદ્‌ગતિ આપીને ત્યાંથી શબરીના આશ્રમમાં પધાર્યા. શબરી જાતિ એ ભીલડી હતી. યુવાનીના કાળથી એ સંતોની સેવામાં લાગી ગયેલી. આ મહિલાએ સાધુઓની બહુ સેવા કરી હતી. સાધુઓ જે રસ્તે થઈને સ્નાન કરવા જતા એ રસ્તો શબરી સાવરણીથી નહોતી વાળતી. હાથથી વાળતી હતી. કોઈને ખબર ન પડે એમ ગુપ્ત સેવા કર્યા કરતી.

શબરીની ગુપ્ત અને અખંડ સેવા જોઈને માતંગ ઋષિનું હૃદય દ્રવિત થઈ ગયું. અંતકાળે શબરીના મસ્તક ઉપર હાથ મુકી મહર્ષિ માતંગ ઋષિ બોલ્યા, 'શબરી, મારું પ્રારબ્ધ પૂરું થાય છે.' હું હવે આ દુનિયામાંથી વિદાય લેવાનો છું.

શબરી ઋષિના ચરણોમાં પડી રોવા લાગી. બોલી ''બાબા એવું ના બોલશો'' નહિ શબરી, ભગવાનના નિર્ણયને સ્વીકારવો જ પડશે. શબરી બહુ રડી. જેના સાનિધ્યમાં શાંતિ અનુભવાઈ હોય એવા સંત વિદાયની વાત કરે ત્યારે રડવું આવે તે સ્વાભાવિક છે. ગુરુદેવ - શબરીના માથે હાથ મૂકી બોલ્યા ''શબરી રો માં, એક કામ કરજે મને તો રામના દર્શન નહિ થાય પણ એક દિવસ રામ આપણા આશ્રમમાં અવશ્ય આવશે. આ મારગે આવશે.''

તેથી શબરી રોજ આતુર નયને પ્રતિક્ષા કર્યાં કરે છે. દિવસો ગયા, માસ ગયા, વર્ષો વીત્યા, શબરી વૃદ્ધ થઈ ગઈ પણ એને ગુરુજીના વચનમાં શ્રદ્ધાને ઉત્સાહ ઓસર્યો (ઓછો) નહિ. રોજ સવાર પડે એટલે કામે લાગી જાય. આંગણું સાફ કરે (રસ્તો સાફ કરે) તુલસીદલ ભેગાં કરે, ફળફુલ ભેગાં કરે, બોરડીએ બોરડીએ ફરીને બોર ભેગાં કરે અને બોરનો ઢગલો કરીને સારાં સારાં બોર પ્રભુને માટે અલગ કરીને પ્રભુના આગમનની રાહ જોતી બેસી રહે. રાત પડી જાય ત્યારે શબરીને એમ થાય કે આજ પ્રભુ ન આવ્યાં અને પ્રભુ સ્મરણ કરતી કરતી એ સૂઈ જાય. બીજા દિવસ સવાર થતાં પાછી એની એ ક્રિયા એ જ નિત્યકાર્ય એ જ પૂજા બધું ભેગું કરે, સજાવે અને એ બધું એમને એમ પડ્યું રહે, કર્મનો સિદ્ધાંત છે કે કરેલું કર્મ કોઈ દિવસ, નકામું જતું નથી. વહેલું કે મોડું જ્યારે યોગ થાય છે. ત્યારે કર્મનું ફળ મળે જ છે. ઘણા લોકો અમુક સમય સુધી સાધના કરે છે અને પછી નિરાશ થઈને મૂકી દે છે. સાધનામાં કસોટી તો થશે જ પણ તમામ મુશ્કેલીઓમાં પણ જે એને વળગી રહે છે. એને સિદ્ધિ મળે છે. સાધના કદી નિષ્ફળ જતી નથી.

વર્ષોની શબરીની સાધના આખરે ફળી. શબરીનું સ્વપ્ન સફળ થયું. ઋષિનું વચન સાચું સાબિત થયું. શબરીને ત્યાં રામજી પધાર્યાં. રામજીને બોલાવવા ન પડ્યા. રામજી સ્વયં આવીને શબરીને આંગણે ઉભા રહ્યા. શબરીને રામજીના ચરણ પખાળવાની ઈચ્છા થઈ પણ પાત્ર નહોતું. પાણી નહોતું એટલે એણે પોતાના હાથ ભગવાનના ચરણ નીચે રાખી પ્રભુની સામે જોયું. ભગવાન સમજી ગયા કે શબરી હાથના પાત્રમાં ચરણ મુકવાનું કહે છે. એમણે એ શબરીના બે હાથ ઉપર પોતાના ચરણ મૂક્યાં.

જે હાથે ખૂબ રસ્તો વાળ્યો હતો. જે હાથે સંત ચરણરજનો ખૂબ અનુભવ કર્યો હતો. એ હાથમાં આજે ભગવદ્‌ચરણ આવ્યા અને જે નેત્રો શબરીએ પ્રભુચરણ ઉપર ધરી દીધાં. આંખમાંથી અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો. શબરીએ

પ્રભુના ચરણ આંસુથી ધોયા. શબરી કંદમૂળ ફળ છાબડીમાં લઈ આવી. એ એક બોરી છાબડીમાંથી લે છે. બરાબર સાફ કરે છે અને પછી રામજીની સામે ધરીને કહે છે. ''પ્રભુ આ બોર મીઠું છે આપ ખાઓ'' શબરી એક બોર રામજીને આપે છે અને એક લક્ષ્મણજીને આપે છે. વખાણીને વખાણીને ભગવાન શબરીના હાથનાં એઠાં બોર ખાય છે અને રામ બોલ્યા. ભગવંત એક વાત કહું ! આજ મને શબરી નથી દેખાતી. આજ તો મને લાગે છે કે આપણી મા કૌશલ્યા મને ખવડાવે છે. આજે તો શબરીમાં મને કૌશલ્યામાના દર્શન થાય છે. ''કેટલો પ્રેમ આપ્યો હશે. શબરીએ ! ફળાહાર કરાવીને શબરીએ પ્રભુના ચરણોમાં પ્રણામ કર્યા અને પછી બોલી પ્રભુ મને તમારી સ્તુતિ આવડતી નથી. શ્રીરામચંદ્રજી કહેવા લાગ્યા તારી વતી સ્તુતિ હું કરું.''

પ્રથમ ભક્તિ સંતન કર સંગા, દુસરી રતિ મમ કથા પ્રસંગા
ગુરુ પદ પંકજ સેવા, તીસરિ ભક્તિ અમાન, ચોથ ભક્તિ મમ
ગુન ગાન, કરઈ કપટ તજી ગાન ॥

શ્રીહરિ ત્યાં બે દિવસ રોકાયા અને પંપા સરોવર છે. જેમાં શ્રીરામ લક્ષ્મણજીએ જયાં સ્નાન કર્યું હતું તે સ્થળમાં વર્ણીએ સ્નાન કર્યું અને આનંદ પામ્યા. રામની પરમ ભક્ત શબરીની ગુફાને પાવન કરી ત્યાંથી આગળ ચાલ્યા અને કોપરપુર નામના શહેરમાં આવ્યા.

**નોંધ :** આ લીલા ચારધામના પુસ્તકમાંથી લેવામાં આવી છે. ભુજ મંદિર, લેખક ધર્મજીવનદાસ સ્વામી.

## કોપરપુર શહેરમાં શ્રીહરિ આવ્યા

શ્રીહરિ કોપરપુર શહેરમાં આવ્યાં. ત્યાંનો રાજા ધાર્મિક અને પ્રજાપાલક હતો તેના રાજ્યમાં પ્રજા ખૂબ સુખી હતી. તેણે શહેરથી બહાર સારી જગ્યાએ વશિષ્ઠજીનું સુંદર અને મોટું મંદિર બંધાવી તેમાં વશિષ્ઠજીની મૂર્તિ પધરાવી. પોતે રોજ તેનું પૂજન કરી સ્તુતિ કરતો અને માગતો કે હે પ્રભુ ! આ મંદિરમાં પ્રગટ મનુષ્યરૂપે ભગવાન પધારે એવી મારા ઉપર કૃપા કરો. પરંતુ તેની ઈચ્છા પૂરી થતા પહેલાં જ તે સ્વર્ગવાસી થયો. પછી તેની રાણી રાજ્ય કરતી. તહેવારના દિવસે તે વશિષ્ઠજીના મંદિરે દર્શન કરવા જતી. એક વખતે રાણી દર્શન કરવા આવી ત્યારે પૂજારીએ વાત કરી કે રાજાજીને અહીંયા શ્રી હનુમાનજી તથા શ્રી ગણપતિજીનું મંદિર બંધાવી તેમાં બંનેની મૂર્તિઓ પધરાવવાનો વિચાર હતો.

પરંતુ તે સંકલ્પ તેઓ પૂરો કરે તે પહેલાં જ તેઓનો સ્વર્ગવાસ થયો. તો આપ રાજાજીની તે અંતિમ ઈચ્છા પૂરી કરો તો સારું.

પૂજારીની વાત સાંભળી રાણીએ તુરત જ બેય દેવોની મૂર્તિઓ પધરાવવા માટે સુંદર બે યોગ્ય મંદિરો તથા સુંદર મૂર્તિઓ તૈયાર થઈ ગયાં. પછી પ્રતિષ્ઠા માટે મુહૂર્ત જોવરાવવા માટે શહેરના જોષીઓને બોલાવ્યા. શાસ્ત્ર પ્રમાણે જોતાં મુહૂર્તનો દિવસ નજીકમાં જ આવ્યો. પછી શહેરના કર્મકાંડી, બ્રાહ્મણોને બોલાવી રાણીએ પૂછ્યું કે, આપ જો સારી રીતે પ્રતિષ્ઠાનું કામ કરી શકો તો ભલે નહીં તો કાશી, પૂના વગેરે સ્થળોથી સારા પંડિતો બોલાવીએ. ત્યારે તે બ્રાહ્મણો બોલ્યા કે અમો પ્રતિષ્ઠાનો સંપૂર્ણ વિધિ શાસ્ત્રો, પ્રમાણે જ બરાબર જાણીએ છીએ અને વિધિ યથોક્ત રીતે જ કરીને અમો પ્રતિષ્ઠા કરીશું માટે બીજેથી કોઈ બીજા બ્રાહ્મણોને બોલાવવાની જરૂર નથી. બહારના પંડિતો કરતાં અમો વધારે જાણીએ છીએ. માટે જરાય ચિંતા કરશો નહિ.

ત્યારે રાણી કહે પૂનામાં તથા કાશીમાં ઘણા સારા પંડિતો છે. છતાં તમો ગર્વના વચન બોલો તે યોગ્ય નથી. આપણને ફરી ફરી આવો પ્રસંગ ન આવે માટે આપ કહો તો બોલાવીએ છતાં તે લોકોએ ના કહી પછી ગામના બ્રાહ્મણોના કહેવા પ્રમાણે સર્વ સામગ્રી તૈયાર કરાવી અને યોગ્ય દિવસે પ્રતિષ્ઠા અંગેનો યજ્ઞ વગેરે વિધિ ચાલુ કર્યો. શુભ મુહૂર્તના દિવસે અભિજીત નક્ષત્રમાં સારા ચોઘડિયામાં ખૂબ ધામધુમથી શ્રી હનુમાનજી તથા શ્રી ગણપતિની મૂર્તિઓ પધરાવી. પરંતુ દૈવ ઈચ્છાથી  અથવા દુર્ભાગ્યવશાત્ અથવા અભિમાનથી બ્રાહ્મણોની બુદ્ધિમાં ભ્રમ થયો અને ભૂલથી કહો કે ગમે તે કારણથી શ્રીહનુમાનજીના મંદિરમાં શ્રી ગણપતિની મૂર્તિ પધરાવી દીધી અને ગણપતિનાં મંદિરમાં ઉત્તરાદે મુખાર્વિંદે હનુમાનજીની મૂર્તિ સ્થાપન કરી દીધી. એમ સ્થાનભેદ થવાથી મોટો અનર્થ થયો. પરંતુ તુરત કોઈને ખબર ન પડી. પ્રતિષ્ઠાનો વિધિ પૂરો કરી રહ્યા પછી બ્રાહ્મણોને ભૂલનો ખ્યાલ આવ્યો. પણ રાણીની તથા પોતાની આબરૂની બીકથી તે વાત છાની રાખી અને બધા જમી દક્ષિણાઓ લઈ ચાલ્યા ગયા.

પરંતુ બન્યું એવું કે તે જ દિવસે સાંજે પ્રતિષ્ઠાની વિધિનો જાણકાર પૂનાનો એક વિદ્વાન બ્રાહ્મણ ફરતો ફરતો ઈશ્વર ઈચ્છાથી કોપરપુરમાં આવ્યો અને તે જ વશિષ્ઠના મંદિરમાં રાત્રી નિવાસ કરવા ગયો. ત્યાં મુખ્ય દેવનાં દર્શન કરી રાજી થયો. ત્યાં મૂર્તિઓ જોઈ પ્રથમ તો રાજી થયો પણ બેય મૂર્તિઓનો સ્થાનભેદ જોઈ વિચાર કરવા લાગ્યો કે આવી ભૂલ કેમ કરી હશે ? અને આ રીતે થવાથી રાજ્યનો

નાશ થાય અથવા નુકસાન થાય માટે રાજ્યહિત થાય તેમ મારે કરવું જોઈએ. એમ વિચાર કરી પૂજારીને સાથે લઈને રાણી પાસે ગયો. અને રાણીને મૂર્તિઓના સ્થાનભેદ અંગેની તથા તેનાથી ભાવિમાં થવાના અનિષ્ટની વાત કરી.

રાણી આવી વાત સાંભળી ગભરાઈ અને આંખોમાં આંસુ આવ્યાં. મનમાં દુઃખી થઈ ગઈ. પછી મનને જરા શાંત કરી ધીરજ લાવી તે બ્રાહ્મણને પૂછ્યું કે આ બાબતમાં રાજ્યનું તથા અમારું અનિષ્ટ ન થાય તેવો ઉપાય બતાવો. ત્યારે તે પંડિતે કહ્યું કે, તે મૂર્તિઓ ઉપાડી ખૂબ ખર્ચ કરી ફરી પ્રતિષ્ઠા કરો તો તમારે તથા રાજ્યને કોઈ જાતનો વાંધો નહિ આવે. તેમાં સારા કર્મકાંડી, વેદવિધિ જાણનાર પંડિતને બોલાવી તે કામ કરાવજો. જેથી આવી ભૂલ ન થાય. એમ કહી તે બ્રાહ્મણ ગયો.

પછી રાણીએ શહેરના જે બ્રાહ્મણોએ પ્રતિષ્ઠા કરી હતી તે તમામને બોલાવ્યા અને તેમને મૂર્તિઓ અવળી કેમ પધરાવી છે તે વાત પૂછી. પરંતુ થયેલી ભૂલ પોતે જાણતા હતા તો પણ બીકથી તે વાત છાની રાખેલી. તેથી કોઈ કાંઈ બોલી શક્યું નહિ ઉત્તર નહીં મળવાથી રાણી ખૂબ કોપાયમાન થઈ અને પોલીસખાતાને હુકમ કર્યો કે આ બધાને જેલમાં પૂરો અને મારો બીજો હુકમ ન થાય ત્યાં સુધી છોડશો નહિ. એટલે બધા બ્રાહ્મણોને જેલમાં પૂરી દીધા.

ગોબ્રાહ્મણ પ્રતિપાળ, કરૂણાના સાગર, સર્વાંતર્યામિ, શ્રીહરિ આ બ્રાહ્મણોનું દુઃખ જાણી તેમને મુક્ત કરવા તેજ દિવસોમાં કોપરપુરમાં તે વશિષ્ઠજીના મંદિરમાં આવ્યા. વશિષ્ઠજીનાં દર્શન કરી ગણપતિજી તથા મારુતિનાં દર્શન કરવા ગયા. ત્યાં જોતાં જ બેય દેવોની પ્રતિષ્ઠા શાસ્ત્ર વિરુદ્ધ જોઈ મનમાં દુઃખ થયું અને આ કામ કોઈએ ઘણું જ હાનિકારક કર્યું છે. એમ માનીને મંદિરમાં એકાંત સ્થાને પોતે આસન કરીને બિરાજ્યા. ત્યાં એક બ્રાહ્મણ દર્શન કરવા આવ્યો. તેણે એકાંતમાં બેઠેલા વર્ણીને જોયા. તેની વૃત્તિ વર્ણીમાં ખેંચાણી. તુરંત તે વર્ણી પાસે ગયો ને નમસ્કાર કરીને બેઠો. તેણે વાત કરતાં મારુતિ અને ગણપતિની પ્રતિષ્ઠાની તથા બ્રાહ્મણોને જેલમાં પૂર્યાં છે. તે તમામ વાત શ્રીહરિને કહી તે વાત સાંભળી શ્રીહરિએ કહ્યું કે, તમો જઈને રાણીજીને મારા આવ્યાના સમાચાર કહી અહીં બોલાવી લાવો. વિપ્રે રાણી પાસે જઈને વાત કરી કે એક મહાસમર્થ બાળયોગી આપણા વશિષ્ઠના મંદિરમાં આવ્યા છે. અને તેમણે હનુમાનજી તથા ગણપતિજીની અવળી પ્રતિષ્ઠા જોઈને આપને ત્યાં બોલાવ્યાં છે. માટે આપ ત્યાં પધારો તો સારું થાય. એટલે વિશ્વાસુ રાણી શ્રીહરિ પાસે આવી.

બાળવર્ણીજીને જોઈને રાણીની વૃત્તિ શ્રીહરિમાં ખેંચાઈ. પછી ધ્યાનમાં બેઠેલા શ્રીહરિને પ્રણામ કરી હાથ જોડી દૂર બેઠી. તે જ વખતે શ્રીહરિની ઈચ્છાથી મહાન ચમત્કાર થયો. મારૂતિ અને ગણપતિની મૂર્તિઓ વર્ણીની પ્રેરણાથી બદલાઈને પોતપોતાના મંદિરમાં યથાસ્થાને બેસી ગઈ. આ અલૌકિક શ્રીહરિના પ્રભાવને તથા મૂર્તિઓની બદલીને કોઈપણ જોઈ શક્યું નહિ. પછી શ્રીહરિ ધ્યાનમાંથી જાગીને ગણપતિ તથા હનુમાનજી પાસે જઈ બેય દેવોની છાતીએ હાથ મૂક્યો અને પ્રાણ પૂર્યા અર્થાત્ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરી. પછી રાણીને ત્યાં બોલાવી શ્રીહરિએ કહ્યું કે જુઓ આ બેય દેવો પોતાને સ્થાને જ બિરાજે છે કે તેમાં કાંઈ ફેર છે ? રાણીએ તથા પ્રધાન, પૂજારીએ અને બ્રાહ્મણે વગેરે તમામ માણસોએ જોયું. મૂર્તિઓ યથાયોગ્ય સ્થાને બિરાજેલી હતી. આ ક્યારે અને કેવી રીતે બન્યું તેની ખબર નહિ પડવાથી આશ્ચર્ય પામ્યા.

પછી રાણી તથા પ્રધાને વિચાર કરી નિર્ણય કર્યો કે એક જ ક્ષણમાં બનેલો આશ્ચર્યકારી આ બનાવ. આ વર્ણીના પ્રતાપથી જ બન્યો છે. આપણને આપત્તિમાંથી બચાવવા આ વર્ણીએ જ આ કાર્ય કર્યું છે. તેમ નિશ્ચય કરી શ્રીહરિને બે હાથ જોડી વિનંતી કરતાં રાણીએ કહ્યું કે આ આખું રાજ્ય આપનું છે. આપની આજ્ઞા પ્રમાણે અમો રહીશું. માટે આપ અહીં કાયમ માટે રોકાઓ. આપ માગો તે આપું પણ અહીં કાયમ રહો. એમ કહીને પ્રધાન પાસે વર્ણીની પૂજા કરાવી. રાણીની વિનંતી સાંભળી વર્ણીએ કહ્યું કે હું અક્ષરધામનો ધામી છું. ચાંદ લોકમાં મારું રાજ્ય છે. મારે કોઈ વાતની ખામી નથી. મારી ઈચ્છા વિના કાંઈ થતું નથી. પરંતુ હું તો પૃથ્વી ઉપર અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવા આવ્યો છું. વિપ્ર, સંતો, ગાયોનું રક્ષણ કરવાનું મારું કામ છે. માટે મારે કાંઈ જોઈતું નથી. છતાં એક વાત માકી માનો કે જે બ્રાહ્મણોને તમોએ જેલમાં પૂર્યા છે. તેમને છોડી મૂકો. શ્રીહરિની આજ્ઞા થતાં રાણીએ બધા વિપ્રોને જેલમાંથી છોડી મૂક્યા. વિપ્રોએ જેલમાંથી છુટી ઉપરની તમામ વાત જાણી એટલે વર્ણી પાસે આવી નમસ્કાર કરી આભારવશ થઈ ખૂબ સ્તુતિ-પ્રાર્થના કરી રાણી ઉપર વર્ણી ખૂબ રાજી થયા. પછી વર્ણીને રોકવા રાણીએ ઘણા ઉપાયો કર્યા પરંતુ નિર્બંધ શ્રીહરિએ તેની વાત માની નહીં અને અનેક જીવોનો મોક્ષ કરવા બીજા દિવસે ત્યાંથી ચાલી નીકળ્યા.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લેવામાં આવી છે. લેખક શ્રી નંદકિશોર સ્વામી કાલુપુર મંદિર.

## રામપુર

શ્રીહરિ કોપરપુરથી વનમાં ચાલતાં વચમાં રામપુર નામનું ગામ આવ્યું. તેની સમીપે સુંદર બગીચો હતો. ત્યાં જઈ તેના માલિકને પૂછીને પોતે બગીચામાં ઊતર્યાં. આસન કરીને બિરાજ્યા. તે બગીચાનો માલિક માળી હતો. તે સારો ભક્ત અને સંતોની સેવામાં શ્રદ્ધાવાળો હતો. સંત સમાગમથી માયિક પદાર્થમાંથી વિરક્ત હતો. સુખી હતો. તેથી ગરીબોને પણ મદદ કરતો. તે માળી ભક્ત શ્રીહરિ પાસે આવી નમસ્કાર કરી બેઠો. વર્ણીએ તેને શુદ્ધ ભક્ત માની ભગવાનના તથા સંતોના મહિમાની વાતો કરી તેટલામાં તે માળીની સ્ત્રી ઘરેથી જમવાનું લઈને ત્યાં આવી તેણે તે નીચે મૂકી વર્ણીને નમસ્કાર કર્યાં. પછી માળી પ્રત્યે બોલી કે આ બ્રહ્મચારી બહુ સમર્થ જણાય છે. માટે પ્રથમ તેમને જમાડો. પછી તેમની પ્રસાદી આપણે જમીને પાવન થઈશું.

પોતાની સ્ત્રીનાં વચન સાંભળીને માળીએ જમવાનો શ્રીહરિને ખૂબ આગ્રહ કર્યો અને કહ્યું કે જમ્યા વિના નહિ જવા દઉં. ત્યારે શ્રીહરિ બોલ્યા કે અમો અન્ન જમતા નથી. માટે કાંઈ ફળફૂલ હોય તો લાવો. માળીએ તરત બગીચામાં જઈને સારાં પાકાં કેળાં લાવીને વર્ણીને આપ્યાં. શ્રીહરિએ તે કેળાં સુધારી વિષ્ણુ ભગવાનને (શાલીગ્રામને) જમાડ્યા. જળપાન કરાવ્યું. પછી પોતે જમવા લાગ્યા. માળી તથા તેની સ્ત્રી પ્રસાદી લેવા પાસે બેઠા ત્યાં વર્ણીની ઈચ્છાથી તેમને એકદમ તેજનો સમૂહ દેખાયો અને તરત સમાધિ થઈ ગઈ. સમાધિમાં તેમણે વર્ણીને અહીં બગીચામાં બેઠેલા અને કેળાં જમતા જેવા જોયા હતા. તેવા જ તેમને અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર તેજોમય સ્વરૂપે બેઠેલા જોયા. ત્યાં વર્ણીએ કેળાં જમીને પ્રસાદી આપી. તે બેય જમ્યા. વર્ણીના તથા મુક્તોનાં દર્શન કરી બેય ખૂબ રાજી થયાં. પછી માળીએ શ્રીહરિને પ્રાર્થના કરી કહ્યું કે હે પ્રભુ ! અમને સદાયને માટે અહીં રાખો. ત્યારે વર્ણીએ કહ્યું કે તમો મૃત્યુલોકનાં માનવી છો માટે હાલમાં તમો ત્યાં જાવ અને બીજે જન્મે મારી ભક્તિ કરશો ત્યારે તમારો મોક્ષ કરીશ. એમ કહી સમાધિમાંથી બહાર લાવ્યા ત્યારે પોતાની સામે વર્ણીને બેઠેલા જોયા. પછી શ્રીહરિએ તેમને કેળાંની પ્રસાદી આપી. તે પ્રસાદી બેય જણાં પ્રેમથી જમ્યા. આવો અલૌકિક પ્રતાપ જોઈને બેય જણાં રાજી થઈને વર્ણીના શિષ્ય થયાં. પછી શ્રીહરિ ત્યાંથી ચાલવા તૈયાર થયાં ત્યારે માળી એ શ્રીહરિએ રોકવા ઘણી પ્રાર્થના કરી. ત્યારે તેનો ભાવ જોઈ તેમને જ્ઞાન આપવા

એક રાત ત્યાં રોકાયા. પછી બીજા દિવસે વર્ણી ત્યાંથી ચાલ્યા ત્યારે માળીએ કહ્યું કે અમને કૃપા કરી આપની સમીપે સદાય રાખજો અને ફરી દર્શન આપજો. એમ કહી ઉદાસી થયા વર્ણીએ તેમને ધીરજ આપી કહ્યું કે તમારા બીજા જન્મે આપણો મેળાપ થશે ત્યારે તમારો મોક્ષ થશે. એમ વરદાન આપી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા.

પછી માળી સંસારથી ઉદાસ થઈ પ્રભુની ભક્તિ કરવા લાગ્યો. આયુષ્ય ખૂટતાં દેહનો અંત આવ્યો અને સુરતમાં એક શેઠને ત્યાં તેનો જન્મ થયો. જ્યારે શ્રીહરિ સત્સંગમાં વિચરતા હતા. ત્યારે શ્રીહરિના પરમ સખા, હાસ્યરસની મૂર્તિ, શીઘ્ર કવિ, કવિ સમ્રાટ, મહાન સમર્થ, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના સમાગમ અને ઉપદેશથી સુરતના મહાન સમર્થ લોકમાન્ય આગેવાન પંડિત મુનીબાવા પોતે પારસી અરદેશર કોટવાળા આદિક, પોતાના કેટલાક મુખ્ય શિષ્યો સહિત સત્સંગી બન્યા હતા. તેમણે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિને સુરતમાં પધારવા વિનંતી કરી. એટલે વ્યવહારકુશળ બ્રહ્માનંદ સ્વામીએ મુનીબાવા તથા અરદેશરજી તથા બીજા સત્સંગીઓને સાથે રાખી શ્રીહરિને સુરત પધારવા વિનંતીપૂર્વક આમંત્રણ આપ્યું. તેમના આગ્રહપૂર્વકના આમંત્રણને માન આપી શ્રીહરિ એક વખત સુરત પધાર્યા. ત્યારે ત્યાંના નવાબે તથા અરદેશરજીએ તથા મુનીબાવાએ મળી ખૂબ ધામધુમથી સામૈયું કર્યું. જ્યારે શ્રીહરિની સવારી બજારમાંથી પસાર થઈ રહી હતી. ત્યારે શ્રીહરિએ એક વૈષ્ણવ શેઠની દુકાન પાસે પોતાની સવારી ઉભી રાખી ત્યારે તે શેઠનો પુત્ર જે પૂર્વજન્મમાં રામપુરમાં ગામનો માળી હતો અને શ્રીહરિ વર્ણીવેશે તેને મળ્યા હતા. તે પુણ્યથી શ્રીહરિ તેને દર્શન દેવા તથા પૂર્વનું જ્ઞાન કરાવી. તેનો મોક્ષ કરવા હાથ જોડી નમસ્કાર કર્યા અને તે વિચાર કરવા લાગ્યો કે આ સ્વામિનારાયણ ભગવાનને મેં ક્યાંક જોયા છે. પરંતુ તેને તે યાદ ન આવ્યું. એટલે તેણે વિચાર કર્યો કે તેઓ તેમના ઉતારે જાય પછી ત્યાં જઈ મારે તેમને મળવું. પછી ઉતારે જઈને શ્રીહરિને મળ્યો. પૂર્વનું જ્ઞાન થયું પછી શ્રીહરિને કહ્યું છે કે પ્રભુ મને તમારા ધામમાં લઈ જઈને ત્યાંનું સુખ આપો. શ્રીહરિ એક માસ પછી તેને તેડીગયા. પોતાના ધામનું સુખ આપ્યું.

## પંઢરપુર

(પંઢરપુરમાં વિઠ્ઠલનાથજી ભગવાનનું મંદિર શિખરબંધ પૂર્વદ્વારે છે. વિઠ્ઠલનાથજી ભગવાન બે હસ્ત કેડ પર રાખીને ઉભા છે. ચંદ્રભાગા નદી,

દ્વારકાનાથનું મંદિર, તથા ઉત્તર દ્વારે શ્રી સ્વામિનારાયણ મંદિર છે. શ્રીહરિ બે માસ રહ્યા હતા. તે સ્થાન તથા શ્રીધર સ્વામીની સમાધિ ત્યાં પીપળો પ્રસાદીનો છે. શ્રીહરિ વિઠ્ઠલનાથજીની મૂર્તિ બાથમાં ઘાલી બેઠા છે. હવે શ્રીહરિ રામપુરથી ચાલ્યા તે વનમાં ફરતા ફરતા કેટલાંક દિવસે પંઢરપુર નામના તીર્થમાં આવ્યા. ત્યાં ચંદ્રભાગા નામની નદીના કિનારા ઉપર સ્વામી શ્રીધરની સમાધિના સ્થળમાં આવ્યા. ત્યાં લીંબડા તથા પીપળાનું વૃક્ષ હતું. ત્યાં નિવાસ કર્યો. આ નદીના સુંદર સ્થળમાં વર્ણીરાજ બે માસ રહ્યા. ત્યાં રહીને દરરોજ નદીમાં સ્નાન કરી વિઠ્ઠબાજીના દર્શને જતાં. વિઠ્ઠુબાજીના દર્શન કરવા જતાં રસ્તામાં અમૃતેશ્વર મહાદેવના દર્શન કરતા અને તેના ઉપર દરરોજ નદીમાં કમંડળું ભરી લાવીને નિત્ય શિવજીને નવરાવતા હતા અને તીર્થવાસીઓ આવતા તેમને રૂડો ઉપદેશ આપતાં.

(૧) એવામાં ત્યાં બન્યું એવું કે શિવજીનો પૂજારી બ્રાહ્મણ સારો હતો. તેને એકનો એક પુત્ર હતો. તે પુજારી સવારમાં શિવજીની પૂજા કરવા આવે ત્યારે તે પુત્રને સાથે લઈને આવે. બ્રાહ્મણનો પુત્ર શિવજીની સેવા કરતો હતો. તે પૂજારી સવારમાં શિવજીની પૂજા કરવા આવતો ત્યારે સર્પ બાણની નીચે રહેતો હતો. પણ પૂજારી સર્પને માટે દરરોજ દૂધનો કટોરો લાવતો તે દૂધનો કટોરો દૂર મૂકતો તેથી સર્પ ત્યાં જઈને દૂધ પીતો. જ્યાં સુધી પૂજારી બાણની પૂજા કરે ત્યાં સુધી દૂર રહેતો. પછી બાણની નીચે આવતો. એક વખત એવું બન્યું પૂજારી દૂધનો કટોરો લાવવાનો ભૂલી ગયો. અને ઉતાવળમાં અંધારામાં પૂજારીના પુત્રએ સર્પને જોયો નહીં અને ભૂલમાં તે સર્પ ઉપર પગ મૂક્યો. સર્પ દબાયો એટલે તુરત જ ક્રોધ કરી ફુંફાડો મારીને બ્રાહ્મણના પુત્રને પગે કરડ્યો. તેનું ઝેર ચડ્યું ગામમાં ખબર પડી એટલે તેના સગાઓ એકદમ દોડીને આવ્યાં. ગામમાંથી બીજા માણસો પણ આવ્યા. સર્પને ઉતારવા માટે ઘણા પ્રયત્ન કર્યા પણ ઝેર ઉતરે નહિ નામ પણ આપે નહિ. ત્યારે લોકોએ કહ્યું કે હે નાગદેવ ! ભૂલથી પગ મૂકાયો છે. માટે અમારો અપરાધ ક્ષમા કરો. જ્યારે લોકોએ માફી માંગી ત્યારે સર્પને વાચા આવી અને બોલ્યો કે તમે બીજા ગમે તેટલા ઉપાય કરશો તો પણ મારું ઝેર ઉતરવાનું નથી. પરંતુ મંત્ર, તંત્ર, જંત્રના પ્રયોગને સફળ-નિષ્ફળ કરનારા સર્વના નિયંતા પોતે પ્રગટ ભગવાન આજે જ આ શહેરમાં આવ્યા છે.

તો તમારું કામ થશે માટે હું બતાવું ત્યાં જાઓ. ચંદ્રભાગા નદીના કિનારે વૃક્ષ નીચે તે સમર્થ પ્રભુ બાળ બ્રહ્મચારી સ્વરૂપે ધ્યાન કરતા બિરાજે છે. સર્પના

વચનમાં વિશ્વાસ લાવી એક બ્રાહ્મણ જલદી બતાવેલ જગ્યાએ ગયો. શ્રીહરિ ધ્યાનમાં બેઠા હતા. ત્યાં જઈ વિપ્રએ હાથ જોડ્યા. પ્રાર્થના કરી. થોડીવાર સુધી સ્તુતિ કરી ત્યાં બેઠો. જ્યારે શ્રીહરિ ધ્યાનમાંથી જાગ્યા અને તેમની સામે બેઠેલા વિપ્રને જોયો. ત્યારે તેને પૂછ્યું કે તમારે મને ધ્યાનમાંથી જગાડવાનું શું પ્રયોજન છે ? ત્યારે તે વિપ્રે પુજારીના પુત્રને સર્પ કરડવાની તમામ વાત કરીને કહ્યું કે આપ ત્યાં પધારીને સર્પનું ઝેર ઉતારીને પૂજારીના પુત્રને જીવતદાન આપો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે હું શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શનકરી અહીંયા પાછો આવું છું તેટલામાં તમો તે બાળ વિપ્રને અહીં લાવોતો જરૂર તેને જીવાડીશ. એમ કહીને વિપ્રને રવાના કર્યો પછી પોતે નદીમાં ફરી સ્નાન કરી શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શન કરી પાછા ઉતારે આવ્યા.

ત્યાં વિપ્રે પુજારીના પુત્રને લાવીને વર્ણીની આગળ સુવાડ્યો. તે બ્રાહ્મણપુત્ર બેભાન સ્થિતિમાં હતો. શ્રીહરિએ તેના સામું જોઈને લોકોને કહ્યું કે હવે સર્પને પકડીને અહીં લાવો. ત્યારે માણસો બોલ્યા કે સર્પ તો ક્યાંય ચાલ્યો ગયો છે. ઘણો ગોતવા છતાં હાથમાં આવતો નથી. માટે ક્યાંથી પકડી લાવીએ ? માટે હે પ્રભુ ! આપ કૃપા કરીને આ સર્પના ઝેરને ઉતારીને દુઃખ મટાડો જો વાર થશે તો આ બ્રાહ્મણ પુત્ર મરી જશે અને નાની બાળ તેની સ્ત્રી વિધવા બનશે. આ પ્રમાણે બ્રાહ્મણોએ શ્રીહરિની ખૂબ પ્રાર્થના કરી એટલે દયાળુ પ્રભુએ દયા લાવીને સર્પને ઉતારવાનો મનમાં નિર્ણય કરી હાથમાં પાણી લઈને પૂજારી ઉપર છાંટ્યું અને સર્પને મૂર્તિમાન હાજર થવા સંકલ્પથી આજ્ઞા કરી. વર્ણીથી ભય પામીને તુરત જ મોટો કાળો સર્પ એકદમ ત્યાં આવ્યો અને ફણા ઊંચી કરી વર્ણીને નમસ્કાર કર્યા.

સર્વાંતર્યામી, સર્વ કર્મફળ પ્રદાતા, સર્વજ્ઞ શ્રીહરિ તો તે સર્પના પૂર્વજન્મનું બધું વૃત્તાંત જાણે છે. છતાં લોકોને જણાવવા માટે સર્પને કહ્યું કે, (૧) તું કોણ છે ? (૨) કેમ સર્પ થયો છે ? (૩) આ પૂજારીને શા માટે કરડ્યો છે ? (૪) અને કેમ ઉતરતો નથી ? વગેરે તારી તમામ વાત વિગતવાર કહે. શ્રીહરિની આજ્ઞા થતાં જ તે સર્પને વાચા (વાણી) થઈને બોલ્યો કે, ‘‘આપ સાક્ષાત ઈશ્વર છો. તેથી મારા પૂર્વજન્મની બધી બિના આપ જાણો છો છતાં આપ પૂછો છો. પરંતુ મારા પૂર્વજન્મની વાત કહેતાં મને શરમ આવે છે. પણ આપની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. કારણ કે મોટા દેવતાઓ પણ આપની આજ્ઞામાં જ રહે છે. માટે મારી વાત સાંભળો.’’ ત્યાં ભેગા થયેલા માણસો આ દૃશ્ય જોઈ આશ્ચર્ય પામી ગયા અને સર્પની વાતને સાંભળવા આતુર બન્યા.

**સર્પનું પૂર્વજન્મનો વૃત્તાંત :** સર્પ કહે છે કે હું પૂર્વજન્મમાં આ પંઢરપુરનો રહીશ. એક ધનાઢ્ય બ્રાહ્મણ હતો. અમો પતિ-પત્ની બે જ માણસ હતા. મારે પુત્ર-પુત્રી વગેરે સંતાન ન હતું. મારી વૃદ્ધાવસ્થામાં મારી સ્ત્રી મરણ પામી. મારી પાસે ઘણું ધન હતું. હું શિવજીનો ભક્ત હતો તેથી તે ધનનો સદ્વ્યય કરી અમારા બેયનો મોક્ષ થાય એમ વિચારી મેં શિવજીનું મંદિર બંધાવ્યું. તેમાં શિવજીની પ્રતિષ્ઠા વેદવિધિ પ્રમાણે ઘણું ખર્ચ કરીને કરાવી. શિવજીની કાયમ પૂજા થાય તેવી વ્યવસ્થા પણ મેં બરાબર કરી. છતાં પણ મારી પાસે ઘણું ધન વધ્યું એટલે તે ધનના મોટા ચરૂમાં ભરી તે શિવજીના મંદિરના દક્ષિણ તરફના ચોકમાં એક તરફ ખાનગી રીતે જમીનમાં ઊંડો દાટ્યો. પછી હું કાયમ શંકરની આરાધના કરવા લાગ્યો.

પરંતુ મને ધનમાં વાસના ઘણી હતી. તેથી દ્રવ્યનું (ધનનું) ચિંતવન કરતો એટલે લોભવશ થઈ મેં તે ધનની કોઈને વાત ન કરી. હું કાયમ તેની રક્ષામાં રહેતો હતો. એમ કરતાં આયુષ્ય પૂર્ણ થવાથી મારો તે વિપ્રનો દેહ પડી ગયો. તે ધનમાં વાસના રહેવાથી મને આ સામે જુઓ છો તે સર્પનો અધમ દેહ આવ્યો. મને શિવજી ઉપર ભક્તિભાવ હતો અને છે. તેથી આ સર્પના દેહે હું હંમેશા રાત્રી-દિવસ શિવજીના બાણને વિંટાઈને બેસી રહું છું. મેં દાટેલા ધનની સામે દૃષ્ટિ રાખી તેની ચોકી કરું છું. રોજ સવારે આ પૂજારી શિવજીની પૂજા કરવા આવે ત્યારે મારા માટે એક કટોરામાં દૂધ લાવે. તે દૂધનો કટોરો તે દૂર મૂકે એટલે હું તે દૂધ પીવા જાઉં. ત્યારે પૂજારી શિવજીની પૂજા કરે. પૂજા થઈ રહે એટલે હું પાછો આવીને બાણને વિંટાઈ જાઉં. આ અમારો દરરોજનો કાર્યક્રમ હતો. પણ આજે ભૂલથી કે ઉતાવળથી કે ગમે તે કારણથી પૂજારી દૂધ લાવવું ભૂલી ગયો અને એકદમ પૂજા કરવા આવ્યો અને અંધારામાં અચાનક જ સીધો તેનો પગ મારા ઉપર આવ્યો અને પગના વજનના દબાણથી મને ઘણું જ દુઃખ થયું એટલે સર્પોની તામસી પ્રકૃતિ મુજબ મને ક્રોધ થયો અને હું પૂજારીને કરડ્યો.

પછી તો આ બધા માણસોએ મારું ઝેર ઉતારવા ઘણો જ પ્રયત્ન કર્યો પણ મને ઘણું દુઃખ થયું હતું. તેથી વેર લેવા હું ઉતર્યો નહિ. આ લોકો હજી પણ ગમે તેમ કરે તો પણ હું ઉતરવાનો ન હતો. પરંતુ આપ સર્વાવતારી પ્રભુ મને શિવજીનો ભક્ત માની મારા ઉપર કૃપા કરીને મને દર્શન આપી મારો મોક્ષ કરવા અહીં પધાર્યા છો. એમ મને શિવજીની કૃપાથી જાણવામાં આવ્યું એટલે મેં આ લોકોને આપની પાસે મોકલ્યા અને પૂજારીને આપની પાસે લાવવા કહ્યું એટલે તે

લોકો પૂજારીને આપની પાસે લાવ્યા. આપે મને બોલાવ્યો તેથી સર્પરૂપે હું પણ આપની પાસે આવ્યો અને આપનાં દર્શન કરી હું કૃતાર્થ થયો.

તો હવે આપની આજ્ઞા થાય તે પ્રમાણે હું કરું પણ મારો ઉદ્ધાર કરો. આ લોકોને મારી વાતમાં પ્રતીતિ આવે તે માટે આપ મારી સાથે તે શિવજીના મંદિરમાં ચાલો મેં જે જગ્યાએ ધનનો ચરુ દાટ્યો છે. તે જગ્યા બતાવું તે જગ્યાએ આપ ખોદાવો અને તેમાંથી જે ધન નીકળે તેને આપ સદ્ઉપયોગ કરો. એમ કહી વર્ણીને બધા લોકો સાથે શિવજીના મંદિરમાં લઈ જઈ તે જગ્યા બતાવી. પછી શ્રીહરિની ઇચ્છાથી સર્પનું ઝેર પૂજારીના શરીરમાંથી ઉતરી ગયું. સર્પ ઉતરી ગયો. એટલે પૂજારી સાજો થયો. લોકો બધા આનંદ પામ્યા. પછી વર્ણીએ તે સર્પના દેખતાં જ તે જગ્યાએ ખોદાવી ધનનો ચરૂ કાઢ્યો. તેમાંથી જે ધન નીકળ્યું. તેના વર્ણીએ ત્રણ ભાગ કરાવ્યા (૧) બ્રાહ્મણોને જમાડવા માટે (૨) બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે (૩) સદાવ્રતમાં વાપરવા માટે એમ ત્રણ ભાગ કરાવીને તેને યોગ્ય જગ્યાએ રાખી બધાને જવાની રજા આપી. સર્પ તો શ્રીહરિની પાસે જ બેસી રહ્યો. બીજે દિવસે બ્રાહ્મણોની ચોરાશી કરી ભાવથી વિપ્રોને જમાડ્યા. અને સર્પના દેખતાં જ દરેક વિપ્રોને યોગ્ય દક્ષિણાઓ વર્ણીએ આપી. ત્રીજો ભાગ તુરત જ સદાવ્રતમાં અપાવી દીધો. આ જોઈને સર્પ રાજી થયો અને ધનની વાસના છોડી દીધી. પછી વર્ણી પંઢરપુર રહ્યાં ત્યાં સુધી તેઓ લોકોને વાતો કરતા ને ઉપદેશ તે સર્પ સાંભળતો તેથી તેને જ્ઞાન થયું. પછી વર્ણીની સ્તુતિ કરી કહ્યું કે હે પ્રભુ ! હવે આપ આ નઠારો સર્પનો દેહ છોડાવી મારો મોક્ષ કરો. પછી વર્ણીએ કૃપા કરી તેનો સર્પનો દેહ છોડાવી તેને બદરિકાશ્રમમાં મોકલ્યો.

## પુંડરીક બ્રાહ્મણનો ઇતિહાસ

પંઢરપુરમાં એક મોટો નગરશેઠ હતો. તે બસો માણસનો સંઘ લઈને કાશીયે જાત્રા કરવા સારું ચાલ્યો તે તમામ માણસનો ખર્ચ પોતાને માથે રાખ્યો હતો. પછી જતાં જતાં જ્યાં કાશી દસબાર કોસ દૂર રહી એટલે એક ગામને પાદર પોતે મુકામ કરીને રહ્યો. રાત્રીએ જ્યાં સૂતો હતો ત્યાં ગંગાજીએ આવીને તેને દર્શન દઈને કહ્યું જે, ‘‘તું બસો માણસનો સંઘ લઈને ભલે કાશીએ આવ્યો પણ તીર્થયાત્રાનું ફળ તને નહિ મળે.’’ વાણિયે કહ્યું, ‘‘કાં માતાજી કેમ નહિ મળે ?’’ ગંગાજી કહે તારી ભેળો પુંડરીક નામે બ્રાહ્મણ છે અને તે બંને સ્ત્રી-પુરુષ પોતાના માતા-પિતાને બહુ જ સંતાપે (દુઃખ) છે. માટે તેને રજા આપો તો તને યાત્રાનું

ફળ મળશે. પછી એમ કહીને ગંગાજી અદૃશ્ય થયા. પછી સવારના પહોરમાં શેઠીયો નાહી ધોઈને તે દિવસે સૌ સંઘને પોતે સીધું આપવા બેઠો. નિરંતર તે ગુમાસ્તા સીધું આપતા પણ આજે તો પેલા બ્રાહ્મણની પરીક્ષા કરવા શેઠ પંડ્યે સીધું આપવા બેઠા. સીધું આપતા જાય અને સૌનાં નામ નોંધતા જાય. એમ કરતાં પુંડરીક બ્રાહ્મણ સીધું લેવા આવ્યો તેને શેઠે પૂછ્યું જે, "તમે કેટલા જણ છો ?" ત્યારે બ્રાહ્મણે કહ્યુ જે અમે સ્ત્રી-પુરુષ બંને જણ છીએ. શેઠે તેને સારી રીતે બે જણાનું સીધું આપ્યું અને કહ્યું જમીને તમે મારી પાસે આવજો. પછી પુંડરીક જમીને શેઠ પાસે આવ્યો. શેઠે કહ્યું જે હું તમોને ઘરે પહોંચો ત્યાં સુધીનો ખર્ચ આપું અને તમે બંને જણા ઘરે પાછા જાઓ.

બ્રાહ્મણ કહે, "કે અમારો વાંક શો છે ?" તે પ્રથમ અમારો દોષ અમને સંભળાવો. પછી અમે પાછા જઈએ. શેઠ કહે કે "આજ રાત્રે ગંગાજીએ મને દર્શન દઈને કહ્યું જે, તારી સાથે પુંડરીક નામનો બ્રાહ્મણ છે. તે મહાપાપી છે. કેમકે તે બંને જણાં તેમનાં માતા-પિતાને બહુ દુઃખ આપે છે. માટે તે જો આવશે તો તને યાત્રાનું ફળ નહીં મળે. માટે તમે પાછા ઘરે જાઓ." શેઠે પૂછ્યું જે તમારે માતા-પિતા છે ? બ્રાહ્મણે કહ્યું હા માતા માતા-પિતા હયાત છે. શેઠે કહ્યું, "જાઓ, તમારા માતા-પિતાની ચાકરી કરો." પછી તેઓ બંને જણા ઘરે આવીને માતા-પિતાની ચાકરી એવી કરવા લાગ્યાં. કેટલાંક વરસ વીતી ગયાં. પછી એક દિવસ બ્રાહ્મણ પોતાના પિતાને સ્નાન કરાવતો હતો. તે વખતે સ્વયં ભગવાન પુંડરીક બ્રાહ્મણની પરીક્ષા લેવા માટે બ્રાહ્મણ વેશે આવીને જય સચ્ચિદાનંદ કહીને ઉભા રહ્યા. તે વખતે પુંડરીક બ્રાહ્મણ પિતાને સ્નાન કરાવતાં હતા. તેને એક હાથે ઈંટનો ઘા કરીને નાંખ્યો. તે ઈંટ ભગવાનના સ્પર્શ થવાથી સોનાની થઈ ગઈ અને તેના ઉપર પ્રભુ ઉભા રહ્યાં. પુંડરીકની પિતૃ તથા માતૃભક્તિ જોઈ ભગવાન પુંડરીક ઉપર ખૂબ રાજી થયા. હાલ પણ ભગવાન પંઢરપુરમાં સોનાની ઈંટ ઉપર ઉભા રહેલા દર્શન આપે છે. માટે સૌએ માતા-પિતા તથા ભગવાનરૂપ ગુરુનું અપમાન કરવું નહિ કેમકે તે પણ પોતાના ઈષ્ટદેવ છે. ને તીર્થરૂપ છે. પંઢરપુરની બંને લીલાઓ ભુજ મંદિર, ચારધામના પુસ્તકમાંથી લેવામાં આવી છે. લેખક : ધર્મકિશોરદાસજી સ્વામી, ભુજમંદિર.

શ્રીહરિ પંઢરપુરમાં બે માસ રહ્યા. દરરોજ ચંદ્રભાગા નદી (ભીમાનદી) માં સ્નાન કરી. પોતાનો નિત્યક્રમ પતાવી રોજ વિઠ્ઠલનાથજીના મંદિરમાં વિઠોબાનાં દર્શન કરતાં અને વિઠોબાની મૂર્તિને વારંવાર ભેટીને વંદન કરતા. શ્રીહરિ

વિઠ્ઠલનાથજીના મંદિરમાં રુકમણિના નામની બધા ધૂન કરતા હતા. તેને નિત્ય સાંભળતા હતા. શ્રીહરિ ખૂબ રાજી થતા શ્રીહરિ સત્સંગમાં આવ્યા પછી કેટલાએ દિવસ સુધી તે નામની ધૂન કરાવતા હતા. શ્રીહરિએ પંઢરપુરમાં લોકોને ઉપદેશ આપીને તેમના દુઃખો દૂર કર્યાં અને ધર્મને માર્ગે વાળ્યા. શ્રીહરિ આવા અનેક ચમત્કારો બતાવતા. મુમુક્ષુઓને ઉપદેશ આપી તેમને પોતાના આશ્રિત કરતા.

શ્રીહરિ પંઢરપુરથી ચાલતા થયા. અનેક ગામોમાં તથા વનોમાં ફરતા અનેક જીવોનો ઉદ્ધાર કરતાં વર્ણી પરશુરામ તીર્થમાં આવ્યા. ત્યાં પશુપતિની મૂર્તિનાં દર્શન કર્યાં અને દર્શન કરવા આવેલા અનેક માણસોને તેમના હિતનો તથા મોક્ષનો ઉપદેશ આપ્યો. તે લોકોએ શ્રીહરિને ફળ અર્પણ કર્યા. તે સુધારી દેવને થાળ ધરાવી. પોતે જમ્યા અને પ્રસાદી તે માણસોને આપી પછી નીલકંઠ શ્રીહરિ ત્યાંથી ચાલતાં ચાલતાં તે પૂના શહેરમાં આવ્યા.

## પૂના શહેર

શ્રીહરિ પૂના શહેરમાં ૧૮૫૫માં અષાઢી પ્રમાણે (કાર્તિક પ્રમાણે સ. ૧૮૫૪) પૂના શહેરમાં પહોંચ્યા. તે વખતે બાપુભાઈ ગોખલે નામના રાજાના દીવાન શહેરનો કારભાર કરતા. તેઓ મહાબુદ્ધિશાળી, ધાર્મિકવૃત્તિના, પવિત્ર અને ભાવિક અને મુમુક્ષુ, રાષ્ટ્રીય વિપ્ર પેશ્વાના દીવાન હતા. શ્રીહરિએ તેમના બગીચામાં માળીને પૂછીને ત્યાં ઉતારો કર્યો. માળીએ નીલકંઠવર્ણીના દર્શન કર્યાં. અને તેમને એક વૃક્ષ નીચે આસન આપ્યું. પછી માળીએ પોતાના માલિક બાપુ સાહેબને કહેવરાવ્યું કે આપણા બગીચામાં મહાસમર્થ એક બટુક બ્રહ્મચારી આવ્યા છે અને તે દર્શન કરવા જેવા છે. દીવાન સાહેબ મુમુક્ષુ હતા. પરોક્ષપણે ભગવાનની ભક્તિ બહુ કરતા. તે જાણીને શ્રીહરિએ તેમને પ્રગટ દર્શન આપ્યાં. તેમનો ભાવ જોઈ શ્રીહરિ અષાઢ માસ આખો ત્યાં રોકાયા. દીવાન તેમની ખૂબ સેવા કરતા. દિવસ ચાર ઘડી બાકી રહે ત્યારે (૧॥ કલાકે) નિત્ય શ્રીહરિ પાસે તે આવતા. દેશદેશની વાતો પૂછતા. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની વાતો પણ પૂછતાં. શ્રીહરિએ કેવી રીતે અષ્ટાંગ યોગ સાધ્યો. વન પર્વતમાં જઈ તપ કર્યું. તીર્થયાત્રા કરી. એ બધી વાતો પૂછતા. વર્ણી તે બધી વાતો કહેતા. વર્ણીને મહાન તપસ્વી જાણીને હેતથી સેવા કરતા.

પ્રથમ દિવાન આવીને શ્રીહરિનો હાથ પકડીને હિંડોળે બેસાડતા. એક મોટા સોનાના પાત્રમાં પૂજાની સામગ્રી લાવી. તેમાં કેસર ચંદનથી ભરેલા કટોરા

મૂકતા. ઘણું સુગંધી અત્તર લઈને છાની રીતે તે ચંદનમાં મેળવતા. તે દિવાનની પત્ની હતી તે રોજ ચંદન ઘસી-ઉતારીને આપતી. તે ચંદન ને નિત્ય દિવાન શ્રીહરિના અંગો ઉપર ચર્ચતા (અર્ચના) અષાઢ માસ બેસતા શ્રીહરિ ત્યાં આવ્યા હતા. તે સમય ચંદન ચર્ચવાના દિવસનો હતો. ચંદન ચર્ચીને શ્રીહરિના અંગ ઉપર અપાર ફૂલહાર પહેરાવતા. ઘણી જ શોભાવાળી ફૂલની ટોપી તોરાની સાથે શ્રીહરિના મસ્તક ઉપર પહેરાવતા. બંને ભુજાઓ ભરાઈ જાય તે રીતે ફૂલના બાજુ બંધ બાંધતા. બંને ચરણોમાં ફૂલના ઝાંઝર બાંધતા. જેવો ભાવ હોય તેવું કરતાં રહેતા. ખૂબ જ પ્રેમથી પૂજા કરી પ્રેમભાવથી કપૂરની આરતી ઉતારતા વર્ણીમાં શ્રીકૃષ્ણની મૂર્તિને ધારતા. શ્રીકૃષ્ણ અને વર્ણીને એક જ માનીને રોજ ખૂબ હેતથી પૂજા કરતા. સંધ્યા સમય થાય ત્યાં સુધી વર્ણીના મુખની વાતો બંને સાંભળતા. ક્યારેક શ્રીહરિના ચરણ દીવાન ચાંપતા. ચરણમાં સોળ ચિહ્ન જોઈ આ વર્ણી સાક્ષાત્ ભગવાન છે. એમ પાકો નિશ્ચય થયો. શ્રીહરિએ કૃપા કરી તેમને સમાધિ કરાવી અને અક્ષરધામના દર્શન કરાવ્યા તેથી તેમને થયું કે આ વર્ણી જ અક્ષરધામના અધિપતિ છે. દીવાન સાહેબ શ્રીહરિને રોજ અનંત પ્રકારના મેવા અને મીઠાઈ જમાડતાં. એક દિવસ દિવાને શ્રીહરિને વિનંતી કરીને પોતાના મહેલમાં શ્રીહરિની પધરામણી કરાવી. પછી શ્રીહરિ બગીચામાં પાછા આવતા.

શ્રીહરિના ચરણમાં સોળ ચિન્હ જોઈને દિવાનના મનમાં થયું કે આ વર્ણી સાક્ષાત્ ભગવાન છે. તેમ પાકો નિશ્ચય થયો. જગતના સુખને માટે ઈશ્વરે બાંધેલા નિયમો તોડે તો બ્રહ્માદિકની પણ લાજ ન રહે અને અપયશ તથા દુઃખના પાત્ર બને છે. તો મનુષ્ય તો દુઃખી થાય તેમાં સંશય નથી. માટે નિયમમાં વર્તવું જોઈએ. શ્રીહરિની વાત સાંભળી દીવાનજીએ કહ્યું કે તમે તો સાક્ષાત્ ભગવાન છો. મારો ઉદ્ધાર કરવા માટે જ મારી ફુલની વાડીમાં પધાર્યા છો તો મને તમારા શરણે રાખો. મારા ધનભાગ્ય છે. કાળના મુખથી છોડાવીને આપનાં દર્શન થયાં. મારા જપ, તપ, ધર્મ બધું જ સફળ થયું. શ્રીહરિએ તેને ભગવાનના ખપવાળો જોઈ, તેની ભક્તિ અને ભાવ જોઈને શ્રીકૃષ્ણનો મંત્ર આપ્યો. તે મંત્રના જપ કરવાથી તેમને સમાધિ થઈ તેમાં વૃંદાવનમાં ગોપીઓ સાથે રાસ-રમણ કરતાં શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરાવ્યાં. તેથી તેમને થયું કે આ વર્ણી જ શ્રીકૃષ્ણ ભગવાન છે. વર્ણીને વિષે પરબ્રહ્મપણાનો પાકો નિશ્ચય થયો. અષાઢ માસની એકાદશી એ શ્રીહરિને હાથી ઉપર અથવા મેનામાં બેસાડી પોતાનાં મહેલમાં પધરાવી. ચંદન-પુષ્પ વગેરેથી મહાપૂજા કરતાં અને મેવા-મીઠાઈ અર્પણ કરતા

અને કંચનના (સોનાની થાળીમાં) વિવિધ રસોઈ પીરસીને જમાડતા. દીવાન સાહેબના બગીચામાં રામજીમંદિર બનાવી તેમાં રામચંદ્ર ભગવાનની મૂર્તિ પધરાવી છે. તેની ચારે બાજુ બાર હનુમાનજીની મૂર્તિઓ પધરાવી માટે તેને હાલમાં બાર હનુમાનના ચોક તરીકે ઓળખાય છે.

બાપુભાઈ ગોખલેના મનમાં શ્રીહરિએ મારું કલ્યાણ કર્યું પણ અમારા રાજા બાજીરાવ પેશ્વાના મહેલમાં પધરાવી તેમને દર્શન થાય તો તેમનું કલ્યાણ થાય એવું મનમાં વિચારીને શ્રીહરિને રાજાને ત્યાં પધરામણી કરવા વિનંતી કરી. બાજીરાવ પેશ્વાએ શ્રીહરિને દીવાનના ગુરુ જાણીને વિવેક કરવા પોતાના મહેલમાં પધરાવી સારી રીતે જમાડીને યથાયોગ્ય સન્માન કર્યું. તે વખતે પેશ્વા પત્ની સહિત હિંડોળા ઉપર બેસીને શ્રીહરિને કાંઈક મર્મ વાક્યો કહેવા લાગ્યો કે મનુષ્ય દેહ તો ચિંતામણી જેવો છે. તેને જાણીને કષ્ટ આપે તેને આત્મઘાતનો દોષ લાગે છે. આત્માને જે સુખકારી જાણે તે ડાહ્યો ગણાય. તે સાંભળી શ્રીહરિ બોલ્યા કે તમે તો સુખી અને મદમાતા અને જગતના પદાર્થમાં વધારે રુચિ રાખવા વાળા રાજા છો. એટલે તમારી અને અમારી નાત જુદી છે. તમો કરશો તે તમારે પામવાનું છે. અમે કરીએ તે અમારે પામવાનું છે. બંનેના ફળ જુદાં જુદાં છે. તે જુદે જુદે ઠેકાણે ભોગવવાના છે. તમારે થોડા પરોપકારના કાર્યો પણ કરવા જોઈએ. તમે મોટા રાજા અને દ્વિજ છો. ઈશ્વરે તમને શ્રેષ્ઠ રાજપદ આપ્યું છે. તો તમારે ઈશ્વરને આધીન રહેવું જોઈએ. શિવ બ્રહ્માદિક જેમ એક એકથી અધિક છે. તેમ અધિક ભગવાનને આધીન વર્તે છે. તેથી તેમનો યશ (કીર્તિ) જગતમાં ફેલાયેલો છે.

તમે પહેલાં તપ કર્યું હશે તેનાં ફળરૂપે બીજાઓ તમારે આધીન વર્તે છે. અત્યારે કાંઈ સારું કરશો તો ભવિષ્યમાં પણ તેમ રહેશે. ભગવાન તો કર્મ પ્રમાણે ફળ આપે છે. તે નજરે દેખાય છે. પાપરૂપી પડળ જેને આવ્યાં હોય તેને ન દેખાય એટલે અધમમાં પ્રવર્તે. પ્રજાની રક્ષા કરવી એ રાજાનો ધર્મ છે. છતાં જો પોતાની ફરજ ભૂલીને પ્રજાને દુઃખી કરે તો પ્રજાના પોકારને પ્રભુ સાંભળે છે. અને હરકોઈ રીતે પ્રજાની રક્ષા કરે છે. ઈશ્વરનો ડર રાખીને ધર્મમાં વર્તે તેની ઈશ્વર સહાય કરે છે. માટે ઈશ્વરને પણ થોડા ઘણા સંભાળવા એ સૌનું કર્તવ્ય છે. મોટા મોટા સિદ્ધો તમારા ગુરુ છે. તેથી અમારી વાત તમને નહીં મનાય. પણ ફળ મળશે ત્યારે સમજાશે. સત્પુરુષો તો ચિંતામણી જેવા છે. પણ સંકલ્પ કરતાં આવડવો જોઈએ. નાવ ઉચ્ચ-નીચ બધાને સમુદ્ર પાર કરાવે છે. પણ તેમાં બેસવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આવી રીતે શ્રીહરિએ રાજાની સાથે ઘણી વાતો કરી ઉપદેશ આપીને પછી ઉતારે આવ્યા. દીવાનની રજા લઈ, પુરજનોને પ્રસન્ન કરીને શ્રીહરિ પૂનાથી ચાલવા તૈયાર થયા. શ્રીહરિ પૂનામાં એક માસ રોકાયા તે એક ઘડી જેટલું લોકોને જણાયું. ઉદાસ થઈને લોકો વિનંતી કરવા લાગ્યા કે શરણે આવેલા અમારી રક્ષા અને અમારો ઉદ્ધાર કરજો. એમ ઘણી સ્તુતિ કરીને પછી શ્રીહરિની પૂજા કરી પછી શ્રીહરિ બધાની રજા લઈને પૂનાથી ચાલ્યા તે વનો તથા તીર્થો ફરતા ફરતા અને તે સ્થળોને પાવન કરતાં અને અધર્મનો નાશ કરતાં અગત્સ્ય મુનિના શિષ્ય વિંધ્યાચળ નામના તીર્થમાં આવ્યા.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લેવામાં આવી છે. લેખક તરીકે અ.નિ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, કાલુપુર મંદિર

## વિંધ્યાચળ પર્વતનો ઇતિહાસ

પહેલાં હાલમાં જ્યાં આબુ પર્વત છે તે ત્યાં ન હતો. પરંતુ તે જગ્યાએ મોટું જંગલ હતું અને તેમાં વશિષ્ઠ ઋષિનો આશ્રમ હતો. વશિષ્ઠ મુનિની સબલા નામની ગાય હંમેશા આ વનમાં ચરવા માટે જતી એક દિવસ તે ગાય ચરતાં અજાણે એક મોટા ખાડામાં પડી ગઈ. તેણે તેમાંથી બહાર નીકળવા ઘણો પ્રયત્ન કર્યો. પણ નીકળી શકી નહિ. ત્યારે તે ગાયે અશ્વિની કુમારોની પ્રાર્થના કરી એટલે તે દેવો ત્યાં આવ્યા. એટલે ગાય એ ખાડામાંથી બહાર કાઢવા તેમને વિનંતી કરી. અશ્વિનીકુમારોએ કહ્યું કે તમો તમારા આંચળમાંથી દૂધ સ્રવી ખાડો ભરી દઈ પછી તરીને બહાર નીકળી આશ્રમે જવા રવાના થઈ તે દરમિયાન ગાયને ઘરે આવતાં વાર થવાથી ઋષિપત્નીના કહેવાથી મુનિ ગાયને ગોતવા નીકળ્યા. બેય રસ્તામાં ભેગા થયા. મુનિએ ગાયને મોડું થવાનું કારણ પૂછ્યું. ત્યારે ગાયે બધી હકીકત કહી. પછી બેય આશ્રમે આવ્યાં.

પછી ઋષિએ વિચાર કર્યો કે આવો મોટો ખાડો નુકસાનકારક ગણાય માટે પુરાવી દેવો જોઈએ. પરંતુ તે ખાડો કાંઈ સામાન્ય ન હતો. કે થોડા ટોપલા માટી નાંખવાથી તે પુરાઈ જાય. આ તે મોટો જબરો ખાડો હતો તેને પૂરવાનું સામાન્ય કામ ન હતું. એટલે મુનિએ વિચાર કરીને હિમાલય પર્વત પાસે ગયા હિમાલયે મુનિને સત્કાર કરી પૂજા કરી આસન ઉપર બેસાડી આવવાનું કારણ પૂછ્યું. ઋષિએ કહ્યું કે મારો જ્યાં આશ્રમ છે. ત્યાં પાસેના વનમાં મોટો ખાડો છે અને તેમાં મારી ગાય તથા બીજા જનાવરો પડી જાય છે. તેથી ઘણું નુકસાન થાય છે.

માટે તે ખાડો પૂરવા માટે તમારો એક દીકરો મને આપો. મુનિની માગણીથી હિમાલયે વિંધ્યાચળ નામનો પોતાનો દીકરો ઋષિને આપ્યો.

પર્વતો બધા જ મૂર્તિમાન દેખાય છે. તેવા ઘણા જ દાખલાઓ પુરાણોમાં તથા ઈતિહાસોમાં લખેલા છે. આપણા સંપ્રદાયનાં શાસ્ત્રોમાં પણ લખેલ છે કે શ્રીહરિ જ્યારે વનમાં ફરતા ત્યારે હિમાલય, નવલખો વગેરે પર્વતો મૂર્તિમાન થઈ શ્રીહરિ પાસે આવ્યા હતા. એટલે બધા જ પર્વતો મૂર્તિમાન છે. એટલું જ નહિ પણ તે બધા પરિણિત પણ હોય છે. તે કથાઓ પણ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. હિમાલયનાં પત્ની મેનકા છે અને પાર્વતી હિમાલયનાં પુત્રી છે. તેને પુત્રો પણ છે. બીજી વાત એ પણ છે કે દરેક પર્વતને પાંખો હતી. અને તેથી તેઓ ઈચ્છા પ્રમાણે ઊડતા, ફરતા, તેથી જ્યાં પડે ત્યાં અનેક ગામો અને પ્રજાનો નાશ કરતા. એટલે પ્રજાનો ત્રાસ દૂર કરવા ઈન્દ્રે પર્વતોની પાંખો કાપી નાંખી. ત્યારથી બધા પર્વતો જ્યાં હતા ત્યાં સ્થિર રહ્યા છે. આવી પૌરાણિક કથાઓ છે.

હવે હિમાલયના પુત્ર **વિંધ્યાચળને** લઈને મુનિ ચાલ્યા. રસ્તામાં વિંધ્યાચળે મુનિને પૂછ્યું કે આપ મને ક્યાં લઈ જાઓ છો ? ત્યારે મુનિએ કહ્યું કે એક મોટો ખાડો છે. તે પૂરવા તને લઈ જાઉં છું. ત્યારે વિંધ્યાચળને તે વાત ઠીક ન લાગી. એટલે તે ભાગ્યો અને વશિષ્ઠ મુનિ કદાચ શાપ આપે તો તેથી બચવા માટે અગત્સ્ય મુનિના શરણે ગયો. અને તેમનો શિષ્ય બની ત્યાં જ સ્થિર થયો. આ પ્રમાણે વિંધ્યાચળ ભાગી ગયો એટલે વશિષ્ઠજી નિરાશ થઈને ફરી પાછા હિમાલય પાસે ગયા. ત્યાં વિંધ્યાચળ ભાગી જવાની વાત કરી અને બીજા પુત્રની માંગણી કરી એટલે હિમાલયે **અર્બુદાચળ** નામનો પોતાનો બીજો પુત્ર મુનિને આપ્યો. મુનિએ તેને લઈ જઈને તે ખાડામાં મૂક્યો એટલે તે ખાડો પુરાયો. ત્યારથી તે ત્યાં અર્બુદાચળ **(આબુ)** નામનો પર્વત બન્યો.

હવે વિંધ્યાચળ પર્વત જ્યાં રહ્યો હતો ત્યાં ઉત્તરોત્તર એક એક મનુષ્ય (છ ફુટ) પ્રમાણે દરરોજ વધવા લાગ્યો. તે જોઈ દેવાઓને ચિંતા થઈ કે આવી રીતે જો વધશે તો થોડા સમયમાં જ સૂર્ય ચંદ્રની ગતિને રોકશે તો સૃષ્ટિમાં પરિવર્તન આવશે ને દેવતાઓનાં સ્થાનોને પણ આવરી લેશે. એટલે બધા દેવતાઓ વિંધ્યાચળના ગુરુ અગત્સ્ય મુનિ પાસે ગયા અને ઉપરોક્ત હકીકત કહી તેને વધતો અટકાવવા પ્રાર્થના કરી. અગત્સ્યમુનિ તે વાત સાંભળી દેવોનું તથા લોકોનું દુઃખ ટાળવા તૈયાર થયા કારણ કે परोपकाराय सतां विभूतयः' પરોપકારને માટે મોટા પુરુષોનો અવતાર હોય છે. સત્પુરુષોનો અવતાર લોક કલ્યાણ માટે  જ હોય છે.

પછી અગત્સ્યમુનિ વિંધ્યાચળ પાસે ગયા. વિંધ્યાચળ પોતાના ગુરુનો સત્કાર કરી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા લાગ્યો અને કહ્યું. ગુરુ મહારાજ ! મારે માટે એક સારી કન્યા ગોતી આપો. ત્યારે મુનિએ કહ્યું કે સારું હું તારા માટે કન્યા ગોતવા જાઉં છું. પણ સારી કન્યા ગોતતાં વાર લાગે માટે હું કન્યા ગોતીને પાછો ન આવું ત્યાં સુધી તું આ પ્રમાણે સૂતો જ રહેજે. ઉઠીશ નહિ. પછી તે અગત્સ્યમુનિ દક્ષિણમાં ચાલ્યા ગયા. ગુરુ આજ્ઞાનું પાલન કરવું જોઈએ. નહિ તો મુનિ શાપ આપે તે બીકે તે પર્વત મુનિને આવવાની રાહ જોઈ રહ્યો. એટલે પછી વધતો બંધ થયો. આ રીતે મુનિએ યુક્તિથી વિંધ્યાચળને વધતો અટકાવી બધાનું દુઃખ મટાડ્યું. પરંતુ વિંધ્યાચળ હજી સુધી અગત્સ્યમુનિને આવવાની રાહ જોઈને હજી સૂતો જ રહ્યો છે. આ અંગે તેની આજુબાજુના લોકો કહે છે કે ક્યારેક પર્વતમાંથી અવાજ આવે છે કે ગુરુ મહારાજ હજી કેમ ન આવ્યા ? અને ત્યારથી જ લોકોમાં કહેવત થઈ છે કે અગત્સ્યમુનિના વાયદા.

આ રીતે પ્રસંગવશાત્ વિંધ્યાચળ પર્વતની વાત કરી. હવે શ્રીહરિ તે પર્વતની શોભા તથા બીજી પ્રાકૃતિક સૌંદર્યતા જોઈ ત્યાં થોડા દિવસો રોકાઈને ત્યાંથી ચાલ્યા તે ગ્વાલિયર નામના શહેરમાં આવ્યા. આ લીલા શ્રીહરિવન વિચરણમાંથી લેવામાં આવી છે. લેખક અ.નિ.સ.ગુ.શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસજી કાલુપુર મંદિર અમદાવાદ.

**ગ્વાલિયર :** શ્રીહરિ ગ્વાલિયર નામના શહેરમાં આવ્યા. ત્યાં સિંધીયા સરકારનું રાજ્ય હતું. ત્યાં પાસે એક સરોવર હતું. તેમાં સ્નાન કરી ધર્મશાળામાં ઊતર્યા અને રાજાના સદાવ્રતમાંથી સીધું લઈ રસોઈ બનાવી જમ્યા. ધર્મોપદેશ આપીને ત્યાંથી ચાલ્યા શ્રીહરિ બામરોલી નામના ગામમાં રોકાઈ ત્યાંથી આગ્રા આવ્યા.

**આગ્રા :** (આગ્રાને પાંડવોના સમયમાં ઈન્દ્રપ્રસ્થ નામ કહેતા) શહેરમાં આવ્યા. ત્યાં યમુનાજીમાં સ્નાન કરી. પાંડવોના સમયમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર આ શહેરમાં આવેલા તે વાતો યાદ કરી ચાર-પાંચ દિવસ ત્યાં રોકાઈને ચાલ્યા ભારત દેશના મધ્યભાગમાં આવેલા અને પ્રથમથી જ ભારતની રાજધાની તરીકે રહેલા દિલ્હીમાં આવ્યા.

## દિલ્હી (હસ્તિનાપુર) : સૌ પ્રથમ જોવાલાયક સ્થળો

**(૧)** લાલ કિલ્લા પાસે લક્ષ્મીનારાયણનું મંદિર તેમાં જુદી જુદી રમણીય મૂર્તિઓ નીચે પ્રમાણે છે : (૧) શંકરનું લિંગ તે ઉપર કૈલાસનો દેખાવ, તેમાં

મૂર્તિમાન શંકર (૨) રાધાકૃષ્ણ (૩) લક્ષ્મીનારાયણ દેવ (૪) ગાયત્રીની મૂર્તિ (૫) સાવિત્રી (૬) ગંગાજી શ્વેત મૂર્તિ (૭) શેષશય્યા (૮) પાર્વતી દેવીનું મંદિર (૯) રામ-લક્ષ્મણ-સીતાનું મંદિર (૧૦) ધ્રુવનારાયણનું મંદિર (૧૧) હનુમાનજીનું મંદિર (૧૨) સૂર્યનારાયણનું મંદિર (૧૩) ગણપતિનું મંદિર (૧૪) ગાયત્રીનું મંદિર (૧૫) બીરલા મંદિર - લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ છે.

(૧) શ્રીકૃષ્ણ ભગવાન શંખ-ચક્રધારી દ્વિભુજ છે. જમણા ઊંચા હાથમાં ચક્ર અને નીચેના ડાબા હાથમાં શંખધારી રહ્યા છે. (૨) બીજું મંદિર છે. તેમાં ગ્લાસ ગોઠવેલા છે. જેથી ઘણી મૂર્તિઓ દશ્યમાન થાય છે. મંદિરના બહારના ભાગમાં ચોક છે. તેમાં લાલ પત્થરનો સ્તંભ છે. તેમાં ગીતાના અક્ષર કોતરેલા છે. મંદિરની અંદર દિવાલોમાં આરસ ચોંટાડેલા છે. તેમાં કોતરીને સીસું ભરેલા અક્ષરોવાળા ગીતાના શ્લોકો અને હિન્દીમાં તેના અર્થો લખેલા છે. સંપૂર્ણ અર્થ સહિત ગીતા લખેલી છે. (૩) બિરલા મંદિરના પાછળના ભાગમાં મોટા રાક્ષસનું મુખ કરેલું છે. તેમાંથી પસાર થઈ પાછળ જવાય છે. પાછળ બગીચો છે. તેમજ બીજા સ્થળો કુંડો વિગેરે છે. આગળના ભાગમાં મંદિરના દરવાજાની આગળ એક હોજ છે. તેના કિનારે એક ગેંડો ઉભો રાખેલ છે. અંદર સભાસ્થાન પણ વિશાળ છે. બુદ્ધની મૂર્તિ પણ છે. પાર્લામેન્ટનું મકાન ગોળ ઘેરાવાવાળું બ્રિટીશના સમયમાં બંધાયેલું છે. જુની દિલ્હીમાં પાંડવો જ્યાં રહેતા તે સ્થળ છે. જમુના નદી વહે છે. અહીં ઘનશ્યામ મહારાજ બિરાજે છે. આપણું શિખરબંધ મંદિર છે.

જાંબવતીના પુત્ર સાંબ દુર્યોધનની કન્યા લક્ષ્મણાને સ્વયં વરમાંથી હરણ કરીને લઈ આવ્યા ત્યારે કૌરવ ક્રોધ કરીને સાંબની સાથે યુદ્ધ કરીને સાંબને બાંધી લક્ષ્મણાયે સહિત નગરમાં આવ્યા. આ વાત નારદજીએ યાદવોને કરી એટલે યાદવો ઉશ્કેરાયા એટલે બળદેવજીએ સાંત્વના આપી કારણ કે દુર્યોધન બળદેવજીનો શિષ્ય હતો. એટલે વિચાર્યું યાદવ અને કૌરવ વચ્ચે કલહ (કજિયો) ન થાય. તો સારું એમ વિચારીને બળદેવજી રથમાં બેસીને હસ્તિનાપુર આવ્યા. અને કૌરવોને કહ્યું કે, ‘‘તમે એકલા સાંબને બાંધીને લાવ્યા છો તે છોડી મૂકો.’’ આવું બળદેવજીનું વચન સાંભળી કૌરવ ક્રોધ કરી બોલ્યા. ‘‘અહો કાળની ગતિ વિચિત્ર છે ! પગના જોડા મસ્તક પર બેસવા ઈચ્છે છે. આપણી કૃપાથી યાદવો ઊંચા આવ્યા છે. આ તો સાપને પાયેલું દૂધ ઝેર બનાવે તેમ યાદવો આપણને આજ્ઞા કરે છે ?’’ આવા કૌરવોનું વાક્ય સાંભળીને બળદેવજીને ક્રોધ ચડ્યો

અને વિચાર્યું પશુ લાકડીના મારથી શાંત થાય છે. તેમ આ કૌરવો પણ પશુ જેવા છે. એમ વિચારીને હળને હાથમાં લઈ ઊભા થયા. હળના અગ્રભાગથી હસ્તિનાપુરને ઉપાડીને યમુનાજીમાં નાખી દેવા માટે દક્ષિણ તરફથી ખેંચવા લાગ્યા. એટલે કૌરવો લક્ષ્મણા અને સાંબને લઈને બળદેવજીના શરણે આવ્યા ત્યારે બળદેવજીએ કહ્યું તમે ડરો નહિ. પછી કૌરવોએ દાયજામાં હાથી ઘોડા આપ્યા. તે બળદેવજીનું પરાક્રમ આજે પણ હસ્તિનાપુર દક્ષિણ તરફથી ઊંચું અને યમુના તરફ નીચું નજરે જોવામાં આવે છે.

આ શહેરમાં ભગવાન શ્રીકૃષ્ણની સહાયથી પાંડવોએ રાજસૂય યજ્ઞ તથા અશ્વમેઘ યજ્ઞ કરેલા તથા અનેક રીતે પાંડવોની રક્ષા કરેલી તે બધુ શ્રીહરિએ યાદ કરી. પાંડવોના જૂના મહેલોનાં ખંડિયરો જોઈ થોડા દિવસ ત્યાં રોકાઈ ત્યાંથી ચાલ્યા. ભારતની સાતપુરીઓમાંની એક ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની જન્મભૂમિ મથુરાપુરીમાં આવ્યા.

## મથુરા

(૧) અહીંયા શિખરબધ્ધ મંદિર ઉત્તરદ્વારે છે. મંદિરના મધ્યમાં હરિકૃષ્ણ, રાધા-કૃષ્ણની મૂર્તિ છે. જમણી બાજુ બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ, ડાબી બાજુ સુખશય્યા છે. નીચેના સ્થળો દર્શનીય છે. (૨) બિરલા મંદિર, કૃષ્ણ ભગવાન શંખ અને ચક્રધારી દ્વિભુજ મૂર્તિ છે. લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ પણ અતિ સુંદર છે. લાલ પથ્થરનો સ્તંભ છે. તેમાં કોતરી કાઢેલા અક્ષરોથી ગીતાના શ્લોકો તથા હિન્દીમાં અર્થ લખેલા છે. (૩) યમુના નદી, વિશ્રામઘાટ, નજીકમાં દ્વારિકાધીશનં મોટું મંદિર છે. પૂજા વિધિ બહુ સારી થાય છે. મંદિરની આગળ બેસીને શાંતિથી દર્શન થાય છે. મૂર્તિઓ અતિ સુંદર છે. (૪) બાંકે બિહારીનું મંદિર પણ અતિ સુંદર છે. રાધાજી વિરહ સહન કરી શકતા નથી. તેથી અહીં વારંવાર પડદા આવે છે. (૫) કંસ રાજાની કચેરી, મલ્લ અખાડો, કુવલયાપીડ, હસ્તિ વિગેરના દૃશ્યો છે. જેમ કાશીમાં વિશ્વનાથ મહાદેવ પ્રખ્યાત છે. તેવી જ રીતે મથુરામાં શ્રીકૃષ્ણ ભગવાન અને બલરામના ન્યાય કરનારા રંગનાથ મહાદેવ છે. તેની સમીપમાં અસુરોથી ત્રાસ પામેલા શ્રી ધર્મદેવ - ભક્તિદેવી સહુ તપ કરવા માટે અયોધ્યાથી વૃંદાવન જતાં ત્રણ રાત્રી આ સ્થળે રોકાયા હતા. ત્યાં ચૌબાજી ચતુર્ભુજ અડવંગના ઘર હતા. તેમના વંશના શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ગોર તરીકે કહેવાતા. ગિરીષ, કુલ્ફીરામ તથા તેમના

સુપુત્ર ધીરજધારી શાસ્ત્રીએ ઉપરોક્ત પ્રસાદીભૂત સ્થાનમાં શ્રી સ્વામિનારાયણ ઘનશ્યામ મહારાજનો આશ્રમ બનાવેલ છે. તેમાં ધર્મદેવ અને ભક્તિદેવીની ચિત્ર પ્રતિમા સહિત શ્રી સ્વામિનારાયણની મૂર્તિની પ્રતિષ્ઠા શ્રીનગર નિવાસી શ્રી નરનારાયણદેવની ગાદીના ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સન ૧૯૬૪ની સાલે તા. ૮મી માર્ચમાં કરાવેલ છે. મંદિર નાનું છે. છતાં અતિ મહત્ત્વપૂર્ણ છે. (૬) મથુરા ગામથી માઈલેક દૂર હાલમાં સંશોધન થયેલા જ જન્મસ્થાન છે. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાનનું મંદિર છે. વસુદેવ, દેવકીજી અને શ્રીકૃષ્ણની સુંદર મૂર્તિઓ છે. વસુદેવ, દેવકીજી જ્યાં કેદ કરેલા હતા તે સ્થળ નીચેના ભાગમાં છે. લાલ પથ્થરનો સ્તંભ ઉભો કરેલો છે. તેમાં કોતરેલા અક્ષરોથી ગીતાજીના શ્લોક તથા ભાગવત ભુવન છે. આખું ભાગવત લખેલ છે. પાસે જ એક કુંડ છે તે પોતીયા કુંડ કહેવાય છે. ત્યાં ધર્મશાળા સારી છે. કુબ્જાનું મંદિર મથુરામાં છે. યમુના નદીના ૨૪ ઘાટ છે. તેમાં વિશ્રામઘાટ મુખ્ય છે. કારણ કે શ્રીકૃષ્ણ ભગવાને યુદ્ધ કરીને અહીં વિશ્રાંતિ લીધી હતી. મથુરાથી દ્વારિકા ગયા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને પોતાનો મુકુટ તથા પાદુકા વિશ્રામઘાટ છે. ત્યાં મૂકી ગયા હતા. આ ઘાટ પર યમુનાજીની મૂર્તિ છે. સાંજે દરરોજ યમુના મૈયાની આરતી આ સ્થળે થાય છે. આ સિવાય ગોવર્ધનનાથ, ગોપીનાથ, મથુરાનાથ, દાઉજી, વ્રજગોવિંદ, રાધાકૃષ્ણવિહારી વિગેરેનાં મંદિર છે. "મથુરા મેં સબ માંગતે દાતા કેશવદેવ, બ્રાહ્મણ બનીયા વાંદરા, સબકું છીન ખાનેકી ટેવ"

ભારતની સાત પુરીઓમાંની એક ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની જન્મભૂમિ મથુરામાં શ્રીહરિ આવ્યા. ત્યાં યમુનાજીમાં સ્નાન કરી શ્રીકૃષ્ણના જન્મસ્થાન આદિ સ્થળોનાં દર્શન કરી. ભગવાને મથુરાજીમાં કરેલ લીલાઓનું સ્મરણ કરતાં અને ત્યાંના વૈષ્ણવોમાં રહેલા અધર્મનો ઉપદેશથી નાશ કરીને ધર્મનું સ્થાપન કરી થોડા દિવસો ત્યાં રોકાઈ ત્યાંથી ગોકુળ ગામમાં આવ્યા. આ લીલા ચારધામના પુસ્તકમાં લીધેલ છે. લેખક : ધર્મજીવનદાસ સ્વામી ભૂજ મંદિર.

## ગોકુળ

મથુરાથી ગોકુળ લગભગ આઠ માઈલ દૂર યમુના નદીનાં કિનારા પર છે. નવું અને જૂનું એમ બે ગોકુળ છે. યમુના નદીનો ઘાટ આ સ્થળે બાંધેલો છે. મુખ્ય મંદિર ગોકુળનાથજીનું છે. મુરલીધર ઘાટ પર ભગવાને મુરલી બજાવી હતી.

ગોપકૂવો (શ્રીકૃષ્ણ ભગવાને બંસી બજાવીને બંસીથી કૂવો ખોદી ગોપીઓને પાણી પાયું હતું.) (૧) જૂના ગોકુળમાં નંદ યશોદાનું ભુવન છે. ભગવાનને પારણામાં બેસાડેલ હોય છે. તેને ચાંદીની દોરી વડે ઝુલાવાય છે. તેના પર નંદ-યશોદા અને દાઉજીની મૂર્તિઓ છે. (૨) બ્રહ્માંડઘાટ : માટી ખાવાની લીલામાં શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માતા યશોદાને મુખમાં બ્રહ્માંડ બતાવ્યું હતું. ત્યાં ભગવાનની ચરણરજના પીંડા મળે છે. (૩) યમલાર્જુનનો મોક્ષ કર્યો હતો તે સ્થળે બે વૃક્ષો ઉભાં છે. (૪) બકાસુર, અઘાસુર, વૃત્સાસુર વિગેરેને માર્યાં હતા. તે લીલાનું સ્થળ તે અસુરોની આકૃતિઓ જુદા જુદા મંદિરોમાં પધરાવેલી છે. (૫) પાતાલદેવી ઊંડા ભોંયરામાં છે. દીવાના અજવાળે દર્શન કરી શકાય છે. (૬) પૂતના માસીનો વધ કર્યો હતો તે સ્થળ પણ ત્યાં જ છે. અને પૂતનાની આકૃતિ કરેલ છે. “વૃંદાવન સે વન નહિ - કૃષ્ણ નામ સે નામ, બંસીઘટ જૈસે બટ નહિ. નંદ ગાંવૈ સે નહિ ગામ.” (૭) ગોકુળથી અર્ધો માઈલેક દૂર રમણરેતી નામનું તીર્થ છે. ત્યાં સંન્યાસીઓનો આશ્રમ છે. સંન્યાસીઓ જુદી જુદી પર્ણકટી કરીને અંદર રહે છે. ભજન કીર્તન કરે છે. ત્યાં સભાસ્થાને કથા પણ વંચાય છે. અહીં રમણરેતીમાં આળોટવાનો મહિમા છે. (૮) વૃંદાવનથી ગોવર્ધનપર્વત પર મથુરા થઈને જવાય છે. અને તે ગોવર્ધનપર્વત મથુરાથી વીસ માઈલ દૂર છે. ત્યાં ભગવાનની મૂર્તિ છે. બીજા પણ મંદિરો છે. ત્યાં કાન-ગોપીઓના રાસ કરે છે. લગભગ ૧૨ (બાર) વર્ષ જેટલી ઉંમરના બાળકને કાન બનાવે છે અને ૬ થી ૭ વર્ષની કુમારીઓને ગોપી બનાવે, મુખ્ય પટરાણી રાધિકાજી હોય છે. તેને સિંહાસનમાં કાનાના સિંહાસનની પાસે જ બેસાડે છે. પછીથી તેમનું પ્રતિષ્ઠા વિધિથી પ્રતિષ્ઠા, આવાહન વિગેરે આરતી પર્યંતના ઉપચારોથી પૂજન કરે છે. અથવા સામસામા સંવાદો કરે છે.

બળદેવજી એક વખત પોતાના સગાવહાલા તથા માતા-પિતાને મળવાની ઈચ્છાથી ગોકુળ પધાર્યા. ગોવાળોને મળ્યા. માતા-પિતાને પ્રણામ કર્યાં. માતા-પિતાના આશીર્વાદ મેળવ્યા. પછી ગોપીઓને મળ્યા. ગોપીઓ ભગવાનનું હાસ્યાભાષણ આલિંગનનું સ્મરણ કરતી ગોપીઓ રડવા લાગી. બળદેવજી આશ્વાસન આપી શાંત કરી પછી બળદેવજી ગોપીઓની સાથે વનમાં ફરતા હતા. ત્યાં બળદેવજીએ યમુનામા સ્નાન કરવાની ઈચ્છાથી યમુનાજીને બોલાવ્યાં પણ બળદેવજીને અભિમાની (મદોન્મત) સમજીને યમુનાજી આવ્યાં નહિ. ત્યારે બળદેવજી ક્રોધમાં આવી હળના અગ્રભાગથી ખેંચી અને કહ્યું કે

પાપણી મેં બોલાવી તો પણ તું આવી નહિ માટે હળના અગ્ર ભાગથી તારે સેંકડો વિભાગ કરી નાખીશ. બળદેવજીને ક્રોધ યુક્ત જોઈને હું આપને શરણે આવેલી છું. માટે મને છોડો. પછી બળદેવજીએ છોડી દીધાં. બળદેવજીએ યમુનાજીને ખેંચ્યાં તે પરાક્રમ બળદેવજીનું આજે પણ દેખાય છે.

શ્રીહરિ ગોકુળગામમાં આવ્યા. જ્યાં ભગવાન શ્રીકૃષ્ણે બાલ્યાવસ્થામાં નંદજી અને યશોદાજીનાં ઘેર રહીને પુતના, શકટાસુર આદિ અનેક અસુરોનો નાશ કર્યો હતો. ત્યાં અનેક બાળલીલાનું સ્મરણ કરતાં ત્યાં બે-ત્રણ દિવસો રોકાઈ ત્યાંથી વૃન્દાવન નામના ગામમાં આવ્યા. આ લીલા ચારધામના પુસ્તકમાંથી લેવામાં આવી. ભૂજ મંદિર

## વૃંદાવન

મથુરાથી છ માઈલ દૂર ઉત્તરમાં વૃંદાવન યમુના નદીને કિનારે આવેલું છે. (૧) શ્રીકૃષ્ણ ભગવાનને પામવા માટે, કૃશધ્વજ રાજાની પુત્રી વૃંદાએ આ સ્થળે સત્યુગમાં તપ કરેલું છે. એટલે વૃંદાવન શ્રીકૃષ્ણભગવાનની બાળલીલા તથા શ્રીકૃષ્ણએ ગોપીઓ સાથે રાસલીલા વગેરે અનેક લીલાઓ કરી છે. માટે તે તે સ્થળોનાં દર્શન કર્યાં. (૨) કાલિયનાગનો પરાભવ કરવા જે કદંબ વૃક્ષ ઉપરથી શ્રીકૃષ્ણજી યમુનાજીના કાલિય ધરામાં પડ્યા હતા તે વૃક્ષ તથા ધરાના પણ દર્શન કર્યાં. (૩) યમુના કિનારે ચીરહરણ ઘાટ, ત્યાં કદમનું વૃક્ષ છે. ભગવાન ગોપીઓના ચીર (કપડાં) લઈને આ વૃક્ષ પર ચઢ્યા હતા. (૪) ગજરાજ કુંડ છે. ત્યાં ભગવાને ગજરાજને ઝૂંડથી (મગરથી) મુકાવ્યો હતો. (૫) બંસીવટ છે. આ બંસીવટ પાસે ગોપીનાથજીનું મંદિર છે. તે સ્થળે છ મહિના સુધી ભગવાને રાસલીલા કરી હતી. તે સિવાય રંગનાથ, રાધાગોપાલ, સત્યનારાયણ આદિનારાયણ વિગેરે ઘણાં મંદિરો છે. તેનાં દર્શન કર્યાં થોડે દૂર સેવાકુંજ તથા રાધાશ્યામનું મંદિર છે. (૬) એક મંદિર એવું છે કે ત્યાં ભાંખડિયાભર ચાલીને ભગવાનનાં દર્શન કરાય છે. ત્યાં એક કૂવો પ્રસાદીનો છે. તેનું ચરણામૃત લેવાય છે અને પ્રસાદી જમીને ત્યાં હસાય છે. એવો પ્રબંધ છે. (૭) રામાનુજ સંપ્રદાયનું શ્રી રંગનાથજી મોટું મંદિર, તેમાં મૂર્તિ શેષાશાયીજી ભગવાનની મૂર્તિ છે. શ્રીદેવી તથા ભૂદેવી સાથે છે. તે મંદિરના ચોકમાં ૨૫ (પચ્ચીસ) ફીટ ઊંચો સાડા બાર મણ સોનાના પતરાંથી મઢેલો સુવર્ણસ્તંભ છે. તે મંદિરના શ્રીહરિએ દર્શન કર્યાં. (૮) લાલ બાબુ મહામુક્ત હતા. જેમણે શ્રીજી મહારાજને ભેટ

તરીકે અત્તરની શીશી મોકલાવી હતી. તે લાલા બાબુનું મંદિર, વૃંદાવનમાં બાંકે બિહારીના મંદિર તરીકે પ્રખ્યાત છે. મંદિર પરનું શિખર સુંદર છે. તેમાં કાળી નાગની અનંત ફણાઓ ઉપર બંસીધર ભગવાન ઉભેલા છે. અને બંસી બજાવી રહેલા છે. બાજુમાં ધર્મશાળા છે. યુગલઘાટ પર યુગલ કિશોરની મૂર્તિ છે.

શ્રીહરિએ દરેક મોટાં મંદિરોમાં દર્શન કરી ત્યાંના વૈષ્ણવોને ઉપદેશ આપ્યો. તેમના મતનો સાર જાણી થોડા દિવસો ત્યાં રોકાયા ત્યાંથી ગોવર્ધન પર્વત પ્રત્યે ગયા. આ પર્વતનો મહિમા મોટો છે.

**ગોવર્ધન :** ભગવાનનો પ્રભાવ નહિ જાણતાં ઈન્દ્ર કોપાયમાન થઈને વ્રજને બાળી મૂકવા બાર મેઘોને આજ્ઞા કરી ત્યારે મુશળધાર વરસાદથી ગાયો તથા ગોવાળોની રક્ષા કરવા જે ગોવર્ધન પર્વત શ્રીકૃષ્ણ ભગવાને પોતાની ટચલી આંગળી ઉપર ધારણ કર્યો હતો. તે ગોવર્ધન પર્વતને જોયો. આ સ્મરણીય સ્થાનની લીલાનું સ્મરણ કરી વ્રજની પ્રદક્ષિણા કરી અને થોડા દિવસો ત્યાં રોકાયા. (શ્રીહરિ ઘરે હતા ત્યારે પણ મોટાભાઈ રામપ્રતાપજી સાથે મથુરા, વૃંદાવન, ગોકુળ વગેરે સ્થળોમાં પધાર્યા હતા.) ત્યાંથી પાછા શ્રીહરિ મથુરામાં પધાર્યા. ત્યાંથી ઉજ્જૈન નગરીમાં પધાર્યા. આ લીલા ચારધામ પુસ્તકમાંથી લીધી છે. ભૂજમંદિર

## ઉજ્જૈન

શ્રીહરિ મથુરાથી ચાલતાં ચાલતાં વિક્રમ રાજાની રાજધાની ઉજ્જૈન નગરીમાં પધાર્યા. તેની ઉત્તરમાં એક સરોવર છે. તેમાં સ્નાન કર્યું. મહાકાલેશ્વર જ્યોતિર્લિંગનાં દર્શન કર્યાં. અંગક્ષેત્ર તરીકે ઓળખાતા શ્રીકૃષ્ણજી (ગોપાળજી)નાં દર્શન કરી ધર્મશાળામાં ઉતારો કર્યો ત્યાં થોડા દિવસ રોકાઈને બીજા તીર્થોને પાવન કર્યાં.

હરિમંદિર પશ્ચિમ દ્વારે, મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ મોટો કુંડ રામઘાટ, ગણપતિની બહુ જ મોટી મૂર્તિ છે. પંચમુખી હનુમાનજી, ગોપાલ મંદિર, રામમંદિર, સાંદિપની ઋષિનો આશ્રમ, મંગલેશ્વર, ગોમતી ઘાટ, સિદ્ધવડ શ્રીહરિએ આ બધા તીર્થોને તીર્થત્વ આપી. રાજાના સદાવ્રતમાંથી સદાવ્રત લઈ પોતે રસોઈ બનાવી જમતા તેવી રીતે ત્યાંના લોકોને દર્શન તથા ઉપદેશ દેતા કેટલાક દિવસ ત્યાં રહ્યા. ક્ષીપ્રા નદીમાં ક્યારેક સ્નાન કરવા જતા તે સિંધિયા સરકારનું રાજ્ય ચાલતું.

શ્રીકૃષ્ણ ભગવાન ઉગ્રસેનને રાજ્યાભિષેક કરીને ગુરુકુળમાં ગુરુની પાસે વિદ્યાભ્યાસ કરીને વિદ્યા મેળવવાની ઇચ્છાથી ક્ષીપ્રા નદીને કિનારે ઉજ્જૈનના વાસી સાંદિપની નામના ગુરુની પાસે ગયા. અન્ય લોકોને સર્વોત્તમ ગુરુસેવા કરવાની શિક્ષા કરતાં જિતેન્દ્રીય થઈ યોગ્ય રીતે ગુરુના સમીપમાં જઈ પરમેશ્વરના સમાન ગુરુ ભક્તિ કરવા લાગ્યા. ગુરુએ શુદ્ધભાવ યુક્ત સેવાથી પ્રસન્ન થઈ છ અંગ ઉપનિષદ સહિત વેદ ભણાવ્યા. ધનુર્વેદ મિમાંસા આદિ શાસ્ત્ર આમ બંને ભાઈઓ ચોસઠ દિવસમાં ચોસઠ કળા શીખી લીધી. પછી પ્રભુ એ હવે ઘેર આવવા ગુરુ પાસે રજાની માંગણી કરી છે. હાથ જોડી બોલે છે. હે ગુરુદેવ ! આપને દક્ષિણામાં શું આપું ? સાંદિપની કહે છે, “બેટા મારી એ જ દક્ષિણા હશે કે મેં આપેલી વિદ્યાનો તું સદ્ વ્યય કરજે એ જ મારી દક્ષિણા છે.” પરમાત્માની આંખોમાં હર્ષના આંસુ આવ્યા છે. ગુરુએ મારી પાસે કંઈ માંગ્યું નહિ ! પ્રભુ ગુરુપત્ની પાસે જઈ કહે છે. તમે કાંઈક મારી પાસે માંગો આપને હું શું દક્ષિણામાં આપું ગુરુ પત્ની બોલે છે. બેટા ! દક્ષિણામાં તમારા ગુરુએ જે માંગ્યું એ જ હું પણ તમારી પાસે માંગુ છું.

પ્રભુએ અતિ આગ્રહ કર્યો છે. ત્યારે ગુરુ પત્ની પતિની સંમતિથી કહે છે. હે પ્રભુ ! પ્રભાસ ક્ષેત્રમાં જ્યારે અમે સ્નાન કરવા ગયા ત્યારે અમારો પુત્ર ગુમ થયો છે. એને પાછો લાવી આપો એ અમારી ગુરુ દક્ષિણા છે. પ્રભુ પ્રભાસક્ષેત્રમાં આવ્યા ભગવાને સમુદ્રને કહ્યું અમારા ગુરુનો પુત્ર પાછો આપો. સમુદ્ર કહે છે, “હે દેવ ! મેં લીધો નથી.” મારા જળની અંદર શંખનું રૂપ ધારણ કરી પંચજન નામનો દૈત્ય રહે છે. તે લઈ ગયો હશે. એ સાંભળતાં પ્રભુએ જળમાં પ્રવેશ કરી તેને માર્યો પણ બાળક મળ્યો નહિ. તેના શરીરનો શંખ થઈ રથમાં બેસી યમરાજની પુરીમાં જઈ ભગવાને બળદેવજીની સાથે શંખ વગાડ્યો. શંખનો શબ્દ સાંભળતાં કહ્યું, “હે પ્રભુ શું આજ્ઞા છે ? ભગવાન કહે છે. પોતાના કર્મોથી બંધાયેલા ગુરુ પુત્રને તમે અહિ લાવ્યા છો તે મારી આજ્ઞાથી અહીં લાવો.” પછી યમરાજાએ ગુરુપુત્ર (પુનરચંદ્ર) લઈ પાછો આપ્યો ત્યારે તે બન્ને ભાઈઓ ગુરુ પુત્રને લાવી ગુરુને સોંપી નમસ્કાર કરીને ગુરુના આશીર્વાદ લઈને મથુરાપુરીમાં પધાર્યાં.

**નોંધ :** આ લીલા ચારધામ પુસ્તકમાંથી લેવામાં આવી. ભુજ મંદિર. લેખક : ધર્મજીવનદાસ સ્વામી

# બુરાનપુર

(૧) બુરાનપુરની આહિર સ્ત્રીઓને વર્ણીએ શ્રીકૃષ્ણ રૂપે દર્શન આપ્યા.

શિખરબધ્ધ મંદિર પૂર્વદ્વારે, ઉત્તર બાજુના સિંહાસનમાં બેઠેલા ઘનશ્યામ મહારાજ છે. મધ્ય સિંહાસનમાં હરિકૃષ્ણ મહારાજ, લક્ષ્મીનારાયણની મૂર્તિ છે. દક્ષિણ બાજુના સિંહાસનમાં સુખશય્યા. તાપી નદી, ત્યાં હાથી પથ્થરનો છે. તે પ્રસાદીનો છે.

શ્રીહરિ ઉજ્જૈનથી ચાલ્યા તે વનમાં ફરતા ફરતા બુરાનપુર શહેરમાં આવ્યા. ત્યાં તાપી નદીમાં રાજઘાટ નામના આરે સ્નાન કર્યું. તે નદીમાં એક મોટો પથ્થર હતો. તેના ઉપર બેસીને વર્ણી નિત્યવિધિ કરે છે. ત્યાં જીનાબાદ ગામની આહિરની સ્ત્રીઓ બુરાનપુરમાં દહીં વેચવા માટે જતી હતી. તેમણે પથ્થર ઉપર બેઠેલા બાલ બ્રહ્મચારી વર્ણીને જોયા. શ્રીવર્ણીનું અલૌકિક રૂપ જોઈ. વિચાર  કરવા લાગી કે આ તો કોઈ મહા ચમત્કારી યોગી છે. આપણા પૂર્વના અપાર પુન્ય (પુણ્ય) હશેત્યારે આવા પ્રતાપી પુરુષનાં દર્શન થયાં. પછી તે સ્ત્રીઓને નાના બાલ બ્રહ્મચારીને જોઈને અપાર પ્રેમ ઊપજે છે. વર્ણીનું વિશાળ ભાલપ્રદેશ જોઈને મનમાં વિચાર કરવા લાગી કે આવા નાના બાળબ્રહ્મચારી (બાવો) કેમ બન્યા હશે. (૧) ત્યારે એક નારી બોલી કે તેની કરમની કઠણાઈ હશે કે બાળપણથી ઘરનો ત્યાગ કરીને કુંવારો ફરે છે. (૨) ત્યારે બીજી નારી બોલી પણ વિચાર્યા વગર વચન ન બોલાય કારણ કે તેના મુખની ક્રાંતિ જોઈને લાગે છે કે પોતે ઈશ્વર છે. (૩) તેમાં ત્રીજી નારી ડાહી (હોશિયાર) હતી. તેને કહ્યું કે મારું ચિત્ત તેનામાં ચોરાય છે. તેથી નક્કી કાનુડો અહીં આવ્યો હશે.

પછી સૌ નારીએ મળીને સંકલ્પ કર્યો કે આપણે તેની પાસે જઈને બેસીયે. આપણી પાસે માંગીને દહીં જમે. ગોકુળનો રાજા જાણું સૌ નારી વર્ણીની પાસે આવી માથેથી દહીંની મટુકી ઉતારી વર્ણીને પગે લાગીને પાસે બેઠી ત્યારે વર્ણી પૂજામાંથી પરવારીને નારી પાસેથી દહીં માંગીને ભગવાન (વર્ણી) જમ્યા એટલે સૌ નારીનો પ્રથમ સંકલ્પ પૂરો થયો. એટલે સૌ નારીને મનમાં નિશ્ચય થયો કે આ વર્ણી જ શ્રીકૃષ્ણ ભગવાન છે.

વર્ણીની કૃપાથી સૌ નારીઓને સમાધિ થઈ. સમાધિમાં પોતાના શરીરનું ભાન ભુલી ગઈને ગોલાક ધામમાં રાધાજી સાથે શ્રીકૃષ્ણ ભગવાનને જોયા. તેમને પીળાં પીતામ્બર પહેર્યા હતા. અને ગળામાં વૈજયંતીમાળા ધારણ કરેલી હતી.

માથે સોનેરી મુગટ શોભતો હતો અને હાથમાં મોરલી ધારણ કરેલી છે અને રાધાજી પણ સુંદર આભુષણ વસ્ત્રથી શોભતા હતા અને તેમની ડાબી બાજુએ ઉભા હતાં. એવા સમાધિમાં દર્શન થયાં. વર્ણીની ઈચ્છાથી સમાધિમાંથી બહાર આવી વર્ણી રાજી થઈને તેમણે તે ગોપીઓને (નારીઓને) શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યાં. તે જોઈને નારીઓ બોલી કે, હે બ્રહ્મચારી ! તમે તો અમારા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ પોતે જ છો. એમ કહી બધા દહીંના ગોરસ વર્ણીની આગળ મૂકીને બોલી કે અમારું આ બધું દહીં (ગોરસ) જમીને અમારું કલ્યાણ કરો એટલે શ્રીહરિએ તે તમામ ગોરસ (દહીં) જમી ગયા. અને તે તમામ ગોપાંગનાઓ (નારીઓને) ઉપર કૃપાદૃષ્ટિ કરીને બોલ્યા કે હું તમોને વરદાન આપું છું કે તમે સર્વે કચ્છદેશમાં અવતાર પામશો. ત્યાં મારો યોગ થશે. ત્યારે તમારા દુઃખોનો નાશ કરીશ અને અંતે અમારા અક્ષરધામની પ્રાપ્તિ થશે. આવું વરદાન પામી નારીઓ ખૂબ રાજી થઈને શ્રીહરિને નમસ્કાર કરીને પોતાને ઘેર ચાલી ગઈ.

**નોંધ** : આ લીલા શ્રીહરિ વન વિચરણમાંથી લીધી છે. લેખક : નંદકિશોરસ્વામી કાલુપુર મંદિર, અમદાવાદ

## એક પથ્થરના સૂતેલા હાથી ઉપર શ્રીહરિ સૂઈ ગયા હતા. (પ્રસાદીનો પથ્થર)

તાપી નદીમાં એક પથ્થરનો સૂતેલો હાથી પડેલો છે. ત્યાં જઈ તેના પર વર્ણી સૂઈ ગયા. ત્યારે ત્યાં પાણી થોડું હતું. તેથી આગળના ભાગમાં પચીસેક પાણિયારીઓ બેડાં લઈને પાણી ભરવા આવી. તેવામાં ત્યાં એક છોકરો ઘોડું પાવા માટે તે હાથી પાસે આવ્યો. વર્ણીએ તેને જોઈને કહ્યું, 'અલ્યા છોકરા ! જરા નદીમાંથી આ કમંડળ ભરી આપને ?' છોકરો કહે, મારું ઘોડું નાસી જાય માટે તમે તમારે હાથે પાણી ભરી લો. ત્યાં વર્ણીએ સંકલ્પ કર્યો કે આ પાણી ઊંચું ચઢે તો ઠીક. એટલે પાણી ઊંચે ચઢ્યું તેથી પાણિયારી બાઈઓના બેડાં તણાયાં અને ઘોડાવાળો છોકરો પણ ડૂબતાં રહી ગયો. આ વાત પવનવેગે આખા ગામમાં પ્રસરી તેથી ગામમાં ભારે હાહાકાર થયો. અને લોકો નદીમાં પૂર જોવા ઉમટ્યાં. લોકોએ પેલા ઘોડાવાળા છોકરાને પૂછ્યું કે શું થયું ? ત્યારે તેણે કહ્યું કે પેલા હાથી ઉપર બાવો સૂતો છે. તેણે પાણી માંગ્યું ને મેં ન આપ્યું તેથી આ કૌતુક થયું છે. પણ જોજો ને ! હમણાં તે બાવો પણ તણાશે. આ વાત સાંભળીને લોકો જોતાં હતાં ત્યાં પાણી હાથી ઉપર સૂતેલા નીલકંઠવર્ણીના ચરણે અડ્યું ને પછી

ઉતરી ગયું. આવું કૌતક જોઈને લોકો આશ્ચર્ય પામ્યાં અને વર્ણીના પગમાં પડ્યાં અને શહેરમાં પધારવા વિનંતી કરી. વર્ણીએ કહ્યું કે કોઈ દિવસ આવશું. (આ પથ્થરનો હાથી હજી પણ મોજુદ છે. તે પ્રસાદીનો છે.)

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લીધી છે. લેખક : નંદકિશોરસ્વામી, કાલુપુર મંદિર, અમદાવાદ.

## બુરાનુપુરના વણિક પ્રભુદાસને રામચંદ્રરૂપે વર્ણીએ દર્શન આપ્યાં

પછી શ્રીહરિએ ત્યાંથી ચાલવાનો વિચાર કર્યો ત્યાં તે ગામનો પ્રભુદાસ નામનો વાણિયો. વર્ણી પાસે આવ્યો. શ્રીહરિને જોઈ મનમાં તે વિચાર કરવા લાગ્યો કે આવી નાની ઉંમરમાં તીર્થોમાં ફરે છે. મહાન તપસ્વી, પવિત્ર, ધર્મનિષ્ઠ જણાય છે. માટે જો તે બ્રાહ્મણ વગેરે જ્ઞાતિના હોય તો મારે કોઈ સંતાન નથી. અને દ્રવ્ય ઘણું છે. માટે ઘેર લઈ જઈને મારી મિલ્કતના વારસ બનાવું.

સર્વાન્તર્યામી શ્રીહરિએ તેનો સંકલ્પ જાણી લીધો અને તે વણિકને કહ્યું કે, અમો કોઈના ઘેર જતા નથી. અમો તો તીર્થો ફરવા નીકળ્યા છીએ. માટે કોઈના રોક્યા રોકતા નથી કે કોઈના ઘરે જતા નથી. વર્ણીનું વચન સાંભળી પ્રભુદાસ વણિકે મનમાં વિચાર્યું કે મારા મનની વાત આમણે જાણી લીધી માટે આ કોઈ મોટા પુરુષ છે.

માટે ગમે તેમ કરીને મારે ઘેર લઈ જાઉં. એમ વિચારે છે. ત્યાં વર્ણીએ રામચંદ્રજી રૂપે તેને દર્શન આપ્યું. તેથી તે વણિક ઘણો આનંદ પામ્યો અને ચરણમાં શીશ મુકી સ્તુતિ કરવા લાગ્યો કે, હે પ્રભુ ! મારી રક્ષા કરો આપ તો મારા ઈષ્ટદેવ રામચંદ્રજી ભગવાન સાક્ષાત છો અને મારું કલ્યાણ કરવા માટે જ અહીં પધાર્યા છો. માટે મારે ઘરે પધારી મારી સેવા અંગીકાર કરો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમો તારે ઘરે નહિ આવીએ. પણ તું પૂર્વનો મુમુક્ષુ છે. તેથી મારું ભજન કરજે. તારું કલ્યાણ કરીશ. તારે જો અમને જમાડવાનો ભાવ હોય તો મારા માટે તું સીધું અહીં લાવ. ત્યારે તે વણિક ઘરે જઈને ઘી, સાકર, દહીં વગેરે સીધું લાવ્યો. તેમાંથી લોટની બાટીઓ બનાવી ઠાકોરજીને ધરાવીને પોતે જમ્યા. વણિકને પ્રસાદી આપી.

ત્યાંથી વર્ણી નાહીને ગામમાં ગયા અને ચણાનું સદાવ્રત લીધું. પછી એક ઓટલે બેસીને વિચાર કરવા લાગ્યા કે અહીં મંદિર થાય તેવો જોગ

છે. આવો વિચાર કરે છે. ત્યાં એક જણ આવ્યો અને બાળજોગીનું અદ્ભુત રૂપ જોઈને બોલ્યો કે, મહારાજ ! કાંઈ જમશો ? ત્યારે વર્ણી બોલ્યા કે, કાંઈ ફરાળ હોય તો જમીએ. ત્યારે તે પોતાને ઘેર જઈને બાર કેળાં લઈ આવ્યો અને શ્રીહરિને આપ્યાં. તે શાલીગ્રામને ધરાવીને જમ્યા અને કમંડળમાંથી જળ પીને નદીએ ગયા.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લીધી છે. લેખક : નંદકિશોર સ્વામી, કાલુપુર મંદિર, અમદાવાદ

## શ્રીહરિએ આપેલી સોટીના ચમત્કારથી બુરાનપુરમાં સત્સંગ કરાવ્યો.

ગઢડામાં રહેલાં મહારાજે એક દિવસ નરોનારાયણાનંદ, કૃષ્ણાનંદ, પુર્ણાનંદ આ ત્રણ સંતોને કહ્યું કે તમે બુરાનપુર તરફ જાવ. ત્યારે તેમણે કહ્યું કે, અમે કાંઈ ભણ્યા નથી. ત્યાં જઈને શું સત્સંગ કરાવીએ ? ત્યારે મહારાજે એક સોટી મંગાવીને તેનો એક છેડો લાલ કર્યો અને બીજો છેડો પીળો કર્યો અને કહ્યું કે આ સોટીનો લાલ છેડો અડાડશો તો સમાધિ થશે અને પીળો છેડો અડાડશો તો સમાધિમાંથી જાગશે. એમ સમજાવીને ચમત્કારી સોટી આપીને સંતોને બુરાનપુર મોકલ્યા.

સંતો ફરતા ફરતા બુરાનપુર જઈને તાપી નદીમાં સ્નાન કરીને આથમણી તરફ રાજઘાટ ઉપર બેસીને મહારાજની તથા યમપુરીની વાર્તા જોરથી કરવા મંડ્યા. તેને સાંભળીને પાસે બેઠેલા માણસો બધા બોલી ઉઠ્યા કે, ‘એ વાત તો તદ્દન ખોટી છે.’ આવું એ લોકોનું વાક્ય સાંભળીને કૃષ્ણાનંદ મુનિએ ત્યાં બેઠેલા દસ-વીસ માણસોને સોટીનો લાલ છેડો અડાડીને સંકલ્પ કર્યો કે ‘યમપુરીમાં જાવ’ એમ સંકલ્પ કરતાં જ તે લોકોને સમાધિ થઈ અને જમપુરીમાં ગયા. ત્યાંનું દુરંત દુઃખ દેખીને ત્રાહિમામ ત્રાહિમામ્ એમ બોલવા લાગ્યા. બીજા લોકો સમાધિના અજાણ હોવાથી આ તો મરી ગયા. એમ બોલવા મંડ્યા. આવું અવળું સાંભળીને ફરીથી સોટીનો પીળો છેડો અડાડ્યો ત્યાં તો સમાધિમાંથી બહાર આવીને બોલ્યો કે સ્વામીજી ! યમપુરીની બધી જ વાત શું કરવાથી મટે તે કહો ? એટલે સ્વામીએ કહ્યું કે સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરો ત્યારે એ મહાદુઃખ ટળે, અને અક્ષરધામ મળે ત્યારે તે લોકોએ ફરીથી પૂછ્યું કે, એ અક્ષરધામ વળી કેવું હશે ? તે અમને દેખાડો. ત્યારે વળી સંતોએ અક્ષરધામનો સંકલ્પ કરીને સોટીનો લાલ

છેડો અડાડતાં સમાધિ થઈ અને અક્ષરધામમાં ગયા પછી સમાધિથી સર્વેને એ જ રીતે ઉઠાડ્યા. આ બધું આશ્ચર્યને જોઈને તેઓ બોલ્યા કે તમે તો ભગવાન છો આવું વચન સાંભળીને સંતોએ સત્ય કહ્યું અમે તો ભગવાન નથી પણ એમના દાસ છીએ. સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ તે અમારા ગુર સહજાનંદ સ્વામી છે. એવું સંતોનું વચન સાંભળીને ઘણા મુમુક્ષુ મનુષ્યો સત્સંગી થયા. એમ ચમત્કારી સોટી દ્વારા સત્સંગ કરાવતા થકા ઘણા દિવસ ત્યાં રહ્યાં. આ લીલા ચારધામ પુસ્તકમાંથી લીધી છે. લેખક : ધર્મજીવનદાસ સ્વામી, ભુજ મંદિર

## બુરાનપુરના શિવલાલ શેઠ અને ગોવિંદ શેઠને શ્રીહરિના દર્શન

ત્યાં નજીકમાં જ તાપી નદી અને મૌના નદીનો સંગમ થાય છે. ત્યાં ગયા તે સંગમમાં સ્નાન કરવાનો ઘણો મહિમા છે. તેથી એકાદશીના દિવસે ત્યાં ઘણા લોકો સ્નાન કરવા આવે છે. અને મોટો મેળો ભરાય છે. શ્રીહરિ એકાદશીના રોજ ત્યાં પધાર્યા. સંગમમાં સ્નાન કર્યું. શ્રીહરિ એકાંત જગ્યામાં એક વૃક્ષ નીચે પોતે આસન કરી બિરાજ્યાં. તે દિવસે ત્યાં ઘણા માણસો સ્નાન કરવા આવેલાં તેઓ શ્રીવર્ણીનું અલૌકિક તેજસ્વી સ્વરૂપ જોઈ પાસે આવી હાથ જોડી પગે લાગી બેઠા. તેમની આગળ વર્ણીએ ભગવાનના મહિમાની વાતો કરીને ઉપદેશ આપ્યો.

તે વખતે બુરાનપુરના શિવલાલ શેઠ તથા ગોવિંદ શેઠ પણ આવ્યા હતા. તેઓએ વર્ણીની વાતો સાંભળી તથા ચિત્તચોર મૂર્તિ જોઈ મનમાં નિશ્ચય કર્યો કે આ સાક્ષાત્ ભગવાન છે. પછી બેય જણાએ શ્રીહરિને વિનંતી કરી કે હે પ્રભુ ! અમારા પર કૃપા કરીને અમારે ઘરે પધારી અમારી સેવા અંગીકાર કરી અમોને પાવન કરો. તેઓને પૂર્વના સંસ્કારી માની વર્ણી તેમના ઉપર રાજી થયા. તેમને ઘરે પધારવાની હા પાડી એટલે તાપી ઊતરીને તેમની સાથે તેમના ઘેર પધાર્યા. ભાવિક તે બેય વણિકોએ શ્રીહરિની પૂજા કરી અને પોતાના મિત્રો રામકૃષ્ણ, ભગવાનદાસ, બાપુભાઈ એ ત્રણેય પવિત્ર બ્રાહ્મણોને બોલાવી તેમની પાસે સુંદર રસોઈ બનાવરાવી વર્ણીને પ્રેમથી જમાડ્યા. તેમનો અત્યંત પ્રેમ જોઈ તેમને ત્યાં વર્ણી એક રાત રહ્યા અને તેમને જ્ઞાનની ઘણી વાતો કરી. બીજે દિવસે રાજઘાટે  સ્નાન કરી દૈવી જીવોને ઉપદેશ આપી પોતાના આશ્રિત કરી ત્યાંથી ચાલી નીકળ્યા.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરમાંથી લીધી છે. લેખક : નંદકિશોરસ્વામી, કાલુપુર મંદિર, અમદાવાદ.

**માલેગામ :** શ્રીહરિ બુરાનપુરથી માલેગામ આવ્યા. ત્યાં મોસમ ગંગામાં સ્નાન કર્યું. ગામ બહાર એક શિવાલય હતું. ત્યાં પાંચ દિવસ રહ્યા ત્યાંથી શ્રીહરિ દંડકારણ્યમાં આવ્યા. માલેગામમાં પૂર્વ દિશામાં શિખર મંદિર છે. તે મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ લક્ષ્મીનારાયણ દેવ છે. મોસમ કિનારે શિવજી મંદિર છે. નદી પ્રસાદીની છે.

## દંડકારણ્ય

શ્રીહરિ દંડકારણ્યમાં સંવત ૧૮૫૪ના મહા વદ ૧૨ના રોજ આવ્યા. ત્યાંની શોભા જોઈ ત્યાંની પ્રદક્ષિણા કરી. રામચંદ્ર ભગવાને દંડકારણ્યમાં જે લીલાઓ કરી હતી તે સ્થળોને પાવન કર્યા અને ત્યાંથી નાસિકપુરમાં આવ્યા.

**નાસિકપુર :** નાસિકમાં તપોવનમાં ઉત્તરદ્વારે શિખરબધ્ધ મંદિર, હરિકૃષ્ણ, નારાયણ તથા લક્ષ્મીજી છે. જમણી બાજુ રણછોડજી, ત્રિકમજી ડાબી બાજુ, રાધાકૃષ્ણદેવ છે. પંચવટી તપોવન, ગોદાવરી નદી, સીતાની ગુફા, ત્રિવેણીસંગમ, દંડકારણ્યવન, સીતાહરણનું સ્થળ, રામ-લક્ષ્મણનું મંદિર, લક્ષ્મણે શૂર્પણખાનાં નાકનું છેદન કર્યું હતું તે સ્થળ.

એક દિવસ પંચવટીમાં શૂર્પણખા આવી એ રાવણની બહેન હતી. તે એક દિવસ ભટકતી ભટકતી એ પંચવટીમાં આવી. ત્યાં એણે રામ-લક્ષ્મણ અને સીતાજીને બેઠેલા જોયાં. રામને જોતાં જ એ મોહિત થઈ ગઈ. શૂર્પણખાને થયું કે આ રાજકુમાર બહુ સુંદર છે. શૂર્પણખા એક દિવસ સુંદરીનું રૂપ લઈ રામજી પાસે આવી સીધી દરખાસ્ત મૂકી.

**તમુ સમ પુરુષ ન મો સમ નારી, યહ સંજોગ વિધિ રચા બિચારી ।**
**મમ અનુરૂપ પુરુષ જગમાંહી, દેખ ઉ ખોજિ લોક તિહુ નાહી ॥**

હે રાજકુમાર ! સંસારમાં તમારા જેવો સુંદર કોઈ પુરુષ નથી. ને મારા જેવી સુંદર કોઈ સ્ત્રી નથી. માટે તમે મારી સાથે લગ્ન કરો. ત્યારે રામજીએ દૃષ્ટિ સીતાજી પર રાખીને શૂર્પણખાને કહ્યું, ‘‘તમે પરણવાની વાત કરો છો એ બરાબર પણ હું તો પરણેલો છું. આ મારી બાજુમાં બેઠાં છે. તે મારાં પત્ની છે. પણ આ સામે જે બેઠા છે. એ મારો નાનો ભાઈ અત્યારે કુંવારો છે. એટલે તમે એની પાસે જાઓ કદાચ એ તૈયાર થાય.’’ શૂર્પણખાએ લક્ષ્મણજીને કહ્યું, ‘‘તારા ભાઈએ

મને મોકલી છે. તું મારી સાથે લગ્ન કર ત્યારે લક્ષ્મણ કહે સુંદરી સાંભળ હું તો એનો દાસ છું. તમે જો સેવકની સાથે પરણો તો તમારે સેવકની સેવા કરવી પડે. રાતના જાગવું પડે, લાકડાં કાપવા પડે, પાણી ભરવું પડે, આ બધું તમારે કરવું પડે. એનાં કરતાં આજે સામે બેઠા છે. એમને પગે લાગ.''

એ કૌશલ દેશના રાજા છે. અમારા કુળમાં ઘણી રાણીઓ સાથે પરણવાનો રિવાજ છે. એટલે રામજી બીજા લગ્ન કરી શકે માટે એમની પાસે જાઓ. શૂર્પણખાને વાત ગમી ગઈ એને થયું હું કોઈ સેવકની સાથે થોડી પરણું ? પરણું તો સ્વામીને જ પરણું એટલે શૂર્પણખા પાછી રામજી પાસે આવીને બોલી. તમે જ બરાબર છો. તમારા ભાઈ તો સેવક છે. હું તો તમારી સાથે જ પરણવા માગું છું. રામજીએ કહ્યું મારો ભાઈ શરમાઉં છે. તમે એને બે-ત્રણ વાર પગે લાગશો એટલે હા પાડી દેશે. તમે એની પાસે જાઓ. શૂર્પણખા ફરી પાછી લક્ષ્મણજી પાસે જઈને કહ્યું. તું જ બરાબર છે. તું જ મારી સાથે પરણ. પછી ભગવાન રામજી સમજી ગયા કે આ રાક્ષસી છે. દંડકારણ્યમાં ઋષિમુનિઓને વિશેષ દુઃખી કરનાર તત્ત્વ છે. આને દંડ આપવામાં વાંધો નહિ એટલે એમણે લક્ષ્મણને ઈશારો કર્યો લખનજી સમજી ગયા. રામજીએ આ કામ લક્ષ્મણને સોંપ્યું અને જેવી શૂર્પણખા લક્ષ્મણજીની પાસે ગઈ કે લક્ષ્મણજીએ એના નાક-કાન કાપી નાખ્યાં. લક્ષ્મણજીએ નાક, કાન કાપી એના ટુકડા શૂર્પણખાના હાથમાં આપ્યાં અને કહ્યું, ''સ્ત્રી છે એટલે મૃત્યુદંડ નથી આપ તો હું રઘુવંશી છું જો હવે ફરીથી આ ઋષિની ભૂમિમાં પગ મૂકીશ તો તને જીવતી નહિ રહેવા દઉં.'' શૂર્પણખા ભાગી ગઈ પછી રામને પરણવા પુષ્કરરાજ જઈને તપ કર્યું. પછી બ્રહ્મા તેના ઉપર પ્રસન્ન થયા અને કહ્યું ભગવાન તારી ઇચ્છા પૂરી કરશે. પછી મથુરામાં કુબ્જા બની. ભગવાને એના મનોરથ પુરા કર્યા.

એક દિવસ રાવણ શૂર્પણખાના કહેવાથી સીતાનું હરણ કરવા માટે મારીચની મદદ માગવા માટે આવ્યો. ત્યારે મારીચ કહેવા લાગ્યો. રામની સામે વિરોધ કરવો તે યોગ્ય નથી. હું વિશ્વામિત્રના યજ્ઞમાં જ્યારે વિઘન કરવા ગયો ત્યારે એ રામે મને ફણા વગરનું એક બાણ મારીને ચારસો ગાઉ દૂર ફેંક્યો હતો. રાવણ, વેર અને પ્રેમ તો સમાનની સાથે હોય અસમાનની સાથે ન હોય. રામની સાથે વેર કરવામાં સાર નથી. એટલે કહેવત છે. રામબાણ વાગ્યા હોય તે જાણે. રાવણ બોલ્યો, 'મારીચ, તું મને ઉપદેશ આપે છે ?' મારીચ સમજી ગયો કે રાવણ મને મારી નાંખશે અને મારે એના કરતાં રામના હાથે મરવું શું ખોટું ? એમ વિચારી

રાવણની સાથે મારીચ પંચવટીમાં આવ્યો. મારીચ માયાવી હતો તેથી સુવર્ણ મૃગ (હરણ) બન્યો. છલાંગ મારીને રામ ઝૂંપડી આગળ આવ્યો. ત્યાં સીતાજીની દૃષ્ટિ મૃગ (મારીચ) ઉપર પડી એકદમ રામજીને કહ્યું મહારાજ ! સોનાનો મૃગ કેવો સુંદર છે. હે પ્રભુ ! એનો વધ કરો અને એનું સોનેરી ચામડું લઈ આવો. ત્યારે પ્રભુએ સીતાજીને કહ્યું કે સોનાનો મૃગ ક્યાંય ના હોય. આ તો તમને ભ્રમ હશે. પણ સીતાજી માન્યા નહીં. સીતાજીને કહ્યું તે આવા વનમાં ઘણા માયાવી અસુરો રહે છે. માટે કોઈ માયાવી અસુર હશે પણ સીતાજીએ પ્રભુની વાત માની નહીં. હઠ પકડી કે બસ મારે સોનાનો મૃગ જોઈએ. એટલે રામ પોતાની ઝુંપડીમાંથી ધનુષ્યબાણ લઈને બહાર નીકળ્યા. અને મૃગની પાછળ દોડ્યા. આગળ મારિચ અને પાછળ રામ દોડ્યા જતાં જતાં રામે લક્ષ્મણજીને કહ્યું, "લખન સીતાજીની સંભાળ રાખજે. આ પંચવટીમાં રાક્ષસો ફરતા હોય છે. માટે સીતાજીને એકલાં છોડીશ નહિ."

આગળ મૃગ અને પાછળ પ્રભુ. મૃગ ક્યારેક નજીક દેખાય છે. ક્યારેક દૂર દેખાય છે. આમ મારીચ દોડતો જાય છે. ને પાછુ વાળી વાળીને જોતો જાય છે. ત્યાં રામે લક્ષ્ય સાધીને એક એવું તીક્ષ્ણબાણ માર્યું કે મારીચ ચિત્કાર કરતો ધરતી ઉપર ઢળી પડ્યો અને મોટેથી કહે કે હે લખન ! હે લખન ! એવો પોકાર કર્યો.

મારીચ બાણથી વિંધાઈને જેવો ધરતી ઉપર પડ્યો કે રામજી એની પાસે પહોંચી ગયા. મારીચ અંતરમાં રામ રામ જપી રહ્યો હતો. ભગવાને એના માથા ઉપર હાથ મુક્યો. મારીચ મુક્ત થયો. મારીચનો ઉદ્ધાર કર્યો. પછી રામ મૃગને મારીને પાછા પધારે એ પહેલાં સીતાએ લક્ષ્મણને કહ્યું તમારા મોટાભાઈ સંકટમાં ફસાયા હોય એમ લાગે છે. તેથી તમને મદદે બોલાવે છે. માટે લક્ષ્મણ ! લક્ષ્મણ એમ બૂમો પાડે છે. ત્યારે લક્ષ્મણજીએ કહ્યું, "મા, જેના ભ્રકુટિ ભંગ માત્રથી બ્રહ્માંડોનો નાશ થાય છે માટે એ ભગવાન કદી મુશ્કેલીમાં હોઈ શકે નહિ." "ના, લખનજી ! હું તમને કહું છું તમારે જવું જોઈએ." ત્યારે લખનજી બોલ્યા મા, હું રામની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કરું ? પણ સીતાજી માન્યા નહિ અને લક્ષ્મણને કડવા વચન કહી દીધાં. તેથી લક્ષ્મણજી રામની મદદ માટે ગયા. પછી રાવણે સીતાજીનું હરણ કર્યું અને સીતાજી દુઃખી થયાં.

ત્યારે વૈદેહીએ વચનનાં, લક્ષ્મણને લગાડ્યાં બાણ ।
તું જાણે રામ મરે વરે મુજને, તે ન વરું તજીશ હું પ્રાણ ॥

ત્યારે લક્ષ્મણજી પંચવટી છોડતાં પહેલાં ધનુષ્યથી પર્ણકુટીની ચારે બાજુ રેખા દોરીને (લક્ષ્મણરેખા) સીતાને કહ્યું તમે આ રેખાની બહાર ન જશો. કારણ કે લક્ષ્મણજી યતિ હતા કે જે કોઈ લક્ષ્મણ રેખાની અંદર આવે તો બળી ભસ્મ થઈ જાય. આમ લક્ષ્મણજી કહીને ગયા. પાછળથી રાવણ સાધુના વેશમાં પંચવટીમાં આવ્યો. રામની ઝુંપડી આગળ આવીને ''ભિક્ષામ દેહિ'' એમ કહીને ઉભો રહ્યો. ત્યારે સીતાજીના મનમાં કોઈ સાધુ આવ્યા. જાણીને ભીક્ષા આપવા ગયાં પણ રેખાની અંદર રહ્યા. રાવણે કહ્યું હું બાંધી ભિક્ષા નથી લેતો આપને ભિક્ષા આપવી હોય તો આ રેખાની બહાર આવીને આપો. ત્યારે સીતાજી લક્ષ્મણરેખા ઓળંગીને ભિક્ષા આપવા માટે બહાર નીકળ્યા. તરત જ રાવણ સાધુના વેશમાંથી મુળ રાવળના વેશમાં આવીને સીતાજીને ઉપાડીને લંકામાં ચાલ્યો ગયો એટલે રાવણે સીતાજીનું અપહરણ કર્યું.

આજ્ઞા લોપી શ્રીરામની, ભિક્ષા આપવા નિસર્યાં બહાર।
તર્ત રાવણ તેડી ચાલીયો, પછી પામ્યા દુઃખ અપાર ॥

સીતાજીએ રામની આજ્ઞા લોપી તેથી તેમનું અપહરણ થયું અને મહાદુઃખને પામ્યા. માટે શ્રીજી મહારાજે કહ્યું કે અમારા ભક્તને દેશકાળ સમયે પણ અમારી આજ્ઞા લોપવી નહીં અને લોપે તો મહાદુઃખને પામે છે.

આમ શ્રીહરિ વનમાં વિચરતા સંવત ૧૮૫૪ના મહા વદ ૧૨ના રોજ દંડકારણ્યમાં આવ્યા. ત્યાંની શોભા જોઈ ત્યાંની પ્રદક્ષિણા કરી ત્યાંથી ફરતા ફરતા નાસિકપુરમાં આવ્યા. ત્યાંથી પંચવટી આવી ગોદાવરી નદીમાં રામઘાટમાં સ્નાન કરી ગોદાવરી નદીને પાવન કરી, પોતાના પૂર્વ અવતાર રામચંદ્રજીની લીલાઓનું સ્મરણ કરી, દર્શન કરી ત્યાં બે-ત્રણ દિવસ રોકાઈ. ત્ર્યંબકેશ્વરમાં આવ્યા.

**નોંધ :** આ લીલા ચારધામના પુસ્તકમાંથી લેવામાં આવી છે. લેખક : ધર્મજીવનદાસ સ્વામી, ભુજ મંદિર.

**ત્ર્યંબકેશ્વર :** પૂર્વદ્વારે ત્ર્યંબકેશ્વર મહાદેવ, જ્યોતિર્લિંગ, બ્રહ્મકુંડ, કાવેરી મુખ, ૧૦૮ મહાદેવના લિંગ, ગૌતમમુનિનો આશ્રમ, અહલ્યા પર્વત પર ગંગાનો કુંડ.

શ્રીહરિ ત્ર્યંબકેશ્વરમાં આવ્યા ત્યાં ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કરી. તેના ઉપર અભિષેક પૂજન કર્યું. કુંડમાં સ્નાન કર્યું અને કાવેરી નદીમાં સ્નાન કરી તે નદીને પવિત્ર કરી. પછી ત્યાંના સેવકોએ બટુકને પ્રવિણ જોયા. શ્રીહરિએ તેમને પોતાનું સામર્થ્ય જણાવીને તેમનો પ્રેમ સંપાદન કર્યો. જનોને બોધ

કરી નિયમ આપ્યા. પછી પર્વત ઉપર ગયા. ત્યાં ગોદાવરી નદી નીકળે છે તે સ્થાન જોયું. પછી તેમાં સ્નાન કરી તેને તીર્થરૂપ બનાવી ત્યાંથી ફરતા ફરતા ધર્મપુરમાં આવ્યા.

## ધર્મપુર

કુશળ કુંવરબાઈનો રાજમહેલ, રામમંદિર, હનુમાનનું મંદિર પ્રસાદીનું.

(૧) ધર્મપુરમાં કુશળ કુંવરબાઈ રહેતાં હતાં. તેને હમેશાં ભાગવતની કથા સાંભળવાનું નિયમ હતું. (૨) બીજું નિયમ એવું રાખેલું કે બ્રાહ્મણ પાસે રંધાવીને હંમેશા શિરાપુરીનું સદાવ્રત દેવું. (૩) ને ત્રીજું નિયમ એ હતું કે સાંજે હમેશાં બાવા વૈરાગીઓના તથા તીર્થવાસીઓના ચરણસ્પર્શ કરવો. આવું નિયમ હતું. એમ કરતા ઘણાં વર્ષ વીત્યાં. એવા વખતમાં શ્રીજી મહારાજના સાધુ **પરમચૈતન્યાનંદ સ્વામી** એકડમલ (એકલા) થઈને ફરતા ફરતા ધરમપુરમાં આવ્યાં. તે બપોરે શિરાપુરીનું સદાવ્રત જમીને ધર્મશાળાને ખૂણે જઈને બેઠા. પછી સાંજે કુશળ કુંવરબાઈ તીર્થવાસીઓને પગે લાગવા આવ્યાં ને બધા બાવાઓના ચરણનો સ્પર્શ કરતાં સ્વામી પાસે આવ્યાં તેવામાં તે બોલી ઉઠ્યા જે, ‘‘બાઈ હો તો મારે પગ અડશો નહિ. હું સ્વામિનારાયણનો સાધુ છું.’’ ત્યારે બાઈએ પૂછ્યું, ‘‘એ સ્વામિનારાયણ કોણ છે’’ ત્યારે સ્વામીએ કહ્યું, ‘‘એ તો પ્રગટ સ્વામિનારાયણ ભગવાનનો અવતાર છે.’’

એમ કહી ઘડીક વાત કરી પછી બાઈએ કહ્યું, ‘‘તમે સવારે અમારા દરબારગઢમાં પધારજો. હું સવારે માણસ મોકલીશ.’’ એમ કહીને બાઈ દરબારગઢમાં ગયા. પછી સવારે સ્વામીને તેડવા સારું માણસ મોકલ્યાં. તે ભેગા સ્વામી દરબારગઢમાં ગયા. એક કલાક સુધી મહારાજના મહિમાની વાતો બાઈને કરી તે સાંભળીને બાઈ બહુ રાજી થયાને સ્વામીને બંગલામાં ઉતારો દીધો. ને પોતે થાળ કરીને હંમેશા લાવતાં એમ એક માસ સુધી નવા નવા થાળ કરીને સ્વામીને જમાડતાં ને હમેશાં સાંજે પોતાના કુંવર ભેગા સ્વામીને હાથી ઉપર બેસારીને હનુમાનગઢીએ દર્શન કરવા મોકલતાં ને પોતે હંમેશાં સ્વામી પાસે વાર્તા સાંભળતાં તેથી તેને મહારાજનો પાકો નિશ્ચય થયો તે વાત મહારાજે ગઢડામાં કહી જે ‘‘પરમ ચૈતન્યાનંદ સ્વામી ધર્મપુરમાં ખૂત્યા છે’’ માટે ‘‘એ તો હાથી ખૂત્યો તે હાથી જાય ત્યારે નીકળે’’ એમ કહીને મહારાજે મુક્તાનંદ સ્વામીને ધર્મપુર મોકલ્યા તે સાંજના ચાર વાગે પહોંચ્યા. તે વખતે પરમચૈતન્યાનંદ સ્વામી

કુંવર ભેગા હાથીએ બેસીને હનુમાનગઢીએ જતા હતા. તેણે મુક્તાનંદ સ્વામીને આવતા દેખીને હાથીના મહાવતને કહ્યું જે "હાથીને ઉભો રાખીને જુકાવ, નહિ તો મારે હેઠા પડવું જોશે કારણ કે આ આવે છે. તે મારા ગુરુ છે."

ત્યારે તેણે હાથીને જુકાર્યો (નીચે) એટલે પરમચૈતન્યાનંદસ્વામી હેઠા ઉતર્યાં ને દંડવત કરીને સ્વામીને મળ્યા પછી દરબારગઢમાં જઈને બાઈને વાત કરી પછી બાઈએ તેને બંગલામાં ઉતારો કરાવ્યો ને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને જમાડ્યા. પછી બાઈએ એક દિવસ કહેવરાવ્યું જે, "મહારાજને આંહી તેડાવો" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, "તમારા ગુર પરમચૈતન્યાનંદસ્વામી છે. તેને કાગળ લઈને મોકલો તે તેડી લાવશે." ત્યારે બાઈએ કાગળ લખીને પરમચૈતન્યાનંદસ્વામીને આપ્યો તે લઈને ગઢડે ગયા ને મહારાજને દંડવત કરીને કાગળ આપ્યો તે વાંચીને મહારાજે ગોપાળાનંદ સ્વામીને વાત કરી જે, "ધર્મપુરથી કુશળકુંવરબાઈએ તેડાવ્યા છે. માટે આપણે ત્યાં જવું પડશે." પછી પાંચસો પરમહંસ તથા કાઠીના સવાર થઈને મહારાજ ધર્મપુર પધાર્યા. તે વખતે બાઈ દર્શન કરીને અતિ રાજી થયાં.

પછી મહારાજે વાત કરી જે "તમે ઘણા જન્મથી મોક્ષને માટે પ્રયત્ન કરતાં હતાં. ને અમદાવાદ પાસે અડાલજની વાવ પણ તમે બંધાવી હતી." એમ કહીને મહારાજે પાણી મંગાવીને તે બાઈને વર્તમાન ધરાવ્યાં ને કંઠી બાંધી પછી બાઈ પોતાના દરબારમાં ગયા. ને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને મહારાજને તથા સંતને જમાડ્યા. પછી મહારાજે ત્યાં વસંત પંચમીનો સમૈયો કર્યો ને સંત હરિજનને રંગ ઉડાડ્યો ને તે વખતે બસો ભીલ સમૈયામાં આવ્યા. તેને બાઈએ કહ્યું. આ અમારા સ્વામિનારાયણ ભગવાન છે. તેને પગે લાગો ને ભેટ ધરો. ત્યારે તે ભીલો મહારાજને પગે લાગ્યા ને ભેટ ધરી. પછી બાઈએ કહ્યું "હે મહારાજ એ અમારા ભીલને વર્તમાન ધરાવો." ત્યારે મહારાજે રંગના તપેલામાંથી તાંસળી ભરીને તે ભીલ માથે રંગ ઉડાડ્યો ને બોલ્યા જે, આ રંગના છાંટા જેને અડ્યા તેનાં કલ્યાણ. પછી બાઈએ સત્સંગમાં સૌ પ્રથમ મહારાજને સોનાનો મુગટ બનાવીને મહારાજને ભેટ ધર્યો પછી બાઈએ કહ્યું હવે આ રાજ્ય હું આપને સોંપીને દાસી થઈ રહું છું.

પછી હાથ જોડી કહ્યું નાથને, મહારાજ રાજ કરો તમે ।
તમે અમારા અધિપતિ, સહુ દાસ થઈ રહેશું અમે ।।
અજાણે દિન આટલા, અમે રહ્યાં તો રાજા થઈ ।

હવે તમારું તમે સાચવો, આ સર્વે તમારું મારું નહિ ॥
પછી પ્રભુજી બોલીયા, નથી રાજ્ય કરવા અમે આવિયા।
અનેક જીવ ઉધારવા, આ ભૂમિએ ભમિ રહ્યા છીએ ॥

ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે આ લોકમાં રાજ્ય કરવા નથી આવ્યા. અમારે તો અનેક જીવના કલ્યાણ કરવાં છે. ને એ રાજ્યની વાસના તો તમારે છે. તે તમે ભોગવો ને વાસના રહેશે તો બીજો જન્મ લેવા પડશે." ત્યારે બાઈ કહે, "હું તો હે મહારાજ તમારી વાટ જોઈ રહી હતી. તે તમે આંહીથી પધારશો એટલે પંદરમે દિવસે તમારા ધામમાં જાઈશ. ધર્મપુરના કુશળબા નિરાવરણ દૃષ્ટિવાળા હતાં તે મહારાજની તમામ લીલાને નિહાળતાં હતાં.

**નોંધ :** આ લીલા ચાર ધામના પુસ્તકમાંથી લેવામાં આવી છે. લેખક : ધર્મજીવનદાસ સ્વામી, ભૂજ મંદિર

# ગુજરાતની લીલાઓ

## સુરત

(૧) સુરતમાં શિખરબધ્ધ મંદિર પૂર્વદ્વારે, મધ્ય સિંહાસનમાં હરિકૃષ્ણ (નારાયણ મુનિદેવ) શ્રીકૃષ્ણ, રાધિકાજી, ડાબી બાજુના સિંહાસનમાં ધર્મદેવ, ભક્તિમાંના પંચધાતુની મૂર્તિ, તેની ડાબી બાજુએ ઘનશ્યામ મહારાજ છે. ઉત્તર બાજુના સિંહાસનમાં સુખશય્યા છે. (૨) ગામમાં અરદેશર પારસીનું ઘર ત્યાં પાઘ પ્રસાદીની છે. રૂસ્તમબાગમાં અરદેશરને પાઘ આપી તે સ્થળે છત્રી (૩) અરદેશરના ભાઈ પીલુસાહેબને છોડી કુંડાળે નાંખીને દર્શન દીધાં ત્યાં છત્રી (૪) તાપી નદી, રામમંદિર તેની સમીપે ત્રણ પાંદડાવાળો વડ, મહાદેવજી અશ્વિનીકુમારનો આરો.

અરદેશરજીને શ્રીહરિએ પાઘ આપી : શ્રીજી મહારાજ વાજતે ગાજતે સુરત શહેરમાં ગામ સોંસરા થઈને રૂસ્તમબાગમાં પધાર્યા ને ત્યાં તંબુમાં મહારાજ જમ્યા ને બ્રાહ્મણોએ રસોઈ તૈયાર કરી તે સંત તથા પાર્ષદ વિગેરેને જમાડ્યા. ને બીજે દિવસે અરદેશરજીના કહેવાથી મહારાજ માણકી પર સવાર થઈને સંત પાર્ષદ તથા કાઠીઓના સવારે સહિત વાજતે ગાજતે નવાબ સાહેબને ત્યાં પધાર્યા. ત્યારે નવાબસાહેબે મહારાજની ષોડશોપચારે કરીને પૂજા કરીને આરતી ઉતારી.

પછી મહારાજ ત્યાંથી અરદેશરને ઘેર પધાર્યા. ત્યારે અરદેશરજીએ મહારાજની ષોડષોપચારે કરીને પૂજા કરી. પછી મહારાજે રજા માગી ત્યારે પોતાના બાગમાં પધારવા માટે મહારાજની સ્તુતિ કરી ત્યારે મહારાજ તેમના બાગમાં પધાર્યા. પછી અરદેશરે સ્તૃતિ કરીને કહ્યું જે "હે મહારાજ ! મારું કલ્યાણ શી રીતે થાશે ?" ત્યારે મહારાજે પોતાને માથે બાંધેલી પાઘ હતી તે ઉતારીને તેને આપીને કહ્યું. આ પાઘની તમે નિત્ય પૂજા કરજો ને મારા નામની પાંચ માળા ફેરવજો. ને અધર્મથી ડરજો ને ધર્મ ઉપર આસ્થા રાખજો તેથી તમારું કલ્યાણ થશે. ને અંતકાળે હું તમને તેડવા આવીશ. એ પ્રમાણે અરદેશરજીને વર દઈને પછી મહારાજ ત્યાંથી ચાલ્યા. તે વખતે ગામની બહાર રસ્તા ઉપર એક વૈરાગીની ધર્મશાળા છે. અને રસ્તા ઉપર તે પછી તેમાં બધે બંદૂકોના મારા મેલેલા હતા. એ ધર્મશાળામાં ઘણા વૈરાગી તે સમયે રહેતા હતા. તે મહંતનો એક ચેલો મહારાજને મારવા સારું તે મારામાં બંદૂક રાખીને રહેલો તે ત્યારે મહારાજ રસ્તામાં ચાલતાં તે પછી તે પાસે આવ્યા ત્યારે તેણે મારામાં (કાંણામાં) રાખેલી બંદૂકનો વાંદરો (ચાપ) દાબ્યો પણ બરીયાન (દબાઈ જવું) ખાઈ ગયું ને ભડકો ન થયો. એટલે તે બંદુક ભરીને બીજે મારે બંદૂક રાખી ઉભો રહ્યો. ને ત્યાં મહારાજ આવ્યા ત્યારે વાંદરો દાબ્યો પાગબરીયાન ખાઈ ગયું ને ભડકો ન થયો. એમ એક પછી એક તેને બધે મારે બંદૂક રાખીને ફોડી પણ ભડાકો થયો નહિ. ને મહારાજ તો ચાલ્યા ગયા તે પછી બીજે દિવસે તેને વૈરાગી સાથે ટંટો (તોફાન) થયો તેથી તે વૈરાગીયે તેને બંદૂકની ગોળીએ માર્યો. ને મહારાજ તો સુરતથી ચાલ્યા તે રસ્તામાં એક ગામને પાદર રામૈયો કોસ ચાલતો હતો ત્યાં ઘોડાને પાણી પાવા સારું, બધા કાઠી સવાર સાથે મહારાજ ગયા ત્યારે કોશીયો બોલ્યો કે "રામ આવ્યા" ત્યારે મહારાજ બોલ્યા જે "રામ તો આવ્યા છે, પણ ઓળખાય તો ને !" એમ કહીને ત્યાંથી ચાલ્યા.

## મુક્તાનંદ સ્વામીએ ભૂતોનો ઉદ્ધાર કર્યો તે જગ્યાએ મોટું મંદિર કર્યું.

એકવાર સુરતમાંથી સુતારની જાન વહાણમાં બેસીને ઘોઘા ગઈ હતી. તે વળતાં સુરત આવતાં સમુદ્રમાં વહાણ બુડ્યું. તેથી બધાં મનુષ્ય મરી ગયાને તેમને આ લોકની વાસના રહી તેથી સુરતમાં તેના ઘરમાં ભૂત થઈને રહ્યાં તે ઘરમાં કોઈને રહેવા દીયે નહિ ને આસપાસમાં પણ રાત્રીયે કોઈને નિદ્રા આવવા

દે નહિ. તે આખા શહેરમાં બુમરાણ થઈ રહેલી. તેવામાં ત્યાં અંગ્રેજનું રાજ્ય થયું ને તેણે ઘણાં ઉપાય કર્યા પણ ત્યાંથી ભૂતાવળ ખશી નહિ. પછી અંગ્રેજ સરકારે ઢંઢેરો પીટાવ્યો જે "સુતારના માણસો અવગતીયા થઈને ઘરમાં રહે છે. તેને જે મટાડે તને તે બધા ઘર મફત આપવાં." તો પણ તે ભૂતોનો કોઈ કાઢી શક્યા નહિ. પછી ભાઈચંદ શેઠે શ્રીજી મહારાજ ઉપર ગઢડે કાગળ લખ્યો જે, અહીં ગામ વચાળે જગ્યામાં ભૂત રહે છે. તેથી તેનું કોઈ ધણી થાતું નથી. માટે ભૂતને કાઢે તેવા કોઈ મોટા સંતનું મંડળ આંહી મોકલજો.

ત્યારે તે કાગળ વાંચીને મહારાજે મુક્તાનંદસ્વામીને જવાનું કહ્યું ત્યારે સ્વામી પોતાનું મંડળ લઈને ભાવનગરથી વહાણમાં બેસીને સુરત ગયા ને ભાલચંદ શેઠને મળ્યા. ત્યારે શેઠે કહ્યું કે, "અમારા ગુરુ મુક્તાનંદ સ્વામી જગ્યામાંથી ભૂતોને કાઢી મૂકે તેવા આવ્યા છે. માટે તમે તે ખોરડાઓનો લેખ સ્વામિનારાયણ નામનો કરી આપો." ત્યારે સરકારે તે સુતારના મકાનનો લેખ કરી આપ્યો. એ લેખ શેઠે સ્વામીને આપ્યો ને તે મકાનમાં જઈને સ્વામી ઉતર્યા પછી સાંજે આરતી ધુન્ય કરીને બેઠા ત્યારે બધાં ભૂતો આવીને છેટે રહી પગે લાગ્યાં ને બોલ્યા જે "હે મહારાજ ! તમે અમારા મકાનમાં ભલે આવ્યા હવે અમારું સારું કરો." પછી સ્વામીએ તે ભૂતોને કહ્યું, "તમે બધાં બદ્રિકાશ્રમમાં જાઓ ને ત્યાં રહી તપ કરીને શુધ્ધ થાશો પછી સત્સંગમાં જન્મ લેજો ને સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના કરી, અક્ષરધામને પામશો." ત્યારે તેઓ બધાં બહુ રાજી થયાં ને સાધુઓને પગે લાગીને બદરિકાશ્રમમાં ગયા.

## શ્રી હરિએ અરદેશરના ભાઈ પીલુસાહેબને માણકીને કુંડાળે નાંખી દર્શન આપ્યા.

મહારાજ સુરત શહેરમાં રૂસ્તમબાગ ગયેલા તે સમે પોતે માણકી ઘોડીને કુંડાળે નાખીને અરદેશરજીના ભાઈ પીલુસાહેબને તે સ્મૃતિ રાખવા કહેલું હતું. તે પ્રમાણે તેણે સ્મૃતિ રાખી હતી. પછી જ્યારે તેમના દેહનો અંત કાળ આવ્યો ત્યારે મહારાજ માણકી ઉપર બેસીને તેડવા પધાર્યા ને માણકીને કુંડાળે નાખી એવાં પીલુ સાહેબને દર્શન દીધાં. ત્યારે તેણે અરદેશરને કહ્યું જે "આ સ્વામિનારાયણ માણકી ઉપર બેસીને મને તેડવા પધાર્યા છે. ને તેમણે ઘોડીને કુંડાળે નાખી છે." એમ કહીને દેહ મેલી દીધો. એમ મહારાજ પોતાની લીલાની સ્મૃતિ રખાવીને તે પીલુસાહેબ પારસીને પોતાના ધામમાં તેડી ગયા.

શ્રી નીલકંઠવર્ણી સુરત શહેરમાં પધાર્યા. ત્યા ં નિર્વાણના અખાડા પાસે **ગોડિયાનું મંદિર** છે. તેના ઓટા ઉપર ત્રણ દિવસ રોકાયા. મંદિરના મહંતને રોજ શ્રીહરિ પૂછે કે ભગવાનના રાજભોગ થયા કે નહિ ? મહંત મૂર્ખ, લોભી અને ઘમંડી હતો તેથી રોજ શ્રીહરિ પૂછે ત્યારે કહે કે આજે તો કોરા કડાકા થયા છે. ભગવાનને થાળ કરાવનાર કોઈ આવ્યું નથી. એમ તે મહંતે વર્ણીને ખોટું બોલી ત્રણ દિવસ ભૂખ્યા રાખ્યા. શ્રીહરિ બધું જાણતા હતા. શ્રીહરિ તો વાયુભક્ષણ કરીને રહેવાવાળા હતા. શ્રીહરિના મનમાં આ જીવને ભરણપોષણ કરવાવાળો હું છું છતાં મને ત્રણ દિવસના કોરા કડાકા કરાવ્યાં તે મંદિરના માલિકને ખબર પડે કે અમારા મંદિરે સમર્થ એવા બાલયોગી આવ્યા હતાં તેમની સાથે મહંતે આવો વ્યવહાર કર્યો. તે દિવસથી ગોડિયા મંદિરના દુઃખના દિવસ ચાલુ થયા.

ચોથે દિવસ ત્યાં એક માલણ આવી. તેણે બાલયોગીને પવિત્ર ને પ્રતાપી જાણી પ્રેમથી કાચું સીધું લાવીને આપ્યું. તેની પોતે રસોઈ બનાવીને દેવને થાળ ધરાવીને જમ્યા. સામાન્ય માલણ ભગવાનને જમાડવાનો લાભ લઈ ગઈ પણ મંદિરના મહંતને અભિમાનના કારણે મહારાજની સેવાનો લાભ મળ્યો નહિ. ઘણી વખત સામાન્ય માણસ મોટા માણસ કરતાં સેવાનો લાભ લઈ જાય છે.

**નોંધ :** સુરતની લીલાઓ ચાર ધામનાં પુસ્તકમાંથી લીધી છે. લેખક : ધર્મજીવનદાસ સ્વામી, ભૂજ મંદિર.

## અશ્વિનીકુમારને આરે

પછી શ્રીહરિ સુરતથી ચાલ્યા તે તાપી નદી ઉતરીને **અશ્વિનીકુમારના** આરે આવ્યા. ત્યાં તાપી નદીમાં બે કાઠે પાણીનું પૂર આવ્યું હતું પણ શ્રીહરિને તો જલદી આગળ જવું હતું અને પૂર તેમને રોકી તથા નડી શકે તેમ હતું નહિ. તેથી શ્રીહરિ સામે કાંઠે જવા માટે પૂરમાં પડવા તૈયાર થયા. ત્યાં પૂર જોવા માટે આવેલા માણસોએ વર્ણીને પૂરમાં ન પડવા માટે ઘણી વિનંતી કરી અને રોકવા માટે ઘણો પ્રયાસ કર્યો પણ સ્વતંત્ર શ્રીહરિને કોણ રોકી શકે ? શ્રીહરિ તો લોકો દેખતાં જ જેમ જમીન ઉપર ચાલે તેમ પૂરના પાણી ઉપર ચાલવા લાગ્યા. કાંઠે ઉભેલા માણસો આવા ચમત્કાર જોઈ આશ્ચર્ય પામ્યા. અને પરસ્પર વાતો કરવા લાગ્યા કે આપણે મોટી ભૂલ કરી. આવા સમર્થ યોગીને આપણે ઓળખી શક્યા નહિ. એ આપણાં દુર્ભાગ્ય ગણાય એમ બધા પસ્તાવો કરવા લાગ્યા. આવેલા અવસરનો લાભ મેળવી શકાયો નહિ.

એમ **તાપી નદી** ઉતરી શ્રીહરિ **નર્મદા નદી**ના કિનારે આવ્યા. ત્યાં નાવમાં બેસી **અશ્વમેઘ** નામના આરે (પ્રભુદાસની ટેકરી) આવ્યા. તરાપે બેસીને **ભરૂચ** આવ્યાં અને ત્યાં રાત રહ્યા. ત્યાં શ્રીહરિ **પીપળીએ** ગામ આવ્યા. ત્યાં પૂર્વજન્મનો પુણ્યશાળી, ભગવાનના ખપવાળો **ગુલાબસિંહ** નામનો ભક્ત મળ્યો. તેણે વર્ણીને મહા તપસ્વી માની પોતાને ઘરે લઈ જવા ઘણો આગ્રહ કર્યો ત્યારે વર્ણી કહે અમે કોઈના ઘરે કે ગામમાં જતા નથી. પણ તને અમને જમાડવાનો ભાવ હોય તો સીધું લાવ, એટલે પ્રભુને વિનંતી કરીને ગામના પાદરમાં પોતાની વાડી હતી ત્યાં લઈ ગયો અને ઘરેથી સીધું લાવ્યો. પછી શ્રીહરિએ પોતાની ચતુરાઈથી બાટી બનાવીને દેવને થાળ ધરાવી વર્ણી થોડું જમ્યા ને બાટીની પ્રસાદી ભક્તને આપી. પ્રભુની આ ક્રિયા જોઈને ગુલાબસિંહને શ્રીહરિ પ્રત્યે ખૂબ હેત થયું. પ્રભુએ તેને મુમુક્ષુ જાણીને મોક્ષનો ઉપદેશ તથા તેને વર આપી ત્યાંથી તવરા ગામે પધાર્યા.

**તવરા :** શ્રીહરિ તવરા ગામમાં પધાર્યા. આ તવરા ગામમાં કપિલમુનિનો આશ્રમ છે. ત્યાં કપિલ ભગવાને તપ કર્યું હતું. તે સ્થાનના દર્શન કરી શ્રીહરિ નર્મદામાં સ્નાન કરીને ત્યાંથી શ્રીહરિ **અંબાડી ગામ** પધાર્યા. ત્યાં માતા અનસૂયાદેવીનાં મંદિરમાં ઊતર્યા. અંબાડી ગામમાં એક મુમુક્ષુ જીવને દર્શન આપવા માટે આવ્યા. અંબાડી ગામમાં રાજબાઈ નામના મુમુક્ષુ જીવ હતા. આ રાજબાઈ પાટીદાર કેશવદાસના ધર્મપત્ની હતાં તેમને કૃષ્ણ ભક્તિ ખૂબ હતી. તેથી વ્રત, પૂજા અને મહારાજને નવા નવા થાળ જમાડવાનો સંકલ્પ રહેતો હતો. તેથી તેમના મનમાં એમ હતું કે સ્વયં પ્રભુ શ્રીકૃષ્ણ મને દર્શન દેવા આવશે. આજે તેનો સંકલ્પ પૂરો કરવા શ્રીહરિ ત્યાં પધાર્યા. વર્ણીના દર્શન કરતાં તેમને શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. પછી વર્ણીને રાજબાઈએ ગાયનું દૂધ આપ્યું તેથી પ્રભુએ ખૂબ પ્રેમથી દૂધ પાન કર્યું. પછી વર્ણીએ જાવાની વાત કરી એટલે રાજબાઈ કહે પ્રભુ થાળ જમીને જશો. આ રાજબાઈનો ભાવ જોઈને વર્ણીએ કહ્યું કે અમે મંદિરે જશું પણ દરરોજ તમારે ત્યાં દૂધ પીવા આવીશું એવું રાજબાઈને કહ્યું. શ્રીહરિ અંબાડી ગામમાં સાત દિવસ રહ્યા. તો રોજ નર્મદા નદીમાં સ્નાન કરે, મંદિર રહે અને રાજબાઈના ત્યાં રોજ દૂધ પીવા જતા. આ રીતે શ્રીહરિએ રાજબાઈનો સંકલ્પ પૂરો કરી ત્યાંથી શ્રીહરિ **શુક્લતીર્થમાં** આવી પ્યારાને ઘાટે આવ્યા. ત્યાં વ્યાસજીના શુકજીનાં તીર્થોને પાવન કરી. ત્યાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન કરી નર્મદા નદીના કાંઠે કાંઠે ચાલતાં નીલકંઠ **ચાણોદ** થઈને **કર્નાળી** પધાર્યા. અહીં

પ્રાચીન મંદિરોમાં દર્શન કરીને **ડભોઈ**માં નીલકંઠ વાઘનાથ મહાદેવના મંદિરમાં રાતવાસો રહ્યા. ત્યાંથી નીકળી વસઈ થઈને વટ પત્તન (વડોદરા) પધાર્યા.

**વડોદરા (વટપતન) :** (૧) શિખરબધ્ધ મંદિર પૂર્વદ્વારે, મધ્ય સિંહાસનની અંદર હરિકૃષ્ણ નારાયણ (પંચધાતુના), લક્ષ્મીજી, ઉત્તર સિંહાસનમાં સુખ શય્યા. દક્ષિણ સિંહાસનમાં રણછોડરાયજી શ્યામ, શ્રીકૃષ્ણ શ્યામ અને રાધિકાજી શ્વેત મંદિરના ચોકમાં ગણપતિ તથા શંકર પ્રસાદીના છે. (૨) નાથભક્તનું ઘર હતું ત્યાં છત્રી, (૩) ગામમાં અગ્નિકોણે ઢુંઢીરાજ નામના ગણપતિ પ્રસાદીના છે. (૪) વિઠ્ઠબાનું મંદિર જ્યાં સભા થઈ હતી. (૫) સરસીયું તળાવ, સયાજીરાવનો દરબાર, ગામની પૂર્વે તળાવ જેનું પાણી ગોપાળાનંદ સ્વામીની લાકડીથી શોષાઈ ગયું હતું.

## વડોદરામાં વણિક્ના ઘરમાં દાટેલી લક્ષ્મીનારાયણની મૂર્તિનો ઇતિહાસ

વડોદરા શહેરની વચ્ચે માંડવીનો ચોક છે. આ ચોકમાં સોળ સ્તંભ છે. તેને એક મોટો દરવાજો છે. નીલકંઠ વડોદરા પધાર્યા ત્યારે માંડવીના દરવાજા નીચે ઉતારો કર્યો. સાંજ પડી ગઈ હતી. સાંજના આછા અજવાળામાં નીલકંઠની પ્રતિભાથી આકર્ષાઈને લોકોની ભીડ થવા માંડી. લોકો જિજ્ઞાસાથી પૂછપરછ કરવા લાગ્યા.  એટલામાં સામેની દુકાનમાંથી **અમીચંદ** નામનો વણિક વેપારી બહાર આવ્યો. તેના હાથમાં ફાનસ હતી. ટોળાં વચ્ચે થઈને તે નીલકંઠવર્ણીની પાસે પહોંચ્યો. ફાનસના અજવાળે તેને નીલકંઠવર્ણીનું મુખારવિંદ જોયુ.... અમીચંદને લાગ્યું કે આ કોઈ મહાપુરુષ છે. આ લોકનો કોઈ માણસ નથી. તેને નીલકંઠવર્ણીને હાથ જોડીને ભોજન માટે પૂછ્યું. નીલકંઠે જે તૈયાર હોય તે લાવવા કહ્યું. તે દોડતો ઘરે ગયો. ઘરે પત્નીને પૂછ્યું તો તેને ખીચડી તૈયાર છે. તેમ કહ્યું. તેણે પત્નીને કહ્યું : 'બહાર મોટા જોગી આવ્યા છે. તેમને જમાડવા છે.'

અમીચંદની પત્નીએ પણ નીલકંઠના દર્શન કર્યાં હતાં. દર્શન માત્રથી તેને શાંતિ થઈ ગઈ હતી. આથી તેણે ખૂબ ભાવપૂર્વક થાળી તૈયાર કરી આપી. અમીચંદ નીલકંઠ માટે ઘી અને ખીચડીની થાળી લઈ આવ્યો. નીલકંઠ બે કોળિયા જમ્યા. બાકીનું પાછું આપી દીધું. અમીચંદ પ્રસાદી લઈને ઘરે ગયો. તેની પત્ની એ પ્રસાદની ખીચડી જમી ગઈ. આ પ્રસાદ માત્રથી તેના અંતરની પ્રબળ વાસના મટી

ગઈ અને દિવ્યશાંતિનો અનુભવ તે કરવા લાગી. તેણે પોતાના પતિને આ વાત કરી. અને બીજે દિવસે વર્ણીને પકવાન જમાડવા પોતાના ઘરે લઈ આવવા કહ્યું.

વહેલી સવારે અમીચંદ નીલકંઠ પાસે આવ્યો ત્યારે નીલકંઠ તો નીકળવાની તૈયારી કરી રહ્યા હતા. અમીચંદે પોતાના ઘરે ભોજન કર્યા પછી જ જવા માટે ખૂબ આગ્રહ કર્યો. પરંતુ નીલકંઠે કહ્યું : તારી પાસેથી મારે સેવા લેવી છે. તે ભવિષ્યમાં લઈશ. ત્યારે અમીચંદ હાથ જોડીને કહ્યું : પણ મારા દેહનો શો ભરોસો ? નીલકંઠે કહ્યું : 'તારો દેહ ત્યાં સુધી રાખવો તે મારા હાથમાં છે.' એમ કહીને હસતાં હસતાં નીલકંઠે કહ્યું. તારા ઘરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિ પૃથ્વીમાં દાટેલી પડી છે. તે મૂર્તિ હું મારા સાધુને મોકલીને મંગાવી લઈશ. અમીચંદને આ સાંભળીને અત્યંત આશ્ચર્ય થયું તેના ઘરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિ તેના પિતાએ ભૂગર્ભમાં દાટી હતી. તે તેના સિવાય બીજું કોઈ જાણતું નહોતું. ચરણોમાં તે ઝુકી પડ્યો. નીલકંઠ આશીર્વાદ આપીને આગળ ચાલી નીકળ્યા. નીલકંઠે ભવિષ્યવાણી કર્યા મુજબ આ મૂર્તિઓ વરતાલમાં મંદિર થયું ત્યારે પોતે સંતોને મોકલીને મંગાવી હતી. અને વરતાલ મંદિરના મધ્યસિંહાસનની અંદર લક્ષ્મીનારાયણની મૂર્તિની સ્થાપના કરી હતી.

ગામ વડોદરામાં નીલકંઠવર્ણી વનમાંથી ફરતા ફરતા પ્રથમ આવેલા ત્યારે માંડવી નીચે બેઠેલા હતા. તે અવસરમાં ત્રણ બાઈઓ પાણીનાં બેડાં માથે હતાં ને વાતો કરતાં કરતાં જતાં હતાં. તેમાંથી **સદાબા** પોતાની સખીઓને કહેતાં હતાં કે, "મારા પેટમાં ગર્ભ છે. મને ભગવાન પુત્ર આપે તો મારા મનમાં ઘણો આનંદ થાય." આ વાત સાંભળીને માંડવી નીચે બેઠેલા શ્રી નીલકંઠવર્ણીએ ત્રણ બાઈઓ પાસે જઈને કહે છે કે, "તમે શી વાતો કરો છો ?" ત્યારે બાઈઓ કહે કે, કાંઈ નહિ બાવાજી ! ત્યારે નીલકંઠવર્ણી કહે કે, તમોને ભગવાન મારા આશીર્વાદથી છોકરો (પુત્ર) આપે તો તે પુત્ર મને આપો તો હું આશીર્વાદ આપું. જેથી તમારે પુત્ર થાય. ત્યારે ત્રણેય બાઈઓએ વિચાર કર્યો કે આ રમતા જોગી બાવાજીને હા પાડી દો. જો તેમના આશીર્વાદથી તમારે છોકરો થતો હોય તો પછી તે બાવાજી ક્યાં લેવા આવવાના છે. આવો સંકલ્પ કરીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને કહે કે જો તમારા આશીર્વાદથી સદાબાને છોકરો થશે તો તમોને આપીશું. આવું બાઈઓનું વચન સાંભળીને શ્રી નીલકંઠે આશીર્વાદ આપ્યો જે અમારા આશીર્વાદથી તમને જરૂર છોકરો થશે. પણ તે છોકરાનું નામ **'જગન્નાથ'** એવું નામ પાડજો. આવો નીલકંઠ બ્રહ્મચારીએ આશીર્વાદ આપ્યો.

તેથી સદાબાને નવ માસ પૂરા થતાં પુત્રનો જન્મ થયો. તે બ્રહ્મચારી ના કહેવા પ્રમાણે. પોતાના પુત્રનું "જગન્નાથ" એવું નામ પાડ્યું. અને તે શ્રીજી મહારાજના આશીર્વાદથી ઉત્પન્ન થયેલો છોકરો ભણીને વિદ્વાન થયો ને જ્યારે સ્વામિનારાયણ ભગવાન ડભાણમાં યજ્ઞ કરવા પધાર્યા ત્યારે સદાબા પોતાના છોકરાએ સહિત શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યાં. ત્યારે છેટેથી શ્રીજીનાં દર્શન કરતાં તે બાઈને શ્રીજીમહારાજ કહે, "હે સદાબા ! સુખી છો ને?..." આવું વચન સાંભળીને શ્રીજીમહારાજ કહે કે મહારાજ મને તમે ક્યાંથી ઓળખો? મેં તો આજે જ આપનાં દર્શન કર્યાં છે. ત્યારે શ્રીજીમહારાજ ઉપરની બધી વાત વડોદરાની કહીને કહ્યું કે, "અમારા આશીર્વાદથી થયેલો તમારો પુત્ર જગન્નાથ ખુશી છે ને ?" જેથી પોતાની સંગાથે લાવેલ પોતાના પુત્રને પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પગે લગાડ્યો. પછી શ્રીજી મહારાજ કહે કે સદાબા તમારો પુત્ર અમને આપો. તમોએ વડોદરામાં અમારી આગળ પ્રતિજ્ઞા કરી છે. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને ઉત્સાહે સહિત સદાબાએ 'જગન્નાથ' નામવાળા પુત્રને કંકુનો ચાંદલો કરીને શ્રી સહજાનંદસ્વામીને અર્પણ કર્યો. પછી શ્રીજીમહારાજ ડભાણનો યજ્ઞ પુરો કરીને ગઢપુર પધાર્યા અને થોડા દિવસમાં જગન્નાથભાઈને સાધુ કર્યા ને મુક્તાનંદ સ્વામી પાસે નામ પડાવવા મોકલ્યા ત્યારે મુક્તાનંદસ્વામીએ તેમનું **શુકાનંદસ્વામી** એવું નામ પાડ્યું. તે જગન્નાથભાઈનું **શુકાનંદસ્વામી** નામ સાંભળીને શ્રી સ્વામિનારાયણ ભગવાન કહેતા હતા કે મુક્તાનંદ સ્વામી પણ જાણતા લાગે છે કે આ પૂર્વજન્મમાં **શુકદેવજી** હતા તેથી તેમનું નામ શુકાનંદસ્વામી પાડતા હતા. આ લીલા ચારધામના પુસ્તકમાંથી લેવામાં આવી છે. લેખક : ધર્મજીવનદાસ સ્વામી, ભુજમંદિર.

## મહી નદી (નાવલી ગામ)

શ્રીહરિ વડોદરાની ખીણનો રસ્તો ઉતરી મહી નદીના કિનારે આવ્યા. શ્રીહરિ મહિ નદીના નિર્મળ જળમાં સ્નાન કરી નદીના કિનારા ઉપર રેતીમાં પોતાનો નિત્યક્રમ પતાવી ધ્યાનમાં બેઠા હતા. તે વખતે અદ્‌ભુત યોગ થયો. સામેના કાંઠા ઉપર (ઉત્તર દિશામાં) નાવલી ગામના પાટીદાર લાલદાસ મહી નદીના ઉત્તર તરફને કિનારે બ્રહ્મભોજન (બ્રાહ્મણોની ચોરાસી) કરાવતા હતા. નાવલી ગામના લાલદાસને ખેતી અને ઘીના વેપારમાં સારો નફો થયો એટલે બ્રહ્મભોજન કરાવવાનો વિચાર કર્યો. આ લાલદાસ દૈવી જીવ હતા. એટલે તેમના

મનમાં બ્રહ્મભોજન કરાવવાનો વિચાર આવ્યો માટે ભગવાને આપ્યું હોય તો કંઈક સત્કર્મ કરવું જોઈએ. મહી નદીના ઉત્તર કિનારા ઉપર લાલદાસ બ્રાહ્મણો પાસે રસોઈ કરાવીને બ્રાહ્મણોની ચોરાસી કરાવતા હતા. તે વખતે નીલકંઠવર્ણી ત્યાં આવ્યા. એટલે લાલદાસે નીલકંઠ બ્રહ્મચારીને હાથ જોડીને નમસ્કાર કર્યા. તેમને શ્રીહરિના દર્શન કરતાં. મનમાં પરમ શાંતિ થઈ. નીલકંઠવર્ણીની મનોહરમૂર્તિના દર્શન કરતાં. તેમને મનમાં થયું કે આ બાલબ્રહ્મચારી કોઈ ઈશ્વરનો અવતાર છે. કારણ કે તેમના શરીર પર તપનું તેજ હતું. લાલદાસે નીલકંઠને હાથ જોડીને કહ્યું કે હે પ્રભુ તમે ભલે પધાર્યા. આ બ્રાહ્મણોની ચોરાસીમાં આપ જમવા પધારો. કારણ તમે આજે અમને તમારી સેવા કરવાનો અવસર આપ્યો છે. હે પ્રભુ ! અમારું કલ્યાણ કરવા માટે તમે આ બ્રહ્મભોજનમાં પધારો. હે પ્રભુ ! અમારા અહો ભાગ્ય કે આજે વગર આમંત્રણે પધાર્યા. હે પ્રભુ લાખો કલ્પ સુધી તપ કે યજ્ઞ કરવા છતાં તમારો યોગમુનિઓને મળતો નથી. આજે તમે સામેથી અમારા બ્રહ્મભોજનમાં પધાર્યા. આનાથી અમારા અહો ભાગ્ય કેવાં ? પછી લાલદાસ બાલ બ્રહ્મચારીને લઈને જ્યાં બ્રાહ્મણોની પંક્તિ પડી હતી. ત્યાં લઈને આવ્યા અને નીલકંઠને જમવા માટે આસન આપ્યું. એ જ વખતે બધા બ્રાહ્મણો નીલકંઠના દર્શન કરીને મનમાં એમ થતું કે આજે સ્વયં શિવ આપણા બ્રહ્મભોજનમાં પધાર્યા છે. પછી શ્રીહરિએ બ્રાહ્મણો સાથે ભોજન કર્યું. ભોજન કરી રહ્યા પછી કોઈ બ્રાહ્મણે વાત કરી હશે કે હે પ્રભુ આ લાલદાસ ખૂબ સેવાભાવી માણસ છે. પણ તેને કોઈ સંતાન નથી માટે હે પ્રભુ તમે તેમને આશીર્વાદ આપો. ત્યારે નીલકંઠવર્ણીએ જમ્યા પછી એ લાલદાસને આશીર્વાદ આપતાં કહ્યું કે તમારે ત્યાં એક પવિત્ર મુમુક્ષુ જીવ જન્મ ધારણ કરશે. એ નીલકંઠ વર્ણીના આશીર્વાદથી લાલદાસને ત્યાં **કસિયાભાઈ**નો જન્મ થયો.

આ કસિયાભાઈ પર્વતભાઈ જેવા નિષ્ઠાવાન અને સેવાભાવી પરમભક્ત બન્યા. આ કસિયાભાઈ સાધુઓના દર્શન કરવાં અને માંદા સાધુઓની સેવા કરતા. મંદિરનો ચોક વાળવો વગેરે સેવા કરતાં. આ કસિયાભાઈએ એક વખત નાવલીમાં મોટા મોટા સંતો તથા રઘુવીરજી મહારાજ તેડાવી મોટો ઉત્સવ કર્યો એ ઉત્સવનો તમામ ખર્ચો કસિયાભાઈનો હતો. એ જ વખતે કસિયાભાઈ પોતાની મિલ્કતમાંથી પોતાની પત્નીની આજીવિકા માટે થોડો ભાગ રાખીને બાકીનો ભાગ રઘુવીરજી મહારાજને સમર્પિત કરી દીધો હતો. આ કસિયાભાઈના પત્ની **હેતબાઈ** પણ પરમભક્ત હતા. પાછળથી હેતબાઈ પોતાના ઘરેણાં ભક્તિમાતાને

અર્પણ કરી દીધા હતા. આ રીતે બંને જણા જીવન જીવીને બંને જણ ભગવાનના ધામમાં ગયા.

## બામણગામ

શ્રીહરિ મંદિર ગામથી દક્ષિણે, કૂવો તથા ઓટો છે. ત્યાંથી આગળ મહી નદી પ્રસાદીની છે.

બામણ ગામમાં નારુજી કરીને ગરાસીયા હતા. તે શ્રીજીમહારાજ સાથે ગામેગામ ફરતા હતા. પણ શ્રીજીમહારાજને પોતાને ઘેર કોઈ દિવસ પધરાવ્યા નહિ, સંતને જમાડ્યા નહિ, મહારાજને જમાડ્યા નહિ. પછી તેણે દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેને તેડવા સારું પધાર્યા અને સૌની આગળ નારુજી બોલ્યા જે શ્રીજીમહારાજ તેડવા પધાર્યા છે. તેમની સાથે હું ધામમાં જાઉં છું. પછી શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા અને ત્યાં સંતની તથા પાર્ષદની પંક્તિ કરી અને ઝીણાભાઈ વચ્ચેને દાદાખાચર વચ્ચે નારુજીને બેસાડ્યા. પછી મહારાજે નારુજીનું ભાણું ટાળીને બીજાને પીરસ્યું અને હરે કર્યાં. પછી નારુજ બોલ્યા જે મહારાજ મારા ભાણામાં પીરસ્યું નથી. મહારાજ કહે જે તપાસ કર્યે જે તેં તારે ઘેર કોઈ દિવસ સંતની પંક્તિ કરી છે ? અને નારુજીને ભૂખ પણ બરાબર લાગેલી હતી.

પછી શ્રીજીમહારાજને કહ્યું જે મને ઝટ દેહમાં મેલો. અહિયાં (પૃથ્વી) ઉપર શબ બાંધતા હતા તેટલામાં નારુજીનું શરીર સચેત થયું (સજીવન) પછી શબને છોડી નાખ્યું અને ઘેર લઈ ગયા. બીજે દિવસે બેય આચાર્યને તેડાવવા કાગળ લખીને માણસ મોકલ્યું એટલે અયોધ્યાપ્રસાદજી મહારાજ એકસો માણસો સાથે લઈને બામણ ગામ પધાર્યા અને રઘુવીરજી મહારાજ પણ પધાર્યા. ત્યાં આઠ દિવસ સુખી રાખ્યા અને પછી છેલ્લે દિવસે પૂજા કરી આરતી ઉતારીને સંતને વસ્ત્ર ઓઢાડીને પોતે હાથ જોડીને વિનંતી કરીકે, મહારાજ મને અક્ષરધામમાં લઈ ગયા હતા. અને ત્યાં મને આવી રીતે દેખાડ્યું. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજને તથા રઘુવીરજી મહારાજને વિનંતી કરી કે તમે બંને ભગવાનના પુત્ર છે. તે મારી ઉપર રાજી થાઓ અને મહારાજ મને અક્ષરધામમાં તેડી જાય. પછી આચાર્ય મહારાજે કહ્યું કે સુખેથી અક્ષરધામમાં તેડી જશે. પછી થોડા દિવસ કેડે તેણે દેહ મેલ્યો ત્યારે શ્રીજી મહારાજ તેમને ધામમાં તેડી ગયા.

**નોંધ :** આ લીલા ચારધામ પુસ્તકમાંથી લીધી. લેખક : ધર્મજીવનદાસ સ્વામી, ભૂજ મંદિર.

શ્રીહરિ નાવલી ગામથી બામણગામ પધાર્યા. ત્યારે ગામની ભાગોળે ખોડા પંડયા નામે ભક્ત મળ્યા. તે મહાદેવજીનો અભિષેક કરવા લોટામાં દૂધ લઈને જતાં હતાં અને રસ્તામાં નીલકંઠ બ્રહ્મચારીનાં દર્શન થયાં તેમને નીલકંઠના દર્શનમાં શિવનાં દર્શન થયા અને મનમાં એમ થયું બાલસ્વરૂપ સ્વયં શિવ સામે આવ્યા છે. એટલે તેમને વર્ણીના ચરણોમાં અભિષેક કર્યો અને વિનંતી કરીને કહ્યું કે હું બ્રાહ્મણ છું. માટે હે પ્રભુ ! મારે ઘેર જમવા પધારો. તેનો ભાવ જોઈને શ્રીહરિ તેને ઘેર ભોજન કરવા ગયા. ખોડાભાઈ અને તેમની પત્નીએ પ્રેમથી શ્રીહરિને જમાડ્યા. શ્રીહરિ ભોજન કરીને ત્યાંથી આણંદ ગામ પધાર્યા. ત્યાંથી ડાકોર પધાર્યા. શ્રીહરિ **આણંદ** થી **ડાકોર** પધાર્યા. ડાકોરમાં શ્રી રણછોડજીનાં દર્શન કરી ગોમતીજીમાં સ્નાન કરી ત્યાં ચાલ્યા તે **ઉમરેઠ** ગામ આવ્યા. ત્યાં જાગનાથ મહાદેવના મંદિરમાં રાત રહ્યાં. ત્યાં રૂપરામ ને નરભેરામ નામના બે વિપ્રો આવ્યા. તેમણે શ્રીહરિને જમવાનું પૂછ્યું ત્યારે વર્ણીએ કહ્યું. આજે તો એકાદશી છે. માટે કાંઈ ફળાહાર હોય તો લાવો. નહીં તો ચાલશે. પછી તેઓ ફળાહાર લાવ્યા તે ફળાહાર કરીને ચાલ્યા તે **ભાલેજ** થઈને વરતાલ આવ્યા.

## વરતાલ

નીલકંઠવર્ણી વરતાલમાં ઘેલા હનુમાનજી પાસે એક તળાવમાં સ્નાન કરી પશ્ચિમ દિશામાં ઘેલા હનુમાનજીના આગળ એક ઓટા ઉપર પોતાનો નિત્યક્રમ પતાવીને બેઠા હતા. તે વખતે જોબનપગી ત્યાં આવ્યો. આ જોબનપગી નિષ્ઠુર અને નિર્દય હતો પણ નીલકંઠવર્ણીના દૂરથી દર્શન થતાં દિલમાં શાંતિ થઈ અને જાણે સૂર્યદેવ બ્રહ્મચારીરૂપે આવ્યા છે. જોબનપગી હાથ જોડીને નીલકંઠવર્ણી પાસે આવ્યો ત્યારે શ્રીહરિએ કહ્યું કે આવો જોબન. ત્યારે જોબનના મનમાં થયું કે મારું નામ આ બ્રહ્મચારીને ક્યાંથી ખબર ત્યારે જોબન શ્રીહરિને પગે લાગીને કહ્યું કે હે બ્રહ્મચારી ! અમારે ઘેર જમવા પધારો ત્યારે નીલવર્ણી તે જીવનું સારું કરવા અને બીજબળ વધારવા માટે તેના ઘરેગયા. જોબને નીલકંઠવર્ણીને સીધું આપ્યું અને નીલકંઠવર્ણી બાટી બનાવી જમ્યા. પછી જોબનપગીએ બે હાથ જોડીને કહ્યું કે હે પ્રભુ હું ઘણો પાપી અને નિષ્ઠુર, નિર્દય છું પણ તમારા જેવા સાધુ સંતોમાં હેતવાળો છું. પ્રભુએ તેના સામે દૃષ્ટિ કરી તો તેના હૃદયના તમામ સંકલ્પો નાશ પામી ગયા. પછી શ્રીહરિને રહેવા ઘણી વિનંતી કરી ત્યારે વર્ણીએ કહ્યું કે અમે તીર્થ કરવા નીકળ્યા છીએ. પછી ફરીથી આવીશ ત્યારે તમારે ઘરે રહીશું. એ

વખતે જોબન પગીનો ભાઈ દેવકરણપગી આવ્યો ને શ્રીહરિને વિનંતી કરીને કહ્યું કે હે પ્રભુ મારે ઘેર પધારો ત્યારે શ્રીહરિ તેના ઘેર પધાર્યા અને એકાંતમાં તેનું ઘર હોવાથી શ્રીહરિ દેવકરણપગીના ઘરે એક રાત રહ્યાં.

## બોચાસણ ગામ

નીલકંઠવર્ણી વરતાલથી બોચાસણ ગામમાં પધાર્યા. નીલકંઠવર્ણીને આ ગામ ખૂબ રળિયામણું લાગ્યું. શ્રીહરિ ગામની ભાગોળે તળાવની પાળ ઉપર એક વડની નીચે બિરાજ્યા. પછી શ્રીહરિ તળાવમાં સ્નાન કરી વડની નીચે પોતાનો નિત્યક્રમ કરીને બેઠા હતા. એટલામાં ગામની સ્ત્રીઓ તળાવે પાણી ભરવા આવી એટલે શ્રીહરિ તે તળાવની પાળે બાવાજીના મઠમાં ઉતર્યા. મઠમાં રામજીમંદિર હતું. મંદિરના બાવાજી નરસિંહદાસે નીલકંઠની તેજસ્વી મૂર્તિના દર્શન કરીને તેમને આવકાર્યા. નીલકંઠે મંદિરમાં રામ, લક્ષ્મણ અને સીતાજીની મૂર્તિઓના દર્શન કર્યા. પછી બાવાજીને પૂછ્યું કે આ ગામમાં માણસોની ભીડ શાની છે. ત્યારે બાવાજીએ કહ્યું કે આજે ગામના મુખી કાનદાસ પટેલ બ્રાહ્મણોની ચોરાસી કરાવે છે.

કાનદાસ પટેલ દરરોજ રામજી મંદિરમાં દર્શન ને આરતી કરવા જતા હતા. એટલે તેમને બાવાજીને કહી રાખ્યું હતું કે આ મંદિરમાં કોઈ સાધુ-સંત કે કોઈ વૈરાગી બાવા આવે ત્યારે અમને જાણ કરવી. તો અમને તેમની સેવા અને દર્શનનો લાભ મળે. એટલે બાવાજીએ કાનદાસને કહેવરાવ્યું કે આજે આપણા મંદિરમાં એક બાલબ્રહ્મચારી પધારેલા છે. આપણા અહોભાગ્ય. એમ કહી પોતાના પુત્ર કાશીદાસને નીલકંઠને બોલાવવા માટે મોકલ્યો.

કાશીદાસ રામજી મંદિરમાં આવ્યા ત્યારે શ્રીહરી ડાબા પગ ઉપર જમણો પગ ચડાવી નીલકંઠવર્ણી ધ્યાનમગ્ન બેઠા હતા. કાશીદાસ તો નીલકંઠવર્ણીની તેજોમય મૂર્તિ જોઈને ત્યાં ને ત્યાં જ સ્થિર થઈ ગયા. નીલકંઠવર્ણીના શરીરમાંથી કોટિ સૂર્ય કરતાં પણ અધિક તેજ જણાવા લાગ્યું. થોડીવાર પછી નીલકંઠે આંખ ખોલી. કાશીદાસ નીલકંઠ પાસે આવ્યા. નીલકંઠને પગે લાગીને કાશીદાસે નીલકંઠવર્ણીને પ્રાર્થના કરી, હે પ્રભુ ! હે બ્રહ્મચારી ! આપ મારે ઘરે બ્રહ્મભોજન કરવા માટે પધારો. કાશીદાસનો ભાવ અને પ્રેમ તેમની પ્રાર્થનાથી નીલકંઠ પ્રભુ કાનદાસ પટેલના ઘરે પધાર્યા. કાશીદાસે ઓસરીમાં આસન આપીને બિરાજમાન કર્યા. નીલકંઠવર્ણીને જોઈ કાશીદાસના વૃદ્ધ માતૃશ્રી નાનીબા તો બહુ રાજી થઈ

ગયા. તેમને લાગ્યું કે આ બ્રહ્મતેજ છે. તે કોઈ દિવ્ય લોકમાં, દિવ્ય પુરુષના દર્શન કરી રહ્યા છે. એટલામાં વર્ણીએ સામેથી માજીને નમો નારાયણ કહ્યાં.

તે વખતે ત્યાં બ્રાહ્મણોની જમવા સારું પંક્તિ થયેલી હતી. પછી કાનદાસે કહ્યું કે, હે મહારાજ ! આપ જમવા પધારો. પછી મહારાજ તથા મંદિરના બાવાજી નરસિંહદાસ બન્ને જણ જમવા બેઠા. ત્યારે પતરાવળીમાં બે લાડુ તથા ભાત પીરસ્યા. તેમાંના એક લાડુને થોડીક કોર ભાંગીને મહારાજ પોતાના મુખમાં મુકીને બેસી રહ્યા. તે વખતે કાનદાસની મા નાનીબા બહાર ઓસરીમાં આવ્યા ને જોયું તો તેમને મહારાજ ઉપર અતિશય હેત આવી ગયું એટલે પગે લાગીને બોલ્યાં જે હે મહારાજ ! જમતાં કેમ નથી ? ત્યારે મહારાજ કહે અમને દૂધ આપો. તો જમીએ તે વખતે બપોરના બે વાગ્યાનો સમય હતો. એટલે નાનીબા વિચારમાં પડી ગયા. ગાય દોહવાનો સમય નથી. તો ગાય કેમ દૂધ દોવા દેશે ? ત્યારે મહારાજ બોલ્યા કે અમે કહીએ છીએ એટલે ગાય દૂધ દોવા દેશે અને દોવાની તાંસળી મારી પાસે લાવો. પછી નાનીબા તાંસળી પ્રભુ પાસે લાવ્યા અને પ્રભુએ તે તાંસળીને સ્પર્શ કર્યો અને નાનીબાને કહ્યું હવે ગાય દોવો. પછી નાનીબા પ્રભુના વચનમાં વિશ્વાસ રાખીને ગાય દોવા બેઠાં ત્યારે મહારાજની ઈચ્છાથી તે ગાયે દોવા દીધું તે લાવીને મહારાજને પાત્રમાં આપ્યું. ત્યારે મહારાજને દૂધ, સાકર અને ભાત જમ્યા. પછી ચળું કરીને બોલ્યા જે અરે કાનદાસ પટેલ તમારા પરિવારમાં ભગવાનનાં ભક્ત થશે એમ આશીર્વાદ આપ્યો.

પછી નાનીબાએ કહ્યું કે મહારાજ ! તમે હવે અમારા ઘરે જ રહો. નીલકંઠે કહ્યું. મા, અમે અહીં ફરી આવીશું. ઘણીવાર આવીશું. એ વખતે તમારે ત્યાં ઘર કરીને રહીશું. અમારે હજુ ઘણા કામ કરવાનાં છે. તેથી અમે જઈશું. આપના પુત્ર અને આપનું કુટુંબ મહાન ભાગ્યશાળી થશે. આખું કુટુંબ ભક્ત બનશે. અમારી ભક્તિ કરશે. એવી આશિષ આપીને નીલકંઠવર્ણી તથા બાવાજી રામજીમંદિરે આવ્યા.

નાનીબાને નીલકંઠવર્ણીની મૂર્તિ અંતરમાં ઊતરી ગઈ હોવાથી નીલકંઠવર્ણીની મૂર્તિનું સતત સ્મરણ રહેતું. બ્રહ્મ ભોજનના પ્રસંગ પતી ગયા પછી રાતે નાનીબાને આખી રાત નીલકંઠવર્ણીની મૂર્તિનું સ્મરણ થતાં નાનીબાના મનમાં થયું કે આજે નીલકંઠવર્ણી કંઈ જમ્યા નથી. પણ કાલે સવારે નીલકંઠવર્ણીને તેમની રૂચિ પ્રમાણે જમાડવા સંકલ્પ કર્યો સવાર થતાં કાશીદાસને નીલકંઠવર્ણીને બોલાવવા માટે મોકલ્યા પરંતુ શ્રીહરિ તો વહેલા સવારમાં ત્યાંથી ચાલી નીકળ્યા.

કાશીદાસ નિરાશ થઈને ઘરે ગયા તો સ્વયં નાનીબા રામજી મંદિરમાં આવ્યા. તપાસ કરી તો વર્ણી નીકળી ગયા તેમને ખૂબ દુઃખ થયું પણ નવેરીમાં રેતીની અંદર વર્ણીના ચરણારવિંદના દર્શન થયાં. અને તેમને આકાશવાણી થઈ કે નાનીબા નિરાશ થશો નહિ. અમે તમારે ઘરે ફરીથી આવીશું. તેથી નાનીબા ખૂબ રાજી થયાં.

**દેવાણ :** દેવાણ ગામમાં શ્રીહરિ પધાર્યા. ત્યાંના રાજા બાદરસિંહજીને કહ્યું કે તમને રાજા કોણે બનાવ્યા છે. ત્યારે રાજાએ વિનયપૂર્વક કહ્યું કે હે પ્રભુ ! તમે અમને રાજા બનાવ્યા છે. બાદરસિંહજીને કહ્યું કે ધર્મમાં રહીને રાજ્ય કરજો એવો ઉપદેશ આપી બાદરસિંહજી દરબારના ઉપર કૃપા કરી તેને ત્યાં રાત રોકાઈ ચાલ્યા તે ખંભાત પધાર્યા.

**ખંભાત :** ખંભાતમાં હરિદાસના અખાડે ઉતર્યા ત્યાં હરિદાસની સાથે શ્રીહરિએ ઉપવાસ કર્યો. બીજે દિવસે નારેશ્વરમાં સ્નાન કરીને ત્યાંથી શ્રીહરિ ભક્તોના કાર્યો કરવાની ઇચ્છાથી ઉત્તર દિશા તરફ ચાલ્યા તે ફરતા ફરતા જેતલપુર નામના ગામમાં પધાર્યા.

## જેતલપુર

શ્રી નીલકંઠવર્ણી ફરતા ફરતા જેતલપુર ગામમાં પધાર્યા. ત્યાં દેવસરોવરના કિનારા ઉપર મોટો કિલ્લો છે. તેના દરવાજા પાસે રસ્તા ઉપર મોટી સુંદર વાવ હતી. તેમાં સ્નાન કરી તેના કાંઠા ઉપર બિરાજી નિત્યવિધિ કરવા લાગ્યા. જેતલપુર ગામમાં રામાનંદ સ્વામીના શિષ્ય ગંગાબા હતા. તે ગંગાબા રામાનંદ સ્વામીને ભગવાન માનતા અને કૃષ્ણ ભક્તિ કરતા. અને તેમની વૃત્તિ રામાનંદ સ્વામી સિવાય બીજે ક્યાંય ખેંચાય તેમ ન હતી. આ ગંગાબા જ્યારથી રામાનંદસ્વામીના શિષ્ય બન્યા ત્યારથી તેમને સાધુ-સંત કે કોઈ વૈરાગીને જમાડીને જમવાનો નિયમ હતો. શ્રીનીલકંઠવર્ણી જ્યારે જેતલપુર પધાર્યા તે દિવસે ગંગાબા ને સાધુ-સંત કે વૈરાગી કોઈ મળ્યા નહિ તેમને જેતલપુરની ચારેબાજુ શોધખોળ કરી પણ તેમને કોઈ મળ્યું નહિ. થાકી દેવસરોવર ઉપર પાણી ભરવા આવ્યા ને ત્યાં આ નીલકંઠ બ્રહ્મચારીને સરોવરની પાળે બેઠેલા જોયા.

સૌ પ્રથમ ગંગાબા આ બાલુડા નીલકંઠ બ્રહ્મચારીની મૂર્તિ જોઈને વિસ્મય પામીને મનમાં વિચાર કરવા લાગ્યા કે આવી મનોહર અને તેજોમય મૂર્તિ ક્યાંય જોઈ નથી અને તેમની વૃત્તિ રામાનંદ સ્વામી સિવાય ક્યાંય ખેંચાય નહિ પણ

આજે આ બાલુડા બ્રહ્મચારીમાં તેમની વૃત્તિ ખેંચાવા લાગી. ગંગામાં તો બે હાથ જોડીને કહ્યું કે હે બ્રહ્મચારી મારે ઘરે જમવા પધારો ત્યારે નીલકંઠ કહે અમને જમાડવા હોય તો અમને તેડીને લઈ જાઓ. ત્યારે ગંગામાં કહે આ તો બ્રહ્મચારી હઠીલા છે. પણ આજે તો મારે જરૂર છે. એટલે તેડીને લઈ જવા પડે છે. શ્રીહરિ મંદ મંદ હસ્યા કરે છે.

ગંગાબા નીલકંઠ બ્રહ્મચારીને તેડીને પોતાના ઘરે લઈ ગયા. અને તેને સ્નાન કરાવીને પીળું પીતાંબર ધારણ કરાવ્યું. પછી નીલકંઠને જમવા આસન આપીને બીજા બાજોઠ ઉપર થાળ પીરસ્યો. ત્યારે નીલકંઠ કંઈ જમ્યા વગર બેસી રહ્યા. ત્યારે નીલકંઠને કહ્યું કે તમો જમો. ત્યારે નીલકંઠ કહે ગંગાબા અમને દીકરો કહીને જમાડો તો જમીએ. ત્યારે ગંગાબા નીલકંઠને કહે છે. આવી બાળહઠ ન કરો ત્યારે નીલકંઠ કહે તમે અમને દીકરો કહીને નહીં જમાડો તો અમે જમીશું નહિ. છેવટે ગંગાબા થાકીને નીલકંઠને કહે છે હે મારા દીકરા કહીને જમાડે છે. પ્રભુ ગંગાબાના શબ્દોમાં ભાવ અને હેત જોઈને પ્રેમથી જમે છે. ગંગાબા આજે દીકરાને ખૂબ ભાવથી જમાડે છે. અને એ નીલકંઠની મૂર્તિ પોતાના અંતરમાં બેસાડે છે.

એ જ વખતે અમદાવાદ રામાનંદ સ્વામી આવ્યા હતા. રામાનંદ સ્વામીએ પોતાના શિષ્ય જેતલપુર મોકલીને ગંગાબાને દર્શન કરવા બોલાવ્યા. ગંગાબા ગુરુનું વચન સાંભળીને તેમના દર્શન કરવા અમદાવાદ જવાનો વિચાર કર્યો પણ આ નીલકંઠને એકલા મૂકી જવાય નહિ. એટલે ગંગાબાએ નીલકંઠને કહ્યું કે હું તળાવે પાણી ભરીને આવું એમ કહીને પોતાના ઘરને લોક મારીને પોતાની પાસે ચાવી રાખીને અમદાવાદ જવા નીકળી ગયા અને નીલકંઠ ને જમવા માટે થાળ તૈયાર કરીને ગયા. નીલકંઠ થાળ જમીને ગંગાબાના ઘરમાંથી અદશ્યરૂપે નીકળી ગયા. ગંગાબા રામાનંદ સ્વામીના દર્શન કરવા અમદાવાદ આવ્યા. રામાનંદ સ્વામીના દર્શન કર્યા અને કહ્યું કે હે ગુરુ ! આજે મારે રોકાવાય તેવું નથી. કારણ કે મારે ઘરે એક બાલુડા નાના નીલકંઠ બ્રહ્મચારી આવ્યા છે. ત્યારે રામાનંદ સ્વામીએ ધ્યાનમાં જોયું તો નીલકંઠ સ્વરૂપે સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે. તેમને ગંગાબાને કહ્યું કે તમે જલદી પાછા જાઓ અને નીલકંઠ બ્રહ્મચારીને રોકી તેમની ખૂબ સેવા કરજો. કારણ કે સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે. ત્યારે ગંગાબાને યાદ આવ્યું કે જ્યારે તેમના પતિ વિશ્વનાથ ભટ્ટ મૃત્યુ પામ્યા તેમની પાછળ ગંગાબા સતી થવા તૈયાર થયા ત્યારે સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું હતું કે

હું તમારા ઘરે દીકરો થઈને આવીશ. એવું વચન આપ્યું હતું. માટે આ નીલકંઠ બ્રહ્મચારી એ જ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન થઈને મારે ઘરે આવ્યા છે. પછી ગંગાબા જલદી અમદાવાદથી પાછા વળ્યાં અને જેતલપુર આવ્યા અને ઘરે આવીને જોયું તો ઘરમાં નીલકંઠને ન દેખ્યા એટલે ખૂબ રુદન કરવા લાગ્યા અને ચારે બાજુ નીલકંઠને શોધવા લાગ્યા. ત્યારે ભગવાને દર્શન આપીને કહ્યું કે ગંગાબા તમે દુઃખ ન લગાડશો અમે જ્યારે સત્સંગમાં આવીશું ત્યારે તમારે ઘરે રહીશું એમ કહી પ્રભુ અદૃશ્ય થયા. રામાનંદ સ્વામીએ ગંગાબાને કહ્યું હતું. તમે અમને ભગવાન માન્યાં કરતાં તો ગંગાબા ભગવાનના થાળ માટે માથે સળગતી સગડી લઈને ફરતાં હતાં. સત્સંગમાં સ્વામિનારાયણ ભગવાન પોતાની માતા અને બીજા ગંગાબાને મા કહી સંબોધતા હતા.

આવી રીતે શ્રીહરિએ જેતલપુરમાં ગંગાબા તથા બીજા ઘણાં ભક્તોને દર્શન આપી તેમને મોક્ષનો ઉપદેશ આપતા શ્રીહરિ ત્યાં બે દિવસ રોકાઈને અસલાલી નામના ગામમાં પધાર્યા. ત્યાં મુમુક્ષુજનોને દર્શન આપી ત્યાંથી અમદાવાદ શહેરમાં આવ્યા. ત્યાં કાંકરિયા નામના સરોવરના કિનારે એક સુંદર વૃક્ષ નીચે શ્રીહરિ બેઠા. વર્ણીની અલૌકિક મૂર્તિ જોઈ શહેરના ઘણા માણસો દર્શન કરવા આવ્યા. તેઓને શ્રીહરિએ તેમના કલ્યાણનો ઉપદેશ આપ્યો. શહેરમાં વાત પ્રસરી ગઈ કે કાંકરિયા સરોવરના કિનારે એક મહાન તપસ્વી બાળયોગી આવ્યા છે. તે બહુ ચમત્કારી જણાય છે. આથી શહેરના માણસોનો દર્શન માટે ઘસારો ચાલુ થયો. તેમાં શહેરમાં રામાનંદ સ્વામીના શિષ્યો પણ દર્શને આવ્યા. તે દરેકને વર્ણીએ ઉપદેશ આપ્યો. લોકો ચોખ્ખું જમવાનું લાવતા તે વર્ણી જમતા. શહેરમાં પણ બ્રાહ્મણોને ઘરે જમવા પધારતા. કેટલીક વખત સાબરમતી નદીના કિનારે શ્રી નરનારાયણદેવની જન્મભૂમિ નારાયણ ઘાટે પણ શ્રીહરિ પધારી સ્નાન કરી. નિત્યવિધિ કરતાં. એમ અમદાવાદમાં થોડા દિવસમાં અનેકને પોતાના આશ્રિતો કરી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. તે સાબરમતી નદી ઊતરીને ફરતા ફરતા દેવાણ નામના ગામમાં પધાર્યા.શ્રીહરિ બુધેજ પધાર્યા.

## બુધેજ

હરિમંદિર દક્ષિણ દ્વારે છે. ત્યાં છત્રી, ખોડાભાઈનું ઘર કડું ઓસરી ગામની પશ્ચિમે ખોડાભાઈનું ખેતર ત્યાં વેદી છે. ગામની દક્ષિણે હરિસરોવર, ત્યાં પણ વેદી છે. ગામની ભાગોળે તથા કિનારે એક કૂવો પ્રસાદીનો છે.

બુધેજમાં ખોડાભાઈ નામના દરબાર જારનું સદાવ્રત આપતા હતાં. તેનું કલ્યાણ કરવા શ્રીહરિ પોતે તેને ઘેરે સદાવ્રત લેવા ગયા. ત્યારે ખોડાભાઈ કોઈ કામ માટે બહારગામ ગયા હતા. તેમની માતા ઘેર હતી. નીલકંઠવર્ણી તેમની ડેલી આગળ જઈને ‘નમો નારાયણ હરે’ કર્યાં. એટલે ખોડાભાઈની માતા કહે ઓસરીમાં ટેલો (ફરો) મારે ઘરનું થોડું કામ છે. તે પતાવીને તમને સદાવ્રત આપું. એટલે નીલકંઠવર્ણી ઓસરીમાં આંટા મારવા લાગ્યા. નીલકંઠવર્ણી ઓસરીમાં હરિનું સ્મરણ કરતાં સાત ફેરા ફર્યાં પછી ઓસરીમાં એક આડો પાટળો હતો. તેના મધ્યમાં તેની નીચે એક કડું હતું. નીલકંઠવર્ણી તે કડું પકડીને ઉભા રહ્યા. તે પ્રસાદીનું કડુ હાલમાં બુધેજમાં ખોડાભાઈના મકાનની ઓસરીમાં છે.

ખોડાભાઈના માતા પોતાના કામમાંથી પરવારીને શ્રીહરિને જાર આપવા માંડી ત્યારે વર્ણીએ કહ્યું કે હે મા ! અમો જારને લઈને શું કરીએ ? તૈયાર રસોઈ કે લોટ આપો. લોટ આપો તો અમે બાંટી બનાવીને જમીએ ત્યારે ખોડાભાઈની માતાએ વર્ણીને કહ્યું કે અમો રસોઈ કે લોટ કોઈને આપતા નથી. મોટા મોટા ખાખીઓ વગેરે ઘણા આવે છે. તે બધા જાર લઈ જાય છે. તો તમોને જાર લેતાં શું વાંધો આવે છે. તે બાઈનું એવું વચન સાંભળી કૃપાળુ શ્રીહરિ બોલ્યા કે મોટા મોટા યોગીઓ આપને ત્યાં આવતા હશે. પણ અમારા જેવા અમો એક જ છીએ. ત્યારે ખોડાભાઈની માતા બોલ્યાં કે જ્ઞાની, ધ્યાની, તપસ્વી રામનું નામ લેતા ઘણા આવે છે. ત્યારે શ્રીહરિએ તેને સમજણ પડે તેટલા માટે ફરી બોલ્યા કે સદાવ્રતમાં તો ઘણા સંતો આવ્યા હશે. પણ અમારા જેવા કોઈ આવ્યા નથી ને આવશે પણ નહિ. એમ મર્મનાં ઘણાં વચનો કહ્યાં પણ હજુ ખોડાભાઈની માતાનું તથા તેના કુટુંબના પૂર્વનાં પુણ્ય ઉદય થવાને થોડીવાર હતી તેથી તેઓ સમજી શક્યા નહીં અને ફરી બોલ્યા કે તમારાં કરતાં પાંચ પાંચ હાથ ઊંચા, જાડા, મોટી જટાવાળા ઘણા આવે છે. તમે તો સાવ સુક-લકડી અને બટુક જેવા છો તો તમારા જેવાનો શો ભાર છે ? માટે તકરાર મેલો એમ કહ્યું. ત્યારે ફરી તેને સમજાવવા વર્ણી બોલ્યા કે હજી જરા વિચારી જુઓ.....મોટા આકાશમાં અડે એવા આવ્યા હશે પણ અમારી મૂર્તિ જેવા નહીં હો અને અમારા જેવા તો તેજસ્વી કોઈ નહીં આવ્યા હોય. વધારેમાં શ્રીહરિ મર્મમાં ભવિષ્ય વાત પણ સમજાવવા કહે છે.

અત્યારે તો તમે એક અડધો શેર જારનો લોટ આપવામાં આનાકાની કરો છો. પણ પછીથી તમે પસ્તાશો અને અત્યારે લોટ નથી આપતા. પણ આગળ જતાં અમો તમોને આ વાત યાદ કરી દેશું માટે બાળયોગીની વાત તમો યાદ

રાખજો. તો પણ પૂર્વના કમભાગ્યથી બાઈ સમજ્યાં નહીં. એટલે શ્રીહરિ કૃપા કરી તેનું કલ્યાણ કરવા માટે જારનું સદાવ્રત લઈ તેમાંથી બે દાણા મોઢામાં નાંખી જમ્યા. બાકી જાર ચોકમાં લીંબતરુના વૃક્ષ ઉપર પારેવાં અને ચકલીઓ બોલી રહ્યા હતા. શ્રીહરિના મનમાં થયું કે આ પક્ષીઓ ખાવાનું માંગી રહ્યા છે. એટલે શ્રીહરિએ  પક્ષીઓને જારના દાણા નાખ્યાં અને તેમનું કલ્યાણ કર્યું.

નીલકંઠવર્ણી ગામ બહાર નીકળીને ગામની ભાગોળમાં આવ્યા ને પાણી પીવાની ઈચ્છાથી પાણી પીવા માટે કૂવા ઉપર ગયા અને ત્યાં એક માણસ કોશ હાંકતો હતો. તેણે તે લોકો રિવાજ પ્રમાણે કોશ બહાર આવે ત્યારે રામ બોલતા શ્રીહરિ કૂવા ઉપર ગયા અને કોશ બહાર આવ્યો ત્યારે રામ બોલતો હતો. તે સમયે શ્રીહરિ ત્યાં પહોંચ્યા. રામ શબ્દ સાંભળીને શ્રીહરિ મર્મમાં બોલ્યા કે રામ કૂવા ઉપર પાણી પીવા આવ્યા છે. ઓળખાય તો કામ થઈ જાય. રામને ઓળખ્યા વિના તો ખાલી રામ બોલવાથી કાંઈ કામ ન થાય.

એમ કહીને કૂવામાં પાણી ઊંડું હતું અને બહાર આવેલું પાણી કોશથી હતું એટલે શાસ્ત્ર વચનાનુસાર ચર્મવારી પાણી પીવાય નહિ. એટલે શ્રીહરિએ પાણી લેવા કમંડળું ઝાલીને કૂવામાં હાથ લંબાવ્યો. ત્યારે વરુણદેવે માન્યું કે સર્વાવતારી શ્રીહરિની સેવા કરવાનો સારો અવસર આવ્યો છે. તેમ જાણી પાણી કૂવામાંથી સર્વના દેખતાં જ પાણી એકદમ કૂવા ઉપર આવ્યું એટલે શ્રીહરિએ કમંડળ ભરી લીધું પછી જ્યાં શ્રીહરિએ કૂવેથી નીચે ઉતર્યા ત્યાં કૂવામાં પાણી પ્રથમ હતું તેમજ નીચે જતું રહ્યું. આ બધું દૃશ્ય કોશ હાંકનારે તથા પાણી ભરવા માટે આવનાર સ્ત્રીઓએ નજરે જોયું. બધાં આશ્ચર્યચકિત પામીને બોલ્યાં કે આ બાળયોગી બહુ ચમત્કરી જણાય છે. શ્રીહરિ તો ત્યાંથી ચાલી નીકળ્યા.

સ્ત્રીઓએ ગામમાં જઈને ઉપરની બધી વાત કરી. આખા ગામમાં તે વાત ફેલાઈ ગઈ. ત્યાં ખોડાભાઈ બહારગામથી આવ્યા. તેમણે પણ તે વાત જાણી પોતાની માતાને પૂછ્યું કે આજે સદાવ્રત લેવા કોઈ બાળયોગી આવ્યા હતા ? ત્યારે તેમની માતાએ બનેલી બધી વાત કરી. તે સાંભળી ખોડાભાઈ ઘણા ઉદાસ થઈ ગયા કે સદાવ્રતમાં ભગવાન આવ્યા પણ તેમને ઓળખી શક્યા નહિ અને તેમની સેવાનો લાભ લઈ શકાયો નહીં. પછી તો તે બાળયોગીને શોધવા માટે ઘોડા ઉપર બેસીને તુરત જ ચાલતા થયા. ચારેબાજુ પાંચ-પાંચ ગાઉ તપાસ કરી પણ શ્રીહરિ ક્યાંય મળ્યા નહિ. ત્યારે ગાયો ચારનાર ભરવાડના છોકરાને પૂછ્યું કે અહીંથી કોઈ બાળયોગીને જતાં જોયાં ? ત્યારે તેને કહ્યું કે હા એક નાના

બ્રહ્મચારી અહીંથી આકાશમાં ઉડ્યા પછી ક્યાં ગયા તે ખબર ન પડી તે વાત સાંભળી ખોડાભાઈ દુ:ખી થઈને પાછા ઘરે આવ્યા અને પોતાની માતાને ઠપકો આપ્યો.

સદાવ્રતમાં ભગવાન ક્યારેક આવે છે તે નિયમ પ્રમાણે ખોડાભાઈના સદાવ્રતમાં ભગવાન આવી ગયા પણ ઓળખી શક્યા નહિ તેથી સેવાનો લાભ ન લઈ શક્યાં. પરંતુ ભગવાનનાં દર્શન કે ભગવાનની સેવા માટે જે કંઈ કર્યું હોય તે નિષ્ફળ નથી જતું. એટલે ભગવાનનાં ઉપયોગમાં આપણી ગમે તે વસ્તુ આવે તો તેનું ફળ અવશ્ય મળે છે. તે પ્રમાણે શ્રીહરિ ખોડાભાઈના જારના બે દાણાં જમ્યા. તેના પુણ્યથી ખોડાભાઈનું આખું કુંટુબ આગળ જતાં સત્સંગી થયું અને પ્રગટ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવા લાગ્યું હતું. છતાં શ્રીહરિનાં દર્શન થયાં ન હતાં.

જ્યારે કારિયાણીમાં શ્રીહરિએ સમૈયો કર્યો ત્યારે તે બધા દર્શને ગયા ત્યાં પ્રથમ શ્રીજીમહારાજનાં દર્શન થયાં પણ કોઈએ ઓળખ્યા નહીં. પછી તો ત્યાં ખોડાભાઈએ શ્રીહરિને તથા સંતોને જમાડવા માટે અમારે ઘરે જવાની ઉતાવળ છે. માટે પહેલી અમારી રસોઈ રાખો ત્યારે શ્રીહરિએ કહ્યું ખોડાભાઈ ! અમો અગાઉ તમારા સદાવ્રતમાં આવ્યા હતા ત્યારે અમે થોડો લોટ માગ્યો હતો પણ તે તમારી માતાએ આપ્યો ન હતો અને આજે રસોઈની શાની ઉતાવળ કરો છો ? તે વખતે મેં તમારી માને કહ્યું હતું કે અત્યારે લોટ નથી આપતાં પણ પસ્તાવો થશે અને પછી રસોઈ આપવા માટે ઉતાવળ કરશો એમ કહીને અમે કૂવે પાણી પીવા ગયા. શ્રીહરિની આવી વાત સાંભળી ખોડાભાઈ તથા ડોસીને તે વાત યાદ આવી. તેથી શ્રીહરિને બંને જણા વારેવારે નમસ્કાર કરીને માફી માગવા લાગ્યાં.

પછી શ્રીહરિએ પ્રેમથી ખોડાભાઈની પ્રથમ રસોઈ કરાવી પોતે જમી સંતોને જમાડ્યાં. ને રાજી થયા. પછી તો ખોડાભાઈ ત્યાં રોકાયાને પ્રભુની પૂજા કરી.ઘરેણાં-વસ્ત્રોની ભેટ અર્પણ કરી. આમ ભગવાનના ઉપયોગમાં અન્નના બે દાણાં અથવા થોડી પણ ગમે તે વસ્તુ આવે છે. તો તેનું અવિનાશી ફળ મળે છે. તે ખોડાભાઈના એક દાખલાથી સમજાશે. માટે પોતાની વસ્તુ ભગવાનના અર્થે જરાપણ ઉપયોગમાં આવે તેવો ભાવપૂર્વક આગ્રહ રાખવો.

શ્રીહરિ બુધેજથી ગુડેલ આવ્યા ત્યાંથી મીતલી ગયા. ત્યાંથી સાબરમતી નદી ઊતરી. પીંપળી આવ્યા. ત્યાંથી ગાંફ આવ્યાં. ત્યાંથી ખરડ ગયા. ત્યાંથી ગોરાડે ગામ ગયા.

## ગોરાડે ગામ (બીજલ કોળી)

દક્ષિણ દ્વારે હરિમંદિર ગામની દક્ષિણે તળાવ કૂવો પ્રસાદિનો છે. અને તે કૂવો ચમત્કારી છે. રજસ્વલા સ્ત્રી જો પાણી ભરે તો તે કૂવાનું પાણી ખરાબ થઈ જાય છે. માટે રજસ્વલા સ્ત્રી ત્યાંથી પાણી ન ભરે તેવા પ્રબંધ કરેલ છે.

શ્રીહરિ ખરડ ગામમાંથી ગોરાડે આવ્યા. ત્યાં તળાવના કિનારે પીપળાના વૃક્ષ નીચે બેઠા. ત્યાં આહિરોની સ્ત્રીઓએ સુંદર સ્વાદિષ્ટ દહીં લાવી વર્ણીને જમાડ્યા. વર્ણીએ રાજી થઈને તેમને કલ્યાણનો વર આપ્યો. ત્યાંથી શ્રીહરિ સામે જ એક વાડી હતી. તેમાં એક કૂવે પાણી પીવા ગયા. ત્યાં બીજલ નામનો કોળી કોસ હાંકતો હતો. પાણીની અછતને લઈ કૂવાના પાણી ઊંડા ગયા હતા. બળદની કાંધે ચાઠા નીકળ્યા હતાં. નીલકંઠને એ જોઈને દયા આવી. શ્રીહરિએ બીજલ કોળી પાસે પાણી પીવા માંગ્યું. બીજલે કહ્યું કે બાવાજી હમણાં કોસમાંથી પાણી ઠલવાશે તે પી લેજો. નીલકંઠે કહ્યું કે કોસનું પાણી તો ચર્મવારિ કહેવાય. કોસની મશક ચામડાની બનેલી છે. તેમાં રહેલું પાણી ન પીવાય. અમને તે નહીં ખપે. બીજલ કોળીને થયું કે આ મહાત્મા કોઈ જુદી જમાતના લાગે છે. બીજલ કહ્યું કે હે બાવાજી ! પાણી પીવું હોય તો પી લો. કૂવામાં તો અઢાર હાથ ઊંડે પાણી છે. કાળના લીધે ઓળા, નદી, તળાવ, કૂવા પણ બંધ પડ્યા છે.

બીજલને નીલકંઠના દર્શન કરતાં તેમના પ્રત્યે ભાવ (પ્રેમ) થયો હતો. તેથી કહે હે મહારાજ ! મારી પાસે દોરડું નથી નહીંતર તમને પાણી સિંચીને આપત. નીલકંઠે હસતાં હસતાં કહ્યું અમારે દોરડાની જરૂર નહીં પડે. એમ કહી વર્ણી કૂવા પાસે ગયા. તેમણે કમંડળ લઈને કૂવામાં હાથ લાંબો કર્યો. ત્યાં તો જળના દેવતા વરુણદેવ પ્રભુની સેવામાં હાજર જ હોય તેથી કૂવામાંથી પાણી ઊંચું આવ્યું. એટલે વર્ણીએ કમંડળ ભરી લીધું. અને પાછું નીચે બેસી ગયું. તે તમામ દૃશ્ય બીજલ કોળીએ તથા પાણી ભરવા માટે આવનાર સ્ત્રીઓએ જોયું. તેથી તેઓ આશ્ચર્ય પામી ગયાં ને કોઈથી ન બને પણ ભગવાન હોય તો જ આ બને.

બીજલ તો આશ્ચર્યચકિત આંખે જોઈ જ રહો અને બીજલ આ ચમત્કાર જોઈને વર્ણીના પગમાં પડી ગયો અને નીલકંઠને આ પાણી કાયમ આટલું ઊંચુ રાખવા વિનવવા લાગ્યો. તેને લાગ્યું કે આ બાળયોગી બ્રહ્મચારી જો આ ગામમાં રોકાય તો ગામનું ભાગ્ય સુધરી જાય. તેથી બીજલે તથા સ્ત્રીઓએ ગામમાં જઈ

બધાને કહેવા લાગ્યા. મારી વાડીમાં એક બાલ બ્રહ્મચારી આવ્યા છે. તે મહાસમર્થ અને ચમત્કારી છે. તેમના લીધે કૂવાનું પાણી ઊંચું આવ્યું છે. આપણે બધા તેમને રોકીએ. બીજલની આ વાત સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. લોકોએ માન્યું કે ભગવાન વિના આવું કોઈથી ન બને. આપણા ગામમાં ભગવાન આવી ગયા પણ આપણે તેમના દર્શનનો તથા સેવાનો લાભ લઈ શક્યા નહીં. આ વાત ગામમાં થાય છે. તે સાંભળી ગામના આગેવાન શામો પટેલ, તથા પ્રભુદાસ તથા કાંધોજી દરબાર આ ત્રણેય જણાએ નક્કી કર્યું કે એ બ્રહ્મચારી વેશે ચોક્કસ ભગવાન આવ્યા હશે. પરંતુ આપણને કાંઈ ખબર ન પડી માટે તેમને શોધવા ચાલો.... પરંતુ નીલકંઠવર્ણીને ઉતાવળ હતી તેથી તે તરત જ ત્યાંથી નીકળી ગયા હતા. ગામા આ આગેવાન માણસોએ કહ્યું કે આપણે જલદી સામે ગામ જઈએ. ત્યાં એ યોગી આપણને મળશે.

પેલા ત્રણેય જણા વર્ણીને શોધવા ચાલ્યા પણ વર્ણી મળ્યા નહિ. પણ રસ્તામાં એક ભરવાડ મળ્યો. તેને પૂછ્યું કે આ રસ્તે કોઈ યોગી તમને મળ્યા ? ત્યારે ભરવાડે કહ્યું કે હા એક યોગી જમીનથી અધ્ધર ચાલ્યા જતાં હતા. તેમની ચાલવાની સ્પીડ તો વધારે હતી. તે તો ઘણાં છેટે ગયા હશે. તમો તેમને પહોંચી શકશો નહીં. આથી ત્રણેય જણા નિરાશ થયા. અને હવે તે યોગી નહીં મળે તેમ માનીને પસ્તાવો કરતાં પાછા પોતાના ગામ આવ્યા. ત્રણેય જણાને થયું કે આપણા ગામમાં ભગવાન આવ્યા પણ તેમની સેવાનો કે દર્શનનો લાભ લઈ શકયા નહિ.

શ્રીહરિ ગોરાડે ગામથી ચાલ્યા તો ફરતા ફરતાં પાદરા ગામે ગયા. ત્યાં અદેસિંહજી નામના દરબાર મળ્યા. તેમણે બાળયોગીને રોકવા ઘણો આગ્રહ કર્યો પણ વર્ણી રોકાયા નહિ. ને દરબારને ધોલેરાનો માર્ગ પૂછ્યો. જગતની ઉત્પત્તિ, સ્થિતિને પ્રલયના કર્તા સર્વોપરી શ્રીહરિથી કોઈ માર્ગ અજાણ્યો નથી. છતાં મનુષ્યભાવ બતાવવા પોતે અનેક મનુષ્યચરિત્રો કરે છે. અને તેને ભક્તો ગાઈને મોક્ષ પામે છે. વર્ણીએ મારગ પૂછ્યો ત્યારે દરબારે કહ્યું કે યોગીજી ! અહીંથી આગળ ચાલશો ત્યારે રૂણી નામનું ગામ આવશે. ત્યાંથી આગળ વડગામ આવશે. ત્યાંથી આગળ સિકોતરનો આરો આવશે. ત્યાંથી નદી ઉતરજો. પછી મારગ પૂછીને આગળ જશો ત્યારે ધોલેરા ગામ આવશે. આ મેં આપને સીધો રસ્તો બતાવ્યો. ત્યાંથી શ્રીહરિ બતાવેલા રસ્તે ચાલ્યા તે રૂણી ગામ આવ્યા ત્યાંથી વડગામ આવ્યા.

## વડગામ

શ્રીહરિ વડગામ આવ્યા. ત્યાં તળાવનાં કાંઠે એક સુંદર વડ જોયો. ત્યાં જઈને આસન કર્યું અને જળ પીવાની ઈચ્છાથી કૂવા ઉપર આવ્યા તે કૂવાને કાનાજી કૂવો કહેવામાં આવે છે. ત્યાં સ્ત્રીઓ પાણી ભરતી હતી. તેમને શ્રીહરિએ નવસ્વરૂપે જુદા જુદા રૂપે દર્શન આપ્યાં તે બધી સ્ત્રીઓ નીલકંઠવર્ણી ઉપર મોહ પામી એટલામાં વર્ણી અંતર્ધ્યાન થઈ ગયા. બધી સ્ત્રીઓ શોધવા લાગી પણ વર્ણી મળ્યા નહીં. અને તે તળાવને તથા કાનાજી કૂવાને તીર્થરૂપ બનાવી ત્યાંથી પાણી પીવા માટે કાનાજી કૂવા ઉપર મહારાજે નવસ્વરૂપે દર્શન આપ્યાં ત્યાં અત્યારે છત્રી છે.

**રામસર :** શ્રીહરિ રામસરમાં પાણી પીવા માટે રામસર નામની તલાવડીએ ગયા. ત્યાંના કૂવામાંથી પાણી કાઢી. શાલીગ્રામને પાઈને પોતે પીધું.

## સિકોત્તરનો આરો (લાખો કોળી)

પછી શ્રીહરિ ત્યાંથી સિકોત્તરના આરા તરફ ચાલ્યા તો રસ્તામાં લાખો નામનો કોળી સામો મળ્યો. તે લાખો કોળી વડગામ ગામનો વતની હતો. સિકોત્તરના આરે સાબરમતી અને મહી નદીનો સંગમ થાય છે. જ્યારે લાખો કોળી શ્રીહરિને સામો મળ્યો ત્યારે શ્રીહરિએ તેને પૂછ્યું કે તારું નામ શું છે. અને તારી ઝોળીમાં શું છે ? અને તું કઈ જાતિનો છે. ત્યારે લાખો કોળી કહે હું શુદ્ર જાતિનો છું મારું નામ લાખો કોળી છે. અને મારી ઝોળીમાં માછલાં ભર્યાં છે. ત્યારે શ્રીહરિએ લાખાને કહ્યું કે કોળી તો શુદ્રમાં ઊંચા ગણાય છે. અને કોળીમાં તો ઘણા ભક્તો થયા છે. અને તે તો દયાવાળા હોય છે. છતાં તે આટલા બધા જીવો માર્યાં. તે બધા તેનો આગળ બદલો લેશે. માણસ અજર-અમર રહેવાનો નથી. બધાને મરવાનું નક્કી છે. જ્યારે ભગવાન તને પૂછે તો તેનો શું જવાબ આપશ ?. અને આવા પાપકર્મમાંથી તું ક્યારે છુટીશ ? એવો ઘણો ઉપદેશ તેને આપ્યો તે સાંભળી લાખાની આંખમાં આંસુ આવ્યા અને ભયથી તેનું શરીર કંપવા લાગ્યું.

લાખાને વર્ણીના આ એક-એક શબ્દ સાંભળી અંતરમાં ધ્રુજારી વછૂટવા લાગી. વર્ણીએ કહ્યું; ભાઈ ! ભગવાન તને નહિ પૂછે કે આટલા જીવ તે કેમ માર્યાં ? જીવતાને મારી નાંખવાનો તને શો અધિકાર છે ? લાખાનું અંતઃકરણ ઘાયલ થઈ ગયું. તેની આંખોમાંથી આંસુઓની ધાર વહેલા લાગ્યાં તેણે હાથ

જોડી કહ્યું, આ કારમા દુષ્કાળમાં અનાજનાં ફાંફા પડ્યાં એટલે મારા પરિવારની આજીવિકા માટે મારે આ ધંધો કરવો પડ્યો છે. પાપ તો છે પણ લાચારીના માર્યા આવા કામ કરવાં પડે છે. ત્યારે વર્ણીએ કહ્યું, લાખા ! વાણિયા-બ્રાહ્મણને અન્ન નથી મળતું ? એ ક્યાં ભૂખે મરે છે ? તેમ તું પણ જો અનાજ ખાવાનો નિર્ણય કરીશ, તો ભગવાન જરૂર દાણા પૂરશે. તારા ઘરમાં દુષ્કાળ નહિ દેખાય.

લાખાએ શ્રીહરિનાં આવાં વચનો સાંભળીને શ્રીહરિને કહ્યું કે આજથી આ પાપકર્મ નહિ કરું અને આગળ કરેલા પાપોનો ખૂબ પસ્તાવો થાય છે. માટે હે પ્રભુ ! હવે આવા પાપોથી છુટું તેવો ઉપાય મને બતાવો. જેથી મારું સારું થાય. શ્રીહરિએ લાખાને મુમુક્ષ જીવ જાણીને ઘણો ઉપદેશ આપ્યો. તે જીવનું સારું કરવા તેને વર્તમાન ધરાવી પોતાનો શિષ્ય કર્યો.

પછી નીલકંઠે પોતાના શિષ્યનું સારું કરવા લાખાની ઝોળીને સ્પર્શ કર્યો અને તેમાંના માછલાં સજીવન થઈ ગયા ! નીલકંઠે તે માછલા નદીમાં નખાવી દીધાં. લાખાનું અંતર હળવું થઈ ગયું અને લાખાને લાગ્યું કે આ નીલકંઠ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. લાખો નીલકંઠને સાક્ષાત ભગવાન માની તેમના ચરણોમાં પડી ગયો અને બોલવા લાગ્યો હે પ્રભુ ! આજની રાત વડગામ રહી જાઓ. સંધ્યાટાણું થયું છે અને આગળ રસ્તો વેરાન છે. વળી મહી અને સાબરમતીનો જ્યાં સંગમ થાય છે. ત્યાં વાંસપુર પાણી રહે છે. એટલે ઊતરી નહિ શકાય અને સામે કિનારે ઘણી ઝાડી છે. તેમાં વાઘ દીપડાનો ભય પણ છે.  વર્ણી આ બધું સાંભળી રહ્યાં.

વર્ણીએ તેને કહ્યું : લાખા, જેમ રસ્તો વિકટ, જેમ નદીમાં પાણી ઊંડા, જેમ વાઘ-દીપડાનો વધુ ભય તેમ મને ત્યાં જવાનું વધું મન થાય છે. મારાં પગલાં પડે છે. ત્યાંથી ભય નાસી જાય છે. એમ કહી વર્ણી લાખાને શિકોત્તરના આરે લઈ ગયા. સૂર્યાસ્ત થઈ ગયો હતો. બધે સૂમસામ હતું. ફક્ત નદીઓના ઘુઘવાટ અને ભરતીની શરૂઆત હતી એટલે સંગમ વધુ ભયાનક લાગતો હતો. લાખાએ ફરીથી કરગરીને કહ્યું : હે મહારાજ ! આ સંગમ પાર કરવો કઠણ છે. ભલભલા તરવૈયાની છાતી બેસી જાય તેવી ભમરીઓ ફરે છે માટે કાલે સવારે ભરતી ઊતરે પછી ચાલજો. કાલે તો હું પણ તમને ધોલેરા સુધી બીજે રસ્તે મૂકવા આવીશ. આજે પૂનમની રાત હોવાથી બંને નદીઓ પાણીથી ખૂબ ઊભરાશે અને અર્ધા ગાઉમાં પાણી ફેલાયેલું છે. અને ઘણા કાળથી આ જગ્યાએ પાણી ખૂબ ભરાયેલું છે. એટલે કોઈ માણસ ઊતરી શકે તેમ નથી તેમજ સામે કાંઠે ઘણી ભયંકર મોટી

ઝાડી છે. તેમાં સિંહ, વાઘ વગેરે હિંસક પ્રાણીઓ રહે છે. આગળ આખો રસ્તો ધોલેરા સુધી ઉજ્જડ છે. એટલે અત્યારે જવાનું બંધ રાખી મારા ઘરે પધારો. રાત રહીને પછી સવારે આગળ પધારજો. ત્યારે શ્રીહરિ બોલ્યા કે અમોએ ઘણી મોટી નદીઓ જોઈ છે. તેને ઊતરીને અમો અહીં આવ્યા છીએ એટલે આ નદીથી અમે ડરીશું નહિ. માટે તું ચિંતા કરીશ નહિ. પૂનમનો દિવસ હતો તેથી સમુદ્રની ભરતીનું પાણી આપ્યું હતું તેથી નદી ભયંકર લાગતી હતી. પાણીનો ઘણો અવાજ થતો હતો તેથી ભલભલાની ધીરજ રહે તેમ ન હતી. પાણી અંદર મોટા મોટા મગરો ઉછાળા મારતા હતા. આવું ભયંકર નદીનું દૃશ્ય જોઈને લાખો કોળી ફરીથી બોલ્યો કે પ્રભુ ! અત્યારે મારા ઘરે પધારો. કાલે ભરતી ઊતરી જશે પછી સામે કાંઠે જવાશે.

ત્યારે વર્ણી બોલ્યા કે આ શરીર પંચભૂતનું છે. પંચભૂત ભગવાનને આધીન છે. જેને ભગવાનની સહાયતા હોય તેને પંચભૂત કાંઈ કરી શકે નહિ તેમજ કહેવત છે કે “જેને રામ રાખે તેને કોણ ચાખે ?” તો પછી સિંહ, વાઘ કે વરુ બિચારા શું કરી શકે ? ત્યારે લાખો કોળી ભક્ત બોલ્યા કે તમો આ પૂરમાં પડશો પછી સામે પાર ઊતર્યા તેની મને શી ખબર પડશે ? ત્યારે શ્રીહરિએ કહ્યું કે હું સામે કાંઠે જઈને મારું સફેદ વસ્ત્ર ધજાની માફક ઊંચું ફરકાવીશ. તેથી તું જાણજે કે અમો બરાબર પાર ઊતરી ગયા છીએ. અમો તો જીવોને ભવસાગર ઉતારનારા છીએ. તો પછી આ જળપ્રવાહ ઊતરવામાં અમોને જરા પણ વાંધો નથી. પોતાને માણસાઈનો માર્ગ આપનાર અને માછલાંને પુનર્જીવિત કરનાર નીલકંઠથી લાખો પ્રીતથી જોડાઈ ગયો હતો. લાખાને આશીર્વાદ આપી ઉતાવળી ચાલે નીલકંઠ પાણીમાં ચાલ્યા તે કાંડા સુધી જ પગ જળમાં દેખાય. નીલકંઠ પાણીમાં ઉપર ચાલ્યા જતા હતા. પાણીમાં તેજના લિસોટો તેને કંઠ સુધી દેખાયો. તે જોઈ આશ્ચર્ય પામ્યો. સામે કાંઠે જઈને શ્રીહરિએ વસ્ત્ર વીંઝ્યું તેથી લાખાએ જાણ્યું કે ભગવાન વિના આ જળથી બહાર કોઈ નીકળી શકે જ નહીં.

વર્ણી નદીને પાર કરીને ત્યાંથી ભયંકર ઝાડીમાં ચાલ્યા રસ્તામાં વાઘ વગેરે પ્રાણીઓ ભયંકર રાડો પાડે છતાં જરાપણ ડર રાખ્યા વિના જ ધોલેરાના માર્ગે ચાલ્યા. લાખાને ખાતરી થઈ કે આ દિવ્ય પુરુષ તેને છોડીને ચાલ્યા ગયા છે. ઉદાસ થતો તે ગામમાં દોડીને આવ્યો. સૌને નીલકંઠનો મહિમા કહેવા લાગ્યો. ગામમાં સૌને લાગ્યું કે જરૂર કોઈ મહાન વિભૂતિપુરુષ આ ગામને પ્રસાદીનું કરીને ચાલી નીકળ્યા છે.

**ગોરાસાગામ :** શ્રીહરિ ત્યાંથી ગોરાસા ગામમાં પધાર્યા. ત્યાં શ્રીહરિએ ખોડિયાર માતાના મંદિરમાં ઉતારો કર્યો ત્યાંના પૂજારી સેવાગર ગોંસાઈને શ્રીહરિનું સ્વાગત કર્યું. બાજરી રોટલો અને છાશ જમ્યા અને ત્યાં રોત રોકાયા. ત્યાંથી શ્રીહરિ વાગડ આવ્યા.

**વાગડ ગામ :** શ્રીહરિ **વાગડ** ગામમાં આવી **રાણા બાવળોજ કુંભારને** ત્યાં રાત રહ્યાં. તેને સૂવા માટે ગોદડી આપી પણ નીલકંઠ પોતાના નિયમ મુજબ માટીના ઢગલા પર સૂઈ ગયા. ત્યાંથી ઝીઝર આવ્યા.

**ભડિયાદ :** શ્રીહરિ સિકોત્તરના આરાથી ધોલેરાના માર્ગે થઈ ભડિયાદમાં આવ્યા. ત્યાં ગોવિંદરામ વ્યાસને ઘરે દૂધને થૂલી (ઘઉંનું ભડકું) જમ્યા. ત્યાંથી જ રાતે ખાંડેશ્વર મહાદેવમાં આવ્યાં. ત્યાં એક ક્ષત્રિય ભક્તે ચોરામાં નાસ્તો કરાવ્યો.

**ભીમનાથ :** શ્રીહરિ ઝીંઝરથી ભીમનાથ આવ્યા. ત્યાં શિવજીનું મોટું મંદિર જોઈ તેમાં ગયા અને શિવજીના દર્શન કરી શ્રીહરિ રાજી થયાં અને શિવજી પણ ખૂબ રાજી થયાં. ત્યાંના મહંતે શ્રીહરિને સીધું આપ્યું. તેની રસોઈ બનાવીને પોતે જમ્યા. તે મહંતનો ભાવ જોઈ તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. ભીમનાથ મહાદેવનાં કિનારે **નિલકા** નદીમાં સ્નાન કર્યું. ત્યાં સદાવ્રત અપાતું ત્યાંથી સદાવ્રત લીધું. શ્રીહરિ ભીમનાથ મહાદેવને તીર્થત્વ આપી ત્યાં એક રાત રોકાઈને ત્યાંથી શ્રીહરિ પોલારપુર આવ્યા.

## પોલારપુર : (જેઠો બદાણી, ત્રિકમ બદાણી)

શ્રીહરિ ભીમનાથથી પોલારપુર પધાર્યાં. નીલકંઠ પોલારપુરની ભાગોળમાં આવ્યા. તે દિવસે જેઠો બદાણીના માતૃશ્રીનું કારજ હતું. આ જેઠા બદાણીનું ઘર ગામની ભાગોળમાં જ હતું. નીલકંઠની તપોમય અને તેજસ્વી મનોહર મૂર્તિ જોઈને જેઠા બદાણીના મનમાં થયું. આ બાલબ્રહ્મચારી મારા માતૃશ્રીના કારજમાં પધારે તો મારા કેવા આહોભાગ્ય. એમ માની જેઠા બદાણી નીલકંઠને બે હાથ જોડીને નમસ્કાર કરીને કહ્યું કે બટુક બ્રહ્મચારી અમારા માતૃશ્રીના કારજમાં પધારો શ્રીહરિ તેના ભાવ અને પ્રેમ જોઈને તેમના ઘરે પધાર્યાં. એ વખત કારજમાં મોટાભાગે સુખડી થતી હતી. જેઠા બદાણીએ નીલકંઠને સુખડી આપી તે લઈને શ્રીહરિ ગામના દક્ષિણ દિશામાં એક તળાવ હતું. તેના કિનારે એક કૂવો હતો. કૂવામાંથી પાણી કાઢીને શ્રીહરિએ હાથ-પગ ધોઈને શાલીગ્રામને સુખડી ધરાવીને કૂવાની પાસે એક ખીજડાનું વૃક્ષ હતું. તેના ટેકે બેસીને શ્રીહરિ સુખડી જમ્યા.

સૂવાનું પાણી પીને બાકીનું વધેલું પાણી કૂવામાં પાછું નાખ્યું જેથી આ કૂવાનું જે પાણી પીશે તે સત્સંગી થશે. એવું શ્રીહરિએ પોલારપુરના કૂવા ઉપર ચરિત્ર કર્યું. જેઠા બદાણીના પુત્ર ત્રિકમ બદાણીએ આ પ્રસાદીનો કૂવો છે માટે તેને પાકો કૂવો કરાવ્યો તેની આજુબાજુ કૉનર (ફેંચી) કરી છે. જેથી લોકો આ પ્રસાદીના કૂવાના દર્શન કરવા ત્યાં જાય છે. જેઠા બદાણીના ઘરવાળાને શ્રીહરિની મૂર્તિ પ્રત્યે હેત થયું તેથી શ્રીહરિની મૂર્તિનું ચિંતવન થતું.

શ્રીહરિ સાંજના સમયે ગામમાં આવ્યા. જેઠા બદાણીના પરિવારનું સારું કરવા માટે જેઠા બદાણીના ઘરના આગળ એક ઓટલો હતો. તેના ઉપર મૃગચર્મ પાથરીને બેઠા. નીલકંઠ વર્ણીની સુંદર તેજોમય અને તપોમય મૂર્તિ જોઈને નીલકંઠના દર્શન કરતાં. જેઠા બદાણીનું ઘર ચોરા પાસે હતું. ખડકીબંધ હતું. તે વખતે માણસોના અવાજના કારણે જેઠા બદાણીના ઘરવાળાં બહાર આવ્યા. તો ખડકીની બહાર માણસોની ભીડ જોઈ અને ખડકીના ઓટલા ઉપર નીલકંઠ વર્ણીને જોયા. ત્યારે તે બાઈએ આવીને કહ્યું મહારાજ ! સામે ચોરે જાઓ. ત્યારે શ્રીહરિએ મીઠી વાણીથી કહ્યું કે અમને ચોરે ફાવે નહિ. કેમકે સાંજે બાઈ-ભાઈ ભેગા થાય અને વાતો કરે તો ભગવાનના ભજનમાં મજા આવે નહિ માટે અહીં એકાંતમાં ઓટલે બેઠા છીએ.

ત્યારે બાઈ કહે, ‘‘ઠીક બેસી રહો.’’ પછી સાંજે ઢોર આવવા માંડ્યા ત્યારે ખડકીનો દરવાજો ખોલ્યો ત્યારે શ્રીહરિ ઢોર સાથે ખડકીનાં અંદરના ભાગમાં ઓટે મૃગચર્મ પાથરીને તે ઉપર બઠા. પછી તે બાઈએ ઓશરીમાં આવીને જોયું તો મહારાજને દીઠા તેથી કહ્યું, ‘‘અરે મહારાજ કેમ આવ્યાં ?’’ ત્યારે શ્રીહરિ કહે ‘‘અમને બહાર ઢોર મારતાં હતાં તેથી અંદર આવી બેઠા છીએ.’’ ત્યારે બાઈ કહે ઠીક બેસી રહો. પછી સાંજે દીવા વખત થયો ત્યારે મહારાજ ત્યાંથી ઉઠીને તેના ઘરની ઓશરીના ખૂણામાં મૃગચર્મ પાથરીને ધ્યાન કરવા બેઠા ત્યારે બાઈએ ઘરમાંથી આવીને જોયું તો ઓશરીમાં ધ્યાન કરતાં નીલકંઠને દીઠા. ત્યારે તે બાઈ મહારાજ પાસે આવીને બોલી જે, ‘‘અરે ! બાવાજીને મારે શું કહેવું ! બહાર બેસવાની હા પાડી તો અંદર આવ્યાને અંદર હા પાડી તો ઓસરીમાં આવ્યા.’’ ત્યારે મહારાજ કહે, ‘‘ત્યાં વારે વારે કૂતરાં આવે તે અમને અડી જાય તેના કારણે અમે ઓસરીમાં બેઠા છીએ.’’ ત્યારે તે બાઈ કહે, ઠીક બાવા પણ હવે આંહી બેસી રહેજે, ક્યાંય આઘો પાછો જઈશ નહિ. આ બાઈ શ્રીહરિને બોલતી હતી પણ અંદરથી આ બાઈને વર્ણી ઉપર ઘણો પ્રેમ હતો. માટે ‘‘જ્યાં પ્રેમ હોય ત્યાં હરિ ઢુકડા.’’

ત્યારે શ્રીહરિ કહે, “હવે ક્યાંય નહીં જાઉં.” પછી તે બાઈ ઘરમાં જઈ પોતાનું કામકાજ કરવા માંડી ને પછી પોતાના પતિને તથા છોકરાઓને અને મહેમાનને જમાડીને સુવરાવ્યા. પછી તે બાઈ મહેમાન સાથે વાતો કરતી હતી. ત્યારે વર્ણી ઉઠીને તે બાઈ પાસે ગયા ને કહ્યું, “અમને જમવાનું કેમ પૂંછ્યું નહિ ? અમને ભૂખ બહુ લાગી છે. માટે સાંજનું વાળું કરાવો.” ત્યારે તે બાઈ કહે, “અરે વર્ણી ! આ સમયે વાળું શેનું કરાવું ?” વહેલા બોલ્યા હોત તો કરાવત. હવે તો કાંઈ નથી. ત્યારે વર્ણી કહે, “ખોટું શું કરવા બોલો છો ? ખીચડીનું હાંડલું અર્ધું ભર્યું છે.” ત્યારે બાઈ કહે, “હવે કાંઈ પણ નથી. કારણકે હાંડલાને ધોઈને ચૂલા ઉપર ઊંધુ વાળ્યું છે.” ત્યારે વર્ણી કહે, “તમે ત્યાં જઈને જુઓ તો ખરા ?” પછી તે બાઈએ ચૂલા ઉપર જઈને જોયું તો ખીચડીનું હાડલું અરધું ભરેલું દેખ્યું તે જોઈને બાઈ આશ્ચર્યચકિત થઈ ગઈ. તેને લાગ્યું કે આ બાવો કોઈ ચમત્કારી લાગે છે. પછી તે ખીચડી એક થાળીમાં કાઢીને મહારાજને જમવા બોલાવ્યા ત્યારે મહારાજ આવીને બેઠા. એકલી ખીચડીની થાળી મહારાજ આગળ મૂકી ને તેમાં ઘી આપ્યું. ત્યારે મહારાજ કહે, “અમને દૂધ આપો.” ત્યારે બાઈ કહે હવે દૂધ ક્યાંથી લાવું ? દૂધ હતું તે બધુ મેરવણ કરી દીધું. ત્યારે વર્ણી કહે, “મેરવણ કરી દીધું હોય તો સામે ભેંસ છે. તેને ફરી દોહી લાવો.” “ભેંસ દોવાનું બોગેણું લાવો તેને મારાં હાથનો સ્પર્શ કરું એટલે ભેંસ દોવા દેશે.” ત્યારે તે બાઈએ ખીચડીનો પરચો દીઠો હતો તેથી વિશ્વાસ રાખીને દૂધ દોવાનું બોગણું લાવીને વર્ણી પાસે લઈને ભેંસ દોવા ગઈ ને જોયું તે ભેંસના આંચળમાંથી દૂધના ટીપાં ભાળ્યા ને પારસો મુકીને ઊભી હતી. પછી તો બાઈએ દોવા માંડ્યું. ત્યારે દર વખત તે બોગણું અરધું ભરાય એટલું દૂધ તે ભેંસ કાઢતીને તે વખતે તો આંખું બોગણું દૂધથી ભરી દીધું. તે બાઈનો હરખ (આનંદ) માતો ન હતો. અને તેને પ્રેમથી નીલકંઠવર્ણીને દૂધ દેવા આવી ત્યારે વર્ણી કહે, “દૂધ ગાળીને આપો.” ત્યારે બાઈ કહે, “ભેંસનું દૂધ ગળાય નહિ.” ત્યારે નીલકંઠવર્ણી કહે, “લુગડું ઉપર માંડીને ગાળી આપો તો જમશું નહિ તો નહી જમીએ.”

પછી તે બાઈએ દૂધ ગાળીને તાંસળી ભરી આપી ત્યારે નીલકંઠવર્ણી દૂધને ખીચડી જમ્યા. શ્રીહરિએ બાઈના પરિવારનું તથા પશુ જેવા ભેંસના જીવનું કલ્યાણ કર્યું. કારણ કે શ્રીહરિના સેવામાં આવ્યા પછી શ્રીહરિ ચળું કરીને ઓસરીના ખૂણામાં સૂઈ ગયા ને સવારે ઊઠીને ચાલી નીકળ્યા. બાઈના મનમાં શ્રીહરિની મૂર્તિનું સ્મરણ થયું અને તેને વિચાર્યું સવારે વહેલા ઉઠીને વર્ણીને

સારા ભોજન કરાવું એવો મનમાં સંકલ્પ કર્યો પણ બાઈએ ઉઠીને જોયું તો નીલકંઠવર્ણીને ન દીઠા.

જ્યારે શ્રીજીમહારાજે લોયામાં અઢી મહિના સુધી સંતને વૈંતાકનું શાક કરીને ઉત્સવ કર્યો ત્યારે તે વખતે તે બાઈ ત્યાં મહારાજના દર્શને આવી ત્યારે મહારાજે કહ્યું. ડોશીમા તમે અમને ઓળખો છો ? ત્યારે ડોશીમા કહે ના મહારાજ ! તમે તો ભગવાન છો. ત્યારે શ્રીજીમહારાજ કહે "તમારે ઘેર દૂધ ને ખીચડી રાતે જમ્યા હતા તે અમે." ત્યારે તે બાઈને સ્મૃતિ આવી તે કહે, "તમે ભગવાન ખરાને હું ત્યારની તમને શોધતી હતી તે આજ મળ્યા. મળ્યા ત્યારે હું ઓળખી શકી નહિ. હે પ્રભુ ! મારું કલ્યાણ કરો." ત્યારે શ્રીજી મહારાજે વર્તમાન ધરાવીને બાઈને સત્સંગી કરી. પછી તે બાઈ ઘરે ગઈ.

શ્રીહરિ પોલારપુરથી **બરવાળા** ગામમાં આવ્યાં. ત્યાં નદીના કિનારે એક સુંદર દેરી હતી. તેમાં રાત રોકાયા. ત્યાં રાત વ્યતીત કરીને સવારે ચાલ્યા તે વલ્લભીપુર ગયા. ત્યાંથી કુકડ નામના ગામમાં પધાર્યા.

## કુકડ ગામ : (ભગવાનસિંહ રાજા)

શ્રીહરિ ચાલતાં ચાલતાં ભાવનગર જિલ્લાના કુકડ ગામે પધાર્યા. ત્યાંના રાજા ભગવાનસિંહ દરબાર હતા. નીલકંઠવર્ણી ગામ વચ્ચેથી દરબારની ડેલી પાસેથી નીકળ્યાં. તે સમયે દરબાર ભગવાનસિંહજી અને તેમના કામદાર (દિવાન) ખોજા જીવા ઠક્કર ડેલીએ બેઠા હતા. વર્ણીરાજ રાજાની ડેલી આગળ થોડો સમય ઊભા રહ્યા. તેમને જોઈને દરબારને થયું કે કોઈ માંગણ બ્રહ્મચારી હશે. તેથી તેમણે સહેજ મજાકમાં હસતાં હસતાં પૂછ્યું, "મહારાજ ! કયે ગામ રે'વું ? શું નામ ? શું જાત ?"

ત્યારે નીલકંઠે ખુમારીથી ઉત્તર આપ્યો : અમારો દેશ અનીરદેશ નિવાસી છીએ. (અનિર્દેશ) અનીરદેશ એટલે અષ્ટ પ્રકૃતિથી પર એવું અક્ષરધામ. અમારી જાતિ બ્રહ્મ : બ્રહ્મજાતિ એટલે ત્રણ ગુણોથી પર એવી બ્રહ્મ સ્થિતિ. અમારા અનંત નામ છે. જેને ગણતાં અનેક યુગો વીતે પણ પાર ન આવે. હું પણ મારાં નામ ગણી શકતો નથી. અમે તો રમતા જોગી છીએ. દરેક તીર્થ સ્થાનોમાં ફરીએ છીએ.

રાજાએ બેસાડવાનો પણ વિવેક ન કર્યો તેથી શ્રીહરિ ત્યાંથી તુરત ચાલી નીકળ્યા. રાજાને વર્ણીના ઉત્તરમાં કંઈ ખબર પડી નહિ પણ તેનો દિવાન જીવો ઠક્કર બુદ્ધિશાળી અને ચતુર હતો. તેણે વિચાર્યું કે આ કોઈ મહાન યોગી હશે

નહિ તો આવી અગમ વાણી ન બોલે. તેમણે રાજાને કહ્યું : બાપુ ! માનો ન માનો પણ એ કોઈ મોટા યોગી હતા. આપણે તેમનો આદર-સત્કાર ન કર્યો તે બહુ ખોટું કર્યું. અતિથિરૂપે આપને ત્યાં મોટા યોગી આવ્યા પણ આપે તેમનો કોઈ સત્કાર ન કર્યો. આપે અલૌકિક સેવાનો લાભ ખોયો તેથી જન્મ નકામો ગણાય. અતિથિને અન્ન-જળ આપવું તે ગૃહસ્થનો ધર્મ છે. પણ આપણે અતિથિને પૂજ્યા નહીં એ મોટો અધર્મ કર્યો કારણ કે અતિથિ જે ગૃહસ્થને ઘરેથી નિરાશ થઈને પાછો જાય તો તે ગૃહસ્થનું પુણ્ય લઈ જાય છે. અને તેનું પાપ તે ગૃહસ્થને આપતો જાય છે. મોટા યોગી તપસ્વી નિરાશ થઈને ગયા તે મોટો અન્યાય થયો. દીવાનના ન્યાયયુક્ત વચન સાંભળી રાજાને પણ ઘણો પસ્તાવો થયો. પછી તો તે યોગીને મળવા તુરત જ ત્યાંથી નદીના કિનારે ગયા ત્યાં તો એક આંબાના વૃક્ષ નીચે વર્ણીને બેઠેલા જોયા.

નીલકંઠ પ્રભુ નદીને કાંઠે આંબાના ઝાડની નીચે મૃગચર્મ પાથરી બિરાજ્યા હતા. પદ્માસન વાળ્યું હતું. દૃષ્ટિ નાકના અગ્ર ભાગ ઉપર સ્થિર હતી. પાસે તુંબીપાત્ર પડ્યું હતું. ધ્યાનમાં મગ્ન બનેલા વર્ણીને ભગવાનસિંહનો સ્પર્શ થયો ને તરત ધ્યાનમાંથી જાગી ગયા. ભગવાનસિંહ તથા જીવા ઠક્કરે હાથ જોડ્યા. બંને તેમની સામે બેઠા. ભગવાનસિંહે કહ્યું : હે યોગી ! અમારે આંગણે આવીને તમે ભૂખ્યા જાઓ તેમાં અમારી શોભા કે ધર્મ નથી. આપની અગમવાણીમાં અમે અબુધ કાંઈ સમજ્યા નહિ માટે અમારી ભૂલની માફી માંગીએ છીએ. પછી રાજાએ બે હાથ જોડીને વર્ણીને કહ્યું કે તમે અમારા દરબારમાં પધારો. શ્રીહરિએ ઘરે જમવા જવાની અનિચ્છા બતાવી. પણ વર્ણીએ દરબારને કહ્યું કે તમે સીધું અહીં લાવો. અહીં રસોઈ કરીને જમીશ. તરત જ દરબારે સીધું મંગાવ્યું. વર્ણી રસોઈ બનાવીને ઠાકોરજીને નૈવેદ્ય ધરાવીને વર્ણી જમ્યા અને પ્રસાદી રાજાને તથા દીવાનને આપી તે જમ્યા. બંનેના અંતરમાં આનંદનો અનુભવ થયો. પછી ફરીથી પધારીશું એવું વચન આપીને નીલકંઠ ત્યાંથી આગળ ચાલ્યા. રાજા તથા દીવાન પાછા ઘરે ગયા.

જે મંત્રી રાજાનું અન્ન ખાઈને આ લોકમાં તથા પરલોકમાં રાજાનું હિત થાય તેમ કરે તે સાચો મંત્રી ગણાય. જીવા ઠક્કરે ભગવાનસિંહને સાચી વાત કરી તેથી તેનું હિત થયું.

કુકડના ભગવાનસિંહ રાજા સત્સંગી થયા ન હતા ત્યારે તે દરરોજ પોતાના મિત્ર એક ચારણ પાસે સો ગાળો દેવરાવતો હતો. પૈસા આપીને સ્વામિનારાયણને

દરરોજ ગાળો દેવરાવતો હતો. પણ આ ભગવાનસિંહ પૂર્વનો મુમુક્ષ જીવ હતો અને નીલકંઠવર્ણીરૂપે તે રાજાનું અન્ન જમ્યા હતા. એટલે તે જીવનું સારું કરવા એક વખત સ્વામિનારાયણ ભગવાને તેને સ્વપ્નમાં હાથમાં સોટી લઈ સોળ શણગાર સજેલી ત્રણ છોગલાવાળા સહજાનંદ સ્વરૂપે દર્શન આપીને રુદ્ર સ્વરૂપે રાજાના સામે સોટી ઉગામીને કહ્યું કે અમે તારું શું બગાડ્યું છે કે તું આ ચારણ પાસે અમને રોજ ગાળો દેવરાવે છે. રાજા તો રુદ્ર રૂપે સ્વામિનારાયણની મૂર્તિ જોઈને ડરી ગયો અને બે હાથ જોડીને સ્વામિનારાયણ ભગવાનને કહેવા લાગ્યો કે હે પ્રભુ ! મને તમારો કરો આશ્રિત એટલે સ્વામિનારાયણે સ્વપ્નમાં તેને વર્તમાન ધરાવીને સત્સંગી કર્યો.

બીજે દિવસે સવારે ચારણ આવીને રોજની જેમ ગાળો દેવા લાગ્યો. એ જ વખતે ભગવાનસિંહ રાજાએ ચારણને ગાળો દેતાં અટકાવ્યો અને કહ્યું કે હવે જો સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે ગાળો કે ખરાબ બોલીશ તો ખબરદાર ? એવો ડારો આપ્યો અને કહ્યું કે સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે. એટલે ચારણ તરત જ પાટલી બદલી. રાજાએ કહ્યું કે અત્યારે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા ગઢપુર જઈએ. એટલે ચારણ પણ રાજા સાથે જવા તૈયાર થયો. બંને જણા ગઢપુર આવ્યા. અને દાદાખાચરના દરબારમાં આવીને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં એ વખતે સ્વામિનારાયણ ભગવાને કોઈ ચમત્કાર દેખાડ્યો નહિ એટલે રાજા પાસે ચારણ હતો તે કહેવા લાગ્યો કે તમે કહેતા હતા કે સ્વામિનારાયણ ભગવાન ચમત્કારી છે. તમને તો કાંઈ ચમત્કાર દેખાડ્યો નહિ એટલે એ ભગવાન નથી એવું રાજાના મનમાં ચારણે ભરાવ્યું. પછી બંને જણા તેમના સંબંધી લાધા ઠક્કરને ઘરે ગયા અને કહ્યું મહારાજના દર્શન કરવા આવ્યા હતા. એટલે લાધા ઠક્કરે કહ્યું કે સારું કર્યું. આટલી વાત થયા પછી કહ્યું કે હવે અમારે પાછા જવું છે. એટલે લાધા ઠક્કરે રહ્યું કે આજે રાત અહીં રહીને કાલે સવારે મહારાજના દર્શન કરી તેમની રજા લઈને જજો. એટલે બંને જણા રાત ત્યાં રહ્યા. બીજા દિવસે સવારે નાહી ધોઈને મહારાજનાં દર્શન કરવા દાદાના દરબારમાં આવ્યા તે પહેલાં ભગવાનસિંહ રાજાએ સંકલ્પ કર્યો કે જો મને હાથ ઝાલીને તેમની બાજુમાં બેસાડે, મને ગુલાબનો હાર પહેરાવે, મને બે-ત્રણ દિવસ રોકાઈ જવાનું કહે તો હું સાચા ભગવાન માનું. રાજાએ જે સંકલ્પ કર્યાં હતા તે ચારણને પણ કહ્યા. આ સાંભળીને ચારણ રાજી થયો. કારણ હવે સ્વામિનારાયણ ભગવાન છે. તે ખબર પડી જશે. એમ બંને નક્કી કરી મહારાજના દર્શન કરવા

આવ્યા ત્યારે સ્વામિનારાયણ ભગવાને સામે આવીને ભગવાનસિંહનો હાથ પકડી પોતાની બાજુમાં બેસાડ્યા. એટલે ચારણ કહે કે પહેલો સંકલ્પ તો ઠીક છે પૂરો થયો પણ હવે બીજો સંકલ્પ કેવી રીતે પૂરો કરે છે તે જોઈએ એ વખતે ભગવાન પાસે ગુલાબનો હાર ન હતો. પછી મહારાજે પોતાની ઈચ્છાથી ગુલાબહાર કેવી રીતે લાવ્યા. તે રાજાને અને ચારણને ખબર પડી નહિ. પ્રભુએ રાજાને ગુલાબનો હાર પહેરાવ્યો. પછી મહારાજે દરબારને કહ્યું કે બે-ત્રણ દિવસ રોકાઈને જજો. એમ ભગવાનસિંહ રાજાના ત્રણ સંકલ્પો સ્વામિનારાયણ ભગવાને પૂરા કર્યાં એટલે રાજાએ બે હાથ જોડીને કહ્યું કે હે પ્રભુ ! તમે સ્વપ્નમાં વર્તમાન ધરાવ્યા છે. પણ હવે પ્રગટ સ્વરૂપે વર્તમાન ધરાવો. પછી પ્રભુએ પ્રગટ સ્વરૂપે વર્તમાન ધરાવ્યા. ભગવાનસિંહ રાજા તથા ચારણ બંને જણા બે-ત્રણ દિવસ રોકાયા અને સત્સંગ કર્યો. સ્વામિનારાયણ ભગવાનનો મહિમાં સમજ્યા અને રાજાને ભગવાનનો પાકો નિશ્ચય થઈ ગયો પછી ભગવાનનું ભજન કરે અને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને ભગવાનને થાળ ધરાવે. આવી રીતે પાકો નિશ્ચય થયો અંતે ભગવાનના ધામને પામ્યા.

**નોંધ :** આ લીલા વન વિચરણમાંથી લીધી છે. લેખક : ઘનશ્યામસ્વરૂપ સ્વામી, કાલુપુર મંદિર, અમદાવાદ.

શ્રીહરિ કુકડથી ચાલ્યા તે **શિહોર** પધાર્યા. ત્યાં બ્રહ્મકુંડમાં પાંચ દિવસ સ્નાન કરતાં ત્યાં રોકાયા. ત્યાં ગૌતમેશ્વર મહાદેવનાં દર્શન કરી ત્યાંથી **ભાવનગર** ગયા. ભાવનગરમાં દેવજી ભગતની ધર્મશાળામાં શ્રીહરિ ઉતર્યાં. ધર્મશાળાના મહંતે શ્રીહરિને સીધું આપ્યું. તેથી શ્રીહરિએ રસોઈ બનાવીને બાલમુકુંદ ભગવાનને ધરાવી પોતે જમ્યા. ધર્મશાળાના મહંત શ્રીહરિના દર્શન કરી મનમાં થયું આ બાલ બ્રહ્મચારી મહાતેજસ્વી અને મહાસમર્થ છે. તો આ ધર્મશાળાના માલિક બનાવી તેમની સેવા કરું એવો સંકલ્પ કર્યો પણ શ્રીહરિ તો જગતના જીવોનો ઉદ્ધાર કરવા નીકળ્યા છે. તેથી જગતની ધનસંપત્તિ ઉપર જરા પણ રુચિ નથી તેથી ત્યાંથી શ્રીહરિ **નકલંક** આવીને રહ્યાં.ત્યાંથી **વડવાકુંડ** આવ્યા. ત્યાંથી શ્રીહરિ દિયોર આવ્યા.

## દિયોર ગામ

શ્રીહરિ વડવાકુંડથી દિયોર પધાર્યા. ત્યાં ચોરામાં ઊતર્યા. ચોરામાં એક પથ્થર હતો. તેના ઉપર શ્રીહરિ મૃગચર્મ પાથરીને બેઠા. ચોરામાં ઘણા લોકો

બેઠા હતા. તે નીલકંઠની તેજોમય મૂર્તિ જોઈને તેમની પાસે આવી બેઠા. તેમને શ્રીહરિએ સત્યજ્ઞાનનો તથા પોતાના સ્વરૂપનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે આ સંસાર સ્વપ્ન તુલ્ય છે. જેમ કોઈ માણસ સ્વપ્નમાં દ્રવ્ય જુવે છે. પછી તે જાય ત્યારે સ્વપ્નમાં જ છાતી ફુટી રુવે છે. પછી જ્યારે જાગે છે ત્યારે દ્રવ્ય તો કાંઈ હોતું નથી. નાશપણ પામ્યું નથી પણ સ્વપ્નમાં જે છાતી ફુટી હોય તેનો દુઃખાવો થાય છે. તેમ આ સંસારમાં રહીને જે સુખદુઃખ ભોગવ્યાં હોય તે તમામ તથા આખો સંસાર નાશવંત છે. પણ સંસારમાં રહીને જે પાપ અને પુણ્ય કર્યા હોય તે સત્ય છે અને આ જીવાત્માની સાથે દેહ પડ્યા પછી તે જ સાથે આવે છે. છતાં પણ જીવો અજ્ઞાનને વશ થઈ માયામાં મોહ પામી ને સાંસારિક સુખને સત્ય માની તેને માટે પાપકર્મો કરે છે. પણ તે સુખો નાશવંત છે. એમ માનતા નથી તેથી તે સુખો અલ્પજીવી બને છે. છતાં પણ તે માટે બહુ હેરાન થાય છે. માટે કોઈ દિવસ પાપ ન કરવું. બીજાને દુઃખ ન દેવું. કોઈનું ખરાબ ન કરવું. ધર્મમાં રહી સદા ઈશ્વરનું ભજન-ભક્તિ વગેરે સત્કર્મ કરવાં. તેથી આ લોકમાં તથા પરલોકમાં દુઃખો નાશ પામી જાય છે.

શ્રીહરિની વાત સાંભળી માણસો ખૂબ રાજી થયા અને પછી પોતપોતાને ઘરે ગયા. પણ કોઈએ પ્રભુને જમવાનું પૂછયું નહિ. વર્ણીને તો જમવાની કોઈ પરવા હતી જ નહિ. પ્રભુ તો વાયુ ભક્ષણ કરીને રહી શકે તેમ છે. પણ માણસોમાં વિવેક કેટલો છે. તે જોવાનું છે. બધા ચાલ્યા ગયા બાદ એક ભાવસારની સ્ત્રી અને તેનો પુત્ર મુળજી બે જણાં પાછળ રહ્યાં. સ્ત્રીએ વિચાર કર્યો કે આ બ્રહ્મચારીને કોઈએ જમવાનું પૂછવાનો વિવેક પણ કર્યો નહિ માટે તેમને ઉપવાસ થશે. તેથી પોતાના પુત્ર મુળજીને બ્રહ્મચારી પાસે મોકલીને પૂછ્યું કે હે બ્રહ્મચારી કંઈ જમશો ? ત્યારે નીલકંઠવર્ણીએ કહ્યું કે કંઈ સીધું લાવો તો રસોઈ બનાવીને જમીશું ત્યારે મુળજી પોતાના ઘરેથી તેની માતા એ જે સીધું આપ્યું હતું તે લાવીને બ્રહ્મચારીને આપ્યું, પ્રથમ સ્ત્રીએ પાણીનું બેડું સાફ-સુફી કરીને તેમાં પાણી ભરીને લાવીને વર્ણીને આપ્યું. પછી મુળજી જે સીધું લાવતો હતો તેમાંથી સુંદર રસોઈ બનાવી શાલીગ્રામ ભગવાનને થાળ ધરાવી પોતે જમ્યા અને પ્રસાદી મુળજીને આપી તે માતા-પુત્ર બેય જમ્યાં. શ્રીહરિને માતા-પુત્રનો ભાવ જોઈને તેમના ઉપર ખૂબ રાજીપો થયો. સાંજે તે બાઈએ વર્ણીને પોતાના પુત્ર મુળજી સાથે પૂછાવ્યું કે પલંગ-ગાદલું વગેરે મોકલાવું ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમારે ત્યાગીને પલંગ કે ગાદલું ન જોઈએ. અમારે તો ધરતીમાતા એજ

પાથરણું છે. આપત્કાળ પડ્યા વિના ત્યાગી કે બ્રહ્મચારીઓને પલંગે સૂવાય નહિ. માટે તેની જરૂર નથી. શ્રીહરિ દિયોરમાં એક રાત રોકાયા અને ત્યાં ભાવસારની સ્ત્રી અને મુળજીનું કલ્યાણ કરી ત્યાંથી શ્રીહરિ લાકડીયા પધાર્યા છે.

શ્રીહરિ મુળજીના ઘરનું અન્ન જમ્યા તેથી મુળજી એકાંતિક પરમભક્ત બન્યા. આ મુળજી જયારે ગઢપુર શ્રીહરિના દર્શન કરવા જતાં ત્યારે સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન કહેતાં કે અમારાં અક્ષરધામના મુક્ત આવ્યા. મુળજી અક્ષરધામના એક મુક્ત હતા. આ મુળજી એક વખત ગઢપુર શ્રીજી મહારાજનાં દર્શન કરવા જતા હતા. રસ્તામાં એક આંબાના વૃક્ષમાં સરસ પાકેલી કેરીઓ જોઈ. એટલે મુળજીએ તે આંબાના માલિકને કહ્યું આમાંથી સારી સારી પાકેલી કેરીઓનો કરંડિયો ભરીને આપ તારે આ કેરીઓની જે કિંમત થાય તે હું આપું છું. એટલે આંબાના માલિકે પાકેલી સુંદર કેરીઓનો કરંડિયો તૈયાર કરીને મૂળજીને આપ્યો. મૂળજી કેરીઓનો કરંડીયો માથે ઉપાડીને ગઢપુર આવ્યા. દાદાના દરબારમાં લીંમતરુના વૃક્ષ નીચે શ્રીજી મહારાજ તથા સંતો, હરિભક્તો તમામ બેઠા હતા. ત્યાં મુળજીએ શ્રીહરિની આગળ કેરીનો ટોપલો મુક્યો. ત્યારે સંતો અને હરિભક્તો આવી સરસ મજાની કેરીઓનું ફળ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. શ્રીજી મહારાજ મુળજી ઉપર અતિશે રાજી થયા કારણ કે તે કેરીઓનો ટોપલો માથે મુકી લાવ્યા. શ્રીજી મહારાજે મુળજીને કહ્યું તમે અમારી પાસે કંઈ માંગો ત્યારે મુળજીએ કહ્યું કે હે પ્રભુ તમો અને સંતો, હરિભક્તો આ કેરીઓ ટોપલો ખાલી ન થાય ત્યાં સુધી પ્રેમથી જમો. શ્રીજી મહારાજે મુળજીને પોતાની મૂર્તિનું અતિ સુખ આપ્યું આથી મુળજી ધન્ય ધન્ય બની ગયા

દિયોર ગામમાં ઓઢવાના ચોફાળ વર્ણવાનો ધંધો ચાલતો હતો. મુળજીએ એક વણકરને કહ્યું તું મને એક સરસ મજાનો ચોફાળ બનાવીને આપ એ ચોફાળ ચારે બાજુ સોનાના તાર વડે ગૂંથ જે અને અંદર સારી ચોકડીઓ પાડજે. આ ચોફાળ ગૂંથવાથી મને જે ઈનામ મળે છે. તેમાંથી અડધો ભાગ આપીશ. એટલું જ નહિ. કિંમત પણ બમણી આપીશ. તે અત્યાર સુધી ઘણા ચોફાળ બનાવ્યાં હશે પણ આ ચોફાળ ગુંથવાથી તારા જન્મો જન્મના પાપ ટળી જશે અને ધામની પ્રાપ્તિ થશે. આ ચોફાળ અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિને ઓઢાડવાનો છે. માટે તું સાચો ભાવ રાખીને ગૂંથજે જેથી અક્ષરધામનો અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાન રાજી થાય તેવો મહિમા વણકરને કહ્યો જેથી વણકરે સાચા પ્રેમથી ચોફાળ ગુંથીને મૂળજીને આપ્યો.

મૂળજી તે ચોફાળ લઈને ગઢપુર આવ્યા. ત્યાં દાદાખાચર તથા સંતો વચ્ચે મહારાજ બેઠા હતા. ત્યાં મુળજી આવીને શ્રીહરિના દર્શન કરી પૂજા અને સ્તુતિ કરીને આંખમાં અશ્રુઓ લાવીને ખૂબ હેતથી શ્રીજી મહારાજને ચોફાળ ઓઢાડ્યો. આ ચોફાળની અંદર સોનાના તારથી સરસ સુંદર શોભતો હતો અને અંદર ચોકડીઓમાં અનંત સૂર્ય અને ચંદ્રમા પ્રકાશની જેમ પ્રકાશિત થઈ રહ્યો હતો તેમાં શ્રીજીની મૂર્તિનાં દર્શન થતાં હતાં. મૂળજીએ ચોફાળ ઓઢાડી અને તેની અંદર દરેક ચોકડીમાં શ્રીજી મહારાજની મૂર્તિ પોતાના અંતરમાં ઉતારી દીધી. આવી રીતે મૂળજીનો ભાવ અને પ્રેમ જોઈને સંતો અને દાદાખાચર વગેરે ખૂબ રાજી થયાં.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લીધી છે. લેખક : ઘનશ્યામસ્વરૂપદાસ સ્વામી, કાલુપુર મંદિર, અમદાવાદ

## લાકડીયા ગામ

શ્રીહરિ દિયોરથી લાકડીયા ગામ પધાર્યા. ત્યાં ચૌટામાં (ચોકમાં) પોતે જતા હતા. ત્યાં પ્રેમજી ખોજો પોતાની દુકાને બેઠો હતો. તેની પાસે ઘાસની સુંદર ગુંથેલી સાદડી હતી. તે સાદડી કોઈ મોટા યોગી, જોગી, ફકીર કે સંત આવે તેને આપવાનું તેણે મનમાં ઘણા વખતથી વિચારી રાખ્યું હતું. નીલકંઠ તેની હાટડી આગળ આવીને ઉભા હતા. તે વખતે કોઈકે કહ્યું કે પ્રેમજી ઠક્કર આ બાળયોગી તમારી દુકાને આવ્યા છે. તો પેલી ગૂંથેલી સાદડી તેમને આપો ત્યારે પ્રેમજી ઠક્કર કહે કે કોઈ મોટા યોગી મળે તો પ્રેમથી આપું તે સાંભળીને નીલકંઠે કહ્યું કે કોટિ બ્રહ્માંડમાં અમારા જેવા જોગી નહિ મળે. એમ મર્મમાં બોલ્યા માટે પ્રેમજી ઠક્કર વર્ણીના ચરણોમાં પડ્યા અને ગૂંથેલી સાદડી શ્રીહરિને આપી. ત્યાંથી શ્રીહરિ **નાના ગોપનાથ** ગયા. ત્યાં મહાદેવને જળ ચડાવીને દર્શન કરી એક રાત રહીને પીપરેલ ગામ આવ્યા.

**પીપરેલ ગામ :** શ્રીહરિ પીપરેલ ગામમાં પધાર્યા ત્યાં એક બ્રાહ્મણ (રામજીભાઈ) કાચા અનાજનું સીધું આપતો હતો. શ્રીહરિ તેના સદાવ્રતમાં આવ્યા. રામજી બ્રાહ્મણ તો સૌપ્રથમ શ્રીહરિની તેજોમય અને સુંદર મૂર્તિ જોઈને સ્તબ્ધ બની ગયા અને મનમાં થયું કે આવી તપોમય મૂર્તિનાં દર્શન કરી તેના અંતરમાં આનંદનો કોઈ પાર રહ્યો નહિ. બ્રાહ્મણ શ્રીહરિને કાચા અનાજનું સીધું આપવા લાગ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમને તો રાંધેલું અનાજ આપ તો સારું

એટલે બ્રાહ્મણે પોતાની ધર્મપત્ની અમૃતબાને કહ્યું કે આ બટુક બ્રહ્મચારી માટે સુંદર રસોઈ બનાવો અને પ્રેમનાં ભાવથી તેના અંતરમાં શાંતિ થઈ. નીલકંઠ વર્ણીને જમાડવા માટે અમૃતબાએ ભાવથી તાજો બાજરીનો રોટલો ગોળ દડા જેવો બનાવી તેમાં ઘી અને ગોળ ભરીને નીલકંઠને જમવા આપ્યો. નીલકંઠ તેમની ઓસરીમાં એક થાંભલી હતી તેને ટેકો દઈને નીલકંઠ જમવા બેઠા. જ્યાં જમવાનું મોઢું પહોળું કર્યું ત્યાં એકદમ મોઢામાંથી તેજ નીકળ્યું અને તેમાં અનંત કોટી બ્રહ્માંડ તથા તેની રચના જોઈ તે સ્ત્રીપુરુષ આશ્ચર્ય પામ્યા અને યોગી સાક્ષાત્ ભગવાન છે. તેમ માનવા લાગ્યાં. આ બંને જણાએ શ્રીહરિને બે માસ રોકાવા ખૂબ જ આગ્રહભરી વિનંતી કરી. ત્યારે શ્રીહરિએ તેનો પ્રેમ અને ભાવ જોઈને પોતે બે દિવસ રોકાયા તે બંને જણનું કલ્યાણ કર્યું. ત્યાંથી શ્રીહરિ તળાજા ગામ ગયા. આ લીલા શ્રીહરિ વન વિચરણમાંથી લીધી છે. પીપરેલ ગામ પ્રસાદીની થાંભલી છે.

**નોંધ :** લેખક : ઘનશ્યામ સ્વરૂપદાસ સ્વામી, કાલુપુર મંદિર, અમદાવાદ

**તળાજા ગામ :** શ્રીહરિ પીપરેલ ગામથી તળાજા ગામમાં પધાર્યા. ત્યાં શેત્રુંજી નદીમાં સ્નાન કર્યું તેના કિનારે એક બાવાજીની મઢી હતી. તે બાવાજીને દર્શન આપવા શ્રીહરિ ત્યાં ગયા. બાવાજીએ શ્રીહરિનું સ્વાગત કરીને પોતાની મઢીમાં બેસાડ્યા. એક વખત વણિક ત્યાં આવ્યો તે શ્રીહરિના દર્શન કરી ધન્ય બન્યો અને મનમાં થયું કે બાલ બ્રહ્મચારી જમાડવા જેવા છે. તેથી સીધું લાવીને શ્રીહરિને આપ્યું તેથી રસોઈ બનાવી ને દેવને થાળ ધરાવીને પોતે જમ્યા. બાકી પ્રસાદી બાવાજી અને વણિકને આપી. વણિકે શ્રીહરિને જમાડ્યા તેના બીજબળ તેમને ત્યાં સારા એવા એક પુત્રનો જન્મ થયો. તેમનું નામ ગગાભાઈ હતું. પછી શ્રીહરિ ત્યાંના મંદિરમાં મોરલીમનોહર દેવનાં ભાવથી દર્શન કરી મંદિરમાં જમ્યા ને બાવા ઉપર રાજી થયા. ત્યાંનાં પર્વતની શોભા જોઈ. **સિદ્ધાચળ** (શેત્રુંજો પર્વત) આવ્યા. બધા પર્વતોની રચના જોતાં જોતાં ગોપનાથમાં આવ્યા.

## મોટા ગોપનાથ

પછી ત્યાંથી ચાલ્યા એવા શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે ફરતા ફરતા શ્રી મોટા ગોપનાથ પધાર્યા ને ત્યાં ગોપનાથ મહાદેવનાં દર્શન કર્યા. તે વખતે ત્યાં મંદિરના મહંત **નૃસિંહાનંદ બ્રહ્મચારી** હતા. તેમણે બટુક નીલકંઠ બ્રહ્મચારીની તેજોમય અને સુંદર મનોહર મૂર્તિ જોઈને તેમનાં અંતરમાં એકદમ શાંતિ થઈ અને તેમના

મનમાં થયું કે આ બ્રહ્મચારી કોઈ મહાન યોગી છે. મહંતે મહાતપસ્વી જાણીને થાળ કરાવી જમાડ્યા ને સારી જગ્યાએ આસન કરાવ્યું.

પછી દિવસના ચાર વાગ્યે નીલકંઠવર્ણી મહંત અને તેમના શિષ્યોને લઈ સમુદ્રમાં નાવા ગયા. ત્યાં નાહીને બેઠા ત્યારે નીલકંઠ તો પોતાને ફરતે રેતીની એક વેંત ઊંચી પાળ કરીને બેઠા. ત્યારે મહંતના મનમાં થયું કે આ બ્રહ્મચારી બાળકની જેમ કેમ રમત કરે છે. ત્યારે મહંતે નીલકંઠને કહ્યું કે સાંજની આરતીનો સમય થયો છે. માટે ચાલો મંદિરે જઈએ. ત્યારે નીલકંઠે ના પાડીને કહ્યું કે દરિયાકિનારે સુંદર વાતાવરણ છે. તો ધ્યાન કરવાની મજા આવે. માટે રાત્રે તો આંહિ રહેવું છે. ત્યારે મહંતે અને તેમના શિષ્યોએ કહ્યું કે હે બ્રહ્મચારી ! આંહી તો રાત્રે વાંસજાળ પાણી આવે છે. ત્યારે નીલકંઠ કહે છે કે આપણે ભગવાનનું ધ્યાન કરીએ છીએ. એટલે જળના દેવતા વરૂણ દેવ આપણી રક્ષા કરે છે. પછી નીલકંઠે મહંતને કહ્યું કે અમારા માટે પંદર-વીસ છાણાં ને દેતવા મોકલજો તે આંહી સળગાવીને પડ્યા રહેશું.

ત્યારે મહંતે બીજા માણસ સાથે પંદર-વીસ છાણાં અને દેતવા મોકલાવ્યાં. બીજા માણસો હતાં તે સહુએ કહ્યું. આંહી તો સાંજે વાંસજાળ પાણી આવે છે. તેથી તણાઈ જાશો ને બૂડી મરશો તો પણ નીલકંઠ માન્યા નહિ. પછી બ્રહ્મચારીએ છાણાં અને દેતવા મોકલાવ્યાં. તેના નીલકંઠે આડ ખડક્યો ને સાંજ વખતે સળગાવ્યો તે વખતે સમુદ્રમાં પાણી આવ્યું ને વાંસજાળ ઊંચું ચડી ગયું ત્યારે વર્ણી રેતીના ગોળ કુંડાળામાં બેસીને ધ્યાન કરવા લાગ્યા. સમુદ્રનું પાણી મંદિરનો ગઢ હતો. ત્યાં મોજાં અથડાતાં હતાં. લોકો મંદિરના ગઢ ઉપર ચડીને પાણી જોઈ રહ્યા. મહંતને નીલકંઠવર્ણીની ચિંતા થવા લાગી તેથી તે ગઢ ઉપર ચડીને નીલકંઠને જોવા લાગ્યા. ત્યારે પાણીની અંદર ધુમાડો તથા પ્રકાશ દેખાયો પણ વર્ણી દેખાયા નહિ. પછી મહંતે અને બીજા માણસોએ વિચાર કર્યો જે, આટલા પાણીમાં અગ્નિ પણ ક્યાંથી રહે અને બ્રહ્મચારી પણ પાણીમાં તણાઈ ગયા હશે. એમ ધારીને સર્વે સૂઈ ગયા.

પછી સવારે ઉઠીને મહંત અને તેમના શિષ્યો તથા બીજા માણસો સહુ ત્યાં જોવા ગયા તો વર્ણી જેમ રેતીની પાળની અંદર બેઠા હતા. તેમને તેમ બેઠા હતા. વર્ણી જેમ માનસપુરના બગીચામાં અસુરોએ ફેંકેલા પથ્થરોની પાળ થઈ હતી. તેમ આજે સમુદ્રની અંદર રેતીની પાળ બની ગઈ હતી. તે પાળની રેતી સાવ કોરી હતી ને છાણાંની રાખનો ઢગલો પણ કોરો પડેલો હતો. તે જોઈને

સહુ વિસ્મય પામ્યા. ને બોલ્યા જે 'આ બ્રહ્મચારી નિશ્ચય ભગવાન છે.' એમ સંકલ્પ કરે છે. તે ટાણે નૃસિંહાનંદ બ્રહ્મચારીને તથા સર્વે માણસોને સમાધિ થઈ. મહારાજની મૂર્તિમાંથી તેજ નીકળવા માંડ્યું ને તેમાં અક્ષરધામને જોયું ને તે ધામને વિષે અનંતકોટિ મુક્તે વિટાણા થકા દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન મહારાજનાં દર્શન થયાં પછી સર્વેને જાગૃત કર્યાને તેજ નીલકંઠવર્ણીને વિનંતી કરીને ગોપનાથ મહાદેવના મંદિરમાં તેડી લાવ્યા ને ત્યાં પાંચ દિવસ થાળ કરીને મહારાજને જમાડ્યા ને અતિ હેતથી સેવા કરી. તે મહંત બ્રહ્મચારીએ મહારાજને બે હાથ જોડીને વિનંતી કરીને કહ્યું જે, તમે અમારી જગ્યાના માલિક બનો અને અમે તમારા સેવક બની તમારી સેવા કરીએ. ત્યારે મહારાજ કહે અમે આ વખતે મંદિરોના માલિક કે મહંત બનવા આવ્યા નથી. અમારે તો આ જગતના અનંત જીવોનો ઉદ્ધાર કરવા અમે અક્ષરધામમાંથી પૃથ્વીલોક ઉપર પ્રગટ થયા છીએ અને અમારે તો દ્વારકા આદિક તીર્થોમાં ફરીને અનેક જીવોને તારવા છે. માટે અમે તમારા મંદિરના મહંત નહીં બનીએ. પણ તમે બધાએ સમાધિમાં જે અક્ષરધામનાં દર્શન કર્યાં તેનું સ્મરણ કરી અમારો મહિમા સમજો. એમ કહીને ત્યાંથી શ્રીહરિ ચાલી નીકળ્યા.

વર્ણીએ મહંતને કહ્યું કે અમે દ્વારિકાનાં દર્શન કરવા જાશું ત્યારે ફરીથી રોકાશું એમ કહ્યું. પછી બે-ત્રણ વર્ષ પછી ગોપનાથ એક મોટું તીર્થધામ બની ગયું. મહંત રોજ નીલકંઠવર્ણીની મૂર્તિને અંતરમાં ધારતા તેથી મનમાં વિચાર્યું કે વર્ણીને તેડાવું કારણ કે તેમને મને વચન આપ્યું છે. એટલે મહંતે મહારાજ ઉપર પત્ર લખ્યો અને પોતાના અંગત માણસને પત્ર લઈને ગઢપુર મોકલ્યો. પત્રમાં મહંતે લખ્યું હતું વહેલા, વહેલા આવજો વર્ણીરાજ, તમે પ્રથમ વાર આવ્યા હતા ત્યારે હું તમારી સેવા કરી શક્યો નહિ. તમે તો સર્વ અવતારના અવતારી છો અને પૂરણકામ છો. તમે જલદી મારા હૈયાની હામ પૂરવા આવો. મહારાજે પત્ર સભામાં વંચાવ્યો અને કહ્યું કે ગોપનાથ પ્રાચીન તીર્થ જાણીને ત્યાંના મહંતે આપણને અતિ આગ્રહ કરીને તેડાવ્યા છે. તો આપણે તેના દર્શન કરવા જઈએ. એવી સંતોને તથા હરિભક્તોને આજ્ઞા કરી. ગઢપુરથી તૈયારી કરી દીધી અને રસ્તામાં સહુ સંતો તથા હરિભક્તોને જમવા માટે ભાતા બંધાવ્યાં. સૌના હૈયામાં આનંદ ઉભરાતો હતો. રાત વીતી અને સવાર થયું તો પ્રભુએ ગોપનાથ જવાનો વિચાર માંડી વાળ્યો. પણ તેનું કારણ પ્રભુએ મનમાં વિચાર કર્યો કે ગોપનાથ જવાની સંખ્યા ખૂબ મોટી થઈ ગઈ હતી અને પ્રભુના મનમાં મહંતજી ખૂબ

હેતવાળા છે. તો આટલી મોટી સંખ્યામાં બધાની સગવડ ક્યાં સાચવી શકે તેથી ગોપનાથના દર્શન કરવા જવાનો પ્રોગ્રામ શ્રીહરિએ બંધ રાખ્યો.

આ બાજુ મહંતજીએ મહારાજ પધારવાની ઘણી વાટ જોઈ પણ પ્રભુ પધાર્યા નહિ. પછી મહંતજીએ બીજીવાર પત્ર લખીને ગઢપુર મહારાજને તેડવા માટે મોકલ્યો. મહંતજી ઘણી વાટ જોઈને થાક્યા. ત્યાં તો મહંતજીનો અંતકાળ નજીક આવ્યો. ત્યારે શ્રીહરિ અને સંતો મહંતને દર્શન આપવા પધાર્યા. સંતો સહિત મહારાજ પધાર્યાં એટલે મહંતજી ખૂબ રાજી થયાં અને કહ્યું કે દયા કરીને દર્શન દેવા પધાર્યા અને પૂછ્યું કે પત્ર લખીને બોલાવ્યા ત્યારે કેમ ન આવ્યા. હે પ્રભુ ! મારા મનના મનોરથ મનની માંઈ રહી ગયા કારણ કે મારા ભંડાર ભરેલા છે. તો સેવા કરવાની આશા અધુરી રહી ગઈ એમ કહીને રુદન કરવા લાગ્યો.

મહંતજીનો ભાવ અને પ્રેમ દેખીને શ્રીહરિ બોલ્યા દુઃખ ન કરશો લગાર. અંત સમયે ધનને ન સંભાળીએ લગીર. ધન તો ભૂમિનો વિકાર છે. અંતે ભૂમિમાં સમાઈ જાય છે. ધનવાસના નિર્મૂળ કીધી. શુદ્ધભાવ ભાળી ભગવાને સદ્‌ગુરુનું જ્ઞાન આપ્યું. જ્ઞાન આપીને મહંતજીને નિઃસ્નેહ કરીને પછી તજાવ્યો દેહ, શ્રીહરિએ પ્રત્યક્ષ પરચો આપીને મહંતજીને પોતાના ધામમાં તેડી ગયા.

## ગોપનાથ મહાદેવની ઉત્પત્તિ

ગોપનાથ મહાદેવનું મંદિર પૂર્વદ્વારે સમુદ્રના સામે છે. સ્વયંભૂ મહાદેવનું લીંગ છે. ગોપનાથમાં ગોપાલયોગી રહેતા હતા અને આત્માનંદ સ્વામી પણ અહીં આવેલા હતા. મહારાજે અહીં એક માસ રહી મહાદેવની સેવા કરેલી છે. ત્યાં નૃસિંહ ભગવાનનું મંદિર, નરસિંહ મહેતાની મૂર્તિ છે. તથા રાધાકૃષ્ણનું મંદિર છે.

આ ગોપનાથની ઉત્પત્તિ નીચે પ્રમાણે બતાવેલી છે : સુરત શહેરમાં એક શેઠ રહેતા હતા. ત્યાં એક દિવસ તૈલંગ દેશના ગોવિંદાનંદ બ્રહ્મચારી આવ્યા. શેઠ તેમની પ્રેમથી સેવા કરવા લાગ્યા. શેઠને ઘેર એક ગાય હતી તે ગાય ધણમાં નિત્ય ચરવા જતી અને દશ શેર દૂધ આપતી. પછી તે ગાય દૂધ ઓછું કાઢવા લાગી. આ ગાય સામાન્ય ગાય જેવી નહોતી. પછી શેઠે ગોવાળને પૂછ્યું ગાય દૂધ ઓછું કેમ દે છે. કોઈ ગાયને દોહી લે છે. એવી અમને શંકા છે. માટે તપાસ કરજો. નહિ તો ગાય ચોરાઈ નહિ મળે. પછી ગોવાળે તપાસ રાખી તો ગાય સમુદ્રમાં જતી દીઠી. તેના વચ્ચે એક ટાપુ હતો. આ ટાપુની અંદર સ્વયંભૂ મહાદેવનું લીંગ હતું. આ લીંગ ઉપર દરરોજ ગાય જઈ પોતાના આંચળમાંથી

દૂધની ધાર કરીને સ્વયંભૂ લીંગનો અભિષેક કરતી તેથી ઘરે આવીને દૂધ ઓછું આપતી તેથી ગોવાળને ખ્યાલ આવ્યો કે શેઠ કહે છે તે વાત સાચી છે. શેઠને બધી હકીકત કહી.

પછી શેઠ ગોવિંદાનંદ બ્રહ્મચારીને ગાય વિષે બધી વાત કરી. આ ગોવિંદાનંદ બ્રહ્મચારી સિદ્ધદશાને (સમાધિ) પામેલા હોવાથી તેમને ત્રણ કાળનું જ્ઞાન હતું. તેથી શેઠને કહ્યું કાલ સવારે ગાયને ધણમાં મોકલી આપણે રૂબરૂ જઈને તપાસ કરીએ. બીજા દિવસે ગાયને ધણમાં મોકલી. પછી શેઠ અને ગોવિંદરામ બ્રહ્મચારી નાવમાં બેસીને સમુદ્રમાં ગયા. તે વખતે શેઠની ગાય ટાપુ ઉપર આવી જ્યાં સ્વયંભૂ લીંગ હતું. તેના ઉપર પોતાના દૂધની ધાર કરીને અભિષેક કર્યો અને પાછી ધણ ભેગી આવી ગઈ. આ દૃશ્ય શેઠ અને બ્રહ્મચારીએ જોયું અને ત્યાં ખોદકામ કરાવ્યું તો ત્યાં શંકરનું સ્વયંભૂ લીંગ નીકળ્યું. તેથી બ્રહ્મચારીએ શેઠને કહ્યું કે સ્વયં મહાદેવ પ્રગટ થયા છે. તો ત્યાં સુંદર મંદિર બનાવો. શેઠ બ્રહ્મચારીના કહેવાથી ત્યાં સુંદર મંદિર બંધાવીને ગોવિંદાનંદ બ્રહ્મચારીને પૂજારી તરીકે રાખ્યા. બ્રહ્મચારીએ મંદિરમાં રહીને સ્વયંભૂ મહાદેવની સેવા કરી તે લીંગનું નામ ગોપનાથ મહાદેવ રાખ્યું. કારણ કે ગો એટલે જમીન પ એટલે પ્રગટ. સ્વયં મહાદેવ જમીનમાંથી સ્વયં લીંગરૂપે મહાદેવ પ્રગટ થયા એટલે ગોપનાથ મહાદેવ નામ રાખવામાં આવ્યું.

ગોવિંદાનંદ બ્રહ્મચારીના શિષ્ય આનંદાનંદ વર્ણી થયા. તેના શિષ્ય આત્માનંદ વર્ણી (આત્માનંદ સ્વામી) યોગ સિધ્ધ હતા. ત્યાં રામાનંદ સ્વામીએ તેમને ગુરુ કર્યા અને અષ્ટાયોગ સિદ્ધ કર્યો હતો. ત્યાં નીલકંઠ વર્ણીએ ગોપનાથ મહાદેવની સેવા પૂજા કરી અને અભિષેક કર્યો.

શ્રીહરિએ ગોપનાથ મહાદેવના મહંતજી નૃસિંહાનંદ બ્રહ્મચારીનો ઉદ્ધાર કર્યો અને શ્રીહરિ ગોપનાથ મહાદેવમાં પાંચ દિવસ રોકાયા. ત્યાંથી નજીકમાં સમુદ્રના કાંઠે વરાહતીર્થ છે. ત્યાં થોડા દિવસ રોકાયા ત્યાંથી શ્રીહરિ ચાલ્યા.

**નોંધ :** આ લીલા ચારધામના પુસ્તકમાંથી લેવામાં આવી. લેખક : ધર્મજીવનદાસ સ્વામી ભુજમંદિર.

## પીથલપર

શ્રીહરિ ગોપનાથ મહાદેવથી પોતાની નાસિકાદૃષ્ટિ રાખીને વેગપૂર્વક ચાલતા હતા. સામે એક બાઈ મળી. નીલકંઠની વીજળી જેવી ગતિ જોઈને તે

બાઈ સ્થિર થઈ ગઈ. વર્ણીની મૂર્તિમાં તેને વિભૂતિ સ્વરૂપનો ભાવ થયો. તેથી એકાએક તેનાથી બોલાઈ ગયું. હે મહારાજ ! ઉભા રહો. વર્ણી આ શબ્દો સાંભળીને ઉભા રહ્યા અને પાછળ જોયું તો તે બાઈ વર્ણી સામે દોડીને તેમની પાસે આવી એકદમ સ્તબ્ધ થઈ ગઈ. વર્ણીની આવી મનોહરમૂર્તિ જોઈને વર્ણીમાં મનની વૃત્તિ ખેંચાણી અને વર્ણીના દર્શન કરતી રહી. ત્યારે વર્ણીએ તે બાઈને પૂછ્યું. આ લોટામાં શું છે ? તેણે કહ્યું કે આ લોટામાં દૂધ છે મહારાજ. આપ આ દૂધ પી જાઓ. એટલે વર્ણીએ પોતાના કમંડળમાં દૂધ ગાળીને લીધું અને પી ગયા. વર્ણીને દૂધ પીતા જોયા ત્યારે તે બાઈએ કહ્યું કે મારું નામ જાનબાઈ છે. હું બાજુના ગામ પીથલપરમાં રહું છે. અને જાતિએ અમે ખોજા ઠક્કર છીએ. જાનબાઈને શ્રીહરિને સતત જમાડવાનો સંકલ્પ હતો તે અધુરો રહેવાથી પછી પાંચુમાના ત્યાં નાની દીકરી થઈ જન્મ્યા. પાંચ વર્ષ દીકરીએ શ્રીહરિને જમાડ્યા તરત દેહ છોડી દીધો. પાંચ વર્ષની દીકરી પાછળ દાદાખાચરના પરિવારે ખૂબ રોકકળ કરી અને મહારાજની સેવાને ભૂલી ગયા. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે પાંચ વર્ષની દીકરી પાછળ અમને પણ ભૂલી ગયા. એ પાંચ વર્ષની દીકરી પૂર્વે પીથલપરના જાનબાઈ હતા. તેમને અમને જમાડવાનો સંકલ્પ હતો. તેથી તમારે ઘરે બાળકી બનીને આવ્યા. તેમણે અમને થાળ જમાડ્યો એટલે તેમનો સંકલ્પ પૂરો થયો એટલે અમારા ધામમાં ચાલ્યા ગયા. તેમની પાછળ રોકકળ કરવાનું ન હોય કારણ કે એ મુક્તજીવ છે.

રોજ ગાયનું દૂધ મહાદેવને ચડાવવાનો મારો નિયમ છે. પણ રસ્તામાં કોઈ વૈરાગી સંત કે બ્રહ્મચારી મળે તો એ દૂધ તેમને પાઈ દેવાનો મારો નિયમ છે. બાઈનું વચન સાંભળી નીલકંઠે કહ્યું હે જાનબાઈ ! આજે અમને આપેલું દૂધ સાક્ષાત્ મહાદેવે અંગીકાર કર્યું છે. આમ કહી વર્ણીએ એ બાઈ ઉપર કૃપાદૃષ્ટિ કરી દિવ્યદૃષ્ટિ તેના ઉપર કરી તેથી બાઈના અંતરમાં શાંતિના શેરડો પડી ગયો. પછી વર્ણીએ કહ્યું કે તમારા પુત્રને થોડા સમય પછી અમારી પાસે ગઢપુર મોકલજો. જાનબાઈના પુત્ર હરજી ઠક્કર એ લાધા ઠક્કરના ભાઈ થાય છે. હરજી ઠક્કર પોતાની ધન-સંપત્તિને તજીને કાયમ શ્રીજી મહારાજના કારભાર સંભાળવા રહ્યા. જાનબાઈએ નીલકંઠને દૂધ પાયું તેનું બીજ બળ થયું તેથી હરજી ઠક્કરને કાયમ માટે શ્રીજી મહારાજ પાસે રહેવાનું થયું. ત્યાંથી શ્રીહરિ ઝાંઝમેર ગામ ગયા. ત્યાંથી કલસાર ગામમાં આવ્યા.

## કલસાર

શ્રીહરિ કલસાર ગામમાં પધાર્યા. ત્યારે ગામના લોકોએ ભેગા થઈને કહ્યું કે હે બાવાજી ! અમે અમારા ગામમાં કોઈ અજાણી વ્યક્તિને પેસવા દેતા નથી. માટે તમે ગામ બહાર નીકળો. તરત જ નીલકંઠ વર્ણી ગામ બહાર એક ખરાની અંદર આખી રાત ધ્યાન કર્યું. સવાર થતાં ત્યાંથી આગળ ચાલ્યા ત્યાં રસ્તામાં માલણ નદી આવી તેમાં સ્નાન કરી શ્રીહરિ નદી રેતીના કિનારા ઉપર પોતાનો નિત્યક્રમ પતાવીને ધ્યાન કરતા હતા. તે વખતે મહુવાના પીતાંબર શેઠ ગાડામાં દુકાનનો માલ ભરીને કલસાર જતા હતા. ત્યાં નદીના કિનારે નીલકંઠવર્ણીની સુંદર સુશોભિત અને મહાતેજસ્વી મૂર્તિના દર્શન થયાં. પીતાંબર શેઠ પોતાનું ગાડું ઊભું રાખી નીલકંઠવર્ણી પાસે આવીને બે હાથ જોડીને વંદન કર્યા. પ્રભુએ ધ્યાનમાંથી જાગીને પૂછ્યું તમારું નામ શું છે. ત્યારે તેમણે કહ્યું કે મારું નામ પીતાંબર શેઠ છે. હું મહુવામાં રહું છું અને મારો ધંધો આ કલસાર ગામ છે. ગાડામાં માલ ભરીને કલસાર જાઉં છું ત્યારે વર્ણી બોલ્યા કે એવા ગામમાં શું ધંધો કરો છો ? પીતાંબર શેઠે મનમાં વિચાર્યું કે વીસ અને પચીસ વર્ષથી ધંધો કરું છું. પણ પૈસો બચતો નથી માટે આ વર્ણીની વાત સાચી છે. વર્ણીએ પીતાંબર શેઠને કહ્યું કે તમે મહુવામાં ધંધો કરો. જેથી ભગવાન તમારી ગરીબીને દૂર કરશે એવા આશીર્વાદ આપ્યા. પછી પીતાંબર શેઠ પોતાના ગાડામાંથી સાકર અને ટોપરું લાવીને મહારાજ આગળ મૂક્યું પછી વર્ણીએ શાલીગ્રામ ભગવાનને ધરાવીને પોતે જમ્યા અને બાકીની પ્રસાદી પીતાંબર શેઠને આપી. પીતાંબર શેઠે વર્ણીના કહેવાથી મહુવામાં ધંધો કર્યો તેનાથી ખૂબ ધન કમાયા. તેમને ત્રણ પુત્ર હતા. નરસિંહ, દામજી અને જેઠો એ ત્રણ પુત્રો જ્યારે જુદા થયા. ત્યાર પછી તેમને ધનસંપત્તિ જોખી જોખીને ભાગ પાડ્યા. એટલી ધન-સંપત્તિ થઈ. પીતાંબર શેઠે વર્ણીને જમાડવાના બીજબળના કારણે થઈ અને એક સારાં હરિભક્ત બન્યા. ત્યાંથી શ્રીહરિ મહુવામાં પધાર્યા.

## મહુવા ગામ

શ્રીહરિ મહુવામાં પધાર્યા ત્યાં લક્ષ્મીનારાયણના તથા શંકરજીનાં દર્શન કર્યાં. મંદિરમાં એક આંબલીના વૃક્ષ હેઠે મૃગચર્મ પાથરીને બેઠા. ત્યાં ભગવાન પિતાંબર શેઠ ફળાહાર લાવ્યા. તે પોતે જમ્યા. શેઠને પ્રસાદી આપી. પછી

બીજે દિવસે તે મંદિરના મહંતજી સીતારામ બાવાને (બાલકરામ) એવો ચમત્કાર બતાવ્યો જે આ વર્ણી લક્ષ્મીનારાયણ દેવ છે. એવો ભાવ થયો તેથી વર્ણીને જમાડીને પૂજા કરી. વર્ણીને એક ધોતિયું ઓઢાડ્યું અને કહ્યું જે હે વર્ણી ! તમે અહીં રહો કેમકે તમો ભગવાન છો. ત્રીજા દિવસે બાવા ફુલાવરણની જગ્યામાંથી સીધું આવ્યું. તેની રસોઈ કરી શ્રીહરિ જમ્યા. શ્રીહરિ દરરોજ તલ ગાજરડાના આરે સ્નાન કરતા એમ વર્ણી મહુવામાં ત્રણ દિવસ રોકાયા.

ત્યાંથી શ્રીહરિ ડોળીએ આવ્યા ત્યાં વિપ્ર વિઠ્ઠલને ઘરે જમ્યા. ત્યાંથી આગળ ચાલ્યા પટવે આવ્યા. ત્યાં રાયણના વૃક્ષ નીચે રાતવાસો રહ્યાં. ત્યાંથી શ્રીહરિ પીપાવાવે આવ્યા.

## પીપાવાવ

શ્રીહરિ પીપાવાવ પધાર્યા. ત્યાં પીપાભક્તના સદાવ્રતમાં પધાર્યા ત્યાં શ્રીહરિનું સારું સ્વાગત-સન્માન થયું. પછી સદાવ્રતમાંથી સદાવ્રત લઈને પોતે જમ્યા. ત્યાં રામલક્ષ્મણનાં દર્શન કરીને છાતીમાં બે છાપો લઈને ત્યાંના રહેનારા વૈરાગી બાવાઓને રામલક્ષ્મણ રૂપે દર્શન આપી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. આજે તો પીપાવાવ પીપાબંદર તરીકે ઓળખાય છે. શ્રીહરિ ત્યાંથી વાવેરા ગયા ત્યાંથી રાજુલા આવ્યા. આ રાજુલા ગામના પશ્ચિમે પથ્થર પ્રસાદીનો છે. દાદાખાચરની જાન સાથે શ્રીજી મહારાજે આ સ્થળે વિશ્રાંતિ લીધી હતી. ત્યાંથી શ્રીહરિ વડગામ આવ્યા ત્યાં ઉત્તર દિશામાં મસ્જિદ છે. ત્યાં રાત્રી રહીને રામપરે પધાર્યા ને ત્યાં ઉગમણો ખીજડો હતો ત્યાં બે ઘડી બેસીને આગળ ઉધમતીયો વોકળો આવ્યો તેમાં નાહીને ગામમાં જઈ ટેકરી ઉપર ચાંચુડીયા મહાદેવ હતા તેનાં દર્શન કરી ત્યાંથી ધાતરવડી નદીને કાંઠે તમરાના ઝાડ હેઠે આત્માનંદ સ્વામીએ દેહ મુક્યો હતો. તે સ્થળને પાવન કરીને શ્રીહરિ તે નદી ઉતરી ને ગામ કૌવીયે ગયા ને ત્યાં પાદરમાં કૂવો હતો તેનું પાણી પીને દક્ષિણ દિશામાં વારાહતીર્થ છે. ત્યાં પધાર્યા ને મંદિરમાં વારાહજીના દર્શન કરી રાત્રી રહીને સવારે ચાલ્યા. તે ફરતાં ફરતાં ગામ ગાંગડે વડ હેઠે જઈને બેઠાને ત્યાં થડમાં કૂવો હતો. તેનું પાણી પીને ચાલ્યા તે સામતેરે જઈને રાત્રી રહ્યા. સવારે શ્યામકુંડમાં સ્નાન કર્યું ત્યાંથી શીમર ગામમાં આવ્યા. ગામથી દક્ષિણ દિશામાં સૂર્યકુંડ જઈને શ્રીહરિ નાહ્યા અને ધર્મશાળામાં ઉતર્યા.

## ભટવદર

શ્રીહરિ રામપરથી ભટવદર આવ્યા ત્યાં ગામના ભાગોળે એક ખેડૂત બકડીયુંને લઈને સામો મળ્યો. શ્રીહરિએ તેને પૂછ્યું કે આ ગામમાં કોઈ જગ્યાએ ભિક્ષા મળે તેમ છે ? ત્યારે ખેડૂતે કહ્યું કે આ ગામમાં એક દરબાર નાગપાલ વરુનું ઘર છે. ત્યાં તમને ભિક્ષા મળશે. શ્રીહરિએ પૂછ્યું તેમનું ઘર ક્યાં છે. અમને બતાવશો ખેડૂત સારો માણસ હતો. એટલે ખેડૂત આગળ અને પાછળ શ્રીહરિ ચાલ્યાં. નાગપાલવરુની ખડકી આવી એટલે ખેડૂતે શ્રીહરિને કહ્યું આ સામે રહી ખડકી તેમની છે. શ્રીહરિએ ખડકી પાસે જઈને દરવાજો ખખડાવ્યો એટલે અંદરથી નાગપાલવરૂની પાંચ વર્ષની દીકરી જશુબાએ દરવાજો ખોલ્યો. શ્રીહરિએ તે દીકરીને પૂછ્યું કે નાગપાલ બાપુ ઘરે છે ? ત્યારે દીકરીએ કહ્યું એ તો બહારગામ ગયા છે. પણ તેમની માતૃશ્રીએ બટુક બ્રહ્મચારીની તેજોમય મૂર્તિ જોઈને કહ્યું કે આવો બ્રહ્મચારી. એટલે નીલકંઠવર્ણી તેમની ઓસરીની કિનારે મૃગચર્મ પાથરીને બેઠા. તે વખતે નાગપાલ વરૂ ખડકીમાં આવ્યા અને જોયું તો બ્રહ્મચારીને દીઠા. સૌ પ્રથમ તો મન થયું આ બ્રહ્મચારીને કાઢી મૂકું. પછી શ્રીહરિ નાગપાલવરૂની સામે દૃષ્ટિ કરી તો તેમનો ક્રોધ સમી ગયો અને માતૃશ્રીને કહ્યું આ બ્રહ્મચારીને દૂધ-સાકર કંઈ આપ્યા ? પછી નીલકંઠવર્ણીને દૂધ અને સાકરથી જમાડ્યા ત્યારે વર્ણી ચાલવાની તૈયારી કરી પણ નાગપાલવરૂએ કહ્યું કે હે બ્રહ્મચારી તમો બપોરના થાળ લઈને એક રાત રહીને જજો એટલે શ્રીહરિ તેમનો ભાવ જોઈને એક બપોરે થાળ જમ્યા અને એક રાત રહ્યા. શ્રીહરિએ એ વખતે આ જશુબા ઉપર નજર કરી હશે પછી સત્સંગમાં આવ્યા પછી શ્રીજી મહારાજે દાદા ખાચરના બીજા લગ્ન કરવા દાદા ખાચરની જાન લઈને ભટવદર આવ્યા હતા.

## શીમર ગામ

શ્રીહરિ શીમર ગામમાં આવ્યા ત્યાં ગામથી દક્ષિણ દીશામાં સૂર્યકુંડ છે. ત્યાં જઈને શ્રીહરિ નાહ્યા અને ધર્મશાળામાં ઉતારો કર્યો તે વખતે એક વણિક આવ્યો તે મૂર્તિમાન લોભ હતો. તેણે મહારાજનાં ચરણમાં સોળ ચિહ્ન જોયાં તેથી જાણ્યું જે, આવા પુરુષ જગતમાં કોઈ નથી માટે આની સેવા કરું ને સારાં સારાં ભોજન કરીને જમાડું તો પુષ્કળ ધન મળે. આ વણિકના ઘરમાં સુખ અને દુઃખ

બંને ઘર કરીને રહ્યાં હતા. ધન હોવા છતાં વણિક ગરીબની જેમ જીવન વિતાવતો હતો અને ધન ભેગું કરવામાં રહ્યો હતો. વણિકે બે હાથ જોડીને વર્ણીને કહ્યું કે અમારે ઘરે જમવા પધારશો. વર્ણીએ તેનું દુઃખ દૂર કરવા હા પાડી એટલે વણિકે પોતાના ઘરે આવીને વર્ણીને જમાડવા માટે બ્રાહ્મણ પાસે રસોઈ તૈયાર કરાવી. વણિકે રસોઈમાં દૂધપાક, પૂરી, ભજીયાં અને શાક કરાવી જમવા માટે વર્ણીને તેડવા આવ્યો. ત્યારે વર્ણી તેને ઘેર જમવા પધાર્યા. ત્યારે વણિકે વર્ણીના માટે બે બાજોઠ મૂક્યા એક બાજોઠ ઉપર વર્ણી બેઠા. બીજા બાજોઠ ઉપર થાળ મૂક્યો. વર્ણી શાલિગ્રામ ભગવાનને જમાડીને પોતે જમવા લાગ્યા ત્યારે વણિક કહે હે બ્રહ્મચારી બરોબર જમજો. એમ કહે તો જાય અને મનમાં સોનામહોરનું લીસ્ટ તૈયાર કરતો જાય. વણિકના મનમાં હમણાં બ્રહ્મચારી જમીને મને કંઈક આશિષ આપશે. વર્ણી તો જમી રહ્યા. પણ કંઈ આશિષ આપ્યા નહિ એટલે વણિક બોલ્યો કે હે બ્રહ્મચારી તમે બરાબર જમીને તૃપ્ત થયા કે નહિ. વર્ણી કહે હા બરાબર તૃપ્ત થયા. ત્યારે વર્ણી કહે તારે શું જોઈએ છે. ત્યારે વણિક બોલ્યો કે મારે ધન જોઈએ છે. આશિષમાં મને ચાલીસ કે પચ્ચાસ લાખની સોનામહોર આપી દો. વર્ણીએ વણિકની વાત સાંભળી મનમાં હસવું આવ્યું કારણ કે વણિકની લોભની વૃત્તિ ઉપર મહારાજને હસવું આવ્યું એ વખતે નીલકંઠે વણિકને કંઈ આશિષ આપ્યા વગર જમીને પોતાના ઉતારે આવ્યા.

શ્રીહરિ ધર્મશાળામાં રાત્રી રહીને સવારે વહેલા ઉઠીને ચાલ્યા ત્યારે તે વણિક વહેલા ઊઠીને ધર્મશાળામાં આવ્યો. શ્રીહરિને વળાવવા આવ્યો ને અંતરમાં દ્રવ્યની ઈચ્છા તેથી એક ગાઉ સુધી ચાલ્યા ત્યારે મહારાજે કહ્યું, શેઠ ! પાછા વળો, ત્યારે તે કહે, તમે મને શ્રીમંત કરો કે અગણિત ધન આપો. જેથી જગતમાં મારી પૈસાદારમાં ગણતરી થાય. તમે દયાળુ છો માટે મારું દારિદ્ર કાપો ને તમે મોટા છો.

એમ જાણીને મેં તમારી સેવા કરી છે. તે સાંભળીને મહારાજે કહ્યું ''હું તને અવિચળ ધામ આપું. જેથી અવિનાશી સુખ રહે ને ધનમાં તો કશો માલ નથી ને નાશવંત છે. તેથી તું શું ન્યાલ થનારો છે ?'' ત્યારે તે વાણિયો કહે, હે કૃપાનાથ ! હું બીજી વાત કાંઈ પણ ન જાણું. મને તો બહોળું ધન આપો. કારણ કે ''ધનથી મોટા યજ્ઞ થાય છે ને સ્વર્ગે પણ જવાય છે અને આ લોકમાં પણ પૈસાવાળાનો સત્કાર થાય છે. માન અને મોટપ ધનથી વધે છે. ને આબરું ઈજ્જત પણ તેની જ કહેવાય છે ને ગરીબને તો કોઈ બોલાવતું નથી. માટે પૈસા જ જગતમાં પ્રભુતા ભોગવે છે.'' એવાં ઘણાંક તેણે વચનો કહ્યાં. તેનો

મહારાજે બહુ બહુ નિષેધ કર્યો તો પણ તે વાણિયો કહે, “હે મહારાજ ! મને તો ધન જ પ્યારું છે.” ત્યારે મહારાજે દયા લાવીને કહ્યું “જા તને ધન મળશે અને તારે ત્યાં કદી પૈસા ખૂટશે નહિ.” એમ વર દઈને ચાલી નીકળ્યા.

**તુલસીશ્યામ :** શ્રી હરિ તુલસીશ્યામમાં પધાર્યા. ત્યાં શ્યામવર્ણી હસતી સુંદર મૂર્તિનાં દર્શન કર્યા. તુલશીશ્યામમાં શ્રીહરિએ ચક્રકાંતિ થયા એટલે શ્રીહરિએ ત્યાં છાતીમાં તથા હાથો ઉપર બે બે છાપો લીધી. ત્યાં ઠંડા અને ગરમ એ બે પ્રકારના કુંડમાં શ્રીહરિ નાહ્યા. ત્યાં થોડા દિવસ રોકાઈ ત્યાંના પર્વતની રચના જોઈ. ત્યાંથી ગુપ્ત પ્રયાગમાં આવ્યાં.

## ગુપ્ત પ્રયાગ

ગુપ્તપ્રયાગમાં ૭ કુંડ છે, ગુપ્તનાથ મહાદેવનું મંદિર, શેષશાયી નારાયણ ભગવાનનું મંદિર, રાયણનું વૃક્ષ પ્રસાદીનું છે.

નીલકંઠ વર્ણી ફરતા ફરતા ગુપ્ત પ્રયાગમાં આવ્યા. ત્યાં રેવતી બળદેવજીનાં દર્શન કરીને તથા ગુપ્તનાથ મહાદેવના, શેષશાયી નારાયણનાં દર્શન કરીને ત્યાં ગંગા, જમુના અને સરસ્વતી એમ ત્રણે કુંડોમાં સ્નાન કરીને ત્યાં ભારે મોટું રાયણનું વૃક્ષ હતું. તેના થડને ઓઠીગણ દઈને પગ ઉપર પગ ચઢાવીને ઉગમણે મુખારવિંદે બેઠા. ત્યાં બળદેવજીનો પૂજારી નૃસિંહાનંદ વર્ણીના ચરણાર્વિંદમાં સોળ ચિન્હનાં દર્શન કરી મનમાં વિચારવા લાગ્યો કે આ કોઈ મોટા પુરુષ છે. એમ વર્ણીની અંદર ખૂબ ભાવ થયા. તેથી રેવતી-બળદેવજીનો થાળ લાવી વર્ણીને જમવા આપ્યો. તેથી વર્ણી તેનો ભાવ જોઈને પ્રેમથી જમ્યા અને રાયણ નીચે આસન કર્યું. અહીં રોજ કુંડમાં સ્નાન કરીને નીલકંઠ તીર્થવાસીઓને ઉપદેશ આપતા હતા. તે વખતે દેલવાડામાં રહેતા વડનગરના નાગર બ્રાહ્મણ ભના પાઠક વર્ણીને પોતાના ઘરે લઈ જઈને ખૂબ ભાવથી જમાડ્યા અને કહ્યું હે બ્રહ્મચારી  તમે ગુપ્તપ્રયાગમાં રહો ત્યાં સુધી અમારા ઘરે જમવા આવજો. પ્રભુ તેનો ભાવ જોઈ શ્રીહરિ ગુપ્તપ્રયાગ દોઢ માસ રહ્યાં. ભના પાઠકને ત્યાં જમતા. કોઈક ટાઈમ પુજારી જમાડતા. પુજારી વર્ણીની ખૂબ સેવા કરતા. તે સ્થાનકમાં પાણી ખારું હતું. તેથી પુજારી ગામ ઉનાથી પાણી લાવીને તે વર્ણીને પાતો એવી રીતે દસ-બાર દિવસ થયા ત્યારે વર્ણીએ તેને પૂછ્યું કે તમે પાણી ક્યાંથી લાવો છો ? ત્યારે પૂજારી કહ્યુ ંકે અહીં પાણી ખારું નીકળે છે. તેથી તમારા સારું ઉનાથી પાણી લાવું છું. ત્યારે વર્ણી તેની પાણી પાવાની સેવા અને તેનો ભાવ જોઈને ખૂબ

રાજી થયા. પૂજારીએ વર્ણીને કહ્યું કે અહીં તીર્થ કુંડ પવિત્ર છે. તેથી હજારો લોકો આવે છે. પણ પાણીના અભાવના કારણે તેઓ નિરાશ થાય છે. પછી પૂજારી એ વર્ણીને મોટા પુરુષ જાણીને મહારાજની પ્રાર્થના કરીને કહ્યું, હે વર્ણી ! આ કુંડમાં બારે માસ પાણી રહેતું નથી. ઉનાળામાં સુકાઈ જાય છે. માટે આપ દયા કરો તો કુંડમાં કાયમ પાણી રહે એવું કરો.

ત્યારે મહારાજે કુંડના મધ્યમાં પોતાના ચરણનો અંગુઠો અડાડીને પૂજારીને કહ્યું કે અહીં ખાડો ખોદો. પૂજારીએ વર્ણીના વચનમાં વિશ્વાસ રાખીને ખોદું તો ત્યાં સ્વયં ગંગાજી પ્રગટ થયા. પાણીથી આખો કુંડ ભરાઈ ગયો. (હાલમાં પણ તે કુંડ ભરાઈ નદી ચાલે છે.) પાણી પણ દૂધિયા રંગનું છે. ત્યાં ગંગા, જમુના અને સરસ્વતી એમ પાકા બાંધેલા ત્રણ કુંડો છે. પાણી દૂધિયા રંગનું છે પણ ખૂબ મીઠું છે. ઉનાથી ગુપ્તપ્રયાગ નજીક છે. રાયણનું ઝાડ હતું ત્યાં થાળામાં શિવલિંગ પધરાવ્યું છે અને પ્રસાદીના રાયણવૃક્ષનું થડ ઉનાના મંદિરમાં દર્શનાર્થે રાખ્યું છે.) આવો ચમત્કાર જોઈને તે બ્રહ્મચારી બળદેવજીને તથા નીલકંઠવર્ણીને સારી રીતે થાળ જમાડતા. વર્ણીએ પૂજારીને કહ્યું કે હવે તમારે પાણી લેવા ઉના જવું નહિ પડે અને યાત્રિકોને પાણીનો અભાવ રહેશે નહિ. અને આ કુંડમાં બારેમાસ પાણી રહેશે આવી રીતે શ્રીહરિએ પૂજારીનું અને તીરથવાસીઓનું દુઃખ દૂર કર્યું. વર્ણીએ પૂજારીને બળદેવજીરૂપે દર્શન આપી તેનું કલ્યાણ કર્યું. શ્રીહરિ ગુપ્તપ્રયાગમાં દોઢ માસ રહ્યા.

શ્રીહરિ છેલ્લે દિવસે ભના પાઠકના ત્યાં જમવા ગયા ત્યારે નીલકંઠવર્ણીએ ભના પાઠકને કહ્યું હવે અમે આગળ તીર્થયાત્રા કરવા જઈશું ત્યારે ભના પાઠકે વર્ણીને પૂછ્યું, 'યતિરાજ, આપનું નામ શું ?' ત્યારે નીલકંઠે ભવિષ્યવાણી ઉચ્ચારતાં કહ્યું, "અમારું અત્યારે નામ તો નીલકંઠ છે. પણ ભવિષ્યમાં લોકો અમને સહજાનંદ નામથી ઓળખશે." ભના પાઠક નીલકંઠના ભવિષ્યકથનથી આનંદિત થઈ ગયા. શ્રીહરિ ત્યાંથી ઉના ગામમાં આવ્યા.

**નોંધ :** આ લીલા ચારધામમાંથી લીધી છે. લેખક : ધર્મજીવનદાસ સ્વામી, ભુજ મંદિર.

## ઉનાગામ

શ્રીહરિ ઉના ગામમાં પધાર્યા. ત્યાં રાજાશાહી વખતે ગોળાકાર તળાવ બાંધેલું. તેના કાંઠે એક ગરનાળું બાધેલું. તે ગરનાળા ઉપર એક વૃક્ષ હતું.

તેની નીચે શ્રીહરિએ ઉતારો કર્યો. શ્રીહરિ તે વૃક્ષની નીચે ધ્યાન કરતા હતા. તે વખતે ઉના ગામના બે શેઠીયા (વાણિયા) બહાર ફરવા નીકળ્યા હતા તે બે શેઠીયા એક ગણેશશેઠ અને બીજા હંસરાજ શેઠ હતા. આ બે શેઠીયા ગરનાળા ઉપરથી ચાલતા હતા. ત્યાં તેમની નજર આ વર્ણી ઉપર પડી. વર્ણીની મનમોહક મૂર્તિ જોતાં બે શેઠિયાને વર્ણી ઉપર ભાવ થયો. બંને શેઠિયા વર્ણીની પાસે આવી નમસ્કાર કર્યા. ત્યાં વર્ણી ધ્યાનમાંથી જાગ્યા. ત્યારે બંને શેઠિયાએ કહ્યું કે હે બ્રહ્મચારી કંઈ જમશો ? ત્યારે વર્ણીએ કહ્યું કે જે તૈયાર હશે તે લાવો તો જમીશું. ત્યારે ગણેશ શેઠ પોતાના ઘરે આવ્યા ત્યાં ખીચડી હતી. તેમાં ઘી નાંખીને લાવ્યા. ગણેશ શેઠે કહ્યું કે હે બ્રહ્મચારી ! તમે શેમાં જમશો. ત્યારે નીલવર્ણીએ ગણેશ શેઠને કહ્યું કે તમે ખીચડી શિલા ઉપર મૂકી દો. પછી શ્રીહરિ શીલા ઉપર બેસીને શિલા ઉપર ખીચડી મંદહાસ્યથી જમતા. તે વખતે આ બંને શેઠિયાઓને શ્રીહરિની જમતી મૂર્તિના દર્શન કરી પોતાના અંતરમાં ઉતારી પછી બંને શેઠિયાઓ શ્રીહરિને પગે લાગીને પોતાના ઘરે ગયા. શ્રીહરિ ઉનાના ગરનાળામાં ત્રણ દિવસ રોકાયા હતા.

ગણેશ શેઠે શ્રીહરિને ખીચડી જમાડવાથી તેમના બીજબળથી પાકા સત્સંગી થયા અને ઉના ગામમાં રાઘવાનંદસ્વામી અને વ્રજાનંદસ્વામી દ્વારા સારો સત્સંગ થયો. આ ગણેશ શેઠ આ બંને સંતોના સમાગમથી એકાંતિક ભક્ત થયા. આ ગણેશ શેઠ જુનાગઢમાં રાધા-રમણ દેવની પ્રતિષ્ઠા થઈ તેમાં રાધા-રમણ દેવના મુખ્ય યજમાન હતા. ગણેશ ઉનામાં સંતોની ખૂબ સેવા કરતા. આ ગણેશ શેઠ એક વખત ગઢપુરમાં શ્રીજી મહારાજનાં દર્શન કરવા આવ્યા. એ વખતે સંતોએ કહ્યું આ ગણેશ શેઠ ખૂબ સેવાભાવી છે. સંતોની ખૂબ સેવા કરે છે. તેમને ધન-સંપત્તિ બાબતમાં તો સુખ છે. પણ તેમને કોઈ સંતાન નથી. તેથી તેમને ત્યાં એક પુત્ર થાય તેમ કરો. ત્યારે શ્રીજી મહારાજે ગણેશ શેઠને કહ્યું કે તમારે પુત્ર કાયમ અમર રહે કે તેનું મૃત્યુ થાય તેવો જોઈએ છે. ત્યારે ગણેશ શેઠ મહારાજને કહે છે કાયમ માટે જીવીત રહે તેવો આપો તો સારું ત્યારે શ્રીજી મહારાજે ગણેશ શેઠને રાજી થઈને પોતે સેવેલા (પૂજેલા) લાલજી ગણેશ શેઠને આપ્યા. ત્યારે ગણેશ શેઠ મહારાજને કહે છે કે ભગવાનને પુત્ર બનાવું ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે કૃષ્ણ યશોદાના પુત્ર હતા તેમ આ લાલજી તમારા પુત્ર છે. ગણેશ શેઠે ખૂબ ભાવથી મહારાજે આપેલા લાલજી પુત્ર તરીકે સ્વીકાર્યા. ખૂબ જતન કર્યું. પછી શેઠ પોતાની તમામ પેઢી ઉપર લાલજી ગણેશનું નામ રાખ્યું. આ ગણેશ

શેઠને શ્રીજી મહારાજને ઉનામાં લાવીને હાથીની અંબાડી ઉપર બેસાડી આખા ઉના ગામમાં ફેરવવાનો સંકલ્પ કર્યો. પણ આ શેઠ તેમના ધંધામાંથી આજ જઉં કે કાલે જઉં એમ વાયદામાં સમય ગયો પણ આ શેઠ જેઠ સુદ-૧૦ દિવસે નીકળી એકાદશીના દિવસે ગઢપુર પહોંચ્યા. ત્યાં તો શ્રીજી મહારાજે પોતાની લીલાને સંકેલીને પોતાના દેહનો ત્યાગ કરીને પોતાના ધામમાં ગયા. આ ગણેશ શેઠ એકાદશીના દિવસે પહોંચ્યા ત્યારે તેમને ઘણું દુઃખ થયું અને પોતાનો સંકલ્પ અધૂરો રહ્યો તેથી ખૂબ રુદન કરવા લાગ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ શેઠને આશ્વાસન આપીને પોતાની પાસે રાખેલા શાલીગ્રામ શેઠને આપ્યા અને કહ્યું કે શ્રીજી મહારાજે વન વિચરણ વખત સાત વર્ષ સુધી પોતાના ગળામાં રાખ્યા અને તેમને પૂજ્યા હતા. આ શાલીગ્રામ સ્વયં મહારાજે પૂજેલા છે. માટે તમે ઘરે લઈ જઈ પધરાવજો. આ શાલીગ્રામ વચ્ચે સોનાના રેખવાળા હતા. ગણેશ શેઠ લાલજી અને શાલીગ્રામની ખૂબ સેવા કરી પછી ઉના નારાયણદાસ સ્વામી દ્વારા ત્યાં શિખર બંધ મંદિર બનાવ્યું. તેમાં પારણિયું બનાવી તેમાં લાલજી અને શાલીગ્રામ બંને દર્શનાર્થે પધરાવેલા છે. ઉના ગામના મંદિરમાં નીલકંઠવર્ણી ગુપ્તપ્રયાગમાં જે રાયણના વૃક્ષ નીચે બેસીને ધ્યાન કર્યું હતું તે વૃક્ષનું થડ પણ દર્શનાર્થે મુકેલું છે. શ્રીહરિ ત્યાંથી ડોળાસા ગામ આવ્યાં.

## ડોળાસા ગામ : (ડોલાસા)

શ્રીહરિ ડોળાસા ગામમાં પધાર્યા. ડોળાસા ગામમાં આહીરો રહેતા હતા. ડોળાસા ગામમાં મુમુક્ષુ દૈવી જીવ ભલો ભરવાડ રહેતો હતો. તેને ભગવાન મેળવવા માટે તે સદાવ્રત ચલાવતો હતો. આ ભલા ભરવાડે એક નિયમ લીધો હતો કે કોઈ સાધુ, સંત કે બ્રહ્મચારી કોઈ વૈરાગી આવે તેને જમાડીને જમવાનો નિયમ હતો. તે સદાવ્રતમાં ગાયનું દૂધ અને બાજરીનો રોટલો આપતો. આ ડોળાસા ગામ સોમનાથથી દ્વારકા જતાં રસ્તા ઉપર આવે એટલે ભલાના આ સદાવ્રતમાં ઘણા યાત્રાળુ આવતા.

આજે શ્રીહરિ આ ભલાનું કલ્યાણ કરવા માટે વગર આમંત્રણે તેના સદાવ્રતમાં પધાર્યા છે. કહેવત છે કે જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો ! શ્રીહરિ સાંજના ચાર-પાંચ વાગ્યાના સમયે નેસડે પધાર્યા. નેસડો એટલે ભક્તનો પ્રેમ (ભાવ) આ નેસડામાં ભલો સંતોને જમાડતો અને સદાવ્રત ચલાવતો તેથી શ્રીહરી તેના ઉપર ખૂબ રાજી થઈને તેના નેસડે પધાર્યા. શ્રીહરિ આ નેસડામાં પધાર્યા ત્યારે

ભલો પોતાની ગાયોને ચારીને પાછો ઘેર આવી ગયો હતો. જ્યારે નીલકંઠવર્ણી આ નેસડામાં પધાર્યા ત્યાં તો ત્યાં નવો સૂર્ય ઉદય થયો હોય તેવું લાગ્યું. આ ભલાએ નીલકંઠવર્ણીની મનમોહક અને તેજોમય મૂર્તિ જોઈને ભલો વર્ણીની સામે દોડ્યો અને ચરણે નમીને કહ્યું કે ભલે પધારો બ્રહ્મચારી ! ભલાએ શ્રીહરિને ખાટલા ઉપર ગોદડી પાથરીને ખૂબ ભાવથી બેસાડ્યા. (શ્રીહરિ એક શીલા ઉપર મૃગચર્મ પાથરીને બેઠા)

પછી શ્રીહરિને જમાડવા માટે ભલાએ સરસ બાજરીના રોટલા અને ગાયોનું દૂધ તૈયાર કરીને શ્રીહરિની આગળ થાળ મૂક્યો ત્યારે નીલકંઠ વર્ણીએ જમવાની ના પાડી. એટલે ભલાએ નીલકંઠને કહ્યું કે કેમ જમવાની ના પાડોશો. જો તમે જમશો નહીં તો આ ભલો પણ જમશે નહિ. કારણ કે મારે નિયમ છે કે કોઈ સાધુ પુરુષને જમાડીને જમવાનો એટલે વર્ણી બોલ્યા કે એકલું દૂધ લાવો તો પીશું. એટલે ભલાએ દૂધ ગાળીને શ્રીહરિને આપ્યું. એટલે મહારાજે ભલા ભરવાડનો પ્રેમ જોઈને ગાયનું દૂધ પીધું. તે વખતે ભલા ભરવાડના ગુરુ ત્યાં આવ્યા. ભલાએ પોતાના ગુરુને પ્રેમથી જમાડ્યા. આ ભલાના ગુરુ સારાં ભજન ગાતાં તેથી તે રાત્રે બાવાજીએ સારાં ભજન ગાયા તેથી શ્રીહરિ બાવાજી ઉપર ખૂબ રાજી થયા. બાવાજીના ભજનના અવાજથી નેસડો ગુંજી ઊઠ્યો. મોડી રાત્રે સૌ સૂતા.

ભલા ભરવાડે વર્ણી અને બાવાજી માટે એક ગોદડી પાથરીને પથારી કરી હતી. એટલે વર્ણી એક બાજુ અને બાવાજી બીજી બાજુ સુતા હતા. બાવાજી પથારીમાં પડખું ફરે ત્યારે પોતાની ટેવ (નિયમ) મુજબ હે રામ ! એમ બોલી ઊઠે, ત્યારે નીલકંઠ પણ સહેજે 'હં....' એમ હોંકારો દેતા. ત્રણ-ચાર વખત વર્ણીએ હોંકારો દીધો એટલે બાવાજી પોતાની પથારીમાં બેઠા થઈ ગયાં. તેમણે વર્ણીને પૂછ્યું : તમે હોંકારો ધ્યોશો તો તમે સ્વયં રામ છો ? ત્યારે વર્ણી હસી પડ્યા. તેમણે કહ્યું, "હા, જે રામ હોય તે જ હોંકારો દે ને." એટલામાં તો તેને નીલકંઠે રામચંદ્ર ભગવાનરૂપે દર્શન દીધાં. બાવાજીએ ભલાને બોલાવ્યો. તેથી ભલાને પણ રામચંદ્ર ભગવાનનાં દર્શન થયાં. બાવાજીને રામના દર્શનથી મનમાં ભેખ ધરવા મારો જન્મ સફળ થઈ ગયો. તે રામનું સ્વરૂપ વર્ણીમાં સમાઈ ગયું એટલે વર્ણીને મહાન સમર્થ પુરુષ જાણીને તેમના ચરણોમાં નમી પડ્યા. અને તેમને નીલકંઠના દિવ્યસ્વરૂપનો નિશ્ચય થઈ ગયો. આમ નીલકંઠે બાવાજીને રામ નામ બોલવાનો નિયમ અને ભલા ભરવાડને કોઈ સાધુ પુરુષને જમાડવાના નિયમ. આમ બંનેનું કલ્યાણ કર્યું. આ લીલા ઉપરથી આપણે

ભગવાન સ્વામિનારાયણના મંત્રનો જપ ખાતાં-પીતાં કે ઉઘતાં કે ફરતાં નામ લેવાના નિયમ રાખવો જોઈએ. જેથી ભગવાન આપણી ઉપર ખૂબ જ રાજી રહે અને આપણું કલ્યાણ થાય.

શ્રીહરિએ વહેલા ઊઠીને ચાલવાની તૈયારી કરી ત્યાં તો ભલાએ રોકાવાની વિનંતી કરી. એટલે શ્રીહરિએ ભલાનો ભાવ અને સરળ મન ભાળી રાજી થયા. શ્રીહરિએ તેના ઘરમાં અનાજની ભરેલી કોઠી હતી તેને જઈને પોતાનો હાથ અડાડીને કહ્યું કે તારી કોઠી ઉપરનું ઢાંકણું છાંદી લેજે અને કોઠીના નીચેના કાંણાથી અનાજ કાઢજે તેથી આ કોઠીમાં દાણાં કોઈ દિવસ ખૂટશે નહિ અને તે અનાજનો તારા સદાવ્રતમાં સારી રીતે ઉપયોગ કરજે. એવો વર આપીને શ્રીહરિ ત્યાંથી ચાલ્યા.

પછી અગણોતેરાનો કાળ અને સાર એકાશિયાનો કારમો દુષ્કાળ પડ્યો તોય કોઠીમાંથી અનાજ ખૂટ્યું નહિ અને આખી કોઠી અનાજથી ફૂલ ભરેલી હતી. પછી શ્રીહરિની ઇચ્છાથી ભલો ભરવાડ બહારગામ ગયો. પછી તેની પત્નીના મનમાં થયું આ કોઠીમાંથી અનાજ ખૂટતું જ નથી. આખો કાળ ગયો પણ અનાજ ખૂટ્યું નથી તો લાવ કોઠીની અંદર હજુ કેટલું અનાજ છે. તે જોવું તેથી કોઠી ઉપરનું ઢાંકણું છાંદેલું હતું તે ખોલીને જોયું તો અનાજની આખી કોઠી ભરેલી હતી. તેથી તેનું હૃદય આનંદ વિભોર બની ગયું અને ફરીથી કોઠી ઉપરનું ઢાંકણું છાંદી લીધું. પછી પોતાનો પતિ બહારગામથી આવ્યો ત્યારે તેની પત્નીએ કહ્યું કે આપણી કોઠીમાં ખૂબ અનાજ ભરેલું છે. તેના પતિને થયું કે આ અબળાએ કોઠીની ઉપરનું ઢાંકણું ખોલીને જોયું છે. ભલાએ આ વાત જાણીને તેને ઘણું દુઃખ થયું. આ અબળા કોઠીનું ઉપરનું ઢાંકણું ફરીથી છાંદું હતું. છતાં કોઠીમાંથી અનાજ ખૂટ્યું. કોઠીનું ઢાંકણું છાંધે શું થાય એ તો શ્રીહરિના વચનનો મહિમા હતો. આ લીલા ઉપરથી શિખામણ મળે છે કે કોઈપણ વ્યક્તિ સદાવ્રત શુદ્ધ મનથી ચલાવે તો તેને નિશ્ચય ભગવાન મળે છે.

## લોઢવા ગામ (લખુબાઈ ચારણ)

લોઢવા ગામમાં આવ્યા. ત્યાં ચારણ જ્ઞાતિના એક લખુબાઈ નામનાં સ્ત્રી હરિભક્ત શિરોમણિ રહેતી હતી. લખુબાઈ સમાધિનિષ્ઠ અને નિરાવરણ દૃષ્ટિવાળી હતી. લોઢવા ગામમાં બેઠાં બેઠાં તેને સો સો ગાઉ દૂરની વસ્તુ દેખાય. સો ગાઉ દૂરનું સંભળાય. લખુ દીવાલની આરપાર નીકળી જતી. કલાકો સુધી

આંખ બંધ કરી ધ્યાનમાં બેસતી. સમાધિમાં બેસતી. તેની સાથે વિઠ્ઠલાનંદ અને બાળાનંદ નામના બે બ્રહ્મચારીઓ રહે.

આ લખુને ત્યાં બસો ગાયો-ભેંસોનું ખાંડુ હતું. તેથી તેના ત્યાં દૂધ-દહીંની રેલમછેલ હતી. નીલકંઠ લોઢવામાં લખુબાઈ ચારણને ઘરે પધાર્યા. લખુબાઈ ગામમાં આવતા દરેક સાધુ-સંતને સદાવ્રત દેતી. તેથી નીલકંઠ તેનું કલ્યાણ કરવા માટે તેના સદાવ્રતમાં પધાર્યા. લખુબાઈ ભલભલા સાધુ-સંન્યાસીની પરીક્ષા કરી લેતી. લખુને નીલકંઠવર્ણી સનકાદિક જેવા લાગ્યા. તેથી તેણે આગ્રહ કરીને નીલકંઠને પોતાને ત્યાં ત્રણ મહિના રાખ્યા. લખુ રોજ સવાર-સાંજ નીલકંઠ બ્રહ્મચારીને તાજુ દૂધ અને માખણ-મીસરી અને નવાં નવાં ભોજન જમાડતી હતી. આ લખુબાઈ વર્ણીને દેખતાં જ આ કોઈ મહાસમર્થ પુરુષ છે. તેમ જાણી ગઈ હતી. તેથી પુત્ર જેમ સેવા કરતી અને નીલકંઠને કહેતી કે તારા શરીરના નળ ચડી ગયા છે. માટે માખણ ગરમ કરીને માખણની તર જમાડતી. તેથી શરીરના નળ છૂટી જાય તેથી દરરોજ દહીં-માખણ જમાડતી.

એક દિવસ નીલકંઠે લખુબાઈને પૂછ્યું. ડોશીમા, તમે ભક્તિ દીક્ષા કોની પાસે લીધી ? તમારા ગુરુ કોણ છે ? આ સાંભળી લખુબાઈ કહે અમારા ગુરુ આત્માનંદ સ્વામી. તેમનું સ્થાન ગિરનાર પાસે ત્રંબા ગામમાં આત્માનંદ સ્વામી વચનસિદ્ધ અને ખરા સદ્‌ગુરુ સાક્ષાત્ જીવનમુક્ત. તેઓ અદ્વૈતના ઉપાસી એટલે 'બ્રહ્મ નિરાકાર છે' એમ ઉપદેશ આપે. અમે સૌ ભગવાનને નિરાકાર માનીએ છીએ. અમારા ગામમાં આત્માનંદ સ્વામીએ ઘણા ચમત્કાર કરેલા. આ વિઠ્ઠલાનંદ અને બાલાનંદને પણ અમારા ગુરુએ દીક્ષા આપેલી, તેમની આજ્ઞાથી જ તેઓ મારે ઘેર રહે છે. અમે તો આત્માનંદ સ્વામીને ઈશ્વર જેવા ગણીએ છીએ. લખુબાઈ આત્માનંદ સ્વામીની શિરોમણિ શિષ્ય હતી તેથી તેને ગુરુનું અપાર બળ હતું. તે સમાધિનિષ્ઠ હતી. તેથી પિંડ-બ્રહ્માંડથી પર પોતાના શરીરને માનતી. જગતને તુચ્છ માનતી ગુરુને હરિરૂપ માનતી તેથી તે તેમનું ધ્યાન-ભજન કરતી. શાસ્ત્રોમાં કહેલા તમામ લક્ષણોની પરીક્ષા કરી તેણે ગુરુ કર્યા હતાં. તેના ગુરુના દેહવિલય બાદ તે લોઢવા ગામમાં રહેતી હતી.

નીલકંઠવર્ણીને લખુબાઈ કહેવા લાગ્યા કે તમો એ જોગ શા માટે લીધો છે ? કારણ વિના કોઈ ઘરનો ત્યાગ કરી દૈહિક સુખનો ત્યાગ ન કરે. કોઈ પંચાગ્નિ તાપે, કોઈ વાયુનો આહાર કરે, કોઈ વન પર્વત ફરે. યોગ સાધે તે બહુ ફળની ઇચ્છાથી જ કરે છે. કોઈ દેવ થવા માટે, કોઈ રાજા થવા માટે, કોઈ

ભગવાન મેળવવા માટે એમ દરેકની જુદી જુદી આશાઓ હોય છે. તો તેમાંથી આપને કયા ફળમાં પ્રીતિ છે ?

શ્રીહરિ તેને ભક્ત જાણી કહેવા લાગ્યા કે અમે પ્રગટ ભગવાન મેળવવા માટે જ ઘર, સુખ, સંપત્તિ છોડેલ છે. પ્રકૃતિ પુરુષ સુધીનાં જગતનાં તમામ સુખોને નાશવંત કાકવિષ્ટા સમાન જાણીને તજ્યાં છે. સ્વપ્નમાં પણ તેનો સંકલ્પ થતો નથી. બ્રહ્મતેજને મારું સ્વરૂપ માનું છું અને તે તેજમાં મને ભગવાનનાં દર્શન થાય છે. પરંતુ પ્રગટ કૃષ્ણને મેળવવા માટેનો મનમાં બહુ આગ્રહ હોવાથી જપતપ કરું છું. બદરિકાશ્રમ સુધી ફરી આવ્યો. વિકટ વન, પર્વતમાં મોટા મોટા સિદ્ધોને પણ મળ્યો. હવે દ્વારિકા, ગિરનાર અને આબુ બાકી રહ્યાં છે. ત્યાં ફરી રહ્યા પછી એક સ્થાને બેસીને ભગવાનનું ધ્યાન કરીશું. એમ ધ્યાન કરતાં કરતાં આ દેહનો ત્યાગ કરીશું. ત્યાં સુધીમાં જો પ્રગટ શ્રીહરિ મળશે તો પ્રેમથી તેમની સેવા કરીશું. શ્રીહરિની વાત સાંભળી લખુબાઈ કહેવા લાગી કે તમો અહીં ત્રણ માસ રહો. હું તમોને ભગવાનની વાત કહું, આપનો પ્રેમ જોઈ પ્રગટ પ્રભુ આપને જરૂર મળશે.

લખુબાઈ શ્રીહરિને કહેવા લાગી ગુરુ મળે એ જ પ્રગટ હરિ મળ્યા. એમ મેં ગુરુના મુખથી સાંભળ્યું છે અને આપ તો જુદી જ વાત કરો છો કે ગુરુ જુદા અને હરિ જુદા. એથી મને આશ્ચર્ય લાગે છે. થોડી પણ વસ્તુ જ્યાં સુધી મળે નહિ. ત્યાં સુધી રસ આવે નહિ. રસ આવ્યા વિના ક્લેશ રહ્યા કરે અને ક્લેશ હોય ત્યાં પ્રગટ હરિ હોય નહીં. લખુબાઈની વાત સાંભળી શ્રીહરિ બોલ્યા કે ગુરુ એ જ હરિ તે વાત બરાબર નથી. ગુરુ તો માત્ર ભગવાન મેળવવામાં યોગ્ય રસ્તાઓ બતાવે છે. માટે વાત અમને વ્યાજબી નથી લાગતી. પછી લખુબાઈની વિનંતીથી શ્રીહરિ ત્રણ માસ રોકાયા. આ લખુબાઈના મનમાં વર્ણીને જોઈને સંકલ્પ થતો કે તેઓ મારા બાળાનંદ અને વિઠ્ઠલાનંદના શિષ્ય થાય તો સારું. તે બાઈ ઘરે ઘણી ભેંસો રાખતી તેથી નિત્યે દૂધ ઊનું કરીને તેમાં કેસર, સાકર વગેરે નાખીને વર્ણીને પાતી. અને આત્માનંદ સ્વામીના શિષ્યો બાળાનંદ ને વિઠ્ઠલાનંદ નામના જે બે બ્રહ્મચારીઓ તે બાઈને ત્યાં રહેતા હતા. તેમની પાસે તે બાઈ રોજ રસોઈ બનાવરાવી શ્રીહરિને રોજ જમાડતી અને પોતાના ગુરુ આત્માનંદના પ્રતાપની વાતો કરતી. તે જેવી રીતે બ્રહ્મતેજને દેખતા, જેમ ઘરનો ત્યાગ કર્યો, જેમ પરચા આપતા, જેમ યોગ સાધતા, તે બધું શ્રીહરિને કહ્યું તે સાંભળી શ્રીહરિએ કહ્યું કે તમારા ગુરુ જ્ઞાનની વાર્તા કેવી કરતાં તે અમોને કહો ? જો તે વાતોથી અમોને જીવમાં તેમના પ્રત્યે ભાવના (પ્રેમ) અને તે જ્ઞાન અમોને વ્યાજબી લાગશે તો

અહીં રહીશું. ત્યારે તે બાઈ રોજ પોતાના ગુરુ પાસેથી જે જ્ઞાન મેળવ્યું હતું તેની વાતો કરવા લાગી. તે વાત સાંભળી શ્રીહરિએ જાણ્યું કે તેમના ગુરુમાં સાકાર પ્રગટ ભગવાનની ઉપાસના નથી. અર્થાત્ તે ભગવાનને નિરાકાર માને છે. તેથી શ્રીહરિને તે ગમ્યું નહીં.

આ લખુબાઈ પોતાના ગુરુના ચમત્કારની વાત કરતાં કહ્યું કે આ વિઠ્ઠલાનંદને ત્યાં એક બાળક જન્મ્યો પણ ત્રણ માસનો થતાં જ તેની માતા મૃત્યુ પામી. તેથી વિઠ્ઠલાનંદને ચિંતા થવા લાગી કે આ બાળકને કેવી રીતે મોટો કરવો. કારણ કે તેને સ્તનપાન કરાવ્યા સિવાય મોટો થઈ શકે તેમ નથી. તેથી વિઠ્ઠલાનંદે પોતાના ગુરુ આત્માનંદ સ્વામીને વાત કરી કે એક દુઃખ આવી પડ્યું છે. ત્યારે વિઠ્ઠલાનંદે પોતાના ગુરુને કહ્યું કે મારે ત્યાં એક બાળકનો જન્મ થયો પણ તેની માતાનું મૃત્યુ થયું છે. તેથી તે બાળકને દૂધનું સ્તનપાન કરાવ્યા સિવાય કેવી રીતે મોટો કરવો. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું કે હે વિઠ્ઠલાનંદ તું શા માટે રુદન કરે છે. આજથી તું તે બાળકને ધવરાવજે. તારા સ્તનમાંથી દૂધ આવશે તો તું દૂધનું સ્તનપાન કરાવજે એવું કહ્યું. ત્યારે વિઠ્ઠલાનંદે પોતાના ગુરુને કહ્યું કે પુરુષના સ્તનમાં દૂધ કેવી રીતે આવે. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું કે મારા વચનથી તારા સ્તનમાં દૂધ આવશે. આ બાળક મોટું થશે ત્યારે તારા સ્તનમાંથી દૂધ આપોઆપ અદશ્ય થઈ જશે. એવું આત્માનંદ સ્વામીએ વિઠ્ઠલાનંદને કહ્યું તેથી પોતાના ગુરુના વચનમાં વિશ્વાસ રાખ્યો તેથી તેના સ્તનમાંથી દૂધની સેર ફૂટી અને બાળકનો ઉછેર કર્યો અને બાળક મોટું થતાં તેના સ્તનમાંથી દૂધ અદશ્ય થયું અને વિઠ્ઠલાનંદે આ બાળકનું નામ બાળાનંદ રાખ્યું. પછી પુત્રને પણ આત્માનંદ સ્વામીનો શિષ્ય બનાવ્યો. આ રીતે આત્માનંદ સ્વામી બ્રહ્મનિષ્ટ અને વચનસિદ્ધ સંત હતા. એવી રીતે લખુબાઈએ પોતાના ગુરુના પ્રતાપની વાત શ્રીહરિ આગળ કરી. આ બાળાનંદ મોટા થઈને એક મહાન બ્રહ્મચારી થયા. પછી વિઠ્ઠલાનંદ અને બાળાનંદ આત્માનંદ પાસે દીક્ષા લઈને વિઠ્ઠલાનંદ સ્વામી અને બાળાનંદસ્વામી એવું નામ પડ્યું.

શ્રીહરિએ એક વખત બાળાનંદ બ્રહ્મચારીને પૂછ્યું, “તમે કોનું ધ્યાન કરો છો ?” हे बालानंदजी ! ध्यान कीसका करना ? ત્યારે બાળાનંદ કહે, “ધ્યાન હમારા કરના” આવો અડબંમ જવાબ આપ્યો. ત્યારે શ્રીહરિએ જાણ્યું કે આ તો બ્રહ્મજ્ઞાની છે. માટે આપણે આંહી જાજા દિવસ રોકાવા જેવું નથી. એમ વિચારીને શ્રીહરિ બેસી રહ્યા પણ બાળાનંદને કાંઈ કહ્યું નહિ પણ રાત્રે રામાનંદસ્વામીએ આવી બાળાનંદને

ચાર સોટીઓ મારીને કહ્યું જે, આંહી નીલકંઠ બ્રહ્મચારી આવ્યા છે. તેને તે તારું ધ્યાન કરવાનું એમ કહ્યું ? આવો અડંબમ જવાબ કેમ આપ્યો ? તું તો જીવ છો ને ધ્યાન તો ભગવાનનું જ થાય. તે વર્ણી આવ્યા છે. તે પોતે ભગવાન છે માટે સવારે ઉઠીને પાંચ દંડવત કરજે અને તેમની પાસે માફી માગજે અને લખુને પણ કહેજે જે અમને જાવા ન દે ને ખૂબ સેવા કરે. એમ કહીને અંતર્ધાન થઈ ગયા.

એક વખત આત્માનંદના શિષ્ય વિઠ્ઠલાનંદ અને બાળાનંદ આ બંને ઉમેદ ગામમાં લાખા આહીરની વાડીએ ગયા હતા. તે વખતે ગઢપુરના એભલખાચર ભેંસો ખરીદવાના કામે લાખા આહીરના ત્યાં આવેલા. તે વખતે વાડીના ઢાળીયા ઉપર એક નાનો લીમડાનો લીલોછમ છોડ ઉભો હતો તે જોઈને વિઠ્ઠલાનંદ અને બાળાનંદે લાખા આહીરને કહ્યું કે આ લીંબડાનો છોડ છે. તેની નીચે અક્ષરધામના માલિક સ્વામિનારાયણ ભગવાન બેસશે. તે શબ્દ સાંભળીને એભલ ખાચરે લાખા આહીરને પૂછ્યું કે આ લીંબડાનો છોડ લઈને હું મારે ઘેર જઈ ફળીયા વચાળે વાવું. એમ ધારીને તે છોડને મુળ સહિત ઉપાડી ફરતો ગારનો પીંડો વળગાડીને પાણી પાઈને મોટો કર્યો ને આજુબાજુ ઓટો બંધાવ્યો ત્યારે જીવુબા તથા લાડુબાએ પૂછ્યું. આ લીંબડાની તમે જીવની જેમ માવજત કરો છો તેનું શું કારણ ? ત્યારે એભલખાચરે કહ્યું કે આ લીંબડા તળે અક્ષરધામના વાસી સ્વામિનારાયણ ભગવાન બેસશે. તે સાંભળી સૌ રાજી થયાં. તે લીંબડે શ્રીજી મહારાજ બિરાજમાન થયાને પહેલે દિવસે જ પોતાની મૂર્તિમાંથી તેજ દેખાડ્યું ને સૌને સમાધિ કરાવીને અક્ષરધામ દેખાડ્યું ને પછી સૌ જાગ્રત થયાં ને આશ્ચર્ય પામીને બોલ્યાં જે ‘‘બાપુએ કહ્યું હતું તે સત્ય થયું.’’ આવી રીતે આત્માનંદ સ્વામીના શિષ્ય વિઠ્ઠલાનંદ અને બાળાનંદે લીંબતરુની ભવિષ્યવાણી કરી હતી તે સાચી પડી. આવા બંને સંતો સમર્થ હતા.

રામાનંદ સ્વામીએ બાળાનંદને દર્શન આપીને કહ્યું કે આ વર્ણી એ જ પુરુષોત્તમનારાયણ ભગવાન છે. માટે તેમને રોકી તેમની ખૂબ સેવા કરજો. આ વાત બાળાનંદે લખુબાઈને કહી તેથી લખુબાઈ ને વર્ણી સનકાદિક જેવા ગણતાં હતાં પણ રામાનંદ સ્વામીએ કહ્યું તેથી વર્ણીને ભગવાન તરીકે માનવા લાગ્યા અને વર્ણીના દર્શનથી લખુબાઈના અંતરમાં તમામ ઘાટ શાંતિ પામી ગયા. તેથી વર્ણીને પોતાના ત્યાં ત્રણ માસ રાખીને ખૂબ સેવા કરી.

શ્રીહરિએ લખુબાઈને પોતાનું સ્વરૂપ ઓળખાવીને પોતાના સ્વરૂપનો પાકો નિશ્ચય કરાવ્યો. શ્રીહરિએ લખુબાઈ અદ્વૈત મતને માનનારા હતા પણ

શ્રીહરિ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવીને વિશિષ્ટાદ્વૈત મતને માનનારી કરી અને તેનું કલ્યાણ કર્યું.

નીલકંઠ બ્રહ્મચારીએ લખુબાઈ, વિઠ્ઠલાનંદ તથા બાળાનંદને ખૂબ ઉપદેશ કર્યો તેથી અદ્વૈતની નિષ્ઠા તોડાવીને વિશિષ્ટતાદ્વૈતની નિષ્ઠા કરાવી. ભગવાન સદાય સાકારરૂપ છે. તેમ સમજાવ્યું. ભગવાનની પૂજા-ભક્તિનો મહિમા સમજાવ્યો. ત્રણેને સાચું જ્ઞાન થયું તેથી નીલકંઠવર્ણીની તેમને સાચી વાત સમજાઈ ગઈ અને વર્ણીએ ત્રણેનું કલ્યાણ કર્યું.

## લખુબાઈએ શ્રીહરિને રામાનંદ સ્વામીની વાત કરી (આખ્યાન)

લખુબાઈ કહે છે કે અમારા ગુરુ આત્માનંદ સ્વામી ત્રંબા ગામમાં રહેતા હતા ત્યારે એક બ્રાહ્મણ તીર્થયાત્રા કરતો કરતો ત્રંબા ગામમાં આવ્યો અને તે બ્રાહ્મણ અને અમારા ગુરુ આત્માનંદ સ્વામીનો મેળાપ થયો. આ બ્રાહ્મણનું નામ રામ શર્મા હતું. આ રામ શર્મા અયોધ્યામાં અજયપ્રસાદ નામે સરવરિયા બ્રાહ્મણ રહે. તેની પત્નીનું નામ સુમતિ હતું. તેને ત્યાં સંવત ૧૭૯૫ની જન્માષ્ટમીને દિવસે એટલે શ્રાવણ વદ આઠમના દિવસે એક પુત્રનો જન્મ થયો. પુત્રનું નામ પાડ્યું રામશર્મા. રામશર્માને બાળપણથી જ ભક્તિ ગમતી. રામશર્મા બહુ બુદ્ધિશાળી. બાર વર્ષના થયા ત્યાં સુધી રામશર્માએ ઘરે અભ્યાસ કર્યો. રામશર્માએ ભગવાન મેળવવા માટે માતા-પિતા પાસેથી રજા લઈ તીર્થયાત્રા કરવા ગયા પછી ઘરે પાછા ફર્યા જ નહિ. તીર્થયાત્રા કરતા જાય અને સાચા ગુરુની શોધ કરતા જાય ફરતાં ફરતાં કાઠિયાવાડમાં તળાજા ગામે આવ્યા.

જુનાગઢના તળાજામાં કાશીરામ શાસ્ત્રી રહે. કાશીરામ બહુ ભણેલા અને મહાવિદ્વાન પંડિત હતા. તેને ત્યાં કેટલાક સંસ્કૃત ગ્રંથો હતા. રામશર્માએ કાશીરામને ત્યાં રહીને કેટલાક ગ્રંથોનો અભ્યાસ કર્યો. અભ્યાસ પૂરો કરી રામશર્મા ત્યાંથી નીકળીને દ્વારિકાની જાત્રાએ જતા દ્વારિકામાં એક સંન્યાસીએ રામશર્માને વાત કરી.ગિરનારની તળેટીમાં ત્રંબા ગામમાં આત્માનંદ સ્વામી રહે છે. આત્માનંદ સ્વામી સિદ્ધ અને ચમત્કારી સંત છે.

આથી રામશર્મા શોધતાં શોધતાં ત્રંબા ગામે આવ્યા. રામશર્મા આત્માનંદ સ્વામી પાસે આવીને તેમના શિષ્ય થયા. તેમણે આત્માનંદ સ્વામીને પોતાના ગુરુ કર્યા. આત્માનંદ સ્વામીએ દીક્ષા આપીને રામાનંદ સ્વામી એવું નામ પાડ્યું.

પછી અમે તેમની પાસેથી અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યાં. પછી તેમણે અમને સમાધિ કરાવી, તેમાં અમે એકલું તેજ દેખ્યું પણ તે તેજની અંદર શ્રીકૃષ્ણની મૂર્તિનાં દર્શન ન થયાં. પછી અમે ગુરુ આત્માનંદ સ્વામીને પૂછ્યું એટલે તેમને અમને એવો ઉત્તર આપ્યો કે "ભગવાન નિર્ગુણ નિરાકાર છે." ભગવાનને કોઈ આકાર નથી. તેજ એ જ ભગવાન. ભગવાનની મૂર્તિપૂજા હોય નહિ રામાનંદ સ્વામી કહે ભગવાન સાકાર છે. પ્રગટ ભગવાનની મૂર્તિપૂજા અને ભક્તિ કરવી જ જોઈએ. આવી ગુરુ-શિષ્ય વચ્ચે રોજ ચર્ચા થાય. આત્માનંદ સ્વામી નિરાકારવાદી (આત્મજ્ઞાની) હતા અને રામાનંદ સ્વામી પ્રગટ ભગવાનના સાકારરૂપમાં માનનારા હતા. રામાનંદ સ્વામીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ બહુ ગમે એટલે તેમની ઇચ્છા શ્રીકૃષ્ણ ભગવાનનાં સાક્ષાત દર્શન કરવાની હતી. રામાનંદસ્વામી ગુરુજીની આવી વાત સાંભળી મૂર્છિત થઈ ગયા. થોડીવાર પછી ભાનમાં આવ્યા અને તેમને ઘણું દુઃખ થયું. તેથી તરત જ આત્માનંદ સ્વામીનો ત્યાગ કરી ત્યાંથી ચાલી નીકળ્યા. રામાનંદ સ્વામી ચાલતાં ચાલતાં દક્ષિણ ભારતમાં ગયા. રામાનુજાચાર્યની ગાદીના સ્થાન શ્રીરંગક્ષેત્રે ગયા. અહીં તેમણે શ્રીકૃષ્ણનું ભજન અને રામાનુજની ભક્તિ આદરી. તેથી ભગવાન શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈ રામાનંદ સ્વામીને દર્શન દીધાં અને રામાનુજાચાર્યે સ્વપ્નમાં જ તેમને વૈષ્ણવી દીક્ષા આપી. હાથમાં અને છાતીમાં છાપ આપી અને તેમને વૈષ્ણવધર્મ ફેલાવવાની અને સાકાર ભગવાનની ભક્તિનો પ્રચાર કરવાની આજ્ઞા કરી. સ્વપ્નમાંથી અંતર્ધાન થતી વખતે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું હું સાક્ષાત્ પોતે પૃથ્વી પર જન્મ લઈને પ્રગટ થઈશ. અનંત જીવોનો ઉદ્ધાર કરીશ અને તમને મળીશ. આ સાંભળી રામાનંદ સ્વામી ખૂબ પ્રસન્ન થયા.

પછી તો રામાનંદ સ્વામી આખા ભારતમાં દરેક ઠેકાણે ફરવા લાગ્યા અને શ્રીકૃષ્ણની ભક્તિનો ઉપદેશ આપવા લાગ્યા. બધે ફરતાં ફરતાં તેઓ ફરીથી પાછા કાઠિયાવાડમાં આવ્યા અને ગુરુ આત્માનંદ સ્વામીને મળ્યા. આ વખતે તેમણે ગુરુ આત્માનંદ સ્વામી સાથે ફરીથી ચર્ચા કરી. આ વખતે વાદવિવાદ (ચર્ચામાં) આત્માનંદ સ્વામી હાર્યા. રામાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીને તેજમાં શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરાવ્યાં. તેથી રામાનંદ સ્વામી ઉપર ખૂબ રાજી થયા. અને કહ્યું કે તારી ભક્તિ સાચી અને પ્રગટ ભગવાન સાકારરૂપ છે. અને તેમને આકાર છે. એવું માન્યું. તેમણે અદ્વૈત મતનો ત્યાગ કરી તેમણે ભગવાનની મૂર્તિપૂજા અને ભક્તિ માન્ય કરીને ભગવાનને સાકારરૂપ કબૂલ

કર્યા અને વિશિષ્ટા દ્વૈત મતને સ્વીકાર કર્યો અને તેમણે બધા શિષ્યોને સ્વામી રામાનંદના આશ્રિત થવાનું કહ્યું અને તેમણે બધા શિષ્યોને સ્વામી રામાનંદ સ્વામી આજ્ઞામાં રહેવાનું કહ્યું.

આત્માનંદસ્વામી ત્રંબા ગામથી છત્રાસા ગામમાં આવ્યા. તેમના બધા શિષ્યોને ત્યાં તેડાવી તથા ગૃહસ્થ વગેરેને તેડાવીને ગુરુની આજ્ઞા માનીને તમો સૌ અદ્વૈત મતને પડતો મૂકીને વિશિષ્ટાદ્વૈત અનુસરજો. (માનજો) એ મારું સત્ય વચન છે. એમ માનજો. આ રામાનંદજી અમારા શિષ્ય છે તે આજથી તમારા ગુરુ છે. તેના વચનમાં રહેજો. આ મારી છેલ્લી આજ્ઞા આપું છું. કારણ કે મારો દેહ રહે યા ન રહે. તેનું દિલમાં જરાપણ દુઃખ કરશો નહિ. આ મારા છેલ્લા દર્શન કરી લેજો મારી પાછળ કોઈ રુદન ન કરશો.

એમ કહીને સર્વને આશીર્વાદ આપ્યા. વાલબાઈ અને હરબાઈને પોતે કહ્યું ખૂબ પ્રેમથી આગ્રહથી કહ્યું કે મારા વિરહના દુઃખમાં ધીરજ રાખજો. મારા વિરહ પાછળ તમે તમારા શરીર છોડશો નહિ એવું છેલ્લું વચન (આજ્ઞા) સાંભળી લેજો અને આ રામાનંદજીની આજ્ઞામાં રહેજો. એવા ગુરુના વચન સાંભળી સૌની આંખમાં પાણી ભરાઈ આવ્યું. સૌને ધીરજ આપીને કહું કે તમે સૌ દુઃખી ન થશો. પછી રામાનંદ ગુરુપદે આવ્યા. રામાનંદ સ્વામી ત્રંબા ગામમાં રોકાણા અને આત્માનંદ સ્વામી પોતાના શિષ્ય મુક્તાનંદ અને જુક્તાનંદને સાથે લઈ લોઢવામાં પધાર્યા ત્યાં સૌની સેવા સ્વીકારી.

પછી આત્માનંદ સ્વામીએ ગંભીર વિચાર કર્યો કે રામપર ગામમાં મારા વધારે શિષ્યો છે. લોઢવાથી રામપર પચ્ચીસ ગાઉ દૂર થાય ત્યાં સ્વામીએ શરીર છોડવાનું હૃદયમાં વિચાર્યું. રામપર ગામમાં આહીરમાં સમાધિ નિષ્ઠ રાણો વણઝાર રહેતો હતો. તેને આત્માનંદ સ્વામીએ સમાધિમાં જઈને કહ્યું કે તું ગાડું લઈને લોઢવામાં આવજે. એવી સાચી વાત સમાધિમાં સ્વામી અને રાણા વચ્ચે થઈ તેથી રાતોરાત રાણો ગાડું લઈને સ્વામીને લેવા લોઢવામાં લખુબાઈને ત્યાં આવ્યો. લખુબાઈએ વર્ણીને કહ્યું કે તમે જે જગ્યાએ બિરાજેલા છો તે જગ્યાએ ગુરુરાજ બેઠા હતા. તેમની આજુબાજુ બંને શિષ્યો તથા હું પણ બેઠેલી હતી. ત્યાં તો એકદમ ગાડું લઈને રાણો આવ્યો. રાણો સભામાં એકદમ આવ્યો તેથી આખી સભા શોકાતુર થઈ ગઈ અને રાણા પાસે જઈને પૂછ્યું કે તમે કેમ અચાનક આવ્યા. ત્યારે રાણાએ કહ્યું કે મને ગુરુજીએ બોલાવ્યો છે. તેમને તેડવા આવ્યો છું. પછી સ્વામીએ જવાની તૈયારી કરી. અમે સૌ કાંઈ બોલી શક્યા નહિ.

સ્વામીએ જુક્તાનંદ અને મુક્તાનંદને આજ્ઞા આપી કે તમે બંને જણા લોઢવામાં જાવ. ગુરુનું વચન સાંભળી બંને શિષ્યો રુદન કરવા લાગ્યા. પછી આત્માનંદ સ્વામીએ બંને જણને વર આપ્યો કે હું મારું શરીર છોડીશ તેના સાતમા દિવસે તમોને તેડી જઈશ માટે તમો ધીરજ રાખજો. એમ ધીરજતા આપીને બંનેને બાથમાં ઘાલીને ભેટ્યા. લખુબાઈને ત્યાં છેલ્લો થાળ જમ્યા. પછી સ્વામી ગાડામાં બેઠા તેથી સૌ વળાવવા આવ્યા અને સૌ રુદન કરવા લાગ્યા. બધા શિષ્યોમાં મને મોટેરી કરી અને જવા વખતે અંતરમાં હેત લાવીને કહ્યું કે તું તારા અંતરમાં લખી લેજે કે રામાનંદના વિશિષ્ટા દ્વૈતના મતમાં રહેજે. છેલ્લે મારા માથા ઉપર હાથ મૂકીને રાજી થઈને આશીર્વાદ મને આપ્યા.

પછી આત્માનંદ સ્વામી તથા તેમના શિષ્યો ગાડામાં બેસી રામપર ગામમાં આવ્યા. ત્યાં ધાતરવાડી નદીમાં આત્માનંદ સ્વામી તથા તેમના શિષ્યોએ સ્નાન કર્યું. સ્નાન કરી નદીના કિનારે તમરુના વૃક્ષના છાંયે સભા કરીને સૌને કહ્યું કે "અમને એકસોને પચીશ વરસ થયાં છે. તો હવે અમારા દેહનો નિર્ધાર નથી. માટે અમારો દેહ પડી જાય તો બાળવો નહીં ને દાટવો નહિ. પણ આ તમરુના ઝાડ નીચે મૂકી રાખવો." સ્વામીએ પોતાના ચરણ પ્રેમથી પકડાવીને સૌને સોગન લેવરાવ્યા. પછી સ્વામીએ કહ્યું કે કાલ સવારે અમારો દેહ પડી જશે. સ્વામી તમરુના ઝાડ નીચે આખી રાત ધ્યાનમાં બેઠા. સ્વામીના શિષ્યો તેના હરિભક્તો ભજન કરતા કરતા ગામમાં આવ્યા.

બીજે દિવસ સવારે સ્વામી નદીમાં સ્નાન કરી તમરુના ઝાડ નીચે બેઠા હતા. ત્યાં ગામમાંથી તેમના શિષ્યો અને હરિભક્તો રાજુલાના બાબરીયા કાઠી તથા રાજગર તથા રાણો વગેરે આવ્યા અને સ્વામીની પૂજા કરીને ઉદાસ થઈને બેઠા હતા. ત્યાં આત્માનંદ સ્વામી સમાધિમાં ગયા. પોતે સ્વતંત્ર રીતે પોતાનું શરીર છોડી દીધું. સૌ શોકાતુર થઈને સ્વામીના દેહને તમરુના ઝાડ નીચે રાખ્યો. સૌ ગામમાં જઈને વૃદ્ધજનોને આત્માનંદ સ્વામીની વાત કરી. એટલે વૃદ્ધજનોએ કહ્યું કે આવા મહાન સમર્થ સંતનું શરીર હિંસક પ્રાણી ચૂંથશે તે સારું નદી તટે અગ્નિદાહ કરવો જોઈએ. જો અગ્નિ દાહ નહીં કરો તો તેમનું શરીર ચૂંથાશે તો જગતમાં આપણું વગોણું થાશે. તેથી સૌ મળી ત્યાં તરત પાછા આવ્યા. સાથે ચંદનના લાકડાં, શ્રીફળ અને ઘી લાવ્યા. તમરુના વૃક્ષ પાસે આવીને જોયું તો સ્વામીનું શરીર ન મળ્યું તેની આજુબાજુ બધે તપાસ કરીને અંતે નિરાશ થઈને પાછા વળ્યા ત્યારે ત્યાં ગાયો ચરાવતા ગોવાળીયાએ જોયેલું જોઈને મનમાં

વિચારતા હતા. તે ગોવાળોએ આવીને સૌને કહ્યું કે તમે તમારા ગુરુજીને તમરુના ઝાડ નીચે મેલી ગામ તરફ ગયા તે અમે દૂર રહીને જોયું. તમે ગામમાં પહોંચ્યા હશો ત્યાં તમારા ગુરુજી આળસ મરડીને પોતે ઉભા થયા. તે અમે સૌએ જાતે જોયું. તમારા ગુરુજી ચાલ્યા ગયા આકાશ મારગે. તે જોઈને નવાઈ પામ્યા. ત્યાં તો તમે સહુ આવી ગયા. અમે સમ ખાઈને સાચે સાચું કહીએ છીએ એવી વાત સાંભળી સૌ જનો આશ્ચર્ય પામ્યા. સ્વામીનો મહિમા અપાર હતો. તેઓ મહાન સમર્થ સંત હતા. સ્વામીએ શરીર છોડ્યું ત્યારે અમે સમાધિમાં જોયું. જુક્તાનંદ અને મુક્તાનંદે પણ સાતમે દિવસે સ્વતંત્ર રીતે શરીર છોડ્યું. ગુરુજીનું વચન પાળવા તેમણે પોતાના શરીરને બાળવા દીધું નહીં. અમારા શરીર વન-પર્વતની માંય રાખજો એમ કહીને વિદાય લીધી.

રામાનંદ સ્વામીએ છત્રાસામાં ગાદી સ્થાપીને શિષ્યો સહિત પોતે ત્યાં રહ્યા અને દેશો દેશ ફરીને ઉપદેશ આપીને પોતાના શિષ્યો વધાર્યા. આત્માનંદ સ્વામીના શિષ્ય અવશ્ય હતા અને ગુરુજીએ આજ્ઞા કરેલી કે રામાનંદ સ્વામીને ગુરુપદે માનજો. રામાનંદ સ્વામીએ પોતાનું રહસ્ય અદ્વૈતમતનું મૂળ કાપી વિશિષ્ટાદ્વૈત સ્થાપી દીધો. લખુબાઈ વર્ણીને કહે છે કે એક હું અને આ બે બ્રહ્મચારી એટલે વિઠ્ઠલાનંદ અને બાળાનંદ સ્વામીને ગુરુપદે માન્યા નહિ. એટલે અમને વિમુખ કરવામાં આવ્યા.

નીલકંઠ વર્ણી લખુબાઈની વાત સાંભળીને લખુબાઈ ઉપર ખૂબ રાજી થયા. કારણ કે તેનામાં ગુરુભક્તિ તથા સેવાવૃત્તિ હતી. તેથી તેનું કલ્યાણ કરવા લખુબાઈને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી તેને અદ્વૈત મતને ભૂલાવીને વિશિષ્ટદ્વૈતમાં માનનારી કરીને કહ્યું કે હે લખુબાઈ તમે અમારી ખૂબ સેવા કરી હવે અમારે અહીંથી આગળ જવું છે. માટે તમે અમારી પાસે કંઈક માંગો એમ કહ્યું ત્યારે લખુબાઈ બોલી "હે બ્રહ્મચારી મહારાજ ! તમે તો સાક્ષાત ભગવાન છો માટે મારી ઉપર રાજી થયા હોય તો આ દીકરો વીરો, બસો ગાયો, ભેંસોનું ખાંડુ અને આ વાડી તથા આ સદાવ્રત કાયમ માટે અમર રહે એવા આશીર્વાદ આપો."

નીલકંઠ વર્ણીએ ત્રણવાર કહ્યું ડોશી આવું જગતનું શું માંગ્યું એ તો નાશવંત છે. તોય ડોશીએ એ જ માંગ્યું. આ સાંભળી નીલકંઠને થયું કે આ ડોશીને માંગતાં નથી આવડતું માટે લાવ હું જ એને સર્વશ્રેષ્ઠ વસ્તુ આપું એમ વિચારી વર્ણીએ કહ્યું. લખુબાઈ, તમને મારું અક્ષરધામ બક્ષિસ આપું છું. એવા આશીર્વાદ આપી ત્યાંથી નીલકંઠવર્ણી પ્રભાસપાટણના ક્ષેત્રમાં આવ્યા.

## આત્માનંદ સ્વામીનું આખ્યાન

નીલકંઠ વર્ણી લોજમાં હતા ત્યારે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું જે, આત્માનંદ સ્વામીએ કોની પાસેથી દીક્ષા લીધેલી ? ને તેનો જન્મ કયા ગામમાં થયો હતો ? તે કહો. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તે વાત કરવા માંડી જે, ''આત્માનંદ સ્વામી જામનગર પાસે ધુવાવ ગામમાં મોઢ બ્રાહ્મણના કુળમાં જન્મ્યા હતા પછી તે ગામનો ત્યાગ કરીને આસોદર ગામે રહેવા ગયા ને પછી ગોપનાથમાં બ્રહ્મચારી ભેગા રહ્યા. સહુથી પ્રથમ ગુરુ ગોપાળ બ્રહ્મચારી દક્ષિણ દેશના હતા. તેણે કાઠીયાવામાં આવીને ગોપનાથ મહાદેવ પધરાવ્યા. તેના શિષ્ય આનંદ બ્રહ્મચારી થયા ને તેના શિષ્ય બીજા ગોપાળ બ્રહ્મચારી થયા તે વાલ્મીકિ ઋષિનો અવતાર હતા. તેના શિષ્ય આત્માનંદ સ્વામી (વિશ્વંભર ભટ્ટ) થયા હતા.''

વિશ્વંભર શ્રાવણ માસમાં પાલીતાણાથી ગોપનાથ પૂજા કરવા જતા. ત્યાં ગોપાળ બ્રહ્મચારીનો સમાગમ થયો ને ઉપદેશ લાગ્યો તેમના શિષ્ય બન્યા ને ગુરુકૃપાએ કરીને પોતે સિદ્ધ દશાને પામ્યા. પછી ત્યાંથી નીકળીને પોતાના યજમાન ગામ આસોદરમાં રહેતા હતા. ત્યાં રહેવા ગયા. પછી તેમને ઓઢાખુમાણ સાથે હેત થયું. તેથી તે ઓઢાખુમાણ ભેગા મેલીકારમાં જતા. એક વખત ઘોડે ચડીને ચાલ્યા જાતા હતા ને પાછળ વાર આવી ત્યારે ભટ્ટ બોલ્યા જે, ''આ વારને (સેના) તમે પાછી વાળો નહીં તો હું વાળું'' એમ કહીને તેમણે વારને પાછી વાળી. પછી આગળ ચાલ્યા ત્યાં ઘણાંક વીંછી જતા દેખાયા ત્યારે ઓઢાખુમાણે પૂછ્યું, આ શું ચાલ્યું જાય છે ? ત્યારે ભટ્ટ (વિશ્વંભર ભટ્ટ) કહે, ''એ શાહુકારનું ધન જાય છે. તે લેવું હોય તો લઈ લો.'' ત્યારે ઓઢાખુમાણ કહે, ''તમે લઈ લો.'' ત્યારે (વિશ્વંભર) ભટ્ટ તે વીંછીઓને પાવરામાં ભરી લીધા. પછી રસ્તામાં પાણી આવ્યું ત્યાં દાંતણ કરવા ઉતર્યા ત્યારે ભટ્ટે પછેડી પાથરીને તેમાં પાવરો ઠલવ્યો એટલે સોનામહોરોનો ઢગલો થઈ ગયો. ત્યારે કાઠીઓ સર્વે ભાગ લેવા તકરાર કરવા લાગ્યા. એટલે ભટ્ટે તે પછેડીને ઉપાડી ઉડાડ્યા તે પાછા બધા વીંછી થઈને ચાલી નીસર્યાં ને કાઠીઓને કરડ્યા. તે સહુ રાડો પાડવા લાગ્યા.

## વિશ્વંભર ભટ્ટે વાલબાઈને ત્રણ દિવસની સમાધિ કરાવી

પછી ત્યાંથી ગામ આસોદર આવ્યા ને ત્યાં ભટ્ટના યજમાનની દીકરી વાલબાઈ નામે હતી. તે ભગવાનને શોધતી હતી તેને કોઈકે કહ્યું કે જે, ''ભેખમાં

ભગવાન છે માટે ભેખની ચાકરી કરો. તો ભગવાન મળે.'' તેથી તે બાઈ હંમેશા માનગર નામે એક અતીત બાવો વિશ્વંભર ભટ્ટનો શિષ્ય હતો તેને જમાડવા જતીને કોઈ વખત તે બાવો ઘેર આવીને જમી જતો. એમ કેટલાક દિવસ જમ્યા. પછી તે બાઈને બાવે પૂછ્યું જે, ''તું મને શા સારું જમાડે છે ?'' ત્યારે બાઈએ જવાબ દીધો કે, ''મહારાજ ! હું જાણું છું કે ભેખમાં ભગવાન છે. જો સાધુ સંતની ચાકરી કરીએ તો ભગવાન ભેટાડે.'' પછી તે માનગરે કહ્યું, ''તારા ગોર વિશ્વંભર ભટ્ટ (આત્માનંદ સ્વામી) છે. તે જ ઈશ્વરનો અવતાર છે.'' તે વાત બાઈને સાચી મનાણી. પછી વિશ્વંભર ભટ્ટ તે બાઈને ઘેર ભિક્ષા કરવા ગયા. ત્યારે તે બાઈ ભટ્ટને પગે બાજી પડીને કહ્યું, ''મને ભગવાન મેળવી આપો તમે ઈશ્વરનો અવતાર છો.'' ત્યારે તે ભટ્ટ કહે, ''પગ મેલી દે, અમે બ્રાહ્મણ તો ઈશ્વર જ હોઈએ.'' એમ કહ્યું તો પણ તે બાઈએ પગ મૂક્યા નહિ. ત્યારે વિશ્વંભર ભટ્ટે તે બાઈના કપાળમાં અંગુઠો દાબ્યો. એટલે તે બાઈને સમાધિ થઈ ગઈ.

પછી ભટ્ટે તે બાઈની માને પૂછ્યું જે, ''આને આ પ્રમાણે કોઈ વખત થાય છે ?'' ત્યારે તેની માએ કહ્યું, ''ના, આજે જ થયું છે.'' પછી ભટ્ટે કહ્યું, ''તેને સુવરાવી મુકો'', ત્યારે તે બાઈને સુવરાવી મૂકી તે ત્રણ દિવસ થયા પછી ભટ્ટ ભિક્ષા કરવા આવ્યા ત્યારે તે બાઈની માને પૂછ્યું, ''કેમ હજુ વાલબાઈને સુવાણ (ભાનમાં) થઈ નથી ?'' એમ કહીને તે ફરી તે બાઈના કપાળમાં અંગૂઠો દાબ્યો એટલે તે બાઈની સમાધિ ઉતરીને બેઠી થઈ. તે વાતને થોડા દિવસ વીત્યા પછી તે બાઈને સાસરેથી કોઈ તેડવા આવનાર હતા. તે વાત સાંભળીને બાઈએ ભટ્ટને કહ્યું, ''મહારાજ ! મારું મોત આવ્યું છે. મને મારે સાસરેથી તેડવા આવે છે તો આપણે કાશીએ જાઈએ.'' એમ કહી બેય જણ ત્યાંથી ચાલ્યા તે ગામ લાઠીયે આવ્યા ને ત્યાં વિશ્વંભર ભટ્ટે ભગવા પહેરીને આત્માનંદ સ્વામી નામ રાખ્યું ને ત્યાંથી ચાલ્યાં તે કાશીએ ગયાં. ત્યાં એક હરબાઈ તેમને મળી તે બાઈ નાઘેર દેશની હતી ને વૈરાગ્યવાળી હતી તે તમામ દેશમાં ભમતી ભમતી કાશીએ આવીને એક વખતે  આત્માનંદ સ્વામીને ઉતારે આવી ત્યાં વાલબાઈ હતા ને આત્માનંદ સ્વામી ભિક્ષા કરવા ગયા હતા. વાલબાઈ અને હરબાઈએ એકબીજાનો પરિચય પૂછ્યો ત્યારે વાલબાઈએ પૂછ્યું ત્યારે બાઈએ કહ્યું કે અમે ગિરનારની છાયામાં રહીએ છીએ. ત્યારે વાલબાઈએ કહ્યું તમે અહીં કેમ ફરો છો. ત્યારે હરબાઈએ કહ્યું હું સાચા સંતની શોધમાં ફરું છું. જો સાચા સંત મળે તો ભગવાનનો ભેટો કરાવે ત્યારે વાલબાઈએ હરબાઈને કહ્યું કે તમે મારી સાથે રહો હું તમને સાચા

સંત બતાવીશ ને ભગવાન પણ મળશે. પછી આત્માનંદ સ્વામી ભિક્ષા કરવા ગયા હતા. તે બાઈને સ્વામીના દર્શન થયાં અને તેને ધારણા થઈ કે આ સંત મને ભગાવનનો ભેટો કરાવશે પછી તેમના શિષ્ય થયાં.

## પ્રભાસ પાટણ

શ્રીહરિ લોઢવાથી ફરતા ફરતા પ્રભાસમાં આવ્યા. ત્યાં હિરણ, સરસ્વતી અને મેઘવતી આ ત્રણ નદીઓનાં સંગમ થાય છે. હિરણ અને મેઘવતી ભેગી થાય છે. અને ત્રીજી સરસ્વતી ગુપ્ત રીતે વહે છે. જ્યાં ભગવાન શ્રીકૃષ્ણને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો તેવા પ્રસિદ્ધ ત્રિવેણી સંગમમાં શ્રીહરિ રોજ સ્નાન કરતા. એમ ત્રણ દિવસ પોતે પ્રભાસમાં રહ્યા.

પ્રભાસ પાટણથી પૂર્વમાં ભાલકા નામની એક તલાવડી છે. ત્યાં પીપળાના વૃક્ષ નીચે શ્રીકૃષ્ણ ભગવાન જેવી રીતે ડાબા પગ ઉપર જમણો પગ ઊંચો રાખીને બેઠા હતા અને જરા નામના પારધીના બાણ વાગવાથી પોતાની લીલા સંકેલી હતી. ત્યાં વર્ણી (શ્રીહરિ) પીપળાનાં વૃક્ષ નીચે શ્રીકૃષ્ણ ભગવાન જેવી રીતે સૂતા હતા તે પ્રમાણે પગ ઉપર પગ ઊંચો રાખીને વર્ણી સૂતા. તે વખતે ત્યાં એક વિપ્ર (બ્રાહ્મણ) આવ્યો. વર્ણીના ચરણમાં સોળ ચિહ્નો જોઈને તે બોલ્યો કે આપ સાક્ષાત શ્રીકૃષ્ણ જણાઓ છો. માટે મને દિવ્ય દર્શન આપો. તે સાંભળી તે વિપ્ર ઉપર કૃપા કરીને તેને કૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યાં. જેમ શ્રીકૃષ્ણ ભગવાને પીળુ પીતાંબર ધારણ કરેલું. માથે સોનેરી મુગટ તેની ઉપર મોરની પીંછ અને કાનમાં સોનાનાં કુંડળ ધારણ કરેલાં અને મુખારવિંદ ઉપર બંને હાથમાં મોરલી ધારણ કરેલી અને ગળામાં વૈજયંતી માળા ધારણ કરેલી. ડાબા પગ ઉપર જમણા પગની આંટી પાડેલી એવી સુંદર મનોહર મૂર્તિનાં દર્શન થયાં. તેથી તે બ્રાહ્મણ રાજી થઈ પ્રભુના ચરણમાં પડ્યો તે શ્રીકૃષ્ણની મૂર્તિ શ્રીહરિ રૂપે થઈ. તેવી રીતે તે બ્રાહ્મણનું કામ કરી વર્ણી ત્યાંથી ચાલ્યા તે સોમનાથ પાટણ નામના પ્રસિદ્ધ તીર્થસ્થાનમાં આવ્યા. શ્રીહરિ સોમનાથના પટાંગણમાં આવ્યાં ત્યારે બીજો સૂર્ય ઉદય થયો હોય તેવું લાગ્યું. વર્ણીની સુંદર તેજોમય મૂર્તિ જોઈને ત્યાંના યાત્રાળુઓ વર્ણીના દર્શન કરવા લાગ્યા. આજે સોમનાથના મંદિરમાં હરિ અને હરનો મેળાપ થયો. નીલકંઠ વર્ણીએ મહાદેવના બાર જ્યોતિર્લિંગમાનું પ્રથમ જ્યોતિર્લિંગના દર્શન કરી પૂજા કરી તેના ઉપર અભિષેક કરી વર્ણી સોમનાથ મહાદેવ ઉપર ખૂબ રાજી થયા અને મહાદેવ પણ વર્ણીના દર્શન કરીને ખૂબ રાજી

થયા અને મનમાં થયું મારા પ્રભુ મારા મંદિર પધાર્યા. અહીં શ્રીહરિ અને હરની અક્ષતપણાના દર્શન થયાં. શ્રીહરિ સોમનાથ મહાદેવનાં સ્થાનને ચરણાંકિત કરીને પાવન કરીને તીર્થને તીર્થત્વ આપીને ત્યાંથી આગળ ચાલ્યા.

## સોમનાથ મહાદેવની ઉત્પત્તિ

શિવપુરાણમાં સોમનાથ જ્યોતિર્લિંગની ઉત્પત્તિ કહેતાં સૂતપુરાણી મુનિઓને કહે છે કે મહાત્મા દક્ષે પોતાની સત્તાવીશ (૨૭) કન્યાઓ અત્રિમુનિના પુત્ર સોમ (ચંદ્ર)ની સાથે પરણાવી હતી. સત્તાવીશ કન્યામાં રોહિણી સુંદર હતી તેથી ચંદ્ર તેની સાથે પ્રેમ કરતો અને બાકી ૨૬ પત્નીઓ સાથે પ્રેમ ન કરતો તેથી દુ:ખી થઈને ૨૬ કન્યાઓ પોતાના પિતા દક્ષને વાત કરી એટલે દક્ષે પોતાના જમાઈ સોમને કહ્યું કે તું અત્રિમુનિના નિર્મળ કુળમાં ઉત્પન્ન થયો છે. છતાં તને પોતાની પત્નીઓ તરફ ઓછો વધતો ભાવ કેમ રાખે છે ? જો તે પહેલાં એમ કર્યું છે. તો ભલે કર્યું પણ હવે ફરી તારે એવું વિષમ વર્તન કરવું યોગ્ય નથી કારણ કે એવું વિપરીત વર્તન નરક આપનારું કહેવાય છે. દક્ષે પોતે જમાઈ ચંદ્રને એમ સારી રીતે સમજાવ્યો અને પછી પાકી ખાતરી મેળવી તે પોતાને ઘેર ગયો. જેને લીધે જગત ખૂબ મોહ પામ્યું છે. તે શિવમાયાના પ્રભાવથી ચંદ્ર પણ અતિશય મોહિત થયો હતો. તેથી તેણે દક્ષનું વચન માન્યું નહિ અને રોહિણીમાં આસક્ત બની તેણે બીજી પત્નીઓને કદી સત્કારી જ નહિ. (પ્રેમ આપ્યો નહિ.) તે સાંભળી દક્ષ દુ:ખી થયો. તે પોતે ચતુર હોવાથી ફરીથી ચંદ્ર (સોમ) પાસે આવ્યો અને ઉત્તમ નીતિથી તેણે તેને ફરીથી સમજાવ્યો. (છતાં તે ન જ માન્યો) એટલે તેણે તેને કહ્યું.

દક્ષ બોલ્યો : હે ચંદ્ર તને તારા રૂપ ઉપર અભિમાન છે. માટે તું સાંભળ, મેં ઘણીવાર તને પહેલાં સમજાવ્યો છે. છતાં તું ન માન્યો તેથી હું તને શાપ આપું છું કે તું ક્ષય રોગી થઈ જા. દક્ષે એમ કહ્યું કે તે જ ક્ષણે ચંદ્ર ક્ષય રોગી બની ગયો. અને તે વેળા ચંદ્ર ક્ષીણ થયો એટલે આખા બ્રહ્માંડમાં હાહાકાર મચી ગયો. હે મુનિઓ ! આ વેળા બધા દેવો તથા ઋષિઓ વિહવળ બની દુ:ખ પામ્યા. ચંદ્રનું કાર્ય કોણ કરે રાત્રિએ પ્રકાશ આપવાનું કાર્ય કોણ કરી શકે તેથી સૃષ્ટિ સમતોલ ન રહે તે માટે બધા ઋષિઓ તથા દેવો બ્રહ્મા પાસે જઈ તેમને નમસ્કાર કરી સ્તુતિ કરી અને ચંદ્રનું તમામ વૃત્તાંત તેમને જણાવ્યું. બ્રહ્મા પણ તેમનું વચન સાંભળી પરમ વિસ્મય પામ્યા. બ્રહ્માએ શિવની માયાની ખૂબ પ્રશંસા કરી અને તેઓને

સંભાળાવતાં આમ કહ્યું. સર્વ લોકોને દુઃખદાયી મોટું કષ્ટ આવ્યું છે; ચંદ્ર પણ સર્વ કાળ દુષ્ટ જ રહ્યો. જેથી દક્ષે તેને શાપ દીધો છે. દુષ્ટ ચંદ્રે અનેક વાર બધાં દુષ્ટ કર્મ જ કરેલાં છે. હે ઋષિઓ અને દેવો ! ચંદ્રનું પ્રથમ કૃત્ય તમે સાંભળો. દુષ્ટ ચંદ્રે બૃહસ્પતિને ઘેર જઈ તેમની પત્ની તારાને હરી લીધી હતી. જેથી એ બૃહસ્પતિ દૈત્યો પાસે રહ્યાં હતા. તેમણે દૈત્યનો આશ્રય કરી દેવો સામે યુદ્ધ કરાવ્યું હતું. પછી મેં તથા અત્રિ ઋષિએ ચંદ્રને જયારે (એવું દુષ્ટ કામ કરવા) ના પાડી ત્યારે તેણે બૃહસ્પતિને તારા આપી હતી. પરંતુ એ તારાને સગર્ભા જોઈ બૃહસ્પતિએ કહ્યું કે આને હું સ્વીકારીશ નહિ. પછી અમે બૃહસ્પતિ (તેવી હઠ કરતાં રોક્યા) એટલે તેમણે તેને સ્વીકારી હતી. પરંતુ તે વેળા તેમણે આવી શરત કરી હતી કે, આ ગર્ભને તે અહીં છોડી દે, તો જ હું તેને સ્વીકારું. (એમ તેમણે કહ્યું.) એટલે શ્રેષ્ઠ મુનિઓ !કહ્યું કે, આ ગર્ભ ચંદ્રનો છે. પછી મેં સમજાવેલા તે બૃહસ્પતિએ તેને સ્વીકારી હતી. પત્ની અહલ્યા સાથે ખરાબ વર્તન કર્યું હતું. તેમાં ચંદ્રનો ભાગ હતો. આ ચંદ્રના ઘણા દુષ્ટ ચરિત્રો છે. તેનું શું વર્ણન કરવું ? અથવા જે થયું છે તે બહુ ઠીક જ થયું છે. તેમાં કંઈ ફેરફાર થાય તેમ નથી. એ નક્કી છે. તેને કરેલી ભુલ તમામ દેવો તથા ઋષિઓને દુઃખી કરે છે. સૃષ્ટિના કર્મના ફેરફાર ન થાય માટે હવે તેનો ઉત્તમ ઉપાય છે. હું તમને કહું છું તે તમે આદરથી સાંભળો.

પ્રભાસ નામના ઉત્તમ ક્ષેત્રમાં દેવોની સાથે ચંદ્ર જાય અને ત્યાં માટીનું પાર્થિવ લીંગ બનાવી મૃત્યુંજયના મંત્રનો જપ કરે અને રોહિણી પણ પંચાક્ષર મંત્ર ૐ નમઃ શિવાયનો મંત્રનો જપ કરે. મૃત્યુંજયનો દશ કરોડ અને ૐ નમઃ શિવાયના દશ કરોડ જપ કરે તો શિવ તેની ઉપર રાજી થાય અને તેના રોગથી ક્ષયરહિત કરીશ. બ્રહ્માનું એવું વચન સાંભળી દેવર્ષિઓ તથા નારદજી સહિત પાછા ફર્યાં જ્યાં ચંદ્ર તથા દક્ષ હતા ત્યાં બધા આવ્યા. પછી દેવોએ તથા ઋષિઓએ દક્ષને આશ્વાસન આપ્યું અને ચંદ્રને સાથે લઈ તેઓ બધા પ્રભાસતીર્થ આવ્યા. ત્યાં આવીને તેઓએ સરસ્વતી આદિ શ્રેષ્ઠનું આહ્‌વાન કર્યું અને પાર્થિવ શિવલિંગનું સ્થાપન કરી મૃત્યુંજયના વિધાનપૂર્વક તે વખતે પૂજા કરી પછી દેવો તથા ઋષિમુનિઓ ચંદ્રને ત્યાં રાખીને આનંદથી પોતપોતાના સ્થાને ગયા.

ચંદ્ર તથા રોહિણીએ છ મહિના સુધી અસ્ખલિત તપ ચાલું રાખ્યું અને મૃત્યુંજયનાં મંત્ર અને પંચાક્ષર મંત્ર ૐ નમઃ શિવાય મંત્ર વડે શંકરનું પૂજન કર્યાં કર્યું. ચંદ્ર અને રોહિણી દશ-દશ કરોડ મંત્રનો જપ કર્યો અને નિશ્ચલ મનથી શિવનું ધ્યાન કર્યું. તેથી શંકર પ્રસન્ન થયા. ભક્ત વત્સલ ભગવાને પ્રગટ થઈ

પોતાના ભક્ત ચંદ્રને કહ્યું, હે ચંદ્ર ! તું વરદાન માગ. તારું કલ્યાણ થાઓ. ત્યારે ચંદ્ર બોલ્યો : હે દેવોના ઈશ્વર ! જો આપ પ્રસન્ન થયા છો. તો મારે શું અસાધ્ય છે ? તો પણ હે શંકર ! મારા શરીરનો ક્ષય રોગ આપ દૂર કરો. મારો અપરાધ આપ ક્ષમા કરો. એમ તેણે કહ્યું એટલે શિવે વચન કહ્યું.

શિવે ચંદ્રને વરદાન આપતાં કહ્યું કે હે ચંદ્ર ! એક પખવાડિયામાં તારી કળાઓ દરરોજ ક્ષય (ઓછી) થતી જાશે અને બીજા પખવાડિયામાં ઓછી થયેલી કળાઓ નિરંતર તે કળાઓ વધ્યા કરશે. પૂનમના દિવસે સોળ કળાએ પૂર્ણ બનીશ. ચંદ્ર શિવનું આવું વચન સાંભળી ખૂબ રાજી થયો. પછી ચંદ્ર દેવે કહ્યું કે હે દેવના દેવ મહાદેવ ! આપને નમસ્કાર હો ! હે પરમેશ્વર શંભુ ! ઉમાદેવી સાથે આપ અહીં સ્થિર થાઓ અને આ રીતે ચંદ્રમાએ પણ ઉત્તમ ભક્તિથી શંકરની સારી રીતે સ્તુતિ કરી એટલે પ્રભુ શંકર પ્રથમ પોતે નિરાકાર જ (લીંગરૂપ) હતા. છતાં મૂર્તિરૂપે થઈને સાકારરૂપે દર્શન આપ્યા. શંકરે દેવોના એ ક્ષેત્રના મહાત્મ્ય માટે તથા ચંદ્રના યશ માટે તથા સોમનાથ બની ક્ષયરોગ મટાડો તેથી ચંદ્રના નામે ત્યાં લીંગમાં જ્યોતિ સ્વરૂપે રહ્યા. ત્યારથી તીર્થનું નામ સોમનાથના નામથી પ્રસિદ્ધ થયું. તે 'સોમેશ્વર' મહાદેવ નામે ત્રણે ભુવનમાં પ્રખ્યાત થયા અને તેમનું પૂજન કરવાથી ક્ષય, કોઢ વગેરે રોગોનો તે નાશ કરે છે. એ ચંદ્ર ધન્યવાદને પાત્ર તથા કૃતાર્થ થયો છે કે જેના નામે જગતના નાથ શંકર પોતે પૃથ્વીને પવિત્ર કરતાં એ પ્રભાસક્ષેત્રમા બિરાજે છે.

પછી બધા દેવોએ ભેગા મળીને એક કુંડ પણ સ્થાપ્યો છે. જેનો શિવે તથા બ્રહ્માએ ત્યાં વિભાગ કર્યો નથી. એ કુંડ પણ ચંદ્રકુળના નામે ઓળખાય છે. તેમાં બધા દેવોએ સ્નાન કર્યું. એ ચંદ્રકુંડ પૃથ્વી પર પાપનો નાશ કરનાર તરીકે પ્રખ્યાત છે. એમાં જે મનુષ્ય સ્નાન કરે છે. તે સર્વ પાપથી છુટી જાય છે. એ કુંડમાં છ મહિના કેવળ સ્નાન કરવાથી જ ક્ષય વગેરે અસાધ્ય રોગો પણ અવશ્ય નાશ પામે છે. શુદ્ધાત્મા મનુષ્ય પ્રભાસક્ષેત્રની પરિક્રમા કરી પૃથ્વીની પરિક્રમા કર્યાનું ફળ મેળવે છે અને મર્યા પછી સ્વર્ગમાં પૂજાય છે. સોમનાથના લિંગનું દર્શન કરી મનુષ્ય સર્વ પાપોથી છૂટી જાય છે અને મનવાંછિત ફળ મેળવી મર્યા પછી સ્વર્ગમાં જાય છે. જે મનુષ્ય જે ફળને ઉદ્દેશીએ તીર્થમાં જાય છે. તે તે સંપૂર્ણ ફળ મેળવે છે. એમાં જરાપણ સંશય નથી. એ પ્રમાણે તે ઋષિમુનિઓ તથા દેવોએ તીર્થનું એવું ફળ જોઈ આનંદથી શિવને નમસ્કાર કરી અને પછી ક્ષયરહિત થયેલા ચંદ્રને સાથે લઈને એ તીર્થની પરિક્રમા કરી તેની પ્રશંસા કરતા

ત્યાંથી પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા અને ચંદ્ર પણ પોતાનું પહેલાનું રાત્રિએ પ્રકાશ આપવાનું કાર્ય કરવા લાગ્યો. જે મનુષ્ય સોમેશ્વરની આ ઉત્પત્તિ સાંભળે છે. અથવા બીજા લોકોને સંભળાવે છે. તે સર્વ કામનાઓ મેળવે છે અને સર્વ પાપોથી છૂટી જાય છે. શ્રીહરિ પણ ચંદ્રકુંડ સ્નાન કરી પ્રભાસની પરિક્રમા કરીને પ્રભાસ ક્ષેત્રને પોતાના ચરણોથી ચરણાંકિત કરી (વેરાવળ) આવ્યા ત્યાંથી ભંડુરીયા પધાર્યા.

## ભંડુરીયા

શ્રીહરિ વેરાવળથી ભંડુરીયા ગામે આવ્યા ત્યાં એક લુહાર ભક્તને ઘરે ઊતર્યાં. લુહાર ભક્તે શ્રીવર્ણીને સીધું આપ્યું તેની રસોઈ બનાવીને બાલમુકુંદ ભગવાનને જમાડીને જમ્યા અને એક રાત લુહારની કોઢમાં લાઢાદરી નદીમાં સ્નાન કર્યું. શ્રીહરિ માળિયા ગામની વચ્ચે થઈને સોંસરા થઈને ઉત્તરાદે દરવાજે થઈને ચાલ્યા. ત્યાં રસ્તામાં ઠક્કર નાનજી, મનજી તથા મેઘજી વગેરે મળ્યા. તેમણે કહ્યું કે બ્રહ્મચારી મહારાજ તમે પાછા વળો ને ગામમાં ચાલીને રોકાઓ ત્યારે મહારાજ કહે 'અમારે ગિરનાર જવું છે. તે માટે નહિ રોકાઈએ.' શ્રીહરિએ તેમના ઉપર કૃપા દૃષ્ટિ કરી તેથી મહાન ભક્ત થયા અને શ્રીહરિએ કહ્યું કે તમોને અમારો મેળાપ થશે ને તમારા કુળમાં ઘણો સત્સંગ થશે ને તમારો પરિવાર ઘણો વધશે. તેઓ વર દઈને ત્યાંથી શ્રીહરિ શેરગઢ ગયા. ત્યાં સીમાસીના ચોરામાં રાત રહીને ધર્મવેરાળ થઈને ભૂતનાથ આવ્યા. ભૂતનાથથી જુનાગઢ આવ્યા એટલે દામોદર કુંડે આવ્યા.

## જુનાગઢ

**દામોદર કુંડ :** શ્રીહરિ દામોદર કુંડે આવ્યા તેમાં સ્નાન કર્યું. સ્નાન કરી સાંજના આરતી સમયે દોમોદર મંદિરમાં આવ્યા. ત્યાંના બ્રહ્મચારી નીલકંઠના દર્શન કરીને તેમનામાં ભાવ થયો કે આ નાના બ્રહ્મચારી કોઈ મહાન યોગી છે. તેમની તેજોમય મનોહર મૂર્તિનાં દર્શન કરવાથી મનમાં પરમ શાંતિ થઈ તે સમયે દામોદર ભગવાનની આરતી પ્રગટી ચુકી હતી પણ પુજારીનું મન વર્ણીમાં હતું. પુજારીએ દામોદર ભગવાનની આરતી કરીને નીલકંઠ વર્ણીને આરતી આપી. નીલકંઠ આરતી લઈને ચાલવા માંડ્યા ત્યારે પુજારીએ કહ્યું કે હે બ્રહ્મચારી મહારાજ કઈ બાજુ ત્યારે નીલકંઠે કહ્યું કે અમે તો ઘોર જંગલમાં જશું ત્યારે

પુજારીએ કહ્યું કે હે બ્રહ્મચારી આ ઘોર જંગલમાં જવાય તેવું નથી. કારણ કે તેમાં હિંસક પ્રાણીઓ વાઘ, સિંહ જેવા વગેરેનો ત્રાસ છે. માટે તમે આ મંદિરમાં રાત રોકાઈ જાઓ. પણ નીલકંઠ વર્ણી તો કહે અમે તો વનમાં જશું અમને કોઈનો ભય નથી. આવું વર્ણીનું વચન સાંભળી પૂજારીના મનમાં થયું કે આ જોગી માને તેમ નથી. એક તો જોગીહઠ અને બાળ બ્રહ્મચારી છે. માટે બાળહઠ છે. એટલે માનશે નહીં. નીલકંઠવર્ણી ત્યાંથી આગળ ચાલ્યા તો મુંચકુંદ ગુફાના દર્શન કરી આગળ જતાં. રાધા ખંડેરી ડેરી આવી. ત્યાં જતાં વિકટ રસ્તો છે. રાધા ખંડેરીની બાજુમાં રાધાવાવ છે. તેનું જળ પીને પવિત્ર કર્યું છે. તેને પવિત્ર કરીને શ્રીહરિ રાધા ખંડેરીની ડેરીની આગળ ધ્યાન કરવા બેઠા. ત્યાં જંગલમાં વાઘ અને સિંહની ત્રાડ સંભરાણી એ ત્રાડથી આખા જંગલને ગજવી નાખ્યું.

મંદિરના પુજારીએ પણ સિંહની ત્રાડ સાંભળી એટલે તેમને વર્ણીની ચિંતા થવા લાગી કે આજે નક્કી જોગીનું મોત આવ્યું. શ્રીહરિ તો ધ્યાનસ્થ બેઠા હતા. ત્યાં સિંહ ત્રાડ નાંખતો રાધા ડેરી તરફ આવ્યો ત્યાં તો વર્ણી પોતાની આંખો ખોલીને સિંહ તરફ નજર કરી તો સિંહ એકદમ નિસ્તેજ બની પોતાની હિંસક વૃત્તિ જોડીને વર્ણીના ચરણ પખાડવા લાગ્યો. શ્રીહરિ બાજુમાં સોનરૂંક નદીમાં સ્નાન કરી તેના રેતીના કિનારા ઉપર બેસીને પૂજા કરતા હતા. તે વખતે શ્રીહરિ કોપીન પહેરીને પૂજા કરતાં એટલે તેમના શરીર ઉપર તલ કે ચિહ્નોના દર્શન થતાં તે સૂર્યદેવ જંગલ ઝાડીમાં થઈ વર્ણીના દર્શન કરવા આવ્યા. વર્ણીનું તેજ અને સૂર્યનાં પ્રકાશમાં વર્ણીની પીંગલવર્ણી જટા માથે શોભી રહી હતી. વર્ણીના જમણા ભાલપ્રદેશ ઉપર એક કાળા તલના દર્શન અને ભાલપ્રદેશમાં ત્રિવડીના દર્શન અને ભાલપ્રદેશ મધ્ય ભાગમાં બે ઊભી રેખાઓના દર્શન તે ભગવાન વિષ્ણુનું ચિહ્ન છે. ત્રિવડીએ શિવનું ચિહ્ન છે. બે ઉભી રેખાઓ ઉપર ઉર્ધ્વપિડું તિલકના દર્શન શ્રીહરિની કમળની પાંખડીની જેમ અણિયારી પાંપણોના દર્શન અને શ્રીહરિની બે દિવ્ય ચક્ષુના દર્શન અને દીવા જ્યોત જેવી નાસિકાના દર્શન શ્રીહરિના જમણા કાનની નીચે કાન વીંધ્યાના કાંણાના દર્શન અને તેની ઉપર એક કાળા તલના દર્શન અને કાનની પાછળના ભાગમાં એક કાળા તલના દર્શન, ડાબા કાનના નીચે કાન વિંધ્યાના કાણાંના દર્શન ઉપરની અંદરની સાઈડે એક કાળા તલના દર્શન બંને કાન જલેબીના ગુંચળા આકારના છે. શ્રીહરિના બંને હોઠ પાકી ગયેલા ઘીલોડા જેવા લાલ રંગના દર્શન અને હોઠના અંદરના ભાગમાં દંતમંડળના દર્શન હોઠથી નીચેના ભાગ ચિંબુકના દર્શન. ચિંબુકની નીચે એક

કાળા તલના દર્શન એવી શ્રીહરિના પૂનમ ચંદ્રમાના જેવા ગોળ મુખારવિંદના દર્શન શ્રીહરિના કંઠના દર્શન. શ્રીહરિના શંખ જેવા આકારના કંઠના દર્શન કંઠના ખાડામાં એક કાળા તલના દર્શન શ્રીહરિની ઉપડતી છાતીના દર્શન, શ્રીહરિના બંને સ્તનની અંદર ચાપના અને રોમના દર્શન બંને સ્તન ઉપરના ભાગ છાપના દર્શન અને ડાબા સ્તન ઉપર છાપ અને છાતીના મધ્યભાગમાં એટલે કે ડાબી બાજું પાંચ ઈંચ પહોળું અર્ધચંદ્રાકાર ચિહ્નનાં દર્શન અને અર્ધચંદ્રાકાર તથા છાપનાં દર્શન ડાબા સ્તનની નીચે છાપનાં દર્શન શ્રીહરિના ઉદરના દર્શન ઉદર પીંપળના પાન જેવા આકારનું ગોળ અને આગળ ભાગ અણીદાર તેમાં વિનગુણના દર્શન.

શ્રીહરિના ઉદરના મધ્યભાગમાં દિવ્ય ગોર ગંભીર નાભિના દર્શન તેની બાજુ ત્રણ તેજોમય ચક્રના દર્શન ઉદરની અંદર ત્રિવળીના દર્શન ત્રિવેણીના આજુબાજુ છ કાળા તલના દર્શન, શ્રીહરિના બંને આજુના બાહુના દર્શન ખભાથી શ્યામ કૂણી વચ્ચેના ડેડરિયા દર્શન, ડેડરિયા બહારની બાજુમાં ચાર કાળા તલનાં દર્શન અને ડેડરિયા ઉપર ચક્ર અને પદ્મના દર્શન શ્યામ કૂણીના દર્શન. શ્યામકૂણીથી હાથના કાંડા સુધી કળાઈના દર્શન, કાંડાથી નીચેના મહારાજના છાપનાં દર્શન તેની નીચે ત્રણ કાળા તલના દર્શન, હાથના કાંડા ઉપરના ભાગમાં મહારાજની લાલ હથેળીના દર્શન. હથેળીથી ઉપરના ભાગમાં કુસુમની કળીઓ જેવી પાંચ આંગળીઓના દર્શન, પ્રથમ આંગળી ઉભી અને બાકી ત્રણ આંગળીઓ અંગૂઠાને સ્પર્શ કરતા મુદ્રિકા સ્વરૂપના દર્શન, પ્રથમ આંગળીના ઉપરના ભાગે એક કાળા તલના દર્શન અને હથેળી ઉપરના ભાગમાં પોંચો પહેરવાની જગ્યામાં એક કાળા તલના દર્શન હવે ડાબા બાહુના દર્શન, ડાબા બાહુના ઉપરના ભાગમાં શંખ અને કમોદ ગદાનાં દર્શન, ખભાથી મહારાજની શ્યામ કૂણીના વચ્ચેના ડેડરીયાના દર્શન, ડેડરીયાની બહારની બાજુમાં ચાર કાળાં તલનાં દર્શન. મહારાજની શ્યામ કૂણીના દર્શન, શ્યામ કૂણીથી હાથના કાંડાના વચ્ચેના કળાઈના દર્શન, હાથના કાંડાથી ત્રણ તસુ નીચે મહારાજના છાપનાં દર્શન અને તેની સામેની બાજુએ ત્રણ કાળા તલનાં દર્શન, હાથના કાંડાની ઉપરના લાલ હથેળીના દર્શન અને તેની વચ્ચે પદ્‌મના (કમળના) દર્શન, હાથના કાંડાના નીચેના ભાગમાં એક કાળા તલના દર્શન. લાલ હથેળીના ઉપરના ભાગમાં કુસુમ કળી જેવી અંગુઠા સહિત પાંચ આંગળીના દર્શન, પ્રથમ આંગળીના નીચેના ભાગ અને મધ્યમાં એક-એક કાળા તલનાં દર્શન, મહારાજના ડાબા હાથ અભયદાન આપતાં દર્શન. હવે મહારાજના બંને બગલના નીચેના ભાગે ચાર-ચાર કાળા તલનાં દર્શન. હવે

મહારાજના નાભિથી નીચેના ભાગમાં પીતાંબર પહેરવાથી મહારાજની શ્યામ રેખાના દર્શન મહારાજના જમણા કેડના ઉપર બે તસુ બે કાળા તલના દર્શન અને ડાબા કેડથી ત્રણ તસુ ઉપર ચાર અને ચાર પાઠળ એમ આઠ કાળા તલના દર્શન. મહારાજના કેડના ભાગમાં પીતાંબરના દર્શન અને કોપીનના દર્શન અને મહારાજનાં ગુપ્તભાગનાં દર્શન, મહારાજનાં બંને સાથળ કેળના પાન જેવા આકારના દર્શન, જમણા સાથળ ઉપર ખાપા તલાવડીએ વાગેલા ખાંપાના દર્શન ડાબા સાથળ ઉપર નીચેના ભાગમાં એક નાના ખાંપાના દર્શન તથા તેની નીચે મહારાજના છાપનાં દર્શન હવે મહારાજના બંને ઘુંટણના દર્શન મહારાજની પીંડીઓના દર્શન. પીંડીઓ ઉપર મહારાજના પીંતાબરના ચિહ્નના દર્શન, મહારાજની બંને ચરણની નળીઓના દર્શન. જમણા ચરણની નળી ઉપર કૂણી ઉપર બે તસુ ઉપર એક કાળા તલનાં દર્શન અને ડાબા ચરણની નળી ઉપર બે કાળા તલના દર્શન. મહારાજના બંને ચરણના ઘૂંટણીઓના દર્શન. મહારાજના બંને ચરણમાં એક જમણા ચરણમાં નવ અને ડાબા ચરણમાં સાત એમ સોળ ચિહ્ન.

એમ મહારાજના બંને ચરણમાં સોળ ચિહ્નનાં દર્શન અને મહારાજના બંને ચરણ અબુજ (લાલ) રંગના છે. તેમાં કુસુમની કળીઓ જેવી અંગુઠા સહિત દશ આંગળીઓના દર્શન, દશ આંગળીઓની અંદર લાલ નખ લાલ મણિની જેમ શોભી રહ્યા છે. દશ આંગળીના નીચેના ભાગ ટેરવાં દસ સૂર્ય જેટલું તેજનાં દર્શન જમણા ચરણના અંગુઠામાં નખની વચ્ચે એક લાલ રેખા તેના દર્શન જમણા અંગૂઠાના બહારના ભાગમાં એક કાળા તલના દર્શન અને અંગૂઠાની પાસેની પ્રથમ આંગળીના આગળના અંગુઠા તરફ એક ભાગ તલના ચિહ્નનાં દર્શન મહારાજની દસ આંગળીના કૂણાઓના દર્શન તેની ઉપર રોમના દર્શન અને છેલ્લા આંગળીના બહારના ભાગમાં એક કાળા તલના દર્શન બંને ચરણના અંગૂઠા અને પ્રથમ આંગળીના વચ્ચે મહારાજની ચાખડીનાં દર્શન ડાબા ચરણની છેલ્લી આંગળી ઉપર એક કાળા તલના દર્શન, મહારાજના ચરણના પાવલીયા ગોળ અને લાલ રંગના દર્શન અને મહારાજના બંને ચરણની નીચેના ભાગ તળાઓના મુલાયમ અને લાલ રંગના દર્શન અને તે બંને તળાઓની અંદર સોળ ચિહ્નનાં દર્શન આવી રીતે સોનદ્રંકના કિનારે મહારાજની દિવ્ય મૂર્તિનાં દર્શન થતાં હતાં. એવામાં દામોદર મંદિરાના પૂજારી સવાર પડતાં નીલકંઠ બ્રહ્મચારી ધ્યાન કરતા જોયા. તેની પાસે જઈ તેમના ચરણોમાં ઢળી પડ્યો અને કહ્યું તમે

તો સાક્ષાત્ ભગવાન છો. પછી વિનંતી કરીને કહ્યું કે હે પ્રભુ ! તમે અમારા દામોદર મંદિરમાં પધારો. શ્રીહરિ એ પૂજારીનો ભાવ જોઈ દામોદર મંદિરમાં પધાર્યા. પૂજારી ખૂબ ભાવથી સેવા કરીને જમાડ્યા અને પાનબીડી આપી. આમ શ્રીહરિ દામોદર મંદિરમાં ત્રણ દિવસ રોકાઈને પૂજારીનું કલ્યાણ કરી ત્યાંથી ગિરનાર ચડવા માટે ભુવનેશ્વર થઈને ચડાની વાવ પાસે આવ્યા. ચડાની વાવમાં સ્નાન કર્યું અને બાજુમાં હનુમાનજી મૂર્તિના દર્શન કરી. ગિરનારના પગથિયાં ચડવાની શરૂઆત કરી.

## ગિરનાર (દત્તાત્રેયે)

નીલકંઠ વર્ણી ગિરનારના એક એક પગથિયા ઉઘાડા પગે ચડતા જાય છે અને પોતાની દૃષ્ટિ નાસિકા દૃષ્ટિ રાખીને ચડતા જાય છે. રસ્તામાં લોકો આવી તેજોમય મૂર્તિ જોઈને તેમના દર્શન કરતા જાય છે. પણ શ્રીહરિને તો બાજુમાં થઈને કોણ નીકળ્યું. તેની પણ ખબર નથી. તેમને પોતાની મસ્તીમાં આગળ ચાલ્યા જાય છે. ત્યાં રસ્તામાં ગૌમુખી ગંગાનો કુંડ આવ્યો એટલે શ્રીહરિ પોતાના ગળામાંથી શાલીગ્રામ તથા કમંડળુ અને ઝોળીને બાજુમાં મુકી ગૌમુખીના કુંડમાં સ્નાન કરવા તૈયાર થયા. ત્યાં વામનપંથી વૈરાગી બાવાઓ રહેતા હતા. તે વૈરાગી બાવાએ શ્રીહરિને કુંડમાં નાહવાની ના પાડી. તેમની સામે લાલ આંખો કરી તું પહેલોવહેલો આવેશે કે શું ? (શ્રીહરિ ગિરનાર ચડ્યા તે વખત ઇ.સ. ૧૮૫૬ શ્રાવણ માસની દસમી હતી.)

આ કુંડમાં અમારા સિવાય કોઈને નાહવાનો હક નથી એટલે શ્રીહરિએ કહ્યું તીર્થમાં કોઈપણને નાહવાનો હક હોય એટલે અમે તીર્થરૂપ જાણીને અહીં સ્નાન કરવા આવ્યા છીએ. એટલે બાવાઓ વધારે ક્રોધિત થયા એટલે શ્રીહરિ તેમને વામનરૂપે દર્શન આપ્યા એટલે બધા બાવાઓ શાંત થઈને શ્રીહરિના ચરણમાં નમી પડ્યાં. તેમને પોતાના આશ્રિત કર્યાં. પછી ત્યાંથી અંબાજીના દર્શન કરી ગોરખનાથ થઈને ગિરનારની ટોચ ઉપર દત્તાત્રેય આવ્યાં. ત્યાં દત્તાત્રેય ભગવાનના ચરણનાં દર્શન કર્યાં ત્યાં દત્તાત્રેયનો પુજારી બાર વર્ષથી પૂજા અને તપ કરતો હતો. તેના મનમાં એમ હતું એક દિવસ, જરૂર મારો દત્તાત્રેય દર્શન આપશે. ત્યાં પૂજારીને નીલકંઠવર્ણીની તેજોમય મૂર્તિ જોઈને મનમાં ખૂબ શાંતિ થઈ તેથી વર્ણીના મનમાં ઘણા ટાઈમથી આ પૂજારી દત્તાત્રેયનાં દર્શન માટે ઝંખી રહ્યો તો આજે તેને હું દત્તાત્રેયના દર્શન કરાવું. તેથી વર્ણી તેની ઉપર કૃપાદૃષ્ટિ

કરીને તેની સામું જોયું તો પુજારીને વર્ણીમાં દત્તાત્રેયના દર્શન થયાં તેથી પૂજારી વર્ણીના ચરણોમાં નમી પડ્યો. બે હાથ જોડીને કહેવા લાગ્યો કે આજે મારા તપ અને પૂજાનું ફળ મળ્યું અને મને મારો દત્તાત્રેય મળ્યો. એવી રીતે પૂજારીનું કલ્યાણ કરી ત્યાં એક રાત રોકાયા અને સવારે વહેલા ગિરનાર ઉતરવા લાગ્યા. ઊતરતાં રસ્તામાં રામવન, સીતાવન પધાર્યા હતા. રેવતી વનમાં સ્વયં શ્રીકૃષ્ણ રંગે રમ્યા હતા અને આજે ખુદ સ્વામિનારાયણ ભગવાને ગિરનારને પાવન કર્યા. શ્રીહરિ ગિરનાર ઊતરીને ગોધાવાવે આવ્યાં તેમાં સ્નાન કરી બાજુમાં ધર્મદાસની જગ્યામાં આવીને શ્રીહરિ ત્યાં ઊતર્યા.

## ગોધાવાવે ધર્મદાસની ધર્મશાળામાં

શ્રીહરિ ગોધાવાવે આવીને બાજુમાં ધર્મદાસની ધર્મશાળામાં ઉતર્યા ત્યાં બ્રહ્મ ભોજન ચાલતું હતું. તેથી શ્રીહરિ બ્રહ્મભોજનમાં પધાર્યા. શ્રીહરિ તો સદાવ્રતમાં (બ્રહ્મભોજન) પધારતા તેનું કારણ એક જ કે જે સદાવ્રત આપે તે જીવનું કલ્યાણ થાય તે માટે પધારતા હતા. શ્રીહરિ તો વાયુભક્ષણ કરીને રહે તેમ છે. છતાં જીવના કલ્યાણ માટે કરે છે. શ્રીહરિ બ્રહ્મભોજનમાં પતરાડું અને તુંબડામાં પાણી ભરીને પંક્તિની લાઈનમાં જમવા બેઠા. તેવા સમયે ત્યાંના વૈરાગી બાવાઓએ ક્રોધ કરીને ત્યાંથી ઉઠાડી મૂક્યાં અને કહેવા લાગ્યા કે પૂછ્યા વિના અમારા બ્રહ્મભોજનમાં કેમ બેઠા. વર્ણીને અજાણ્યા જાણી લાલ આંખ કરીને જેમ તેમ બોલીને અપમાન કર્યું તેથી વર્ણી બીજે ઠેકાણે જઈને બેઠા. એટલે બાવાઓ ક્રોધ કરીને કહ્યું બોલ્યા કે અહીં તો અમારી પંગત થાશે માટે બીજે ઠેકાણે જઈને બેસો. અને કહ્યું કે વગર આમંત્રણે તમો તૈયાર ભોજન ખાવા માટે આવી ગયા. તમને લાજ કે શરમ આવતી નથી ? તારું ગામ કે નામ ઠેકાણું નથી સમય જોઈને ભોજન કરવા આવી ગયા એમ કહીને વર્ણીને ત્યાંથી ઉઠાડી મૂક્યા. વર્ણીને માન-અપમાન સમાન છે. એવી સ્થિતિમાં શ્રીહરિએ ધીરજ રાખીને બીજે ઠેકાણે જઈને બેઠા. ત્યાં પણ શ્રીહરિએ ધીરજ-ક્ષમા રાખીને ફરીથી પતરાળું બનાવીને અને વાવમાંથી તુંબડામાં પાણી ભરીને બીજી જગ્યાએ જઈને બેઠા તેથી બાવાઓના સહન ન થવાથી બોલ્યા કે આને કોઈ પીરસશો નહીં. તે ગામમાં જઈને માંગી ખાશે એવું બોલી વર્ણીને ત્યાંથી ઉઠાડી મૂક્યાં. એવી રીતે શ્રીહરિને પંગતમાંથી સાત વાર ઉઠાડી મૂક્યાં અને ઠઠ્ઠા મશ્કરી કરી અને અપમાન કર્યું છતાં શ્રીહરિને ખાવાનું આપ્યું નહીં છતાં શ્રીહરિએ વિનંતીથી કહ્યું કે તમે જમી

રહ્યા પછી મને ખાવાનું આપજો છતાં અભાગિયા લોકોએ વર્ણીનું અપમાન કરી ભૂખ્યા કાઢ્યાં છતાં શ્રીહરિના મુખ ઉપરની એક પણ રેખા બદલાઈ નહીં. ધીરજ અને ક્ષમા રાખીને પ્રભુ નિરમાની થઈને ત્યાંથી ચાલ્યા. મનમાં જરાપણ દુઃખ થયું નહિ. એવું ધૈર્ય (ધીરજ) રાખીને ત્યાંથી શ્રીહરિ હાટકેશ્વર મહાદેવે આવ્યા. શ્રીહરિની આ લીલા ઉપરથી આપણે તે શિખવા મળે છે કે ગમે તેવા સંજોગોમાં ધૈર્ય અને ક્ષમા રાખવી. ક્ષમા એ બધા ગુણોમાં શ્રેષ્ઠ ગુણ છે.

**બ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિના ધૈર્યનાં વખાણ કરતાં કહે છે કે :** જેની ભ્રૂકુટિમાંથી અનંત બ્રહ્માડો પ્રગટ થાય છે અને તેમાં લીન થાય છે તેવા શ્રીહરિના સંકેતથી બ્રહ્મા, વિષ્ણુ કે શિવ તેમની આજ્ઞાઓનું પાલન કરે છે. તેવા શ્રીહરિને મૃત્યુલોકના જીવે પંગતમાંથી સાત વાર ઉઠાડી મૂક્યાં છતાં ધૈર્ય અને ક્ષમા રાખી. શ્રીહરિની આજ્ઞાથી સૂર્ય અને ચંદ્ર આકાશમાં ફરે છે. ઈન્દ્ર પણ જેમની આજ્ઞાથી વરસાદ વરસાવે છે. તેવા શ્રીહરિને અભાગિયા લોકોએ બ્રહ્મભોજનમાંથી સાત વાર ઉઠાડી મૂક્યાં છતાં તેમના મુખ ઉપરની એકપણ રેખા બદલાઈ નહીં અને શાંત મુખે રહ્યા. શ્રીહરિની ભ્રૂકુટીથી મૃત્યુ મહાકાળ પણ સદાય ડરે છે. જેમનું ધ્યાન મોટા મોટા મુનિઓ કરે છે. તેવા શ્રીહરિને અજ્ઞાની લોકોએ અપમાન કરી કાઢ્યા છતાં તેમનાં મનમાં જરા પણ દુઃખ થયું નહીં અને તે જીવનું સારું કરવા શાંત મુખેથી ચાલી નીકળ્યા. શ્રીહરિને બ્રહ્માદિક દેવતાઓ પણ નેતિ અને નિગમ કહીને પોકારે છે. શેષ નારાયણ પણ પોતાની હજાર મુખેથી શ્રીહરિને રટે છે. એવા પાખંડી બાવાએ શ્રીહરિનું અપમાન કરીને સાત વાર ઉઠાડ્યા તોય શ્રીહરિ ક્ષમા રાખી. ધર્મદેવના પુત્ર શ્રીહરિ બધા ધામના ધામી એવા શ્રીહરિને સૌ શીશ નમાવીને ભજે છે. એવા શ્રીહરિમાં અનંત ગુણો છે. એવા શ્રીહરિને પંગતમાંથી સાતવાર ઉઠાડ્યા છતાં શ્રીહરિએ એક જ આત્મભાવ રાખ્યો. જેનું વર્ણન વેદો પણ કરી શકતા નથી. જેમને વાણી કે મન પહોંચી શકતાં નથી કે બુદ્ધિ પણ અટકી જાય છે. તેવા શ્રીહરિને સાત વાર ઉઠાડી મૂક્યાં. શ્રીહરિ જીવ, માયા, ઈશ્વર, ક્ષર-અક્ષરોમાં સદા વ્યાપીને આ ચરાચરમાં (વિશ્વમાં) રહ્યા અને સૌનું ભરણપોષણ કરે છે. એવા શ્રીહરિને મૂર્ખ બાવાઓ પંગતમાંથી સાત વાર ઉઠાડી મૂક્યાં છતાં શ્રીહરિ માન-અપમાનને સમાન ગણે છે. જેના થકી સર્વે જીવ જીવે છે સચેત થાય છે જે અચેતનને ચેતન બનાવી કે કાષ્ટની પૂતળીઓને નટવર નચાવે છે. એવા સર્વના પ્રેરક ભગવાનને અધર્મી લોકોએ પંગતમાંથી સાતવાર ઉઠાડી મૂક્યાં તોય અધર્મી તરફ ક્રોધ કર્યો નથી. એવા શ્રીહરિ સર્વ ગુણે સંપન્ન અને મહાન સમર્થ શ્રીહરિ એ અજ્ઞાની જીવનું અપમાન

સહન કર્યું અને પોતાના ઐશ્વર્યને છુપાવી રાખીને સહુજનોને ઉપદેશ આપવા માટે ધૈર્ય અને ક્ષમા ધરી રાખી હતી.

**શાસ્ત્રોમાં ક્ષમા વિષે ઘણા ગુણો લખ્યા છે. તે બ્રહ્માનંદ સ્વામી કહે છે :**

(૧) બધા ગુણોમાં ક્ષમા ગુણ સર્વશ્રેષ્ઠ છે અને માન જેવો કોઈ દોષ નથી. જે માણસ ક્ષમા કરે તે મહા સમર્થ છે. શ્રીહરિએ જૂનાગઢની લીલામાં પોતે મહાન સમર્થ હોવા છતાં ધીરજ અને ક્ષમા રાખીને જગતને બતાવ્યું કે જીવનમાં ધીરજ અને ક્ષમાએ જીવનું આભૂષણ છે. તેથી તે દુઃખી થશે નહીં એટલું જ પણ સ્વામિનારાયણ ભગવાને પોતાના સંતોમાં પણ કોઈ હરિભક્ત માન-અપમાન કરે તો ક્ષમા રાખવી માટે શ્રીહરિ અને તેમના સંતોમાં ક્ષમા ગુણ જોવા મળે છે.

(૨) કોઈપણ મહાન વ્યક્તિ પોતાની સંપત્તિ, રાજપાટ કે પોતાનું આસન છોડીને પોતાના મનમાં કૃતાર્થ થાય પણ તેનામાં ક્ષમાનો ગુણ ન હોય તો બધું ત્યાગ કરેલું નકામુ છે.

(૩) ભલે કોઈપણ વ્યક્તિ મૌન ધારણ કરે અને અપાર પુન્ય કરે, અને પોતાના શરીરને પહાડ ઉપરથી પાડી નાશ કરે તો પણ તેનામાં ક્ષમાનો ગુણ ના હોય તો બધું નકામું છે.

(૪) ભલે કોઈ પણ વ્યક્તિ પોતાના શરીર ઉપર ભસ્મ લગાડે અને વસે ગુપ્તપ્રયાગમાં ગંગાકિનારે અને સર્વ સાધન અર્પણ કરે તો પણ તેનામાં ક્ષમા જેવો ગુણ નથી તો સર્વ નકામું છે.

(૫) ભલે કોઈપણ વ્યક્તિ અષ્ટાંગ યોગ સાધે, સિદ્ધ દશાને પામે અને તર્ક વિતર્કના અર્થ કરે પણ તેનામાં ક્ષમાનો ગુણ ના હોય તો બધુ નકામું છે.

(૬) ભલે કોઈપણ વ્યક્તિ તીવ્ર વ્રતો ઉપવાસ કરીને વૃક્ષ નીચે કરે નિવાસ અને પોતાની પાસે અલ્પ પદાર્થ રાખે તો પણ તેનામાં ક્ષમાનો ગુણ નથી તો સર્વ નકામું છે.

(૭) ભલે કોઈપણ વ્યક્તિ સદાય ગંગાનું પાણી પીવે, યજ્ઞનો પ્રસાદ ખાઈને જીવે. સંત કે મહંત તથા કંથ થઈને ફરે તો પણ તેનામાં ક્ષમા નામનો ગુણ નથી. તે સર્વે વ્યર્થ છે.

(૮) કોઈપણ વ્યક્તિ ચારે વેદ મુખે બોલે અને સિદ્ધદશાને પામે પણ તેનામાં ક્ષમા નામનો ગુણ ના હોય તો તે સર્વ નકામું છે.

(૯) સમર્થ થઈને અપમાન સહન કરે. આવે ક્ષમાથી ગુણથી બમણી ખુમારી વિચારવું દેવી દિલે સદાય.




ભુજમાં સુંદરજી સુથારને ઘરે ઓટલા ઉપર બેસીને ચરિત્ર કરેલું



બધાય અવતારોને દર્શન કરાવતા વર્ણીરાજ



ધોલેરામાં પુંજા ભગત શ્રીહરિના દર્શન કરતા



મહાદેવજીનું પૂજન કરતા વર્ણીરાજ



પીપલાણામાં નરશી મહેતા ઘેર શ્રીહરિ




ગોડિયાબાવાનાં મંદિરે નીલકંઠવર્ણી, ત્યાં ત્રણ દિવસ સુધી મધ્યાહને
બાવાજીને પૂછયું, રાજભોગ હુંવા ત્યારે બાવાએ કહ્યું અહીંતો કોરા કડાકા છે.



પીપલાણામાં દૂધપાન કરાવતા નરશી મહેતા



પીપલાણામાં નરશી મહેતા ઘેર શ્રીહરિ




લોઢવામાં લખુ ચારણના ઘેર શ્રીહરિ



લોજમાં ભિક્ષાવૃત્તી કરતાં વર્ણીરાજ



જીવરાજ શેઠના ડેલામાં કથા કર્તા મુક્તાનંદ સ્વામી




લોજમાં ભાઈ-બહેનોની સભા અલગ કરાવતા શ્રીહરિ



લોજથી પીપલાણા જતા શ્રીહરિને અયોધ્યાદાસ ખંભે બેસાડતા



લાધા ભગતને શ્રીહરિએ સાત દિવસ દર્શન દીધા



રામાનંદ સ્વામીને પત્ર લખતા વર્ણીરાજ



ભુજમાં મયારામ ભટ્ટ નીલકંઠવર્ણીનો પત્ર રામાનંદ સ્વામીને આપે છે



નીલકંઠવર્ણી અને સદ્.રામાનંદ સ્વામીનો પ્રથમ મિલન



રામાનંદ સ્વામીની સેવા કરતા વર્ણીરાજ




શ્રી રામાનંદ સ્વામીની સાથે ફળાહાર કરતા વર્ણીરાજ



ગણપતિજીનું પૂજન કરતા શ્રી રામાનંદ સ્વામી



નીલકંઠવર્ણીને જીવન વૃતાંત પૂછતા રામાનંદ સ્વામી



સભામાં સંબોધતા શ્રી રામાનંદ સ્વામી



અન્નકૂટોત્સવ કરાવતા શ્રી રામાનંદ સ્વામી



હરિભક્તોને કથાવાર્તા કરતા શ્રી રામાનંદ સ્વામી




ગાયોનું પૂજન કરતા શ્રી રામાનંદ સ્વામી



શ્રી રામાનંદ સ્વામી અને વર્ણીરાજનો વાર્તાલાપ

# શ્રીહરિ વનવિચરણ દર્શન

૧ અયોધ્યા
૨ છૈયા
૩ ગોરખપુર
૪ ગયાજી
૫ જનકપુર (મિથિલા)
૬ નસીટપુર
૭ બંસીપુર
૮ ચંદનપુર
૯ લોધેશ્વર
૧૦ જેતપુર
૧૧ પથીપુર
૧૨ ખેરીલાપુર
૧૩ શાહજહાંપુર
૧૪ બરેલી
૧૫ બહાદુરપુર
૧૬ નૈમિષારણ્ય
૧૭ હરદ્વાર
૧૮ લક્ષ્મણ ઝૂલા
૧૯ શ્રીપુર
૨૦ ગુપ્તકાશી
૨૧ ઉત્તરકાશી
૨૨ ગુપ્ત પ્રયાગ
૨૩ કેદારનાથ
૨૪ બદ્રિનાથ
૨૫ જ્યોતિર્મઠ બદરિકાશ્રમ
૨૬ માન સરોવર
૨૭ ગંગોત્રી
૨૮ કાળો પર્વત
૨૯ શ્વેતગિરી
૩૦ પુલહાશ્રમ (મુક્તિનાથ)
૩૧ બુટોલનગર
૩૨ માતારીપુર
૩૩ કાઠમંડુ
૩૪ બાંસી
૩૫ આદિવારાહ
૩૬ પોખરા
૩૭ ટેવલી
૩૮ સીરપુર
૩૯ કામાક્ષી
૪૦ મલીબુર
૪૧ નવલખો પર્વત
૪૨ બાલવાકુંડ (વડવાકુંડ)
૪૩ કલકતા
૪૪ ગંગાસાગર સંગમ
૪૫ કપિલાશ્રમ
૪૬ કનવા નગર
૪૭ બકુરપુર
૪૮ ભુવનેશ્વર
૪૯ જગન્નાથપુરી (પુરૂષોત્તમ પુરી)
૫૦ જનકપુર
૫૧ આદિકૂર્મ
૫૨ માનસપુર
૫૩ ઘુલેગામ
૫૪ વેંકટાદ્રિ
૫૫ શિવકાંચી
૫૬ વિષ્ણુકાંચી
૫૭ શ્રીરંગ ક્ષેત્ર
૫૮ સુંદરપુર
૫૯ મલબાર
૬૦ રામેશ્વર
૬૧ સુંદરરાજ (મદુરા)
૬૨ ભૂતપુરી
૬૩ કન્યાકુમારી
૬૪ પદ્મનાભ
૬૫ જનાર્દન
૬૬ આદિકેશવ
૬૭ સુંદરપુર
૬૮ મલયાચલ
૬૯ સાક્ષીગોપાલ
૭૦ કિષ્કિંધાપુર
૭૧ પંપા સરોવર
૭૨ કોપરપુર
૭૩ રામપુર
૭૪ પંઢરપુર
૭૫ પરશુરામ તીર્થ
૭૬ પુના
૭૭ વિંધ્યાચલ
૭૮ ગ્વાલિઅર
૭૯ બામરોલી
૮૦ આગ્રા
૮૧ દિલ્હી
૮૨ મથુરા
૮૩ ગોકુળ
૮૪ વૃંદાવન
૮૫ ઉજ્જૈન
૮૬ બુરહાનપુર
૮૭ દંડકારણ્ય
૮૮ નાસિક
૮૯ ત્ર્યંબકેશ્વર
૯૦ માલેગામ




૯૧ ધરમપુર
૯૨ સુરત
૯૩ પીપળીયા
૯૪ તવરા
૯૫ અંભાણી
૯૬ ધાણોદ
૯૭ કર્નાલી
૯૮ ડભોઈ
૯૯ વડોદરા
૧૦૦ બામણગામ
૧૦૧ આણંદ
૧૦૨ ડાકોર
૧૦૩ ઉમરેઠ
૧૦૪ ભાલેજ
૧૦૫ વડતાલ
૧૦૬ બોચાસણ
૧૦૭ દેવાણ
૧૦૮ ખંભાત
૧૦૯ જેતલપુર
૧૧૦ અસ્લાલી
૧૧૧ અમદાવાદ
૧૧૨ બુધેજ
૧૧૩ ગુડેલ
૧૧૪ મીતલી
૧૧૫ પીપળી
૧૧૬ ગાંફ
૧૧૭ ખરડ
૧૧૮ ગોરાડ
૧૧૯ પાદરા
૧૨૦ ખસ્તી
૧૨૧ વડગામ
૧૨૨ ભડીઆદ
૧૨૩ ધોલેરા
૧૨૪ ગોરાસા
૧૨૫ વાગડ
૧૨૬ ઝીંઝર
૧૨૭ ભીમનાથ
૧૨૮ પોલારપુર
૧૨૯ બરવાળા
૧૩૦ કુકડ
૧૩૧ શિહોર
૧૩૨ ભાવનગર
૧૩૩ નકલંક
૧૩૪ વડવાકુંડ
૧૩૫ દિપોર
૧૩૬ લાકડીઆ
૧૩૭ નાના ગોપનાથ
૧૩૮ પીપરલા
૧૩૯ તળાજા
૧૪૦ સિદ્ધાચળ
૧૪૧ ગોપનાથ
૧૪૨ વરાહતીર્થ
૧૪૩ ઝાંઝમેર
૧૪૪ મહુવા
૧૪૫ પીપાવાવ
૧૪૬ વાવેરા
૧૪૭ રાજુલા
૧૪૮ વડગામ
૧૪૯ સીમર
૧૫૦ તુલસીશ્યામ
૧૫૧ ગુપ્તપ્રયાગ
૧૫૨ ઉના
૧૫૩ ડોળાસા
૧૫૪ લોઢવા
૧૫૫ પ્રભાસપાટણ (સોમનાથ)
૧૫૬ ભંડુરીયા
૧૫૭ માણીકા (હાટીના)
૧૫૮ શેરગઢ
૧૫૯ જૂનાગઢ
૧૬૦ વણથલી
૧૬૧ પીપલાણા
૧૬૨ આખા
૧૬૩ મઢડા
૧૬૪ માંગરોળ
૧૬૫ લોજ
દિવ્ય વિચરણ (કચ્છ)
૧૬૬ ધમડકા
૧૬૭ રામપુર
૧૬૮ તેરા
૧૬૯ કાળાતળાવ
૧૭૦ નારાયણ સરોવર
૧૭૧ કોટેશ્વર
૧૭૨ દહીંસરા
સૌરાષ્ટ્ર
૧૭૩ ટીકર
૧૭૪ ચરાડવા
૧૭૫ દેરીયાળી
૧૭૬ સુરવાવ
૧૭૭ માનસર
૧૭૮ હળવદ
૧૭૯ ધ્રાંગધ્રા
૧૮૦ મૂળી

## હાટકેશ્વર મહાદેવ (નાગરવાડામાં)

શ્રીહરિને બ્રહ્મભોજનમાંથી ભૂખ્યા ઉઠાડી મૂક્યાં હતાં. ત્યાંથી શ્રીહરિ હાટકેશ્વર મહાદેવે આવ્યા. તે વખતે બ્રહ્મભોજનમાં સાઇઠ (૬૦) વર્ષના એક સંન્યાસી હતા. તેમને નીલકંઠ વર્ણીની તેજોમયી મૂર્તિના દર્શન કરતાં તેમનામાં અહોભાવ પ્રકટ થયો કે કેવી સુંદર મૂર્તિ છે. આવા બ્રહ્મચારીને આ વૈરાગી બાવાએ અપમાનિત કરીને પંગતમાંથી સાત વાર ઉઠાડી મૂક્યાં તો પણ પોતાના મુખની રેખા બદલાઈ નહિ અને પ્રશાંત સ્થિતિએ ચાલ્યા ગયા. આવો નીલકંઠ બ્રહ્મચારીનો નિરમાની તથા ક્ષમા ગુણ જોઇને સંન્યાસીને વધારે હેત થયું. તે પણ તે બ્રહ્મભોજનમાં જમવા રહ્યા નહિ ને ચાલીને હાટકેશ્વર મહાદેવનાં મંદિરે આવ્યા.

નીલકંઠવર્ણી હાટકેશ્વર મંદિરે આવી હાટકેશ્વર મહાદેવના દર્શન કરી મંદિરના ચોકમાં એક વૃક્ષ હતું તેની ફરતે ઓટો હતો તેના ઉપર મૃગચર્મ પાથરીને વર્ણી ધ્યાન કરવા લાગ્યા. તે વખતે સંન્યાસીએ આવી પ્રશાંત મૂર્તિના દર્શન કરીને તેમની બાજુમાં બેઠા હતાં.વર્ણીના દર્શન કરતા હતાં. તેવામાં સાંજના પાંચ વાગે મંદિરના પૂજારી આવ્યા. સંન્યાસીએ પૂજારીને વાત કરી કે આ અલૌકિક યોગી આવ્યા છે. તે ભૂખ્યા છે. તો તેમને જમાડો તો તમને ઘણું પુણ્ય થશે. એમ કહ્યું ત્યારે પૂજારીએ નીલકંઠ વર્ણીની પાસે જઈને દર્શન કર્યાં તો તેને વર્ણીમાં શિવનાં દર્શન થયાં. તેને વર્ણી ઉપર અહોભાવ થયો અને બે હાથ જોડીને નમો નારાયણ કહ્યા ત્યારે વર્ણીએ ધ્યાનમાંથી જાગીને નમોનારાયણ કહ્યા. પૂજારીએ કહ્યું કે હે બ્રહ્મચારી ! કંઈ જમશો ? ત્યારે નીલકંઠવર્ણીએ કહ્યું કે કંઈક લાવો તો જમશું પછી પૂજારી પોતાને ઘરે જઈ પોતાની પત્નીની પાસે શીરો અને પુરી બનાવીને થાળ લઈને મંદિરે આવ્યાં. પૂજારીએ વર્ણીની આગળ થાળ મૂકીને કહ્યું કે હે બ્રહ્મચારી ! તમે જમો. ત્યારે વર્ણીએ થાળને બાલમુકુંદને ધરાવીને પોતે અલ્પ (થોડું) જમ્યા. બાજુમાં બેઠેલા સંન્યાસીના પાત્રમાં શીરો અને પૂરી આપીને તેમને જમાડ્યા. બાકીનો પ્રસાદ પૂજારીને આપી ને પૂજારી મહાદેવની આરતી કરીને પોતાના ઘરે ગયો. વર્ણી અને સંન્યાસી મંદિરમાં રાત રોકાયા.

પૂજારી પોતાના ઘરે ગયો તો રાત્રે સ્વપ્નમાં વર્ણીએ શિવરૂપે દર્શન આપ્યા અને મનમાં થયું કે સવારે જઈને બ્રહ્મચારીને જવા ન દઉં એવો સંકલ્પ કર્યો અને સૂઈ ગયો. મંદિરમાં વર્ણી અને સંન્યાસી એકબીજાના પરિચયમાં આવ્યા અને થોડો સત્સંગ કર્યો એટલે પેલા સંન્યાસીએ કહ્યું કે હે નીલકંઠ બ્રહ્મચારી !

હું હિમાલયના ઉત્તરાર્ધમાંથી યાત્રા કરતો કરતો આવું છું. પણ તમારા જેવા નિરમાની કે ધીરજવાન યોગી જોયા નથી. તમારા યોગથી મારું કલ્યાણ થવાનું લાગે છે. હે નીલકંઠ બ્રહ્મચારી ! આજે તમે મને શીરો-પૂરી જમાડી એવી રીતે મારો અંતકાળ આવે ત્યારે દર્શન દઈને જમાડજો અને માયાથી પર કરજો. એવું વરદાન માંગ્યું. નીલકંઠ બ્રહ્મચારીએ મુમુક્ષ જીવ જાણીને તેને વચન આપ્યું કે તારા અંતકાળે દર્શન આપીને જમાડીને માયાથી પર કરીશ એવો કોલ (વચન) આપ્યો. સંન્યાસીને તો નીલકંઠવર્ણીની મૂર્તિ અંતરમાં વસી ગઈ હતી તેનું રટણ થતું હતું. નીલકંઠવર્ણી સવારે વહેલા ઉઠીને પોતાનો નિત્યક્રમ પતાવીને ત્યાંથી આગળ ચાલ્યા ને ભૂતનાથ આવ્યા કોહવાના કિનારે વાવ હતી. તેમાં સ્નાન કર્યું. વાવ પ્રસાદીની કરી વાવના કિનારા ઉપર સંન્યાસીને દીક્ષા આપી હતી.

પેલા સંન્યાસી હાટકેશ્વર મંદિરે રહ્યા. તેમની ઉંમર એંસી (૮૦) વર્ષની થઈ ત્યારે તેમને સાંભળવા મળ્યું કે અહીં નીલકંઠવર્ણી આવ્યા હતા તે સ્વામિનારાયણ ભગવાન તરીકે ગઢપુરમાં બિરાજે છે. તેથી સંન્યાસીને નિલકંઠવર્ણીના દર્શન કરવાનું મન થયું એટલે એ સંન્યાસી હાટકેશ્વરથી ચાલીને ગઢપુર આવ્યા ને દાદાની ડેલીના દરવાજાનું કડું ખખડાવ્યું ત્યારે શ્રીહરિ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. અને બાજુમાં અમદાવાદના દયારામ હરિભક્ત હતા. જ્યાં દાદાની ડેલીનું કડું ખખડ્યું ત્યારે શ્રીહરિએ પેલા સંન્યાસીના અંતરનો અવાજ સાંભળ્યો. એટલે શ્રીહરિ ઢોલિયા ઉપર બિરાજમાન હતા. એવા ઢોલિયેથી નીચે ઉતરીને દયારામ ભક્તને કહ્યું ભક્તરાજ ફાનસ લઈ લો. એ વખતે શ્રીહરિ જેમ સુદામાને ઉઘાડા ચરણે દોડીને મળવા ગયા હતા. એવી રીતે શ્રીહરિ આજે પણ એ સંન્યાસીને ઉઘાડા પગે ચાલીને દાદાની ડેલી તરફ દોડી ગયા જ્યારે દાદાની ડેલીનો દરવાજો ખોલ્યો એ વખતે સંન્યાસી ઢગલો થઈને ઢળી પડ્યા. મહારાજને ખબર પડી કે આ સંન્યાસી હાટકેશ્વરવાળા છે. મહારાજે સંન્યાસીને પાણી મંગાવીને પાયું તેથી જરા ચેતના આવી. અને કહેવા લાગ્યા કે यह स्थान नीलकंठ प्रभु का है ? ત્યારે મહારાજે કહ્યું કે હા यह स्थान नीलकंठ प्रभु का है। પછી મહારાજે દયારામ ભક્તને કહ્યું કે તમે જલ્દી જાઓ અને લાડુબાને કહેજો કે મહારાજને ભૂખ લાગી છે. એટલે દયારામ ભક્ત લાડુબાને આવી કહ્યું કે મહારાજને ભૂખ લાગી છે. તો થાળ તૈયાર કરી આપો. લાડુબાએ મહારાજની આજ્ઞા થઈ એટલે તરત જ થાળ તૈયાર કર્યો. થાળમાં બાજરાનો રોટલો ભાજી, ગોળ-ઘી અને દૂધનો કટોરો ભરીને દયારામને આપ્યો. દયારામ થાળ લઈને આવ્યા ત્યારે મહારજે થાળ

લઈ લીધો. સંન્યાસી કહે તો નીલકંઠ મહાપ્રભુ ક્યાં છે. ત્યારે મહારાજ થોડું હાસ્ય કરીને કહ્યું કે हम नीलकंठ प्रभु है । ત્યારે સંન્યાસીને અતિ અહોભાવ થયો કહેવા લાગ્યા કે તમે તો ખૂબ મોટા થઈ ગયા. જૂનાગઢમાં હાટકેશ્વર મંદિરે આવ્યા ત્યારે ખૂબ દૂબળા પાતળા હતા. એમ કહીને નીલકંઠ મહાપ્રભુને કહ્યું કે તમારું વચન યાદ છે ને હાટકેશ્વર મંદિરમાં વચન આપ્યું હતું કે અંત સમયે દર્શન આપી જમાડીને માયાથી પર કરીશ ત્યારે મહારાજે કહ્યું કે અમારું વચન કોઈ દિવસ મિથ્યા થશે નહીં અમને યાદ છે. તરત મહારાજે પોતાના હાથમાં જે થાળ હતો તેને પ્રસાદીનો કરીને ખુદ મહારાજે કોળીયે કોળીયે જમાડ્યા. તે વખતે સંન્યાસીની વૃત્તિ મહારાજ મય થઈ ગઈ હતી. એટલે મહારાજે દયારામ ભક્તને કહ્યું કે આ સંન્યાસીને ઉતારો આપો. હવે લાંબો સમય આ સંન્યાસી રહેશે નહિ. થોડો ટાઈમ થયો ત્યાં સંન્યાસીએ દેહ મુકી દીધો એટલે મહારાજ તે સંન્યાસીને ધામમાં લઈ ગયા. અને અંત સમયે માયાથી પર કરી દીધા. મહારાજે જે બિરુદ આપ્યું હતું તે પૂર્ણ કર્યું.

પછી મહારાજ ઈ.સ. ૧૮૭૪માં જૂનાગઢમાં પધાર્યા ત્યારે તે હાટકેશ્વર મહાદેવના દર્શન કરવા ગયા અને બહાર ઓટા ઉપર બેસીને કહ્યું. અહીંના પૂજારીએ અમને શીરો પૂરી જમાડી હતી તો તે પુજારીને બોલાવો. સંતોએ પૂજારીને બોલાવ્યો. પૂજારી પણ ઉંમરલાયક થઈ ગયો મહારાજે તેનું દારિદ્ર કાપવા માટે પાંચસો સોનામહોર આપીને તેનું દારિદ્ર કાપ્યું અને દર્શન આપીને તેનું કલ્યાણ કર્યું. પછી મહારાજ શહેરમાં પધારીને દેવનાં દર્શન કર્યાં.

શ્રી નીલકંઠવર્ણી હાટકેશ્વર મહાદેવના મંદિરથી ભૂતનાથ પધાર્યા. ત્યાં કારવાનો કાંઠો છે. ત્યાં વાવ છે. ત્યાં સ્નાન કરી તે વાવને પ્રસાદીની કરી અને આ વાવને કિનારે સંન્યાસીને દીક્ષા આપી હતી. ત્યાંથી નીલકંઠ મહાપ્રભુ વણથલી પધાર્યા. ત્યાં સદાવ્રતમાં જમ્યા અને સૂર્યકુંડમાં સ્નાન કરીને મહાદેવનાં દર્શન કરીને ત્યાં એક રાત રહ્યા. આ વણથલીમાં જ્યારે નીલકંઠવર્ણીએ લોજમાં બાથ ભડેલી થાંભલી પ્રસાદીની ત્યાં છે. સવારે નીલકંઠ પ્રભુ પોતાના નિત્યક્રમ પતાવીને ત્યાંથી પીપલાણે પધાર્યા.

## પીપલાણા (નરસી મહેતા)

શ્રીહરિ વણથલીથી ચાલતાં ચાલતાં પીપલાણા ગામે પધાર્યા. પીપલાણામાં એક પવિત્ર બ્રાહ્મણ નરસિંહ મહેતા રહે છે. તે નરસિંહ મહેતા રામાનંદ ગુરુની

આજ્ઞાથી સદાવ્રત ચલાવે છે. આજે નરસિંહ મહેતાનું કલ્યાણ કરવા નરસિંહ મહેતાના સદાવ્રતમાં આવે છે. શ્રીહરિ ગામમાં પૂછતાં પૂછતાં નરસિંહ મહેતાની ડેલી આગળ આવે છે. નમો નારાયણ કહીને ઊભા રહ્યા. તે વખતે નરસિંહ મહેતાનો પુત્ર કલ્યાણજી ઘરનાં આંગણમાં ઓટો હતો તેને ઉપર બેઠો હતો. કલ્યાણજીએ વર્ણીને નમો નારાયણ કહ્યા. નીલકંઠ વર્ણીએ કલ્યાણજી પાસે ભિક્ષા માંગી. એટલે કલ્યાણજીએ કહ્યું, 'હમણાં કાંઈ રસોઈ તૈયાર નથી. પણ તમે બે ઘડી રોકાવ, તો સારી રસોઈ કરીને જમાડું.' ત્યારે નીલકંઠવર્ણી કહે અમે રસોઈ સારું ઊભા રહેતા નથી. અમારે તો આગળ યાત્રા કરવા જવું છે. માટે અમારી પાસે બેસવાનો ટાઈમ નથી. કલ્યાણજીએ કહ્યું બીજા તીર્થો કરવાની ઈચ્છા છોડીને લોજ ગામમાં જાઓ... ત્યાં મહાન સમર્થ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના શિષ્યો મુક્તાનંદ સ્વામી વગેરે રહે છે. તે સાચા સંત છે. સાચા સંત પાસે જવાથી આપની બધી ઈચ્છાઓ પૂર્ણ થશે. એમ નરસિંહ મહેતાના ઘરના આંગણામાં શ્રીહરિ અને કલ્યાણજી બંને વચ્ચે વાતચીત થાય છે. શ્રીહરિએ કલ્યાણજીને કહ્યું કે અમે મુક્તાનંદ સ્વામીને મળીશું. નીલકંઠવર્ણીએ કલ્યાણજીને કહ્યું જો કંઈ તૈયાર ન હોય તો અમે આ ચાલ્યા.

તે વખતે નરસિંહ મહેતા ઘરના એક ઓરડામાં બેસીને પૂજાની અંદર શાલીગ્રામ હતા તેની પૂજા કરતા હતા. નીલકંઠવર્ણી ચાલવાની તૈયારી કરતા હતા ત્યાં તેમણે નરસિંહમહેતાના શાલીગ્રામ ઉપર દૃષ્ટિ કરી ત્યાં તો એક ચમત્કાર થયો. શાલીગ્રામ ભગવાનને મનમાં એમ થયું હશે કે આ મારો ભક્ત રોજ મારી પૂજા કરે છે. તો આજે તેના ઘરે ખુદ પુરુષોત્તમનારાયણ વર્ણી રૂપે આવ્યા છે. તો તેને સાચા ભગવાનનો ભેટો કરાવું એમ માની શાલીગ્રામમાંથી એકદમ અપાર શીતળ તેજ નીકળ્યું. અને તે તેજ વર્ણીમાં લીન થયું આ ચમત્કાર દરેકે નજરે જોયો. ઘરના ઓરડામાં નરસિંહ મહેતા આ અલૌકિક તેજ જોઈને શરીરનું ભાન ભૂલી ગયા. નીલકંઠવર્ણીએ આવો પ્રતાપ બતાવીને તુરત શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. નરસિંહ મહેતા ભાનમાં આવ્યા. પૂજાનો વિસર્જન મંત્ર બોલીને પૂજા પતાવીને ઘરની બહાર આવ્યા ત્યાં આંગણામાં કલ્યાણજી તથા ઘરના માણસોએ કહ્યું કે એક બાળયોગી આવ્યા હતા. ઘરના ઓરડામાંથી એટલે શાલીગ્રામમાંથી તેજ નીકળ્યું તે તેજ તે બાળયોગીની મૂર્તિમાં લીન થયું તે વાત જાણી ત્યારે પોતાના પુત્રને કહ્યું તે તેમને જાવા કેમ દીધા ?

ત્યારે નરસિંહ મહેતા પોતાના પુત્ર કલ્યાણજીને કહ્યું કે, "તું જલ્દી જા અને એ બ્રહ્મચારીને પાછા વાળી લાવ્ય." (તેડી લાવ્ય) અને કલ્યાણજીને કહ્યું કે જો બ્રહ્મચારી પાછા ન વળે તો તું તેમને લીધા વિના પાછો આવતો નહીં. ત્યારે કલ્યાણજી એકદમ દોડીને નીલકંઠવર્ણીની પાછળ ગયો. ત્યાં તો નીલકંઠવર્ણી ઓજતગંગાના અર્ધે પહોંચ્યા હતા. ત્યાં કલ્યાણજીએ કિનારે જઈને બૂમ પાડી. હે બ્રહ્મચારી ! તમે પાછા વળો અને જમવાનું તૈયાર છે. ત્યારે નીલકંઠવર્ણી કહે છે હવે અમે પાછા નહીં વળીએ ત્યારે કલ્યાણજી કહે તમે પાછા નહીં વળો તો હું પણ પાછો નહીં વળું અને તમારી સાથે ચાલીને તમારી સેવા કરીશ. કારણ કે મારા પિતાએ કહ્યું છે કે જો તે બ્રહ્મચારીને લઈને ઘરે પાછો આવજે. તે સાંભળીને કલ્યાણજી ઉપર રાજી થયા અને તેનો ભાવ જોઈને વર્ણી તેમની ભેગા ગામમાં આવ્યા ને નરસિંહ મહેતા પણ ઘરની ડેલીમાં આવીને બ્રહ્મચારીની રાહ જોઈને ઓટા ઉપર બેઠા હતા. ત્યાં બાજુમાં વર્ણી ઓટા ઉપર મૃગચર્મ પાથરીને બેઠા.

ત્યારે નરસિંહ મહેતાએ પોતાના ઘરવાળાને કહ્યું કે આ બ્રહ્મચારી આવ્યા તેમના માટે જમવાનું તૈયારી કરી લાવો. નરસિંહ મહેતાએ બ્રહ્મચારીને આસન આપીને ઓસરીમાં જમવા બેસાડ્યા. ત્યારે નરસિંહ મહેતા ઉભડા કાંઠા વાળી પીત્તળીની મોટી થાળીમાં જારનો ઠુમરો ને દૂધ તેમાં નાંખીને વર્ણીની આગળ થાળી મૂકી. ત્યારે વર્ણી તે ઠુમરો દૂધમાં ચોળવા મંડ્યા. ત્યારે નરસિંહ મહેતા બોલ્યા કે, "હે બ્રહ્મચારી ! આ નાડીઓ દેખાય છે એવું ભારે તપ શું ભગવાનને મેળવવા કરો છો કે ખાલી અમથું તપ કરો છો ?" ત્યારે વર્ણી ઠુમરો અને દૂધ ચોળતાં બોલ્યા કે અમે ભગવાનને મેળવવા માટે તપ કરીએ છીએ. ત્યારે નરસિંહ મહેતા બોલ્યા કે જે તપ કરીને સુકાઈ જશો તો પણ ભગવાન નહીં મળે. કારણ કે રામાનંદ સ્વામીને મળ્યા વિના કલ્યાણ નહીં થાય. ત્યારે વર્ણી કહે એ રામાનંદ સ્વામી કોણ છે ? ત્યારે નરસિંહ મહેતા કહે એ અમારા ગુરુ છે. તેમની આજ્ઞાએ કરીને અમે આ સદાવ્રત દઈએ છીએ. ત્યારે વર્ણી કહે બહુ સારુ અમે તેમને મળીશું. એમ વાતો કરતાં વર્ણી ઠુમરો અને દૂધને ચોળીને કુંચો બહાર મુકતાં જાય પછી થાળીમાં રવો (રસ) રહ્યો તે મહારાજ પી ગયા. ત્યારે બાઈઓ દૂર રહીને વર્ણીના દર્શન કરતાં વર્ણી ઠુમરો અને દૂધ ચોળવાની ક્રિયાને જોઈને તેમના મનમાં થયું કે આ બ્રહ્મચારી દેખાવમાં ઈશ્વર જેવા દેખાય છે. (ભગવાન જેવા) પણ સ્વાદીયા બહુ દેખાય છે. પછી વર્ણીએ ચળું કર્યું. નરસિંહ

મહેતાએ ખૂબ ભાવથી જમાડ્યા તેથી શ્રીહરિ નરસિંહ મહેતા ઉપર ખૂબ રાજી થયાં તેમનું કલ્યાણ કરવા સારું તેમને ચતુર્ભુજ રૂપે દિવ્ય દર્શન આપ્યું ત્યારે નરસિંહ મહેતાએ દર્શન કરીને પ્રણામ કર્યાં અને મનમાં વિચાર કરવા લાગ્યા કે પહેલાં મને રામાનંદ સ્વામીએ કહ્યું હતું કે, ''હું ડુગડુગી વગાડવા આગળથી આવ્યો છું ને ઉદ્ધવનો અવતાર છું પણ પુરુષોત્તમ નારાયણ તો પછીથી આવશે.'' તેમનો આશ્રય કરીને કરોડો માણસો મોક્ષને પામશે એ જ પ્રભુ આ વર્ણી પોતે હોય તેમ નિશ્ચય લાગે છે. વળી યાદ આવ્યું કે ગિરનાર પર્વત ઉપર ચડીને આ દેહને પાડી નાંખવા તૈયાર થયો ત્યારે આકાશમાંથી આકાશવાણી એ મને કહ્યું કે તું મરીશ નહિ. તારે ઘેર સાક્ષાત્ ભગવાન આવશે અને ચતુર્ભુજ રૂપે દર્શન દેશે. તે વાણીને સફળ કરવા આ વર્ણીરૂપે સાક્ષાત્ ભગવાને મારા ઉપર કૃપા કરીને મારે ઘેર પધાર્યાં હોય તેમ જણાય છે. એમ નિશ્ચય કરીને નરસિંહ મહેતાઆ સ્તુતિ પ્રાર્થના કરી. પછી અલૌકિક ચતુર્ભુજરૂપે દર્શન દેશે. તે વાણીને સફળ કરવા આ વર્ણીરૂપે સાક્ષાત ભગવાને મારા ઉપર કૃપા કરીને મારે ઘરે પધાર્યાં હોય તેમ જણાય છે. એમ નિશ્ચય કરીને નરસિંહ મહેતાએ સ્તુતિ પ્રાર્થના કરી. પછી અલૌકિક ચતુર્ભુજ સ્વરૂપ વર્ણીમાં (શ્રીહરિ) લીન થઈ ગયું અને પુનઃ વર્ણીરૂપે પોતે દેખાયા. નરસિંહ મહેતા વર્ણીના ચરણમાં પડી ગયા. તેણે બધી વાત વર્ણીને કરી. તેમની વાત સાંભળી નીલકંઠે પૂછ્યું તમને આકાશવાણી કેવી રીતે સંભળાઈ હતી. તે કહો.

નરસિંહ મહેતાએ પોતાની વાત શરૂ કરી. મને બાળપણથી ભગવાનને મળવાની ઈચ્છા હતી. તેથી રોજ પૂજાપાઠ કરતો, દાન ધર્માદા કરતો, પણ પ્રભુ મળ્યા નહિ. પછી ઘરનો ત્યાગ કરીને ગિરનારમાં ખૂબ કેટલાય જોગી, યતિ બાવાઓને મળ્યો પણ અંતરમાં શાંતિ થઈ નહિ. અંતરનો તાપ ટળ્યો નહિ આથી છેવટે કંટાળીને આપઘાત કરવા ગિરનાર પર્વત ઉપર ચડીને આ દેહને પાડી નાંખવા તૈયાર થયો. ત્યાં તો આકાશમાંથી ત્રણ વખત આકાશ વાણી થઈ તું ચિંતા કરીશ નહિ. તું દેહ પાડીશ નહિ. સાક્ષાત્ ભગવાન તારે ઘરે પધારશે. અને ચતુર્ભુજ નારાયણરૂપે દર્શન આપશે. તે આકાશવાણી સાંભળીને હું ઘરે પાછો આવ્યો. પૂજાપાઠ કરતો અને રામાનંદસ્વામીને ગુરુ બનાવીને તેમની આજ્ઞાથી આ સદાવ્રત ચલાવતો અને તમારાં દર્શનની વાટ જોતો બેઠો હતો. આજે તમારાં દર્શન થયાં તેથી મારો ઉદ્ધાર થઈ ગયો. શ્રીહરિ નરસિંહ મહેતાની વાત સાંભળી તેના ઉપર ખૂબ રાજી થયા.

પછી નીલકંઠ ઉભા થયા અને બોલ્યા હવે અમે જઈએ છીએ. આ સાંભળી નરસિંહ મહેતા નીલકંઠને વળાવવા ઓજત ગંગાના કિનારા સુધી આવ્યા. ત્યાં નીલકંઠવર્ણીએ નરસિંહ મહેતાને સમાધિ કરાવીને પોતાનું ધામ દેખાડ્યું (અક્ષરધામ) ને તેમાં દસ અવતાર મહારાજની સ્તુતિ કરતા દીઠા. પછી આ દસે અવતાર મહારાજની મૂર્તિમાંથી પ્રગટ થયા અને મહારાજની મૂર્તિમાં લીન થયા તેવા નરસિંહ મહેતાને દર્શન થયાં પછી સમાધિમાંથી જગાડ્યા ત્યારે મહારાજનાં દર્શન થયાં ને તેઓ તે જોઈ નરસિંહ મહેતા અતિશે વિસ્મય પામ્યા ને બોલ્યા જે હે બ્રહ્મચારી ! તમો સાક્ષાત્ નારાયણ છો. એમ કહી સ્તુતિ અને પ્રાર્થના કરી શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યાં એવી રીતે નરસિંહ મહેતાને પાકો નિશ્ચય થયો કે આ વર્ણી સર્વ અવતારના અવતારી છે. પછી નરસિંહ મહેતાને શ્રીહરિએ પરાણે પાછા વાળ્યા. અને પોતે આખા ગામમાં પધાર્યા ને ગામની બહાર આંબલીઓ હતી. ત્યાં બે ઘડી બેસીને મઢડે જેઠામેરના ઘેર ગયા.

## મઢડા ગામ : (જેઠામેરના ઘરે શ્રીહરિ પધાર્યા)

શ્રીહરિ આખે ગામથી મઢડે જેઠામેરને ઘરે પધાર્યા. જેઠામેર શ્રીહરિની તેજોમય સુંદર મૂર્તિનાં દર્શન કરી મનમાં થયું આવી મૂર્તિ હજી સુધી ક્યાંય જોઈ નથી. જેઠામેરે શ્રીહરિનું સુંદર સ્વાગત કરીને પોતાની ઓસરીમાં ખાટલા ઉપર ગોદડી પાથરીને બેસાડ્યા. સાંજનો સમય હતો. જેઠામેર બ્રાહ્મણને બોલાવીને તેની પાસે સુંદર રસોઈ કરાવીને શ્રીહરિને ખૂબ ભાવથી જમાડ્યા. પછી શ્રીહરિ એ જેઠામેર અને તેની પત્ની હેતબાઈને ખૂબ સત્સંગ કરાવ્યો તેથી તેમને શ્રીહરિ પ્રત્યે ખૂબ ભાવ થયો. આ જેઠામેર અને તેની પત્ની સત્સંગ કરીને સૂતાં હતા ત્યારે જેઠામેર ને તેની પત્ની વાતો કરતાં હતાં કે "આ બ્રહ્મચારીએ ખૂબ તપ કરેલ છે. જુઓને મુખ ઉપરથી તેજ ઝરે છે. અને વાણીમાં અમૃત વરસે છે." તેમણે આપણને ઘેર બેઠાં દર્શન દીધાં તેથી આપણાં શું પુણ્ય હશે ? એમ વિચાર કરતાં મહારાજની મૂર્તિનું ચિંતવન કર્યું. તે સમયે તેમને બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને ઈન્દ્રાદિક દેવતાઓ અને દેવીઓમાં લક્ષ્મી, પાર્વતીજી, સાવિત્રી એમ અનેક દેવીઓ દેખાણીને તેમાંથી કોઈ મહારાજને થાળ જમાડે છે. કોઈ પાણી પાય છે. કોઈ પવન નાંખે છે. કોઈ આરતી કરે અથવા કોઈ સ્તુતિ પ્રાર્થના કરે છે. કોઈ નમસ્કાર કરે છે. કોઈ ગાન કરે છે. એમ સર્વ દેવતા અને સર્વ દેવીઓ મહારાજની સેવા કરતાં દેખાણાં તેથી જેઠામેર અને તેની પત્ની આ

જોઈને આશ્ચર્ય પામીને અતિ હેત સહિત જોતાં હતાં. તે સમયે બ્રહ્મા બોલ્યા જે હે જેઠામેર ! તમારા બેઉનાં મોટાં પુણ્ય (ભાગ્ય) છે. જે તમારે ઘેર અક્ષરધામના પતિ પુરુષોત્તમનારાયણ તે બ્રહ્મચારીના વેષે આવ્યા છે. તે પોતે ભગવાન છે. તમે બંને સત્યયુગથી માંડી છેક કળિયુગ સુધી બ્રહ્મચર્યવ્રત પાળ્યું છે. ઘણું તપ કર્યું, ઘણાં વ્રત કર્યા ને ઘણાંક દાન દીધાં છે. તેના પુણ્યના પ્રતાપે આજે આ શ્રીહરિ વર્ણીના વેષે તમારે ઘરે આવ્યા છે. આ સાંભળી બંને જણ અતિ રાજી થયાં પછી જેઠામેરે પૂછ્યું. આ તમે બધા કોણ છો ? ત્યારે બ્રહ્મા કહે છે હું આ સૃષ્ટિનું સર્જન કરનાર બ્રહ્મા છું. આ વિષ્ણુ સૃષ્ટિનું પાલન-પોષણ કરનારા છે અને આ શિવ સૃષ્ટિનો સંહાર કરનારા છે. તથા આ સર્વ ઈન્દ્રાદિક દેવો છે. ને પેલી દેવીઓ છે. અમે સૌ તેમની આજ્ઞામાં રહીને કાર્ય કરીએ છીએ. તે લક્ષ્મીજી, સરસ્વતી અને પાર્વતી વગેરે દેવીઓ છે. ત્યારે વળી જેઠામેરે બ્રહ્માજીને પૂછ્યું કે હે બ્રહ્માજી ! અમે કયા યુગમાં બ્રહ્મચર્ય પાળેલું ને તપ કરેલું ? ત્યારે બ્રહ્માજી કહે સત્યુગમાં તમે લાખ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળેલું અને તપ કરેલું ને બીજા યુગોમાં પણ જે તમારા અવતાર થયેલા તેમાં પણ તમે બ્રહ્મચર્ય, તપ, વ્રત અને બહુ દાન પણ કર્યાં હતા. એમ કહી બ્રહ્માજી મહારાજને નમસ્કાર કરીને રજા માંગીને સર્વ દેવ અને દેવીઓ ચાલ્યા ગયા. પછી જેઠામેર અને તેની પત્નીએ જાણ્યું જે, આપણાં મોટાં ભાગ્ય છે. જે ભગવાન આપણને મળ્યા એમ વિચાર કરીને સૂઈ ગયાં પછી સવારે શ્રીહરિ વહેલા ઉઠ્યા અને પોતાનો નિત્યક્રમ પતાવીને જેઠામેરને જગાડી તેની પાસે રજા માંગી ત્યારે જેઠામેરે શ્રીહરિને રોકાવાની ઘણી તાણ્ય કરી ત્યારે નીલકંઠવર્ણીએ કહ્યું હમણાં નહીં રોકાઈએ પછી તમારે ઘેર આવશું એમ કહીને શ્રીહરિ ત્યાંથી માંગરોળ પધાર્યા.

## જેઠામેરનાં પત્નીએ (હેતબાઈ) શ્રીહરિને ધોતલી (ચાદર) ભેટ આપી

શ્રીહરિ રામાનંદ સ્વામી સાથે મઢડે પધારેલા. જ્યારે શ્રીજી મહારાજ ગાદીએ આવ્યા તે વખતે મહારાજ અગત્રાઈ પધાર્યા. ત્યાંથી મહારાજ મઢડે પધારેલા જેઠામેરનાં પત્ની હેતબાઈ શ્રીહરિ પ્રત્યે ખૂબ નિષ્ઠાવાન અને પ્રેમીભક્ત હતાં. તેમણે મહારાજના માટે સુંદર સૂતરના તારમાંથી કાતિને એક સુંદર ધોતલી બનાવી. તે ધોતલી ત્યાંના વણકરને આપી અને કહ્યું કે હું તને બમણી કિંમત આપીશ તો તારી જે વણવાની કળા હોય તે વાપરજે પછી તે વણકરે

પોતાના રેંટિયા ઉપર સુંદર રીતે વણીને તૈયાર કરી પછી તે ધોતલીને રંગારાને આપીને કહ્યું આ ધોતલીને સુંદર રંગ કરીને તેમાં સુંદર ડિઝાઈન મુકીને ચારે કોર સોનાના તાર મુકીને સરસ ડિઝાઈન પાડજે તને તારું જે મહેનતાણું થશે તેનાથી ડબલ આપીશ. પછી રંગારે ધોતલીને કલર કરી તેમાં સુંદર ડિઝાઈન પાડીને ધોતલીના ચારે ખૂણે સોનાના તાર મૂકીને સુંદર રીતે રંગ-રાગ કરીને પોતાની કળા વાપરીને સરસ મજાની ધોતલી તૈયાર કરીને હેતબાઈને આપી. હેતબાઈ ખૂબ પ્રેમથી વારીને તે ધોતલીને પોતાના પટારામાં મૂકી રાખી જ્યારે મહારાજ અગત્રાઈ પધાર્યા. ત્યાંથી મહારાજ મઢડે પધાર્યા તે વખતે જેઠામેર બહાર ગયા હતાં. તેમનાં પત્ની હેતબાઈ ઘરે હતા. હેતબાઈએ મહારાજને ઢોલિયો ઢાળીને બેસાડ્યા અને પ્રેમથી ભોજન કરાવ્યું. પછી તેનો ભાવ જોઈને કહ્યું કે હે હેતબાઈ ! અમારા માટે તમે તૈયાર કરીને પટારામાં જે ધોતલી મુકી રાખી છે તે અમને આપો. કારણ તમારા જેવા નિષ્કામ ભક્તની સેવા ખૂબ ગમે છે.

પછી હેતબાઈએ પટારામાંથી વાળીને સુંદર ધોતલી મુકી હતી તે લઈ બહાર આવ્યા. પછી મહારાજની પૂજા કરીને કુંકુમનો ચાંદલો કરી પ્રેમથી ધોતલી મહારાજના હાથમાં આપી તેથી મહારાજ તેના ઉપર ખૂબ રાજી થયા પછી મહારાજ ગઢપુર આવ્યા. મહારાજને તે ધોતલી ખૂબ ગમતી તેથી મહારાજ દરરોજ પૂજા કરવા બેસતા ત્યારે તે ધોતલીને ઓઢી બેસતા. એક વખત મહારાજ આ ધોતલી ઓઢીને પૂજા કરતા હતાં. તે વખતે સવારે મહારાજની બાજુમાં બેસીને મુક્તાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી પ્રભાતિયાં ગાતાં હતા. તે વખતે બ્રહ્માનંદ સ્વામી પણ આવ્યા. તેમના મનમાં થયું કે આ ધોતલી મહારાજ મુક્તાનંદસ્વામી અને પ્રેમાનંદ સ્વામીને રાજી થઈને આપી દેશે. મહારાજ તે ધોતલીને માથે ઓઢીને બેઠા હતા. મહારાજની મૂર્તિમાંથી તેજ નીકળતું અને ધોતલીની અંદર સોનાના તાર હતા તેથી શ્રીહરિ ઉપર સુંદર શોભતી હતી. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે મહારાજ ! આ ધોતલી તો તમને ટુંકી પડે છે. મહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે છે. એમાં તમને શો વાંધો છે ? મહારાજ જાણતાં હતાં કે આજે આ ધોતલી ઉપર બ્રહ્માનંદની દાનત બગડી છે. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને રાજી કરવા જ્યાં મુક્તાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીનાં પ્રભાતિયાં પૂરા થયાં ત્યાં બ્રહ્માનંદ સ્વામીએ ધોતલી ઉપર છંદ બોલીને મહારાજને રાજી કર્યા અને મહારાજે તે ધોતલી બ્રહ્માનંદ સ્વામીને રાજી થઈને આપી. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું હે સ્વામી ! તમને

આ ધોતલી નાની પડશે એટલે સ્વામીએ મહારાજને કહ્યું કે આ ધોતલીને મારી પૂજામાં રાખીશ. સ્વામી દરરોજ તે ધોતલીનાં દર્શન કરતા. સ્વામીએ તેમના શિષ્ય દેવાનંદ સ્વામીને આપી. અત્યારે હાલ મૂળીના સંગ્રહાલયમાં સિંહાસન ઉપર પાથરેલી છે.

## માંગરોળ બંદર

ઉત્તર દ્વારે શિખરબધ્ધ મંદિર છે. મંદિરના મધ્યમાં ધર્મભક્તિ, હરિકૃષ્ણ મહારાજ, ડાબી બાજુ રામચંદ્રજીની મૂર્તિ જે જૂના પ્રસાદીના રામજી મંદિરમાં હતી. તેને હાલ ઘનશ્યામ મહારાજ કહેવાય છે. તે મંદિરમાં પધરાવ્યા છે. જમણી બાજુમાં સુખશય્યા છે. રામવાડીમાં લક્ષ્મણજી તથા જાનકીજી પ્રસાદીના છે. વાવ પ્રસાદીની છે. મંદિરમાં આંબલી તથા વાવ ગળાવી તે પ્રસાદીની છે. ત્યાં છત્રી છે ને ડોસા વાવ તથા સમુદ્રમાં ગોવર્ધનભાઈને મહારાજે ફેંક્યા હતા તે સ્થળે મોટો  એક ઓટો કર્યો છે.

**ઘાંચીનો ઉદ્ધાર કર્યો :** નીલકંઠ વર્ણી મઢડેથી માંગરોળ બંદર પધાર્યા. ત્યાં એક નાની વાવ હતી તે ઉપર મૃગચર્મ, કમંડળ, સત્‌શાસ્ત્રનો ગુટકો, બાલમુકુંદનો બટવો (શાલીગ્રામ) હતો તે વગેરે મૂકીને વાવમાં નાહવા ઉતર્યા. ત્યાં એક ઘાંચી વોરો કપડાં ધોતો હતો. (ધોબી) તેને શ્રીજી મહારાજે કહ્યું કે ‘‘હમારે સ્નાન કરના હૈ, માટે હટો’’ તેથી ઘાંચી એક કોર ઉભો રહ્યો અને કહે, હે બ્રહ્મચારી ! તમને તરતાં આવડે છે ? ત્યારે પ્રભુ કહે, ‘‘તરતાં તો આવડતું નથી.’’ ત્યારે ઘાંચી કહે પાણીમાં પડ્યા પછી બહાર નીકળાય તેમ નથી. કારણ કે પાણીમાં શેવાળ ઘણી છે, તો તુંબડા ભરીને સ્નાન કરો અથવા મને તરતાં આવડે છે. માટે મારા ખભે બેસી મારી ડોકે બાઝી જાઓ. એટલે બંને પાણીમાં ડુબકી ખાઈને બહાર નીકળી જઈશું. ‘‘મહારાજ કહે’’ સારું પછી મહારાજ ઘાંચીના ખભે બેઠા. અને તેની ડોક પકડી. બંને પાણીમાં પડ્યા. પ્રભુનું માથું ડુબે તે સારું ઘાંચીએ ઊંડી ડુબકી મારી ત્યારે પ્રભુએ એવું ચરિત્ર કર્યું.

તે બંને મેઘપુરની વાવમાં નીકળ્યા. તે ઠેકાણે માણસો ફરતા હતા. તેમને પૂછ્યું. આ વાવ ક્યાંની છે ? ત્યારે માણસો કહે મેઘપુરની છે. ત્યારે પ્રભુ કહે, ‘‘તું અમને અહીં ક્યાં લાવ્યો?’’ ત્યારે ઘાંચીએ જાણ્યું જે આ તો ભૂત છે. તેથી બહુ બીવ્યો (ગભરાયો) અને ધ્રુજવા લાગ્યો. ત્યારે શ્રીહરિ કહે, ‘‘ફરી ડુબકી માર, પછી નીકળી જઈએ.’’ પછી ઘાંચીએ ફરી ડુબકી મારી તેથી હતા ત્યાં

નીકળ્યા. પછી ઘાંચીને ભૂતની ભ્રાંતિથી મૂર્તિ તદાકાર થઈ ગઈ અને કાયમ મૂર્તિ દેખાયા કરે અને ઘાંચી મુંઝાયા કરે જે મને ભૂત વળગ્યો છે.

પછી પ્રભુ (શ્રીહરિ) ગાદીએ બેસીને ફરીથી માંગરોળ બંદર પધાર્યા અને લોકોને સમાધિઓ કરાવતા હતા. તે સમયે રાજાનો સાળો કાજી તે સાથે મુસલમાનો લઈને શ્રીહરિની પાસે આવ્યો. ત્યારે તે ઘાંચી સાથે હતો ત્યારે શ્રીહરિ ઘાંચીને કહે છે. ઓળખાણ પડે છે ? ત્યારે ઘાંચી કહે, ''ના મહારાજ'' ત્યારે શ્રીહરિ કહે આપણે બંને ડુબકી મારીને મેઘપુરની વાવમાં નીકળ્યા હતા. ત્યારે ઘાંચી કહે, ''આપ તો ખુદા ખરા.'' પછી ઘાંચીને ભૂતની ભ્રાંતિ મટી ગઈ તેણે થોડીક સેવા સાધુ જાણીને કરી તો પ્રભુએ તેનું કામ કરી દીધું અને અક્ષરધામ આપ્યું. ''જે મળે ટાણે તે ન મળે નાણે''

## શ્રીહરિએ માંગરોળમાં ગોવર્ધનભાઈની ફઈનું (પૂતળીબાઈ) કલ્યાણ કર્યું.

શ્રીહરિ માંગરોળ પધાર્યા ને તે ગામથી પશ્ચિમ દિશાએ ડોસા વાવ છે. તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું પછી તે વાવની કાંઠે છીપર (પથ્થર) ઉપર બેસીને ધ્યાન કરતાં. તે સમયે ગામમાંથી વણિક ગોવર્ધન શેઠ ત્યાં નાહવા માટે આવ્યા. તેમણે મહારાજને ધ્યાન કરતાં જોયાં. શ્રીહરિના શરીરની નાડીયું દેખાય ને મુખ ઉપર તપનું તેજ ઝરતું હતું. શ્રાવણ માસના દિવસો હોવાથી શ્રીહરિના મુખ ઉપર માંખો ઉડતી હતી. તેથી ગોવર્ધન શેઠે પોતાના લુંગડે કરીને મહારાજના મુખ ઉપર માખીઓ ઉડાડતા હતા. ને મનમાં વિચાર કરતા હતા કે આ કોઈ મોટા તપસ્વી છે. તેવામાં મહારાજ જાગ્રત થયા. ત્યારે ગોવર્ધનભાઈએ પૂછ્યું, 'મહારાજ ! કાંઈ જમશો ?' ત્યારે મહારાજ કહે, 'હા, કાંઈ તૈયાર હોય તો જમીએ.' પછી ગોવર્ધનભાઈ કહે ચાલો મહારાજ મારે ઘેર બધું તૈયાર છે. પછી મહારાજે ગોવર્ધન શેઠને કહ્યું કે અમે ગામમાં કે કોઈના ઘરે જતા નથી. માટે જે કંઈ તૈયાર હોય તે અહીં લાવો તો જમીશું. પછી ગોવર્ધનભાઈ કહે, લ્યો મહારાજ અહીં લઈ આવું એમ કહી ઉઠ્યા પોતાના ઘરે ગયા.

તે વખતે ગોવર્ધનભાઈની ફોઈ પૂતળીબાઈનું કારજ હતું. તે કારજમાં સુખડી કરી હતી. પહેલા સમયમાં કારજમાં સુખડી કરતા હતા. તેમના કારજમાં સુખડી કરી હતી. તે સુખડીમાંથી શેર એક સુખડી અને બજારમાંથી સારા કંદોઈના ત્યાંથી શેર ગાંઠિયા લાવ્યા. એમ ગોવર્ધન શેઠ શ્રીહરિને માટે સુખડી

અને ગાંઠિયા લાવીને શ્રીહરિની આગળ મૂક્યાં. તેમાંથી સુખડી અલ્પ જમ્યા અને ગાંઠિયા જમ્યા. પછી કહ્યું કે અમે પકવાન જમતા નથી. પછી શેઠે કહ્યું લાવો મહારાજ તમારી કઠારી (કમંડળ) જળ ભરી લાવું ત્યારે મહારાજે કમંડળ અને હાથ ગરણું દીધું તે લઈને ગોવર્ધનભાઈ વાવમાં જઈ ગાળીને જળ ભરી લાવ્યા. પછી મહારાજે અર્ધશેર ગાંઠિયા જમીને ચળું કરીને હાથ ધોઈ પાણી પીને બેઠા. ત્યાં ગોવર્ધનભાઈને સંકલ્પ થવા માંડ્યા જે આ મોટા પુરુષ છે તે મારી ફોઈનો ઉદ્ધાર કરે તો ઠીક તે વખતે મહારાજ બોલ્યા જે કેમ શેઠ ! તમને શું સંકલ્પ થાય છે. ત્યારે ગોવર્ધન શેઠ શ્રીહરિને કહે છે કે મારી ફોઈબા (પૂતળીબા) મરીને જમપુરીમાં ગઈ છે ને ત્યાં નરકના કુંડમાં પડી છે. ને તે બહુ દુઃખી થાય છે. ત્યારે મહારાજ કહે, તેમને કોઈનો આશરો હતો કે નહીં ? ત્યારે શેઠ કહે, ‘‘મહારાજ ! તેમને રામાનંદ સ્વામીનો આશરો હતો. આવા મોટા પુરુષનો આશરો હતો તો કેમ જમપુરીમાં જાય ?’’

ત્યારે ગોવર્ધનભાઈ બોલ્યા કે મારી ફોઈ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. જ્યારે રામાનંદ સ્વામી માંગરોળ પધાર્યા ત્યારે મારે ફોઈના ઘેરે રામાનંદ સ્વામીનો ઉતારો હતો. ત્યાં ઘણા દિવસ રોકાઈને ચાલવા તૈયારી કરી ત્યારે ત્યાં બે દરબાર સોનાનો એક પાસો લઈને આવ્યા અને રામાનંદ સ્વામીને આગળ ધર્યો ને કહ્યું કે આ પાસાની કિંમત જે આવે તે આ સદાવ્રતમાં વાપરજો. એમ કહી તે દરબાર ચાલ્યા ગયા. પછી તે પાસો (સોનાનો પાસો) સ્વામીએ મારી ફોઈ પૂતળીબાઈને સાચવવા માટે આવ્યો ને કહ્યું અમે ગામડાંમાં ફરવા જઈએ છીએ. માટે હમણાં તમે રાખોને અમે આવીએ ત્યારે પાછો આપજો. ત્યારે ફોઈએ કહ્યું, ‘‘ઠીક લાવો’’ એમ કહી સ્વામી પાસેથી સોનાનો પાસો લઈને પોતાના ઘરના પટારામાં મૂક્યો. પછી રામાનંદ સ્વામી ગામડા ફરીને પાછા આવ્યા ત્યારે તે સોનાનો પાસો પાછો માંગ્યો તે વખતે મારી ફોઈ એમ બોલ્યા કે પાસો કેવો હું પાસામાં કંઈ જાણતી નથી. ત્યારે રામાનંદ સ્વામીએ મારી ફોઈને ખૂબ સમજાવ્યાં પણ મારી ફોઈ એકના બે ન થયા. અને રામાનંદ સ્વામીને તે સોનાનો પાસો પાછો આપ્યો નહિ ત્યારે રામાનંદ સ્વામીએ મારી ફોઈબાને કહ્યું કે મરીને યમપુરીમાં જશો ને દુઃખી થાશો. પછી રામાનંદ સ્વામી ત્યાંથી ચાલ્યા ગયા.

પછી થોડા સમય મારી ફોઈએ દેહ મૂક્યો ને મરીને યમપુરી ગયા છે. ને ત્યાં બહુ દુઃખી થાય છે. તે સાંભળી મહારાજ કહે તમને તે કેમ ખબર પડી ?

ત્યારે ગોવર્ધનભાઈ શેઠ બોલ્યા કે ''મને રામાનંદ સ્વામીને પ્રતાપે સમાધિ થાય છે.'' (ધારણા) ત્યારે મહારાજ કહે, ''હવે તું સમાધિ કરીને યમપુરીમાં જા ત્યારે ગોવર્ધન કહે. હું જાઈશ તો ખરો પણ મને યમ મારશે.'' ત્યારે મહારાજ કહે 'જાઓ આ ફેરે નહીં મારે ને તું જયારે જીવને લઈને તારું સ્વરૂપ વિરાટ જેવું થશેને.' પછી ગોવર્ધન સમાધિ કરીને યમપુરીમાં ગયા. ને ત્યાંથી તેમની ફોઈના જીવને લઈને ચાલ્યા. ત્યારે તેની પાછળ જમ દોડ્યા. એટલે ગોવર્ધનભાઈએ મહારાજની મૂર્તિનું ધ્યાન કરી સ્વામિનારાયણ મંત્ર બોલ્યા. તેથી તેનું શરીર વૈરાટના જેવું થયું તે જોઈને બધાય યમ ડરીને ધર્મરાજા પાસે ગયા ને કહ્યું, 'આપણી જમપુરીમાં કાંઈક કૌતુક (ચમત્કાર) થયું છે.' ત્યારે ધર્મરાજા તે જોવાને આવ્યા. તેવામાં ત્યાં વૈકુંઠના બે પાર્ષદ આવ્યા. તેને ધર્મરાજાએ જોયા. એટલે ધર્મરાજાએ તેમને પૂછ્યું આ શું છે ? ત્યારે ગોવર્ધનભાઈ બોલ્યા કે અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણનો અવતાર પૃથ્વી પર થયો છે. તેનો હું ભક્ત છું. ત્યારે ધર્મરાજા કહે, શુ પુરુષોત્તમ નારાયણનો અવતાર થયો છે ? ત્યારે કહે, હા. પછી ધર્મરાજાએ જમને કહ્યું એ જીવને લઈ જવા દો. પછી ગોવર્ધનભાઈ તેની ફોઈ અને બે પાર્ષદ એ ચારેય મહારાજ પાસે આવ્યા. ચારેય જણાએ મહારાજને પ્રણામ કર્યા ત્યાં પૂતળીબાઈ પોતે પોતાનું પાપ પોકાર્યું અને કહ્યું કે હે પ્રભુ ! શું તમારાથી છુપાવું તમે બધું જાણો છે. હે ભગવાન ! મારા ગુર રામાનંદ સ્વામીએ મારા ઉપર વિશ્વાસ રાખીને મને સોનાનો પાસો આપ્યો હતો. જ્યારે ગુરુજીએ સોનાનો પાસો પાછો માંગ્યો ત્યારે મારી બુદ્ધિ વિપરીત થઈ હતી અને લોભના કારણે મેં સોનાનો પાસો આપ્યો નહિ. તેથી હુ ગુરુદોષમાં પડીને યમપુરીમાં ગઈ. હે પ્રભુ ! તમારી કૃપાથી નરકના કુંડમાંથી બહાર આવી છું. પછી પૂતળીબાઈએ પોતાના ભત્રીજા ગોવર્ધનને કહ્યું કે મારા પટારામાં સોનાનો પાસો પડ્યો છે. તે રામાનંદ સ્વામીને આપી દેજો અને તેમને કહેજો કે મારી ફોઈ ઉપર રાજી રહેજો. પછી શ્રીહરિએ કૃપા કરી પૂતળીબાઈ ઉપર પોતાની દૃષ્ટિ કરીને તેનાં બધાં પાપ બાળી નાખ્યાં પછી બંને પાર્ષદોને કહ્યું કે આ પૂતળીબાઈને બદરિકાશ્રમમાં મૂકી આવો ત્યાં તપ કરીને શુદ્ધ થઈને ફરીથી સત્સંગમાં આવીને અમારા અક્ષરધામને પામશે. પછી પૂતળીબાઈ શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના કરી. બદરિકાશ્રમમાં તપ કરવા ગયા. આવી રીતે શ્રીહરિએ પૂતળીબાઈનો ઉદ્ધાર કર્યો. તેથી શ્રીહરિ અધમના ઉદ્ધારણ કહેવાયા.

## શ્રીહરિએ માંગરોળના રાજા વજુદીનનો ઉદ્ધાર તથા પ્રજાનો ઉદ્ધાર કર્યો તથા ચકલાઓને સમાધિ દ્વારા ઉદ્ધાર કર્યો

શ્રીહરિ ભક્ત ગોવર્ધનની વિનંતીથી તેની ફોઈ પૂતળીનો ઉદ્ધાર કરી. લોકોનો ઉદ્ધાર કરવાની ઈચ્છાથી માંગરોળમાં રહ્યાં હતાં તે દરમિયાન એવો પ્રતાપ જણાવવા માંડ્યો કે તેમની અલૌકિક મૂર્તિનાં જે માણસો ભાવેકુભાવે દર્શન કરે તે તમામનાં નાડી પ્રાણ ખેંચાઈને સમાધિ થઈ જાય અને પૃથ્વી ઉપર પડી જાય જેમ ચમકને જોઈને લોઢાનાં પૂતળાં ખેંચાય તેમ સર્વનાં નાડી પ્રાણ ખેંચાઈ જતાં. આ વાત માંગરોળના યવન રાજા વજુદીને સાંભળી એટલે જાતે આ બાબત જોવા આવ્યો તેણે તે પ્રત્યક્ષ જોયું એટલે ક્રોધાયમાન થઈને પોતાના માણસોને કહેવા લાગ્યો કે આ જાદુગરા ફકીર મારા પુરમાં કોણ આવ્યા છે. જે બધાને ટોણાં મારી પાડી નાખીને બાવરા બનાવે છે ? પછી તેણે પોતાના દૂતને મોકલીને શ્રીહરિને કહેવરાવ્યું કે તમો અમારા પુરમાંથી ચાલ્યા જાઓ. તે સાંભળી સર્વે લોકોના સ્વામી, ક્ષમાની મૂર્તિ શ્રીહરિ માંગરોળમાંથી ચાલ્યા. તે વખતે નવાબે પોતાના બગીચામાં બેસીને મનમાં એવો વિચાર કર્યો કે જો તે ફકીર આ રસ્તેથી નીકળે તો તેમને પકડીને કબજે કરી લેવા.

શ્રીહરિએ ત્યાંના નવાબનો સંકલ્પ અંતર્યામીપણે જાણી લીધો તેથી શ્રીહરિ તે રસ્તે ચાલ્યા આવે છે. (શ્રીહરિની કિશોર અવસ્થા છે, કોપીન ઉપર બહિર્વાસ (સફેદ વસ્ત્ર) પહેર્યું છે. કેડે મુંજની મેખલા બાંધી છે, કંઠમાં તુળસીની કંઠી તથા શાલીગ્રામનો બટવો ધાર્યો છે, હાથમાં ગોપાળયોગીએ પંચરત્નો ગીતાજીનો ગુટકો રાખ્યો છે. માથે પંચકેશ પીંગલવર્ણી જટા ધારણ કરેલી છે. તપથી તેજ ઝરતું અતિ કૃશ શરીર છે. તેથી મૂર્તિમાન તપનું સ્વરૂપ છે. તેવા મંદહાસ્ય કરતાં નિઃશંકપણે ચાલ્યા આવે છે.) તેમની પાછળ વર્ણીને વિશે શ્રદ્ધાવાળા ભક્તો સભય એટલે ભયને ધારણ કરીને ચાલ્યા આવે છે. કારણ કે પુરનો રાજા વર્ણી ઉપર કોપ્યો છે. તેથી વર્ણીને શું કરશે તેવી શંકાથી ચાલ્યા આવે છે.

શ્રીહરિ નવાબના બગીચા પાસે આવ્યા ત્યારે નવાબના માણસો વર્ણીને પકડવા સામા દોડ્યા. શ્રીહરિએ તેમના સામું જોઈ બે હાથની તાળી પાડી ઉંચે સ્વરે હુંકાર શબ્દ કર્યો તે સમયે નવાબના બધા માણસો પૃથ્વી ઉપર પડી ગયા. ત્યાં મુરસીદ નામનો રાજાનો ગુરુ એક ફકીર હતો તે અતિ વીરાવળી તથા મેલી મંત્રાનો જાણકાર હતો તેણે નવાબને કહ્યું જે આ સાધુ જાદુગરા છે. તેને મુઠ

મારીને હું જીતી લઈશ. તમે ફીકર કરશો નહિ પણ મનમાં તેને બીક લાગી હતી. કે આ તો મહાસમર્થ છે. તેને કેમ જીતીશ ? પછી નવાબને ઉપરથી ડોળ દેખાડવા બોલ્યો જે હે જોગી ! તમે બધાને આ શું કરી દીધું છે ? ત્યારે વર્ણી બોલ્યા જે અમે આ બધાને પાડી દીધા છે. તે તમો ઉઠાડો ત્યારે તેણે કહ્યું જે મને કેમ પાડી ન દીધો ? ત્યારે વર્ણીએ તેને કહ્યું જે તેરા શરીર તો દોજખી (દોજખનું) હૈ. ત્યારે ફકીર બોલ્યો જે મને દોજખ બતાવો. (યમપુરી)

ત્યારે વર્ણીએ તાળી પાડીને હુંકાર શબ્દ કર્યો તેથી મુરસીદ ફકીર નીચે પડી ગયો. (સમાધિ થઈ ગઈ) તેમાં તેણે મહાભયાનક દોજખ (યમપુરી) જોયું. નવાબના યવન ચાકરોએ સમાધિમાં પેગંબરને જોયા. પછી શ્રીહરિ વિરાસને (નિરાંતે) બેસીને ધ્યાન કરવા લાગ્યા. પછી નવાબનો સભાસદ ભાટ હતો તે બે હાથ જોડીને બોલ્યો કે હે મહારાજ ! આ સર્વે આપનો અપરાધ કરવા ઈચ્છતા હતા તે સર્વે પોતાના પાપથી પડીને ક્યાં ગયા હશે ? ત્યારે વર્ણીએ કહ્યું જે તે સર્વે ઉઠે ત્યારે તેમને જ પૂછજો એટલે તે બધું કહેશે. પછી તે ભાટે વર્ણીને કહ્યું જે આ સર્વેને ઉઠાડો ને તેમનો અપરાધ માફ કરો. એમ ઘણી પ્રાર્થના કરી. ત્યારે વર્ણીએ રાજી થઈ તાળી પાડીને ઊંચે સ્વરે હાક મારી એટલે તે યવનો એકી સાથે ઊઠ્યા ને તેમને પગે લાગી બોલ્યા (જે હે પ્રભુ ! આપ તો સબસે બડે હો ઔર હિંદુ લોકો કા કનૈયા હો.) આપકા ગુન્હા (તકસીર) કિયા હૈ વો સબ માફ કરના.

પછી ભાટે પૂછ્યું જે તમે સમાધિમાં જોયું હોય તે કહો. ત્યારે તેમણે કહ્યું જે વર્ણીએ અમને સ્વર્ગ દેખાડ્યું ને તેમાં પેગંબર પણ દેખાયા. ત્યારે વર્ણીએ કહ્યું અમે તો અહીં જ બેઠા છીએ. તમારા આ ભાટને પુછી જુઓ. ત્યારે તે યવન માણસોએ કહ્યું જે હે મુરસીદ ! આપ અમારી આગળ હતા ને તમારી પાછળ અમો સર્વેને લઈને દેદાર કરાવ્યા છે. એસા તુમ હો. પછી તેના ગુરુ ફકીર પડ્યો હતો. તેનું શરીર ઊંચુ ઉછળી ઉછળીને પૃથ્વી ઉપર પછડાતું હતું. તે જોઈ નવાબે વર્ણીને કહ્યું જે હે પ્રભુ ! આ ફકીર મારા ગુરુ છે. તેમને ઉઠાડો. એટલે વર્ણીએ હાક મારી તેને કહ્યું જે મેં તો દોજખ (યમપુરી) જોયું ત્યારે શ્રીહરિએ નવાબને કહ્યું જે તારા ગુરુ દોજખી (નાર્કી) દે તે તને યમપુરીમાં (દોજખમાં) લઈ જશે.

ત્યારે રાજાએ કહ્યું જે હે વર્ણી ! મને આપનાં દર્શન થયાં તે નિષ્ફળ ન થવાં જોઈએ. માટે આપ મને ભીસ્ત (સ્વર્ગ)માં લઈ જજો. ને મારા આ માંગરોળપુરમાં આપ સદાય રહો. આપને કોઈ કંઈ કરી શકશે નહિ. શાંતિથી આપ રહો. હું આપની નોકરી કરીશ., ત્યારે વર્ણી બોલ્યા કે અમે તો એવા છીએ કે અમારામાં

સારા ગુણ દેખે તેનાથી તેનામાં સારા ગુણ આવે એમ કહીને તેને કલ્પતરૂનું દૃષ્ટાંત દઈ સમજાવ્યો. તેથી રાજાએ શ્રીહરિને પોતાના હિતેચ્છુ માન્યા. પછી તે બાગમાં ઘણાં ચકલાં બેઠાં હતાં. તે જોઈને ભાટ બોલ્યો કે હે વર્ણી ! આપ સર્વે મનુષ્યને સમાધિ કરાવ્યો છો પણ આ પક્ષીઓને સમાધિ કરાવો તો ખરા.

ત્યારે તેને શ્રીહરિએ કહ્યું જે એક માણસનાં નાડી પ્રાણ ખેંચી લે એવા સમર્થ હોય તે સર્વ બ્રહ્માંડના જીવનાં નાડી પ્રાણને લીન કરે તેમાં શું આશ્ચર્ય છે ? પક્ષીઓને તથા પશુઓને પણ સમાધિ થાય. ત્યારે સર્વેએ કહ્યું જે આ ચકલાંઓને સમાધિ કેવી રીતે થાય તે અમને બતાવો. ત્યારે શ્રીહરિએ તે ચકલાંઓ સામું જોઈ પોતાની યોગમાયાથી એકી સાથે સર્વે ચકલાંના નાડી પ્રાણ ખેંચી લીધાં. એટલે તે બધા ચકલાં નીચે પડી ગયાં અને સમાધિ થઈ ગઈ. તે જોઈ નવાબ સહિત સર્વે સભા આશ્ચર્ય પામી. પછી સર્વે બોલ્યા જે હે વર્ણી ! આ ચકલાંઓને ઉઠાડી દો. ત્યારે શ્રીહરિએ પોતાના હાથની તાળી પાડી એટલે સર્વે ચકલાંને એકીસાથે ઉઠાડ્યાં આવો આશ્ચર્યકારી ચમત્કાર જોઈ તે યવન રાજાએ હાથ જોડી શ્રીહરિના પગમાં પડી નમસ્કાર કર્યાં ને ગુન્હાની માફી માંગી. શ્રીહરિએ નવાબને આશીર્વાદ આપ્યા.

પછી નવાબે વર્ણીને પોતાની શિબીકામાં (રથમાં) બિરાજી પુરમાં પધારવા વિનંતી કરી. દયાળુ પ્રભુ નવાબનો તથા પ્રજાનો ઉદ્ધાર કરવા તેની શિબીકામાં બેસી પુરમાં વાજતેગાજતે પધાર્યા. તે સમે વિરોધી લોકો બોલવા લાગ્યા કે નવાબને આ બ્રહ્મચારીએ પ્રસાદી ખવરાવી ગાંડો (વશ) કર્યો છે. જે પોતે બાવાને પકડવા ગયો હતો તે જ પોતે શિબીકામાં બેસાડીને પુરમાં લાવ્યો તો હવે આપણી શી ગતિ થશે ? આપણને સર્વેને પણ ગાંડા કરી નાખશે. પછી નવાબે શ્રીહરિને પોતાના મહેલમાં પધરાવી પૂજા કરી સારો સત્કાર કર્યો અને શહેરમાં એકાંત જગ્યાએ પોતાના મકાનમાં ઉતારો આપ્યો ને સેવામાં હિન્દુ નોકરો રાખ્યા. શ્રીહરિએ આ રીતે નવાબનો ઉદ્ધાર કર્યો.

શ્રી હરિ માંગરોળમાં ઘણા જ ચમત્કારો બતાવતા. અનેક ચરિત્રો કરતા. થોડા દિવસો રોકાઈને ચાલી નીકળ્યા. તે ફરતાં ફરતાં સંવત ૧૮૫૬ના શ્રાવણ વદી છઠ્ઠના (રાંધણ છઠ્ઠ)ના રોજ વહેલી સવારે લોજ નામના ગામમાં આવ્યા તે ગામની ભાગોળે એક સુંદર વાવ હતી. ત્યાં જઈ વાવમાં સ્નાન કરીને પાસે જ એક વડના વૃક્ષ નીચે સુંદર પથ્થરની શિલા હતી તેના ઉપર બિરાજમાન થયા.

ભગવાન સ્વામિનારાયણ ઘરનો ત્યાગ કરીને અનેક જીવોના મોક્ષ કરવા માટે અનેક વનોમાં તથા તીર્થોમાં ફરતા ફરતા ભારતની ઉત્તર, પૂર્વ અને દક્ષિણ એમ ત્રણ દિશાઓના કિનારે કિનારે વિચર્યા હોય અને ભારતના મધ્યભાગમાં તથા પશ્ચિમ દિશાના કેટલાક ભાગોમાં વિચર્યા ન હોય તેમ માનવું અશક્ય છે. પરંતુ ગમે તે કારણથી આપણા શાસ્ત્રોમાં ઉપરોક્ત ત્રણ દિશાઓના કિનારે કિનારે વિચર્યાનું જ વિવરણ મુખ્યતા જોવામાં આવે છે. તેમ છતાં પણ સિદ્ધાનંદ સ્વામીએ તથા બીજા કેટલાક સંતોએ પોતાના ગ્રંથોમાં અન્ય સ્થાનોનો પણ થોડો ઉલ્લેખ કર્યો છે. પરંતુ ગમે તે કારણ થી તેનું વિવરણ કરી શક્યા નથી. પણ શ્રીજીના વનવિચરણના પ્રસંગો તેમની પોતાની જ જાણમાં હોય અને તેમણે જે કોઈ પ્રસંગે જે રીતે વર્ણવ્યા હોય તે શ્રીહરિના વનવિચરણના પ્રસંગો છે. આવા પ્રસંગો ચરાડવા મંદિરના સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ગોપાળચરણદાસજી જેવા પ્રભાવશાળી સંત પોતાના શ્રીહરિ વનવિચરણ કાવ્યમાં નીચે પ્રમાણે વર્ણવે છે.

**નોંધ :** (૧) કચ્છદેશમાં ગરૂડ ઉપર સવારી કરીને શ્રીહરિ પધાર્યા હતા. તે સ્વરૂપ કચ્છદેશમાં અનેક ચમત્કારો બતાવીને સુખ આપનાર લોજ ગામની વાવ ઉપર આવ્યું.

(૨) જે સરજુ ગંગાના મોજાથી બહાર નીકળેલું વર્ણી સ્વરૂપ વન વિચરણ કરતું લોજ ગામની વાવ ઉપર શ્રી નીલકંઠવર્ણીનું સ્વરૂપ બિરાજતું હતું. તે બંને સ્વરૂપો એકત્રિત એક સ્વરૂપ થઈ ગયા અને લોજની વાવ ઉપર આવી બિરાજમાન થયા.

ઉપરોક્ત બંને સ્વરૂપો પૈકી ગમે તે એક સ્વરૂપે શ્રીહરિ વનવિચરણ દરમ્યાન શ્રી નીલકંઠવર્ણીરૂપે કચ્છ દેશમાં ગામ ધમડકામાં પધાર્યા હતા.

## ધમડકા

જ્યારે લાડુદાનજી ગઢવી (સદ્. બ્રહ્માનંદ સ્વામી) ભૂજમાંથી પીંગળ શાસ્ત્રનો સંપૂર્ણ અભ્યાસ કરી ત્યાંના રાજાનું સન્માન તથા પ્રમાણપત્ર મેળવી સૌરાષ્ટ્રના રાજ્યોમાં ફરવા માટે રવાના થયા. ત્યારે તે પ્રથમ ગામ ધમડકામાં આવ્યા. ત્યાંના રાજા રાયધણજીના દરબારમાં ગયા. રાજાએ તેમનો સારો સત્કાર કર્યો. ત્યાં બે-ત્રણ દિવસ રોકાયા. તે દરમ્યાન તેમને જાણવામાં આવ્યું કે આ ગામમાં ભટ્ટાચાર્ય નામના એક સંસ્કૃતમાં પ્રખર પંડિત છે. તેથી તેમને મળીને

તેમની પાસે સંસ્કૃત વિદ્યા ભણવા માટે રોકાયા. રાયધણજીના દરબારમાં પોતે રહેતા. તેથી રાયધણજી અને તેમને હેત ઘણું થયું. (મિત્રતા થઈ) એટલે બેય જણાં હંમેશાં ગામની પાસે રહેલી સારણ ગંગા નામની નદીમાં દરરોજ સવારે સ્નાન કરવા જતા હતા.

એક દિવસ તેઓ સ્નાન કરવા ગયા ત્યારે તેમણે દૂરથી એક યોગીને નદીના કિનારે બેસી યોગક્રિયાથી પોતાના આંતરડાં ધોતા જોયા. તે જોઈ પ્રથમ તો તે બેય જણાને આશ્ચર્યની સાથે બીક લાગી. એટલે છેટા ઊભા રહી જોવા લાગ્યા કે આ શું કરે છે. તેમને જોઈ યોગી પોતાની યોગક્રિયાથી આંતરડાંને અંદર મૂકી દઈ સ્નાન કરી તે બેય જણાને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે તમો બીશો નહિ. હું આ સામેના રતાળા નામના પર્વતમાં ત્રણસો વર્ષથી રહું છું અને યોગસાધના કરું છું અને આ નદીમાં રોજ સ્નાન કરવા આવું છું. મેં યોગના પ્રભાવથી જાણ્યું છે કે અહીં સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન પધારશે. તેથી તેમનાં દર્શનની રાહ જોઉં છું. આજે તેઓ પધારવાના હતા. પરંતુ આજે નહિં પધારતાં આજથી પાંચમે દિવસે આ સામે દેખાય છે. તે ત્રિપાખીયાંવાળો ખીજડો તેની નીચે પ્રભુ બ્રહ્મચારીના વેશે બપોરના સમયે બાર વાગે આવશે. તો તમે બેય જણા તે સમયે અહીં આવશો તો તમોને પણ દર્શન થશે. તે યોગી રતાળા પર્વતમાં ચાલ્યા ગયા. પછી બરાબર પાંચમે દિવસે નિર્ધારિત સમયે શ્રીહરિ નીલકંઠ બ્રહ્મચારી વેશે બપોરના મધ્યાહ્ન સમયે તે ખીજડા નીચે આવીને બિરાજ્યા. ત્યાં લાડુદાનજી તથા રાયધણજી તથા પેલા રતાળાના યોગી એમ ત્રણે જણા ત્યાં આવ્યા. પ્રભુનાં દર્શન કરી દરેકે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. નીલકંઠ પ્રભુએ તેમને શુભ આશીર્વાદ આપ્યા અને થોડો ઉપદેશ આપ્યો. પછી યોગી સ્તુતિ અને પ્રાર્થના કરી શ્રીહરિની આજ્ઞાથી રતાળા પર્વતમાં ચાલ્યા ગયા.

પછી લાડુદાનજીએ તથા રાયધણજીએ વર્ણીને ગામમાં જમવા પધારવા આગ્રહપૂર્વક વિનંતી કરી. પછી બ્રહ્માનંદે (લાડુદાનજી) પ્રભુ મને તમારી સેવામાં રાખો ત્યારે નીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું કે અત્યારે નહિ. અમે જ્યારે સત્સંગમાં આવીશું ત્યારે તમને અમારી સેવામાં રાખીશું. એવો લાડુદાનજીને કોલ (વચન) આપી ત્યાંથી શ્રીહરિ ચાલી નીકળ્યા અને તે રામપુર નામના ગામમાં પધાર્યા.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લીધી છે. વાર્તા નંબર વિશ્રામ વીસમાં લેખક : અ.નિ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, પ્રકાશક : નારણપુરા, અમદાવાદ.

## રામપુર (મેરાઇવાડી)

શ્રીહરિ ધમડકાથી ચાલતાં ચાલતાં રામપુર ગામમાં પધાર્યા. ત્યાં ગંગાજીમાં સ્નાન કરી. તે ગામની ઉત્તર બાજુ થોડે દૂર મેરાઈવાડી નામની વાડીમાં પધાર્યા. ત્યાં કુંડી ઉપર શ્રીહરિ ઉભા રહ્યાં. ત્યાં ભીમજી, ખીમજી તથા લખમણ એ ત્રણ કણબી ભાઈઓ કોશ હાંકતા હતા. તેમની પાસે શ્રીહરિએ જળ માંગ્યું ત્યારે તેમણે કહ્યું કે હે બ્રહ્મચારી ! પાણી તો આ કુંડીમાંથી ભરીને પીઓ. ત્યારે શ્રીહરિ બોલ્યા કે એ તો ચર્મવારી છે. તે અમો નહિ પી શકીએ. ત્યારે તેઓએ કહ્યું જે આવા ચોખ્ખા છો તો પાસે દોરી રાખવી જોઈએને. તે સાંભળી શ્રીહરિએ હાથમાં કમંડળું લઈ કૂવામાં હાથ લંબાવ્યો. એટલે તુરત જળ (પાણી) ઊંચું આવ્યું. તેમાંથી કમંડળુ ભરી લીધું. પછી તુરત જળ કૂવામાં હતું ત્યાં ચાલ્યુંગયું. તે જોઈ ત્રણે જણા આશ્ચર્ય પામ્યા. મહારાજ કોઈ સ્થાને પધારતા તો કોઈ જીવોનો ઉદ્ધાર કરવા માટે જ જતા. આજે આ ત્રણે ભાઈમાંથી લખમણનો ઉદ્ધાર કરવા તેમની વાડીમાં પધાર્યા છે.

પછી શ્રીહરિએ તેમની પાસે જમવાનું માંગ્યું ત્યારે તેમણે કહ્યું જે, ‘‘હે બાવાજી ! અમોએ હાલ જ જમીને કોશ જોડ્યા છે. હવે ક્યાંથી આપીએ ?’’ ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘‘આ સામે ડેલામાં શીકા ઉપર માટલીમાં સાંજે જમવા માટે રોટલા રાખ્યા છે. તેમાંથી મને જમવા માટે ફક્ત અડધો રોટલો આપો.’’ ત્યારે બે ભાઈઓએ ના પાડી પણ ત્રીજા ભાઈ લખમણે વિચાર કર્યો કે આ બાવાજી ચમત્કારી જણાય છે અને આપણે ત્યાંથી ભૂખ્યા જાય તે ઠીક નહિ એમ માનીને તેણે પોતાના ભાગનો રોટલો તથા અથાણું શ્રીહરિને જમવા આપ્યું પછી કોશ હાંકવા લાગ્યા. કોશ ઠાલવીને પાછા વળતાં તેમણે મહારાજ સામે દૃષ્ટિ કરીને જોયું. ત્યારે તે સમયે મહારાજે પોતાનું મસ્તક ધુણાવ્યું તે મસ્તકના વાળની લટોમાંથી તે ત્રણ ભાઈઓને સોનાની કિરણો તુલ્ય તેજોમય દેખાણી અને તે મહારાજની મૂર્તિ પણ તેજોમય દેખાણી તે જોઈને ખીમજી તથા ભીમજીએ પોતાના લખુને કહ્યું જે, તેં આ બ્રહ્મચારીને રોટલો જમવા આપ્યો તેથી આપણને આ ત્રીજી વખત જાદુ બતાવ્યું માટે આ બ્રહ્મચારી તો કામણ, ટુમણીયો તથા જાદુગરો છે. તે જોને. આ રોટલો જમીને આપણને જાદુ કરી બતાવ્યા છે. પ્રથમ કૂવામાંથી પાણી ઊંચું લાવ્યા. હમણાં આપણને સામાન્ય મનુષ્ય જેવા જણાતા હતા અને અત્યારે જ સર્વે મૂર્તિ તેજોમય જટા સહિત દેખાડી. એમ વાત કરે છે. ત્યાં તો મહારાજે પોતાના અંગમાંથી ફરીવાર, કોટાનકોટિ સૂર્ય તથા કોટાનકોટિ

ચંદ્રમા તથા મહાતેજ તે પણ જેના તેજમાં લીન થઈ જાય તેવી તેજોમય પોતાની મૂર્તિમાંથી તેજની કિરણો ત્રણે ભાઈઓને દેખાણી. તે મૂર્તિ, કિરણો તથા તેજોમય જટા સહિત જોઈને ભીમજીભાઈ બોલ્યા જે, “હે લખુ ! તે બાવાને રોટલો જમવા આપ્યો. તે જમીને જો વળી આપણને જાદુ દેખાડ્યા કરશે.”

એમ કહીને કોશ હાંકવા તે કોશના પૈયાની (પૈડાની) સામે એક આંબલીનું વૃક્ષ બહુ જ મોટું ઉભેલું હતું તે સામું ત્રણે ભાઈઓએ કોશ હાંકતા જોયું. ત્યાં તો એકદમ આંબલીના વૃક્ષ નીચેથી તે આંબલીના ટોચ સુધી સોંસરી બ્રહ્મચારીની મૂર્તિ તે ત્રણે ભાઈઓને દેખાણી અને તે આંબલીની ટોચ ઉપર ચારે તરફ તેજ તેજના અંબાર છાઈ ગયા. અને અગણિત દેવતાઓ વિમાને સહિત દેખાણા તથા અનંત મુક્ત તે પણ ચારેકોરે તેજ અંબારમાં દેખાણા પુષ્પની વૃષ્ટિ કરતા હતા. તેને જોઈને ખીમજી તથા ભીમજી બે ભાઈઓ બોલ્યા જે, “લખુ ! તે આ બ્રહ્મચારીને રોટલો ખાવા દીધો તે જમીને આપણને ફરીવાર દેખાડ્યો, કેમ જે આ બ્રહ્મચારી હમણાં જ કુંડી ઉપર બેઠા હતા. એટલી વારમાં આ આંબલીના વૃક્ષ ઉપર દેખાણાં.” એમ વાત કરતાં કરતાં કૂવાના થાળા પાસે ત્રણ ભાઈઓ ગયા ત્યારે બ્રહ્મચારીએ લખમણને કહ્યું, “પટેલ ! તમને કાંઈ જોઈતું હોય તો માગો. અત્યારે જે માગો તે હું તમને આપું.” એમ વર માગવાનું કહીને પૂછ્યું જે તમો કયા દેવની ઉપાસના કરો છો ? ત્યાં તો શ્રીહરિએ પોતાનું દિવ્યરૂપ અદશ્ય કર્યું. કુંડી ઉપર મનુષ્યરૂપે બેઠેલા દેખાયા.

ત્યારે લખુએ કહ્યું જે અમારા ગામમાં મહાદેવજી છે. તેમને માની છીએ વિશેષપણે તો આ ગામથી ત્રણ ગાઉ દૂર બિલેશ્વર મહાદેવ છે. તેમને માનીએ છીએ. તેમનો રુદ્રાભિષેક પણ કરાવીએ છીએ તેથી અમોને અન્ન, વસ્ત્ર, ધન, પુત્રાદિક જે જોઈએ તે મહાદેવજી આપે છે. તેથી આપની પાસે મારે શું માગવું? લખમણની આવી નિઃસ્પૃહતા જોઈ શ્રીહરિએ તેને કહ્યું : હું તારું આત્યંતિક કલ્યાણ કરીશ અને તારી સાત પેઢી સુધી તારા કુળમાં મારા મુક્તજીવ જન્મ લેશે. અને તે સર્વે મારી ભક્તિ ઉપાસના કરશે અને તમારો પરિવાર પવિત્ર થશે એવી રીતે લખમણને વગર માગે વરદાન આપી શ્રીહરિ આથમણ દિશાએ ગંગાજી સન્મુખ ચાલ્યા ગયા. ત્યાં ગંગાજીમાં સ્નાન કર્યું. ત્યાંથી તે ગામ તેરા તથા કાળા તળાવ ગયા. ત્યાંથી તે તરફના ગામોને તથા નારાયણ સરોવર તથા કોટેશ્વર વગેરે તીર્થોને પાવન કરી વીસ દિવસે તે પાછા મેરાઈવાડીની વાડીએ આવી લખમણ ભક્તને કહ્યું જે થોડા દિવસમાં વરસાદ ઘણો થશે. માટે તમારો

છાસટીયો (લીલીજાર) પાકેલો ઊભો છે. તે તરત જ ઉતાવળથી કાપી લેજો અને અમારું નહિ માનો તો તે વરસાદમાં સડી જશે એમ લખમણને કહીને શ્રીહરિ ત્યાંથી રામપુર ગામ ગયા.

**નોંધ :** આ લીલા ચારધામના પુસ્તકમાંથી લીધેલ છે. કચ્છ-ભૂજ મંદિર (૩૩)

પછી પેલા લખમણ ભક્તે તે વાડીના માલિક ગરાસીયાને કહ્યું જે મારી જાર પાકી ગઈ છે. માટે મને રજા આપો તો વાઢી લઉં. (પહેલાં ખેતરના માલિકની રજા સિવાય તેમાંથી પાક કપાતો નહિ) ત્યારે દરબારે કહ્યું જે બીજા માણસોની જાર (છાસટીયા) કાચી છે. માટે તે વઢાય ત્યારે સાથે સાથે વઢાશે પણ પહેલાં નહિ કપાય. ત્યારે લખમણ ભક્તે કહ્યું જે તમે મને તેની ઊઘડ બાંધી આપો અને તમારી રજા સિવાય ઘરે નહિ લઈ જાઉં છતાં જો આપ કાપવા નહિ દો તો મારો પાકેલો મોલ બગડી જશે. ત્યારે દરબારે કાપવાની રજા આપી એટલે લખમણે જાર (છાસટીયો) કાપી લઈ ખેતરમાં જ વરસાદથી ન ભીંજાય તેવી રીતે સાચવી રાખી પછી શ્રીહરિના વચન પ્રમાણે ઘણો જ વરસાદ થયો તેથી બીજા દરેકનો માલ પલળીને બગડી ગયો. (એક ગણું દાન અને સહસ્ર ગણું પુણ્ય એ કહેવત પ્રમાણે લખમણે પ્રભુને પોતાના ભાગનો અડધો રોટલો આપ્યો હતો તો ભગવાને તેને અગાઉથી સૂચના આપીને તેનો માલ બચાવરાવીને અનંત ગણું તેને આપ્યું.) શ્રીહરિ રામપુરમાં એક દિવસ રોકાઈને ચાલ્યા તે દહીંસરા ગામના તળાવની દક્ષિણાદિ પાળે આવીને બેઠા. શૌચવિધિ કરી, સ્નાન કરી, જળપાન કર્યું ત્યાં આવેલા ગામના માણસોને કહ્યું જે આ સરોવરમાં અમે સ્નાન કર્યું માટે આજથી તળાવનું નામ હરિસરોવર કહેવાશે.

એમ કહી શ્રીહરિ ત્યાંથી વાગડ દેશનાં ગામોમાં ફરતા ફરતા રણ ઉતરીને રણના કિનારે ટીકર નામના ગામમાં આવ્યા. ત્યાંથી ચાલતા ચરાડવા ગામમાં આવ્યા. ત્યાં તળાવના કિનારે મહાદેવનાં મંદિરમાં રાત રોકાઈ અનેકને ઉપદેશ આપીને સવારે ચાલ્યા તે દેરીયાળી આવ્યા.

## દેરીયાળી

શ્રીહરિ ચરાડવા ગામથી દેરીયાળી પધાર્યા. ત્યાં તલાવડીમાં સ્નાન કરી તેના કિનારા ઉપર હનુમાનજી તથા મહાદેવજીના દર્શન કર્યાં. પછી ત્યાં એક વરખડાના વૃક્ષ ઉપર શીંગડીયા વછનાગનો વેલો જોયો. તેનાં સુંદર પાંદડાં જોઈને

તેને તોડવા લાગ્યા. તે વખતે ત્યાં ગાયો ચારવા આવેલા ભરવાડોએ કહ્યું કે, બ્રહ્મચારીજી ! આપ આ પાંદડાં શા માટે તોડો છો ? ત્યારે શ્રીહરિએ કહ્યું કે જમવા માટે ત્યારે ભરવાડો કહે, “હે બ્રહ્મચારીજી ! આ તો શીંગડીયા વછનાગનો ઝેરી વેલો છે. તેનાં પાંદડાં ખાવાથી માણસ પશુ, પક્ષી દરેક મરી જાય છે. માટે આપ તે પાંદડાં ન જમશો. છતાં પણ શ્રીહરિ તે પાન જમ્યા.” મહાદેવજી સમુદ્રમાંથી નીકળેલ કાલકૂટ હળાહળ ઝેરનું પાન કરી ગયાં હતાં તો પણ ફક્ત કંઠમાં ગરમી જણાયા સિવાય કાંઈ થયું ન હતું તો પછી આ તો સાક્ષાત્ સર્વાવતારી ભગવાનને આ ઝેર શું કરી શકે ? તો પણ મનુષ્ય-રૂપધારી શ્રીહરિએ જરા મનુષ્યભાવ જણાવ્યો તથી જરા કંઠ બેસી ગયો અને બોલવાનું બંધ થયું પછી ત્યાંથી નજીકમાં રહેલ સુસવાવ ગામમાં એક બ્રાહ્મણને ત્યાં જઈ હાથના ઈશારાથી વાત સમજાવી એટલે તે બાઈએ શ્રીહરિને ખાટી છાશ ખૂબ પાઈ એટલે ઝેરની ગરમી ઓછી થઈ તેથી કંઠ ખુલી ગયો. પછી બધી વાત કરી એટલે તે બ્રાહ્મણે શ્રીહરિને સમર્થ યોગી માની ભાવથી જમાડ્યા. ત્યાંથી નજીકમાં નદીના કિનારે રહેલા અત્યંત પ્રાચીન કેદાર મહાદેવજીના મંદિરે ગયા. નદીમાં સ્નાન કરી. દર્શન કરી થોડો આરામ કરીને ચાલ્યા માનસર ગામ આવ્યાં ત્યાં તળાવમાં સ્નાન કરી જળપાન કરીને ચાલ્યા તે હળવદ ગામમાં પધાર્યા. (આ દેરીયાળીનું સ્થાન હળવદ ગામની પશ્ચિમે આશરે ૨॥ થી ૩ ગાઉ ઉપર રણજીતગઢ ગામ પાસે આવેલું છે. ત્યાં એક તલાવડી છે. અને તેના કિનારા ઉપર એક શિવાલય અને એક હનુમાનજીની દેરી છે. તેના ઉપરથી તેનું નામ દેરીયાળી પડ્યું હશે તેમ જણાય છે. તે દેરીયોની પાસે શ્રીહરિના ત્યાંના ચરિત્રના સ્મારકરૂપે આશરે સંવત ૧૯૮૨ની સાલમાં એક છત્રી કરાવી શ્રીહરિના ચરણાર્વિંદ પધરાવ્યાં છે. ત્યાં ભાદરવા વદી અમાસના દિવસે હર સાલ મોટો સમૈયો (મેળો) ભરાય છે. નીલકંઠવર્ણીએ જેનાં પાન ખાધાં હતાં. તે શીંગડીયા વછનાગનો વેલો હાલમાં નથી પણ તે વેલો જ વરખડાના થળ ઉપર હતો તે વરખડાનું પ્રાચીન ઝાડ હજી ત્યાં હયાત છે.

**નોંધ :** આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લીધેલ છે. વિશ્રામ-વીસમો, લેખક : ઘનશ્યામસ્વરૂપદાસ સ્વામી, કાલુપુર મંદિર, અમદાવાદ.

## હળવદ

શ્રીહરિ દેરીયાળીથી હળવદ ગામમાં પધાર્યા. સંધ્યા વખતે તળાવની પાળે આવ્યા. તળાવની પાળ ઉપર ચાલતાં પોતાની મૂર્તિમાંથી નીકળતાં શાંત

દિવ્ય તેજથી ચારેય દિશાઓને તેજાયમાન કર્યું. જાણે મૂર્તિમાન સૂર્યનારાયણ આવતા હોય ! મુખે ઊંચા સ્વરે (जय जय जह्यजामजित दोषग्रभितगुणाम्) એ વેદસ્તુતિના ગદ્યને બોલતા આવતા હતા. તે સરોવરમાં સાયં સંધ્યા કરવા આવેલા નારાયણભાઈ વિપ્રે આવો પ્રકાશ જોઈને તથા વેદસ્તુતિનો શબ્દ સાંભળીને તે તરફ જોયું અને અનુમાન કર્યું કે કોઈ મોટા યોગીરાજ આવે છે. તેમ માની તુરત જ પાસે ગયા. અને નમસ્કાર કર્યા. એક બીજાની વાત પૂછી પછી નારાયણભાઈના આગ્રહથી શ્રીહરિ તેમની સાથે તેમના ઘરે જવા ચાલ્યા.

નારાયણભાઈને ઘરે જતાં રસ્તામાં આથમણા દરવાજા પાસે અંદરની બાજુ શિવનું મંદિર હતું ત્યાં તેમને નિત્યદર્શનનો તેમને નિયમ હતો એટલે તે દિવસે પણ ત્યાં દર્શન કરવા ગયા. શ્રીહરિ પણ તેમની સાથે ગયા. પગથિયાં પાસે જોડા ઉતારીને જોષીએ શ્રીહરિને કહ્યું, ‘‘તમે જોડાની ખબર રાખજો હું દર્શન કરી આવું પછી ત્યાંથી દર્શન કરીને ચાલ્યા આગળ જતાં લક્ષ્મીનારાયણનું મંદિર આવ્યું ત્યાં ગયાં.’’ ત્યારે શ્રીહરિ કહે, ‘‘લક્ષ્મીનારાયણનાં દર્શન કરવા તો અમે પણ આવીશું.’’ એમ કહી શ્રીહરિ દર્શન કરવા માટે ઉપર ચઢ્યા ને પોળિયા ઉપર હાથ મૂક્યો પછી દર્શન કરીને નારાયણ જોષી સાથે મહારાજ તેમને ઘેર પધાર્યા. નારાયણ જોષીએ તેમને ઢોલિયો પાથરી આપ્યો મહારાજ તે ઉપર બિરાજમાન થયા.

પછી બ્રાહ્મણે બાળમુકુંદની મૂર્તિ પાસે દીવો મૂકીને આરતી કરી ત્યારે તે સમયમાં મહારાજની મૂર્તિમાંથી તેજપુંજ દેખાયો અને આરતી થઈ ત્યાં સુધી તે સ્થાનકમાં પ્રકાશ થઈ રહ્યો અને પછી મહારાજની મૂર્તિમાં તે તેજ સમાઈ ગયું. તે જોઈને નારાયણ જોષી આશ્ચર્ય પામ્યા. અને તેમણે જાણ્યું કે આ તો કોઈક ઈશ્વર મૂર્તિ સમર્થ છે. એટલે તેણે પૂછ્યું, ‘‘સાધુરામ અમારે તો આજ એકાદશી છે પણ તમે કાંઈ જમશો ?’’ શ્રીહરિ બોલ્યા, ‘‘અમારે પણ એકાદશી છે.’’ ત્યારે વિપ્રે ફળાહારમાં પેંડા આપ્યા તેમાંથી થોડા પોતે જમ્યા. બાકીના પાછા આપ્યા. પછી મહારાજે ઘણીવાર સુધી વાતો કરી. તે સાંભળીને તે પરમ આનંદ પામ્યા. પછી વિપ્રે પોતાનો ચોફાળ ઓઢવા આપ્યો તે ઓઢીને મહારાજ સૂઈ ગયા. સવારમાં વહેલા ઉઠીને તે ચોફાળ ઓઢીને નાહવા ચાલ્યા તે ઉગમણી બાજુ ધ્રાંગધ્રાને માર્ગે ચાલ્યા ત્યારે નારાયણ જોષી બોલ્યા કે, ‘‘સાધુરામ આ તરફ તળાવે નાહવાનું સારું છે.’’ તો પણ શ્રીહરિ પાછા વળ્યા નહિ. એટલે જોષી પણ દોરી લોટો લઈને સાથે ચાલ્યા એમણે જાણ્યું કે, ‘‘બાવા આગળ ક્યાં જાઓ છો ? નાહવું

નથી ?'' એમ કહી જોષી પાછળ પાછળ ચાલ્યા એટલે શ્રીહરિએ દોડવા માંડ્યું ત્યારે જોષી પણ દોડવા માંડ્યાં. મહારાજે ચોફાળ પડતો મૂકીને દોડવા માંડ્યું એટલે જોષીએ કહ્યું, ''સાધુરામ પારણા કરીને પછી જજો.'' એમ કહીને પાછળ દોડ્યા ત્યારે મહારાજ પથરા લઈને સામા થયા એટલે જોષી થાકીને ઘેર પાછા ફર્યાં અને શ્રીહરિ ત્યાંથી ધ્રાંગધ્રા પધાર્યા. શ્રીહરિ જોષીને ઘેર એક રાત રહ્યા અને ધ્રાંગધ્રા જઈને ગોપાલદાસના મંદિરમાં ઊતર્યા. ત્યાં રાત રોકાઈ ચાલ્યા તે રસ્તામાં કેટલાંક ગામોને પાવન કરતા કરતા શ્રીહરિ મૂળી ગામમાં પધાર્યા.

**નોંધ :** આ લીલા ચારધામના પુસ્તકમાંથી લીધેલી છે. વાર્તા નંબર સૌરાષ્ટ્રમાં ચોસઠમી લીલા છે. લેખક : ધર્મજીવનદાસ સ્વામી. કચ્છ-ભૂજ મંદિર.

## મૂળી ગામ

શ્રીહરિ મૂળી ગામમાં પધાર્યા. ગામની પશ્ચિમે ભોગવતી (ભોગાવો) નામની નદી વહે છે. તેના કિનારે શ્રીહરિ ઉભા રહ્યા. નદીમાં તે વખતે હરખજી નામનો ખત્રી કપડાં ધોઈને રંગતો હતો. તેને વર્ણીએ પૂછ્યું કે, ''આ ગામમાં સંતોને ઉતરવા માટે કોઈ યોગ્ય સ્થળ અમોને બતાવો.'' ત્યારે તે ખત્રીએ કહ્યું જે, ''આ ગામમાં ઘેલા જોષી નામના બ્રાહ્મણને ઘેર બધા વૈરાગીઓ ઉતરે છે. અને તે ભાવથી દરેકની સેવા ચાકરી કરે છે.'' પછી વર્ણી પૂછતા પૂછતા ઘેલા જોષીના ઘરે ગયા. જોષી વર્ણીનું સુંદર મનોહર રૂપ જોઈ આશ્ચર્ય પામ્યા અને માન્યુંકે આ કોઈ મોટા મહાન યોગી છે.

પછી ઘરના ચોકમાં લીંબડા નીચે ઓટલા ઉપર આસન નાખી વર્ણીને બેસાર્યા, પગે લાગી જળ પાયું અને જમવાનું પૂછ્યું ત્યારે વર્ણી કહે આજે તો એકાદશી છે. ત્યારે ઘેલા જોષી ફલાહારમાં પેંડા લાવ્યા. તેમનાં પત્ની દહીં લાવ્યા તેમાંથી વર્ણી થોડું જમ્યા. અને બાકીનું પાછું આપ્યું. ત્યાં બીજા પણ બ્રાહ્મણો આવ્યા હતા. તેમની સાથે વર્ણીએ કેટલીક યોગની વાતો કરી. તે વખતે ત્યાં એક યોગી આવ્યો. તેને પણ જોષીએ આસન આપ્યું ને જમાડ્યો. પછી તે યોગીએ યોગની પોતાની સરસાઈ કહેવા માંડી ત્યારે વર્ણીએ કહ્યું કે, ''આ કળીમાં યોગ સિદ્ધ કરવો બહુ કઠણ છે.'' ત્યારે તે બાવાએ સોનું રૂપું કરી બતાવ્યું. ત્યારે વર્ણી કહે, ''યોગીઓના વચનમાં સોનું, રૂપું હોય છે.'' એમ કહી પોતાનું મોઢું પહોળું કર્યું તો તેમાં સમગ્ર પૃથ્વી, પર્વતો વગેરે સોનાના બતાવ્યા. તે જોઈ બધા આશ્ચર્ય પામ્યા અને દરેકને સમાધિ થઈ ગઈ. સમાધિમાં દરેકે અક્ષરધામમાં આ વર્ણીને

સાક્ષાત્ ભગવાનરૂપે જોયા. પછી વર્ણીએ તેમને સમાધિમાંથી જગાડ્યા. દરેકે એમ માન્યું કે આ વર્ણી સાક્ષાત્ ભગવાન છે. પછી રાતે બધા સુઇ ગયા વર્ણી પણ પોઢી ગયા.

પછી ઘેલા જોષીએ પોતાની પત્નીને કહ્યું કે સવારે વહેલી સુંદર રસોઈ બનાવજે, આ બ્રહ્માચારીને સારી રીતે જમાડીશું સવારે શ્રીહરિ જાગ્યા. નદીમાં જઈ સ્નાન કર્યું. નિત્યવિધિ કર્યો પછી જોષીને ઘેર આવ્યા. વર્ણીને જમવા બેસાર્યા. સુંદર થાળ પીરસીને મૂક્યો. પ્રભુ જમતા જાય અને રાજી થઈને વાતો કરતા જાય છે. પછી વર્ણીએ કહ્યું કે જોષી ! કાંઈ માંગો. ત્યારે ઘેલા જોષી બોલ્યા કે પ્રભુ ! મારે સાત દીકરીઓ છે. પણ દીકરો નથી. તો દીકરો આપો તો સારું ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમારે ત્રણ દીકરા થશે. તેમાં મોટા દીકરાનો વંશ રહેશે. બીજા બેનો વંશ નહિ રહે અને તમારી સાત દીકરીઓ છે. તેમાંથી કશળીબેનનો વંશ રહેશે. એમ કહી જમી રહ્યા. હાથ-મુખ ધોઈ મુખવાસ લઈ આસન ઉપર બિરાજ્યા. તે વખતે ગામના દરબારો પણ સમાધિની વાત જાણીને આવ્યા તેમને પણ શ્રીહરિએ સમાધિઓ કરાવી અલૌકિક દર્શન કરાવ્યાં.

એમ મૂળીમાં વર્ણીવેશે પંદર દિવસ રોકાઈ અનેક ચરિત્રો કરી કેટલાકને પોતાના આશ્રિત કરી ત્યાંથી વર્ણી ચાલ્યા તે અનેક ગામોમાં ફરતા ફરતા આ બીજા સ્વરૂપે પણ સં. ૧૮૫૬ના શ્રાવણ વદી છઠ્ઠના રોજ લોજ ગામમાં આવ્યા. અને લોજની વાવ ઉપર પોતાના બેય સ્વરૂપો એક કરી એક સ્વરૂપે બિરાજ્યા અને પોતાનો નિત્યવિધિ કરી સ્વસ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા.

**નોંધ :** આ લીલા ચારધામના પુસ્તકમાંથી લીધેલ. વાર્તા નંબર-૭૯, લેખક : ધર્મજીવનદાસ સ્વામી, કચ્છ-ભૂજ મંદિર

## લોજ ગામ

### લોજ ગામમાં નીલકંઠવર્ણી અને સુખાનંદ સ્વામીનો મેળાપ

સૌરાષ્ટ્રના એક કાંઠા ઉપર આવેલા નાનકડા લોજપુર ગામમાં પગ દેતાં જ નીલકંઠવર્ણીનું મન આ ભૂમિમાં એકદમ શાંતિનો અનુભવ થયો. ગામ બહાર ઉત્તર દિશામાં આવેલી વાવ ઉપર પહોંચ્યા. આ વાવ પાકા પથ્થરની બનાવેલી છે. નીલકંઠવર્ણી એ વાવનાં પગથિયાં ઉતરીને નિર્મળ જળમાં સ્નાન કર્યું. વહેલા પરોઢિયાના અજવાળાં ધીરે ધીરે પથરાતાં હતાં. વર્ષાઋતુના મેઘને પીને ધરતી લીલીછમ થઈ હતી. તે સમયે શ્રાવણ માસનો હતો. નીંદરમાંથી

જાગીને પનિહારીઓ વાવમાં પાણી ભરવા જતી હતી. એવે સમયે નીલકંઠવર્ણી વાવમાં સ્નાન કરી. તે વાવના કાંઠા ઉપર એક મોટો વડ હતો તે વડની નીચે એક મોટી શિલા પર શ્રીહરિ મૃગચર્મ પાથરીને સ્વસ્તિક આસને ધ્યાનમગ્ન બનીને બેઠા હતા.

પનિહારીઓ (સ્ત્રીઓ) વાવ ઉપર પાણી ભરવા આવી ત્યાં તેમની નજર એકાએક નીલકંઠવર્ણી ઉપર પડી. તેમને નીલકંઠની મનોહર મૂર્તિ જોઈને જાણે ધરતી સાથે તેમના પગ ચોંટી ગયા હોય તેમ બધી સ્ત્રીઓ ત્યાં જ સ્થિર થઈ ગઈ. આટલી નાની કૃશ કાયા છતાં આવું તેજાયમાન મુખારવિંદ ! નીલકંઠને નીરખી નીરખીને જોતી આ પનિહારીઓ આ કિશોરના વૈરાગ્યથી દુઃખી થઈને આંખમાં આંસુ સારવા લાગી અને ધીરે ધીરે બધી સ્ત્રીઓ નીલકંઠ સમક્ષ આવીને ઊભી રહી. તે વખતે નીલકંઠ ધ્યાન મગ્ન જ હતા. પનિહારીઓ અંદરો અંદર ચર્ચા કરવા લાગી કે આવી નાની ઉંમરમાં આવો. વૈરાગ્ય અને આવી તપશ્ચર્યા કરવાનું તેમને કેમ સૂઝ્યું હશે ? માતા-પિતા, કુંટુબ વગેરેનો ત્યાગ શા માટે કર્યો ? ભાઈ-ભોજાઈ સાથે કોઈ કારણસર રીસાઈને ચાલી નીકળ્યા છો કે શું ? આપનું શરીર અત્યંત સુકોમળ છે. છતાં કોઈ સેવક સાથે કેમ નથી ? વગેરે અનેક પ્રશ્નો પૂછ્યાં પરંતુ શ્રીહરિએ તે સ્ત્રીઓને કાંઈ પણ જવાબ ન આપ્યો. એટલે તેઓ પાણી ભરીને ગામમાં જઈ વાવ ઉપર નાનાં વર્ણી આવ્યાની વાત આખા ગામમાં કરી એટલે ગામના ઘણા માણસો વાવ ઉપર શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. દર્શન કરીને તેમના મનમાં ખૂબ શાંતિ થઈ હતી.

એટલામાં ત્યાનાં રામાનંદ સ્વામીના આશ્રમના એક સાધુ નાહવા માટે વાવ ઉપર આવ્યા. ત્યાં તેઓ ખૂબ તેજસ્વી અને આકર્ષક અને ધ્યાનસ્થ બાળયોગી શ્રી નીલકંઠવર્ણીને વડ નીચે બેઠેલા જોઈ આશ્ચર્ય પામ્યા. સુખાનંદ સ્વામીની મનોવૃત્તિ (મનની વૃત્તિ) વર્ણીમાં ખેંચાણી. એટલે તેમણે વિચાર કર્યો કે મારા મનની વૃત્તિઓ રામાનંદ સ્વામી સિવાય બીજે ક્યાંય ખેંચાય નહિ અને આ વર્ણીમાં મારું મન ખેંચાણું માટે આ કોઈ મોટા સમર્થ યોગી છે. આવા વર્ણી મેં ક્યાંય જોયા નથી. ભાગ્યયોગે તેઓ અહીંયા રહે તો પરિચય થાય અને તેમનો લાભ મળે એમ વિચારી સુખાનંદજી સ્વામી આ બ્રહ્મચારી આંખો ખોલે તેની રાહ જોઈને તે પણ ઊભા રહી ગયા. પણ નીલકંઠ હજુ ધ્યાનમગ્ન જ હતા. તેથી થાકીને તેઓ વાવમાં સ્નાન કરવા ગયા. સ્નાન કરીને પાછા આવીને નીલકંઠ સમક્ષ તે ઊભા રહ્યા. તેમને નીલકંઠનાં દર્શનથી દિવ્ય આનંદ

થવા લાગ્યો. આ સાધુ સ્થિરતાથી નીલકંઠ વર્ણી આંખો ખોલે તેની રાહ જોઈ ઊભા હતા. થોડીવારે નીલકંઠે આંખો ખોલી. નીલકંઠનાં ખૂલેલાં નેત્રથી તેમની પ્રતિભા વિશેષ દીપવા લાગી. તેથી સાધુ હર્ષઘેલા થઈ ગયા. ત્યારે સુખાનંદ સ્વામીએ વર્ણીને નમસ્કાર કર્યાં. પછી વિવેકપૂર્વક પૂછ્યું કે "આપ કોણ છો ?" અમને કૃપા કરીને કહો. આપ દત્તાત્રેય છો કે કપિલ મુનિ ? અથવા કોઈ જગતનું હિત કરનારા કલ્યાણમૂર્તિ. આ લોકોના પાપોને બાળવા માટે પ્રેમથી અહીં પધાર્યાં છો ?

તેણે નીલકંઠને પૂછ્યું હે બ્રહ્મચારી ! આપ ક્યાંથી પધારો છો ? આપનું શુભ નામ, માતાપિતાનું નામ, શાથી વૈરાગ્ય ગ્રહણ કર્યો, આપના ગુરુકોણ છે ? આ બધું જાણવાની મને ઉત્કંઠા થઈ છે. પછી નીલકંઠે મોહક હાસ્ય કરીને કહ્યું : સાધુરામ ! ત્યાગીને નાત, જાત, દેશ કે સગાંસંબંધી હોતાં નથી. જે ભવબંધનથી મુકાવે તે જ માતા-પિતા અને એ જ ગુરુ ! અમે એવા ગુરુની શોધમાં નીકળ્યા છીએ. ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમારે કોઈ સ્વજન નથી. કોઈ માતા-પિતા નથી. કોઈ ગુરુ કે ગુરુદ્વારો નથી પણ જેમાથી જન્મ-મરણ તથા સર્વે સંતાપ નાશ પામે તેવા પ્રભુ એ જ ગુરુ માતા-પિતા સ્વજન છે. અમો તો અજન્મા છીએ, સદા સ્વતંત્ર અને સર્વમાં વ્યાપીને રહ્યા છીએ. અનિર્દેશમાં અમારો વાસ છે. ત્યારે સુખાનંદજીએ કહ્યું કે એ તો સિદ્ધાંત છે. પરંતુ આ તો મનુષ્ય રીતે પૂછવાની રીત છે. તેથી પૂછીએ છીએ. ત્યારે વર્ણીએ કહ્યું કે ઉત્તર કૌશલ દેશમાં અયોધ્યાની ઉત્તરમાં છપૈયા ગામ અમારું જન્મસ્થાન છે. ધર્મદેવ અને ભક્તિદેવી અમારાં માતા-પિતા છે. સર્વે તીર્થો ચારે ધામ ફરતા જોતાં અહીં આવ્યા છીએ. પરંતુ કોઈ મોક્ષદાતા ગુરુ મળ્યા નથી.

પછી શ્રીહરિએ સુખાનંદ સ્વામીને પૂછ્યું કે તમો કોણ છો ? તમારા ગુરુ કોણ છે. ત્યારે સુખાનંદસ્વામી કહે કે રામાનંદ સ્વામી અમારા ગુરુ છે. અમો પચાસ સંતો રામાનંદનો સ્વામીના આશ્રમમાં અમો રહીએ છીએ. તેમાં મુક્તાનંદ સ્વામી મુખ્ય છે અને અમારા મોટા ગુરુભાઈ છે. તેમની આજ્ઞામાં અમો રહીએ છીએ અને સદાવ્રત ચલાવીએ છીએ. સદાવ્રતમાં દ્વારકાની જાત્રાએ જતા વટેમાર્ગીઓ તથા આપના જેવા સંતોની સેવા કરીએ છીએ. હું અત્યારે આ વાવે નાહવા ચાલ્યા અને સદ્‌ભાગ્યે મને આપનાં દર્શન થયા. હવે આપ અમારી જાયગામાં (આશ્રમમાં) પધારો. ત્યાં મુક્તાનંદજી સૌને દર્શન કરવા જેવા સંત છે. ને રામકથાના ભણેલા છે. ને ગાવણું પણ જાણે છે ને બહુ ડાહ્યા

અને વિવેકી તથા નિરમાની સંત છે. માટે ત્યાં પધારો આપ નહિ પધારો તો તેઓ અહીં આવશે.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમે શહેર, નગર કે ગામમાં જતા નથી. અમે કોઈના ઘરે પણ જતા નથી. અમે વનમાં ફર્યાં ત્યાં રોજ નવા વૃક્ષે તળે રહેતા પરંતુ તમે કહો છો. તેવા સંત છે. તો તેમનાં દર્શન કરવા હું જરૂર આવીશ. પછી શ્રીહરિએ સુખાનંદજીને સારા જ્ઞાની સંત અને વિવેકી સમજીને શ્રીહરિ તેમની સાથે આશ્રમમાં જવા તૈયાર થયા. સુખાનંદજી આગળ અને શ્રીહરિ પાછળ એમ ચાલીને બંને જણા આશ્રમમાં આવ્યા. સુખાનંદ સ્વામી શ્રીહરિ આશ્રમમાં આવ્યા ત્યારે સુખાનંદજીએ ધર્મશાળાની ઓસરીની કોર કામળી પાથરી દીધી. (આસન આપ્યું) ત્યારે શ્રીહરિ તે કામળી પોતે હાથે કરીને ખસેડી બોલ્યા. હે સાધુરામ ! ब्रह्मांड पचास करोड जोजन की चटाई बीछवाई है तो कामली का कहा काम है साधुराम ! એમ કહીને હેઠા બેસી ગયા. ત્યારે મહારાજના તે મધુરા ઘેરા શબ્દનો રણકાર સાંભળીને બાજુની ઓરડીમાં મુક્તાનંદ સ્વામી સુતા હતા. તે બેઠા થઈને ગયા. તે વખતે મુક્તાનંદ સ્વામીને પગે વાળો નીકળ્યો હતો. તેની પીડાયે કરીને તાવ આવી ગયો હતો. ત્યાં સુખાનંદ સ્વામીએ આવીને કહ્યું કે ધર્મશાળાની ઓસરીમાં મહાન તેજસ્વી અને મહાસમર્થ એક નાના બાલુડા યોગી આવ્યા છે. તેમનાં દર્શન કરવા લાયક છે. તેથી મુક્તાનંદ સ્વામી પોતાની પથારીમાં તરત બેઠા થઈ ગયા અને ધર્મશાળાની ઓસરીમાં આવ્યા. શ્રીહરિની તેજોમય મૂર્તિનાં દર્શન થતાં તેમને શરીરની પીડા દૂર થઈ ગઈ. વર્ણીને નમો નારાયણ કહીને તેમની સામે બેઠા. વર્ણીએ પણ સ્વામીને નમો નારાયણ કહ્યા. પછી સુખાનંદ સ્વામીએ વર્ણીનો પરિચય મુક્તાનંદ સ્વામીને કહ્યો.

**નોંધ** : આ લીલા શ્રીહરિ વન વિચરણમાંથી લીધી છે. લેખક : અ.નિ.સ.ગુ.શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, કાલુપુર મંદિર, અમદાવાદ.

## શ્રીહરિના પાંચ પ્રશ્નોના મુક્તાનંદ સ્વામીએ ઉત્તર કર્યા

ત્યારે સુખાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું કે, ‘‘આ મુક્તાનંદસ્વામી અમારામાં સૌથી મુખ્ય સંત છે. અને અમારા મોટેરા ગુરુભાઈ છે. માટે તમારે જે કંઈ પૂછવું હોય તે મુક્તાનંદ સ્વામીને પૂછો. આજે સૌથી આનંદનું મૂળ શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને સામે બિરાજમાન છે.’’ એટલામાં તો આશ્રમના બીજા સંતો આવીને ચારે બાજુ સંતોની સભા થઈ વચ્ચે મહાન તપસ્વી યોગી બેઠા. તેઓ દેખતાની

સાથે જ સહુના મનમાં આ વર્ણીની મૂર્તિ આકર્ષવા લાગી. સૌ સંતોએ નમસ્કાર કર્યા. વર્ણીએ પણ પ્રેમપૂર્વક પૃથ્વી સ્પર્શી સૌને નમસ્કાર કર્યા અને કહ્યું કે આપનો આશ્રમ જોઈ મારું મન ઠર્યું છે. સાધુઓ જોઈ શાંતિ થઈ છે. આજે મુક્તાનંદ સ્વામીને હૈયામાં આનંદનો કોઈ પાર નથી. આવા યોગીના દર્શનથી તેમના મનમાં એમ થયું કે આ યોગી સાથે કોઈ જૂની આત્મીયતા છે. એવું યોગીને મનમાં થયું. પછી શ્રીહરિએ કહ્યું, ''હું જ્યાં જ્યાં ગયો છું. ત્યાં મેં અધ્યાત્મ જ્ઞાનનો સિદ્ધાંત જાણવા પાંચ પ્રશ્નો પૂછ્યા છે. પરંતુ ક્યાંય શુદ્ધ સમજણ જોઈ નહિ, મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું. આપ જે પ્રશ્ન પૂછશો તેના ઉત્તર મારા ગુરુ રામાનંદસ્વામી પાસેથી જે રીતે હું સમજ્યો છું. તે રીતે જરૂર આપીશ. પરંતુ આ પ્રશ્નનો યથાર્થ ઉત્તર તો અમારા ગુરુ રામાનંદ સ્વામી જાણે છે.'' ત્યારે વર્ણીએ કહ્યું આપ જાણતા હોય તેમ ઉત્તર કહો. આપના ગુરુ પાસેથી ફરીને સાંભળીશું ત્યારે વર્ણીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! જીવ શું ? માયા શું છે ? ઈશ્વર શું છે ? બ્રહ્મ શું છે ? પરબ્રહ્મનાં સ્વરૂપો કેવા છે તે સમજાવો.''

**જીવ :** (૧) સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીર છે. તે ત્રણેય શરીરમાં જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત જીવ સૂક્ષ્મ રૂપે વ્યાપીને રહેનારો છે. (૨) જીવ અણુ સરખો ઝીણો છે. અદૃશ્ય છે. જેમ કાષ્ટમાં અગ્નિ રહ્યો છે. પણ તે દેખાતો નથી. તેમ દેહમાં જીવ રહ્યો છે. (૩) જીવ અંતકરણ અને ઈન્દ્રિયોને આધારે જ બધી ક્રિયાઓને કરે છે. પણ વાસ્તવમાં જે દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણથી જુદો છે. (૪) જીવ ચૈતન્યરૂપ છે. અનાદિ છે. અમર, અજર, નિરંશ કહેવાય છે. જેને અછેધ, અભેધ આદિ લક્ષણો કહેવામાં આવે છે. (૫) જીવ નિત્ય છે. સનાતન છે અને અચળ છે અને જ્ઞાતા પણ છે. તે જીવનું લક્ષણ છે. (૬) બ્રહ્માંડનો પ્રલય થાય છે. ત્યારે માયામાં લીન થાય છે. તેથી જન્મ-મરણ રહિત છે. ઈન્દ્રિયો દ્વારા દરેક ક્રિયાને કરે છે. જેથી કર્મના ફળનો ભોક્તા છે. (૭) જીવ સુકાય નહિ, બળે નહિ, સડે નહિ એવો જીવ છે. શરીર માત્રનો (ક્ષેત્રજ્ઞ) જાણનારો છે. (૮) જીવ અલ્પજ્ઞ અને પરતંત્ર છે. જીવ ઈશ્વરનું ભજન કરે ત્યારે તે ભવબંધનથી મુકાય છે. ભગવાનનો સખા બને છે. માટે ભગવાનનો અંશ છે. પણ જે જીવ ક્યારેય ભજન કરતો નથી તે ક્યારેય પરમાત્માનો થતો નથી. હે વર્ણી ! આ પ્રમાણે જીવનું સ્વરૂપ મેં સંક્ષેપમાં આપને કહ્યું.

**માયાનું સ્વરૂપ :** (૧) માયા જે પરબ્રહ્મ એવા શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે. જેથી માયા અકળ અને ત્રિગુણાત્મક છે. જડ ચિદાત્મક છે. (૨) માયા જીવના

શરીરની ઉત્પત્તિનું ક્ષેત્ર છે. ત્રિગુણાત્મક છે. કાર્યકાળે જડ-ચેતનરૂપ છે. અને અંધકારરૂપ છે. તેનું સ્વરૂપ અનાદિકાળથી છે. (૩) માયા જે અજ્ઞાનમય છે. દુઃખરૂપ છે. તેનું સામ્યાવસ્થામાં નિર્વિશેષ રહે છે. માયા સત્સંગના યોગ સિવાય તે કોઈની ટાળી ટળી શકતી નથી. (૪) માયા જીવોને જન્મ-મરણની કરાવનારી છે. અનાદિ છે. (૫) માયા શરીર તથા સગા-સંબંધીમાં મોહ ઉપજાવનારી છે. માયા તારું અને મારું ઉપજાવનારી છે. માયા અહંમમત્વ કરાવનારી છે. માયા સત્ અને અસત્‌ના વિવેકમાં મોહ ઉપજાવનારી છે અને અંધકારરૂપ છે. (૬) માયા ભક્તિમાં તથા મોક્ષમાં વિઘ્ન કરનારી છે અને જીવ માત્રને દુઃખ આપનારી છે. (૭) માયા પંચભૂત તત્ત્વની બનેલી છે. ત્રણ પ્રકારના અહંકાર રૂપ છે. અહમ્ મત્મતત્ત્વ એ સ્વરૂપે માયા થઈ છે. તેથી ત્રણે ગુણરૂપે પણ માયા જ રહે છે. માટે ત્રિગુણાત્મક માયા કહેવાય છે. આ પ્રકારે ટૂંકમાં માયાનું સ્વરૂપ કહ્યું.

**ઈશ્વરનું સ્વરૂપ :** (૧) ચૌદ લોક વૈરાટ કહેવાય છે. તેમાં બધું વિશ્વ રહે છે. તે ઈશ્વરનું સ્થૂલ શરીર છે. તેમાં સૂક્ષ્મ શરીરે સૂત્રાત્મા વ્યાપીને રહે છે. અવ્યાકૃત એ ઈશ્વરનો કારણ દેહ છે. તેમાં ઈશ્વર વ્યાપીને રહે છે. (૨) ઈશ્વર આ જગતની ઉત્પત્તિ, સ્થિતિને લય કરે છે. આ બ્રહ્માંડને વૈરાટ એવા નામથી પણ કહે છે. તેમાં દરેક દેવતાઓનાં સ્થાનો પણ છે. ઈશ્વર પોતાના વિશ્વની બધી ગતિને જાણે તેવા સર્વજ્ઞ છે, તે વિશ્વના નિયંતા છે. અનાદિ છે. આ પ્રમાણે ઈશ્વરને જાણવા. (૩) ઈશ્વરનું સ્વરૂપ ચોવીસ તત્ત્વોનું બનેલું છે.

**બ્રહ્મનું સ્વરૂપ :** (૧) બ્રહ્મ અવિનાશી અખંડ છે. જેના એક રોમમાં અનેક કોટી બ્રહ્માંડ અણુની માફક ઊડતા ફરે છે.

**બ્રહ્મના બે સ્વરૂપ છે :** (૧) એક મૂર્તિમાન સ્વરૂપ (૨) અમૂર્તિમાન સ્વરૂપ (૧) મૂર્તિમાનરૂપે પરબ્રહ્મની સેવામાં રહે છે એટલે અક્ષરધામનાં મુક્ત બનીને સ્વામિનારાયણ ભગવાનની સેવા કરે છે. (૨) અમૂર્તિમાનરૂપે એટલે સ્વામિનારાયણ ભગવાનને રહેવાનું સ્થાન અક્ષરધામરૂપે રહે છે. જેને અક્ષર, બ્રહ્મમહોલ તથા ચિદાકાશ નામથી પણ કહે છે. તે અવિનાશી અને અવિકારી છે. (૩) બ્રહ્મ જે સત્ય, જ્ઞાન, અનંત અને અક્ષરધામરૂપે છે. જેનું અનંતધર આવું નામ પણ છે. (૪) જે પૂર્ણબ્રહ્મ છે. અખંડ, અમાપ અને અવિનાશી છે. પ્રકાશરૂપ છે અને નિર્વિકાર છે. જે નિત્ય અને અખંડ છે. માયાના ત્રણ ગુણોથી રહિત છે. (૫) માયા, જીવ અને ઈશ્વરનું પ્રકાશક છે. ત્યાં ષડ્ઊર્મિ નથી. ત્યાં માયિક ગુણ નથી. તેમાં રાત્રિ-દિવસ નથી. ત્યાં રાગદ્વેષ વગેરે નથી. (૬) ત્યાં

કાળ, કર્મ અને માયાનું બળ ચાલતું નથી. તે અનાદિને સત્ય છે. આ બ્રહ્મનું સ્વરૂપ કહ્યું.

**પરબ્રહ્મનું સ્વરૂપ :** (૧) પરબ્રહ્મ ભગવાન મૂર્તિમાન (સાકારરૂપ) છે. જે સ્વામિનારાયણ, કૃષ્ણ, વિષ્ણુ, નારાયણ, વાસુદેવ અને અચ્યુત કહેવાય છે. જેમાં અનંત ગુણો રહ્યા છે. (૨) પરબ્રહ્મ બીજાને પ્રકાશના આપનારા છે. અને પોતે સ્વયંપ્રકાશમાન છે. (૩) અક્ષરબ્રહ્મ આદિના નિયંતા છે. કાળ, માયા વગેરે જેમની શક્તિ છે. (૪) પોતે સ્વતંત્ર, સર્વજ્ઞ, સર્વાધાર છે. જેના કોઈ ઉપરી નથી તે પ્રભુને શેષનારાયણ બે હજાર મુખે જેના ગુણ ગાય છે. તો પણ પાર પામતા નથી. (૫) જેની ઈચ્છાથી આ જગતની સૃષ્ટિ થાય છે. સાગરો, પર્વતો, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, ગૃહો કે કાળ, માયા, પવન, મેઘ વગેરે તેમની મર્યાદામાં રહે છે. (૬) પૃથ્વીનો ભાર હળવો કરવા માટે પોતે અનંત અવતારો ધારણ કરે છે. અને કાર્ય પરત્વે અનંત રૂપો ધારતાં તેમને વાર નથી લાગતી. (૭) સર્વમાં મૂર્તિમાન થકા વ્યાપક છે. જેમના મહિમાનો કોઈ પાર પામી શકતું નથી. અને તે અનાદિ છે. એવું પરબ્રહ્મનું સ્વરૂપ છે. (૮) જે આનંદમય પ્રભુ, દિવ્ય, સ્વતંત્ર, અવ્યય અને સુખોનું મૂળ કહેવાય છે. જે રમાકાંત (લક્ષ્મીનારાયણ) ભગવાન કહેવાય છે. તેનું અક્ષરકોટિ ધ્યાન કરે છે. (૯) જે માયા અને કાળના નિયંતા છે. જે ક્ષર-અક્ષર પર્યંતના પણ નિયામક છે. જે સર્વના કર્મફળોને આપે છે. (૧૦) જે અનંત શક્તિ ધારણ કરનારા ઈશ્વર કહેવાય છે. સર્વના પ્રેરક પ્રવર્તક છે તે પરબ્રહ્મ કહેવાય છે. જે સદા સાકર છે. બ્રહ્મપુરમાં (અક્ષરધામ)માં રહ્યાં છે. (૧૧) કરોડો મુક્તો જેમના ચરણાર્વિંદની સેવા કરે છે. જેના નામનું સ્મરણ રાત-દિવસ કરતાં રહે છે. જે અક્ષરમુક્તો, ઈશ્વર અને જીવ. સૌને જે ધ્યાન કરવા જેવા છે.

હે મુનિવર ! ગુરુના મુખથી જેવું સાંભળ્યું છે. તે રીતે મેં આ પરબ્રહ્મનું સ્વરૂપ પણ તમારી આગળ કહ્યું છે. તમારા પ્રશ્નોના યથાર્થ ઉત્તર તો મારા ગુરુ જે પ્રૌઢ જ્ઞાની છે. તે જાણે છે. તેઓ આ પાંચ તત્ત્વોને પોતાના હસ્તાકમલની (હથેળીમાં) જેમ સ્વયં જાણે છે. અને બીજાને સમાધિ દ્વારા તેનું જ્ઞાન તત્કાળ કરાવે છે અને ભગવાનનાં દર્શન કરાવે છે.

પાંચ પ્રશ્નોના ઉત્તર સાંભળીને શ્રીહરિ ઘણાં જ પ્રસન્ન થયા. આપના ગુરુ શ્રીરામાનંદ સ્વામી આવે અને મળે ત્યાં સુધી હવે હું અહીંયાં રહીશ. આપે અનુભવથી અને શાસ્ત્રોના પ્રમાણથી મારા પ્રશ્નોના ઉત્તર સાચા કહ્યા. બીજા

કોઈ તેને યથાર્થ જાણતા નથી. મેં ઘણા સાધુ-સંતોને અને પંડિતોને આ પ્રશ્ન પૂછ્યા છે. પોતાના અભિમાનથી ઉત્તરો કરી શક્યા નથી. આપના સમાન સંતોને મેળવવા માટે તો ઘર, સગા-સંબંધીઓનો ત્યાગ કરીને તીર્થો ફરતો ફરતો અહીંયા આવ્યો. તો તમારા જેવા નિર્મળ, મનવાળા સંતો મળ્યા તેથી મને ઘણો આનંદ થયો.

શ્રીહરિએ કહ્યું આપે સાચા સદ્‌ગુરુ સેવ્યા જણાય છે. નહિ તો આવા ઉત્તર થાય નહિ. આપ તથા આપની પાસે જે સંતો રહે છે. તે બધા વૈરાગ્યવંત છે. માટે મને તમારા ઉપર ખૂબ સ્નેહ થયો છે. અમે ઘણી જગ્યાએ ફર્યા પણ આવા સંત ક્યાંય દીઠા નથી. આપના ગુરુ પણ સાચા અને પ્રૌઢપ્રતાપી હશે નહિ તો આવો વિશુદ્ધ સંપ્રદાય જેવા તેવાથી ન બંધાય માટે આપનાં દર્શનથી મનો ઘણો આનંદ થયો.

શ્રીહરિનાં વચન સાંભળી મુક્તાનંદ સ્વામી બોલ્યા કે આપ પણ મહાન સમર્થ યોગીરાજ છો. કારણ કે મને બેતાલીસ વર્ષ થયાં પણ આવા પ્રશ્નો પૂછનાર કોઈ યોગી મળ્યા નથી. આપ મહાસમર્થ છો. માટે આપનાં દર્શનથી અમો ભાગ્યશાળી થયા છીએ. પરસ્પર હેત થશે. ત્યારે વર્ણી બોલ્યા કે રામાનંદજીનું નામ હું જાણું છું. મારા પિતા ધર્મદેવના તે ગુરુ છે. અમારા પિતા સાથે પ્રયાગમાં ગયા હતાં. ત્યારે જોયા હતા. તેથી અમારા પિતાએ અમને વાત કરી હતી. માટે તે અમારા પણ ગુરુ કહેવાય. અમને કહ્યું હતું તમને જ્યારે વૈરાગ્ય થાય ત્યારે રામાનંદ ગુરુ પાસે જજો. તેમને પોતાના ગુરુ બનાવજો માટે તેમનાં દર્શનની ઈચ્છા રાખું છું. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે સ્વામી આવશે ત્યારે તમને દર્શન થશે. ત્યાં સુધી સુખેથી અહીં રહો અને અમારામાં કાંઈ કચાશ હોય તેને ટાળો ત્યારે કહ્યું કે અમને જલ્દી સ્વામીનાં દર્શન થાય તો રોકાઈ એ નહિ તો અમે ત્યાં જઈએ ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે અત્યારે ભૂજ જવા માટે રસ્તો સારો નથી. તેમજ સ્વામીની આજ્ઞા વિના ત્યાં જવું તે પણ વ્યાજબી નથી. માટે હાલમાં ત્યાં જવાનો વિચાર બંધ રાખો તો સારું. પછી મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી શ્રીહરિએ વિચાર કરીને લોજ ગામમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં સૌ સંતો સાથે જ રહેવાનો નિર્ણય કર્યો અને ત્યાં જ નિવાસ કરી સ્થિર થયા.

પછી મુક્તાનંદ સ્વમીએ પોતાના શિષ્યોને કહ્યું કે હે શિષ્યો આ યોગીરાજ આપણા મહેમાન ગણાય માટે સુંદર રસોઈ કરીને જમાડો. તેમને ભારે તપ કર્યુ છે. માટે તેમને બદામનો સારો શીરો કરીને જમાડો. પછી સંતોએ ખૂબ ભાવથી

શીરો બનાવ્યો અને વર્ણીને જમવાનું કહ્યું ત્યારે વર્ણીએ સૌ પ્રથમ બાલમુકુંદને થાળ ધરાવીને જમ્યા. પછી મુક્તાનંદ સ્વામીએ વર્ણીને કહ્યું કે શ્રાવણ માસ છે. માટે અમે રામાયણની કથા કરીએ છીએ માટે તમે બપોર પછીના સમયમાં સંતો સાથે કથા સાંભળવા આવજો. તેથી વર્ણી ખૂબ રાજી થયા.

**શ્રીહરિએ લોજમાં પ્રથમ દિવસે સ્ત્રી-પુરુષની સભા જુદી કરી તથા દિવાલની અંદરનો ગોખલો પૂર્યો તથા મંદિરની આગળથી સ્ત્રીઓની અવરજવર બંધ કરાવી.**

શ્રીહરિએ પ્રથમ દિવસે જ મુક્તાનંદ સ્વામીને પાંચ પ્રશ્નો પૂછીને તેમના ઉત્તર સાંભળીને મુક્તાનંદ સ્વામીની જ્ઞાનની પરીક્ષા લઈ લીધી. શ્રીહરિ હવે લોજના સંતોના વર્તનની પરીક્ષા લે છે. શ્રીહરિ બપોર પછીના ચારેક વાગે આશ્રમની (મંદિર) પાસે જીવરાજ શેઠનો ડહેલો હતો. ત્યાં મુક્તાનંદ સ્વામી શ્રાવણ માસના કારણે ત્યાં કથા કરવા જતા. ગામનાં બાઈ-ભાઈ દરેક રામાયણની કથા સાંભળવા આવતા શ્રી નીલકંઠ વર્ણી આવ્યા તે દિવસે સાંજના મુક્તાનંદ સ્વામી નિત્ય નિયમ પ્રમાણે ત્યાં કથા કરવા ગયા. પછી સંતોની સાથે નીલકંઠ વર્ણી પણ કથા સાંભળવા ગયા. નીલકંઠવર્ણી સંતોની લાઈનમાં આસન લઈને એકાગ્ર દૃષ્ટિએ અને નાસિકાદૃષ્ટિ રાખીને ધ્યાનાવસ્થામાં કથા સાંભળવા બેઠા. શરૂઆતમાં સંખ્યા ઓછી હસે ત્યાં ગામમાંથી સ્ત્રી-પુરુષો કથા સાંભળવા આવ્યા. આજે સૌની દૃષ્ટિ નીલકંઠવર્ણી ઉપર છે. કારણ કે નીલકંઠના શરીરમાંથી તેજના ફુવારા નીકળતા હતા. તેથી સૌનું ચિત્ત વર્ણીની મૂર્તિ તરફ હતું અને અંદરોઅંદર વાતો કરતા કે કેવી અદ્ભુત મૂર્તિ છે. આ વર્ણી ક્યાંથી આવ્યા છે. ક્યારે આવ્યા છે ? કોઈ કહે આજે આ વર્ણી આવ્યા છે. આવી રીતે અંદરોઅંદર વાતો થવાથી કથામાં અવાજ થવાથી નીલકંઠવર્ણીએ ધ્યાનાવસ્થામાંથી જાગીને જોયું તો સ્ત્રી-પુરુષો ભેગા બેસીને કથા સાંભળતા જોયા. એટલે નીલકંઠવર્ણીએ મનમાં વિચાર કર્યો કે આ સભામાં આપણે કથા સાંભળવા ન બેસાય.

ત્યાં મુક્તાનંદ સ્વામીની નજર વર્ણી ઉપર પડી. એટલે વર્ણી સભામાં ઊભા થઈને મુક્તાનંદ સ્વામીને કહ્યું કે આ સભામાં અમે કથા સાંભળવા માટે નહીં બેસીએ કારણ કે બાઈઓ અને પુરુષો ભેગા બેસીને કથા સાંભળે ત્યાં સંતોએ

કથા ન સાંભળવી જોઈએ અને મુક્તાનંદ સ્વામીને કહ્યું કે હે સ્વામી ! તમે આ કથા કરો છો તેથી તમારી નિંદા થાય છે કે સ્તુતિ ? કેમ કે ભાગવતમાં સંતોને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળવાનું કહ્યું છે અને ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું છે કે કાષ્ટ વિગેરેની સ્ત્રીની પૂતળી હોય અથવા ચિત્રામણની સ્ત્રી હોય તેનો પણ યોગીએ (સંત) સ્પર્શ ન કરવો. તો આ મૂર્તિમાન સ્ત્રી જોઈને તો કોનું ઠેકાણું રહે ? પૂર્વે કંઈકના નાક કપાયા છે ને કંઈના માથાં કપાયા છે. નારદ, પર્વત, ઈન્દ્ર, બ્રહ્મા, પરાશર સૌભરી ઋષિ અને એકલશૃંગી સમર્થ હતા તો પણ સ્ત્રીના પ્રસંગથી દુઃખ પામ્યા છે. માટે હે સંતો ! ચાલો હું તમને પ્રગટ પ્રમાણ પુરુષોત્તમની કથા સંભળાવું. એમ કહીને શ્રીનીલકંઠ બ્રહ્મચારી ઊઠીને ચાલી નીકળ્યા. તેમની સાથે સ્વરૂપાનંદ સ્વામી તથા વ્યાપકાનંદ સ્વામી આદિ સંતો પણ ચાલી નીકળ્યા. સૌ મંદિરમાં જઈને બેઠા. અહીં મુક્તાનંદ સ્વામીએ કથાનો અધ્યાય પૂરો કરી બાઈઓને મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે હવે તમોને છેલ્લી વારના રામરામ હવે બાઈઓમાં કથા નહીં થાય. હવેતો જેમ એ નીલકંઠ બ્રહ્મચારી કહેશે તેમ અમારે કરવું પડશે. એમ કહી મુક્તાનંદ સ્વામી પણ સંતદાસજીની સાથે મંદિરમાં આવ્યા ને નીલકંઠ બ્રહ્મચારીને પગે લાગીને કહ્યું કે આપે અમારી ભૂલ ઓળખાવી તે સારું કર્યું. માટે હવે આપ વાત કરો તે સાંભળી દરેક રાજી થાય. વર્ણીએ એમ લોજમાં પ્રથમ જ સંતોએ સ્ત્રીઓને કથા ન સંભળાવવી એ શાસ્ત્રીય નિયમ ચાલુ કરાવ્યો હતો. વર્ણીના બ્રહ્મચર્યધર્મના સ્થાપનનું આ પ્રથમ સોપાન હતું. પછી આપણી જગ્યામાં બાઈ માણસને પેસવા ન દેવા આવા સંતોને નિયમ કહ્યા અને સંતોએ વર્ણીના વચનનું પાલન કરવા લાગ્યા.

**(૨) શ્રીહરિએ આશ્રમમાં ગોખલો પૂર્યો :** એટલામાં એક બીજી વાત બની. રામાનંદ સ્વામીના આશ્રમને અડીને જ એક વાળંદનું ઘર હતું. બંને વચ્ચે એક જ દીવાલમાં એક નાનકડો ગોખલો હતો. જ્યારે સાધુને ચૂલો પેટાવવા માટે દેતવા જોઈતો હોય અથવા વાળંદની સ્ત્રીને દેતવા જોઈતો હોય, ત્યારે એ ગોખલામાંથી એકબીજા પાસેથી દેતવા લેતાં. અથવા કાંઈ ખાવાનું વધ્યું હોય તે દેવા થાય ને તે મંદિરની સેવા કરે તથા સંતનાં વત્તાં મુંડન કરે છે. ને હરિભક્ત છે. માટે રાખ્યો છે. નીલકંઠે દીવાલમાંનો તે ગોખલો જોયો. થોડી વારે તેમણે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું, સ્વામી ! આ જે દિવાલમાં છિદ્ર છે. તે સાધુના ધર્મમાં એક દિવસ છિદ્ર જરૂર પડાવશે. સાધુઓએ સ્ત્રી સાથે આ પ્રકારનો વ્યવહાર રાખવો તે યોગ્ય નથી. આ દિવાલમાં ગોખલો નથી પણ ધર્મમાં ગોખલો

છે. એટલું કહીને મુક્તાનંદ સ્વામીની આજ્ઞા લઈ રાહ જોયા સિવાય જ તેમણે ઈંટ અને ચૂનાનો ગારો બનાવી તે છિદ્ર તરત જ પોતાને હાથે પૂરી દીધું. સૌ સંતો જોઈ રહ્યા અને મુક્તાનંદ સ્વામીને પણ લાગ્યું કે વર્ણી કહે છે તે તદ્દન સાચી વાત છે. આમ નીલકંઠવર્ણી સંવત ૧૮૫૬ના શ્રાવણ વદી છઠને દિવસે વર્ણી લોજમાં પધારીને બાઈ-ભાઈની સભા નોખી કરી અને ગોખલો પૂર્યો.

**(૩) આશ્રમમાંથી સ્ત્રીઓને અવરજવરનો રસ્તો બંધ કરાવ્યો :** તે આશ્રમમાંથી સ્ત્રીઓને આવવા-જવાનો કાયમી રસ્તો હતો તેથી તથા સ્ત્રીઓ દર્શન કરવા પણ આવતી હતી. તેથી ત્યાં કાયમ સ્ત્રીઓનો સાધારણ પ્રસંગ રહેતો હતો. તેથી શ્રીહરિએ સ્ત્રીઓનો રસ્તો અલગ કરાવીને કાયમને માટે મૂળ રસ્તો બંધ કરાવી. કાયમને માટે સ્ત્રીઓની અવર-જવર બંધ કરાવી હતી. આવાં અનેક કાર્યો ભાવિ સંપ્રદાયના બંધારણના પૂર્વરૂપે શરૂ કર્યાં હતાં.

## શ્રીહરિ જન્માષ્ટમીના ઉત્સવમાં બે સ્વરૂપે દર્શન આપતા

ત્રણ દિવસથી નીલકંઠ વર્ણી રામાનંદ સ્વામીના આશ્રમમાં છે. આજે તો જન્માષ્ટમીનો ઉત્સવ છે. તેથી સમૈયા ઉપર ગામે ગામના સત્સંગીઓ દર્શને આવ્યા. આખો આશ્રમ ધજાપતાકાથી શણગાર્યો છે તથા આસોપાલવના તોરણથી આશ્રમ શોભતો હતો. દરવાજે કેળના સ્તંભો રોપ્યા હતા. અને આશ્રમમાં ભગવાનનું નાનું સિંહાસન હતું. તેને સુંદર રીતે શણગાર્યું. બાલમુકુંદને પારણામાં ઝુલાવવા માટે પારણાને સુંદર પુષ્પોથી શણગાર્યું છે. સવારથી હરિભક્તો આશ્રમમાં આવવા લાગ્યા. જન્માષ્ટમી એટલે તો ઉપવાસ તેથી સૌ સંતો અને હરિભક્તોએ નિર્જળા ઉપવાસ કર્યો હતો.

સાંજ પડી હરિભક્તોની ભીડ થવા લાગી. સૌ નાની મોટી ભેટ લઈ આશ્રમમાં આવ્યા. આશ્રમની આગળ રંગોળી પૂરી હતી. તેના આગળના ભાગમાં મંડપ બાંધ્યો હતો. તેથી હરિભક્તો બેસી શકે. ધૂન-ભજનની રમઝટ ચાલી. મુક્તાનંદ સ્વામીએ કથાવાર્તા કરી. એમ કરતાં રાતના બાર લાગ્યા. સુંદર શણગારેલાં પારણાંમાં બાલમુકુંદની મૂર્તિ પધરાવી. મુક્તાનંદ સ્વામીએ બાલકૃષ્ણ ભગવાનની આરતી કરી તે વખતે નીલકંઠવર્ણીએ એવો ચમત્કાર બતાવ્યો કે મુક્તાનંદ સ્વામી આરતી કરતા તે વખતે પારણામાં બાલમુકુંદની જગ્યાએ નીલકંઠવર્ણીના દર્શન થતાં તેથી સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. વળી બીજે સ્વરૂપે મુક્તાનંદ સ્વામીની બાજુમાં સભામાં બેઠેલા પણ દેખાય. સૌને

પારણામાં મહા તેજોમય નીલકંઠની મૂર્તિનાં દર્શન કરી. હૈયામાં ખૂબ શાંતિ થઈ અને પછી થોડીવાર પછી બાલમુકુંદ ભગવાનનાં દર્શન થયાં તેથી સૌને ખાતરી થઈ ગઈ કે આ નીલકંઠવર્ણી જ શ્રીકૃષ્ણનો અવતાર છે. આમ નીલકંઠમાં વર્ણીના અડધો કલાક સુધી સૌને દર્શન થયાં. સૌ પંજરીનો પ્રસાદ લઈ નીલકંઠને પ્રણામ કરીને ઘેર ગયા.

## શ્રીહરિ લોજ ગામમાં સ્થિર થવાનાં અનેક કારણો છે

હવે કથા જે બહાર થતી હતી તે આશ્રમમાં (મંદિરમાં) જ થવા લાગી અને તે કથામાં રોજ વર્ણી અચુક હાજર રહેતા અને ધ્યાનથી કથા સાંભળતા કોઈ પ્રશ્ન પૂછે તો તેનો ઉત્તર પોતે શાસ્ત્ર પ્રમાણે આપતા. અને પોતે પ્રશ્ન પૂછે તેનો ઉત્તર કોઈથી થઈ શકતો નહી. આશ્રમના નિયમોનું બરાબર પાલન કરતા. પોતે હંમેશા નિયમ પ્રમાણે ધ્યાન કરતા. તે જોઈ સાધુઓ પૂછે કે તમો ધ્યાન કોનું કરો છો ? ત્યારે વર્ણી કહે કે રાધા આદિ શક્તિઓના તથા શિવ, બ્રહ્મા અને વિષ્ણુ આદિના સ્વામી વરાહ, મચ્છ, તથા રામ-કૃષ્ણાદિ અવતારોના ધરનારા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનનું નિત્ય ધ્યાન કરું છું. સેવા, પૂજા, કીર્તન સ્મરણ પણ તેમનું જ કરું છું.

પછી મુક્તાનંદ સ્વામીએ પોતાનું વૃત્તાંત કહેતાં કહ્યું કે અમે પણ શ્રીકૃષ્ણને ભાવે ભજીએ છીએ અને હું ગુરુકૃપાથી મૂર્તિમાન તેમને દેખું છું. અમારા ગુરુ રામાનંદજી ઉદ્ધવનો અવતાર છે. મુમુક્ષને આશ્રય કરવા યોગ્ય છે. તેમની કૃપાથી કેટલાકને સમાધિમાં ગોલોકાદિધામ તથા તેમાં મોરલીધર શ્રીકૃષ્ણને દેખે છે. જીવોનાં કલ્યાણ માટે મારું જ્ઞાન કોને આપીશ. જ્ઞાનાચાર્ય કોને સ્થાપીશ. એમ શ્રીકૃષ્ણે પોતે આ લોક તજવા ઈચ્છ્યું ત્યારે એક ઉદ્ધવજીને જ યોગ્ય દીઠા અને તેમને પોતાનું જ્ઞાન આપ્યું તે જ પોતે આ રામાનંદજી સ્વામી છે. મુક્તાનંદ સ્વામીની વાત સાંભળીને વર્ણીને રામાનંદ સ્વામીને મળવાની ઉત્કંઠા વધારે જાગી.

નીલકંઠ જ્યાં જ્યાં ગયા ત્યાં સ્ત્રી ધનના ત્યાગની રુચિવાળા સાધુઓ તથા સંપ્રદાયો છે કે નહિ તે જોયું. ભગવાનને સદા સાકાર માને છે કે નહિ. તે જોયું ભક્તિ સહિત ભગવાનની દૃઢ ઉપાસના છે કે નહિ તે જોયું. તથા જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ - આ પાંચ ભેદનું તત્ત્વજ્ઞાન ક્યાંય છે કે નહિ તે જોયું નીલકંઠવર્ણીએ આ પાંચ ભેદો સંબંધી પ્રશ્નો દરેક તીર્થમાં, આશ્રમમાં અને

સંપ્રદાયમાં પૂછ્યા હતાં. પણ ક્યાંય તેમને સંતોષકારક જવાબ મળેલા નહિ. તેથી નીલકંઠવર્ણીએ અંતે લોજ ગામમાં, રામાનંદ સ્વામીના આશ્રમમાં રહેવાનું પસંદ કર્યું. કારણ કે અહીં સ્ત્રી ધનના ત્યાગની રૂચિવાળા સંતો હતા. સદા સાકાર ભગવાનની ભક્તિએ સહિતની ઉપાસના હતી. જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મના પાંચ ભેદોનું તત્ત્વજ્ઞાન માન્યું હતું. શુદ્ધ ભક્તિ સંપ્રદાય હતો તથા નિરમાની સંતો હતા. તેથી નીલકંઠ કાઠિયાવાડ સ્થિર થવાનું પસંદ કર્યું. વળી નીલકંઠવર્ણી તો અંતર્યામી અને આર્ષદૃષ્ટા હતા. તેઓ જાણતા હતા કે મારે જે ભૂમિમાં કાર્ય (કામ) કરવું છે. ત્યાં રામાનંદ સ્વામીએ કાર્યક્ષેત્ર તૈયાર કર્યું છે. શ્રીકૃષ્ણની ચરણરજથી પ્રસાદીની થયેલી કાઠિયાવાડની આ ભૂમિમાં અનંત ભક્તો મારી વાટ જોઈ રહ્યા છે.

સ્વામીની વાત સાંભળીને વર્ણીએ વિચાર્યં કે આ રામાનંદ ક્યારે મળે અને તેમનાં દર્શન કરું ? તે ન મળે ત્યાં સુધી મારે અહીં રહેવું અથવા તે જ્યાં મળે ત્યાં જવું. આમ વિચારી મુક્તાનંદજીએ કહ્યું. હમણાં સ્વામી ભૂજનગરમાં છે. તે જ્યારે આ દેશમાં આવશે ત્યારે દર્શન થશે. હમણાં અહીંથી જવાનો સંકલ્પ ન કરશો. પછી વર્ણી ત્યાં રહ્યાં. સાધુની ખૂબ સેવા કરવા લાગ્યા. એમ કરતાં ચૈત્ર માસ ગયો. પણ ગુરુનો સંદેશો ન આવ્યો. વર્ણીને રામાનંદ સ્વામીના દર્શનની તાલાવેલી જાગી. અધીરા બન્યા. મુક્તાનંદજી એ સ્વામીનું ધ્યાન કર્યું તો રામાનંદ સ્વામીના દર્શન થયા. મુક્તાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીના મોટા ચિહ્નો કહ્યા. પણ વર્ણીએ તો નાના તથા મોટા ચિહ્નો કહ્યા. વર્ણીએ જે જોયું તેનું વર્ણન કરી સંભળાવ્યું ત્યાં સૌ સંતો બોલ્યા કે તમે જે વર્ણન કર્યું તે રામાનંદ સ્વામીનું જ છે. વર્ણી કહે ધ્યાને ગુરુને અખંડ દેખું છું. પણ પ્રત્યક્ષ પ્રમાણ મળશે ત્યારે અંતરની તાણ મટશે.

## રામાનંદ સ્વામીએ વર્ણીને કહેવરાવ્યું કે થાંભલાને બાથ ભીડીને રહેજો

વર્ણીને રામાનંદ સ્વામીનાં દર્શનની તાલાવેલી લાગી હતી. ગુરુભક્તિનો આદર્શ તેઓ દર્શાવવા માગતા હતા. એટલામાં એક દિવસ માંગરોળથી આણંદજીભાઈ સંઘેડિયા મુક્તાનંદ સ્વામીનાં દર્શન માટે લોજ આવ્યા. તેઓ ભૂજ જતા હતા. મુક્તાનંદ સ્વામીનાં દર્શન માટે લોજ આવ્યા. તેઓ ભૂજ જતા હતા. મુક્તાનંદ સ્વામીનાં તથા નીલકંઠનાં દર્શન કરી આશ્રમની સર્વે વિગતો જાણી

તેઓ રામાનંદ સ્વામી પાસે ભૂજમાં પહોંચ્યા. રામાનંદસ્વામીએ ઉત્સુકતાથી (આનંદથી) લોજની ઝીણામાં ઝીણી વાત પૂછી પછી મયારામ ભટ્ટને કહ્યું. લોજ જઈને નીલકંઠને કહેજો કે, જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે.

થોડા દિવસ બાદ મયારામ ભટ્ટ અને આણંદજીભાઈ રામાનંદ સ્વામીનો સંદેશો લઈને લોજ આવી પહોંચ્યા. થાંભલાને બાથ ભીડવાની રામાનંદ સ્વામીની આજ્ઞા સાંભળીને નીલકંઠ તરત જ ઊભા થઈને થાંભલાને બાથ ભીડી. મુક્તાનંદ સ્વામી અને સૌ સંતો, ગુરુની આજ્ઞા પાળવામાં નીલકંઠની તત્પરતા જોઈને વિસ્મય પામ્યા.

થાંભળાને બાથ ભીડીને ઊભેલા નીલકંઠને જોઈને મયારામભટ્ટે કહ્યં, હે બ્રહ્મચારીજી ! થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે સત્સંગના સ્તંભ સમાન આ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું એમ વાત છે.

નીલકંઠે બાથ છોડીને મુક્તાનંદ સ્વામીને વંદન કરવા ગયા. સ્વામી એમને ભેટી પડ્યા. નીલકંઠ વર્ણીના સંબંધથી આશ્રમના સૌ સાધુઓ પોતપોતાના નિયમપાલનમાં જાગ્રત રહેવા લાગ્યા.

**સરજુદાસ નામ ધારણ કર્યું :** શ્રી નીલકંઠ બ્રહ્મચારી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહીને લોજપુરમાં સાધુ સાથે રહેતા થકા હમેશા તેમની સાથે નાહવા જતા ને નાહીને પાછા આવે ત્યારે જગ્યામાં આવવાની કશી ખબર રહે નહીં. ને માર્ગમાં ચાલતાં ક્યારેય ઠેસ વાગે તો પણ ખબર રહેતી નહી. ને કાયમ પોતાની વૃત્તિ બ્રહ્મસ્વરૂપને વિષે જ રાખતા ને મુક્તાનંદ સ્વામી આદિક સહુ સંત આગળ વાત કરતા. હે સંતો ! જીવ, માયા ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ તેમને તો હું હથેળીમાં જેમ જળનું ટીપું હોય તેમ દેખું છું ને તમારું મન જ્યાં જાય તેને પણ દેખું છું ને એવા સામર્થ્યવાળા હતા. તો પણ પોતે અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખતા ને રસ્તામાં ચાલતાં ઉપરવાસે કોઈ સ્ત્રી નીકળી હોય ને તેના દેહનો ગંધ આવે તો તે દિવસ પેટમાં અન્ન રહે નહીં ને ગમે તેવું સારું પદાર્થ હોય પણ તેને અતિ તુચ્છ જાણે એવો ત્યાગ અને વૈરાગ્ય રાખતા. કારણ કે પોતે આ લોકમાં ભાગવત ધર્મ પ્રવર્તાવવા માટે પ્રગટ થયા છે. તે પોતે પાળે તો જ બીજા પાસે પળાવાય તે ગીતામાં કહ્યું છે.

મોટા પુરુષ જેવું આચરણ કરે તેવું આચરણ બીજા માણસો પણ કરે તે મોટા પુરુષ જે વાતને પ્રમાણ કરે તેને જ લોકો અનુસરે છે. માટે મહારાજ પોતે

સમર્થ હોવા છતાં એવો ત્યાગ-વૈરાગ્ય રાખતા ને પોતે લોજની જગ્યામાં આવ્યા ત્યારથી તે જગ્યામાં સ્ત્રી માત્રનો પ્રવેશ બંધ કર્યો હતો.

પછી એક વખત મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું તમે હવે અમારી ભેગા રહ્યા. માટે જેવી અમને રામાનંદ સ્વામીની આજ્ઞા છે. તેવાં વસ્ત્ર તમે રાખો. ત્યારે મહારાજે કહ્યું, બહુ સારું જેમ આજ્ઞા હોય તે પ્રમાણે કરશું. પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિના મસ્તક ઉપરથી કેશ ઉતરાવી નાખ્યા ને કોપિન તથા તે ઉપર પહેરવા બે આચ્છાદાન વસ્ત્ર આપ્યાં ને એક અલ્ફી તથા ચાદર આપી ને માથે બાંધવાનો એક હજુરીયો આપ્યો ને આ વસ્ત્ર પહેરવા વિનંતી કરી પછી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''આજથી તમારું નામ **સરજુદાસ એવું નામ ધરાવ્યું** કારણ કે તમો સરજુ નદીના પ્રદેશમાંથી આવો છો તેથી સૌ તમને સરજુદાસ કહેશે !''

નીલકંઠવર્ણી આ સાંભળી થોડું હસ્યા. તેમણે કહ્યું, સ્વામી ! હું તો બ્રહ્મપથનો ભોમિયો છું. સરયુપ્રદેશ કે બીજા અનેક પ્રદેશો હું ભુલી ગયો છું.

નીલકંઠે સરજુદાસ નામ ધારણ કરીને આશ્રમની સેવામાં જાતને પરોવી દીધી. લોજ પોતે રહ્યા હતા ત્યારે તે આશ્રમના દરેક નિયમોનું બરાબર પાલન કરતાં. તેમાં સેવાધર્મને સૌથી પ્રાધાન્યપણું આપતા કારણ કે શાસ્ત્ર વચનો પ્રમાણે સેવાધર્મનું અત્યંત મહત્ત્વ તથા આદર્શ આપણને તે પ્રમાણે શીખવતા. આખા દિવસમાં એક જ વખત બપોરે બાજરાનો રોટલો, મરચાં અને મીંઢી આવળનો ગોળો જમતા. વહેલાં ઊઠતા પોતાનો નિત્યક્રમ પતાવીને સૌ સંતોની સેવા કરતા, સૌને પાણી ખેંચીને નવરાવતા, રસોઈ કરીને જમાડતા. કાવડ લઈને આજુબાજુના ગામમાં ભિક્ષા માગવા જતા, એમ આખો દિવસ સેવા અને ભક્તિ કરતા હતાં.

એક દિવસ એક વૈરાગી આવ્યો. સાધુઓ તેને સદાવ્રતમાંથી અન્ન આપવા લાગ્યા પણ તેણે તે લીધું નહિ. પછી જ્યારે સરજુદાસ જમવા બેઠા ત્યારે તેમની થાળીમાં બાજરાનો અર્ધો રોટલો અને લવિંગિયાં મરચાંનો ગોળો સાધુએ પીરસ્યો. બાવાજીએ ખાવા માગ્યું. બાવાજીને લાડુ જોઈ અંદર ગળપણ હશે તેમ માની મોંમા પાણી આવ્યું. તેથી બાજરાના રોટલા સાથે મોટો ગ્રાસ લીધો અને મોંમાં મૂક્યો. તે જ ક્ષણે તેની જીભ, આંખ, નાક બળવા લાગ્યા. તેમાંથી પાણી નીકળવા લાગ્યું. સરજુદાસે તેની દશા જોઈ સાધુને ક્હયું, 'આને ઘી પાઓ' પછી તેને ઘી પાયું ત્યારે શાંતિ થઈ !

# લોજની લીલાઓ
# લોજમાં શ્રીહરિનો સેવાધર્મ

નીલકંઠે સરજુદાસ નામ ધારણ કરીને આશ્રમની સેવામાં પોતાની જાતને પરોવી દીધી. લોજમાં પોતે રહ્યા હતા ત્યારે તે આશ્રમના દરેક નિયમોનું બરાબર પાલન કરતા તેમાં પણ સેવાધર્મને સૌથી પ્રાધાન્યપણું આપતા. કારણ કે सेवामुक्तिश्च गम्यताम् એ શાસ્ત્ર પ્રમાણે સેવાધર્મનું અત્યંત મહત્ત્વ તથા આદર્શ આપણને સમજાવવા એવા વાક્યને આગળ રાખી પોતે દરેક ક્રિયા તથા કાર્યોનું આચરણ કરી આપણને તે પ્રમાણે વર્તવાનું શીખવાડે છે.

હવે ગામના લોકો પણ તેમને સરજુદાસ કહેવા લાગ્યા. કિશોર સરજુદાસ સૌના લાડકવાયા બની ગયા હતા. રામાનંદ સ્વામીની આજ્ઞાથી નીલકંઠ લોજપુરમાં મુક્તાનંદ સ્વામીની ભેળા રહ્યા હતા. નીલકંઠ આશ્રમમાં દરેક (બધી) સેવા કરતા. શ્રીહરિ વહેલાઉઠીને પોતાનો નિત્યક્રમ પતાવીને વાવમાંથી પાણી બહાર કાઢીને સાધુઓને નવરાવતા. આશ્રમની ઓસરીને સાફ કરતા તથા આશ્રમના ફળિયામાં પોતે સાવરણો લઈને આખા ફળિયાને વાળતા. શ્રીહરિ સદાવ્રતમાં જાતે અનાજને સાફ કરીને રસોઈ બનાવતા અને સંતો તથા વટેમાર્ગુઓને પ્રેમથી જમાડતા અને રસોઈ બનાવવાના તમામ વાસણો પોતે ઉટકતા. રસોઈ માટે બળતણ લેવા જતા તથા છાણ વાસીદું કરતા. નીલકંઠ બપોર પછીના ટાઈમમાં હાથમાં કાવડ લઈને ભિક્ષા માંગવા પણ જતાં. નીલકંઠ કાવડ લઈને દરેકના ફળિયામાં જઈને આગળ-પાછળ ફરતાં ફરતાં ''રામકૃષ્ણ નામની ધૂન'' બોલતા જાય અને આવી રીતે લોજના દરેક ફળિયામાં ભિક્ષા માંગવા જતા. તેથી લોજની પવિત્ર ભૂમિ પ્રભુના ચરણાર્વિંદથી પવિત્ર અને પ્રસાદી બની ગઈ છે. સંતોની ચરણની સેવા તથા માંદા સંતોની સેવા કરવી. વર્ણીનો મુખ્ય સિદ્ધાંત હતો. શ્રીહરિ સદાવ્રતમાં રસોઈ બનાવતા પણ પોતે બાજરીનો રોટલો, મરચાં અને મીંઢી આવળનો ગોળો જમતા અને એક જ વખત બપોરના ટાઈમે જમતા. શ્રીહરિ સંતો સાથે ગામના પાદરમાંથી છાણ વીણી લાવીને છાણાં થાપતા જેથી બળતણના કામમાં આવતા. (છાણ થાપવાને = અડાયાં)

એક વખત ગામના પાદરમાં ઘણી પોઠો આવેલી તેથી નીલકંઠ તથા સંતો છાણ ભેગું કરવા ગયા. પણ ત્યાં ગામની મહિલાઓ સૂંડલા લઈને છાણ ભેગું કરવા આવેલી તેથી શ્રીહરિ તથા સંતોને છાણ મળે તેમ ન હતું. તેથી શ્રીહરિએ

બધી મહિલા સામે દ્રષ્ટિ કરી તેથી બધી મહિલાઓને સમાધિ થઈ તેથી બધી મહિલાઓ જમીન પર પડી ગઈ અને સમાધિમાં અક્ષરધામમાં સોનાના સિંહાસન ઉપર પુરુષોત્તમનારાયણ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થયાં અને તેમની આજુબાજુ અનંત મુક્તોના દર્શન થયાં તેમાં લોજના પાદરમાં છાણ વીણતા. નીલકંઠવર્ણીના દર્શન થયાં એવી રીતે સમાધિમાં ભગવાનની મૂર્તિનું સુખ લેવા લાગી. પછી નીલકંઠે સંતોને કહ્યું કે હે સંતો ! છાણ ભેગું કરવા માંડો. સંતોએ છાણ વીણીને મોટો ઢગલો કર્યો અને છાણ વીણીયા પછી શ્રીહરિએ મહિલા સામે દ્રષ્ટિ કરી તેની સમાધિમાંથી બહાર આવી અને ખાલી સૂંડલા લઈને સમાધિની વાતો કરતી પોતપોતા ઘરે ગઈ. ધન્ય છે લોજની સ્ત્રીઓને છાણ વીણવાને બદલે અક્ષરધામનાં દર્શન થયાં. શ્રીહરિ મહિલાઓને સમાધી કરાવીને ચમત્કાર બતાવ્યો.

પછી બીજે દિવસે નીલકંઠવર્ણી એકલા છાણ ભેગું કરવા ગયા પણ ગામની મહિલા અને છોકરીઓ પણ માથે સૂંડલા લઈને છાણ એકઠું કરવા લાગી. નીલકંઠનું સૂંકલકડી શરીર હોવાથી એક બાજુ ઉભા રહીને જોયા કરે છે. ત્યાં પ્રભુએ એવો ચમત્કાર બતાવ્યો કે પોતાની યોગશક્તિ દ્વારા દરેક છાણનાં પોદળામાં આખા બ્રહ્માંડના દર્શન થતાં તેમાં નદી, પર્વત, ખીણ, જંગલ, આકાશ, વીજળી વગેરે સૃષ્ટિ ભાળીને સ્ત્રીઓ આઘી જતી અને નીલકંઠ છાણનો પોદળો ઉપાડી લેતા. આમ સૌથી વધુ પોદળા ભેગા કરી તેનાં છાણાં સ્થાપીને સૂકવીને તેનો ઉપયોગ બળતણ માટે કરતા. આવી રીતે પોદળામાં મહિલાઓને બ્રહ્માંડના દર્શન કરાવીને છાણનો ઢગલો કર્યો. તેથી મુક્તાનંદ સ્વામી કહે હે વર્ણીરાજ ! તમે એકલાએ ખાસો મોટો ઢગલો કર્યો ત્યારે વર્ણીરાજ કહેતાં કે લોજની નારીઓને અમારા ઉપર ઘણું હેત છે. માટે કહે વર્ણીરાજ છાણ તમો લઈ જાઓ.

## શીલ ગામ

લોજ ગામથી બે ગાઉ દૂર શીલ ગામ છે. શીલ ગામમાં બે હરિભક્ત રહે છે. તેમની વાડીમાં ખૂબ ચીભડીઓ (ચીભડાં) વાવેલી. તેમણે વિચાર કર્યો કે આ રાજગરાના ચીભડાં મુક્તાનંદ સ્વામીને આપીએ તો સંતો તે ચીભડાનું અથાણું તૈયાર કરે તો રામાનંદ ગુરુ તથા સંતો અને સદાવ્રતમાં ઉપયોગ થાય. આમ વિચારી તેઓ મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા. તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું. અમારી વાડીમાં ખૂબ ચીભડાં થયાં છે. આપ બાર-પંદર હરિભક્તો મોકલીને

સારાં ચીભડાં લઈ જાવ. અમારી ઇચ્છા ચીભડાં સુકવીને તેનું અથાણું કરજો. રામાનંદસ્વામી તથા સંતોને જમાડજો બાકી વધે તે સદાવ્રતમાં વાપરજો.

આ વાત સાંભળી મુક્તાનંદ સ્વામીએ સુખાનંદ સ્વામીને કહ્યું, તમે હમણાં જ ગામમાં જાવ અને બાર-પંદર હરિભક્તોને શીલ ગામથી ચીભડાં લાવવા મોકલો. તે વખતે નીલકંઠવર્ણી મુક્તાનંદ સ્વામી પાસે ઊભા હતા. તેથી વાત સાંભળીને તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું, હે સ્વામી ! હરિભક્તોને બોલાવવાની કાંઈ જરૂર નથી. આજે હું અને આ દેવા ભક્ત તથા સુખાનંદ સ્વામીની સાથે જઈને શીલ ગામ જઈને બધાં ચીભડાં લઈ આવીશું. ત્યારે મુક્તાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને ના પાડી કારણ કે તપના કારણે વર્ણીનું શરીર કૃશકાયા બની ગયું હતું. (સુકલકડી શરીર) ત્યારે વર્ણી સ્વામીને કહ્યું કે અમે બધા સંતો સાથે રહીએ છીએ અને જમીએ છીએ તો આ દેહથી અમારે કંઈક તો કરવું પડે ને. ત્યારે સુખાનંદ સ્વામી કહે, વર્ણીને અમારી સાથે મોકલો તો તેમની મૂર્તિના દર્શન થાય ત્યારે મુક્તાનંદ સ્વામીએ હા પાડી એટલે સુખાનંદ સ્વામી, વર્ણી તથા દેવાભક્ત એમ ત્રણેય જણા ચાલીને હરિભક્તની વાડીએ આવ્યા.

હરિભક્તોએ પહેલેથી સારાં સારાં ચીભડાં વીણીને મોટો ઢગલો કર્યો હતો. ત્રણેય જણા વાડીએ આવ્યા એટલે હરિભક્તોના મનમાં થયું કે આટલા બધા ચીભડા આ ત્રણેય જણા કેવી રીતે લઈ જશે. પછી હરિભક્તોએ કહ્યું : ઊભા રહો. હું ગાડું લઈ આવું ત્યારે નીલકંઠ બોલ્યા. ગાડાની કાંઈ જરૂર નથી. ત્યારે હરિભક્તોએ કહ્યું કે આ ચીભડાં કોણ લઈ જશે ત્યારે નીલકંઠ કહે અમે ઉપાડીને લઈ જશું ત્યારે હરિભક્તોને નવાઈ લાગી કે આ વર્ણીનું શરીર સુકલકડી છે અને શરીરની નાડીઓ દેખાય છે. તેમનામાં કાંઈ તાકાત નથી તો પણ આ બધા ચીભડાં ઉપાડીને લઈ જવાનું કહે છે. ત્યારે હરિભક્તોને નવાઈ લાગી. પછી વર્ણીએ હરિભક્તોને કહ્યું કે એક મોટો ચોફાળ લઈ આવ્યા. તેમાં અઢાર મણ ચીભડાં ભરીને એક મોટો ગાંસડો બનાવ્યો. બે મણ ચીભડાં વધ્યાં તેનું એક નાનું પોટલું બનાવ્યું. પછી નીલકંઠ કહે આ મોટો ગાંસડો મારે માથે ચઢાવો. ત્યારે હરિભક્તો આજુબાજુના ખેતરના માણસોને બોલાવી બાર માણસોએ ભેગા થઈને મહામુસીબતે અઢાર મણનો ગાંસડો નીલકંઠને માથે ચઢાવ્યો ત્યારે નીલકંઠ કહે હવે ગાંસડાને છોડી દો પણ માણસોના મનમાં થયુ કે વર્ણીના માથે મૂકશું છું કે તરત જ આ ગાંસડાનાં વજનથી દબાઈ જશે. પણ જીવને ક્યાં ખબર છે. ગાંસડો ઉપાડનાર પરબ્રહ્મ પોતે છે. તે તો આખા બ્રહ્માંડનો ભાર લઈને ફરે

તો પણ તેને કંઈ અસર નથી. તો આ અઢાર મણના ગાંસડાનો શો ક્લાસ ? ત્યાં તો નીલકંઠવર્ણી અઢાર મણનો ગાંસડો માથે લઈને ચાલવા માંડ્યા તો બધા માણસોને આશ્ચર્યનો પાર ન રહ્યો. આટલો મોટો ગાંસડો નીલકંઠના માથાની ઉપર એક વેંત અધ્ધર રહ્યો. બાકીનું નાનું બે મણનું પોટલું દેવા ભક્તે માથે ઉપાડ્યું. આગળ વર્ણી તેમની પાછળ સુખાનંદ સ્વામી તેમની પાછળ દેવાભક્ત ચાલવા માંડ્યા.

નીલકંઠવર્ણી તો અઢાર મણનો ગાંસડો ઉપાડીને ચટકતી ચાલે ઉતાવળા ચાલ્યા જાય છે. પાછળ સુખાનંદ સ્વામી અને દેવો ભક્ત ધીમે ચાલ્યા આવે છે. એક ગાઉ ચાલ્યા ત્યાં તો દેવા ભક્ત વર્ણીને બૂમ પાડીને કહે છે. તમે ધીમા ચાલો મને ખૂબ થાક લાગ્યો છે. ત્યારે વર્ણી કહે દેવા ભગત મારે માથે અઢાર મણનો ગાંસડો છે અને તારે માથે તો બે મણનું પોટલું છે. ત્યારે દેવા ભગત વર્ણીને કહે છે કે તમારે માથે અઢાર મણનો ગાંસડો તો તમારાથી ઉપર ચાલે છે. તેમ મને લાગે છે. ત્યારે નીલકંઠે કહ્યું કે આગળ મોટો ટેકરો (પથ્થર) આવે તેના ઉપર તું ચડીને તારું પોટલું મારા ગાંસડા ઉપર મૂકી દે. દેવાભક્તે નીલકંઠની આજ્ઞાથી પથ્થર ઉપર ચડીને પોતાનું પોટલું વર્ણીના ગાંસડા ઉપર મૂકી દીધું. નીલકંઠને માથે અઢાર મણનો એક મોટો ગાંસડો અને ગાંસડા ઉપર બે મણનું પોટલું એમ વીસ મણનું વજન લઈને ચાલ્યા જાય છે.

લોજ ગામ આવ્યું નીલકંઠ લોજની શેરીઓ વચ્ચે થઈને ચટકતી ચાલે ચાલ્યા જાય છે. ભરબજારમાં લોકો વર્ણીના માથે ગાંસડાં ઉપર પોટલું વીસ મણનો ગાંસડો જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. નીલકંઠે આશ્રમની ખડકીમાં બેય ગાંસડા હેઠે ઉતાર્યા અને અંદર જઈને કહ્યું ‘ચીભડાં આવી ગયાં છે. મુક્તાનંદ સ્વામી તથા બીજા સંતો બહાર આવીને જોયું તો એક મોટો ગાંસડો અને તેના ઉપર બીજો ગાંસડો જોઈને નવાઈ પામ્યા અને મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે આટલો મોટો ગાંસડી શીમાં લાવ્યા ત્યારે સુખાનંદ સ્વામી અને દેવાભક્તે બધી વાત વિસ્તારથી મુક્તાનંદ સ્વામીને કહી ત્યારે મુક્તાનંદ સ્વામી તો નીલકંઠને સિદ્ધ યોગી જાણી પગે લાગ્યા. સૌ સંતોને આ ચમત્કાર જોઈને નવાઈ લાગી. પછી સંતો ટોપલે ટોપલે બધા ચીભડાંને કોઠારમાં ભરી દીધા. નીલકંઠે આશ્રમની બહાર જ્યાં ગાંસડો ઉતારો હતો ત્યાં હાલ ચરર્ણાવિંદ પધરાવેલ છે.

નીલકંઠે આશ્રમની ઓસરીની અંદર ચીભડાનો ઢગલો કર્યો ત્યારે મુક્તાનંદ સ્વામીએ ધર્મશાળામાંથી આવીને જોયું. પછી બોલ્યા જે, આટલાં બધા ચીભડાં

કેમ કરીને લાવ્યા ? ત્યારે સુખાનંદ સ્વામીએ કહ્યું આ બધાં ચીભડાંનો મોટો ગાંસડો કરીને આ નીલકંઠવર્ણીએ ઉપાડ્યો હતો. ત્યારે મુક્તાનંદ સ્વામી તે સાધુને વઢવા માંડ્યા કે આવડો મોટો ગાંસડો તેને માથે શીદ મુક્યો ? ત્યારે દેવાભક્તે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે તમો એ સાધુને વઢો માં (વઢશો નહિ) ને ઓરા આવો. હું તમને તેની વાત કરી દેખાડું. એમ કહી સ્વામી (મુક્તાનંદ)ને વાત કરી કે એ ચીભડાંનો ગાંસડો તો બ્રહ્મચારીના માથા ઉપર એક વેંત ઊંચો રહેતો હતો તે મેં નજરે જોયું છે. માટે તેમને કોઈ ભાર લાગ્યો નથી તે સાંભળી મુક્તાનંદ સ્વામી બહુ રાજી થયાં અને વર્ણીને મોટા સિદ્ધ જાણીને પગે લાગ્યા.

## નીલકંઠવર્ણીએ ગોવરધનભાઈને સમુદ્રમાં નાંખી દીધા (માંગરોળ)

હવે મુક્તાનંદ સ્વામી નીલકંઠવર્ણીને પોતાની પાસેથી જરા પણ દૂર કરતાં નહિ. સ્વામી જ્યાં જાય ત્યાં વર્ણીને પોતાની સાથે લેતા જતા. એક વખત મુક્તાનંદ સ્વામીને માંગરોળ કંઈ કામ જવાનું થયું તો નીલકંઠવર્ણીને સાથે લઈને માંગરોળ ગયા ને ત્યાં શેઠ ગોવરધનભાઈને ઘેર ઉતારો રાખ્યો હતો. ગોવરધનભાઈનાં બીજાં ફઈ જે હકુબા હતાં. પહેલાં ફઈ પૂતળીબાઈનો નીલકંઠવર્ણીએ ઉદ્ધાર કર્યો હતો. હકુબાઈએ તેમણે કહ્યું. તમે નાહીને આવ્યો ત્યાં સુધી હું રોટલા તૈયાર કરું છું. તે સાંભળી મુક્તાનંદ સ્વામી તથા નીલકંઠ બ્રહ્મચારી તથા ગોવરધનભાઈ એ ત્રણેય સમુદ્રે નાહવા ગયા.

ત્યારે સમુદ્રમાં તો મોટા મોટા લોઢ આવતા (લહેરો) આવતા હતા. તે જોવા સારું ગોવરધનભાઈ કાંઠે જઈને ઉભા હતા. તે સમયે શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ પાસે જઈને તે શેઠને સમુદ્રના તરંગોમાં નાખી દીધા તે તણાઈ ગયા ને બ્રહ્મચારી તો તુંબડી ભરીને બહિર્ભુમિયે ગયા. મુક્તાનંદ સ્વામી બહિર્ભુમિયે જઈને પાછા આવ્યા. ત્યારે ગોવરધનભાઈને ન દેખ્યા. આજુબાજુ તપાસ કરી પણ ક્યા ગોવરધનભાઈ ન મળ્યા તેથી મુક્તાનંદ સ્વામી ઉદાસ થયા. નીલકંઠવર્ણી અર્ધી કલાકે આવીને ધૂળથી હાથ ધોતા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામીના મુખ સામે જોઈને બોલ્યા છે કેમ સ્વામી ! કાંઈ ઉદાસ દેખાઓ છો ? ત્યારે સ્વામી કહે, પેલા ગોવરધનભઈ તમે સમુદ્રમાં ધક્કો મારીને અંદર નાખ્યા છે. તે અર્ધો કલાક થયો તોય બહાર આવ્યા નહિ ત્યારે સ્વામીના મનમાં ખૂબ ચિંતા થવા લાગી અને કહેવા લાગ્યા કે આપણે હકુબાઈને શું જવાબ દેશું. સ્વામી ખૂબ ઉદાસ

થઈ ગયા ત્યારે બ્રહ્મચારીએ જ્યાં ગોવરધનભાઈ ઉભા હતા તે ઠેકાણે જઈને સાદ પાડ્યો તો ગોવરધનભાઈ સમુદ્રમાંથી બહાર આવીને ઉભા રહ્યા ને તેમનાં વસ્ત્ર પણ કોરાં હતા. પછી મુક્તાનંદ સ્વામી વર્ણી ઉપર ખૂબ રાજી થયા. પછી વર્ણીએ સ્વામીને કહ્યું તેમને પૂછો કે ક્યાં ગયા હતા ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ તે પ્રમાણે પૂછ્યું ત્યારે ગોવરધનશેઠ કહે, હું તો સાત સમુદ્ર જોઈને આવ્યો. ત્યારે વળી બ્રહ્મચારીએ સ્વામીને કહ્યું તેને તે સમુદ્રોની રચના તો પૂછી જુઓ. પછી મુક્તાનંદસ્વામીએ તે પૂછી ત્યારે ગોવરધનભાઈએ તે બધી રચના જુદી જુદી કહી દેખાડી અને કહ્યું કે આ પૃથ્વી ઉપર જેટલું છે તેટલું આ સમુદ્રોમાં છે. તે સાંભળીને મુક્તાનંદ સ્વામી મનમાં બહુ આશ્ચર્ય પામ્યા. પછી સહુ ગામમાં આવ્યા ને ગોવરધનભાઈને ઘરે રોટલા જમ્યા ને પછી જે કામ માટે આવ્યા હતા. તે કરીને પાછા લોજ પધાર્યા.

## શ્રીહરિએ માંગરોળ નવું સદાવ્રત વાવ ઉપર ચાલું કર્યું.

આ રીતે લોજમાં શ્રીહરિ થોડા દિવસો રહ્યા. ત્યાર પછી તેમને ખૂબ સેવાભાવી તથા સરલ સ્વભાવવાળા તથા હોશિયાર માનીને મુક્તાનંદ સ્વામીએ માંગરોળમાં આપણું સદાવ્રત ખાખ ચોકમાં આત્માનંદ નામના એક વૈરાગી સાધુની જગ્યામાં ચાલતું હતું. દિવાળીના સમયે અન્નકોટની તૈયારી કરવા માટે ચાર સંતો તથા નીલકંઠવર્ણીને મોકલવામાં આવ્યા. ચાર સંતોમાં (૧) રામગલોલા (આનંદાનંદસ્વામી) (૨) રામસેવાદાસસ્વામી (૩) હરિદાસસ્વામી (૪) દેવાનંદસ્વામી ને સરજુદાસજી વગેરે હતા. સર્વે સાધુઓએ મળીને અન્નકૂટ માટે પકવાન વગેરે. સામગ્રી તૈયારી કરી. આશ્રમમાં રામચંદ્ર ભગવાનનું મંદિર હતું. તેથી ઠાકોરજીને અન્નકૂટ ધરાવ્યો. સમય થતાં અન્નકૂટ ઉપાડી લીધો. પછી ત્યાંના આત્માનંદ વૈરાગીએ સરજુદાસજીને રિવાજ મુજબ ભલામણ કરી [નોંધ : આ લીલા શ્રીવનવિચરણમાંથી લીધી છે. વાર્તા વિશ્રામ- બાવીસમો, લેખક : ઘનશ્યામસ્વરૂપદાસ સ્વામી, કાલુપુર મંદિર] કે આ પકવાનો તથા સુખડી વગેરે જે ટકી શકે તેવા કોરા પદાર્થો છે. તે રાખી મૂકવાં અને દાળ, ભાત, શાક વગેરે બગાડે તેવાં પદાર્થો છે. તે ભિક્ષુકોને જમાડી દેજો. હું ગામમાં પ્રસાદી આપીને હમણાં જ આવું છું. એમ કહી આત્માનંદ ગામમાં ગયા. તે વખતે આશ્રમમાં એક સ્ત્રી દેખાણી તેથી સરજુદાસે સંતોને પૂછ્યું કે આ સ્ત્રી કોણ છે. ત્યારે સંતોએ કહ્યું કે આ વૈરાગી

આત્માનંદના ઘરવાળી વૈરાગણી છે. ત્યારે વર્ણીના મનમાં થયું કે આ જગ્યામાં આપણા સંતો રહે તે યોગ્ય નથી. પછી ઉદાર, ભિક્ષુપ્રિય, પંક્તિભેદમાં દોષ માનનારા અપરિગ્રહી સરજુદાસે તો પરિગ્રહ દુઃખરૂપ છે. એમ માનીને પકવાન વગેરે તમામ ભિક્ષુકોને જમાડી દીધું અને પરવારીને બેસી ગયા.

આત્માનંદજી પ્રસાદી આપીને આવ્યા અને રસોડામાં જઈને જોયું તો બધું જ જમાડી દીધાનું તેમના જાણવામાં આવ્યું. તે જોઈને સંગ્રહેચ્છુ આત્માનંદે કોપાયમાન થઈને સરજુદાસને કહ્યું કે આવું અવળું કામ કેમ કર્યું ? માટે હવે તમો મારી જગ્યામાંથી હાલ જ નીકળી ને ફાવે ત્યાં ચાલ્યા જાવ. એમ ઠપકો આપીને જગ્યા બહાર કાઢી મૂક્યા. પછી મનુષ્ય ચરિત્ર કરવા માટે ઉપરથી નિરાધાર બનેલા શ્રીહરિ એકલા જ વાવ ઉપર આવીને બેઠા. પછી એકાંતિક ભક્ત ગોવર્ધનભાઈ તથા આણંદજીભાઈ તુરત બોલાવીને બધી હકીકત કહી. પછી વર્ણીએ તેમને આજ્ઞા કરી કે આપણે અહીં એક કામચલાઉ માંડવો બાંધીએ. કેમ કે સદાવ્રત શરૂ કરવું છે. ત્યારે વિશ્વાસુ હરિભક્તોએ હા કહી. એટલે વર્ણીએ તે દરવાજા પાસે જ સન્મુખ એક વાવ પુરાઈ ગયેલી હતી તે જોઈ મહારાજે આણંદજીભાઈને પૂછ્યું આ શું છે ? ત્યારે આણંદજીભાઈ કહે એ તો કાળાંતરની પુરાઈ ગયેલી એક વાવ છે. તે થોડી દેખાય છે. ત્યારે મહારાજ કહે આપણે આ વાવની બાજુમાં આજથી આ જગ્યાએ સદાવ્રત ચાલું કરવું છે. ત્યારે આણંદજી ભાઈ કહે આજને આજ કેમ થાય ? તડકો બહુ થશે. ક્યાંય છાંયો હોય તો ઠીક. ત્યારે મહારાજ કહે અમે કહીએ તેમ કરો. એટલે આણંદજીભાઈ બોલ્યા સારું મહારાજ ! જેમ તમે કહો તેમ કરીએ. પછી શ્રીહરિએ કહ્યું. સો પૂરા કડબના લાવો ને લાકડાંની થાંભલી તથા વળી વાંસ લઈ આવો એટલે સાધુઓ માંડવો કરી દે. ત્યારે આણંદજીભાઈ તરત ગયાને બાજરીના પૂળા અને વાંસનું ગાડું ભરીને લાવ્યા. આત્મારામની જગ્યામાંથી આપણા ચાર સાધુ હતા. તે રસોડાના વાસણો લઈને ત્યાં બોલાવી લીધા ને આજ્ઞા કરી કે ‘આ જગ્યાએ માંડવો બાંધીને છાયો કરો ને રસોઈ કરીને તીર્થવાસીઓને જમાડો. પછી સાધુઓએ તે પ્રમાણે કર્યું ને મહારાજ પોતે પણ સાધુઓ સાથે ત્યાં જ જમ્યા ને પોતે ત્યાં જ નિવાસ કર્યો ને તીર્થવાસીઓને પોતે જ પીરસીને જમાડતા. આવી રીતે સીધા સામગ્રી મંગાવીને સદાવ્રત આપવાનું શરૂ કર્યું. આ સામી પ્રવૃત્તિ (સદાવ્રત) જોઈને આત્માનંદને ઈર્ષ્યા થઈ તેથી પોતાની જગ્યામાં કોઈ સદાવ્રત લેવા આવે તેને મશ્કરીમાં કહે કે સરજુદાસજી સદાવ્રત બહુ જ સારું આપે છે. માટે ત્યાં જાઓ. એમ કહીને સર્વને

માંડવે મોકલે. ત્યારે શ્રીહરિ પણ જે કોઈ આવે તેને આદરથી ધમધોકાર સદાવ્રત આપવા માંડ્યું અને સરજુદાસની જય બોલવા માંડી.'

## બ્રાહ્મણોની ચોરાશી

એક વખતે માંગરોળ શહેરના બધા બ્રાહ્મણોએ આત્માનંદ વૈરાગી પાસે જઈને કહ્યું કે તમો શહેરની ચોરાશી કરો. ત્યારે આત્માનંદે ઈર્ષ્યાથી કહ્યું કે નવા આવેલા સરજુદાસ પાસે જાઓ. તે જમાડશે. એમ મશ્કરીમાં કહીને બ્રાહ્મણોને સરજુદાસ પાસે મોકલ્યા. સરજુદાસ પાસે જઈ ભોજનપ્રિય બ્રાહ્મણોએ શહેરની ચોરાશી કરવાનું કહ્યું ત્યારે બ્રાહ્મણ પ્રિય શ્રીહરિએ તુરત જ શેઠ ગોવર્ધનભાઈને બોલાવવા માણસ મોકલ્યો. ગોવર્ધનભાઈ આવ્યા તેમને શ્રીહરિએ કહ્યું કે આવતીકાલે જ આપણે માંગરોળ શહેરની ચોરાશી કરવી છે. તે માટે સીધું સામગ્રી તૈયાર કરાવો ત્યારે હિસાબી શેઠે જેવું હતું તેવું ચોખ્ખું કહ્યું કે હે મહારાજ! હજી આપણે ઊભા રહેવાની જગ્યા જ નથી. ઉઘાડા માંડવામાં પડ્યા રહો છો, તો ચોરાશી શાના ઉપર કરીએ ?

પૂર્વે પ્રત્યક્ષ જોયેલા, અનુભવેલા, શ્રીહરિ સાક્ષાત્ ભગવાન છે. તેને તથા તેમના અપાર સામર્થ્યને માયાના અજ્ઞાનથી ભૂલી જઈને વ્યવહારિક દૃષ્ટિથી ચોરાશી કરવાની અશક્તિ જણાવી. ત્યારે મહારાજે આગ્રહથી કહ્યું કે તમે ટીપે ટીપે સરોવર ભરાય એ કહેવતે થોડો થોડો સર્વે સામાન લાવીને માંડવામાં મૂકો. વિપ્રપ્રિય ભગવાન બધું જ સારું કરશે અને તમે બધા ભગવાનનું ભજન કરો એટલે ચોરાશી સુખેથી થઈ જશે. માટે તમે કાંઈ ચિંતા કરશો નહિ. ત્યારે વિશ્વાસુ આજ્ઞાપાલક શેઠે વગેરેએ હા કહી.

પછી શ્રીહરિના કહ્યા પ્રમાણે સીધું લાવીને માંડવામાં મૂક્યું. પછી બ્રાહ્મણોને કહ્યું કે તમો સર્વે આવતીકાલે જ રસોઈ કરવા વહેલા આવજો. જેથી સાંજે બ્રાહ્મણો સુખેથી જમી શકે. પછી બીજા દિવસે વાવથી આથમણી બાજુએ રસોઈ બનાવવા માટે ચૂલા ખોદાવ્યા. પછી બ્રાહ્મણોએ માંડવામાં મૂકેલ સીધામાંથી રસોઈ કરવા માંડી. જોતજોતામાં તો તૈયાર પણ થઈ ગઈ. ત્યારે મત્સરી, ઈર્ષ્યાળુ, વિઘ્નસંતોષી આત્માનંદે જાણ્યું કે આમાં કોઈ વિઘ્ન ન આવ્યું અને કોણ જાણે તત્કાળ સામગ્રી ક્યાંથી લાવ્યા ? એમ વિચારીને શ્રીહરિના પ્રભાવને નહિ જાણતાં મનમાં બળવા લાગ્યો અને જાહેરમાં બોલ્યો કે આમાં મારે કાંઈપણ વિઘ્ન તો કરવું જ, બીજું તો કાંઈ બને તેમ નહિ હોવાથી બ્રાહ્મણોના

મનમાં અવળું ભરાવ્યું કે તમે કોની ચોરાશી જમવા માટે તૈયાર થયા છો ? એનું દૂધ કોણ છે તે પૂછીને પછી જમજો. આ વાત સાંભળીને બધાને મનમાં થયું કે જમતા પહેલાં આ વર્ણીનું દૂધ કોણ છે તે જાણવું જરૂરી છે. તેથી બધા બ્રાહ્મણો સરજુદાસ પાસે ગયા ને બધી બાબત કહી સંભળાવી ત્યારે શ્રીહરિએ બીજી કાંઈ પણ વાત ન કરતાં. જ્ઞાતિ વિષેનો બ્રાહ્મણોનો સંશય ટાળવા માટે પ્રથમ પોતાનું દિવ્ય ઐશ્વર્ય જ બતાવ્યું. જેમાં હજારો હજારો સૂર્યના જેવું શીતળ તેજ બતાવ્યું. તેના મધ્યમાં દિવ્ય સિંહાસન ઉપર શ્રી નીલકંઠ બ્રહ્મચારી બેઠા છે. અને તેની ચારે બાજુ અનંત મુક્તો હાથ જોડીને સ્તુતિ કરે છે. આવાં પોતાના દિવ્ય દર્શન દીધાં તે પ્રત્યક્ષ જોઈને પ્રથમ તો તે બ્રાહ્મણો પારાવાર પશ્ચાતાપ કરવા લાગ્યા અને આ તો સાક્ષાત્ જગતના કર્તા પરબ્રહ્મ પરમાત્મા છે. એમ કહીને ત્યાંથી ઊઠીને આત્માનંદ પાસે જઈને, તેની સાથે લડવા લાગ્યા. હે બાવા ! તમે તો અમારું ભૂંડું કરવા ઈચ્છતા હતા પણ તે તો સાક્ષાત ભગવાન છે. તેથી અમને અમારી ભૂલની માફી આપીને ઉગારી લીધા. એમની આગળ કોઈનું કાંઈ પણ ચાલે તેમ નતી. એમ કહી બધા રસોડે જઈને જમવા બેઠા અને શ્રીહરિએ તેમને ખૂબ ભાવથી જમાડ્યા. પછી દક્ષિણા આપી એટલે બધા બ્રાહ્મણો સરજુદાસની જય જય બોલતા ઘરે ગયા.

ચોરાશી કરતાં પાછળ ઘણું જ સીધું વધ્યું તેને શેઠે વેચી દીધું. તેનાં જે નાણા આવ્યાં તેનાથી વાવની બાજુમાં બે ઓરડીઓ બંધાવી. આ રીતે માંગરોળમાં ભિક્ષુકોયોગી સદાવ્રત આપતા અને સાથે બીજા અનેક ધર્મકાર્યો કરતા. પોતાનું અદ્ભુત ઐશ્વર્ય પણ બતાવતા. શ્રીહરિ થોડા દિવસો ત્યાં રહ્યા. આ બધી તકરારી બાબતોની જાણ મુક્તાનંદ સ્વામીને થતાં તેમણે સરજુદાસને પાછા લોજ બોલાવી દીધા.

**નોંધ :**આ લીલા શ્રીહરિ વનવિચરણમાંથી લીધેલી છે. વાર્તા નંબર - વિશ્રામ બાવીસમો. લેખક : અ.નિ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ-૧

## લોજના આશ્રમમાં સંતોને યોગક્રિયા અને ધ્યાન શીખવતા

પછી મહારાજ અષ્ટાંગ યોગની ક્રિયા કરે તે જોઈને સાધુઓએ કહ્યું, મહારાજ ! અમને અષ્ટાંગ યોગની ક્રિયા શીખવો. ત્યારે તે ક્રિયા મહારાજ સાધુઓને શીખવતા ને હંમેશાં આથમણો સમુદ્ર છે. ત્યાં નાવ જાતા ને મીંઢી

આવળનો રેચ લેતા ત્યારે આથમણી કોર વાવને કાંઠે વડ હતો. ત્યાં બેસતાને કોઈક દિવસ મુક્તાનંદ સ્વામીને કહેતા જે, અમારે રામાનંદ સ્વામી પાસે જાવું છે. ત્યારે સ્વામી કહે કે ત્યાં હમણાં જાવાનું ઠીક નથી. ત્યારે મહારાજ કહે, તમે રામાનંદ સ્વામીનું ધ્યાન કરો ને હું તમારા મનની વૃત્તિ ભેળી મારા મનની વૃત્તિ જોડીશ. પછી મુક્તાનંદ સ્વામીએ ધ્યાન કર્યું તે એક કલાસ સુધી ધ્યાનમાં રહ્યા પછી જાગ્યા ત્યારે મહારાજ બોલ્યા કે, ધ્યાનની વાત તમે કરશો કે હું કરું ? ત્યારે મુક્તાનંદ સ્વામી મનમાં વિચાર કર્યો કે, ધ્યાન તો મેં કર્યું છે ને. આ નીલકંઠ કહે છે કે તેની વાત હું કરું કે તમે કરશો. તે શી રીતે બને ? પછી મહારાજ કહે તમે ધ્યાનની વાતો કરો ત્યારે મુક્તાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીનાં મોટાં મોટાં ચિહ્નોની વાત કરી મુક્તાનંદ સ્વામીએ જેવી રીતે ધ્યાન કર્યું હતું ને તેમાં જે જે સંકલ્પો કર્યા હતા તે સર્વે કહી દીધા. તે સાંભળીને સ્વામી બહુ રાજી થયા. ને મનમાં જાણ્યું કે, આ તો રામાનંદ સ્વામી જેવા અંતરજામી દેખાય છે.

વળી મહારાજે કોઈક દિવસ મુક્તાનંદ સ્વામીને ધ્યાન કરતાં દીઠ્યા. પછી ઉઠ્યા ત્યારે પૂછ્યું. હે સ્વામી ! ધ્યાન નિર્ગુણ કે સગુણ ? ત્યારે સ્વામી કહે ધ્યાન તો નિર્ગુણ ત્યારે મહારાજ કહે, સગુણ છે. પછી સ્વામીએ કહ્યું, "કંઈ રીતે સગુણ છે તે કહો." ત્યારે મહારાજ બોલ્યા કે તમે સ્વામીની ધારીને જે જે સેવા કરી તે નિર્ગુણ પણ આ તુંબડી સુકવી છે તેને રખે કાગડો અડી જાય નહીં. એવા જે સંકલ્પ કર્યાં તે સગુણ કહેવાય તે સાંભળીને મુક્તાનંદ સ્વામી બહુ આશ્ચર્ય પામ્યા.

**આશ્રમમાં ધ્યાન સમયે સંતોને ઉપદેશ :** એક વખત મુક્તાનંદ સ્વામી સહિત સહુ સંતો ધ્યાનમાં બેઠા ત્યારે એક શ્વાન (કૂતરું) આવ્યું ને કંઈક રડવા લાગ્યું ત્યારે ધ્યાનમાંથી ઉઠીને મુક્તાનંદ સ્વામીએ તેને હાંકી મૂક્યું. એટલે ફરીથી તે શ્વાન આવ્યું ને તે પદાર્થને કરડવા લાગ્યું ત્યારે સુખાનંદ સ્વામી ધ્યાનમાંથી ઉઠ્યા ને તેણે જરા રીસ કરી તે શ્વાનને સોટી મારીને કાઢી મૂક્યું. પછી ધ્યાનમાંથી સહુ ઉઠ્યા ત્યારે મહારાજે કહ્યું હે સ્વામી ! જે સંત હોય તે તો ગુણાતીત હોય. તેણે ધ્યાનમાંથી ઉઠી સોટી મારીને શ્વાનને કાઢી મેલ્યું તે પદાર્થમાં ઝાઝો માલ કે ભગવાનમાં ઝાઝો માલ ? તેનો ઉત્તર કરો ને તમોગુણ આવ્યા વિના ધ્યાનમાંથી ઉઠીને સોટી ન મરાય. તે સાંભળી મુક્તાનંદ સ્વામી બે હાથ જોડીને બોલ્યા કે હે વર્ણીરાજ ! એ તો મોટી ભૂલ પડી એમ મહારાજ કાંઈપણ ભૂલ પડે તે દેખીને બોલ્યા વિના રહે નહિ. ને કાંઈક ખોટા ઘાટ સંકલ્પ થાય તો તે તેને કહે જે,

ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં છે. તો પણ મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં કેમ રહેતી નથી ? ને અમે તો હજુ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં નથી તો પણ કાયમ ભગવાનનું સ્વરૂપ સાંભર્યા કરે છે ને સૂઈએ છીએ તો પણ કાળના ભયથી નિદ્રા પણ આવતી નથી. ને તમને તો ભજન કરતાં પણ નિદ્રા આવે છે. તે જોઈને અમને મોટું આશ્ચર્ય થાય છે. તે સાંભળી મુક્તાનંદ સ્વામી બોલ્યા કે હે સંતો ! આ નીલકંઠવર્ણી તો જગત માત્રના ગુરુ છે ને સાક્ષાત્ પરબ્રહ્મ છે તેને કાળનો શું ભય હોય ? પણ મુમુક્ષુ જીવના કલ્યાણને અર્થે વૈરાગ્ય વાનના જેવી દશાને ગ્રહણ કરી રહ્યા છે.

**નોંધ :** શ્રીહરિચરિત્ર ચિંતામણી

**મુક્તમુનિ સાથે વનમાં જવાનો ઠરાવ :** પછી મહારાજ વખતોવખત મુક્તાનંદ સ્વામીને કહે જે, ‘અમને રામાનંદ સ્વામીનાં દર્શન કરાવો તે પછી આપણે બેય જણા સ્વામીની આજ્ઞા લઈને વનમાં જઈને રહેશું ને જ્યારે તમે ધ્યાનમાં બેસશો ત્યારે તમારા દેહની અમે સંભાળ રાખશું. ને અમે ધ્યાનમાં બેસીએ ત્યારે તમે અમારા દેહની સંભાળ રાખજો ને અમારે તો વનમાં રહેવાનો બહુ અભ્યાસ છે. કેમ કે, અમે વનમાં અનેક ઠેકાણાં રહેતા ને હજારો હાથી, સિંહ, વાઘ, અરણાપાડા તથા ચમરી ગાયો આદિક અનેક જનાવરો હોય તેવા મહાઘોર વનને વિષે અમે ફરતા માટે વનમાં રહેવું તે અમને કાંઈ કઠણ જ નથી. અમને તો વસ્તીમાં રહેવું બધુ કઠણ પડે છે. એવી અનેક વાતો મુક્તાનંદ સ્વામીને કહેતા તે સાંભળી સ્વામીના મનમાં વૈરાગ્યની ઘણીક વૃદ્ધિ થાતી ને મનમાં એમ વિચાર થાતો જે, “આ નીલકંઠ બ્રહ્મચારી ભેગા વનમાં જઈને રહીએ તો ઘણું સારું”

**નોંધ :** આ લીલા શ્રીહરિચરિત્ર ચિંતામણિ લીધેલ છે.

## મુક્તાનંદ સ્વામી તથા વર્ણીરાજ રામાનંદ સ્વામીને ભૂજ પત્ર લખ્યો

આમ લોજમાં રહે નવ માસ વીતી ગયા. છતાં રામાનંદ સ્વામી ન આવ્યા ત્યારે ઉદાસ થઈને વર્ણી મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે તમે આજ્ઞા આપો તો હું ભૂજ દર્શન કરવા જાઉં. તે સાંભળીને સ્વામીને ચિંતા થવા લાગી કે આવા ત્યાગી, તપસ્વી, નિર્મોહી, વૈરાગ્યવાન નિઃસ્પૃહી વર્ણી જો ચાલ્યા જશે તો ? માટે કાંઈક ઉપાય કરું જેથી તેઓ વધુ રોકાય. એમ વિચારીને કહ્યું કે વૈશાખ સુદીનો

વાયદો સ્વામીએ કર્યો છે. માટે ત્યાં સુધી આપ અહીં રોકાવ. આપનું શરીર તપથી બહુ દુર્બળ છે. વાટ વિકટ છે. રસ્તામાં સમુદ્રની ખાડી આવે છે માટે આપ અહીં રહો. હું સ્વામીને કાગળ (પત્ર) લખું છું. તેમનો ઉત્તર આવે ને તેઓ જેમ કહે તેમ કરવું. તે આપણો ધર્મ છે. પછી મુક્તાનંદજીએ વર્ણીનું વૃત્તાંત જણાવતો પત્ર સ્વામીને લખ્યો. પત્ર એવા ચાતુર્યથી લખ્યો કે તે વાંચીને સ્વામી તુરંત આવે. (સં. ૧૮૫૬ના ફાગણ વદ પાંચમે રામાનંદ સ્વામીને પત્ર લખ્યો.) પહેલા વર્ણીના મહાન ગુણોને વર્ણવીને લખ્યા. એટલા અનંત ગુણોને લખ્યા કે જેમાં કોઈ ઉણપ ન હોય એટલા બધા ગુણો છે કે અનંત શારદા અને શેષ તેને લખવા લાગે છતાં તેના પારને પામતા નથી. એમણે એવું સ્વરૂપ ધારણ કર્યું છે કે મેં મારી આંખે આવા બીજા કોઈને દેખ્યા નથી. એમને સાધુઓની સેવા કરવામાં અપાર શ્રદ્ધા છે. જ્ઞાનવાર્તામાં અને ધ્યાન કરવામાં તો તેઓ મહાન બળવાન છે. યોગ કલાઓની તો માનો એ મૂર્તિ છે. આવા કોઈ બીજા યોગીને સાંભળ્યા કે જોયા નથી. એમની એક એવી મોટી કળા છે કે જે એમને જુએ છે તેના ચિત્તની વૃત્તિ તુરંત જ એમના સ્વરૂપમાં ચોંટી જાય છે. જે એમના વાણી સાંભળે છે તેઓ તુરંત એમને વશ થઈ બીજા કોઈ મનુષ્યની પણ એમને જોઈને તો પશુ પણ થંભી જાય છે. દત્તાત્રેય, કપિલ, શંકર, શુકદેવ, નારદ, શૌનક, લોમશ અને દધીચિ વગેરે ઘણા બ્રહ્મરસનું પાન કરનારા યોગીઓને અમે સાંભળ્યા છે. પણ આ વર્ણી તો તે સૌ કરતા પણ મોટા છે. અમે માનીએ છીએ. જેમ કોઈ આકાશનો પાર પામી શકતું નથી તેમ આ યોગીના ગુણ વગેરેનો પાર અમે પામી શકતા નથી. પોતાના મુખે તેઓ જે વચન બોલે છે. તે અમને પ્રેમમાં ડુબાડી દે છે. એમાં કોઈ એવો ચમત્કાર રહ્યો છે કે એમને દેખીને અમે બધા સ્તબ્ધ થઈ જઈએ છીએ. આખો દિવસ અમે એમને જ દેખતા રહીએ છીએ. એક પળવાર પણ દેખ્યા વિના ખાલી જતી નથી. જેમ બ્રહ્મપુર (અક્ષરધામ)માં અપાર અને અખંડ સુખ રહ્યું છે. તેમ અત્યારે આ વર્ણી આવવાથી અહીંયા અખંડ અને અપાર સુખ રહ્યું છે.

વર્ણી અત્યારે આપની પાસે આવવા માટે ઘણી જ ઉતાવળ કરે છે. તો આપની જે મરજી હોય તે હવે પત્રમાં લખી આપજો. ત્યાં ભુજનગરવાસી સુંદરજીભાઈ સુથાર આદિ બધા જ પ્રેમી હરિભક્તોને અમારા 'જય શ્રીકૃષ્ણ' કહે. જો આવો સ્વસ્તિવાચક પત્ર લખીને મહાન સંત શ્રી મુક્તાનંદ સ્વામીએ પછી વર્ણીને કહ્યું, આપ પણ પોતાના મનોભાવ પ્રમાણેનો પત્ર લખો. આ પત્ર સં. ૧૮૫૬ના ફાગણ વદ પાંચમે રામાનંદ સ્વામીને લખ્યો.

વર્ણીરાજે રામાનંદસ્વામીને પત્ર લખ્યો : તે પછી વર્ણીરાજ શ્રીહરિએ ખૂબ જ વિનયભાવ પૂર્ણ પત્ર લખ્યો. "આપના ભાવભરીને આંખોને સંતોષ થાય તેવા દર્શન કરવા માટે અહીંયા આવ્યો છું. આપ ગુરુરાજનાં દર્શન થયા નથી તેથી તેના વિના એક પલ જેટલો સમય પણ મારે માટે કોટિ યુગો વીતી ગયા હોય તેમ લાગે છે. આપના આવવાના અવધિની રાહ જોઈને હું રોકાયો છું. તો દર્શન કરવાની મારી ઈચ્છાને આપ પૂર્ણ કરો. હું આપને માટે દેહધારીને ઉતાવળે અહીંયા આવ્યો છું. મેં આપને માટે કેટલુંયે તપ કર્યું છે. અને વ્રત પણ કર્યાં છે તો હવે તેને આપ પર્યાપ્ત માનીને સ્વીકારી લો. આપ ચંદ્ર છો તો હું આપનો ચાહક ચકોર છું, આપ મેઘ છો તો હું આપનો સ્નેહી મોર છું. આપ સુવર્ણ છો તો હું આપને લીધે સુશોભિત સુહાગ (સૌભાગ્ય) છું, આપ મોતી છો તો હું આપમાં ઓતપ્રોત દોરો છું. આમ અનેક રીતે મારે આપની સાથે પ્રીતિ બંધાયેલી છે. કદાચ આપ તે પ્રીતિને તોડવા ચાહો તો પણ હું તેને તોડવાનો નથી. જહાજના મધ્ય સ્તંભ ઉપર બેઠેલા કાગડાના જેવી મારા મનની સ્થિતિ છે. મારા જેવા ચાહક આપને અનેક હશે પણ મારે માટે તો આપ એક જ છો. આવો સુદૃઢ નિશ્ચય કરીને એક ટેક કરી રાખી છે. અને ટેક પણ આપના જ હાથમાં છે તો હે ભક્તજનોના નાથ ! આપ અહીં આવીને તેને સફળ કરો. રુકમણી અને સતી પાર્વતીના જેવી જ મારી ટેક કરોડો જન્મ સુધીની છે. તેને આપ મનમાં ધારી લેજો. વર્ણીએ એવા તો ઘણા જ વચનો વિતરાગ સાથે લખ્યા કે જે સાંભળીને મુનિવર શ્રીરામાનંદ સ્વામીને પણ ધીરજ ન રહે."

લખેલા પત્રને કવરમાં બીડી દીધો. ઉપર સરનામું ભુજ નગરમાં બિરાજમાન ગુરુશ્રીને સ્થાને મળે એવું લખ્યું પછી વ્યવહારકુશળ મયારામ ભટ્ટના હાથમાં તે પત્ર આપ્યો અને કહ્યું કે તમે અત્યારે જ ઉમંગથી જાઓ અને પત્રને પહોંચાડી દેજો. સ્વામીને લઈને વેગથી ઉતાવળા પાછા આવો. તમે પાછા આવો ત્યાં સુધી હું સ્વામીનું ધ્યાન કરું છું. જો સ્વામી નહિ આવે તો હું મારા પ્રાણોને તજી દઈશ આવી રીતે પત્ર ભટ્ટજીના હાથમાં આપીને જવાની આજ્ઞા કરી અને ભટ્ટજી સાત દિવસે ભૂજનગર પહોંચી ગયા.

## મયારામ ભટ્ટ બેય પત્રો લઈને ભૂજનગર પધાર્યા

બંને પત્રો લઈ માણાવદરના મયારામ ભટ્ટ સાત દિવસે ભૂજમાં ગંગારામભાઈને ત્યાં રામાનંદસ્વામી બિરાજમાન હતા. ત્યાં જઈને સૌ પ્રથમ

સ્વામીને દંડવત્ પ્રણામ કરીને ભટ્ટજીએ બેય પત્રો સ્વામીના હાથમાં આપ્યાં. સ્વામીએ તેને હાથમાં લઈ શિર પર (મસ્તક) અડાડ્યાં. સ્વામીએ નીલકંઠના પત્રને વારંવાર કંઠે લગાવ્યો અને છાતીએ ચાંપ્યો. કારણ કે મહાન તપસ્વીએ આ પત્ર મોકલ્યો છે. એમ અનેક રીતે મહિમા સમજીને સ્વામીએ પત્રને વારંવાર કંઠે લગાવ્યો અને છાતીએ ચાંપ્યો. તે દેખીને હરિભક્તોએ સ્વામીને પૂછ્યું કે આ પત્રમાં શું છે ? આપ કૃપા કરીને કહો.

સૌ પ્રથમ રામાનંદસ્વામીએ મુક્તાનંદ સ્વામીનો પત્ર ઉઘાડ્યો. તે વાંચતાં મુખારર્વિંદ ઉપર આનંદ ઉભરાવા લાગ્યો કારણ કે પત્રમાં નીલકંઠવર્ણીના અનંત ગુણોનું વર્ણન સ્વામીએ કર્યું હતું. પછી મહાન તપસ્વી સરજુદાસનો પત્ર ખોલ્યો. તે પત્રમાંથી તેજના કિરણો નીકળ્યા અને તે તેજના કિરણોમાં વર્ણીની નખશિખા સુધીની મૂર્તિનાં દર્શન થયા. પત્રના શબ્દોમાં નીલકંઠનો દિવ્ય પ્રભાવ અને તેમના જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ભાવ હતો. આ અક્ષરો અનિર્દેશના (અક્ષરધામ) હતા. રામાનંદ સ્વામી આનંદ વિભોર બની બોલી ઉઠ્યા, "જેમની હું રાહ જોતો હતો તે આવી ગયા." સાક્ષાત્ પરબ્રહ્મ સૌને મોક્ષનું દાન દેવા આવી પહોંચ્યા. રામાનંદ સ્વામીની આંખોમાં આનંદના હર્ષાશ્રુ આવી ગયાં. સ્વામી બોલી ઉઠ્યા : ધન્ય ધન્ય તમે વર્ણીરાજ ! અમારા ટાળવા સર્વ ઉચાટ, પછી તેમણે સભાજનોને કહ્યું, હે ભક્તો ! આજે આપણા સર્વના જીવની ધન્ય પળ છે. આજનો દિવસ મંગલકારી છે. જેની હું રાહ જોતો હતો. જેમના દ્વારા ભાગવત ધર્મનું સ્થાપન થવાનું છે. લાખો મુમુક્ષુ બ્રહ્મરૂપ થઈને બ્રહ્મપુર ધામના અધિકારી બનવાના છે. તે વર્ણી ભગવાન લોજમાં પધાર્યાં છે હું તમને સભામાં ઘણીવાર કહેતો હતો કે "હું તો ડુગ ડુગી વગાડનારો છું પણ અસલ નટવર તો પાછળ આવે છે." તે નટવર આ વર્ણી છે. આ વર્ણી અનંત બ્રહ્માંડોના જે કર્તા છે તે હવે સત્સંગમાં આવ્યા છે. સ્વામીએ તેના ઉમંગમાં સાકર મંગાવીને વહેંચી. વધામણી સાંભળીને હરિભક્તોમાં ઘણો જ આનંદ વધ્યો. રામાનંદ સ્વામીએ પોશ (ખોબો) ભરીને સાકર પ્રથમ મયારામ ભટ્ટને આપી અને કહ્યું ભટ્ટજી આજે તમે આનંદના સમાચાર લાવ્યા. તેથી હું તો તમને પોશ ભરીને સાકર આપું છું. પણ વર્ણી તેમને ઘણું આપશે અને ન્યાલ કરી દેશે પછી તેમણે પોતાને હાથે જ સૌને સાકર વહેંચી.

બીજે દિવસે તેમણે વર્ણીરાજ અને મુક્તાનંદ સ્વામી ઉપર પત્રો લખ્યાં બંને પત્રો બીડીને તેમણે ભટ્ટજીને આપ્યાં. તેમણે કહ્યું કે રસ્તામાં જે જે

ગામ આવે ત્યાં સૌને વર્ણીરાજ લોજ પધાર્યા છે. તે સમાચાર આપજો અને સૌ તેમનાં દર્શન કરવા લોજ જાય તેવી અમારી આજ્ઞા છે. તે સૌને કહેજો. રામાનંદસ્વામીએ પત્રમાં વર્ણીને કહ્યું કે હવે તમે ધીરજ રાખીને રહેજો. જે કાંઈ સુખદુઃખ થાય તેને સહન કરજો. મુનિરાજ ! હવે તમારે આ સત્સંગ રૂપી થાંભલાને બે હાથે ભરીને રહેવાનું છે. તમને મારા ઉપર ઘણું હેત છે. એમ તમને કહ્યું છે. તો હવે હું જે આજ્ઞા કરુ તેને તમે દૃઢતાથી ગ્રહણ કરી લો. તમે ભક્તવત્સલ છો. તેથી ભક્તોની સાથે ભાવથી બંધાઈ જાઓ છો. અમને બીજો કોઈ ઉપાય સૂઝતો નથી, તમે ભક્તવત્સલ છો તમારું જે બિરુદ છે તેને વિચારો અને હવે તેને પૂર્ણ કરો. હે બ્રહ્મચારી ! વારંવાર ભારે વિનંતી કરીને તમારા ઉપર આ પત્ર લખ્યો છે.

બીજું મુક્તાનંદ સ્વામી આદિ જે તમે બધા સંતો છો. તે બધા ઘણા બુદ્ધિશાળી છો. તમારી પાસે જે બ્રહ્મચારી આવ્યા છે. તે સાધારણ પુરુષ નથી. તેમની સેવા મહિમાથી કરજો. અને મારા કરતાં પણ વર્ણી ઉપર વધારે હેત રાખજો. પ્રેમથી તેમની અનુવૃત્તિમાં રહેજો. વર્ણીની પાસે સહુએ અષ્ટાંગ યોગ શીખી લેજો. તેમની સેવા કરી રાજી કરજો. સ્નેહથી આગ્રહ કરીને રાખજો. જવા દેશો નહિ. હું વૈશાખ માસ ઉતરેથી પીપલાણા આવીશ ભટ્ટજી બેય પત્રો લઈને લોજ આવ્યા.

## નીલકંઠનો મહિમા

મયારામ ભટ્ટે ગામોગામ રામાનંદ સ્વામીનો સંદેશો પહોંચાડ્યો. ભટ્ટજીએ શેખપાટમાં રાત રોકાઈને લાલજી સુથારને કહ્યું કે સ્વામીની આજ્ઞા છે કે વર્ણીના દર્શન કરવા લોજ ગામમાં જજો. અમારા દર્શન કરવા ભૂજ ન આવે છતાં લલાજી સુથાર તો ગુરુના દર્શન કરવા રામાનંદ સ્વામી પાસે ભૂજમાં ગયા. ગુરુને પ્રણામ કર્યા. સ્વામીએ પૂછ્યું. કેમ અહીં અચાનક આવ્યા ? ત્યારે લાલજી સુથાર કહે થોડા દિવસ પહેલાં મયારામ ભટ્ટ આપનો પત્ર લઈને લોજ જતા હતા. ત્યારે ગામ શેખપાટમાં રાત રોકાયા. મયારામ ભટ્ટે મને કહ્યું કે લોજમાં વર્ણી આવ્યા છે. તે આપના કરતાંય મહાસમર્થ છે. મને થયું કે આપને આવીને વાત કરું કે મયારામ ભટ્ટ આપને નામે વર્ણીનો મહિમા ચલાવે છે. આ સાંભળી રામાનંદ સ્વામીએ કહ્યું તમે અહીં આવ્યા જ શા માટે ? એ મયારામ ભટ્ટજી સાથે કહેવરાવ્યું હતું કે લોજમાં વર્ણીના દર્શને જજો તો તમે લોજ ગામ કેમ ના ગયા ?

લાલજી સુથાર કહે, હે ગુરુજી ! તે નીલકંઠવર્ણી એવા કેવા મોટા છે ? શું દત્તાત્રેય, ઋષભદેવ, રામચંદ્ર કોના જેવા મોટા છે. રામાનંદ સ્વામી કહે એમ સર્વ અવતારોમાં શ્રીકૃષ્ણ મોટા છે. એમ સર્વેથી મોટા નીલકંઠ છે. નીલકંઠવર્ણી તો અવતારના અવતારી છે. એનો મહિમા તો કહીએ તેટલો ઓછો છે. અક્ષરધામના અધિપતિ આ નીલકંઠ વર્ણી છે. એનું ધ્યાન તો મોટા મોટા દેવતાઓ અને મોટા મોટા યોગીઓ અને મુનિઓ ધરે છે. એવા મોટા વર્ણીરાજના દર્શન મૂકીને તમે ભૂજમાં શા માટે આવ્યા ? 'જાઓ લોજપુર અને નીલકંઠવર્ણીના દર્શન કરી પ્રણામ કરજો.'

લાલજી સુથાર આ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા. આનંદિત થઈ ગુરુને પ્રણામ કર્યાં. લાલજી હોંશે હોંશે નીલકંઠના દર્શન કરવા લોજપુરની વાટે ચાલ્યા. લાલજી સુથાર નીલકંઠ વર્ણીના દર્શન કરીને ધન્ય થયા. તેમણે રામાનંદ સ્વામીના અંતર્ધાન થયા બાદ દીક્ષા લીધી અને નિષ્કુળાનંદ સ્વામી નામ ધારણ કર્યું.

## રામાનંદ સ્વામી સાથે નીલકંઠનું મધુર મિલન પીપલાણામાં

શ્રીહરિ લોજમાં સંતોના સમાગમમાં રહેતા. વૈશાખ માસ વીતી ગયો. શ્રી રામાનંદ સ્વામીનો કહેલો વાયદો પૂરો થયો. ત્યારે ભક્તોમાં વસીને રહેલા વર્ણી બોલ્યા. શ્રી મુક્તાનંદ સ્વામી વગેરે સહુ સંતોમાં વાત સાંભળો. વૈશાખ માસ પૂરો ગયો અને અર્ધો જેઠ માસ પણ વીતી ગયો છે. મારા મનમાં હું વિચારું છું કે જન્માષ્ટમી, જલઝીલણી અગિયારશ, દશેરા, શરદપૂનમ, દિવાળી, અન્નકોટ, પ્રબોધિની એકાદશી, વસંતપંચમી, હુતાશની, ફુલડોળ, રામનવમી, નૃસિંહ જયંતી અને ભીમ એકાદશીના દિવસો પણ વીતી ગયા છતાં સ્વામી કેમ ન આવ્યા.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ ઘણા હેતથી કહ્યું. શ્રી રામાનંદ સ્વામી આપને માટે જ આજકાલમાં ચોક્કસ આવશે. સ્વામી આવ્યાના સમાચાર લઈને અવશ્ય કોઈ આવશે જ. મનમાં ધીરજ રાખો. આપ મનમાં અકળાશો નહિ, મનુષ્ય, પશુ અને દેવ પર્યન્ત બધા જ પ્રાણીઓ મનનું કહ્યું કરે છે. અરે ! પ્રકૃતિ પુરુષ સુધી બધે મનનું જ રાજ્ય છે. અને તેને લીધે જ જીવ નહિ કરવાનું કાર્ય કરી બેસે છે. આપની વાત એવી નથી. આપ તો સાક્ષાત ઈશ્વર છો. સ્વયં ઈશ્વર હોવા છતાં બાળકના જેવી લીલા કરો છો. અમે તેને ઓળખી શકતા નથી. આપની

લીલાનો વિચાર અમારી બુદ્ધિને ઢાંકવા અજ્ઞાનનું પડ વારંવાર જામી જાય છે. હે નાથ ! તે અમારી બુદ્ધિને ઢાંકતા માયાના આવરણ પડને આપ ટાળી દો.

ત્યારે વર્ણીએ હૃદયનું હેત દેખાડીને કહ્યું, ''શ્રી રામાનંદ સ્વામીના દર્શનની તીવ્ર ઇચ્છાથી હું લોકલાજ છોડીને રડું છું. સ્વામીની રાહ જોતા જોતા તો દસ માસ અને સાત દિવસ વીતી ગયા. છતાં સ્વામીએ મને દર્શન દીધા નહિ. આ રીતનો વર્ણીનો અપાર પ્રેમ-ભાવ જોઈને તે સમયમં શ્રી રામાનંદ સ્વામી ભૂજથી સોરઠમાં (સૌરાષ્ટ્ર) પધાર્યા.'' રામાનંદ સ્વામી પીપલાણામાં નરસિંહ મહેતાના ઘરે પધાર્યા. અષાઢી વિક્રમ સંવત્ ૧૮૫૬ના જેઠ વદિ ૧૦ના રોજ સૂર્યોદય વેળાએ પધાર્યા. તેથી ગામાંબધે આનંદનું વાતાવરણ છવાઈ ગયું. સ્વામીએ કુંવરજી નામના બ્રાહ્મણને બોલાવ્યા અને બધા સંતો તથા વર્ણીરાજને બોલાવવા માટે સંદેશ લઈને તેમને લોજ ગામ મોકલ્યા. કુંવરજી રામાનંદસ્વામીને પગે લાગીને લોજ આવ્યા. સહું સંતોને તથા વર્ણીને વધામણી શુભ-સંદેશો કહ્યો. તેમને દેખીને બધા જ સંતો આનંદિત થઈ ગયા. આ શુભ સમાચર લાવ્યા તેથી મુક્તાનંદ સ્વામીએ રાજી થઈને તેમને પોતાને માથે બાંધવાનો રૂમાલ ભેટ આપ્યો. અને બીજા સાધુઓએ પણ પોતાની પાસે જે જે હતું તે તેમને ભેટ આપ્યું. નીલકંઠના મુખ ઉપર અપાર આનંદ હતો. પરંતુ આ બધાય આપે છે. તેવું કુંવરજી દવેને આપવા જેવું પોતાની પાસે કાંઈ જ નહોતું. તેમણે કહ્યું, દવે! હું તો તમને અક્ષરધામ બક્ષિશ આપીશ. આ વાણીમાં કુંવરજી દવેને કાંઈ સમજાણું નહિ. નીલકંઠે ફરી કહ્યું, 'દવે ! જે કોઈ ન આપી શકે તેવું પરાત્પર અક્ષરધામ હું તમને આપીશ.'

વિપ્ર કુંવરજીની વાત સાંભળી સંતો અને વર્ણી ખૂબ ખુશી થયા. ત્યારે વિપ્ર કુંવરજીએ કહ્યું કે ''સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી સ્વયં પીપલાણા ગામ પધાર્યા છે. તમને સહુને બોલાવવા માટે મને અહીં મોકલ્યો છે.'' વિપ્રના મુખની અમૃતના જેવી વાણી સાંભળી સહુ સંતો ખુશી થયા. નીલકંઠવર્ણી તો તુરંત જ જવા તૈયાર થયા. તેમની અધીરાઈ તો ન કહી શકાય તેવી હતી. જેમ ચકોર પક્ષી ચંદ્રને મેળવવા તત્પર થાય એવી રીતે નીલકંઠવર્ણી શ્રી રામાનંદ સ્વામી મળવા અધીરા બન્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ વર્ણીને કહ્યું કે તમે થોડી ધીરજ રાખો અતયારે અંધારી રાત છે. માટે હમણાં ચંદ્રોદય (ચંદ્ર ઊગે ત્યારે) થાય ત્યારે તમે અને સહુ સંતો સાથે ચાલીશું. જ્યારે ચંદ્રોદય થયો ત્યારે સહુ સંતો તથા વર્ણી ચાલવા લાગ્યા. તે વખતે ધીમે ધીમે વરસાદ પડતો હતો. ચાલતાં

ચાલતાં વર્ણી થાકીને બેસી ગયા અને મનમાં એકદમ વિહવળ થઈ ગયા. અને પૂછવા લાગ્યા કે પીપલાણા અહીંથી કેટલા કોશ (ગાઉ) દૂર છે ? આમ સુખધામ શ્રીહરિ ત્યાં બાળકના જેવું ચરિત્ર કરવા લાગ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું. વર્ણી, ગામ તો હજી દૂર છે. હે બ્રહ્મચારી, આમ ચાલશો તો ક્યારે પીપલાણા પહોંચાશે. એમ કહી સ્વામીએ સહિત સર્વ સંત હરિજન ચાલ્યા તે માર્ગમાં ગામ કાલવાણીએ આવ્યા ત્યાં ભોજન કરીને મુક્તાનંદ સ્વામી રાત્રી રહેવાનો વિચાર કરવા લાગ્યા. ત્યારે દિલગીર થઈને શ્રીનીલકંઠવર્ણી બોલ્યા કે સ્વામી ! અત્યારે ને અત્યારે જ સ્વામીને દર્શને ચાલો.

ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, આજ કૃષ્ણ પક્ષની દસમી છે. તે ચંદ્રમાં ઉગે તો ચાલીએ. ત્યરે મહારાજ કહે, ચંદ્રમાં ઉગ્યાનું શું પ્રયોજન છે ? સ્વામીને દર્શને જાવું તેમાં વિલંબ શીદ કરો છો ? ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, પર્વતભાઈ આદિક ગામડાના હરિભક્તે વાયદો કર્યો છે. તે માટે સર્વે આવે એટલે ભેગા મળીને જઈએ. તમે વાયદો કર્યો છે. તે માટે સર્વે આવે એટલે ભેગા મળીને જઈએ. તમે દયા કરીને એક પહોરવાર ધીરજ રાખો. ત્યારે મહારાજ કહે સ્વામીનં દર્શન કર્યાં વિના એક પળ જાય છે. તે કોટી કલ્પ જેવી જાય છે ને તમો તો ધીરજ રખાવતા જાઓ છે. ત્યારે સ્વામી બોલ્યા જે ઝાઝા ઉતાવળા થાઓ છો પણ ઈશ્વરનું દર્શન તો ઈશ્વરના હાથમાં છે. તે આપણી ઉતાવળે કરીને કામ સરતું નથી ત્યારે મહારાજ કહે, કેમ સ્વામી ! આપણી ઉતાવળે કામ ન સરે ? આપણે જો દર્શનની અતિ આતુરતા છે. તો જરૂર દર્શન કરશું. ત્યારે સ્વામી બોલ્યા, "કદાપિ રાત્રિમાં કાંઈક વિઘ્ન થયું ને દેહ પડી ગયો તો કેમ દર્શન થાય ?" ત્યારે મહારાજ કહે, 'એક વિઘ્નને કોણ ગણે છે. કદાપિ કરોડ વિઘ્ન થાય તો પણ સ્વામીનું દર્શન જરૂર કરવું છે. આ રીતનો સંવાદ કરતાં ચંદ્રમાનો ઉદય થયો એટલે પર્વતભાઈ, અંબારામ વ્યાસ, જીવરામ સોની તથા ખીમજી શેઠ આદિક કેટલાક હરિજન તૈયાર થઈને આવ્યા પછી ચંદ્રમાને અજવાળે ભગવત વાર્તા કરતાં થકા ચાવ્યા તે સમયે રસ્તામાં વર્ણી બેસી ગયા. ને કહ્યું કે અમે થાકી ગયા છીએ માટે 'પગચંપી કરો'. ત્યારે સહુ વર્ણીની 'પગચંપી' કરવા લાગ્યા. તેવા સમે હિંદુસ્તાની એક અયોધ્યાદાસ નામે સાધુ બોલ્યા જે, 'क्या दुबली बढ जाता हो बेटा मेरी कांध पर बेस जाव' ત્યારે મહારાજ કહે, તમારાથી હમારા ભાર તો વધારે છે. તે તમે નહીં ઉપાડી શકો. ત્યારે તે સાધુ બોલ્યા જે, અમારામાં બહુ બળ છે. અમ ઘેર હતા ત્યારે બાર મણની મેથીની કોઠી હતી તે એક ઘરમાંથી

બીજા ઘરમાં બાથમાં ઘાલીને મૂકી આવ્યો હતો. માટે મારે ખંભે બેસી જાઓ. ત્યારે મહારાજ તેના ખંભા ઉપર બેઠા ને બ્રહ્માંડનો ભાર મેલ્યો ત્યારે તે સાધુ બૂમો પાડવા લાગ્યો એ કહ્યું કે હે વર્ણી તમે નીચે ઊતરી જાએ. અમારી કાંધ તૂટી જાય છે. કારણ કે તમારા શરીરમાં વજન વધારે છે. ત્યારે મહારાજ તુરત તેના ખંભા ઉપરથી ઊતરી પડ્યા ને થોડું ચાલીને વળી બેસી ગયા ને પર્વતભાઈ આદિકને કહે, અમારી કળતર ભાંગો. ત્યારે તે હરિભક્તો મહારાજના પગ દાબવા મંડ્યા.

## યોગશક્તિ ધારણ કરીને વર્ણી પીપલાણામાં સ્વામી પાસે પહોંચ્યા

ત્યારે મુક્તાનંદ સ્વામી વર્ણીની પાસે આવીને કહ્યું જે, હે યોગીરાજ ! કેમ વારે વારે બેસી જાઓ છો ને કોઈકના કાંધ પર બેસો ને પગ દબાવો છો ? આમ કરશો તો સ્વામીના દર્શન ક્યારે થશે. માટે યોગ ધારણ કરો ને પીપલાણા હજુ છેટે છે. ત્યારે શ્રી નીલકંઠ બ્રહ્મચારી યોગશક્તિ ધારણ કરીને ચાલ્યા તે જેમ ધનુષ્યમાંથી બાણ નીકળે તેમ એકદમ ચાલવા માંડ્યા ને બીજા સાધુ તો પાછળ રહી ગયા.

ને શ્રી નીલકંઠ બ્રહ્મચારી તો ઉતાવળા ચાલ્યા તે ઓજત ગંગા પાસે આવ્યા. ત્યાં તો તેમાં પાણીનું પુર આવેલું તે નદી બે કાંઠે ચાલી જાય પણ શ્રી નીલકંઠ વર્ણી તો તે પાણી ઉપર જેમ સડક ઉપર ચાલે તેમ ચાલ્યા તે નદીને સામે કાંઠે જઈને ઉભા રહ્યા ત્યાં નદીમાં સ્નાન કરી પોતાનો નિત્યક્રમ પતાવીને સંતો રાહ જોતા ઉભા રહ્યા. તે ચરિત્ર જોઈને મુક્તાનંદ સ્વામી આદિક સર્વે સંત-હરિજનો આશ્ચર્ય પામ્યા ને તેઓ વહાણમાં બેસીને સામે કાંઠે ઉતર્યા. સહુ ભેગા થઈને ગામમાં ગયા.

ત્યારે નરસિંહ મહેતાના ઘરમાં રામાનંદ સ્વામીના દર્શન સંવત ૧૮૫૬ના જેઠ વદી બારસને દિવસે કર્યા. ને છેટેથી દંડવત્ કરીને પગે લાગ્યા તે સમે રામાનંદ સ્વામી તત્કાળ પોતાના આસન ઉપરથી ઉતરીને ઉતાવળા થકા સામા જઈને શ્રી નીલકંઠ વર્ણીને ઉપાડી લઈને અતિ સ્નેહ સહિત ગદ્ગદ્ કંઠ થઈને બાથમાં લઈને ભેટ્યા. પછી મુક્તાનંદ સ્વામી આદિક સહ સંતો તથા હરિભક્તોને અતિ સ્નેહ સહિત મળ્યા. પછી શ્રી નીલકંઠ બ્રહ્મચારીને જોઈને બહુ આનંદ પામતા થકા રામાનંદસ્વામી બોલ્યા જે, આજ તમે ચાલીને આવ્યા માટે ભૂખ્ય હશો એમ કહીને સ્વાદુ ફળ મંગાવીને ફળાહાર કરાવ્યાં. પછી સહુ સભામાં બેઠા. તે સમયે

આકાશમાં જેમ તારાઓમાં ચંદ્રમા શોભે તેમ મહારાજ આવ્યા તેથી સભા શોભતી હતી. તે વખતે આકાશમાંથી તેત્રીસ કરોડ દેવતાઓ મહારાજ તથા રામાનંદ સ્વામીના મિલનના દર્શન કરવા આવ્યા અને તેમણે મહારાજ ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

રામાનંદ સ્વામી કહે મુક્તાનંદ સ્વામીને તથા સર્વે સભાને કહે છે. તમને ખબર છે ? જેને માટે થઈને આપણે ગામેગામ સદાવ્રતો ચાલુ કર્યાં હતાં. તે જ આ વર્ણીરાજ છે. હું કેટલા સમયથી તેમની રાહ જોતો હતો. હું ઘણી વખત સભામાં કહેતો હતો કે હું તો ડુગડુગી વગાડનારો છું પણ ખેલના ભજવનારા હજુ પાછળ આવશે તે જ આ વર્ણી. તમારાં સદ્‌ભાગ્ય છે કે તમોને આજે મળ્યા. જ્યારે યથાર્થ મહિમા ઓળખાશે ત્યારે આનંદનો પાર નહિ રહે. પછી સાયંકાળ થયો ત્યારે રામાનંદ સ્વામીએ મહારાજની પૂજા કરીને આરતી ઉતારી તે વખતે રાત્રીમાં મહારાજે પોતાની મૂર્તિમાંથી કોટી સૂર્યના સરખું તેજ દેખાડ્યું. ને તે તેજમાં બે કલાક સુધી પોતાનું દર્શન આપીને પાછું તે તેજ પોતાની મૂર્તિમાં સમાવી દીધું. પછી કથા કીર્તન કરતા હતા તેવે સમે સહુએ રામાનંદ સ્વામીને પૂછ્યું જે, તમે વાત કરતા હતા. જે રમનારા તો વનમાંથી આવશે. તો તે જ આ બ્રહ્મચારી છે, કે કેમ ? ત્યારે રામાનંદ સ્વામી બોલ્યા જે, ‘હા, એ જ પોતે છે ને અમો તો પડ છાંટ્યું છે ને રમનારા તો એ જ છે. જુઓને તેની મૂર્તિમાંથી તેજ નિસર્યું; તેવું ઐશ્વર્ય બીજામાં હોય નહીં. માટે આ તો અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. ને સર્વ અવતારના અવતારી છે. આવી રીતે નીલકંઠનો મહિમા કહ્યો.’

## વર્ણીએ રામાનંદ સ્વામીને પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું

રામાનંદ સ્વામી મહારાજને પૂછવા લાગ્યા. જે, તમારું વૃત્તાંત જે હોય તે કહો ? તમારાં માતા-પિતાનું નામ શું તે કહો ? ત્યારે શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ પોતાનું જન્મસ્થાન, કુળ, માતા-પિતા, ગોત્ર, વેદ, પ્રવર, ગુરુ અને ઈષ્ટદેવ વગેરે જેમ છે. તેમ કહ્યું. તથા જેમ પોતે વનમાં નિવાસ કરીને રહ્યા તથા પોતે જેમ નાના પ્રકારે તપશ્ચર્યા કરી તથા પોતે જેમ અષ્ટાંગ યોગ સાધ્યો તથા પોતે જેમ તીર્થયાત્રા કરી, તે તીર્થમાં રહેનારા જે પાખંડીગુરુ; તેનો પોતે પરાભવ કર્યો; એ આદિક સર્વે પોતાનું વૃત્તાંત, તેને વિસ્તારે સહિત અનુક્રમે કરીને કહ્યું. તે સાંભળીને રામાનંદ સ્વામી અતિશે પ્રસન્ન થયા ને શ્રી નીલકંઠ બ્રહ્મચારી પ્રત્યે બોલ્યા જે, હે બ્રહ્મચારી ! તમે તો અમારા છો. કેમ જે, તમારા માતા-પિતા જે ભક્તિ અને ધર્મ; તે પ્રથમ પ્રયાગક્ષેત્રને વિષે અમ થકી જ ભાગવતી દીક્ષાને પામ્યા

હતા. ને અમારી આજ્ઞાયે કરીને મુમુક્ષુ જનને ધર્મે સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનો ઉપદેશ કરતાં થકાં કૌશલદેશમાં રહ્યાં હતાં. તે ધર્મભક્તિના તમે પુત્ર છો ને ગુણે કરીને તમારા પિતા થકી પણ અધિક છો. એવાં સ્વામીનાં વચન સાંભળીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું કે તમને વૈરાગ્ય થાય તો અમારા ગુરુ રામાનંદ સ્વામી પાસે જજો અને તેમને પોતાના ગુરુ બનાવજો એમ કહ્યું હતું એવું વર્ણીનું વચન સાંભળીને રામાનંદગુરુ અતિશે પ્રસન્ન થયા અને નીલકંઠ બ્રહ્મચારીને પોતાની સેવામાં રાખ્યા.

## ભક્તોની રક્ષા માટે ભગવાને જ્ઞાનચક્ર મૂક્યું છે.

પછી રામાનંદ સ્વામી અને નીલકંઠવર્ણી બેઉને પરસ્પર અસાધારણ હેત થઈ ગયું તેવા સમયમાં એકવાર રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને પૂછ્યું જે, બીજા યુગમાં ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવા માટે પૃથ્વીને વિષે ચક્રને મોકલતા ને કળિયુગને વિષે ચક્રને કેમ નહીં મોકલતા હોય ? શું કળિયુગમાં ભક્ત ઉપર ભગવાનની ઓછી કૃપા હશે ? તેનો ઉત્તર આપો ત્યારે મુક્તાનંદ બોલ્યા જે, 'હે સ્વામી ! તેનો ઉત્તર મને આવડે તેમ નથી. પણ આ નવા બ્રહ્મચારી નીલકંઠજી આવ્યા છે. તેમને પૂછો તો તે તેનો ઉત્તર આપશે.'

પછી રામાનંદ સ્વામીએ નીલકંઠ બ્રહ્મચારી પૂછ્યું જે, હે બ્રહ્મચારી આ પ્રશ્ન પૂછ્યું તેનો ઉત્તર કરો. ત્યારે મહારાજ બોલ્યા જે, બીજા યુગમાં અંબરીષ આદિક રાજાઓ ભક્ત હતા. તેથી પણ આજના ભક્ત તો ઉત્તમ છે ને આજના ભક્ત દૈહિક રક્ષા થાય તેમ મનમાં ઈચ્છતા નથી. રક્ષા તો અંતરશત્રુ જે કામ ક્રોધાદિક દુષ્ટ છે. તેથી જ થવી યોગ્ય માને છે. ને હજારો હથિયારબંધ હોય પણ તે માંહિલા શત્રુથી રક્ષા કરી શકે નહિ. તેથી કળિયુગને વિષે ભગવાન જ્ઞાનરૂપી ચક્ર મોકલી અજ્ઞાનરૂપી અંધારું નાશ પમાડે છે ને તેથી માણસો ધર્મ પાળી શકે છે ને જો એવું ચક્ર ન મૂકતા હોય તો ધર્મ કોઈ પણ પાળી શકે નહિ. ને કામ, ક્રોધ અને લોભથી તો બ્રહ્મા, શંકર અને નારદાદિક ઋષિઓ પણ હારી બેઠા છે. માટે બીજા યુગ કરતાં પણ આ યુગમાં ભગવાન અધિક દયા લાવે છે. ને આજના ભક્ત રક્ષણ માગે તેવું તત્કાળ કરે છે. એ પ્રમાણે ઉત્તર કર્યા તે સાંભળીને રામાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી આદિક સંત તથા નરસી મહેતા આદિક હરિજન બહુ રાજી થયા ને બોલ્યા કે, આવા ઉત્તર તો કોઈથી થાય નહીં. ત્યારે મુક્તાનંદસ્વામી એ વાત કરી જે, આ બ્રહ્મચારીએ લોજમાં ઘણા ચમત્કાર જણાવ્યા છે. ત્યારે

રામાનંદ સ્વામી કહે, હજુ તો આગળ જણાવશે. તમને હમણાં તો તેનો થોડો મહિમા છે. પછી તો તે સમાધિ કરાવશે ને મોટા મોટા યજ્ઞ કરશે ને હજારો ગામમાં સત્સંગ વધારશે ને અમે તો લાખો મણ કાંતવું હોય તેમાંથી એક રૂની પુણી કાંતી છે. એવી રીતે ઘણોક મહિમા કહ્યો.

## વર્ણીએ જમાદારને સમાધિ કરાવી

એક વખત નરસિંહ મહેતાની ડેલીમાં રામાનંદ સ્વામી તથા મુક્તાનંદસ્વામી અને નીલકંઠ બ્રહ્મચારી વગેરે સંત હરિજનની સભા ભરાઈને બેઠી હતી. તેવે સમયે વર્ણીએ રામાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યું જે, "તમે સનાતન ઈશ્વર છો કે આજ્ઞાકારી ભગવાન છો ? તે સમયે સ્વામીએ ઉત્તર ન કર્યો ને બીજા હરિજન સામું જોઈને વાત કરવા લાગ્યા. પછી ફરીને વર્ણી સામું જોયું ત્યારે વર્ણી ફરી તેનો તે પૂછ્યો ત્યારે પણ ન બોલ્યા. ત્યારે મહારાજ ત્રીજી વાર તે પ્રશ્ન પૂછ્યો. ત્યારે પણ ન બોલ્યા ને કાંઈક મિસ (કારણ) લઈને ઉઠી ગયા. ને ઘડીક પછી આસને આવીને બેઠા. તેવા સમયે એક જમાદાર સભામાં આવીને બેઠો ત્યારે રામાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, "આ જમાદારને વાત કરો" ત્યારે મહારાજે તેને ઘડીક ઉપદેશની વાતો કરી પછી તેને સમાધિ કરાવીને અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર પોતાની મૂર્તિનું દર્શન કરાવ્યું ને ત્યાં અનંત કોટિ પેગંબરને તથા રામાનંદ સ્વામીને પોતાની સેવા કરતા દેખાડ્યા. તે જોઈ જમાદાર આશ્ચર્ય પામી ગયો. પછી મહારાજે તેના સામી દૃષ્ટિ કરી તેથી તે તુરત જાગૃત થયોને બોલ્યો કે 'તમારા હિંદુમાં એવો અન્યાય કે છે કે મુરસદ (સેવક) છે. તે ઉંચે આસને બેઠા છે ને અલ્લા (ભગવાન સ્વામી) છે. તે હેઠા બેઠા છે ?' તે સાંભળીને રામાનંદ સ્વામી બોલ્યા જે, "અમારામાં અસલથી એવી રીત ચાલી આવે છે આગળ રામચંદ્રજી હેઠા બેસતા ને હું તો આ નીલકંઠ બ્રહ્મચારીની આજ્ઞાયે કરીને બેઠો છું ને વડા (મોટા) તો તે છે ?" તે સાંભળી પછી જમાદાર વર્ણી અને રામાનંદ સ્વામીને પગે લાગી ગયો.

## ઓઝતમાં સ્નાન અને વર્ણીના પ્રશ્નનો રામાનંદ સ્વામીએ ઉત્તર કર્યો

પછી રામાનંદ સ્વામીએ વાત કરી કે, 'આ યોગીરાજ શ્રી નીલકંઠ બ્રહ્મચારી આવ્યા છે તેમણે બહુ તપ કરેલ છે ને આ એકાદશીનું નામ યોગિની છે. ને આજ

નદીમાં નાવાનું ફળ ઘણું છે માટે તે યોગીએ સહિત સહુ ઓઝત ગંગામાં નાહવા જઈએ.' પછી સહુ વાજતે ગાજતે નાવા ગયા. પછી ત્યાં રામાનંદ સ્વામી બોલ્યા કે, 'જેમ યજ્ઞ કરીને સહુ અવભૃથ સ્નાન કરે છે ને તેનું જે ફળ થાય છે. તેટલું જ શું પણ તેથી કોટીગણું ફળ આ બ્રહ્મચારી ભેગા નાવાથી થાશે.' એમ વાર્તા કરતા થકા સહુ નાયા ને નાતાં નાતાં કીર્તન ગાવા લાગ્યા. નદીમાં પાણી છાતી બરોબર હતું.

પછી નાહી રહ્યા ત્યારે મહારાજે રામાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, તમે ઈશ્વર કેવા છો ? શ્રીકૃષ્ણ જેવા કે રામચંદ્રજી જેવા ને જો રામચંદ્રજી જેવા કહેતા હો તો તેમણે તો ધનુષ્ય ભાંગ્યું. લંકા બાળી, રાવણને માર્યો, વિભિષણને રાજગાદી આપીને સીતાને લઈ આવ્યા. તેમ તમે શું કામ કર્યું છે તે કહો. પછી રામાનંદ સ્વામીએ વિચારીને ઉત્તર કર્યો જે, અમે અજ્ઞાનરૂપી ધનુષ્ટ ભાંગ્યું ને દેહરૂપી લંકાને બાળી, ને અહંકાર રૂપે રાવણને માર્યો ને જીવરૂપ વિભિષણને ભગવાનની પદવી રૂપ ગાદી આપીને વૃત્તિરૂપ સીતાને ભગવાનને વરાવ્યાં. એ પ્રમાણે રામાનંદ સ્વામીએ ઓઝત ગંગામાં નાતાં નાતાં ઉત્તર કર્યો તે સાંભળીને સહુ રાજી થયાં. પછી સ્નાન કરી વિપ્રને દાન દઈને સહુ ગાતા વાતા તે નદીને કાંઠે સંધાયનો વડ હતો. ત્યાં આવ્યા ને તે વડની છાયા હેઠે સભા કરીને બિરાજમાન થયા.

## ગણપતિમાંથી તેજ નીકળીને વર્ણીમાં સમાયું

પછી રામાનંદ સ્વામીએ વાત કરી જે, આ નીલકંઠ બ્રહ્મચારી સાથે આપણે આ ઓઝત ગંગામાં નાહ્યા છીએ. માટે અમારા આશ્રિત સહુએ વરસે વરસ આજને દિવસે આ ઓઝત ગંગામાં નાવું. પછી સહુ ગાતા વાતા ગામમાં આવ્યા. ને બીજે દિવસે સહુએ પારણાં કર્યાં. પછી ત્યાં નિવાસ કરીને રહ્યા. તેવામાં જન્માષ્ટમીનો દિવસ આવ્યો તેનો ઉત્સવ કર્યો. પછી ભાદરવા સુદ ચોથને દિવસે ગણપતિની પૂજા કરીને તે પછી જળઝીલણી એકાદશીના સમૈયા ઉપર દેશદેશના  હરિભક્તો આવ્યા હતા. તેઓ ભેટ સામગ્રી ધરીને પગે લાગ્યા. તે વખતે રામાનંદ સ્વામી ગણપતિની પૂજા કરતા હતા. ત્યાં ગણપતિને બદલે મહારાજને દીઠા ને તે મૂર્તિમાં કોટી સૂર્યના જેવું તેજ નીકળ્યું તે ઘડીવાર રહીને પાછું મહારાજની મૂર્તિમાં સમાઈ ગયું તે જોઈને પોતે બહુ આશ્ચર્ય પામ્યા. પછી ઓઝત ગંગામાં જળ જીલવા સારું વરઘોડો કાઢીને રામાનંદ સ્વામી વગેરે

સંત હરિજન સર્વે વાજિંત્ર વગાડતા થકા ગયા ને ત્યાં ઓઝત ગંગામાં નાહીને ગણપતિને જળમાં પધરાવી પાછા સહુ ગાતા ગાતા ને બંદૂકોના અવાજ કરતા થકા નરસી મહેતાને ઘેર પોતોને ઉતારે આવ્યા. પછી દશેરાનો દિવસ આવ્યો તેના ઉત્સવ કર્યો, પછી શરદપૂનમનો ઉત્સવ કર્યો પછી દિવાળીનો ઉત્સવ કરીને વળતે દિવસે અન્નકૂટનો ઉત્સવ કર્યો.

## રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દીક્ષા આપી

રામાનંદ સ્વામી પોતાના તમામ આશ્રિતજનોને કહ્યું કે આ બ્રહ્મચારી છે. તે અક્ષરધામના અધિપતિ શ્રી પુરુષોત્તમનારાયણ ભગવાન છે. માટે તેમનું ભજન કરી તેમનો રાજીપો મેળવી ખૂબ સેવા કરી લો. તેમના ધામની પ્રાપ્તિ કરી લો આવી રીતે નીલકંઠ બ્રહ્મચારીનો ખૂબ મહિમા કહ્યો.

આ રીતે શ્રી રામાનંદ સ્વામીએ રસભરી અમૃતમય વાણી કહી. બીજી બાજુ વર્ણીરાજ સ્વામીને પોતાના કરતાં અતિશય અધિક સમજતા હતા. અવિનાશી વર્ણી મનમાં રાજી થઈને સેવા કરવા માટે સ્વામીની પાસે જ રહ્યા. સ્વયં પરમેશ્વર હોવા છતાં ખૂબ જ શિષ્ય ભાવ જણાવતા. તેથી તે સમયે રામાનંદ સ્વામી તેમના ઉપર ઘણું જ પ્રસન્ન થયા અને તેમને દીક્ષા દેવાનો મનમાં વિચાર કર્યો.

પછી દેવ દિવાળીના સમૈયા ઉપર ઘણાંક હરિભક્તો આવ્યા ને રામાનંદ સ્વામીને પગે ભેટ સામગ્રી ધરીને પગે લાગ્યા. પછી સહુ સભામાં બેઠા ત્યારે શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ રામાનંદ સ્વામીને કહ્યું, ‘સ્વામી ! તમે અમારાં માતા-પિતાના ગુરુ છો મને પણ દીક્ષા આપો.’ ત્યારે સ્વામી કહે, ‘ધન્ય છે બ્રહ્મચારી તમને, કેમ કે તમારો વૈરાગ્ય અતિ તીવ્ર છે ને જન્મથી જ ઉધ્વરેતા છો ને દીક્ષા લીધા વિના પણ તમે કોટી જનનો ઉદ્ધાર કરો એવા છો પણ તમે જે જગતમાં વેદ ધર્મ સ્થાપન કર્યા છે. તે સહુને શીખવવા માટે જ દીક્ષા લેવાનું કહો છો.’ એમ રામાનંદ સ્વામીએ ઘણીક પ્રશંસા કરી ને પછી દીક્ષા દેવા સારું ઉત્સવ કરાવ્યો ને વાજાં વગડાવ્યાં. ત્યારે પ્રબોધિની એકાદશીને દિવસે વર્ણીને સ્વામીએ વૈષ્ણવી મહાદીક્ષા (એમ સ્વામી સેવા કરતાં ચાર માસ અને ચૌદ દિવસ વીતી ગયા.) પીપલાણામાં શાસ્ત્ર પ્રમાણે વિધિ કરીને મહામંત્ર કાનમાં કહીને દીક્ષા આપીને અર્થે સહિત નામ પાડ્યું કે સહજમાં આનંદ આપે તે (સહેજે સુખના ભંડાર) એટલે સહજાનંદ અને સ્વભાવે ને આકારે નારાયણ જેવા છે. માટે નારાયણમુનિ એમ બે નામ પાડ્યાં.

પછી શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર આપ્યો પછી વર્ણીએ સ્વામીની પૂજા કરી. પ્રદક્ષિણા કરી. પછી હાથ જોડીને ઉભા રહ્યા. સ્વામીએ રાજી થઈ વર માગવાનું કહ્યું ત્યારે વર્ણીએ માગ્યું કે જેમ તમારી પૂજા શ્રીકૃષ્ણ સ્વીકારે છે ને પ્રગટ દર્શન આપે છે. તેમ મારે પણ થાય સ્વામીએ તથાસ્તુ કહી તે વર આપ્યો ત્યારે પછી સ્વામીએ વર્ણીને કહ્યું કે તમે સહુને ધર્મ પળાવજોને તમે પણ પાળજો. એ પ્રમાણે જેમ હીરાને ઓપ ચડાવે તેમ ધર્મીને ધર્મ બતાવ્યો. તે મહારાજે સ્વીકાર કર્યો પછી રામાનંદ સ્વામી મહારાજ અને સર્વે સંત પંક્તિ કરીને જમ્યા પછી દેશાંતરમાંથી આવેલા હરિજનને જમાડ્યા. પછી મહારાજ પાસે ઉપદેશની વાતો કરાવીને સર્વે રાત્રે સુતા.

**નોંધ :** લીલા નંબર ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૬૬ આ બધી લીલાઓ શ્રીહરિચરિત્ર ચિંતામણિમાંથી લીધેલ છે.

## શ્રીહરિ સાથે રામાનંદ સ્વામીનું વિચરણ

રામાનંદ સ્વામી શ્રીહરિનો મહિમા જાણતા હોવાથી સ્વામી મુનિ પ્રત્યે સખાભાવ રાખતા ને સલાહ પૂછતાં. રામાનંદ સ્વામી પોતાના હરિભક્તોને દર્શન દેવા અને શ્રીહરિનો મહિમા જાણે એ માટે રામાનંદ સ્વામી રથમાં બેઠા. સ્વામીએ શ્રીહરિને પોતાની સાથે રથમાં બેસાડ્યા. ભૂલથી પણ કોઈ દિવસ સ્વામી શ્રીહરિને પોતાનાથી દૂર રાખતા નહિ. ગામેગામના હરિભક્તો શ્રી રામાનંદસ્વામી ને શ્રી સહજાનંદ સ્વામીની સાથે પોતાને ઘેર પધરામણી કરવા લઈ જતા. સહુ પહેલા શ્રીહરિ રામાનંદસ્વામીની સાથે અધિક ઉત્સાહ સાથે 'આખા' ગામ પધાર્યા અને તે પછી 'અગત્રાઈ' ગામ પધાર્યા. ત્યાં પાંચ દિવસ સ્વામી રહ્યા. ત્યાંથી બહુનામી શ્રીહરિ સાથે 'કાલવાણી' ગામ પધાર્યા. કાલવાણીમાં જે ધર્મશાળા કરાવી હતી તે પોતાની જગ્યામાં રહ્યા. રામાનંદ સ્વામી શ્રીહરિ સાથે માગસર અને પોષ એમ બે માસ રોકાયા. રામાનંદ સ્વામીએ જોયું કે શ્રીહરિનું શરીર અત્યંત કૃશ હતું તેથી શરીરમાં ક્યારેય પરસેવો વળતો નહિ. તેથી સ્વામી આવળનાં પાંદડાં મંગાવીને રોજ રાતે પોતે શેક કરતા હતા. આમ શ્રીહરિની માવજત કરતા. વસંતપંચમી ત્યાં કાલવાણીમાં કરી રંગક્રીડાની ધૂમ મચાવી. વસંતના ધુમારરાગના સુંદર પદ સ્વામીને ગાતા આવડતા. સ્વામી ઝાંઝ વગાડતા. સ્વામી તુલસીદાસના પદ પણ ગાતા અને સાકારપણાનું પ્રતિપાદન કરનાર પદો ઉપર અધિક ભાવ રહેતો. સ્વામી આવા મહાન સમર્થ અને ઘણા જ

પ્રભાવશાળી હતા. શ્રીહરિનું શરીર ઠીક થાય એટલા માટે પ્રેમથી ઉપાયો કરતા. શરીરે મીણનું તેલ ચોળાવતા. તેમને સ્વસ્થ કરવા માટે રોજ કસ્તૂરી ખવડાવતા. શ્રીહરિ વરસાદને તથા ઠંડીને સહન કરી શકતા. પણ તડકો સહન કરી શકતા નહિ. તેથી તેને માટે સ્વામીએ પ્રયત્નપૂર્વક ઘણા ઉપાયો અદ્‌ભુત રીતે તૈયાર કરાવીને રોજ મીંઢી આવળ પીવડાવતા.

ખાંડેલા લાલ મરચાને અનાજની જેમ ખાતા છતાં કશું જણાતું નહિ. કાલવાણીથી માંગરોળમાં શ્રીહરિ અને સ્વામી બંને સાથે આણંદજી સંઘેડિયાને ત્યાં પંદર દિવસ રહ્યા. ત્યાંથી બધા ગામોમાં ફરતા ફરતા જેતપુર આવ્યા. જેતપુરના કાઠી દરબાર ઊનડવાળાના દરબાર ગઢમાં શ્રીહરિ અને રામાનંદ સ્વામી આવીને રહેતા હતા. રોજ ભાદર નદીએ સ્નાન કરવા જાતા. ત્યાં સ્નાન કરીને શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરતા. સુખદાયક સ્વામી ધ્યાન કર્યા પછી ગામમાં આવતા અને પછી રસોઈ કરાવીને જમતા હતા. સંતો પહેલા શ્રીહરિને જમાડીને પછી જમતા. ઉમંગથી કથા-વાર્તા થતી તે સાંભળીને સંતો રંગમાં આનંદમાં આવી જતા.

જેમ ચંદ્રના વિના ચકોર પક્ષી રહી શકે નહિ તેમ રામાનંદ સ્વામીનું મન શ્રી સહજાનંદ સ્વામીના વિના ક્યાંય સ્થિર થતું નહિ આવો ભાવ શ્રીહરિના ઉપર સ્વામીને થઈ ગયો હતો. શ્રી રામાનંદ સ્વામી રોજ તાનમાં આવી જઈને એવી વાત કહેતા કે સહજાનંદ સ્વામી ઘણા મોટા સંત છે. જેવા ભગવાનમાં હોય તેવા સમગ્ર ગુણ એમાં રહ્યા છે. રામાનંદ સ્વામી કહે છે કે આ સહજાનંદ સ્વામીમાં પંચાવન ગુણ રહેલા છે. તે સંતોને કહે છે.

**નોંધ :** આ લીલા શ્રીહરિ ચરિત્રામૃતસાગરમાંથી લીધેલી છે.

## શ્રી રામાનંદ સ્વામીએ શ્રીહરિના ૫૫ ગુણો કહ્યા

(૧) **સત્ય :** સર્વનું હિત થાય તે જ બોલવું. (૨) **શૌચ :** દેહ અને મનની શુદ્ધિ (૩) **દયા :** પારકું દુઃખ સહન ન થવાથી તન, મન, ધન વડે તે દુઃખ ટાળવા પ્રયત્ન કરવો. (૪) **શાંતિ :** ક્રોધ થવાનું કારણ મળતાં પણ ક્રોધ ન કરવો. (૫) **ત્યાગ :** અંતરમાં પૂર્ણકામ હોવાથી માયિક વસ્તુ માત્રનો અનાદર (૬) **સંતોષ :** પોતાના સ્વરૂપના આનંદથી પૂર્ણતા ભગવાને પોતાને જે આપ્યું હોય તેમાં સંતોષ રાખવો. (૭) **આર્જવ :** તન, મન અને વાણીથી બીજાને નમતા રહેવું. (૮) **શમ :** પ્રાકૃતિ વિષયથી મનને પાછું વાળવું. (૯) **દમ :** પ્રાકૃત વિષયોથી ઈંદ્રિયોને પાછાં વાળવાં, (૧૦) **તપ :** કૃચ્છ ચાંદ્રાયણાદિ વ્રત કરવાં,

ચતુર્માસિનાં વ્રત કરવાં. **(૧૧) સામ્ય :** સારા અથવા નરસા (ખરાબ) માયિક વિષય તુચ્છ લાગે. **(૧૨) તિતિક્ષા :** સુખ, શાસ્ત્રનું યથાર્થ જ્ઞાન **(૧૩) ઉપરતિ :** પ્રયોજન વિના કાંઈ ન કરવું. **(૧૪) શ્રુત :** સર્વશાસ્ત્રનું યથાર્થ જ્ઞાન **(૧૫)જ્ઞાન :** જીવ, ઈશ્વર વગેરેનાં સ્વરૂપ જાણવાં **(૧૬) વિરક્તિ :** શ્રીકૃષ્ણ ભગવાન વિના બીજે પ્રીતિ નહિ. **(૧૭) ઐશ્વર્ય :** સર્વને પોતાને વશ રાખી શકવાં **(૧૮) શૌર્ય :** સ્વભાવ જીતવાની શક્તિ **(૧૯) તેજ :** કોઈથી પરાભવ ન પામવો **(૨૦) બળ :** સર્વને નિયમમાં રાખવાં. **(૨૧) સ્મૃતિ :** સ્મૃતિ કરવા યોગ્ય કામનું નિરંતર અનુસંધાન **(૨૨) સ્વતંત્રતા :** જેને કોઈની ગરજ નહિ. **(૨૩) કૌશલ્ય :** સર્વ ક્રિયામાં પ્રવીણપણું **(૨૪) ક્રાંતિ :** સહુના મનને હરે તેવું રુપ. **(૨૫) ધૈર્ય :** વિષમ સમયમાં પણ દૃઢતા. ખરાબ સમયમાં મક્કમતા. **(૨૬) માર્દવ :** ચિત્તની કોમળતા **(૨૭) પ્રાગલ્ભ્ય :** બોલવામાં ચતુરાઈ **(૨૮) પ્રશ્રય :** મોટા પાસે વિનય **(૨૯) શીલ :** સારો સ્વભાવ **(૩૦) સહ :** મનનું ડહાપણ **(૩૧) ઓજ :** જ્ઞાનઈન્દ્રિયોનું ડહાપણ **(૩૨) બળ :** કર્મ ઈન્દ્રિયોની ચતુરાઈ **(૩૩) ભગ :** જ્ઞાન વગેરે ગુણોથી શ્રેષ્ઠતા **(૩૪) ગાંભીર્ય :** જેના મનની વાત કોઈથી કળી શકાય નહિ. **(૩૫) સ્થૈર્ય :** ચંચળતા નહિ **(૩૬) આસ્તિકતા :** (સાચા) સત્શાસ્ત્રનો વિશ્વાસ **(૩૭) કીર્તિ :** જગતમાં વિખ્યાતિ **(૩૮) મૌન :** પ્રયોજન વિના ન બોલવું. **(૩૯) અગર્વતા :** ગુણનું અભિમાન નહિ. **(૪૦) નિર્માનીપણું :** લેશમાત્ર પણ અહંકાર નહિ. **(૪૧) નિર્દંભ :** કોઈને કદી પણ ન છેતરવાપણું **(૪૨) મિતાહાર :** થોડું જમવું. **(૪૩) દક્ષ :** હિતનો ઉપદેશ કરવો **(૪૪) મૈત્રી :** સહુનો વિશ્વાસ સંપાદન કરવો. **(૪૫) સર્વોપકાર :** સર્વ ઉપર ઉપકાર કરવાની વૃત્તિ. **(૪૬) અશોભિતતા :** સહેજે વિષય પ્રાપ્ત થતાં પણ તેમાં ન બંધાવાપણું **(૪૭) અદ્રોહ :** મન, તન કે વાણીથી કોઈને લેશમાત્ર પણ પીડા ન કરવી. **(૪૮) માનદ :** જેમ જેમ ઘટે તેને તે પ્રમાણે માન આપવું. **(૪૯) ષડુર્મીવિજય :** ખાન, પાન, શોક, મોહ, જરા અને મૃત્યુ; એ છ ઉર્મિઓ જીતવી. **(૫૦) બ્રહ્મણ્ય :** બ્રાહ્મણને દેવ જેવા જાણવા. **(૫૧) શરણત્વ :** શરણે આવેલાની રક્ષા કરવી. **(૫૨) અનીદ :** કોઈ ફળની ઈચ્છા ન હોવી. **(૫૩) અપરિગ્રહ :** ધન આદિકનો સંગ્રહ ન કરવો. **(૫૪) ભક્તિ :** પરમેશ્વરની નવ પ્રકારે સેવા **(૫૫) સેવા :** મન, કર્મ અને વચને ગુરુની અનુવૃત્તિમાં રહેવું તે.

રામાનંદ સ્વામીએ સંતોને કહ્યું કે આ સહજાનંદ મુનિ પોતે બહુ ચમત્કારી છે. ને સર્વે અવતારના અવતારી છે. કારણ કે રામ-કૃષ્ણાદિક જે અવતાર થાય

છે. તે આ સહજાનંદ સ્વામીમાંથી થાય છે. ને પાછા લીન પણ તેમાં જ થાય છે. ને આ પોતે પુરુષોત્તમ નારાયણ છે ને અમે ઘણીવાર સભામાં વાતો કરતાં બોલતા જે તરગાળા ગણેશનો વેષ લાવે ત્યારે પ્રથમ પડ છાંટે તેમ અમે તો આવીને થડ છાંટ્યું છે. ને ખેલ કરનારા તો આવવાના છે. તે આ સહજાનંદ સ્વામી આવ્યા છે ને આ તો અકળ પુરુષ છે તે કોઈથી કળી શકાય તેમ નથી એવા ગુણવાળા છે. (રામાનંદ સ્વામી અને નારણમુનિ બંને ૧ વર્ષ પાંચ મહિના ૧૬ દિવસ સાથે વિચરણ કર્યું.)

રામાનંદ સ્વામીએ મનમાં નક્કી કરી રાખ્યું કે મેં સ્થાપેલી ઉદ્ધવસંપ્રદાયની ગાદી ઉપર આ સહજાનંદ સ્વામીને બેસાડું પછી રામાનંદ સ્વામીએ સભામાં મોટા સંતો તથા મોટા હરિભક્તોને કહ્યું કે “હવે અમારા શરીરનો કોઈ નિરાધાર નથી એટલે અત્યારે અહીંયા આવેલા તમે સહુ વિચાર કરીને મને કહો કે આપણા સત્સંગની વૃદ્ધિ કઈ રીતે થાય અને તે સત્સંગવૃદ્ધિનો ઉપાય શું કરવો ત્યારે સંતોએ અને હરિભક્તોએ સ્વામીના વચનને મનમાં વિચારીને કહ્યું. આપણી પરંપરાની રીતે જગતથી જુદી જ છે. આપ અમારા પ્રાણ છો. તો સત્સંગનું હિત મનથી જે ધારતા હોય તે પ્રમાણે આપ કરો. ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું કે અમારી ગાદી આ સહજાનંદ સ્વામીને સોંપવી છે. તે સાંભળીને મુક્તાનંદ સ્વામી આદિક મોટા સંતો તથા પર્વતભાઈ જેવા મોટા હરિભક્તો સૌ ખૂબ રાજી થયા.

**નોંધ :** આ લીલા શ્રીહરિચરિત્ર ચિંતામણિમાંથી લીધેલ છે.

## શ્રી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ધર્મધૂરા સોંપી

તે પછી સાંજે પોતાની આગળ મહારાજ તથા મોટા મોટા સંતોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું કે હે નારાયણ મુનિ ! તમે ગૃહસ્થ તથા ત્યાગીને ધર્મ નિયમ પળાવવા સમર્થ છો. માટે મારું વચન તમે માનો ને મારે સ્થાનકે તમે બેસો. કારણ કે મારી ગાદીને યોગ્ય તો તમે જ છો. કારણ કે જ્યારથી મને તમારાં દર્શન થયાં ત્યારથી મેં આ સંકલ્પ કરેલ છે. તો આટલી મારી વિનંતી સ્વીકારીને મારી ઇચ્છા પૂર્ણ કરો. ત્યારે નારાયણમુનિ કહે સ્વામી ! આપ કહો છો તેમાં ધન અને સ્ત્રીનો પ્રસંગ છે ને તેથી મોટા મોટા પણ પોતાની સ્થિતિમાં રહ્યા નથી માટે મને તે પ્રસંગ ગમતો નથી. ત્યારે સ્વામી કહે હે સહજાનંદ સ્વામી ! તમે જેવા તો તમે એક જ છો ને બીજાને તો બોલવા માત્રથી વિકાર થાય ને તમે તો હજારો સોનામહોરના ઢગલા હોય ને હજારો સ્ત્રીઓનો

યોગ હોય ત્યાં રહો તો પણ તમને કાંઈ નહીં થાય. જેમ આકાશ પંચભૂત સાથે રહે તો પણ નિર્લેપ રહે છે ને જેમ જળમાં વડવાનળ અગ્નિ રહે છે.તેમ તમે પણ નિર્લેપ રહો તેવા છો. એમ હું જાણું છું ને તમે ત્યાગીઓના હિતને અર્થે નૈષ્ઠિકવ્રત ધારણ કર્યું છે. પણ તમે તો સાક્ષાત્ નારાયણ છો. એમ હું જાણું છું. એવા સ્વામીના વચન સાંભળીને મહારાજે ગાદીએ બેસવાની હા પાડી. ત્યારે સ્વામી રાજી થયા.

પછી રામાનંદસ્વામીએ જોશી લખજીને તેડાવીને મુહૂર્ત જોવરાવ્યું. તે કાર્તિક સુદ એકાદશીનું આવ્યુ. પછી તે ઉપર દેશો દેશના હરિજનને તેડાવ્યા ને મોટો મંડપ કરીને તેમાં નાના પ્રકારની રચના કરીને તેમાં સારું સિંહાસન રચાવીને તે ઉપર મહારાજને પધરાવ્યા ને આગળ હોમ કરવાના કુંડ કર્યા. તેમાં બ્રાહ્મણો પાસે વેદમંત્રથી હોમ કરાવ્યો. પછી વેદ વિધિથી અભિષેક કર્યો તે સમે અક્ષરધામના મુક્તો તથા બીજાં ધામના અવતાર તથા તેનાં મુક્તો અને ઈંદ્રાદિક દેવતાઓ તે પોતપોતાનાં વિમાનોમાં બેસીને આવ્યા ને સર્વે મહારાજનાં દર્શન કરી. પગે લાગીને પોતપોતાને સ્થાનકે બેઠા. પછી હજારો બ્રાહ્મણોને જમાડ્યા. પછી હજારો સંત-હરિજનોને જમાડ્યા પછી વળતે દિવસે અક્ષરના મુક્તોએ તથા બીજા અવતારો અને મુક્તોએ મહારાજ આગળ ભેટ સામગ્રી ધરી તથા સ્તુતિ કરી પછી રામાનંદ સ્વામીએ જેતપુરનો મહિમા કહ્યો કે જેમ મહારાજે છપૈયામાં જન્મ લીધો ને પીપલાણામાં દીક્ષા લીધી તેમ આંહી જેતપુરમાં ગાદીએ બેસાર્યા છે ને છપૈયામાં ઘનશ્યામ નામ પડ્યું ને પીપલાણામાં સહજાનંદ સ્વામી નામ પાડ્યું ને આંહી તો ગાદીએ બેસાર્યા માટે આ સ્થાન સર્વથી અધિક છે. ને આંહી ભદ્રાવતી ગંગાનો મહિમા સર્વથી અધિક છે ને એની બરોબર કોઈ તીર્થ થાય તેમ નથી કારણ કે તેમાં અમે અને મહારાજ ઘણીવાર નાહ્યા છીએ ને સંત-હરિજન પણ નાહ્યા છે. માટે તેનો મહિમા બહુ છે ને આ મંડપને ઠેકાણે આગળ જાતાં શિખરબંધ મંદિર થાશે ને અખંડ સંત રહેશે ને આ ભદ્રાવતી ગંગામાં કોઈ શ્રાદ્ધ કરશે તો તેના પિતૃઓ સ્વર્ગે જાશે. પછી વળતે દિવસે સહુ હરિજનો રજા માગીને ચાલ્યા.

## શ્રી રામાનંદ સ્વામીએ ફરેણીમાં દેહ ત્યાગ કર્યો

પછી સ્વામી તથા મહારાજ એકાંતમાં બેઠા ને સ્વામીએ મહારાજને કહ્યું કે આ ગામમાં એકાંત જેવું નથી. માટે આપણે ફણેણી જઈએ ને ત્યાં મારે દેહ

તજવો છે. પછી સૌ એકાદશીએ ફરેણીમાં ગયા ને રામજી સોનીને ઘેર ઉતર્યા. પછી રામાનંદ સ્વામીએ એકાંતમાં મહારાજને વાત કરી કે હવે મારે દેહ તજીને સ્વધામ જાવું છે ને તમે પુરુષોત્તમ નારાયણ છો તે તમે તમારો પ્રૌઢ પ્રતાપ વાપરો ને એક મિયાનમાં બે તરવાર ન સમાય. કારણ કે તમે ભગવાન છો ને લોક મને ભગવાન માને છે. તે સાંભળી મહારાજ કહે ભલે આપની મરજી હોય તેમ કરો.

સૌને એકાદશીના દિવસે વ્રત નિમિત્તે ઉપવાસ કરાવ્યો. બારસને દિવસ સાધુ અને બ્રાહ્મણને જમાડ્યા. હરિભક્તો પાસે બ્રાહ્મણનોને દાન અપાવડાવ્યા. વળતે દિવસ સ્નાન કરીને ધ્યાનમાં બેઠા. પદ્માસન વાળ્યું. હૃદયમાં શ્રીકૃષ્ણની મૂર્તિધારી તે સિવાયના બીજા સંકલ્પ ટાળી નાખ્યા. બાહ્ય વૃત્તિ હતી તે જ્યારે અંતવૃત્તિ થઈ ગઈ ત્યારે આત્મા શરીરથી અલગ પડી ગયો. જ્યારે ભૌતિક દેહનો ત્યાગ થયો ત્યારે દિવ્યદેહમાં અનુરાગ થયો. તે સમયે સ્વસ્વરૂપનું જ્ઞાન થયું. પોતાને ઉદ્ધવ જાણ્યા અને હરિને પોતાના સ્વામી ઈષ્ટદેવ જાણ્યા. તે સમયે તેઓ તુરંત ભાગવતી તનુધારીને બદરિકાશ્રમ ગયા. વિક્રમ સંવત્ ૧૮૫૮ના માગશર સુદ તેરસને ગુરુવારે પરમ પ્રવીણ રામાનંદ સ્વામી સ્વતંત્રપણે દિવ્યગતિને પામ્યા.

શ્રી સહજાનંદ સ્વામીએ જ્યારે ગુરુએ ભૌતિક શરીર છોડી દીધું છે. એમ જાણ્યું ત્યારે મનુષ્યભાવે રડવા લાગ્યા. પણ જ્ઞાન દૃષ્ટિથી તો તેમને દુર્વાસાના શાપથી જાણીને ઘણી પ્રસન્નતા વધી. શ્રી ઘનશ્યામ પ્રભુ સ્વયં તો પૂર્ણકામ છે. તેમની ઈચ્છા સિવાય કાંઈ જ થતું નથી. એટલે તેઓ ઘણું કરીને મનુષ્ય લીલા જ કરતા હોય છે. રીત પ્રમાણે વિમાન (પાલખી) તૈયાર કરાવ્યું, તેમાં ગુરુદેવને પધરાવ્યા. બધા અંગો ઉપર ચંદન ચર્ચ્યુ અને તત્કાળ ઘણા પુષ્પહાર પહેરાવ્યા. સ્વામીના પાર્થિવ શરીર ઉપર અને વિમાનને (પાલખી) ઉપર ઘણો ગુલાલ છાંટ્યો. સૂર્યોદય થતાં જ વાજતે ગાજતે વિમાન લઈને સહુ ચાલ્યા સાથે અપાર હરિભક્તો હતા. કોઈ ધૂન-કીર્તન ગાતા હતા. તો કોઈ રુદન કરતા હતા. સંતો વિમાનને ભાદર નદીએ લઈ ગયા. ત્યાં વર્ણીવર શ્રીહરિએ અગ્નિસંસ્કાર કર્યો. (ભદ્રાવતી કાંઠે વેગડીને આરે)

તે સમયે સંત-હરિભક્ત સહુએ મળીને ભદ્રાવતી (ભાદર) નદીમાં સ્નાન કર્યું. તે પછી સહુ ગામમાં પાછા આવ્યા. પછી સર્વે દેશના સત્સંગી તેડાવીને એક વિદ્વાન બ્રાહ્મણની પાસે ભાગવતની પારાયણ કરાવીને તેરમાને દિવસે કારજ કર્યું ને ચૌદમાને દિવસે સભા કરીને સર્વેને ધીરજ દીધી ને સ્વામીનો શોક

નિવારણ કર્યો. તેથી સહુ રાજી થયા. પછી સર્વે મોટા મોટા હરિભક્ત બોલ્યા કે હે મહારાજ ! આ સ્વામીનું કારજ બહુ ભારે થયું. જુઓને બત્રીસ મણ તો ઘી વર્યું (વપરાયું) ત્યારે મહારાજ કહે આગળ અમે યજ્ઞ કરશું ત્યારે જે લાડુ થાશે. તેના મોણમાં પણ એટલું પૂરું નહીં થાય. એમ કેટલીક વાતો કરીને પછી સર્વે સત્સંગીને પોતપોતાને ઉતારે જવાની આજ્ઞા કરી ત્યારે સર્વે રામાનંદ સ્વામીની જગ્યાએ પોતાના ગુરુ સહજાનંદ સ્વામીને માનીને પોતપોતાને ઉતારે ગયા.

સ્વામીના શિષ્યો, ત્યાગી, ગૃહી સહુને શ્રીહરિમાં વિશ્વાસ આવ્યો. સત્સંગનો રંગ વધારે ચમક્યો. સાક્ષાત્ શ્રીહરિને પોતાની આંખોથી અનુભવીને તેમનો જન્મ લેખે થયો. સફળ થયો. મનુષ્ય જન્મની સફળતા એ જ છે કે પ્રત્યક્ષ શ્રીહરિમાં સ્નેહરૂપ ભક્તિ ન થઈ તો કશું જ ન થયું બધું માનવ જીવન નિરર્થક ખોયું કહેવાય. વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઋષિ મુનિઓનો એક જ સિદ્ધાંત છે કે જો પ્રગટ પ્રત્યક્ષ શ્રીહરિને ઓળખી શક્યા નહિ તો સાધુ થયાનું ફળ પણ શું મળ્યું.

સંતો અને હરિભક્તો સહુએ મળીને એક ઉત્તમ સિંહાસન બનાવ્યું પછી અપાર હેતથી તેના ઉપર શ્રી નારાયણ મુનિ - સહજાનંદ સ્વામીને પધરાવ્યા. તે વખતે વસ્ત્રો, અનંત પ્રકારના આભૂષણ ઉત્તમ પ્રકારનું કેસરી ચંદન, ફુલના હાર અને તોરા વગેરે પૂજાનો સામાન ત્યાં લાવ્યા.

સહુ પહેલાં મુક્તાનંદ સ્વામીએ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી અને તે પછી બધા સંતોએ અનુક્રમથી પૂજા કરી, રામદાસજી સ્વામી ઘણા બુદ્ધિમાન હતા. પૂજાની બધી રીતને જાણતા તે પોતે શ્રીહરિની પાસે જ બેઠા. તેમની બોલાવવાની રીત ઘણી સુંદર હતી. તેઓ નામ બોલીને હરિભક્તોને પૂજા કરવા માટે બોલાવવા લાગ્યા. પહેલા મયારામ ભટ્ટને બોલાવ્યા અને તેમની પાસે શ્રીહરિની પૂજા કરાવી. ત્યારબાદ પર્વતભાઈએ આવીને પૂજા કરી પછી જે સત્સંગી દરબારો હતા. તેમણે પૂજા કરી. વિચક્ષણ રામદાસ સ્વામી શ્રીહરિને વસ્ત્ર અને આભૂષણો પહેરાવતા હતા. તે વખતે શ્રીહરિએ રામદાસ સ્વામીને કહ્યું આપ બુદ્ધિશાળી સંત છો. આપણે બધા ત્યાગી સાધુઓ છીએ તો આપ સહુ મને આવા વસ્ત્રો અને ઘરેણાં શા માટે પહેરાવો છો ? ત્યારે રામદાસ સ્વામીએ હાથ જોડ્યા અને તેઓ બોલ્યા આપ તો આકાશના જેવા નિર્બંધ છો અને બીજાના બંધનોને પણ તોડાવનારા છો. જે સ્વયં નિર્દોષ હોય તેને બીજો કોઈ દોષ લાગી શકતો નથી. આપ તો સર્વોપરી પુરુષોત્તમ મનુષ્યના રૂપમાં પ્રગટ્યા છો. (નરનાટ્ય ધારણ કર્યું છે) હે નાથ ! તો હવે આ ભૂમિના ઉપર તે નરનાટ્ય-મનુષ્યના વેશને

યથાર્થરૂપમાં આપ ભજવો. અરે, બ્રહ્મા અને શિવ જેવા પણ આપની આગળ દીન આધીન રહીને સેવા કરે.

## ફરેણીમાં રામાનંદ સ્વામીના ચૌદમાને દિવસે મહામંત્ર પ્રાગટ્ય

ભગવાન શ્રીહરિ રામાનંદ સ્વામીના ચૌદમાને દિવસે વિશાળ સભામાં બિરાજમાન હતા. તે વખતે મુક્તાનંદ સ્વામી શ્રીહરિને વિનંતી કરીને કહ્યું કે હે પ્રભુ તમે રામાનંદ સ્વામી ગાદી ઉપર બેઠા છો એટલે અમારા સૌના ગુરુ છો તો અમારા બધાનું કલ્યાણ થાય તેવો મંત્ર આપો. શ્રીહરિએ સૌ પ્રથમ ધર્મનો મર્મ સમજાવવાં. નિજાશ્રિતોને શોક રહિત કરવાં અને વૈદિકધર્મનું સ્થાપન કરવાં નિજાશ્રિતોને ઉપદેશામૃત પાઈ રહ્યા હતા. ત્યારે શીતળદાસ નામે એક વૈરાગી સભામાં આવીને બેઠા. તે એકલશૃંગીના વંશના હતા અને ઈશ્વરનાં અંશ હતા. તે પ્રગટ ભગવાન મેળવવાં માટે દેશવિદેશમાં ફરતા હતા. અનેક તીર્થો સ્થાનોમાં  ફરતાં ફરતાં પશ્ચિમ દેશમાં આવ્યા. આ દેશમાં તેમણે એવી વાત સાંભળી કે રામાનંદ સ્વામી સ્વયં ભગવાન છે. આ રામાનંદ સ્વામીનાં દર્શન અત્યારે ફરેણી ગામમાં થશે તેમ માનીને શીતળદાસ ફરેણી આવ્યા. પરંતુ હવે તો રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામીને ગાદી સોંપીને અંતર્ધાન થયા હતા. આવી રીતે તપાસ કરવાં માટે તે શીતળદાસ સભામાં આવીને શ્રીહરિ પાસે આવ્યા અને હું શીતળદાસ છું એમ કહીને શ્રીહરિને પ્રણામ કર્યાં. શ્રીહરિએ સારા સાધુ છે એમ જાણીને એકાંતમાં ઉતારો અને શીતળદાસ વિચાર કરવા લાગ્યા કે 'રામાનંદ સ્વામી તો સ્વધામ સિધાવ્યા છે. એટલે ભગવાનની શોધ કરવા માટે હું ચાર ધામમાં જાઉં. મને ભગવાન મળશે અને મારી ચિંતા ટળી જશે.' અંતર્યામી શ્રીહરિ શીતળદાસનાં આવાં વિચારો જાણી ગયા અને શીતળદાસને કહ્યું કે જવાની ઉતાવળ કેમ કરો છો ? ત્યારે શીતળદાસે હાથ જોડીને કહ્યું કે હું રામાનંદ સ્વામીનાં દર્શન કરવાં માટે આવ્યો હતો પણ મારી દર્શનની ઈચ્છા પૂરી ન થઈ તેથી હવે ભગવાન શોધવાં માટે બીજે સ્થળે જાઉં છું. ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમે અહીં સ્થિર થઈને રહો. હું આજે જે રામાનંદ સ્વામીનાં દર્શન કરાવીને તમારી ઈચ્છા પૂરી કરીશ. ત્યારે શીતળદાસે કહ્યું કે રામાનંદ સ્વામીના દર્શન થશે ત્યારે જ મને આનંદ થશે. ત્યારે શ્રીહરિ બોલ્યા કે "સ્વામિનારાયણ"  એમ રટણ કરવા લાગ્યા અને તત્કાળ સમાધિ થઈ. સમાધિમાં શીતળાસ અક્ષરધામમાં

ગયા. કોટિ કોટિ સૂર્ય-ચંદ્ર સમાન અતિ શીતળ અને અનંત સુખનો અનુભવ કરી શીતળદાસ શીતળતાને પામ્યા. તેજોમય ધામમાં પુરુષોત્તમ ભગવાનનાં દર્શન કર્યાં અને જે મૂર્તિનાં ફરેણીમાં પ્રત્યક્ષ પ્રમાણ દર્શન થયાં અનંત અક્ષર મુક્તો જેની સેવા કરી રહ્યા છે. મત્સ્યાદિક ચોવીસ અવતારો જેની સ્તુતિ કરી રહ્યા છે. રામાનંદ સ્વામી સન્મુખ ઉભા રહીને જેનાં ગુણગાન ગાય છે. એવાં શ્રીહરિનાં દિવ્યદર્શન શીતળદાસને થયા. આવી રીતે આનંદિત થયેલાં શીતળદાસને અનંત મુક્તોની પૂજા કરવાની ઇચ્છા થઈ. શ્રીહરિએ કહ્યું કે, "અનંત સ્વરૂપ ધારણ કરીને અનંત મુક્તોની પૂજા એક ક્ષણમાં કરો." ત્યારે શીતળદાસે કહ્યું કે મારાથી અનંત રૂપો કેમ ધારણ થાય ? ત્યારે શ્રીહરિએ કહ્યં રામાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન હોય તો હું અનંત સ્વરૂપે થાઉં એવો સંકલ્પ કરો. ત્યારે શીતળદાસે એવો સંકલ્પ કર્યો પરંતુ અનંત સ્વરૂપે ન થવાણું ત્યારે વળી શ્રીહરિએ કહ્યુ કે ચોવીસ અવતાર પુરુષોત્તમ ભગવાન હોય તો મારાં અપાર સ્વરૂપ થાઓ. એવો સંકલ્પ કરો. ત્યારે શીતળદાસે એવો સંકલ્પ પણ કર્યો પરંતુ અનંત સ્વરૂપે થયા નહીં. ત્યારે શ્રીહરિએ કહ્યું કે હવે એવો સંકલ્પ કરો કે આ સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન હોય તો મારાં અનંત સ્વરૂપો થાઓ. તે વખતે શીતળદાસે આ સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે એવો સંકલ્પ કર્યો તરત જ અગણિત સ્વરૂપો થયા અને એક ક્ષણમાં અનંતરૂપે થઈને રામાનંદ સ્વામી તથા અનંત મુક્તોની પૂજા કરી.

પછી શીતળદાસે રામાનંદ સ્વામીને કહ્યું કે, "તમોને ભગવાન જાણીને હું તમારા દર્શન કરવાં માટે આવ્યો હતો." ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું કે, "ભગવાન તો આ અક્ષરધામનાં ધામી સહજાનંદ સ્વામી છે. તે જ સર્વાવતારી ભગવાન છે. તમોએ ફરેણીમાં દર્શન કર્યા તે જ અક્ષરધામનાં ધણી છે. બધાં અવતારો શ્રીહરિમાં સમાય છે પણ પોતે કોઈમાં લીન ન થાય. હું તો એના દાસનો દાસ છું. હું તો તેમની સેવા કરું છું. હું તો ઉદ્ધવજી છું અને સહજાનંદ સ્વામી કહે તેમ કરું છું. સર્વ અવતાર આ અવતારી પુરુષનાં છે. આવી વાત રામાનંદ સ્વામીએ કરી તે જ વખતે સરિતાઓ જેમ સાગરમાં લીન થઈ ગયા. અનેક અક્ષર પુરુષો પણ જોયા. તે સૌના નિયંતા એક શ્રીહરિ છે. તેવાં દર્શન થયાં. એવાં સમર્થ શ્રીહરિ આગળ પ્રધાન પુરુષ કોણ માત્ર ? એવું આશ્ચર્ય નજરે નિહાળીને શ્રીહરિને પ્રત્યક્ષ પુરુષોત્તમ જાણ્યા. આ ભક્તિપુત્ર છે તે જ ભગવાન છે. બીજો કોઈ તેને સમાન સમર્થ નથી. ત્યાર પછી તે સંત સમાધિમાંથી શરીરમાં

આવ્યા અને સમાધિમાં અનુભવેલી વાત સભાને સંભળાવી.'' પરંતુ રામાનંદ સ્વામીનાં શિષ્યો આ વાત માની શક્યા નહીં. કારણ કે રામાનંદ સ્વામી ભગવાન છે. તેવો દૃઢ નિશ્ચય હતો તેથી તે બીજી વાત કેમ માને ? પછી સૌએ શ્રીહરિ પાસે હાથ જોડીને કહ્યું કે, ''અમને પણ સમાધિ કરવો અને અમારો સંશય મટાડો'' આવું સાંભળીને શ્રીહરિએ કહ્યું કે, ''સ્વામિનારાયણ સ્વામિનારાયણ'' આ નામનું રટણ કરો. પછી મનમાં સંશય ટાળવા માટે સંતો તથા સૌ ભક્તો ''સ્વામિનારાયણ'' નામની ધૂન કરવા લાગ્યા... અને તત્કાળ સંતો તથા સૌ ભક્તોએ સમાધિમાં અક્ષરધામના દર્શન કર્યાં. ત્યાં અક્ષરધામના ધામી સહજાનંદ સ્વામી ઊંચા આસને બિરાજમાન હતા. રામાનંદ સ્વામી શ્રીહરિની સેવામાં હાજર હતા અને અનેક અક્ષરમુક્તોનાં વૃંદ પણ શ્રીહરિની સેવામાં લીન થયેલા હતા. આવું અપાર ઐશ્વર્ય જોઈને સર્વે સભાજનો ધર્મકુમારને પુરુષોત્તમ (સર્વેશ્વર) માનવા લાગ્યા. સંતો અને સૌ ભક્તો સમાધિમાં જાગ્યા અને શ્રીહરિને પ્રત્યક્ષ ભગવાન જાણીને સાષ્ટાંગ દંડવત કરવા લાગ્યા અને પ્રાર્થના કરી કહેવા લાગ્યા. હે સહજાનંદ સ્વામી આપ જ સર્વોપરી ભગવાન છો.

શ્રીહરિએ અક્ષરધામમાં મહામુક્તો સ્વામિનારાયણ નામ રટે છે તે નામ પહેલીવાર ફરેણીની સભામાં પ્રસિદ્ધ કર્યું. શ્રીહરિ શ્રીમુખે નામનો મહિમા વિશાળ સભાને સંબોધતા કહે છે ''વેદોમાં મારાં અનેક નામ છે. પરંતુ આ 'સ્વામિનારાયણ' નામ તો સર્વોપરી છે. આમ... આ મહામંત્રની ભેટ આપણને સ્વયં શ્રીજી મહારાજે જ આપી છે. તેથી જ સૌ ભક્તજનો કૃતાર્થ થઈ ગયા છે. સ્વામિનારાયણ મહામંત્રનું ભજન હવે શરૂ થઈ ગયું. આ ફરેણીની પવિત્ર ધરા પરથી હવે તો આ સભામાં દેશ-દેશાંતરથી પધારેલાં સૌ ભક્તજનો આ કૃપા પ્રાપ્ય મહામંત્રનો મહિમા કહેવા લાગ્યા. આ પ્રમાણે શ્રીહરિ મહાપ્રભુએ શ્રીમુખે નામનો મહિમા વિશાળ સભાને સમજાવ્યો. આ મહિમા સૌ સંતો-ભક્તોએ હૈયામાં ધારણ કરી લીધો. આ સમયે આ વિશાળ સભામાં સદ્. રામાનંદ સ્વામીના પચીસ હજાર જેટલાં શિષ્યો આ મંત્ર મહિમાનો અલૌકિક લાભ લઈ રહ્યા હતા. તેઓને શ્રીહરિએ વિશેષ કહ્યું કે તમો સર્વે મારાં શિષ્ય છો. માટે હું તમોને સત્ય કહું છું કે હવે તમારે સર્વેએ સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લેવું અને અમારું નામ સ્વામિનારાયણ છે. તે વેદમાં છે. પણ કોઈ જાણતું નથી. તે અમોએ આજે પ્રગટ કર્યું છે અને તમો કોઈ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ કહો છો અને કોઈ શ્રીરામ શ્રીરામ કહો છો અને કોઈ નારાયણ નારાયણ કહો છો અને કોઈ હરિ

ૐ હરિ ૐ કહો છો. વળી કોઈ જય અંબે, જય અંબે કહો છો. વળી કેટલાક ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય કહો છો. તે સર્વે દેવોની સેવા પૂજા કરવી પણ ભજન તો આ અવતારી પ્રગટ સ્વામિનારાયણનું કરવું અને પરસ્પર એકબીજાને નમસ્કાર કરવો... ત્યારે પણ જય સ્વામિનારાયણ કહેવું. માર્કંડેય મુનિએ અમારાં ચાર નામ પાડ્યા : (૧) નીલકંઠ (૨) હરિ (૩) કૃષ્ણ (૪) હરિકૃષ્ણ અને લોજમાં અમારું નામ 'સરજુદાસ' પાડ્યું. તો વળી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામી અને નારાયણ મુનિ આ બે નામ રાખ્યા. આજથી "સ્વામિનારાયણ" નામ અમે પોતે જ રાખીએ છીએ તો આ નામનું ભજન કરજો.

પછી શીતળદાસને શ્રીહરિએ ભાગવતી દીક્ષા દીધી અને શ્રીહરિ મહાપ્રભુએ વ્યાપકાનંદ એવું નામાભિધાન કર્યું. આમ સ્વામિનારાયણ સંપ્રદાયની ભાગવતી દીક્ષાના પ્રારંભનો અલૌકિક લ્હાવો આ ફુલ જેવા ફરેણી ગામને મળી ગયો. આ ભાગવતી દ્વારા અનેક જીવોને ઉદ્ધારવાનાં માધ્યમનો પહેલાં લ્હાવો આ નાનાં એવાં ફરેણી ગામને સાંપડ્યો. પ્રગટ્યા છપૈયા, સુખધામ પ્રગટાવ્યું ફરેણી નામ, જન્મ સ્થાનક છપૈયા જેમ, મહાતીરથ ફરેણી તેમ, પ્રગટ્યું નામ ફરેણી માંઈ, વાવટો ફરકાવ્યો છે. ધન્ય ધન્ય એ ફરેણી ગામ, કરું વારંવાર પ્રણામ, ફરેણીમાં રામાનંદ થયો અસ્ત, જ્યાં પૂનમચંદ, ત્યાં તો સ્વામિનારાયણ નામે, સૂર્ય પ્રગટ્યો ફરેણી ગામમાં.

**નોંધ :** આ લીલાઓ નીલકંઠ ચરિત્રમાંથી લીધી છે.

## સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં બાવન ચિહ્ન છે. તેમનાં બંને ચરણમાં સોળ ચિહ્ન છે તેની યાદી :

### મહારાજના જમણા ચરણમાં નવ ચિહ્નો

**(૧) જવ :** જમણા ચરણના અંગૂઠાની મધ્યમાં જવનું ચિહ્ન આવેલું છે. જવના ચિહ્નનું જે ભક્ત (એકાંતિક ભક્ત) ધ્યાન કરે તેના બધા પાપોનો નાશ થઈ જાય છે અને આત્મા અને પરમાત્માના જ્ઞાનનો ઉદય થાય છે અને અન્નથી વંચિત રહેતું નથી. માટે જવ જ્ઞાનનું પ્રતિક છે. આ જવનું વિશેષ ધ્યાન કરનાર ભક્તો એક ભૂજના સૂરજબા અને રામપરના ધનબા ફોઈ મહારાજના ચરણાર્વિંદનું ધ્યાન કરતા હતા.

**(૨) જાંબું ફળ :** અંગૂઠાના અંદરના ભાગમાં જાંબુફળ ચિહ્ન આવેલું છે. જાંબુંફળનું ધ્યાન કરનાર ભક્ત જગતના પદાર્થોમાંથી પોતાના મનને હઠાવીને એક ભગવાનની મૂર્તિમાં પોતાના મનને એકાકાર કરે છે. તેથી તેના મનમાં અખંડ ભગવાનની મૂર્તિનું ચિંતવન થયા કરે છે. માટે જાંબુંફળ જગતથી નિરસ થવાનું પ્રતિક છે. એ જાંબુફળનું વિશેષ ધ્યાન કરનાર એકાંતિક ભક્તોમાં એક અગત્તરાઈના પર્વતભાઈ અને ઝીંઝાવદરના અલૈયાખાચરની દત્તક પુત્રી રામબાઈ મહારાજના ચરણાર્વિંદનું ધ્યાન કરતા પણ વિશેષ જાંબુંફળનું ધ્યાન કરતા હતા.

**(૩) વજ્ર :** વજ્રનું ચિહ્ન અંગૂઠા અને પ્રથમ આંગળીના અંદરના ભાગમાં વચ્ચે આવેલું છે. આ વજ્રનું ધ્યાન કરનાર એકાંતિક ભક્તના હૃદયની અંદર રહેલા અંતઃશત્રુને મારવા માટે વજ્ર જેટલી તાકાત મળે છે અને પાપરૂપી પર્વતનો નાશ થઈ જાય છે અને પોતાના મનરૂપી પક્ષીની પાંખ છેદીને સ્થિતપ્રજ્ઞને પામે છે. સ્થિતપ્રજ્ઞ એટલે પોતાની બુદ્ધિને પોતાના દેહથી પર થઈને આત્મરૂપે થઈ ભગવાનની મૂર્તિમાં સ્થિત કરવી તેને સ્થિતપ્રજ્ઞ કહે છે.

વજ્ર એ એક સંતની તપની શક્તિનું શસ્ત્ર છે. એ શસ્ત્ર દ્વારા ત્રિલોકી વિજય વૃતાસુરનો નાશ કરવામાં આવ્યો પણ શ્રીજી મહારાજના ચરણની અંદર રહેલા વજ્રનું ધ્યાન કરવામાં આવે તો આપણા અંતઃકરણની અંદર પાંચ પ્રકારના વૃતાસુરનો નાશ થઈ જાય છે. (લોભ, માન, ઈર્ષા, કામ અને ક્રોધ) માટે વજ્ર એ આપણા અંતઃશત્રુઓને મારવાનું પ્રતીક છે. આ વજ્રનું વિશેષ ધ્યાન અમદાવાદના દામોદર ભક્ત કરતા હતા.

**(૪) ઉર્ધ્વરેખા :** ઉર્ધ્વરેખા પ્રથમ આંગળીના મૂળમાંથી એક ભક્તિની રેખા  એમ બંને રેખાઓ પ્રગટ થાય છે અને આ બંને રેખાઓ એકબીજાને ક્રોસ કરીને આગળ જઈને ચરણના પાનીના અંદરના ભાગમાં જઈને બંને પાનીઓને જોડતી રેખા થઈને પાનીના ભાગમાં સ્વસ્તિકના ચિહ્નમાં ભળી જાય છે. માટે ઉર્ધ્વરેખા મોક્ષનું પ્રતીક ગણવામાં આવે છે. ઉર્ધ્વરેખાનું ધ્યાન કરનાર આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરે છે.

**(૫) ધ્વજા :** ધ્વજા પ્રથમ આંગળીની જમણી બાજુએ બીજી અને ત્રીજી આંગળીના વચ્ચેના અંદરના ભાગમાં આવેલું ચિહ્ન છે. જેમ ધ્વજા મંદિરના શિખરે ચડે ત્યારે મંદિરનું કામ પૂર્ણ થયુ ંગણાય. તેમ શ્રીજી મહારાજની સર્વોપરિતાને પામીને કામાદિક શક્તિ ઉપર વિજય મેળવે છે. એટલે કે કામ ઉપર વિજય મેળવે છે. આ ધ્વજાનું વિશેષ ધ્યાન ગોપાળાનંદ સ્વામી અને રામપરના ધનબાફોઈ કરતા હતા.

**(૬) પદ્‌મ-કમળ :** પદ્‌મનું ચિહ્ન છેલ્લી આંગળીના અંદરના ભાગમાં આવેલું છે. પદ્‌મનું ધ્યાન કરનાર ભક્તને કમળ જેવા ગુણ પામે છે. જેમ કમળ જળના સમુદ્રમાં રહેવા છતાં આકાશની જેમ નિર્લેપ રહે છે. તેમ શ્રીજી મહારાજના ચરણની અંદર રહેલું પદ્‌મનું ધ્યાન કરનાર ભક્ત સંસારરૂપી સમુદ્રમાં રહેવા છતાં આકાશની જેમ નિર્લેપ રહે છે. માટે પદ્‌મ સંસારથી નિર્લેપ થવાનું પ્રતિક છે. આ પદ્‌મનું વિશેષ ધ્યાન કરનારા ભક્તોમાં દાદા ખાચર, પર્વતભાઈ, રાજાભાઈ તથા ભાયાવદરના કેશવ ભક્ત.

**(૭) અંકુશ :** અંકુશનું ચિહ્ન પદ્‌મના ચિહ્નની નીચેના ભાગમાં એટલે

મધ્યભાગની ડાબી બાજુ આવેલું ચિહ્ન છે. અંકુશ આકાર ચિહ્નનું ધ્યાન કરનાર ભક્ત. જેમ જંગલમાં ગાંડા થયેલા હાથીને કંટ્રોલ કરવા માવજત અંકુશ મારીને કંટ્રોલ કરે છે. તેમ શ્રીજી મહારાજના ચરણની અંદર અંકુશનું ધ્યાન કરતાં મનરૂપી હાથીને જીતીને વશ કરે છે માટે અંકુશ મનરૂપી હાથીને જીતવાનું પ્રતિક છે.

(૮) **અષ્ટકોણ :** અષ્ટકોણનું ચિહ્ન પાનીના અંદરના ભાગે આવેલું છે. આ અષ્ટકોણનું ધ્યાન કરનાર ભક્ત અષ્ટાંગ યોગના ફળને પામે છે અને તે અષ્ટ આવરણને છેદીને સુખીથી શ્રીજી મહારાજના અક્ષરધામને પામે છે. (સમાધિ સ્થિતિ) સમાધિ દ્વારા ભક્ત મહારાજે હજારો માઈલ દૂર દૂર જે જે લીલા કરી હોય તે પ્રત્યક્ષ નિહાળે છે સમાધિ દ્વારા (નિરાવરણ દૃષ્ટિ) અક્ષરધામ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, બદરિકાશ્રમ અને કૈલાસ જેવા ધામને અહીં બેઠા દર્શન કરે છે. માટે અષ્ટકોણ સમાધિ સ્થિતિનું પ્રતિક છે. (સદાનંદ સ્વામી)

(૯) **સ્વસ્તિક :** સ્વસ્તિક આકારનું ચિહ્ન પાનીના ભાગે બહારની બાજુમાં આવેલું છે. સ્વસ્તિકનું ધ્યાન કરનાર ભક્તનાં બધા પાપોનો નાશ થઈ જાય છે અને આત્યંતિક કલ્યાણને પામે છે. અને તેનું શ્રેય થાય છે. આ સ્વસ્તિકની અંદર ચાર કળીઓ છે. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થ રહેલા છે. અને આ સ્વસ્તિકની અંદર મોક્ષ રેખા (ઉર્ધ્વરેખા) ભળવાથી સ્વસ્તિક પરમ કલ્યાણ અને મોક્ષનું પ્રતિક ગણાય છે. આ ચિહ્નનું વિશેષ ધ્યાન કરનાર, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી ગોવિંદભાઈ દરજી વગેરે.

## મહારાજના ડાબા ચરણમાં સાત ચિહ્નો

(૧) **કળશ :** કળશ આકારનું ચિહ્ન ડાબા ચરણના અંગૂઠાની અંદરના ભાગમાં આવેલું છે. જેમ કળશ શિખર ઉપર ચઢે છે. તેમ શ્રીજી મહારાજને સર્વોપરી સમજીને કળશની અંદર રહેલા ભક્તિરૂપી અમૃતનું

પાન કરીને અજર-અમર એવમ્ જન્મ-મરણથી રહિત થાય છે. માટે કળશ અજર-અમર થવાનું પ્રતિક છે. જેમાં જીભાઈના પુત્ર અભેસિંહજીભાઈ મહારાજના ચરણાર્વિંદ વિશેષ ધ્યાન કરતા ડાબા ચરણની પ્રથમ આંગળીના મૂળમાં જે ઉર્ધ્વરેખા છે તે સોળ ચિહ્નમાં ગણતરી કરવામાં આવતી નથી પણ ધ્યાનમાં તે ઉર્ધ્વરેખાનાં દર્શન કરવાં. આ ઉર્ધ્વરેખાના દર્શન કરવાથી ભક્ત ભૌતિકમાર્ગે પ્રગતિ કરે છે અને આ લોકની સિદ્ધને પામીને અઢળક ધનસંપત્તિનો માલિક બને છે.

(૨) **અર્ધચંદ્ર :** અર્ધચંદ્ર ઉર્ધ્વરેખાની ડાબી બાજુ બીજી અને ત્રીજી આંગળીના વચ્ચે અંદરના ભાગમાં અર્ધચંદ્ર આકારનું ચિહ્ન આવેલું છે. અર્ધચંદ્ર આકાર ચિહ્નનું ધ્યાન કરનાર ભક્ત જેમ બીજનો ચંદ્ર વધીને પૂનમનાં ચંદ્ર જેવો પૂર્ણ બને છે, અર્ધચંદ્ર અને ત્રિવિધ તાપને ટાળીને મનને શાંતિ આપે છે. માટે અર્ધચંદ્ર મનને શાંતિ આપનારું પ્રતીક છે.


(૩) **વ્યોમ (આકાશ) :** વ્યોમ આકારનું ચિહ્ન છેલ્લી આંગળીના અંદરના ભાગમાં આવેલું છે. વ્યોમ આકારના ચિહ્નનું ધ્યાન કરનાર ભક્તને અલૌકિક ભગવાનની પ્રસન્નતાના કારણે જે નિષ્કામાદિ ગુણને પામીને આકાશની જેમ નિર્લેપ થઈને ભગવાનના અક્ષરધામને પામે છે.

(૪) **ધનુષ્ય :** વચ્ચેના ભાગે ઉર્ધ્વરેખાથી ડાબી બાજુએ ધનુષ્યનું ચિહ્ન આવેલું છે. ધનુષ્ય આકાર ચિહ્નનું ધ્યાન કરનાર ભક્તને કોઈ બહારની બાજુએ કોઈ શત્રુતા રહેતી નથી.

(૫) **ગોપદ :** ગોપદ ચિહ્નનું ધ્યાન કરનાર ભક્ત ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પ્રકારના પુરુષાર્થને પામીને પરિશ્રમ વિના સંસાર સમુદ્ર તરીને અંતે શ્રીજી મહારાજના અક્ષરધામને પામે છે.

(૬) **ત્રિકોણ :** પાનીના અંદરના ભાગે ત્રિકોણ આકારનું ચિહ્ન આવેલું છે. જે ભક્ત ત્રિકોણ આકારના ચિહ્નનું ધ્યાન કરે છે. તે ત્રિવિધના તાપને ટાળીને માયિક દેહનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ બને છે. ને બ્રહ્મરૂપ બનીને અક્ષરધામમાં શ્રીજી મહારાજના આ ત્રિકોણ આકારના ચિહ્નનું ધ્યાન કરનાર યોગાનંદ સ્વામીને ત્રણ કાળનું જ્ઞાન થયું હતું.

(૭) **મત્સ્ય-મીન :** પાનીની બહારની બાજુ મત્સ્ય (મીન) આકારનું ચિહ્ન આવેલું છે. જેમ માછલી નદીના સામા પ્રવાહમાં ચાલે છે. તેમ તે ભક્તને ગમે તેવા કપરાં સંજોગોમાં પણ નીડરપણે જીવવાની શક્તિ મળે છે. જેમ માછલી જળ વગર એક ક્ષણ પણ જીવી શકે નહિ. તેમ શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત મહારાજની મૂર્તિ વગર એક પણ ક્ષણ રહી શકે નહિ અને ભગવાનની મૂર્તિમાં અસાધારણ પ્રીતિ થાય છે. જેવી સચ્ચિદાનંદ સ્વામી અને પાણવીના પૂંજા ડોડિયા જેવી ગોકુળની ગોપી જેવી.


स्वस्तिक
अष्टकोण
अंकुश
कमळ
ध्वजा
उर्ध्वरेखा
वज्र
जांबु
जव
मीन
त्रीकोण
धनुष
गौपद
व्योम
अर्धचंद्र
कळश

પંચદશાબ્દિ મહોત્સવ

July 27 to 31

2022

ISSO

Shree Swaminarayan Hindu Temple - Cinnaminson New Jersey





**Shree Swaminarayan Hindu Temple**

2101 Garry Road, Cinnaminson, New Jersey-08077

Phone : (856) 829 - 4776

Website : www.issosnj.org • Email : snj@issousa.org